

# શ્રી દિગંબર જૈન તીર્થ દર્શન



નિર્વાણ ક્ષેત્ર - પાવાપુરી


ચંપાપુરી

ૐ શાંતિ   નિવેદન   ૐ શાંતિ, શ્રી પરમ શાંત સ્વરૂપ જિનેંદ્ર વિતરાગાય નમઃ

વર્તમાન સ્થિતીનું પરિવર્તન. આમાં મારું આત્મહિતના વિશેષ વૃધ્ધિના કારણો મને લાગતાં સંવત ૧૯૮૯ના પર્યુષણમાંથી ફેરફાર કરવાની વિશેષવૃત્તિ જણાઈ એકે છ વર્ષ તે સામાન્ય પણ વિચારો આવતા હતા. તેનાં કારણમાં ભક્તિ વિશાળતાનું સ્વરૂપ બહાર મુકતાં અચકાવું પડતું તે ચિત્તમાં આઘાતરૂપ લાગતું તે મન બહારની કેટલાક મતની શરુઆતવાળાનો સિદ્ધ, જે સ્થિતિમાં છઉં તેમાં વિરૂધ્ધતા નહોય ત્યાં ઠીક તેમ થઈ કેટલોક વખત વિત્યો. ૯૦ની સાલથી નિવૃત્તિ લેવી મતીબંધ ઓછા કરવા તેમ વારંવાર વિચારો આવ્યા કરતા હતા તો તેમાં ૮૯ પછી તુરંત જ નિવૃત્તિ લઈ ક્યાંક વિશેષ એકાંત સેવા ઘણાજ વિચારો આવતા પણ ક્યાં રહું તે નક્કી થતું નહિ. પછી તેમ વિચારો થતાં ૯૦ની સાલ રાજકોટ રહેવું પછી નિર્ણય ઉપર આવવું, હવે મારું હિત પ વર્તમાન સ્થિતીમાં વિશેષ વૃધ્ધિરૂપ ન લાગતાં આ [illegible] પરિવર્તન થાય છે મને આ સંપ્રદાયમાં દિક્ષિત થયાં ૨૧ વરસ થયાં તેમાં મારી યથા શક્તિએ સુત્રો ગ્રંથો વાંચી વિચારો જાણીને મને આ રીતે હવે અનુકુળતા જણાઈ તેમાં આ પરિવર્તન છે.

(પૂ. ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીનું પરિવર્તન કરતી વખતનું નિવેદન તેઓશ્રીના હસ્તાક્ષરમાં)

* શ્રી સીમંધર-કુંદકુંદકહાન-દિગંબર જૈન સાહિત્ય સ્મૃતિ-સંચય, પુષ્પ નં. ૧૪ *

# શ્રી દિગંબર જૈન તીર્થ-દર્શન

■ સંકલનકર્તા ■

શ્રી કાંતિભાઈ હરિલાલ ભાયાણી

ભાવનગર

■ પ્રકાશક ■

શ્રી સૂરજબેન અમુલખ શેઠ-સ્મૃતિ ટ્રસ્ટ

સાયન, મુંબઈ

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦

પ્રાપ્તિસ્થાન :—

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (જિલ્લો-ભાવનગર)

❑ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, ક્રિષ્ન-કુંજ, પ્લોટ નં. ૩૦,
વી.એલ. મહેતા માર્ગ, વિલેપાર્લા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૬
✆ : (022) 26130820

❑ પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
લામ રોડ, દેવલાલી
(જિ. નાસિક)

❑ શ્રી મહાવીરસ્વામી દિગંબર જૈનમંદિર
એન.સી. કેલકર રોડ,
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮

❑ શ્રી દિગંબર જૈનસંઘ
૫, પંચનાથ પ્લોટ,
શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ


મૂલ્ય : રૂા. ૨૦=૦૦

ટાઈપ સેટીંગ : પરફેક્ટ કૉમ્પ્યૂટર્સ
ભાવનગર - 364 001.
✆ : (0278) 2512674 / 98248 70907

ટાઈટલ અને
ડીજીટલ ફોટો : રામદેવ ડીજીટલ
ભાવનગર - ૩૬૪ ૦૦૧. ✆ : 98253 31257

મુદ્રક : સ્મૃતિ ઑફસેટ
સોનગઢ - 364 250.
✆ : (02846) 244081




સ્વર્ણપુરે ધર્માયતન સૌ ગુરુ ગુણકીર્તન ગાતાં
સ્થળ સ્થળમાં 'ભગવાન આત્મા'નાં ભણકારા સંભળાતા
કણ કણ પુરુષારથ પ્રેરે ગુરુજી આતમ અજવાળે.
અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

જેમનાં મહાન પ્રતાપથી
દેશ-વિદેશનાં હજારો મુમુક્ષુ ભાઈ-બ્હેનોને
ભારતનાં મહાન પાવન તીર્થોની
મહાન પ્રભાવશાળી યાત્રા થઈ...

જેમનાં મંગળ ઉપદેશથી હજારો જિજ્ઞાસુઓ
આત્મહિત સાધવા જાગૃત થયા...

જેમની મંગળ ચરણછાયામાં
મંગળ આશીર્વાદથી આત્મસિદ્ધિનાં માર્ગ પ્રત્યે
આત્મા ઉલ્લસીત થયો અને
જેમનો મહાન ઉપકાર
ભવોભવમાં પણ નહીં ભૂલાય...

એવા પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં
ચરણકમલમાં
આ મંગળ પુસ્તિકા અર્પણ કરી
અત્યંત ભાવપૂર્વક નમસ્કાર કરીએ છીએ.

# પ્રકાશકીય નિવેદન

દેવલાલીથી પ્રગટ થતાં ગુરુપ્રસાદ માસિકમાં આ પુસ્તકનાં સંકલનકર્તા શ્રી કાન્તિભાઈ ભાયાણીના "શ્રી દિગંબર જૈન તીર્થોનો ઈતિહાસ"એ શીર્ષક હેઠળ ઈ.સ. ૧૯૯૯ થી એટલે કે છેલ્લા પાંચેક વરસોથી લેખો છપાતા હતા જે વાંચતાં આનંદ આવતો હતો. આવી રીતે આવું પુસ્તક છપાય તો મુમુક્ષુ સમાજને યાત્રા માટે જરૂર ઉપયોગી થાય તેવું માનીએ છીએ.

છેલ્લાં ૨૦૦ વર્ષમાં આટલી સંપૂર્ણ માહિતીવાળું કોઈ પુસ્તક છપાયું નથી. આ પુસ્તક લઈને કોઈ યાત્રાએ જશે તો ગાઈડ સમાન તેમને આ પુસ્તક ઉપયોગી થશે. તેમજ જે મુમુક્ષુઓ વૃદ્ધ અને અશક્ત છે તેઓ હવે યાત્રા કરવાને અસમર્થ હોવાથી આ આખું પુસ્તક વાંચીને જરૂર ભાવયાત્રા કરી શકશે. આ પુસ્તકમાં પ્રાચીન મંદિરોના ૩૨ રંગીન ફોટાઓ અને પાંચ તીર્થના નકશાઓ મુકયા છે. આ રંગીન ફોટાઓનું કામ કાન્તિભાઈના સુપુત્ર ચિ. હેમંતકુમારે ઘણી જ હોંશપૂર્વક કર્યું છે જે બદલ અમો તેને અભિનંદન આપીએ છીએ.

ઘણા મુમુક્ષુઓ આ પુસ્તકમાં દર્શાવેલ તીર્થોના યાત્રા કરી હશે પરંતુ તે તીર્થોનો આટલો વિગતવાર ઈતિહાસ તેઓ જાણતા નહીં હોય. દા. ત. શ્રવણબેલગોલાના ૫૭ ફૂટના શ્રી બાહુબલી ભગવાન કઈ રીતે પ્રગટ થયા તેનો આખો ઈતિહાસ તે લેખમાં દર્શાવેલ છે. હસ્તિનાપુર કેટલીવાર વસ્યું, કેટલીવાર ભાંગ્યું, તે તીર્થનો મહિમા શું છે તથા ત્યાં કરેલ સુમેરુની રચનાનું સુંદર વર્ણન તે લેખમાં છે. તેવી જ રીતે આખા ભારતમાં ૩૦ ચોવીસીનું મંદિર એટલેકે ૭૨૦ ભગવાનનું એક જ મંદિર અહિછેત્રમાં હતું. હાલમાં છેલ્લાં ૨ વર્ષ પહેલા સમ્મેદશિખરમાં આવા મંદિરની રચના થઈ છે. દરેક તીર્થમાં કયા મંદિરમાં કયા ભગવાન ખડ્ગાસન છે કે પદ્માસન છે, કેટલા ફૂટના છે તથા ત્યાં કોઈ અતિશય હોય તો તે શું છે વગેરે બધી જ માહિતી તથા આ તીર્થની આસપાસમાં બીજા ક્યાં તીર્થો કેટલા કિ.મી. છે તે માહિતી કાન્તિભાઈએ આપી છે. તેથી મુમુક્ષુ સમાજને આ પુસ્તક વાંચતા યાત્રા કરતા હોઈએ તેવો આનંદ જરૂર આવશે. આ એક જ પુસ્તક યાત્રામાં સાથે લઈ જતા મુમુક્ષુ સંમાજને ઘણું ઉપયોગી થશે તેવી અમારી માન્યતા છે.

*લિ.*

*સૂરજબેન અમુલખભાઈ ટ્રસ્ટ વતી*

*ટ્રસ્ટીગણ*

❀

# પ્રસ્તાવના

પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કહાનગુરુનાં પુનીત પ્રતાપે સૌ મુમુક્ષુ સમાજની સાથે મેં પણ ઘણી મંગળ યાત્રાઓનો સારો લાભ લીધો છે. યાત્રા દરમ્યાન મેં દરેક તીર્થક્ષેત્રોનાં ટૂંકા-ટૂંકા મુદ્દાઓ નોંધી લીધેલ હતા. તેના ઉપરથી મેં અમુક તીર્થક્ષેત્રોની વિસ્તૃત રસપ્રદ માહિતી એકઠી કરીને આ પુસ્તક બનાવવાનું સાહસ કરેલ છે, જે ભવિષ્યમાં દરેક યાત્રાળુઓને જરૂરથી એક અગત્યની ગાઈડ સમાન લાગશે તેમ હું માનુ છું અને તે જ ભાવનાથી આ પુસ્તક તૈયાર કરેલ છે.

મેં યથાશક્તિ તીર્થક્ષેત્રોનો ઈતિહાસ મેળવીને દરેક ક્ષેત્રની વિગતો લખી છે. છતાં પણ શરતચૂકથી તેમાં કંઈપણ ક્ષતિ રહી ગઈ હોય તો હું વાચકગણની ક્ષમા ચાહુ છું અને મારી કંઈપણ ક્ષતિ જણાય તો મને બતાવશો તો હું આપનો આભારી થઈશ. મેં જે ક્ષેત્રનું વર્ણન લખેલ છે તે જે-તે સમયે કરેલ યાત્રાનાં સમયનું વર્ણન છે. છતાં પણ અમુક ક્ષેત્રોની છેલ્લામાં છેલ્લી માહિતી મેળવવા પ્રયત્ન કરેલો છે. સંભવ છે કે દેશકાળ જેમ-જેમ આગળ વધતો જાય તેમ-તેમ તીર્થસ્થાનોમાં પણ પરિવર્તન થયુ હોય, યાત્રાળુઓને રહેવા માટે આધુનિક ધર્મશાળા-વીજળી-પાણી-આદિની સુવિધા પણ વધી હોય, તેમજ યાત્રાળુઓનાં આવાગમનનો પ્રવાહ વધવાથી નવા જિનાયતનો પણ બન્યા હોય તે સ્વાભાવિક છે. વળી દરેક સ્થાનોનાં અંતરની માહિતી પણ જે-તે સ્થાનો પર મુકવામાં આવેલા બોર્ડના આધારે સમાવવામાં આવેલી છે. તેમ છતાં પણ તેમાં કોઈ ક્ષતિ રહી ગયેલી જણાય તો હું ક્ષમા ચાહુ છું. આવી જે કોઈ ક્ષતિ જણાય તે મને જણાવવા વિનંતી, જેથી ભવિષ્યમાં આ પુસ્તકની નવી આવૃત્તિ છપાય ત્યારે જરૂરી સુધારો કરી શકાય.

કેટલાક તીર્થક્ષેત્રોનો પૂર્વ ઈતિહાસ તથા ત્યાંનુ કાંઈ અતિશય હોય તો તે પણ લખેલ છે. દરેક મંદિરમાં ક્યા-ક્યા ભગવાન છે તે વિગત પણ મેં લખી છે. તીર્થયાત્રા શરૂ કરતા પહેલા તે ક્ષેત્રની પૂરી વિગત આ બુકમાંથી વાંચી લેવા ખાસ ભલામણ છે, જેથી યાત્રા ખૂબ જ આનંદદાયક બનશે.

અગાઉ આ પુસ્તકની કૉમ્પ્યૂટરાઈઝ્ડ કોપી મારા પુત્ર ચિ. ભાઈ હેમન્તે ઘણી જ હોંશપૂર્વક બનાવી આપેલ હતી અને હવે જ્યારે આ પુસ્તક છપાવવાનું નક્કી થયું છે, ત્યારે પણ ચિ. ભાઈ હેમન્તને સારામાં સારી બુક બનાવવાની પૂર્ણ ભાવના છે. એક કોપી તૈયાર થયા બાદ જોગાનુજોગ "ગુરુપ્રસાદ" માસિકનાં તંત્રી શ્રી કાંતિભાઈ મોટાણી મારા ઘેર આવેલ. તો મેં સ્હેજે તેમને આ બુક બતાવી. તો તે બુક જોઈને તેમણે ખૂબ જ પ્રમોદ વ્યક્ત કર્યો કે "આ તીર્થોનું વર્ણન તો 'ગુરુપ્રસાદ' માસિકમાં છાપવા જેવું છે. જેથી મુમુક્ષુ ભાઈ-બ્હેનોને આ લેખોથી ઘણું જાણવાનું મળશે અને વાંચતા સૌને જરૂર આનંદ થશે. યાત્રા કરવાનાં ભાવ થશે." આ રીતે "ગુરુપ્રસાદ"

માસિકમાં જૂન, ૧૯૯૯ થી દર મહીને "ભારતનાં દિગંબર જૈન તીર્થો" શિર્ષક હેઠળ તેમણે આ લેખો છાપવાનું શરૂ કરેલ છે. આ લેખો માસિકમાં છપાવવાનું શરૂ થયું ત્યારથી જુદા-જુદા પ્રસંગોએ મુમુક્ષુ ભાઈ-બ્હેનો જ્યારે-જ્યારે મને મળે છે ત્યારે સૌ કહે છે કે "ગુરુપ્રસાદમાં તીર્થોનાં વર્ણનનાં તમારા લેખો બહુ સારા આવે છે". કોઈ કહે છે કે "આ લેખો વાંચતા હોઈએ ત્યારે જાણે કે પ્રત્યક્ષ યાત્રા કરતા હોઈએ તેવો આનંદ આવે છે." કોઈ કહે કે "આ લેખોથી તીર્થોનો ઘણો ઈતિહાસ-માહિતી અમને જાણવા મળે છે. અમારે તીર્થયાત્રા કરતી વખતે ગુરુપ્રસાદનાં કેટલા અંકો યાત્રામાં સાથે લઈ જવા ? તેના કરતા તો એક પુસ્તક છપાવો તો અમને ગાઈડ તરીકે બહુ ઉપયોગી થાય." આ રીતે મુમુક્ષુ ભાઈ-બ્હેનો પોતાનો હર્ષ વ્યક્ત કરે છે.

અગાઉ તો પુસ્તક છપાવવાની કોઈ યોજના ન હતી. પરંતુ મારા ધર્મપત્ની વીરબાળાનાં અચાનક સ્વર્ગવાસ પછી તેમની સ્મૃતિરૂપે આ પુસ્તક છપાય તો સૌ મુમુક્ષુ ભાઈ-બ્હેનોને ઉપયોગી થાય. તે હેતુથી મારા પરિચીત સાધર્મી મુમુક્ષુ ભાઈઓને મેં વાત કરી તો તેમણે મારી વાતમાં સૂર પુરાવ્યો અને સૌએ હોંશેથી આ પુસ્તક છપાવવાનાં ખર્ચમાં રકમ આપવાનું મને કહ્યુ. રકમ આપનાર સાધર્મી મુમુક્ષુઓનાં નામો આ પુસ્તકમાં અન્ય સ્થળે છાપેલ છે. આ રીતે આર્થિક સહયોગ આપવા બદલ તે સર્વે મુમુક્ષુ ભાઈ-બ્હેનોનો હું આભાર માનુ છું. આ પુસ્તકમાં રંગીન ફોટાઓ છપાવાને કારણે આ પુસ્તકની શોભામાં ખરેખર વધારો થયો છે. રંગીન ફોટાઓ છાપવા માટે સહયોગ આપવા બદલ હું "સૂરજબેન અમુલખભાઈ શેઠ સ્મૃતિ ટ્રસ્ટ" નો પણ આભાર માનુ છું.

તે સિવાય આ પુસ્તક છપાવવામાં જેમણે-જેમણે મને સાથ-સહકાર આપેલો છે તે સર્વેનો હું હૃદયપૂર્વક આભાર માનુ છુ. આ પુસ્તક છપાવી સમાજમાં મુકતા પહેલા આખી બુક શ્રી સરોજબેન ગાંધી, ભાવનગરએ વાંચી-તપાસી છે તથા બ્ર. બેન ઈન્દુબેન લોદરીયા, સોનગઢએ તથા શ્રી પરેશભાઈ શાહ, ભાવનગરએ આખી બુકનું પ્રુફ રીડીંગ હોંશેથી કરી આપેલ છે. તે બદલ તેમનો સૌનો પણ હું આભાર માનુ છું. આ પુસ્તકમાં પ્રાચીન તીર્થ મંદિરોનાં તથા પ્રતિમાઓનાં ફોટા છપાવવાની ભાવના હતી. આવા ફોટા આજથી ૩૦ વર્ષ પહેલા હિન્દીમાં છપાયેલ "ભારતનાં દિગંબર જૈન તીર્થ" પુસ્તકમાં છપાયેલા હતા. તેમાંથી કેટલાક ફોટા છાપવા માટે મેં શ્રી કુન્દકુન્દ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી-મંત્રીશ્રી વસંતભાઈ દોશીને વિનંતી કરી તો તેઓશ્રીએ ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટીનાં મહામંત્રીશ્રી અરવીંદભાઈ આર. દોશીનો મારા પુસ્તકમાં તે ફોટાઓ છાપવા માટે અનુમતી આપતો પત્ર લખાવીને મને મોકલ્યો. તો તે બદલ શ્રી વસંતભાઈ દોશીનો તથા અનુમતી આપવા બદલ મહામંત્રીશ્રી અરવીંદભાઈ દોશીનો પણ હું હૃદયપૂર્વક આભાર માનુ છું.

આ પુસ્તકમાં સમાવવામાં આવેલ ફોર-કલર તથા સીંગલ-કલર ફોટા અને ટાઈટલ પેજનું કાર્ય

ખૂબ જ સુંદર રીતે કરી પુસ્તકને આકર્ષક બનાવવા બદલ રામદેવ ડીજીટલનાં શ્રી ભરતભાઈ વાઘેલાનો ત્થા આ પુસ્તકનું ઘણી જ ખંતથી સુંદર પ્રીન્ટીંગ કામ કરવા બદલ સ્મૃતિ ઓફસેટ, સોનગઢનાં ભાઈ શ્રી જ્ઞાનચંદજી જૈન તથા શ્રી નિલયભાઈ જૈનનો પણ આભાર માનુ છું.

આ પુસ્તક વાંચીને આપ આપનો કિંમતી અભિપ્રાય મને મારા નીચેનાં સરનામે લખી મોકલશો તો મને ખૂબ જ આનંદ થશે.


શ્રી કાંતિભાઈ હરિલાલ ભાયાણી

એ-૮ પરમ-આનંદ સોસાયટી, માણેકવાડી, ક્રેસન્ટ પાસે,

ભાવનગર. ગુજરાત. ૩૬૪ ૦૦૧. (ફોન : ૯૮૨૪૮ ૪૧૪૧૮)


પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પુનીત પ્રતાપે દેશ-વિદેશનાં મુમુક્ષુઓએ ભારતભરનાં પાવન તીર્થોની મહાન પ્રભાવશાળી યાત્રાઓ કરી છે અને વર્તમાનમાં પણ સૌ યાત્રાઓ કરે છે. તેમાં નિમિત્તરૂપ પરમ કૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો મહાન ઉપકાર ભવોભવમાં નહીં ભૂલાય.

આ પુસ્તકની નવી આવૃત્તિ કોઈને છપાવવા ભાવના થાય તો પ્રથમ મને પત્ર લખી જણાવવા વિનંતી છે. કારણ કે કોઈ વાંચકોનાં સૂચનો આવ્યા હોય અથવા કોઈ તીર્થ વિષે નવી વધુ કંઈ માહિતી મને મળી હોય તો નવી આવૃત્તિમાં તે સુધારો-વધારો કરી શકાય. તે હેતુ માત્રથી જ નવી આવૃત્તિ છપાવતા પહેલા મને પત્ર લખી જણાવવાનું મેં લખેલ છે.

પૂ.ગુરુદેવશ્રીની ૧૧૬ મી જન્મજયંતિ

વિ.સં. ૨૦૬૧ વૈશાખ સુદ - ૨ શ્રી કાંતિભાઈ હરિલાલ ભાયાણીનાં જય જિનેન્દ્ર.

# અનુક્રમણિકા


| ક્રમ | તીર્થક્ષેત્ર | પેઈજ નં. |
|---|---|---|
| ૧. | ચોવીસ તીર્થંકરોનાં કલ્યાણક ક્ષેત્ર ........................................ | ૧ |
| ૨. | ભારતનાં દિગંબર જૈન ક્ષેત્રો ........................................ | ૨ |
| ૩. | યાત્રાનાં વિકલ્પો ........................................ | ૭ |
| ૪. | વિવિધ ક્ષેત્રોનાં અંતર દર્શાવતા ટેબલ........................................ | ૧૧ |
| ૫. | નિર્વાણકાણ્ડ (ભાષા) ........................................ | ૧૫ |
| ૬. | અર્ઘાવલી ........................................ | ૧૭ |
| ૭. | સુવર્ણપુરી - સોનગઢ ........................................ | ૨૯ |
| ૮. | દેવલાલી ........................................ | ૩૯ |
| | બુન્દેલખંડના કેટલાંક તીર્થક્ષેત્રો | |
| ૯. | સોનાગિરિ તીર્થક્ષેત્ર ........................................ | ૪૭ |
| ૧૦. | લલિતપુર ........................................ | ૫૯ |
| ૧૧. | દેવગઢ ........................................ | ૬૫ |
| ૧૨. | ક્ષુબ્બીનજી........................................ | ૭૩ |
| ૧૩. | ખન્દારગિરિ અતિશયક્ષેત્ર ........................................ | ૭૭ |
| ૧૪. | ચંદેરી ........................................ | ૭૯ |
| ૧૫. | સેરોનજી અતિશયક્ષેત્ર ........................................ | ૮૧ |
| ૧૬. | પપોરાજી અતિશયક્ષેત્ર........................................ | ૮૭ |
| ૧૭. | ટીકમગઢ ........................................ | ૯૬ |
| ૧૮. | અહારજી અતિશયક્ષેત્ર ........................................ | ૯૭ |
| ૧૯. | દ્રોણગિરિ અતિશયક્ષેત્ર તથા નિર્વાણક્ષેત્ર........................................ | ૯૯ |
| ૨૦. | નૈનાગિરિ/રેસન્દીગિરિ નિર્વાણક્ષેત્ર ........................................ | ૧૦૩ |
| ૨૧. | કુંડલપુર/કુંડલગિરિ સિદ્ધક્ષેત્ર ........................................ | ૧૧૧ |
| ૨૨. | કરગુંવા સાવલીયા પાર્શ્વનાથ અતિશયક્ષેત્ર ........................................ | ૧૧૯ |
| ૨૩. | પવાગિરિજી (પવા) સિદ્ધક્ષેત્ર........................................ | ૧૨૩ |
| ૨૪. | મંગલગિરિ ........................................ | ૧૨૫ |
| ૨૫. | મઢીયાજી (જબલપુર) - અતિશયક્ષેત્ર ........................................ | ૧૨૭ |
| ૨૬. | ભેડાઘાટ-પર્યટન સ્થળ ........................................ | ૧૩૧ |
| ૨૭. | બજરંગગઢ-અતિશયક્ષેત્ર........................................ | ૧૩૨ |
| ૨૮. | ગ્વાલિયર ........................................ | ૧૩૯ |

| ક્રમ | તીર્થક્ષેત્ર | પેઈજ નં. |
|---|---|---|
| | મધ્ય-પ્રદેશના કેટલાંક તીર્થક્ષેત્રો | |
| ૨૯. | ઈંદોર | ૧૪૫ |
| ૩૦. | ગોમટગિરિ | ૧૪૭ |
| ૩૧. | સિદ્ધવરકુટ - સિદ્ધક્ષેત્ર | ૧૪૯ |
| ૩૨. | બડવાની - સિદ્ધક્ષેત્ર | ૧૫૫ |
| ૩૩. | ઉજ્જૈન | ૧૬૧ |
| ૩૪. | મકસીજી | ૧૬૪ |
| ૩૫. | અન્દેશ્વર પાર્શ્વનાથ | ૧૬૯ |
| ૩૬. | નૌગામા | ૧૭૪ |
| | દક્ષિણના કેટલાંક તીર્થક્ષેત્રો | |
| ૩૭. | મૈસુર - પર્યટન સ્થળ | ૧૭૭ |
| ૩૮. | શ્રવણબેલગોલા | ૧૭૯ |
| ૩૯. | શ્રવણબેલગોલનગર | ૧૯૦ |
| ૪૦. | જિનનાથપુરી | ૧૯૧ |
| ૪૧. | હલેબીડ | ૧૯૨ |
| ૪૨. | બેલુરમઠ | ૧૯૪ |
| ૪૩. | હાસન | ૧૯૪ |
| ૪૪. | ધર્મસ્થલ | ૧૯૫ |
| ૪૫. | વેણૂર - અતિશયક્ષેત્ર | ૧૯૭ |
| ૪૬. | મૂડબિદ્રી | ૧૯૮ |
| ૪૭. | કારકલ | ૨૦૨ |
| ૪૮. | વારાંગ | ૨૦૩ |
| ૪૯. | કુન્દાદ્રિ (કુન્દકુન્દબેટ્ટ) | ૨૦૫ |
| ૫૦. | પોન્નુર હીલ તથા શ્રી કુન્દકુન્દાચાર્યદેવનો ઈતિહાસ | ૨૦૭ |
| | બિહાર/ઝારખંડના કેટલાંક તીર્થક્ષેત્રો | |
| ૫૧. | મહામંગળ શાશ્વત સિદ્ધિધામ તીર્થાધિરાજ શ્રી સમ્મેદશિખરજી | ૨૧૫ |
| ૫૨. | રાજગૃહી | ૨૩૧ |
| ૫૩. | કુંડલપુર તથા નાલંદા | ૨૩૬ |
| ૫૪. | પાવાપુરી | ૨૩૭ |
| ૫૫. | ચંપાપુરી | ૨૪૧ |
| ૫૬. | મંદારગિરિ | ૨૪૪ |
| | રાજસ્થાન/ઉત્તરપ્રદેશ/ગુજરાત/મહારાષ્ટ્રના કેટલાંક તીર્થક્ષેત્રો | |
| ૫૭. | શ્રી મહાવીરજી | ૨૪૫ |
| ૫૮. | શ્રી પદમપુરા | ૨૫૩ |

| ક્રમ | તીર્થક્ષેત્ર | પેઈજ નં. |
|---|---|---|
| ૫૯. | સાંગાનેર | ૨૫૭ |
| ૬૦. | ચૂલગિરિ | ૨૬૨ |
| ૬૧. | મથુરા | ૨૬૫ |
| ૬૨. | આગ્રા | ૨૭૧ |
| ૬૩. | મંગલાયતન (અલીગઢ) | ૨૭૭ |
| ૬૪. | ફિરોઝાબાદ | ૨૮૫ |
| ૬૫. | ગિરનારજી | ૨૮૮-૧ |
| ૬૬. | મહુઆ | ૨૮૮-૨ |
| ૬૭. | પાવાગઢ | ૨૮૮-૩ |
| ૬૮. | શત્રુંજય | ૨૮૮-૪ |
| ૬૯. | ઘોઘા | ૨૮૮-૭ |
| ૭૦. | તારંગાજી | ૨૮૮-૯ |
| ૭૧. | અંતરિક્ષ પાર્શ્વનાથ | ૨૮૮-૧૦ |
| ૭૨. | ભાતકુલી | ૨૮૮-૧૧ |
| ૭૩. | એલોરા | ૨૮૮-૧૨ |
| ૭૪. | ગજપંથા | ૨૮૮-૧૩ |
| ૭૫. | કારંજા | ૨૮૮-૧૪ |
| ૭૬. | કુમ્ભોજ બાહુબલી | ૨૮૮-૧૫ |
| ૭૭. | કુંથલગિરિ | ૨૮૮-૧૬ |
| ૭૮. | માંગીતુંગી | ૨૮૮-૧૭ |
| ૭૯. | નેમગિરિ, જિંતૂર | ૨૮૮-૧૮ |
| ૮૦. | પોદનપુર (બોરીવલી) | ૨૮૮-૧૯ |
| ૮૧. | રામટેક | ૨૮૮-૨૦ |
| ૮૨. | અંકલેશ્વર | ૨૮૮-૨૧ |
| ૮૩. | સજોદ | ૨૮૮-૨૬ |
| ૮૪. | શૌરીપુર-બટેશ્વર | ૨૮૯ |
| ૮૫. | અહિચ્છેત્ર - અતિશયક્ષેત્ર | ૨૯૩ |
| ૮૬. | હસ્તિનાપુર | ૨૯૯ |
| ૮૭. | તિજારા | ૩૧૫ |
| ૮૮. | અલવર | ૩૧૯ |
| ૮૯. | આત્મ સાધના કેન્દ્ર - દિલ્હી | ૩૨૫ |
| ૯૦. | યાત્રિકોની નોંધ માટે | ૩૨૯ |

# ચોવીસ તીર્થંકરોનાં કલ્યાણક ક્ષેત્ર

| ક્રમ | તીર્થંકરનું નામ | ગર્ભ | જન્મ | દીક્ષા | જ્ઞાન | નિર્વાણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભનાથ | અયોધ્યા | અયોધ્યા | પ્રયાગ વન | શકટા વન | કૈલાશ પર્વત |
| ૨ | શ્રી અજિતનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૩ | શ્રી સંભવનાથ | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૪ | શ્રી અભિનન્દનનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | ઉગ્ર વન | સમ્મેદશિખર |
| ૫ | શ્રી સુમતિનાથ | વિનિતાપુર | વિનિતાપુર | અયોધ્યા | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૬ | શ્રી પદ્મપ્રભુ | કૌશામ્બી | કૌશામ્બી | કૌશામ્બી | મનોહર વન | સમ્મેદશિખર |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | વારાણસી | વારાણસી | વારાણસી | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૮ | શ્રી ચન્દ્રપ્રભુ | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | સર્વાર્થ વન | સમ્મેદશિખર |
| ૯ | શ્રી પુષ્પદંત | કાકન્દી | કાકન્દી | કાકન્દી | પુષ્પક વન | સમ્મેદશિખર |
| ૧૦ | શ્રી શીતલનાથ | ભદ્રિલાપુર | ભદ્રિલાપુર | ભદ્રિલાપુર | મનોહર વન | સમ્મેદશિખર |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | સિંહપુરી | સિંહપુરી | સિંહપુરી | મનોહર વન | સમ્મેદશિખર |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય | ચંપાપુરી | ચંપાપુરી | ચંપાપુરી | મનોહર વન | મંદારગિરિ |
| ૧૩ | શ્રી વિમલનાથ | કમ્પિલાપુરી | કમ્પિલાપુરી | કમ્પિલાપુરી | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૧૪ | શ્રી અનંતનાથ | અયોધ્યા | અયોધ્યા | અયોધ્યા | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૧૫ | શ્રી ધર્મનાથ | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | શાલ વન | સમ્મેદશિખર |
| ૧૬ | શ્રી શાંતિનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સહસામ્ર | સમ્મેદશિખર |
| ૧૭ | શ્રી કુન્થુનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૧૮ | શ્રી અરનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સહેતુક વન | સમ્મેદશિખર |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | મિથિલાપુરી | મિથિલાપુરી | મિથિલાપુરી | શ્વેત વન | સમ્મેદશિખર |
| ૨૦ | શ્રી મુનિસુવ્રતનાથ | કુશાગ્રપુર | કુશાગ્રપુર | રાજગૃહી | નીલ વન | સમ્મેદશિખર |
| ૨૧ | શ્રી નમિનાથ | મિથિલાપુરી | મિથિલાપુરી | મિથિલાપુરી | ચિત્રક વન | સમ્મેદશિખર |
| ૨૨ | શ્રી નેમિનાથ | શૌરીપુર | શૌરીપુર | ગિરનારજી | ગિરનારજી | ગિરનારજી |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | ભેલૂપુર | ભેલૂપુર | ભેલૂપુર | અશ્વ વન કાશી | સમ્મેદશિખર |
| ૨૪ | શ્રી મહાવીરસ્વામી | કુન્ડલપુર | કુન્ડલપુર | કુન્ડલપુર | મનોહર વન | પાવાપુરી |

# ભારતના દિગંબર જૈન ક્ષેત્રો

## ઉત્તર ભારત

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | હસ્તિનાપુર (જંબુદ્વીપ) | કલ્યાણકક્ષેત્ર | મેરઠ (૩૩ કિ.મી.) |
| ૨ | મથુરા ચૌરાસી | સિદ્ધક્ષેત્ર | મથુરા |
| ૩ | શૌરીપુર - બટેશ્વર | સિદ્ધક્ષેત્ર | આગ્રા (૬૭ કિ.મી.) |
| ૪ | અયોધ્યા | કલ્યાણકક્ષેત્ર | ફૈઝલાબાદ (૬ કિ.મી.) |
| ૫ | અહિચ્છેત્ર | અતિશયક્ષેત્ર | આંવલા |
| ૬ | પ્રયાગ (અલાહાબાદ) | કલ્યાણકક્ષેત્ર | અલાહાબાદ |
| ૭ | કમ્પિલાજી | કલ્યાણકક્ષેત્ર | કાયમગંજ |
| ૮ | કૌશામ્બી | કલ્યાણકક્ષેત્ર | અલાહાબાદ |
| ૯ | ચંદ્રપુરી | કલ્યાણકક્ષેત્ર | બનારસ |
| ૧૦ | સિંહપુરી | કલ્યાણકક્ષેત્ર | સારનાથ |
| ૧૧ | કાકંદીનગર | કલ્યાણકક્ષેત્ર | નોનવાર |
| ૧૨ | ફિરોઝાબાદ | અતિશયક્ષેત્ર | ફિરોઝાબાદ |
| ૧૩ | ચાંદપુર | અતિશયક્ષેત્ર | ઝાંસી |
| ૧૪ | દેવગઢ | અતિશયક્ષેત્ર | લલીતપુર |
| ૧૫ | રત્નપુરી (ફનાદ) | કલ્યાણકક્ષેત્ર | સોવલ |
| ૧૬ | સેરૌનજી | કલ્યાણકક્ષેત્ર | જખૌરા |
| ૧૭ | શ્રાવસ્તી | કલ્યાણકક્ષેત્ર | બલરામપુર |
| ૧૮ | કરગુવાઁ પાર્શ્વનાથ | અતિશયક્ષેત્ર | ઝાઁસી |

## ઉત્તરાંચલ

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | અષ્ટાપદ (કૈલાસ) બદ્રીનાથ | સિદ્ધક્ષેત્ર | હરિદ્વાર |

## રાજસ્થાન

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | દેલવાડા (આબુ પર્વત) | અતિશયક્ષેત્ર | આબુ રોડ |
| ૨ | અજમેર | અતિશયક્ષેત્ર | અજમેર |
| ૩ | સવાઈ માધોપુર | અતિશયક્ષેત્ર | સવાઈ માધોપુર |
| ૪ | જયપુર | અતિશયક્ષેત્ર | જયપુર |
| ૫ | પદ્મપુરા | અતિશયક્ષેત્ર | જયપુર |
| ૬ | ચૂલગિરિ | અતિશયક્ષેત્ર | જયપુર |
| ૭ | સાંગાનેર | અતિશયક્ષેત્ર | જયપુર |
| ૮ | શ્રી મહાવીરજી | અતિશયક્ષેત્ર | શ્રી મહાવીરજી |
| ૯ | કેસરીયાજી | અતિશયક્ષેત્ર | ઉદયપુર |
| ૧૦ | ઉદયપુર | અતિશયક્ષેત્ર | ઉદયપુર |
| ૧૧ | બિજોલ્યા | અતિશયક્ષેત્ર | ભીલવાડા |
| ૧૨ | તિજારા પાર્શ્વનાથ | અતિશયક્ષેત્ર | અલવર |
| ૧૩ | અન્દેશ્વર પાર્શ્વનાથ | અતિશયક્ષેત્ર | થાંદલા રોડ/દાહોદ |
| ૧૪ | નૌગામા | કલાક્ષેત્ર | દાહોદ |

## મધ્ય પ્રદેશ

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | દ્રોણગિરિ | સિદ્ધક્ષેત્ર | સાગર |
| ૨ | નૈનાગિરિ (રેસન્દીગિરિ) | સિદ્ધક્ષેત્ર | સાગર |
| ૩ | મુક્તાગિરિ | સિદ્ધક્ષેત્ર | અમરાવતી |
| ૪ | આહારજી | અતિશયક્ષેત્ર | મૂર્તિજાપુર |
| ૫ | કુંડલગિરિ (દમોહ) | અતિશયક્ષેત્ર | દમોહ |
| ૬ | ખજુરાહો | અતિશયક્ષેત્ર | સતના (છત્રપુર) |
| ૭ | પપૌરાજી | અતિશયક્ષેત્ર | લલિતપુર |
| ૮ | ચંદેરી | અતિશયક્ષેત્ર | લલિતપુર |
| ૯ | સોનાગિરિ | સિદ્ધક્ષેત્ર | સોનાગિરિ |

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧૦ | બડવાની (ચુલગિરિ) | સિદ્ધક્ષેત્ર | મહુ |
| ૧૧ | ઉન પાવાગિરિ | સિદ્ધક્ષેત્ર | સનાવદ/ખરગોન |
| ૧૨ | સિદ્ધવરકૂટ | સિદ્ધક્ષેત્ર | મોરટક્કા (ઈન્દોર) |
| ૧૩ | ઉજ્જૈન | સિદ્ધક્ષેત્ર | ઉજ્જૈન |
| ૧૪ | બનેડિયાજી | સિદ્ધક્ષેત્ર | અજનૌદ (ઈન્દોર) |
| ૧૫ | વિદિશા | અતિશયક્ષેત્ર | વિદિશા |
| ૧૬ | ગ્વાલિઅર | અતિશયક્ષેત્ર | ગ્વાલિઅર |
| ૧૭ | મક્સી પાર્શ્વનાથ | અતિશયક્ષેત્ર | મક્ષી - ઉજ્જૈન |
| ૧૮ | સાગર | અતિશયક્ષેત્ર | સાગર |
| ૧૯ | થુબૌનજી | અતિશયક્ષેત્ર | લલિતપુર |
| ૨૦ | બજરંગગઢ | અતિશયક્ષેત્ર | ગુના |
| ૨૧ | ગોમટગિરિ | અતિશયક્ષેત્ર | ઈન્દોર |
| ૨૨ | ખન્દારગિરિ | અતિશયક્ષેત્ર | લલિતપુર |
| ૨૩ | પિસનહારી (મઢિયાજી) | અતિશયક્ષેત્ર | જબલપુર |

## બિહાર, ઝારખંડ, ઓરિસ્સા

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | ગુણાવા | સિદ્ધક્ષેત્ર | નવાદા (બિહાર) |
| ૨ | ચંપાપુરી - મંદારગિરિ | સિદ્ધક્ષેત્ર | ભાગલપુર (બિહાર) |
| ૩ | પટણા | સિદ્ધક્ષેત્ર | પટણા (બિહાર) |
| ૪ | પાવાપુરી | સિદ્ધક્ષેત્ર | પટણા (બિહાર) |
| ૫ | રાજગૃહી | સિદ્ધક્ષેત્ર | પટણા (બિહાર) |
| ૬ | ગયા | કલ્યાણકક્ષેત્ર | ગયા |
| ૭ | શ્રાવક | અતિશયક્ષેત્ર | ગયા |
| ૮ | કુલ્હા પર્વત | અતિશયક્ષેત્ર | ગયા |
| ૯ | સમ્મેદશિખરજી | સિદ્ધક્ષેત્ર | પારસનાથ (ઝારખંડ) |
| ૧૦ | ખંડગિરિ - ઉદયગિરિ | અતિશયક્ષેત્ર | ભુવનેશ્વર (ઓરિસ્સા) |

## મહારાષ્ટ્ર

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | ગજપંથા | સિદ્ધક્ષેત્ર | નાસિક |
| ૨ | દેવલાલી | ધર્મક્ષેત્ર | નાસિક રોડ |
| ૩ | કુંથલગિરિ | સિદ્ધક્ષેત્ર | વારસી ટાઉન |
| ૪ | માંગીતુંગી | સિદ્ધક્ષેત્ર | મનમાડ |
| ૫ | અજન્ટા (ઔરંગાબાદ) | અતિશયક્ષેત્ર | જલગાંવ |
| ૬ | ઈલોરા | અતિશયક્ષેત્ર | મનમાડ |
| ૭ | કચનેર | અતિશયક્ષેત્ર | ઔરંગાબાદ |
| ૮ | કારંજા (લાડ) | અતિશયક્ષેત્ર | મૂર્તિજાપુર |
| ૯ | કુંભોજ બાહુબલી | અતિશયક્ષેત્ર | હાતકલંગડા (કોલ્હાપુર) |
| ૧૦ | કોલ્હાપુર | અતિશયક્ષેત્ર | કોલ્હાપુર |
| ૧૧ | દહિગાઁવ (સોલાપુર) | અતિશયક્ષેત્ર | બારામતી |
| ૧૨ | અંતરિક્ષ પાર્શ્વનાથ | અતિશયક્ષેત્ર | આકોલા |
| ૧૩ | નેમગિરિ | અતિશયક્ષેત્ર | પરભની |
| ૧૪ | શિરડ શહાપુર | અતિશયક્ષેત્ર | પરભની/નાદેડ |
| ૧૫ | પોદનપુર | અતિશયક્ષેત્ર | બોરીવલી-મુંબઈ |

## ગુજરાત

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | તારંગાજી | સિદ્ધક્ષેત્ર | તારંગા હીલ |
| ૨ | ગિરનાર | સિદ્ધક્ષેત્ર | જૂનાગઢ |
| ૩ | પાવાગઢ | સિદ્ધક્ષેત્ર | ચાંપાનેર |
| ૪ | શત્રુંજય - પાલીતાણા | સિદ્ધક્ષેત્ર | પાલીતાણા |
| ૫ | સોનગઢ | ધર્મક્ષેત્ર | સોનગઢ |
| ૬ | ઘોઘા | અતિશયક્ષેત્ર | ભાવનગર |
| ૭ | મહુવા (વિઘ્નહર પાર્શ્વનાથ) | અતિશયક્ષેત્ર | બારડોલી-સુરત |

## કર્ણાટક

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | શ્રીક્ષેત્ર | અતિશયક્ષેત્ર | કુંડલ |
| ૨ | સ્તવનિધિ | અતિશયક્ષેત્ર | કોલ્હાપુર |
| ૩ | કારકલ | અતિશયક્ષેત્ર | શિમોગા |
| ૪ | મૂડબિદ્રી | અતિશયક્ષેત્ર | મેંગલોર |
| ૫ | વારાંગ | અતિશયક્ષેત્ર | |
| ૬ | હલેબીડ | અતિશયક્ષેત્ર | હાસન |
| ૭ | વેણૂર | અતિશયક્ષેત્ર | હાસન |
| ૮ | જૈનબિદ્રી (શ્રવણબેલગોલા) | અતિશયક્ષેત્ર | હાસન |
| ૯ | આરસી કેરી | અતિશયક્ષેત્ર | મૈસુર |
| ૧૦ | મૈસુર | અતિશયક્ષેત્ર | મૈસુર |

## તામિલનાડુ

| નં. | વર્તમાન નામ | પ્રકાર | નજીકનું રેલ્વે સ્ટેશન |
|---|---|---|---|
| ૧ | કાંજીવરમ | અતિશયક્ષેત્ર | કાંજીવરમ |
| ૨ | તિરૂમલૈ | અતિશયક્ષેત્ર | પોલર |
| ૩ | પૂન્ડી | અતિશયક્ષેત્ર | આરની રોડ |
| ૪ | પેરૂમન્ડૂર | અતિશયક્ષેત્ર | તાંડીવનમ/તિરુવન્નમલય |
| ૫ | પોન્નુર | અતિશયક્ષેત્ર | તાંડીવનમ/તિરુવન્નમલય |
| ૬ | ચેન્નાઈ | અતિશયક્ષેત્ર | ચેન્નાઈ |
| ૭ | તાંજોર | અતિશયક્ષેત્ર | તાંજોર |

નોંધ : જ્યાં તીર્થંકર ભગવંતોનાં પંચકલ્યાણક થયા હોય તેને **તીર્થક્ષેત્ર** કહે છે. (જે ભૂમિમાં કોઈ પણ એક કલ્યાણક થયા હોય તેને.) જ્યાંથી આરાધક જીવો સિદ્ધપદ પામ્યા હોય તેને **સિદ્ધક્ષેત્ર** કહે છે. તે સિવાય જે ભૂમિમાં રત્નમય આરાધક સંતો વિચર્યા હોય, જ્યાં તેઓએ જ્ઞાન-ધ્યાન કર્યા હોય અથવા જ્યાં વિશિષ્ટ જિનબિંબો વિગેરે બિરાજતા હોય અથવા જે ક્ષેત્રમાં કાંઈપણ અતિશય થયો હોય તેને **અતિશયક્ષેત્ર** કહે છે.

# યાત્રાના વિકલ્પો

## (૧) શ્રી સમ્મેદશિખરજી, પંચતીર્થ, ખન્ડગિરિ-ઉદયગિરિ યાત્રા

### યાત્રા રૂટ - પારસનાથથી કોલકાતા (૧૦ દિવસ)

પારસનાથથી શ્રી સમ્મેદશિખરજી - ૨૩ કિ.મી., શ્રી સમ્મેદશિખરજીથી ગિરડીહ -૩૨ કિ.મી., ગિરડીહથી નવાદા - ૧૭૦ કિ.મી., નવાદાથી ગુણાવા - ૩ કિ.મી., ગુણાવાથી પાવાપુરી - ૨૩ કિ.મી., પાવાપુરીથી નાલંદા - ૨૮ કિ.મી., નાલંદાથી કુન્ડલપુર - ૨ કિ.મી., કુન્ડલપુરથી રાજગૃહી - ૧૨ કિ.મી., રાજગૃહીથી ચંપાપુરી - ૨૨૫ કિ.મી., ચંપાપુરીથી ભાગલપુર - ૪ કિ.મી., ભાગલપુરથી મંદારહિલ - ૫૦ કિ.મી., મંદારહિલથી કોલકાતા - ૩૮૦ કિ.મી., કોલકાતાથી ભુવનેશ્વર - ૪૨૫ કિ.મી., ભુવનેશ્વરથી ખન્ડગિરિ - ૮ કિ.મી., ખન્ડગિરિથી ઉદયગિરિ - ૨ કિ.મી., ઉદયગિરિથી જગન્નાથપુરી - ૬૦ કિ.મી., જગન્નાથપુરીથી કોલકાતા - ૪૭૫ કિ.મી.

## (૨) શ્રી સમ્મેદશિખરજી ત્થા પંચતીર્થ યાત્રા

### યાત્રા રૂટ - પારસનાથથી ગયા (૮ દિવસ)

પારસનાથથી શ્રી સમ્મેદશિખરજી - ૨૩ કિ.મી., શ્રી સમ્મેદશિખરજીથી ગિરડીહ -૩૨ કિ.મી., ગિરડીહથી દેવઘર - ૧૨૫ કિ.મી., દેવઘરથી મંદારગિરિ - ૬૫ કિ.મી., મંદારગિરિથી ચંપાપુરી - ૫૫ કિ.મી., ચંપાપુરીથી ભાગલપુર - ૪ કિ.મી., ભાગલપુરથી નવાદા - ૨૦૫ કિ.મી., નવાદાથી ગુણાવા - ૩ કિ.મી., ગુણાવાથી પાવાપુરી - ૨૩ કિ.મી., પાવાપુરીથી નાલંદા - ૨૮ કિ.મી., નાલંદાથી કુન્ડલપુર - ૨ કિ.મી., કુન્ડલપુરથી રાજગૃહી - ૧૨ કિ.મી., રાજગૃહીથી બોધગયા - ૬૫ કિ.મી., બોધગયાથી ગયા - ૧૨ કિ.મી.

## (૩) *શ્રી સમ્મેદશિખરજી તથા બુન્દેલખન્ડ યાત્રા*

### *યાત્રા રૂટ - ઈંદોરથી ઈંદોર (૧૫ દિવસ)*

ઈંદોરથી ભાગ્યોદય (સાગર) - ૩૩૫ કિ.મી., ભાગ્યોદયથી નૈનાગિરિ - ૩૭ કિ.મી.,
નૈનાગિરિથી દ્રોણગિરિ - ૯૦ કિ.મી., દ્રોણગિરિથી ખજુરાહો - ૧૧૫ કિ.મી.,
ખજુરાહોથી અલાહાબાદ - ૨૭૫ કિ.મી., અલાહાબાદથી બનારસ - ૧૨૫ કિ.મી.,
બનારસથી ઈસરી (પારસનાથ) - ૩૬૦ કિ.મી., પારસનાથથી શ્રી સમ્મેદશિખરજી -૨૩ કિ.મી.,
શ્રી સમ્મેદશિખરજીથી ગિરડીહ - ૩૨ કિ.મી., ગિરડીહથી દેવઘર - ૧૨૫ કિ.મી.,
દેવઘરથી મંદારગિરિ - ૬૫ કિ.મી., મંદારગિરિથી ચંપાપુરી - ૫૫ કિ.મી.,
ચંપાપુરીથી ભાગલપુર - ૪ કિ.મી., ભાગલપુરથી નવાદા - ૨૦૫ કિ.મી.,
નવાદાથી ગુણાવા - ૩ કિ.મી., ગુણાવાથી પાવાપુરી - ૨૩ કિ.મી.,
પાવાપુરીથી નાલંદા - ૨૮ કિ.મી., નાલંદાથી કુન્ડલપુર - ૨ કિ.મી.,
કુન્ડલપુરથી રાજગૃહી - ૧૨ કિ.મી., રાજગૃહીથી પટના - ૭૫ કિ.મી.,
પટનાથી આરા - ૫૦ કિ.મી., આરાથી સિદ્ધપુરી - ૨૩૨ કિ.મી.,
સિદ્ધપુરીથી ચન્દ્રપુરી - ૧૮ કિ.મી., ચન્દ્રપુરીથી પન્ના - ૩૫૫ કિ.મી.,
પન્નાથી કુન્ડલગિરિ - ૧૬૫ કિ.મી., કુન્ડલગિરિથી કોનાજી - ૧૦૦ કિ.મી.,
કોનાજીથી મઢીયાજી - ૩૦ કિ.મી., મઢીયાજીથી જબલપુર - ૬ કિ.મી.,
જબલપુરથી ભોજપુર - ૨૬૦ કિ.મી., ભોજપુરથી પુષ્પગિરિ - ૧૫૦ કિ.મી.,
પુષ્પગિરિથી ઈંદોર - ૭૦ કિ.મી.

## (૪) *બુન્દેલખન્ડ યાત્રા - યાત્રા રૂટ - ઈંદોરથી ઈંદોર (૧૦ દિવસ)*

ઈંદોરથી મક્સીજી - ૭૦ કિ.મી., મક્સીજીથી બજરંગગઢ - ૨૧૬ કિ.મી.,
બજરંગગઢથી અશોકનગર - ૫૫ કિ.મી., અશોકનગરથી થુબૌનજી - ૪૫ કિ.મી.,
થુબૌનજીથી ખંદારગિરિ - ૨૫ કિ.મી., ખંદારગિરિથી ચંદેરી - ૨ કિ.મી.,
ચંદેરીથી સેરૌનજી - ૩૦ કિ.મી., સેરૌનજીથી લલિતપુર - ૧૮ કિ.મી.,
લલિતપુરથી દેવગઢ - ૩૩ કિ.મી., દેવગઢથી પવાજી - ૭૮ કિ.મી.,
પવાજીથી કરગુંવા પાર્શ્વનાથ - ૫૦ કિ.મી., કરગુંવા પાર્શ્વનાથથી સોનાગિરિ - ૫૫ કિ.મી.,
સોનાગિરિથી ઓરછા - ૭૦ કિ.મી., ઓરછાથી પપૌરાજી - ૮૫ કિ.મી.,
પપૌરાજીથી અહારજી - ૨૭ કિ.મી., અહારજીથી ખજુરાહો - ૧૨૦ કિ.મી.,

ખજુરાહોથી દ્રોણગિરિ - ૧૧૫ કિ.મી., દ્રોણગિરિથી નૈનાગિરિ - ૯૦ કિ.મી.,
નૈનાગિરિથી કુન્ડલગિરિ - ૧૫૦ કિ.મી., કુન્ડલગિરિથી કોનાજી - ૧૦૦ કિ.મી.,
કોનાજીથી મઢીયાજી - ૩૦ કિ.મી., મઢીયાજીથી પનાગર - ૧૨ કિ.મી.,
પનાગરથી ભાગ્યોદય (સાગર) - ૧૮૦ કિ.મી., ભાગ્યોદયથી ભોજપુર - ૨૦૦ કિ.મી.,
ભોજપુરથી પુષ્પગિરિ - ૧૫૦ કિ.મી., પુષ્પગિરિથી ઈંદોર - ૭૦ કિ.મી.

(૫) *બાવનગજા - સિદ્ધવરકૂટ - માલવા યાત્રા* - *યાત્રા રૂટ - ઈંદોરથી ઈંદોર (૩ દિવસ)*

ઈંદોરથી સિદ્ધવરકૂટ - ૭૮ કિ.મી., સિદ્ધવરકૂટથી ણમોકારધામ - ૨૦ કિ.મી.,
ણમોકારધામથી ઉન - ૧૧૦ કિ.મી., ઉનથી બાવનગજા - ૮૦ કિ.મી.,
બાવનગજાથી માંડવ - ૧૨૬ કિ.મી., માંડવથી માનતુંગગિરિ (ધાર) - ૪૨ કિ.મી.,
માનતુંગગિરિથી બનેડિયાજી - ૬૨ કિ.મી., બનેડિયાજીથી મક્સીજી - ૧૧૪ કિ.મી.,
મક્સીજીથી પુષ્પગિરિ - ૬૫ કિ.મી., પુષ્પગિરિથી ઈંદોર - ૭૦ કિ.મી.

(૬) *રાજસ્થાન યાત્રા* - *યાત્રા રૂટ - જયપુરથી જયપુર (૩ દિવસ)*

જયપુરથી સાંગાનેર - ૧૦ કિ.મી., સાંગાનેરથી પદમપુરા - ૩૩ કિ.મી.,
પદમપુરાથી તિજારા - ૨૨૦ કિ.મી., તિજારાથી શ્રી મહાવીરજી - ૧૮૦ કિ.મી.,
શ્રી મહાવીરજીથી ચમત્કારજી - ૧૧૫ કિ.મી., ચમત્કારજીથી સવાઈ માધોપુર - ૭ કિ.મી.,
સવાઈ માધોપુરથી જયપુર - ૧૫૦ કિ.મી.

(૭) *શ્રવણબેલગોલા યાત્રા* - *યાત્રા રૂટ - બેંગલોરથી બેંગલોર (૬ દિવસ)*

બેંગલોરથી મૈસુર - ૧૪૦ કિ.મી., મૈસુરથી ગોમ્મટગિરિ - ૪૦ કિ.મી.,
ગોમ્મટગિરિથી વૃન્દાવન ગાર્ડન - ૩૦ કિ.મી., વૃન્દાવન ગાર્ડનથી શ્રવણબેલગોલા - ૮૫ કિ.મી.,
શ્રવણબેલગોલાથી હલેબીડ - ૮૦ કિ.મી., હલેબીડથી બેલૂર - ૧૬ કિ.મી.,
બેલૂરથી ધર્મસ્થળ - ૧૧૦ કિ.મી., ધર્મસ્થળથી વેણૂર - ૩૫ કિ.મી.,
વેણૂરથી મૂડબિદ્રી - ૨૭ કિ.મી., મૂડબિદ્રીથી કારકલ - ૧૮ કિ.મી.,
કારકલથી વારાંગ - ૪૦ કિ.મી., વારાંગથી હૂમચા પદ્માવતી - ૧૨૦ કિ.મી.,
હૂમચા પદ્માવતીથી બેંગલોર - ૨૯૦ કિ.મી.

## (૮) શ્રવણબેલગોલા યાત્રા તથા દક્ષિણ પ્રવાસ

### યાત્રા રૂટ - ચેન્નાઈથી ચેન્નાઈ (૧૪ દિવસ)

ચેન્નાઈથી મહાબલીપુરમ - ૬૦ કિ.મી.,
મહાબલીપુરમથી પોંડીચેરી - ૧૬૦ કિ.મી.,
પોંડીચેરીથી ત્રિચિનાપલ્લી - ૨૦૦ કિ.મી.,
ત્રિચિનાપલ્લીથી રામેશ્વરમ્ - ૩૧૭ કિ.મી.,
રામેશ્વરમ્થી કન્યાકુમારી - ૨૫૦ કિ.મી.,
કન્યાકુમારીથી મદુરાઈ - ૨૦૦ કિ.મી.,
મદુરાઈથી કોડાઈકેનાલ - ૧૧૩ કિ.મી.,
કોડાઈકેનાલથી ઉટી - ૩૧૦ કિ.મી.,
ઉટીથી બાંદીપુર (વન્ય જીવન માટે) - ૭૦ કિ.મી.,
બાંદીપુરથી મૈસુર - ૫૦ કિ.મી.,
મૈસુરથી ગોમ્મટગિરિ - ૪૦ કિ.મી.,
ગોમ્મટગિરિથી વૃન્દાવન ગાર્ડન - ૩૦ કિ.મી.,
વૃન્દાવન ગાર્ડનથી શ્રવણબેલગોલા -૮૫ કિ.મી.,
શ્રવણબેલગોલાથી હલેબીડ - ૮૦ કિ.મી.,
હલેબીડથી બેલૂર - ૧૬ કિ.મી.,
બેલૂરથી ધર્મસ્થળ - ૧૧૦ કિ.મી.,
ધર્મસ્થળથી વેણૂર - ૩૫ કિ.મી.,
વેણૂરથી મૂડબિદ્રી - ૨૭ કિ.મી.,
મૂડબિદ્રીથી કારકલ - ૧૮ કિ.મી.,
કારકલથી વારાંગ - ૪૦ કિ.મી.,
વારાંગથી હૂમચા પદ્માવતી - ૧૨૦ કિ.મી.,
હૂમચા પદ્માવતીથી બેંગલોર - ૨૯૦ કિ.મી.,
બેંગલોરથી ચેન્નાઈ - ૩૫૫ કિ.મી.

## તીર્થો અને યાત્રાનો હેતુ

*સ્વાવલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને જેઓ જે ક્ષેત્રથી સિદ્ધ થયા છે, તે જ ક્ષેત્રે સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે તેઓ બિરાજે છે. તેમના સ્મરણના કારણરૂપ આ તીર્થો નિમિત્ત છે.*

*- પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી*

*યાત્રાએ જવાનો હેતુ એ છે કે ગૃહવાસની ઉપાધિથી નિવૃત્તિ લેવાય. સો, બસો કે પાંચસો રૂપિયા ઉપરથી મૂર્છા ઓછી થાય. પરદેશમાં, યાત્રાધામમાં, પર્યટન કરતા કોઈ સત્પુરુષ જ્ઞાની જડે તો કલ્યાણ થાય. આ કારણથી યાત્રા કરવાનું કહ્યું છે.*

*- શ્રીમદ્ રાજચંદ્રજી*

*હે યોગી ! જે પદને દેખવા માટે તું અનેક તીર્થોમાં ભમતો રહે છે,*
*તે શિવપદ બહારના તીર્થોમાં શોધ્યું.*
*પણ તે પદને દેખવા માટે તે અંતર સ્વભાવમાં દષ્ટિ ન કરી.*

# વિવિધ ક્ષેત્રોનાં અંતર દર્શાવતા ટેબલ

## ટેબલ નં. ૧

| | |
|---|---|
| પારસનાથથી શ્રી સમ્મેદશિખરજી -૨૩ કિ.મી. | શ્રી સમ્મેદશિખરજીથી ગીરડીહ-૩૨ કિ.મી. |
| ગીરડીહથી દેવઘર - ૧૨૫ કિ.મી. | દેવઘરથી મંદારગિરિ - ૬૫ કિ.મી. |
| મંદારગિરિથી ચંપાપુરી - ૫૦ કિ.મી. | ચંપાપુરીથી ભાગલપુર - ૫ કિ.મી. |
| ભાગલપુરથી નવાદા - ૨૦૫ કિ.મી. | નવાદાથી ગુણાવા - ૨ કિ.મી. |
| ગુણાવાથી પાવાપુરી - ૨૨ કિ.મી. | પાવાપુરીથી નાલંદા - ૨૮ કિ.મી. |
| નાલંદાથી કુંડલપુર - ૨ કિ.મી. | કુંડલપુરથી રાજગૃહી - ૧૨ કિ.મી. |

## ટેબલ નં. ૨

| | |
|---|---|
| પાવાપુરીથી નાલંદા - ૨૮ કિ.મી. | પાવાપુરીથી ગુણાવા - ૨૨ કિ.મી. |
| પાવાપુરીથી રાજગૃહી - ૩૦ કિ.મી. | પાવાપુરીથી નવાદા - ૨૪ કિ.મી. |
| પાવાપુરીથી ચંપાપુરી - ૨૦૦ કિ.મી. | પાવાપુરીથી કોડરમા - ૫૪ કિ.મી. |
| કોડરમાથી ઝુમરીતિલૈયા - ૮ કિ.મી. | શ્રી સમ્મેદશિખરજીથી મંદારગિરિ - ૨૦૫ કિ.મી. |

## ટેબલ નં. ૩

| | |
|---|---|
| બેંગલોરથી મૈસુર - ૧૨૫ કિ.મી. | મૈસુરથી ગોમ્મટગિરિ - ૪૦ કિ.મી. |
| ગોમ્મટગિરિથી વૃંદાવન ગાર્ડન-૩૦ કિ.મી. | વૃંદાવન ગાર્ડનથી શ્રવણબેલગોલા-૮૫ કિ.મી. |
| શ્રવણબેલગોલાથી હલેબીડ - ૯૦ કિ.મી. | હલેબીડથી બેલુર મઠ - ૧૪ કિ.મી. |
| બેલુરમઠથી ધર્મસ્થળ - ૭૨ કિ.મી. | ધર્મસ્થળથી વેણૂર - ૩૫ કિ.મી. |
| વેણૂરથી મૂડબીદ્રી - ૨૭ કિ.મી. | મૂડબીદ્રીથી કારકલ - ૧૮ કિ.મી. |
| કારકલથી વારાંગ - ૨૪ કિ.મી. | કારકલથી હુમચા - ૧૧૧ કિ.મી. |
| હુમચાથી બેંગલોર - ૨૯૦ કિ.મી. | મૂડબીદ્રીથી બેંગલોર - ૩૭૦ કિ.મી. |

## ટેબલ નં. ૪

| | |
|---|---|
| ઈન્દોરથી મક્સીજી - ૭૦ કિ.મી. | મક્સીજીથી બજરંગગઢ - ૨૧૬ કિ.મી. |
| બજરંગગઢથી અશોકનગર - ૪૫ કિ.મી. | અશોકનગરથી થુબૌનજી - ૩૨ કિ.મી. |
| થુબૌનજીથી ખન્દારગિરિ - ૨૫ કિ.મી. | ખન્દારગિરિથી ચંદેરી - ૨ કિ.મી. |
| ચંદેરીથી સેરૌનજી - ૩૦ કિ.મી. | સેરૌનજીથી લલિતપુર - ૨૦ કિ.મી. |

લલિતપુરથી દેવગઢ - ૩૩ કિ.મી.
દેવગઢથી પવાજી - ૭૮ કિ.મી.
પવાજીથી કરગુઁવા પાર્શ્વનાથ - ૫૦ કિ.મી.
કરગુઁવા પાર્શ્વનાથથી સોનાગિરિ - ૪૫ કિ.મી.
સોનાગિરિથી ઓરછા - ૭૦ કિ.મી.
ઓરછાથી પપૌરાજી - ૮૫ કિ.મી.
પપૌરાજીથી અહારજી - ૨૭ કિ.મી.
અહારજીથી ખજુરાહો - ૧૨૦ કિ.મી.
ખજુરાહોથી દ્રોણગિરિ - ૧૧૫ કિ.મી.
દ્રોણગિરિથી નૈનાગિરિ - ૯૦ કિ.મી.
નૈનાગિરિથી કુંડલગિરિ - ૧૫૦ કિ.મી.
કુંડલગિરિથી કૌનાજી - ૧૦૦ કિ.મી.
કૌનાજીથી મઢીયાજી - ૩૦ કિ.મી.

## ટેબલ નં. ૫

પપૌરાજીથી બડાગાંવ - ૨૫૯ કિ.મી.
પપૌરાજીથી નવાગઢ - ૨૫ કિ.મી.
પપૌરાજીથી અહારજી - ૨૭ કિ.મી.
પપૌરાજીથી દ્રોણગિરિ - ૬૫ કિ.મી.
પપૌરાજીથી નૈનાગિરિ - ૯૫ કિ.મી.
પપૌરાજીથી કુંડલગિરિ - ૧૯૪ કિ.મી.
પપૌરાજીથી ખજુરાહો - ૧૪૦ કિ.મી.
પપૌરાજીથી દેવગઢ - ૧૦૦ કિ.મી.
પપૌરાજીથી ચંદેરી - ૧૦૦ કિ.મી.
પપૌરાજીથી થુબૌનજી - ૧૨૦ કિ.મી.
પપૌરાજીથી સેરૌનજી - ૮૦ કિ.મી.
પપૌરાજીથી ઝાંસી - ૧૫૮ કિ.મી.
પપૌરાજીથી લલિતપુર - ૬૩ કિ.મી.
પપૌરાજીથી ટીકમગઢ - ૫ કિ.મી.

## ટેબલ નં. ૬

લલિતપુરથી દેવગઢ - ૩૩ કિ.મી.
લલિતપુરથી સેરૌનજી - ૨૦ કિ.મી.
લલિતપુરથી ચંદેરી - ૩૩ કિ.મી.
લલિતપુરથી થુબૌનજી - ૬૨ કિ.મી.
લલિતપુરથી પવાગિરિ - ૫૧ કિ.મી.
લલિતપુરથી નવાગઢ - ૬૮ કિ.મી.
લલિતપુરથી ટીકમગઢ - ૫૮ કિ.મી.
લલિતપુરથી પપૌરાજી - ૬૩ કિ.મી.
લલિતપુરથી અહારજી - ૬૪ કિ.મી.
લલિતપુરથી કુંડલગિરિ - ૨૫૭ કિ.મી.
લલિતપુરથી ખજુરાહો - ૧૭૩ કિ.મી.
લલિતપુરથી ઝાંસી - ૬૨ કિ.મી.
લલિતપુરથી મક્સીજી - ૧૯૦ કિ.મી.
લલિતપુરથી સાગર - ૧૪૦ કિ.મી. (ટ્રેઈન)
લલિતપુરથી બીના જં. - ૬૨ કિ.મી. (ટ્રેઈન)
બીના જં.થી ભોપાલ - ૧૩૮ કિ.મી. (ટ્રેઈન)

## ટેબલ નં. ૭

ઝાંસીથી છતરપુર - ૧૩૧ કિ.મી.
ઝાંસીથી દતિયા - ૨૫ કિ.મી.
ઝાંસીથી ગ્વાલિયર - ૯૭ કિ.મી.
ઝાંસીથી લલિતપુર - ૬૨ કિ.મી.

ઝાંસીથી ખજુરાહો - ૧૭૮ કિ.મી.

ઝાંસીથી સોનાગિરિ - ૪૧ કિ.મી.

સોનાગિરિથી ગ્વાલિયર - ૬૬ કિ.મી.

## ટેબલ નં. ૮

ચંદેરીથી થુબૌનજી - ૨૫ કિ.મી.

ચંદેરીથી લલિતપુર - ૩૭ કિ.મી.

ચંદેરીથી સેરૌનજી - ૩૦ કિ.મી.

ચંદેરીથી ખન્દારગિરિ - ૨ કિ.મી.

ચંદેરીથી બુઢી ચંદેરી - ૨૦ કિ.મી.

ચંદેરીથી દેવગઢ - ૬૪ કિ.મી.

ચંદેરીથી ગોલાકૌટા - ૫૦ કિ.મી.

## ટેબલ નં. ૯

કુંડલગિરિથી ખજુરાહો - ૧૭૬ કિ.મી.

કુંડલગિરિથી નૈનાગિરિ - ૧૧૮ કિ.મી.

કુંડલગિરિથી દ્રોણગિરિ - ૧૪૪ કિ.મી.

કુંડલગિરિથી પપૌરાજી - ૧૯૪ કિ.મી.

કુંડલગિરિથી અહારજી - ૧૨૭ કિ.મી.

કુંડલગિરિથી મઢીયાજી - ૧૪૨ કિ.મી.

કુંડલગિરિથી દમોહ - ૩૫ કિ.મી.

કુંડલગિરિથી સાગર - ૧૧૩ કિ.મી.

કુંડલગિરિથી છતરપુર - ૧૮૯ કિ.મી.

કુંડલગિરિથી ટીકમગઢ - ૧૮૯ કિ.મી.

## ટેબલ નં. ૧૦

બડવાનીથી બાવનગજા - ૮ કિ.મી.

બાવનગજાથી ઈંદૌર - ૧૫૯ કિ.મી.

બાવનગજાથી મકસીજી - ૨૩૫ કિ.મી.

બાવનગજાથી ભોપાલ - ૩૪૯ કિ.મી.

બાવનગજાથી વડોદરા - ૨૭૩ કિ.મી.

બાવનગજાથી દાહોદ - ૧૬૨ કિ.મી.

બાવનગજાથી ઉન - ૮૦ કિ.મી.

બાવનગજાથી ખરગોન - ૯૮ કિ.મી.

બાવનગજાથી સિદ્ધવરકુટ - ૧૭૭ કિ.મી.

બાવનગજા થી ખંડવા - ૨૦૦ કિ.મી.

## ટેબલ નં. ૧૧

અમદાવાદથી વડોદરા - ૧૧૧ કિ.મી.

વડોદરાથી પાવાગઢ - ૪૫ કિ.મી.

પાવાગઢથી બડવાની - ૨૨૭ કિ.મી.

બડવાનીથી બાવનગજા - ૮ કિ.મી.

બાવનગજાથી ઉન - ૮૦ કિ.મી.

ઉનથી સિદ્ધવરકુટ - ૧૦૦ કિ.મી.

સિદ્ધવરકુટથી ઈંદોર - ૧૦૦ કિ.મી.

ઈંદોરથી મકસીજી - ૭૦ કિ.મી.

મકસીજીથી લલિતપુર - ૧૯૦ કિ.મી.

નોંધ :- બુન્દેલખંડમાં લલિતપુરથી તીર્થક્ષેત્રો જેટલા નજીક પડે છે તેટલા બીજા કોઈ સ્થળેથી પડતા નથી. તેથી લલિતપુરને હેડક્વાર્ટર રાખીને ત્યાંથી બધાં ક્ષેત્રોમાં જવું હિતાવહ છે.

## ટેબલ નં. ૧૨

મુંબઈથી દેવલાલી - ૨૦૦ કિ.મી.

દેવલાલીથી ગજપંથા - ૨૫ કિ.મી.

ગજપંથાથી નાસિક - ૭ કિ.મી.

નાસિકથી માંગીતુંગી - ૧૩૨ કિ.મી.

## ટેબલ નં. ૧૩

જયપુરથી સાંગાનેર - ૧૩ કિ.મી.

જયપુરથી ચૂલગિરિ - ૫ કિ.મી.

સાંગાનેરથી પદમપુરા - ૨૩ કિ.મી.

પદમપુરાથી તિજારા પાર્શ્વનાથ - ૨૩૫ કિ.મી.

સાંગાનેરથી ચૂલગિરિ (વાયા-જયપુર) - ૧૮ કિ.મી.

## ટેબલ નં. ૧૪

શ્રી મહાવીરજીથી સાંગાનેર - ૧૮૪ કિ.મી.

શ્રી મહાવીરજીથી તિજારા પાર્શ્વનાથ - ૨૦૦ કિ.મી.

શ્રી મહાવીરજીથી ચમત્કારજી - ૧૧૫ કિ.મી.

શ્રી મહાવીરજીથી જયપુર - ૧૪૦ કિ.મી.

શ્રી મહાવીરજીથી આગ્રા - ૧૭૦ કિ.મી.

શ્રી મહાવીરજીથી દિલ્હી - ૩૦૦ કિ.મી.

શ્રી મહાવીરજીથી હસ્તિનાપુર (વાયા-અલવર) - ૨૦૦ કિ.મી.

## ટેબલ નં. ૧૫

આગ્રાથી બટેશ્વર - ૭૦ કિ.મી.

બટેશ્વરથી શૌરીપુર - ૫ કિ.મી.

દિલ્હીથી મેરઠ - ૬૦ કિ.મી.

મેરઠથી હસ્તિનાપુર (વાયા-મવાના) - ૩૭ કિ.મી.

હસ્તિનાપુરથી તિજારા - ૨૨૦ કિ.મી.

તિજારાથી અહિચ્છેત્ર (રામનગર) - ૩૨૦ કિ.મી.

હસ્તિનાપુરથી અહિચ્છેત્ર - ૧૮૦ કિ.મી.

તિજારાથી અલવર - ૫૫ કિ.મી.

## ટેબલ નં. ૧૬

દિલ્હીથી અલીગઢ (ટ્રેઈન) - ૧૧૦ કિ.મી.

દિલ્હીથી અલીગઢ (રોડ) - ૧૩૫ કિ.મી.

દિલ્હી-આગ્રા-મંગલાયતન - ૨૭૦ કિ.મી.

દિલ્હી-મથુરા-મંગલાયતન - ૨૦૫ કિ.મી.

આગ્રાથી મંગલાયતન - ૭૨ કિ.મી.

મથુરાથી મંગલાયતન - ૫૬ કિ.મી.

સોનાગિરિથી મંગલાયતન - ૧૯૫ કિ.મી.

ફિરોઝાબાદથી મંગલાયતન - ૧૧૫ કિ.મી.

જયપુરથી મંગલાયતન - ૨૨૫ કિ.મી.

હસ્તિનાપુરથી મંગલાયતન - ૧૮૫ કિ.મી.

# નિર્વાણકાણ્ડ (ભાષા)

વીતરાગ વંદો સદા, ભાવ સહિત સિર નાય ।
કહૂઁ કાન્ડ નિર્વાણ કી, ભાષા સુગમ બનાય ॥

અષ્ટાપદ આદીશ્વર સ્વામિ, વાસુપૂજ્ય ચંપાપુરિ નામિ ।
નેમિનાથ સ્વામિ ગિરનાર, વંદૌ ભાવ-ભગતિ ઉર ધાર ॥

ચરમ તીર્થંકર ચરમ-શરીર, પાવાપુરિ સ્વામી મહાવીર ।
શિખરસમ્મેદ જિનેસુર બીસ, ભાવસહિત વંદૌ નિશ-દીસ ॥

વરદત્તરાય રુ ઈંદ મુનિન્દ, સાયરદત્ત આદિ ગુણવૃન્દ ।
નગર તારવર મુનિ ઉઠકોડિ, વંદૌ ભાવસહિત કર જોડિ ॥

શ્રી ગિરનાર શિખર વિખ્યાત, કોડિ બહત્તર અરુ સૌ સાત ।
સંબુ પ્રદ્યુમ્ન કુમર દ્વયભાય, અનિરુધ આદિ નમૂઁ તસુ પાય ॥

રામચન્દ્ર કે સુત દ્વૈ વીર, લાડનરિંદ આદિ ગુણધીર ।
પાઁચ કોડિ મુનિ મુક્તિ મઝાર, પાવાગિરિ વંદૌ નિરધાર ॥

પાન્ડવ તીન દ્રવિડ-રાજાન, આઠ કોડિ મુનિ મુક્તિ પયાન ।
શ્રી શત્રુંજયગિરિ કે સીસ, ભાવસહિત વંદૌ નિશ-દિસ ॥

જે બલભદ્ર મુકિત મેં ગયે, આઠ કોડિ મુનિ ઔરહુ ભયે ।
શ્રી ગજપન્થ શિખર સુવિશાલ, તિનકે ચરણ નમૂઁ તિહુઁકાલ ॥

રામ હનુ સુગ્રીવ સુડીલ, ગવ ગવાખ્ય નીલ મહાનીલ ।
કોડિ નિન્યાણવ મુક્તિપયાન, તુંગીગિરિ વંદૌ ધરિ ધ્યાન ॥

નંગ અનંગ કુમાર સુજાન, પાઁચ કોડિ અરુ અર્ધ પ્રમાન ।
મુક્તિ ગયે સોનાગિરિ શીશ, તે વંદૌ ત્રિભુવનપતિ ઈસ ॥

રાવણ કે સુત આદિકુમાર, મુકિત ગયે રેવા-તટ સાર ।
કોટિ પંચ અરુ લાખ પચાસ, તે વંદૌ ધરિ પરમ હુલાસ ॥

રેવાનદી સિદ્ધવર કૂટ, પશ્ચિમ દિશા દેહ જહઁ છૂટ ।
દ્વૈ ચક્રી દશ કામકુમાર, ઉઠકોડિ વંદૌ ભવ પાર ॥

બડવાની બડનયર સુચંગ, દક્ષિણ દિશિ ગિરિ ચૂલ ઉતંગ ।
ઈન્દ્રજીત અરુ કુંભ જુ કર્ણ, તે વંદૌ ભવ-સાગર તર્ણ ॥

સુવરણ ભદ્ર આદિ મુનિ ચાર, પાવાગિરિ-વર શિખર મઁઝાર ।
ચેલના નદી-તીર કે પાસ, મુક્તિ ગયે વંદૌ નિત તાસ ॥

ફલહોડી વડગામ અનૂપ, પશ્ચિમ દિશા દ્રોણગિરિ રુપ ।
ગુરુદત્તાદિ - મુનિસુર જહાઁ, મુક્તિ ગયે વંદૌ નિત તહાઁ ॥

બાલિ મહાબાલિ મુનિ દોય, નાગકુમાર મિલે ત્રય હોય ।
શ્રી અષ્ટાપદ મુક્તિ મઁઝાર, તે વંદૌ નિત સુરત સઁભાર ॥

અચલાપુર કી દિશા ઈશાન, તહાઁ મેઢગિરિ નામ પ્રધાન ।
સાઢે તીન કોડિ મુનિરાય, તિનકે ચરણ નમૂઁ ચિત લાય ॥

વંસસ્થલ વન કે ઢિગ હોય, પશ્ચિમ દિશા કુન્થુગિરિ સોય ।
કુલભૂષણ દેશભૂષણ નામ, તિનકે ચરણનિ કરુઁ પ્રણામ ॥

જસરથ રાજા કે સુત કહે, દેશ કલિંગ પાઁચ સૌ લહે ।
કોટિશિલા મુનિ કોટિ પ્રમાન, વન્દન કરુઁ જોરિ જુગપાન ॥

સમવસરણ શ્રી પાર્શ્વ-જિનંદ, રેસંદીગિરિ નયનાનંદ ।
વરદત્તાદિ પંચ ઋષિરાજ, તે વંદૌ નિત ધરમ-જિહાજ ॥

મથુરાપુર પવિત્ર ઉદ્યાન, જમ્બૂસ્વામીજી નિર્વાણ ।
ચરમકેવલી પંચમકાલ, તે વંદૌ નિત દીનદયાલ ॥

તીન લોક કે તીરથ જહાઁ, નિત પ્રતિ વંદન કીજૈ તહાઁ ।
મન વચ કાય સહિત સિરનાય, વંદન કરહિં ભવિક ગુણગાય ॥

સંવત સતરહ સૌ ઈકતાલ, આશ્વિન સુદિ દશમી સુવિશાલ ।
"ભૈયા" વંદન કરહિં ત્રિકાલ, જય નિર્વાણકાણ્ડ ગુણમાલ ॥

॥ ઈતિ નિર્વાણકાણ્ડ ॥

# અર્ઘાવલી

## • સામાન્ય અર્ઘ •

*ઉદક-ચંદન-તંદુલ-પુષ્પકશ્ચરુ-સુદીપ-સુધૂપ-ફલાર્ઘકૈ: ।*
*ધવલ-મંગલ-ગાન-રવાકુલે જિનગૃહે જિનનાથમહં યજે ॥*

ૐ હ્રીં ............ અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • દેવ-શાસ્ત્ર-ગુરુનો અર્ઘ •

*જલ પરમ ઉજ્જ્વલ ગંધ અક્ષત પુષ્પ ચરુ દીપક ધરૂં,*
*વર ધૂપ નિરમલ ફલ વિવિધ બહુ જનમ કે પાતક હરૂં;*
*ઈહ ભાંતિ અર્ઘ ચઢાય નિત ભવિ કરત શિવ પંકતિ મચૂં,*
*અરહંત શ્રુત-સિદ્ધાંત ગુરુ-નિરગ્રંથ નિત પૂજા રચૂં.*

*વસુવિધિ અર્ઘ સંજોયકે અતિ ઉછાહ મન કીન;*
*જાસોં પૂજોં પરમ પદ દેવ શાસ્ત્ર ગુરુ તીન.*

ૐ હ્રીં શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો અનર્ઘપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • વીસ વિહરમાન તીર્થંકરનો અર્ઘ •

*જલ ફલ આઠોં દર્વ, અરઘ કર પ્રીતિ ધરી હૈ,*
*ગણધર ઈન્દ્રનિહૂતૈં, થુતિ પૂરી ન કરી હૈ;*
*"દ્યાનત" સેવક જાનકે (હો), જગતૈં લેહુ નિકાર,*
*સીમંધર જિન આદિ દે, (સ્વામી) વીસ વિદેહ મઝાર,*
*શ્રી જિનરાજ હો, ભવ તારણતરણ જિહાજ.*

ૐ હ્રીં શ્રી સીમંધરાદિવિદ્યમાનવિંશતિતીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • ચોવીસ જિનેન્દ્રનો અર્ઘ •

*જલ ફલ આઠોં શુચિસાર તાકો અર્ઘ કરોં, તુમકો અરપોં ભવતાર ભવતરિ મોક્ષ વરો;*
*ચૌવીસોં શ્રી જિનચંદ આનંદકંદ સહી, પદ જજત હરત ભવફંદ પાવત મોક્ષ મહી.*

ૐ હ્રીં શ્રી વૃષભાદિચતુર્વિંશતિતીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • નિર્વાણક્ષેત્રનો અર્ઘ •

*જલ ગંધ અક્ષત ફૂલ ચરુ, ફલ દીપ ધૂપાયન ધરૌં,*
*"દ્યાનત" કરો નિરભય જગતતૈં, જોર કર વિનતી કરૌં;*
*સમ્મેદગઢ ગિરનાર ચંપા પાવાપુરી કૈલાસકો,*
*પૂજૌં સદા ચૌવીસ જિન નિર્વાણભૂમિ નિવાસકો.*

ૐ હ્રીં શ્રી ઋષભાદિચતુર્વિંશતિતીર્થંકરનિર્વાણક્ષેત્રેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • પંચ બાલયતિ તીર્થંકરનો અર્ઘ •

*સજિ વસુવિધિ દ્રવ્ય મનોજ્ઞ, અરઘ બનાવત હૈં,*
*વસુ કર્મ અનાદિ સંયોગ, તાહિ નસાવત હૈં;*
*શ્રી વાસુપૂજ્ય મલિ નેમ, પારસ વીર અતિ,*
*નમૂં મન-વચ-તન ધરિ પ્રેમ, પાંચોં બાલ યતિ.*

ૐ હ્રીં શ્રી વાસુપૂજ્ય-મલ્લિનાથ-નેમિનાથ-પાર્શ્વનાથ-મહાવીરસ્વામી
પંચ બાલયતિ તીર્થંકરેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • પંચ પરમેષ્ઠીનો અર્ઘ •

*મનમાંહિ ભક્તિ અનાદિ નમિ હોં દેવ અરહંત કો સહી,*
*શ્રી સિદ્ધ પૂજૂં અષ્ટ ગુણમય સૂરિ ગુણ છત્તીસ હી;*
*અંગ-પૂર્વધારી જજૌં ઉપાધ્યાય સાધુ ગુણ અઠબીસ જી,*
*યે પંચ ગુરુ નિરગ્રંથ સુમંગલદાયી જગદીશ જી.*

ૐ હ્રીં શ્રી અરહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વ સાધુ-પંચ પરમેષ્ઠીભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • સિદ્ધ ભગવાનનો અર્ઘ •

*હમમેં આઠોં હી દોષ, જજહું અર્ઘ લે સિદ્ધજી;*
*દીજ્યો વસુ ગુણ મોહિ, કર જોડયાં "દ્યાનત" ખડો.*

ૐ હ્રીં શ્રી સિદ્ધચક્રાધિપતયે સિદ્ધપરમેષ્ઠીને અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● ત્રણ ચોવીસીનો અર્ઘ ●

*જલ ગંધ તંદુલ સુમન ચરુવર દીપ ધૂપ ફલૌઘ હી,*
*કરિ અર્ઘ દ્રવ્ય અનર્ઘ લે કે નસૈં ભવ-અઘ ઓઘ હી;*
*ભરત જમ્બુદ્વીપકે ત્રય કાલ ત્રય ચોવીસ કા,*
*પૂજૂં સદા મન-વચન-તનતૈં, દાય પદ જગદીશ કા.*

ૐ હ્રીં જમ્બુદ્વીપ-ભરતક્ષેત્રોત્પન્ન-અતીત-વર્તમાન-અનાગત-ચતુર્વિંશતિ-જિનેભ્યો અર્ઘં નિ. સ્વાહા.

## ● ત્રીસ ચોવીસીનો અર્ઘ ●

*દ્રવ્ય આઠોં જુ લીના હૈ, અર્ઘ કરમેં નવીના હૈ,*
*પૂજતેં પાપ છીના હૈ, ભાનમલ જોર કીના હૈ;*
*દીપ અઢાઈ સરસ રાજૈ, ક્ષેત્ર દશ તા વિષૈં છાજૈ,*
*સાત શત બીસ જિન રાજૈ, પૂજતા પાપ સબ ભાજૈ.*

ૐ હ્રીં પાંચ ભરત-પાંચ ઐરાવત-દસ ક્ષેત્ર સંબંધી તીસ ચૌવીસીકે સાતસૌ બીસ
જિનેન્દ્રેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● પાંચ મેરુનો અર્ઘ ●

*આઠ દરવમય અર્ઘ બનાય, "દ્યાનત" પૂજોં શ્રી જિનરાય,*
*મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય;*
*પાંચોં મેરુ અસ્સી જિનધામ, સબ પ્રતિમાકોં કરૂં પ્રણામ,*
*મહાસુખ હોય, દેખે નાથ પરમ સુખ હોય.*

ૐ હ્રીં પંચમેરુસંબંધી અસ્સી જિનાલયેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● નંદીશ્વરદ્વીપનો અર્ઘ ●

*યહ અર્ઘ કિયો નિજ હેત, તુમકો અરપત હોં,*
*"દ્યાનત" કીનોં શિવખેત, ભૂમિ સમરપત હોં;*
*નંદીશ્વર શ્રી જિનધામ, બાવન પૂજ કરોં,*
*વસુદિન પ્રતિમા અભિરામ, આનંદભાવ ધરોં.*

ૐ હ્રીં નંદીશ્વરદ્વીપે દ્વિપંચાશત્ જિનાલયેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • અકૃત્રિમ ચૈત્યાલયનો અર્ઘ •

*વસુ કોટિ સુ છપ્પન લાખ ઉપર સહસ સત્યાણવે માનિયે,*
*સત ચાર પૈ ગિન લે ઈક્યાસી ભવન જિનવર જાનિયે;*
*તિહું લોક ભીતર સાસતે સુર અસુર નર પૂજા કરેં,*
*તિન ભવનકો હમ અર્ઘ લેકે પૂજિહે જગ દુખ હરે.*

ૐ હ્રીં તીનલોક સંબંધી આઠ કરોડ છપ્પન લાખ સત્તાનવે હજાર ચારસૌ ઈક્યાસી અકૃત્રિમ ચૈત્યાલયેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • સપ્તઋષિનો અર્ઘ •

*જલ ગંધ અક્ષત પુષ્પ ચરુવર દીપ ધૂપ સુ લાવના,*
*ફલ લલિત આઠોં દ્રવ્ય મિશ્રિત અર્ઘ કીજે પાવના;*
*મન્વાદિ ચારણઋદ્ધિધારક મુનિનકી પૂજા કરું,*
*તા કરેં પાતિક હરેં સારે સકલ આનંદ વિસ્તરું.*

ૐ હ્રીં શ્રી મનુ-સુરમનુ-શ્રી નિશ્ચય-સર્વસુંદર-જયવાન-વિનયલાલસ-જયમિત્ર આદિ સપ્તઋષિભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • શ્રી ઋષભદેવ ભગવાનનો અર્ઘ •

*જલફલાદિક દ્રવ્ય મિલાયકે, કનકથાલ સુ અર્ઘ બનાયકે,*
*નિજ સ્વભાવ અરી વિધિકો હરું, ઋષભદેવ ચરનપૂજા કરું.*

ૐ હ્રીં શ્રી આદિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • શ્રી અજિતનાથ ભગવાનનો અર્ઘ •

*શુભ નિરમલ નીરં, ગંધગહીરં, તંદુલ પહુપ સુ ચેરુ લ્યાવે,*
*પુનિ દીપં ધૂપં, ફલ સુ અનૂપં, અરઘ "રામ" કરિ ગુણ ગાવે;*
*શ્રી અજિત જિનેશ્વર, પુહમિનરેશ્વર, સુરનરખગવંદિત ચરનં,*
*મૈં પૂજું ધ્યાઉં, ગુણગણ ગાઉં, સીસ નવાઉં અઘહરનં.*

ૐ હ્રીં શ્રી અજિતનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● શ્રી સંભવનાથ ભગવાનનો અર્ઘ ●

*વસુ વિધિ અર્ઘ બનાય ગાય ગુન જિનવર ચરન ચઢાવૈ;*
*પુણ્યવંત વહ જીવ જગતમેં નાના વિધિ સુખ પાવૈ.*
*તારન તરન વિરદ સુનિ જગમેં લીનોં શરણોં આઈ,*
*સંભવજી જગતાર શિરોમણિ હૂજૌ શરન સહાઈ.*

ૐ હ્રીં શ્રી સંભવનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● શ્રી અભિનંદન ભગવાનનો અર્ઘ ●

*કરી અર્ઘ મહા જલ, ગંધ સુ લેકરી, તંદુલ પુષ્પ સુ ચરુ મેવા,*
*મણિ દીપ સુધૂપં, ફલ જુ અનૂપં "રામચંદ" ફલ શિવસેવા;*
*અભિનંદનસ્વામી, અંતરજામી, અરજ સુનો અતિ દુ:ખ પાઉં,*
*ભવ-વાસ-વસેરા, હર પ્રભુ મેરા, મૈં ચેરા તુમ ગુણ ગાઉં.*

ૐ હ્રીં શ્રી અભિનંદનનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● શ્રી સુમતિનાથ ભગવાનનો અર્ઘ ●

*જલ ચંદન તંદુલ પ્રસૂન ચરુ, દીપ ધૂપ ફલ સકલ મિલાય,*
*નાચિ નાચિ શિરનાય સમરચોં, જય જય જય જય જય જિનરાય.*
*હરિહરવંદિત પાપનિકંદિત, સુમતિનાથ ત્રિભુવન કે રાય;*
*તુમ પદપદ્મ સદ્મ શિવદાયક, જજત મુદિતમન ઉદિત સુભાય.*

ૐ હ્રીં શ્રી સુમતિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## ● શ્રી પદ્મપ્રભુ ભગવાનનો અર્ઘ ●

*ચિંતામણિ સમ શુદ્ધભાવ, આઠોં દ્રવ્ય લિયે,*
*પૂજત અરિગણ જુ નસાવ, નિજ ગુણ પ્રગટ કિયે;*
*શ્રી પદ્મપ્રભુ ભગવંત, ગુણાતમ શુદ્ધ સહી,*
*તુમ ધ્યાવત મુનિજન-સંત પાવત મોક્ષ-મહી.*

ૐ હ્રીં શ્રી પદ્મપ્રભ જિનેન્દ્રદેવાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનો અર્ઘ •

*કર્મચક્ર વિકરાલ જગતમેં બહુવિધિ જીવ ભ્રમાયા હૈં,*
*ભવભ્રમ હરણ કરન થિરતાપદ યાતૈં અર્ઘ ચઢાયા હૈં;*
*જગજાહર જિનરાજ સુપારસ પ્રભુકી પૂજ રચાતે હૈં,*
*સો નર સુરપતિ પદ લહિ જગમેં મનવાંછિત ફલ પાતે હૈં.*

ૐ હ્રીં શ્રી સુપાર્શ્વનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • શ્રી ચન્દ્રપ્રભુ ભગવાનનો અર્ઘ •

*વસુવિધિ અર્ઘ બનાય મનોહર શ્રી જિનમંદિર જાવો,*
*અષ્ટકર્મકે નાશ કરનકો શ્રી જિનચરન ચઢાવો;*
*ચંચલ ચિતકો રોકી ચતુર્ગતિ ચક્ર ભ્રમણ નિરવારો,*
*ચારુ ચરણ આચરણ ચતુર નર ચન્દ્રપ્રભુ ચિત ધારો.*

ૐ હ્રીં શ્રી ચન્દ્રપ્રભ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • શ્રી પુષ્પદંત ભગવાનનો અર્ઘ •

*જલ ફલ સકલ મિલાય મનોહર, મન વચ તન હુલસાય,*
*તુમ પદ પૂજોં પ્રીતિ લાયકૈ, જય જય ત્રિભુવનરાય;*
*મેરી અરજ સુનીજે, પુષ્પદન્ત જિનરાયજી.*

ૐ હ્રીં શ્રી પુષ્પદંત જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

## • શ્રી શીતલનાથ ભગવાનનો અર્ઘ •

*નીર ગંધ સુગંધ તંદુલ, પુષ્પ ચરુ અતિ દીપ હી,*
*કરી અર્ઘ ધૂપ સમેત ફલ લે, "રામચંદ્ર" અનૂપ હી;*
*ભવિ પૂજિ શીતલનાથ જિનવર, નશેં ભવકે તાપ હી,*
*આતંક જાય પલાય શિવતિય, હોય સન્મુખ આપ હી.*

ૐ હ્રીં શ્રી શીતલનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • શ્રી શ્રેયાંસનાથ ભગવાનનો અર્ઘ •

*જલ ફલ વસુ દ્રવ્ય મિલાય, અર્ઘ બનાવત હૈ,*
*પદ પૂજત શ્રી જિનરાય, દિવ શિવ પાવત હૈ;*
*જિનશ્રેયનાથ મહારાજ જગમેં શ્રેય કરો,*
*પ્રભુ દીજૈ નિજ નિધિ સાજ મમ ઉર આસ ભરો.*

ૐ હ્રીં શ્રી શ્રેયાંસનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • શ્રી વાસુપૂજ્ય ભગવાનનો અર્ઘ •

*કરો પૂજા ચિત દૈ અર્ઘ કર લૈકે સુજિનજી,*
*હરો બાધા મેરી અરજ યહ માનો સુપ્રભુજી;*
*સુરાસુર ગુણ ગાવૈં સુગુરુ મુનિ ધ્યાવૈં ચરનકો,*
*સુનોં વાસંપૂજૈ હરો દુઃખ સ્વામી મરનકો.*

ૐ હ્રીં શ્રી વાસુપૂજ્ય જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • શ્રી વિમલનાથ ભગવાનનો અર્ઘ •

*સલિલ ગંધ સુતંદુલ પુષ્પકં, ચરુ સુદીપ સુધૂપ ફલૌઘકં,*
*પરમ મુક્તિ સુથાન વિધાયકં, પરિજજે વિમલં ચરણાબ્જકં.*

ૐ હ્રીં શ્રી વિમલનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### • શ્રી અનંતનાથ ભગવાનનો અર્ઘ •

*શુચિ નીર ચંદન શાલિચંદન, સુમન ચરુ દીવાધરોં,*
*અરુ ધૂપજુત ફલ અર્ઘ કરિ, કરજોર જુગ વિનતી કરોં;*
*જગપૂજ પરમપુનીત મીત, અનંત સંત સુહાવનોં,*
*શિવકન્તવન્ત મહન્ત ધ્યાવોં, ભ્રંતતન્ત નશાવનોં.*

ૐ હ્રીં શ્રી અનંતનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી ધર્મનાથ ભગવાનનો અર્ઘ ●

આઠોં દરબ સાજ શુચિ ચિતહર, હરષિ હરષિ ગુન ગાઈ,
બાજત દમ દમ દમ મૃદંગ ગત, નાચત તા થેઈ થાઈ;
પરમ ધરમ-શમ-રમન ધરમ-જિન, અશરન શરન નિહારી,
પૂજૌં પાય ગાય ગુન સુંદર, નાચૌં દૈ દૈ તારી.
ૐ હ્રીં શ્રી ધર્મનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી શાંતિનાથ ભગવાનનો અર્ઘ ●

આઠ વિધિ સૌં અર્ઘ કરિયે આઠ કર્મ જુ છીનવે,
મૈં કરહુ ભવિજન ભગત પ્રભુકી "જસકરણ" એ વીનવૈ;
શ્રી શાંતિનાથ જિનેશ પૂજૌં ભાવસૌં મન લાયકૈં,
શાંત કરિયૌ કર્મ સબરે મોક્ષલક્ષ્મી પાયકૈં.
ૐ હ્રીં શ્રી શાંતિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી કુંથુનાથ ભગવાનનો અર્ઘ ●

વસુ દ્રવ્ય મિલાવો, અર્ઘ બનાવો, આગે લાવો જિનજીકે,
પ્રભુ પૂજ રચાવો; જિન ગુણ ગાવો, વાંછિત પાવો સબજીકે;
શ્રી કુંથુ કૃપાલા, હર અઘ જાલા, જ્ઞાન ત્રિકાલા મમ દીજૈ,
મૈં તુમપદ ધ્યાઉં, ગુણગણ ગાઉં, પૂજ રચાઉં જસ લીજૌં.
ૐ હ્રીં શ્રી કુંથુનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી અરનાથ ભગવાનનો અર્ઘ ●

જલાદિક દ્રવ્ય શુચિ લીજે, અરઘ ઉત્તમ બનાયા હૈં,
સભી વિધિ બંધ નાસનકો, પ્રભુ પદમેં ચઢાયા હૈં;
અર મહારાજ ભવતારી ચરણકો શીસ નાતા હૂં,
હમેં પ્રભુ ધામ શિવ દીજે, સુગુન નિસિ ગૌસ ગાતા હૂં.
ૐ હ્રીં શ્રી અરનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી મલ્લિનાથ ભગવાનનો અર્ઘ ●

*સલિલ સુચ્છ સુભ ગંધ મલયતૈં મધુ ઝંકારૈ,*
*તંદુલ શશિતૈં સ્વેત કુસુમ પરિમલ વિસ્તારૈ;*
*છુધા હરન નૈવેદ રતન દીપક તમ નાસૈ,*
*ધૂપ દહૈ વસુ કર્મ મોખમગ ફલ પરકાસૈ.*
*ઈમ અર્ઘ કરૈં શુભ દ્રવ્ય લે, રામચંદ કન થાલ ભરિ,*
*શ્રી મલ્લિનાથકે ચરણ જુગ, વસુ વિધ અરચૈં, ભાવ ધરિ.*

ૐ હ્રીં શ્રી મલ્લિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનનો અર્ઘ ●

*જલફલ આદિક દ્રવ્ય મિલાકર, અર્ઘ કરો સુખકારી,*
*વલિ વલિ જાય જિનેશ્વર પદકી, પૂજા કરિ હિતકારી;*
*શ્રી મુનિસુવ્રતકે પદપંકજ, સરન ગહી સુખકારી,*
*સરનાગત પ્રતિપાલ તુમ્હીં હો, કરુનાનિધિ જગતારી.*

ૐ હ્રીં શ્રી મુનિસુવ્રતનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી નમિનાથ ભગવાનનો અર્ઘ ●

*જલફલ આઠોં દરબ મિલાકર, ઉત્તમ અર્ઘ બનાયા હૈ,*
*કર્મ મહા અરિદલ ભંજનકો, જિનવર ચરન ચઢાયા હૈ;*
*શ્રી નમિનાથ ચરનકો નમિકે, જિન પદપંકજ ધ્યાન ધરોં,*
*અવ્યાબાધ અનંત ગુણાતમ, મુક્તિરમાનિધિ આપ વરોં.*

ૐ હ્રીં શ્રી નમિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી નેમિનાથ ભગવાનનો અર્ઘ ●

*સલિલ સુચ્છ મલયાગિરિ ચંદન, અછિત કુસુમ ચરુ ભરિ થારી,*
*મણિદીપ દસાંગ ધૂપ ફલ ઉત્તમ, અર્ઘ "રામ" કરિ સુખકારી;*
*શ્રી નેમિ જિનેશ્વરકે પદ વંદૂં, રજમતિ સી તતછિન છારી,*
*પસુવનિકી રવ સુનિકેં કરુણા ધરિ, જાય ચઢે પ્રભુ ગિરનારી.*

ૐ હ્રીં શ્રી નેમિનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી પાર્શ્વનાથ ભગવાનનો અર્ઘ ●

*શુચિ જલ ફલાદિક દ્રવ્ય લેકર, અર્ઘ ઉત્તમ કીજિયે,*
*ભવભ્રમણ ભંજન હેત પ્રભુકોં પૂજિ શિવસુખ લીજિયે;*
*સંસાર વિષમ વિદેશવત, કલિકાલ વન વિકરાલ હૈ,*
*તહાં ભ્રમત ભવિકો સુખદ, પારસ નામ ધામ કૃપાલ હૈ.*

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી મહાવીર ભગવાનનો અર્ઘ ●

*જલફલ વસુ દ્રવ્ય મિલાય, અર્ઘ બનાય મહા,*
*જિનવરપદ પૂજોં જાય, શિવસુખદાય કહા;*
*શ્રી વીર હરો ભવ પીર, શિવસુખદાયક હો,*
*મમ અરજ સુનોં ગુણધીર, તુમ જગનાયક હો.*

ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામી જિનેન્દ્રાય અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.

### ● શ્રી સમુચ્ચય અર્ઘ ●

*શ્રી અરહંત દેવ કો પૂજૂઁ, શ્રી સિદ્ધ પ્રભુ કો પૂજૂઁ;*
*આચાર્યો કે ચરણામ્બુજ, શ્રી ઉપાધ્યાય કે પદ પૂજૂઁ.*
*સર્વ સાધુ પદ પૂજૂઁ, શ્રી જિન દ્વાદશાંગ વાણી પૂજૂઁ;*
*તીસ ચૌબીસી બીસ વિદેહી, જિનવર સીમંધર પૂજૂઁ.*
*કૃત્રિમ અકૃત્રિમ તીન લોક કે જિનગૃહ જિન પ્રતિમા પૂજૂઁ;*
*પંચમેરુ નંદીશ્વર પૂજૂઁ, તેરહ દીપ ચૈત્ય પૂજૂઁ.*
*સોલહકારણ દશલક્ષણ રત્નત્રય ધર્મ સદા પૂજૂઁ,*
*ભૂત ભવિષ્યત્ વર્તમાન કી ત્રય જિન ચૌબીસી પૂજૂઁ.*
*શ્રી વૃષભાદિક વીર જિનેશ્વર, ઋષિ ગણધર સ્વામી પૂજૂઁ;*
*શ્રી જિનરાજ સહસ્ત્રનામ શ્રી મોક્ષ શાસ્ત્ર આદિ પૂજૂઁ.*

*શ્રી પંચ કલ્યાણક પૂજૂઁ, વિવિધ વિધાન મહા પૂજૂઁ;*
*ગૌતમ સ્વામી, કુન્દકુન્દ આચાર્ય સમયસાર પૂજૂઁ.*
*ચંપાપુર પાવાપુર ગિરનારી કૈલાશ શિખર પૂજૂઁ,*
*શ્રી સમ્મેદશિખર પર્વત જિનવર નિર્વાણ ક્ષેત્ર પૂજૂઁ.*
*તીર્થંકર કી જન્મ ભૂમિ અતિશય અરુ સિદ્ધ ક્ષેત્ર પૂજૂઁ,*
*શ્રી જિન ધર્મ શ્રેષ્ઠ મંગલમય મહા અર્ઘ દે મૈં પૂજૂઁ.*

ૐ હ્રીં શ્રી ભાવપૂજા, ભાવવંદના, ત્રિકાલપૂજા, ત્રિકાલવંદના કરવી-કરાવવી-ભાવના ભાવવી, શ્રી અરહંતજી, સિદ્ધજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સર્વસાધુજી-પંચપરમેષ્ઠીભ્યો નમઃ। પ્રથમાનુયોગ-કરણાનુયોગ-ચરણાનુયોગ-દ્રવ્યાનુયોગેભ્યો નમઃ। દર્શનવિશુદ્ધયાદિ ષોડશ કારણેભ્યો નમઃ। ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મેભ્યો નમઃ। સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચરિત્રેભ્યો નમઃ। જલ વિષે, થલ વિષે, આકાશ વિષે, ગુફા વિષે, પહાડ વિષે, નગર-નગરી વિષે, ઊર્ધ્વલોક-મધ્યલોક-પાતાળલોક વિષે બિરાજમાન કૃત્રિમ-અકૃત્રિમ જિન-ચૈત્યાલય જિન-બિંબેભ્યો નમઃ। વિદેહક્ષેત્ર વિદ્યમાન વીસ તીર્થંકરેભ્યો નમઃ। પાંચ ભરત, પાંચ ઐરાવત-દસ ક્ષેત્ર સંબંધી ત્રીસ ચોવીસીનાં સાતસો વીસ જિનેભ્યો નમઃ। નંદીશ્વર દ્વીપ સ્થિત બાવન જિન ચૈત્યાલયેભ્યો નમઃ। શ્રી સમ્મેદશિખર, કૈલાસગિરિ, ચંપાપુરી, પાવાપુરી, ગિરનાર, આદિ સિદ્ધક્ષેત્રેભ્યો નમઃ। શ્રી પાવાગઢ, તુંગીગિરિ, ગજપંથા, મુક્તાગિરિ, સિદ્ધવરકૂટ, ઉન બડવાની, પાવાગિરિ, કુન્ડલપુર, સોનાગિરિ, રાજગૃહી, મંદારગિરિ, દ્રોણગિરિ, અહારજી, શત્રુંજય, તારંગા, આદિ સમસ્ત સિદ્ધક્ષેત્રેભ્યો નમઃ। શ્રી જૈનબિદ્રી, મૂડબિદ્રી, મકસી, અયોધ્યા, કમ્પિલાપુરી, આદિ અતિશયક્ષેત્રેભ્યો નમઃ। સમસ્ત પંચકલ્યાણકતીર્થક્ષેત્રેભ્યો નમઃ। શ્રી ગૌતમસ્વામી, કુન્દકુન્દાચાર્ય એવં ચારણ-ઋદ્ધિધારી સાત પરમઋષિભ્યો નમઃ। ઈતિ ઉપર્યુક્તેભ્યઃ સર્વેભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે અર્ઘં નિર્વપામીતિ સ્વાહા...

**જે મનુષ્યો ઉત્તમ ગુરુ દ્વારા પ્રરૂપિત સમીચીત શાસ્ત્રો વાંચતા નથી,**
**તેમને બુદ્ધિમાન મનુષ્યો બન્ને આંખોવાળા હોવા છતાં આંધળા સમજે છે.**


# भगवानको नमस्कार

शरीर उंचा-नीचा होने से भगवान को नमस्कार नहीं अर्थात् यह आत्मा का नमस्कार नहीं है। शरीर से उंचा-नीचा होकर भगवान को नमस्कार करनेवाला बनने से, आत्मा का नमस्कार नहीं होता। शरीरकी उंचा-नीचा होनेकी क्रिया तो जड की है, जड क्रिया है, आत्मक्रिया नहीं हैं। श्रद्धान् का नमना, ज्ञानका नमना औंर चारित्र का नमना-सो ही आत्मा का नमस्कार है। वस्तु आत्मा की-तुम्हारी नहीं, उसके उंचे-नीचे होने से आत्मा का नमस्कार कैसे हो सक्ता है ? शरीर आत्मा की वस्तु नहीं । अतः उस का नमना-आत्मा का नमस्कार नहीं है।

"तेरा ही आधार प्रभु तेरा ही आधार है" एसा बोलने से कोई भगवान थोडा ही तेरा आधार बनता है? तू स्वयं अपना आधार है न ! दूसरों का आधार का चाहना क्यों करता हैं ?

भगवान के दर्शन करने की विधि भी दूसरी जाती की है। शरीर को उंचा-नीचा करना यह कोई दर्शन करने कीं विधि नहीं है। शरीर की उंची-नीची होने की क्रिया से, हड्डीयों की क्रिया से भगवान का सम्मान नहीं होता है। १५-२० मिनिट हो और शान्त वातावरण हो, तब भगवान के दर्शन हो सक्ते है। कहीं जाने का विकल्प हो, तब भी चित्त नहीं लग सक्ता हैं। भगवान के दर्शन में उदारता की जरुरत है।

*- अटल विश्व मर्यादा*
*पा. २६१, पा. ४४६*
*( दीपचंद्रजी शेठीया )*



જિનાલયોથી સુશોભિત અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી-સોનગઢ - ગુજરાત

# સુવર્ણપુરી - સોનગઢ

*સ્વાત્માનુભૂતિ પ્રધાન સુમંગલ સ્વર્ણપુરી, સંતો કી સાધનાભૂમિ અધ્યાત્મ તીર્થ બની;*
*તૂ પરમાત્મા હૈ યે ગાજે ગુરુવાણી, ગુરુ કહાન કા યહ વરદાન સુંદર સ્વર્ણપુરી.*

*યહ સ્વર્ણપુરી અતિ પાવન હૈ, મંગલ મંગલ મંગલકર હૈ;*
*યહ મુક્તિમાર્ગ પ્રકાશક હૈ, સ્વાનુભૂતિતીર્થ અતિ મંગલ હૈ.*
*સ્વર્ણિમ આભા હૈ સ્વર્ણપુરીકી, સ્વર્ણિમ હૈ ઈતિહાસ બના;*
*ગુરુવરકી અધ્યાતમ વાણીસે, નિર્મિત યહ તીરથધામ સહી.*
*જયવંત રહો જયવંત રહો, સ્વાનુભૂતિ તીર્થ જયવંત રહો;*
*તારણહારે ગુરુદેવકા યહ સ્વાનુભૂતિ તીર્થ જયવંત રહો.*

(સાભાર-શ્રી તીર્થ મંડળ વિધાન પૂજા)

---

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : સોનગઢ - ૨.૫ કિ.મી.
  બસ સ્ટેશન : સોનગઢ - ૧ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ભાવનગરથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: ભાવનગર - ૩૨ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો : પાલીતાણા - ૨૩ કિ.મી., ઘોઘા - ૫૦ કિ.મી.

---

અધ્યાત્મયુગપુરુષ, ભાવિ તીર્થાધિનાથ અધ્યાત્મમાર્ગદિવાકર, સ્વાનુભૂતિવિભૂષિત, પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી ૪૫-૪૫ વર્ષ સુધી જ્યાં વિચર્યા હતા, તે આપણી સુવર્ણપુરી-સોનગઢ ભારતના મહાન તીર્થોમાંનું એક મહાન તીર્થ છે. તે અધ્યાત્મ તીર્થક્ષેત્ર સુવર્ણપુરી-સોનગઢ વિષે માહિતી લખવાનું જરૂર મન થાય તે સ્વાભાવિક જ છે.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીની આ ભૂમિ વિષે ભારતવર્ષમાં તથા વિદેશોમાં વસતા હજારો મુમુક્ષુ ભાઈ-બ્હેનો જાણે જ છે. છતાંય આ પવિત્ર ધામમાં પથરાયેલા વિવિધ સ્થાપત્યો, ભવ્ય જિનાલયો, શ્રી સમવસરણજી, શ્રી માનસ્થંભજી, શ્રી પરમાગમ મંદિર તથા શ્રી નંદિશ્વર દ્વીપ વિષે થોડી માહિતી આપવાનો હું પ્રયત્ન કરૂં છું. છતાંય મારી કોઈ ક્ષતિ રહી જાય તો વાંચકગણની હું પ્રથમથી જ ક્ષમા યાચું છું.

ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભાવનગર જીલ્લામાં સોનગઢ (સુવર્ણપુરી) આવેલ છે. સુરેન્દ્રનગર-ભાવનગર તથા અમદાવાદ-ભાવનગર લાઈનમાં સોનગઢ રેલ્વે સ્ટેશન છે. તેમજ ભાવનગર-રાજકોટ તથા પાલીતાણા-અમદાવાદ હાઈ વે ઉપર સોનગઢ ગામ આવેલું છે. પરમ

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના સત્ પ્રભાવથી સોનગઢ અધ્યાત્મવિદ્યા અને આત્મસાધનાનું અનુપમ કેન્દ્ર બની ગયું છે.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ વિ.સં. ૧૯૯૧ના ફાગણ વદ-૨ના રોજ સોનગઢનું એકાન્ત અને ખૂબ જ શાંત વાતાવરણ યોગ્ય લાગતા સોનગઢમાં "સ્ટાર ઓફ ઈન્ડીયા"માં વસવાટ કર્યો હતો અને અહીં જ તેઓશ્રીએ વિ.સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ-૧૩ના રોજ એટલે કે મહાવીર જયંતિના દિવસે બપોરે એક વાગે સ્વ. શ્રી હરિભાઈ ભાયાણીની હાજરીમાં શ્રવણબેલગોલા પાસે આવેલ જિનનાથપુરીના શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૫ ફીટના પદ્માસન પ્રતિમાજીના ફોટા સમક્ષ સ્થાનકવાસી સંપ્રદાયનું ચિહ્ન "મુહપત્તી" નો ત્યાગ કરીને પરિવર્તન કર્યુંહતું. તે સમયે સોનગઢ તો નાનુ ગામડું હતું. ખાવા-પીવા કે રહેવાની કાંઈ જ સગવડતા ન હતી. હાલ જ્યાં મંદિરો અને મુમુક્ષુઓના બંગલાઓ અને મકાનો છે ત્યાં તો બધે જ ખેતરો હતા. તેથી બહારગામથી આવતા મહેમાનોને મુશ્કેલી ન પડે તે હેતુથી વળાના ઉતારામાં ચાર રૂમો રાખીને સ્વ. શ્રી હરિભાઈ ભાયાણીએ મહેમાનોને રહેવા-જમવાની વ્યવસ્થા શરૂ કરી હતી, જે આજે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તરીકે ઓળખાય છે.

## (૧) શ્રી જૈન સ્વાધ્યાય મંદિર :-

ધીમે-ધીમે મુમુક્ષુ ભાઈ-બ્હેનોનો મોટો પ્રવાહ સોનગઢમાં આવવા લાગવાથી પ્રવચનની જગ્યા ખૂબ જ ટૂંકી પડવા લાગી. પર્યુષણમાં કે તહેવારોમાં પ્રવચન માટે બીજા સ્થળે જવુ પડતું હતું. તેથી ભક્તોએ વિ.સં. ૧૯૯૪માં એક નવું મકાન બંધાવ્યું અને તેને "શ્રી જૈન સ્વાધ્યાય મંદિર" નામ આપવામાં આવ્યુ. આ મકાન તૈયાર થયા પછી પૂજ્ય ગુરુદેવશ્રી તથા અન્ય ત્રણ સાધુઓ આ મકાનમાં રહેવા લાગ્યા. વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ-૮ના રોજ આ સ્વાધ્યાય મંદિરના મુખ્ય હોલમાં ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી શાસ્ત્રની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ હોલ ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો તથા સૂત્રોની રત્નકણિકાઓથી સુશોભિત કરવામાં આવ્યો છે. આથી આ હોલની ભવ્યતા વધે છે.

આ સ્વાધ્યાય મંદિરમાં આશરે ચાલીસ જેટલા સૂત્રો પાકા લાલ રંગથી લખેલા છે. જેવા કે -૧. ધર્મનું મૂળ દર્શન છે. ૨. દ્રવ્યદ્રષ્ટિ તે જ સમ્યગ્દ્રષ્ટિ છે. ૩. દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ. ૪. પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. ૫. ભૂત-વર્તમાન અને ભાવી જગતશીરોમણી તીર્થંકરોને નમસ્કાર હો. ૬. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. ૭. હવે પછીની અનંત કાળાવળી આત્મતત્વના ભોગવટામાં જ વહો. ૮. જૈનમ્ જયતુ શાસનમ્. ૯. શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી. ૧૦. ભવાવર્તમાં પૂર્વે કદી નહીં ભાવેલી ભાવના હવે ભાવો. ૧૧. સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર. ૧૨. ભારત વર્ષના આંગણે જેમણે શ્રુતામૃતના ધોરીયા વહેવડાવ્યા છે અને વીતરાગ ધર્મનો ઉદ્યોત કર્યો છે એવા પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવને અત્યંત-અત્યંત ભક્તિથી નમસ્કાર. ગુરુદેવથી

શોભતી-પાવન થયેલી ધન્ય આ સુવર્ણપુરી-ધન્ય આ સ્વાધ્યાય મંદિર. ગુરુદેવ પરમ પુરુષ હતા. તેમની વાણી ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત ! એમના પવિત્ર પુણ્યની પણ શોભા કોઈ ન્યારી ! આપણા મહાભાગ્ય કે ગુરુદેવ ભરત ક્ષેત્રમાં અહીં જન્મ્યા. વિગેરે ઘણા સૂત્રો સ્વાધ્યાય મંદિરની દિવાલો ઉપર લખેલા છે.

સ્વાધ્યાય મંદિરમાં સુવર્ણ અંકિત નંદાવર્તી સ્વસ્તિક તથા ૐ કાર બહુ જ સુંદર છે. આ હોલમાં નીચે મુજબના ઐતિહાસિક ચિત્રપટો ચીતર્યા છે.

ચિત્રપટ નં. ૧ : મહાબલ રાજાને તેના મંત્રી ધર્મોપદેશ આપે છે પણ તેની અસર વિષે તેને ખાત્રી નથી. તેવામાં વિદેહથી બે ચારણ મુનિઓ આવે છે. તેમને મંત્રી પુછે છે કે મારો રાજા ભવ્ય છે કે અભવ્ય ? તો મુનિરાજ કહે છે કે તારો રાજા દસમા ભવે શ્રી ઋષભદેવ તીર્થંકર થશે. હવે તેને એક જ મહિનાનું આયુષ્ય બાકી છે તેમ કહ્યું. આ દૃશ્યનું આ ચિત્રપટ છે.

ચિત્રપટ નં. ૨ : શ્રેણીક રાજા અન્ય ધર્મી હોવાથી ચેલણા રાણીને દુઃખ થાય છે અને કહે છે કે હે રાજન્! જૈન ધર્મ વગર આ રાજ્યને ધીક્કાર છે. રાજા તેને જૈન ધર્મને અનુસરવાની છૂટ આપે છે. રાણી જૈન ધર્મનો ખૂબ જ પ્રચાર કરે છે. સરવાળે રાજા પણ જૈન ધર્મી થાય છે અને શ્રી મહાવીર ભગવાન પાસે તીર્થંકર ગોત્ર બાંધે છે. આ દૃશ્યનું આ ચિત્રપટ છે.

ચિત્રપટ નં. ૩ : હનુમાનજી અને અન્ય રાજા-રાણીઓ મેરૂ પર્વત ઉપર ભક્તિ કરે છે. રાત્રે પાછા ફરતા સૌ એક પર્વતમાં જિનવાર્તા કરતા બેઠા છે, ત્યારે હનુમાનજી એક તારો ખરતો જોઈને સંસારની અનિત્યતા વિચારીને મુનિ થાય છે અને સાથે અન્ય રાજાઓ પણ મુનિ થાય છે અને રાણીઓ અર્જીકા થાય છે. આ દૃશ્યનું આ ચિત્રપટ છે.

ચિત્રપટ નં. ૪ : લક્ષ્મણજીનો દેહત્યાગ થતા રામચંદ્રજી તેના દેહને છ માસ સાથે ફેરવે છે. લવ-કુશ શોકાગ્ર થઈને નમસ્કાર કરી દીક્ષા લે છે અને દીક્ષિત થઈ ધ્યાન કરીને કેવળજ્ઞાન પામે છે. આ દૃશ્યનું આ ચિત્રપટ છે.

ચિત્રપટ નં. ૫ : તીર્થંકર ભગવાન શ્રી મલ્લિનાથકુમાર પોતાના લગ્ન પ્રસંગે મહેલમાંથી નીકળતા પિતાએ શણગારેલ અલૌકિક નગરી જોતા કહે છે કે અહો ! પૂર્વે મેં અહમિંદ્રના ભવમાં આવુ ઘણું ભોગવ્યું છે. આમ સ્મરણ થતા વૈરાગ્ય પામી તેઓ દીક્ષા માટે વનમાં જાય છે અને દીક્ષિત થાય છે અને ફક્ત છ દિવસમાં જ કેવળજ્ઞાનલક્ષ્મીને વરે છે તે દૃશ્ય બહુ જ સુંદર છે.

ચિત્રપટ નં. ૬ : શ્રી કૃષ્ણના રાણી રૂકમણીના બાળપુત્ર પ્રદ્યુમ્નકુમારનું હરણ થતા નારદજી શ્રી

સીમંધર ભગવાન પાસે જઈને બાળકના સમાચાર મેળવી વિદ્યાધરની શ્રેણીમાં બાળકને જોઈને ભગવાને કહેલા બધા સમાચાર આપે છે. સોળ વર્ષે પુત્ર માતાને મળે છે તે દશ્ય છે.

ચિત્રપટ નં. ૭ : ત્રૈલોક્યમંડન હાથી પર બેસી રામચંદ્રજી આદિ ચારેય ભાઈઓ દેશભૂષણ અને કુલભૂષણ નામના કેવળીઓ પાસે ધર્મોપદેશ સાંભળવા જાય છે. ભરતજી દીક્ષિત થાય છે. હાથી સમ્યગ્દર્શન સહિત માસોપવાસ કરે છે. પારણે ગામમાં જતાં શ્રાવકો અતિભાવપૂર્વક આહાર-જળ દે છે તે દશ્ય છે.

સ્વાધ્યાય મંદિરના મુખ્ય હોલમાં તથા તેમાં આગળના ભાગની એક રૂમમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ મુકી છે. આ રૂમમાં ખૂબ જ મોટો ફોટો પણ મુકેલ છે તથા પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેન દ્વારા તૈયાર થયેલ "શ્રી કહાન ગુરુ જીવન દર્શન" ના મઢેલા બાર સુંદર ચિત્રપટો પણ છે, જેમાં પૂજ્ય ગુરુદેવશ્રીના જન્મથી છેક સુધીના સંપૂર્ણ ઈતિહાસની ઝાંખી આવી જાય છે. આ રૂમની સામેની બીજી રૂમમાં જે પાટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી સુતા હતા તે પાટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ખૂબ જ મોટું અને ભવ્ય ચિત્રપટ મુકેલ છે તથા આ રૂમમાં પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન દર્શનની છબીઓ ગોઠવવામાં આવેલ છે.

## (૨) શ્રી સીમંધર સ્વામી જિનમંદિર :-

શ્રી જૈન સ્વાધ્યાય મંદિરની પાસે જ શ્રી સીમંધર સ્વામી જિનમંદિર બાંધવામાં આવેલ છે. આ મંદિરમાં ૩॥ ફીટના પદ્માસન શ્રી સીમંધર ભગવાન મૂળનાયક તરીકે બિરાજમાન છે. તેમની બન્ને બાજુ બે ૨॥-૨॥ ફીટના પદ્માસન શ્રી પદ્મપ્રભ ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિમાજી તથા એક સ્ફટીકમણિના પ્રતિમાજી પણ છે. આ જિનમંદિરમાં પણ પાષાણમાં ઘણા મોટા અને ઊંડા ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો કોતરવામાં આવ્યા છે. પ્રથમ ચિત્રપટમાં આઠ આચાર્યો જેવા કે શ્રી કુન્દકુન્દાચાર્યદેવ, શ્રી ઉમાસ્વામી, શ્રી સમંતભદ્ર આચાર્ય, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, શ્રી પદ્મનંદી આચાર્ય, શ્રી નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી, શ્રી ધરસેનાચાર્ય, શ્રી પદ્મપ્રભમલધારીદેવ, વિગેરેને પૂજ્ય ગુરુદેવશ્રી ભક્તિભાવે વંદન કરે છે તે દર્શાવવામાં આવ્યું છે. બીજા ચિત્રપટમાં વિદેહક્ષેત્રમાં દેવો અને મનુષ્યો શ્રી સીમંધર ભગવાનનો તપકલ્યાણક મહોત્સવ ઉજવે છે તે સમયનું વર્ણન દર્શાવવામાં આવેલું છે. ત્રીજા ચિત્રપટમાં રામ-લક્ષ્મણ-સીતા વંશગિરિ પર્વત ઉપર અડોલ ધ્યાનમાં ઉભેલા દેશભૂષણ અને કુલભૂષણ મુનિઓની નૃત્યાદિપૂર્વક ભક્તિ કરે છે તે દર્શાવવામાં આવેલું છે. ચોથા ચિત્રપટમાં ભારતમાં સદ્ધર્મની પ્રભાવના કરનાર સદ્ગુરુદેવશ્રી કાનજી સ્વામીના સંસારનાશક આધ્યાત્મિક ઉપદેશના પ્રભાવથી મુમુક્ષુઓ દ્વારા સૌરાષ્ટ્ર-ગુજરાત અને મુંબઈમાં પૂજ્ય શ્રી કાનજી સ્વામીના કરકમળ દ્વારા પ્રતિષ્ઠિત જિનબિંબો સહિત બનેલા દિગંબર જૈન મંદિરો તથા સોનગઢના માનસ્થંભજી, સમવસરણજી, વિગેરેનું સુંદર દશ્ય છે. આ રીતે આ મંદિરમાં વિવિધ પ્રકારના બાર ચિત્રપટો બનાવવામાં આવેલા છે. છતમાં

પણ રંગબેરંગી દશ્યો ચીતર્યા છે. આથી જિનમંદિરની શોભા વધે છે. ઉપર પહેલા માળે શ્રી નેમિનાથ ભગવાનના શ્યામ આરસના ૨॥ ફીટના પદ્માસન પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. આ મંદિરની શિખર સુધીની ઊંચાઈ ૬૭ ફીટની છે.

## (૩) શ્રી સમવસરણજી મંદિર-ધર્મસભા :-

વિ.સં. ૧૯૯૮ના વૈશાખ વદ-૬ તા. ૬-૫-૧૯૪૨ના રોજ શ્રી સીમંધર સ્વામી જિનમંદિરની બાજુમાં જ શ્રી સમવસરણજી મંદિર-ધર્મસભાની પ્રતિષ્ઠા થઈ હતી. તીર્થંકર ભગવાન જ્યાં બિરાજતા હોય ત્યાં ઈન્દ્રો આવી ધર્મસભા-શ્રી સમવસરણજીની રચના કરે છે. તેનો નમૂનો અહીં બનાવેલ છે. આ સમવસરણ પરમ પૂજ્ય ભગવતી માતા ચંપાબેનના જાતિસ્મરણજ્ઞાનના આધારે કરવામાં આવેલ છે. તેમાં વચ્ચે ત્રણ પીઠિકા ઉપર પૂજ્યશ્રી સીમંધર ભગવાનની ચૌમુખી ભાવવાહી ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે તથા આઠ ભૂમિ અને બાર સભા વિગેરેની સુંદર રચના કરેલ છે. ચાર દિશામાં ચાર આરસના માનસ્થંભજી મુકેલા છે અને વચ્ચે શ્રી કુન્દકુન્દાચાર્યદેવની આરસની શ્રી સીમંધર ભગવાનને વંદન કરતી પ્રતિકૃતિ મુકેલ છે. તેઓ બે હજાર વર્ષ પહેલા શ્રી સીમંધર પ્રભુના સમવસરણમાં ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી અહીં આવીને શ્રી સમયસારજી, શ્રી નિયમસારજી, શ્રી પ્રવચનસારજી, શ્રી પંચાસ્તિકાય તથા શ્રી અષ્ટપાહુડ આદિ શાસ્ત્રોની રચના કરી હતી. શ્રી સમવસરણજીના પૂર્ણ વર્ણનની સ્તુતિ પં. શ્રી હિંમતભાઈ જે. શાહે બનાવી છે તે આરસના પાટીયામાં કોતરીને આ મંદિરમાં દિવાલ પર લગાવેલ છે. ચાર દિશામાં દિવાલ ઉપર સુવર્ણયુક્ત આઠ તકતી ૐ ની તેમજ ચાર દિશામાં ચાર તથા અન્ય બે-તેમ કુલ છ રંગબેરંગી ચિત્રપટો આરસમાં લગાવેલા છે, જેમાં શ્રામણ્યાર્થી વૈરાગ્યમૂર્તિ કુન્દકુન્દકુમારના ભવ્ય દીક્ષા પ્રસંગનું ચિત્ર, શ્રી સીમંધર ભગવાનના ચાર કલ્યાણક દર્શાવતુ ચિત્ર, સુવર્ણપુરીના આ સમવસરણજીમાં દર્શન કરતા શ્રી સીમંધરભક્ત સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીનું ચિત્ર, વિગેરેનો સમાવેશ થાય છે. ખરેખર આ ધર્મસભા દર્શનીય અને ખૂબ જ ભવ્ય છે.

## (૪) શ્રી કુન્દકુન્દ પ્રવચન મંડપ :-

દિન પ્રતિદિન મુમુક્ષુઓનો પ્રવાહ સોનગઢ તરફ ખૂબ જ વધતો ગયો. તેથી સ્વાધ્યાય મંદિર હોલ પણ પ્રવચન માટે નાનો પડવા લાગ્યો. આ અરસામાં ઈન્દોરના સર શ્રી હુકમચંદજી શેઠ પૂજ્ય ગુરુદેવશ્રીની ખ્યાતિ સાંભળીને સોનગઢ આવ્યા હતા. વિ.સં. ૨૦૦૨ના માગશર સુદ-૧૦ તા. ૧૪-૧૨-૧૯૪૫ના દિવસે સર શ્રી હુકમચંદજી શેઠના વરદ્ હસ્તે "શ્રી કુન્દકુન્દ પ્રવચન મંડપ" હોલનો શિલાન્યાસ થયો. વિ.સં. ૨૦૦૩ના ફાગણ વદ-૧ના રોજ આ પ્રવચન મંડપ હોલનું ઉદ્‌ઘાટન પણ સર શ્રી હુકમચંદજી શેઠના વરદ્ હસ્તે થયું હતુ. આ હોલ પણ અનેક ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો અને સૈદ્ધાંતિક સૂત્રોથી સુશોભિત છે. પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં આ હોલમાં તેમના પ્રવચનો તથા ધાર્મિક શિક્ષણ વર્ગો વિગેરેનું આયોજન થતું અને હજારો શ્રોતાઓ તેનો લાભ લેતા હતા. આ હોલ ઘણો જ ભવ્ય અને જોવાલાયક છે. હાલ આ હોલમાં પરમ પૂજ્ય

ગુરુદેવશ્રીના જીવન દરમ્યાન ઉજવાયેલ અનેક પ્રસંગોના ફોટાઓનું મ્યુઝિયમ બનાવવામાં આવેલ છે. આ ફોટાઓનું મ્યુઝિયમ જોવાથી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન દરમ્યાન બનેલા અનેક પ્રસંગોનું સ્મરણ તાજું થાય છે. આ હોલ બે થી અઢી હજાર શ્રોતાઓ બેસી શકે તેટલો મોટો છે. આ હોલમાં વચ્ચે કોઈ પણ થાંભલા મુકેલ નથી. તેથી આ હોલ ઘણો જ ભવ્ય લાગે છે.

(૫) શ્રી માનસ્થંભ :-

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના ૬૩ મા વર્ષે ભક્તોએ ૬૩ ફીટ ઉંચો આખો આરસનો ભવ્ય માનસ્થંભ શ્રી સીમંધર સ્વામી જિનમંદિરના આગળના ભાગમાં કરાવ્યો છે. આ માનસ્થંભજીને ધર્મસ્થંભ પણ કહે છે. આ માનસ્થંભ નીચે પાયાથી છેક ઉપર સુધી સફેદ આરસનો બનેલો છે, જેમાં નીચે ત્રણ પીઠિકામાં ચારેય બાજુ થઈને કુલ બાર ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો કોતરેલા છે. આ ચિત્રપટોમાં પંચ પરમેષ્ઠી ભગવાન, વનમાં શ્રી કુન્દકુન્દાચાર્યદેવ તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે તે દશ્ય, ગિરનાર પર્વત ઉપર શ્રી નેમિનાથ ભગવાનનું દશ્ય, વિગેરેનો સમાવેશ થાય છે. આ માનસ્થંભજીમાં નીચે ચાર દિશામાં ચાર અને ઉપર ચાર દિશામાં ચાર -તેમ કુલ આઠ પદ્માસને શ્રી સીમંધર ભગવાનના જિનબિંબો બિરાજમાન કરવામાં આવ્યા છે. આ માનસ્થંભજી જોતા જ અભિમાની જીવનું માન જરૂર ગળી જાય. આ માનસ્થંભજીની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૦૯ના ચૈત્ર સુદ-૧૦ તા. ૨૪-૩-૧૯૫૩ના રોજ કરવામાં આવી હતી.

(૬) શ્રી મહાવીર કુન્દકુન્દ જૈન પરમાગમ મંદિર :-

શ્રી મહાવીર પ્રભુના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવના વર્ષમાં એટલે કે વિ.સં. ૨૦૩૦ ફાગણ સુદ-૧૩ તા. ૭-૩-૧૯૭૪ના દિને અતિભાવવાહી અને ભવ્ય એવા "શ્રી મહાવીર કુન્દકુન્દ જૈન પરમાગમ મંદિર" ની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મંદિરમાં નીચે તથા ઉપર દિવાલો ઉપર આરસના પાટીયામાં શ્રી કુન્દકુન્દાચાર્યદેવ રચિત પાંચ આગમો જેવાં કે શ્રી સમયસારજી, શ્રી નિયમસારજી, શ્રી પ્રવચનસારજી, શ્રી પંચાસ્તિકાય સંગ્રહ તથા શ્રી અષ્ટપાહુડ કોતરાવીને લગાવેલા છે. તેમજ આખા હોલમાં આરસમાં તીર્થંકરોના વૈરાગ્ય તેમજ દીક્ષાના પુરુષાર્થપ્રેરક ભવ્ય પ્રસંગો તથા તીર્થક્ષેત્રોના અતિ મનોહર ચિત્રો કોતરીને લગાવેલા છે. જેથી મંદિર ખૂબ જ સુશોભિત લાગે છે. આ હોલમાં એક દિવાલ ઉપર વચ્ચે આશરે ૮ ફીટ x ૮ ફીટનું શ્રી કુન્દકુન્દાચાર્યદેવ વનમાં તાડપત્રી ઉપર શાસ્ત્ર લખે છે તે દશ્યનું રંગબેરંગી ચિત્રપટ આરસમાં કોતરીને લગાવેલું છે. તેમજ આ ચિત્રપટની જમણી તરફ એટલી જ સાઈઝનું ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનું અને ડાબી તરફ એટલી જ સાઈઝનું મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવનું ચિત્રપટ છે. આ મંદિરમાં ઉપરના માળે વચ્ચે ગુલાબી આરસની કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુના ૫'-૧" સાઈઝના ભવ્ય, ભાવવાહી અને સુંદર પ્રતિમાજી છે. તેની પાછળ દિવાલ ઉપર સુવર્ણયુક્ત અશોકવૃક્ષ છે અને બન્ને બાજુ ઈન્દ્રો ચામર ઢાળે છે તે ચિત્રપટ છે. બન્ને બાજુ સુવર્ણ અંકિત ૐ છે.

શ્રી પરમાગમ મંદિરમાં કથાનુયોગના આધારે તીર્થંકર ભગવંતોના પૂર્વ ભવોનો ઈતિહાસ દર્શાવતા આરસમાં કોતરેલા કુલ ૪૫ રંગબેરંગી ભવ્ય ચિત્રપટો લગાવેલ છે, જેમાં શ્રી મહાવીર ભગવાનના પૂર્વના ચોથા ભવનું ચિત્ર, પૂર્વના આઠમા ભવનું ચિત્ર, પૂર્વના દસમા ભવનું ચિત્ર, વિગેરે ઉપરાંત રાજગૃહી ક્ષેત્રના વિપુલાચલ પર્વત ઉપર શ્રી મહાવીર સ્વામીની દિવ્યધ્વનિ છૂટી તે દર્શાવતુ ચિત્ર, પરમ તીર્થક્ષેત્ર શ્રી સમ્મેદશિખરજીનું ચિત્ર, મહાવિદેહક્ષેત્રમાં સમવસરણમાં શ્રી સીમંધર સ્વામીના પ્રત્યક્ષ દર્શન કરતા શ્રી કુન્દકુન્દાચાર્યદેવ તથા વિદેહના ધર્મપ્રેમી ગુણવાન રાજકુમારનું ચિત્ર, શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણધામ જળમંદિર-પાવાપુરીનું ચિત્ર, શ્રી અજીતનાથ તીર્થંકરને વૈરાગ્યનું દશ્ય, શ્રી પાર્શ્વનાથ ભગવાનના પૂર્વ ભવનું ચિત્ર, શ્રી ચન્દ્ર પ્રભુના વૈરાગ્યનું દશ્ય, શ્રી પદ્મપ્રભુ તીર્થંકરના વૈરાગ્યનું દશ્ય, શ્રી ગિરનાર ક્ષેત્રનું ચિત્ર, શ્રી કૈલાસ (અષ્ટાપદ) પર્વતનું ચિત્ર, સિદ્ધવરકુટ સિદ્ધક્ષેત્રનું ચિત્ર, વિગેરે ચિત્રોનો સમાવેશ થાય છે. આ ચિત્રપટોની નીચેનું લખાણ વાંચવાથી કથાનુયોગનો અભ્યાસ થાય છે અને ઘણું જાણવાનું મળે છે.

શ્રી પરમાગમ મંદિરમાં ઉપરના માળે પણ કેટલાક સુંદર ચિત્રો બનાવવામાં આવેલા છે. જેમાં શ્રી ચંપાપુરી-શ્રી મંદારગિરિનું ચિત્ર, શ્રી ગજપંથા તીર્થક્ષેત્રનું ચિત્ર, શ્રી પાવાગઢ તીર્થક્ષેત્રનું ચિત્ર, શ્રી શત્રુંજય તીર્થક્ષેત્રનું ચિત્ર, શ્રી ઋષભદેવ ભગવાનની દીક્ષા અને વનવિહારનું દશ્ય, શ્રી ઋષભદેવના પૂર્વના પાંચમા ભવનું ચિત્ર, તીર્થંકર ભગવાનના સમવસરણનું ચિત્ર, તીર્થંકર ભગવાનનો ગર્ભકલ્યાણકનો પ્રસંગ દર્શાવતું ચિત્ર, તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણક સમયે બાળ તીર્થંકરને લઈ જઈને મેરૂ પર્વત ઉપર ધામધૂમપૂર્વક કરાતા જન્માભિષેકનું દશ્ય, તીર્થંકર ભગવાનના વૈરાગ્ય અને તપકલ્યાણક સમયે ઈન્દ્રો અને દેવો દ્વારા પાલખીમાં તેમને વનમાં લઈ જતાં હોય છે-તે દર્શાવતું ચિત્ર, શ્રી શ્રેયાંસનાથ-શ્રી ધર્મનાથ-શ્રી નેમિનાથ-વિગેરે તીર્થંકરોના વૈરાગ્યના પ્રસંગોના ચિત્રો, વિગેરે ચિત્રોનો સમાવેશ થાય છે.

## (૭) શ્રી પંચમેરૂ નંદીશ્વર જિનાલય, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી વચનામૃતભવન, પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેન વચનામૃતભવન :-

પરમાગમ મંદિરની બાજુમાં જ પૂજ્ય શ્રી કાનજી સ્વામી સ્મારક યોજના અંતર્ગત્ "શ્રી પંચમેરૂ નંદીશ્વર જિનાલય, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી વચનામૃત ભવન, પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેન વચનામૃત ભવન"-એમ ત્રણ નામવાળા દિગંબર જિનમંદિરનું નિર્માણ થયેલું છે. મંદિરના છ પ્રવેશદ્વાર ઉપર ખૂબ જ આકર્ષક નક્શીકામ કરેલું છે. આ જિનમંદિરમાં નીચે ગોળાકારે પંચમેરૂ તથા નંદીશ્વર દ્વીપ બાવન જિનાલયની આરસની મનમોહક રચના કરેલી છે. પાંચેય મેરૂ ખૂબ જ સફેદ આરસના બનાવેલા છે, જેમાં દરેકમાં નાની-નાની દેરીઓ બનાવીને તેમાં ૧૬-૧૬ (કુલ ૮૦) પ્રતિમાજી બિરાજમાન કર્યા છે. તેવી જ રીતે ચારેય દિશામાં જુદા-જુદા પર્વત ઉપર સુવર્ણયુક્ત શિખરબંધી દેરીઓ બનાવી છે, જે દરેકમાં ૧૩-૧૩ પ્રતિમાજી છે. આ રીતે ચાર દિશામાં થઈને કુલ ૫૨ સફેદ આરસના પ્રતિમાજી છે.

આ મંદિરમાં નીચે એક દિવાલ ઉપર બન્ને બાજુ સુવર્ણના નંદાવર્તી સ્વસ્તિક તથા અષ્ટ મંગળ દ્રવ્ય આરસના પાટીયામાં કોતરીને લગાવ્યા છે. વચ્ચે પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનું આશરે ૮x૮ ફીટનું આરસમાં કોતરેલ ચિત્રપટ મુકેલ છે. નીચે દિવાલોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના આધ્યાત્મિક વચનામૃતો આરસના પાટીયામાં કોતરાવીને લગાવ્યા છે. તેમજ ઉપરના માળે પ્રશમમૂર્તિ પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેનના વચનામૃત આરસના પાટીયામાં કોતરીને લગાવ્યા છે. આ જિનમંદિરમાં ઉપરના માળે ત્રણ ભવ્ય જિનબિંબો પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. તેમાં વચ્ચે કમળની વેદી ઉપર ૫'-૧" સાઈઝના શ્રી આદિનાથ ભગવાનના ભવ્ય પ્રતિમાજી છે. તેમની એક તરફ ધાતકી ખંડના ભાવી તીર્થંકરના પ્રતિમાજી અને બીજી તરફ આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકરના પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. આ મંદિરમાં પણ દિવાલો ઉપર શ્રી પરમાગમ મંદિરની જેમ શ્રી કહાન ગુરુ જીવન દર્શનના ૧૨ તથા તીર્થંકર ભગવંતોના પૂર્વ ભવોનું વર્ણન દર્શાવતા ૩૦-તેમ કુલ ૪૨ ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો આરસમાં કોતરીને લગાવેલા છે. અહીં ત્રિકાલવર્તી પંચપરમેષ્ઠી ભગવંતોને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરતા અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનું ચિત્ર, ગિરનાર પર્વત ઉપર ચન્દ્ર ગુફામાં રહેલ અંગ-પૂર્વના એકદેશ જ્ઞાતા, અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી ભગવાન શ્રી ધરસેનાચાર્યદેવ શ્રી પુષ્પદંત તથા શ્રી ભૂતબલિ નામના બે મુનિવરોને મહાકર્મપ્રકૃતિપ્રાભૃતનું જ્ઞાન આપે છે, જેમાંથી તે મુનિવરો દ્વારા ષટ્ખંડાગમની રચના થઈ તે દશ્ય, બાહુબલી મુનિરાજ અડગપણે ધ્યાનસ્થ ઉભા હતા ત્યારે ભરતચક્રવર્તીએ તેમનું પૂજન કર્યું તે દશ્ય, શ્રી શાંતિનાથ ભગવાનના પૂર્વના ત્રીજા ભવનું દશ્ય, શ્રી મલ્લિનાથ ભગવાનના પૂર્વના ત્રીજા ભવનું દશ્ય, સુવર્ણપુરીમાં પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન આપે છે અને મુમુક્ષુ ભાઈ-બ્હેનો અતિઉત્સાહથી પ્રવચન સાંભળે છે તે દર્શાવતુ ચિત્ર, તેમજ શ્રી કહાન ગુરુ જીવન દર્શનના ચિત્રપટો, વિગેરે ચિત્રો છે. ખરેખર આ મંદિરની રચના ભવ્ય અને અવશ્ય દર્શનીય છે.

આ જિનમંદિરની બાજુમાં જ "શ્રી કુન્દકુન્દ કહાન સરસ્વતિ ભવન" વિ.સં. ૨૦૨૩માં સ્થાપિત કરવામાં આવેલું છે. આ સરસ્વતિ ભવનમાં સંસ્થા દ્વારા પ્રકાશિત થતા શાસ્ત્રો તેમજ તે શાસ્ત્રો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલા પ્રવચનોના પુસ્તક વિગેરેનો વેચાણવિભાગ છે. પુસ્તકો દાતારોના દાનના સહકારથી બહુ જ ઓછી કિંમતે આપવામાં આવે છે. ટ્રસ્ટનું દાન પણ અહીં જ સ્વીકારવામાં આવે છે. આ સરસ્વતિ ભવનની બાજૂમાં જ સંસ્થાનો પોતાનો કેસેટ વિભાગ આવેલો છે, જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રીના આશરે ૮,૫૦૦ જેટલા પ્રવચનોની કેસેટો ઉપલબ્ધ છે. જેમને જે કેસેટ જોઈએ તે અહીંથી ખરીદી શકે છે. આ સરસ્વતિ ભવનનું ઉદ્ઘાટન સમાજરત્ન શેઠ શ્રી શાંતિપ્રસાદજી સાહુના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

### (૮) પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સમાધિ મંદિર :-

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સ્મારક યોજના અંતર્ગત્ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિ સ્થળે

વિ. સં. ૨૦૩૭ ઈ.સ. ૧૯૮૦માં "પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સમાધિ મંદિર" બનાવવામાં આવેલ છે. તેમાં સમાધિના સ્થળ ઉપર આરસનું સ્વસ્તિક અંકિત કમળ કરવામાં આવ્યું છે. આખું સમાધિ મંદિર આરસનું બનાવવામાં આવેલ છે. પગથિયાં ગ્રેનાઈટના છે. પૂજ્ય ગુરુદેવશ્રીનું લગભગ ૬x૩ા સાઈઝનું ભવ્ય ચિત્રપટ પણ મુકેલ છે. ચાર દિવાલમાં આરસમાં કોતરેલા નીચે મુજબના રંગબેરંગી ચિત્રપટો મુકેલા છે.

ચિત્રપટ નં. ૧ :
૧. મોટાભાઈ ખુશાલભાઈ પાસે દીક્ષા માટે અનુમતિની પ્રાર્થના
૨. જન્મભૂમિ ઉમરાળામાં હાથીના હોદ્દે દીક્ષાનો વરઘોડો
૩. વિદેહીનાથ શ્રી સીમંધર સ્વામી અને શ્રી કુન્દકુન્દાચાર્યદેવના જ્ઞાનકિરણો લાભાન્વિત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી તથા તેમના પ્રભાવનાયોગે પ્રકાશિત અનેક શાસ્ત્રરત્નો

ચિત્રપટ નં. ૨ :
૧. પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના સત્પ્રભાવના ઉદયે સૌરાષ્ટ્ર તેમજ અન્ય પ્રાંતોમાં નવનિર્મિત દિગંબર જિનમંદિરો
૨. જિનેન્દ્ર પંચકલ્યાણક
૩. પૂજ્ય ગુરુદેવના પવિત્ર કરકમળે અંકન્યાસ વિધિ
૪. ભવ્ય જિનેન્દ્ર રથયાત્રા સહ પૂજ્ય ગુરુદેવ
૫. દેશ-વિદેશમાં જ્ઞાન કિરણો પ્રસારનાર પૂજ્ય ગુરુદેવ અને પ્રવચનરત શ્રોતાઓ

ચિત્રપટ નં. ૩ :
૧. શ્રી સમેદ્શિખર આદિ પૂર્વ-ઉત્તર ભારતના તથા બાહુબલી (શ્રવણબેલગોલા) આદિ દક્ષિણ ભારતના તીર્થોની ભક્તિભાવથી વંદના
૨. ઋદ્ધિસંપન્ન વૈમાનિક દેવપર્યાયમાં ઉત્પન્ન થયેલો પૂજ્ય ગુરુદેવશ્રીનો જીવ
૩. સ્વર્ગલોકમાંથી વિમાનમાં શ્રી સીમંધર ભગવાનની વાણી સાંભળવા વિદેહ ક્ષેત્રે જાય છે.
૪. સમવસરણમાં દેવ (પૂજ્ય ગુરુદેવશ્રી) દ્વારા ભક્તિપૂર્વક શ્રી સીમંધરજિન વંદના. સાથે-સાથે ગત ભવમાં રાજકુમારપણે પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં જતાં અને જિનવંદના કરતા પણ દર્શાવ્યા છે.

ચિત્રપટ નં. ૪ : વર્તમાન ઋદ્ધિધર વૈમાનિક દેવ (પૂજ્ય ગુરુદેવશ્રી) દેવવૃંદસહ સ્વર્ગના જિનપ્રતિમાઓની પૂજા તથા દેવો સાથે તત્વગોષ્ઠી કરે છે.

ત્યાર પછી નીચે પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનદર્શનના બાર ચિત્રો છે.

## (૯) પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેનની સમાધિ-સ્મૃતિ :-

વિ. સં. ૨૦૫૫ વીર સંવત ૨૫૨૫ વૈશાખ સુદ-૩ના દિવસે પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેન સ્મારક યોજના અંતર્ગત્ "પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેનની સમાધિ-સ્મૃતિ" બનાવવામાં આવેલ છે. તેમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેનના સમાધિસ્થળ ઉપર સ્વસ્તિકની સ્થાપના બદામી આરસના કમળ ઉપર કરવામાં આવેલ છે. અહીં પણ ચારેય દિશામાં આરસમાં ચાર રંગબેરંગી ચિત્રપટો લગાવવામાં આવેલા છે.


આ રીતે સંસ્થાના બધા જ જિનાયતનો એક જ સંકુલમાં કરવામાં આવેલા છે. ફક્ત શ્રી કુન્દકુન્દ પ્રવચન મંડપ હોલ કે જ્યાં હાલ મ્યુઝિયમ છે - તે આ સંકુલની અડોઅડ બીજા પ્લોટમાં આવેલો છે.

મહેમાનોને રહેવા માટે આ સંકુલથી ચાલતાં માત્ર ૫-૭ મીનીટના રસ્તે ધર્મશાળા તથા ભોજનશાળા આવેલી છે. તેને શ્રી જૈન અતિથિ સેવા સમિતિ કહે છે. અહીં રહેવા માટે લગભગ ૬૦ જેટલી એટેચ્ડ બાથરૂમ-લેટ્રીન-પંખા-પલંગ વિગેરે પૂરી સગવડતાવાળી રૂમો બનાવેલી છે. તે સિવાય વિ. સં. ૨૦૫૭ ઈ.સ. ૨૦૦૧માં "શ્રીમતી કલાવતીબેન હસમુખરાય વોરા દિગંબર જૈન અતિથિ ભવન" બનાવાયેલ છે, જેમાં દરેક મજલે ૨૦-૨૦ - તેમ કુલ ચાર માળમાં કુલ ૮૦ રૂમો આધુનિક સુવિધાવાળા બનાવવામાં આવેલ છે. આ ભવનમાં લીફ્ટની સુવિધા પણ છે. આ ધર્મશાળાના સંકુલમાં જ સુંદર ભોજનાલય છે, જેમાં હાલ દરરોજ સવારે ચા-નાસ્તાની તથા સવારે અને સાંજે ભોજનની સુંદર વ્યવસ્થા છે. આ સંકુલમાં પાછળની તરફ હિન્દી ધર્મશાળાના નામે ઓળખાતી ધર્મશાળામાં આશરે ૨૦ જેટલી રૂમો છે.

આ સિવાય "પૂજ્ય શ્રી કાનજી સ્વામી દિગંબર જૈન વિશ્રાંતિ ગૃહ" ની સ્થાપના વિ.સં. ૨૦૩૭ ઈ.સ. ૧૯૮૧માં મુંબઈના શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળએ કરેલ છે. તેમાં પણ આશરે ૨૦ જેટલા બ્લોક્સ બનાવેલા છે. મહોત્સવમાં મહેમાનો ખૂબ વધારે હોય ત્યારે મહેમાનોને ઉતરવા માટે આ વિશ્રાંતિ ગૃહનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત ભાવનગર-રાજકોટ હાઈ વે ઉપર નાઈરોબીના શ્રી ઝવેરચંદભાઈ તથા વિદેશના અન્ય મુમુક્ષુઓના સહકારથી "ઓસવાળ ભવન" નામે સુંદર ગેસ્ટ હાઉસ આધુનિક પૂરી સગવડતાવાળા બંધાયેલા છે.

આ સિવાય બ્રહ્મચારી બ્હેનોને રહેવા માટે લાડનુ નિવાસી શેઠ શ્રી વચ્છરાજજી ગંગવાલ તરફથી એક બ્રહ્મચર્યાશ્રમ વિ.સં. ૨૦૦૮માં બંધાવેલ છે. તેમજ આ બ્રહ્મચર્યાશ્રમની બાજુમાં જ શાસ્ત્રવાંચન તથા તત્વચર્ચા માટે "શ્રી મનફૂલાદેવી દિગંબર જૈન સ્વાધ્યાય ભવન" નું પણ નિર્માણ થયેલ છે, જેમાં પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેન તથા બ્હેન શાંતાબેન દ્વારા બ્હેનો માટે રાત્રીના સમયે તત્વચર્ચાનું આયોજન કરવામાં આવતું હતું.

આ રીતે સુવર્ણપુરી-સોનગઢ એક ભવ્ય તીર્થધામ બન્યું છે. કાગળમાં તો કેટલું લખવું ? યાત્રા કરીને નજરે તેની ભવ્યતા નિહાળીએ તો જ વાસ્તવિક ખ્યાલ આવે તેવું સુંદર છે.



કહાનનગર, દેવલાલી-નાસિક સ્થિત અદ્‌ભુત જિનાલયો

# દેવલાલી

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનો સ્વર્ગવાસ મુંબઈમાં થયેલ. તેથી સર્વ મુમુક્ષુ ભાઈ-બ્હેનોને અહીં તેમનું એક સ્મારક બનાવવાની ભાવના થઈ અને તેના ફળ સ્વરૂપે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટની રચના થઈ. ગીચોગીચ અને કોલાહલયુક્ત મુંબઈમાં સ્મારક બનાવવાનું કોઈને ઉચીત ન લાગ્યુ. આ અરસામાં એક આધ્યાત્મિક શિક્ષણ શિબિર મુંબઈથી નજીક દેવલાલીમાં કરવાનુ આયોજન થયું અને પ્રથમ દષ્ટિએ જ સૌને દેવલાલી સ્થળ વધુ અનુકુળ જણાયુ. સને ૧૯૮૫માં શિક્ષણ શિબિર દેવલાલીમાં થઈ. તે સમયે પૂજ્ય બ્હેન શાંતાબેન પણ ત્યાં હાજર હતા અને ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્મારક મુંબઈથી નજીક-દેવલાલીમાં થાય તેવી ભાવના દરેકે વ્યક્ત કરી હતી. તેથી દેવલાલીમાં સ્મારક માટે બે મોટા ખેતરો લામ રોડ પાસે ખરીદવામાં આવ્યા. ત્યારબાદ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટ દ્વારા શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર, શ્રી કહાન સ્મૃતિ સ્વાધ્યાય મંદિર, શ્રી કહાન સરસ્વતિ ભવન, શ્રી કહાન ભોજનાલય તથા વિદ્વત નિવાસ, શ્રી કહાન વિશ્રાંતિ ગૃહ, શ્રી કહાન અતિથિ ભવન, શ્રી સર્વોદય ચિકિત્સાલય, પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી સ્ટેચ્યુ તથા શ્રી કહાનનગર સોસાયટીના ૭૪ બંગલા તથા ૧૨ ફ્લેટો-આ બધાનો શિલાન્યાસ એક જ દિવસે સને ૧૯૮૭ના ફેબ્રુઆરી માસમાં થયો હતો. સને ૧૯૮૯ના મે માસમાં ચોવીસ તીર્થંકરો સહિત શ્રી સમવસરણજી મંદિરનો શિલાન્યાસ મહોત્સવ થયો હતો. સને ૧૯૮૯ના ડિસેંબર માસમાં ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. સને ૧૯૯૩ના એપ્રિલ માસમાં શ્રી માનસ્થંભજી ભગવાનનો શિલાન્યાસ થયો હતો. મુંબઈથી તદન નજીક હોઈને દેવલાલીમાં પ્રતિદિન મુમુક્ષુઓનું આવાગમન વધતુ ગયુ. તેથી સને ૧૯૯૪માં અતિથિભવન, વિશ્રાંતિગૃહ તથા ભોજનાલય ઉપર આવાસ માટે ત્રણ વિશાળ હોલ બાંધવામાં આવ્યા. તેમ જ દવાખાના ઉપર પણ બે નવા બ્લોક બાંધેલ છે.

મુંબઈથી ઉપડતી લગભગ ઘણી ખરી ટ્રેઈનો દેવલાલી સ્ટેશને એક-બે મીનીટ માટે ઉભી રહે છે. પરંતુ દેવલાલી પછીનું સ્ટેશન-નાસિક રોડ પર બધી જ ટ્રેઈનો વધુ સમય માટે ઉભી રહે છે. નાસિક રોડથી દેવલાલી આવવા માટે પુષ્કળ રીક્ષાઓ મળે છે.

દેવલાલીના બધા ધર્માયતનોની વિશેષ વિગત નીચે મુજબ છે.

**(૧) શ્રી મહાવીર સ્વામી દિગંબર જિનમંદિર :-**

તીર્થધામ શ્રી દેવલાલીમાં આવેલા આ ભવ્ય જિનાલયમાં મૂળનાયક શાસનનાયક શ્રી મહાવીર સ્વામી આરસના પદ્માસન બિરાજમાન છે. તેમની બાજુમાં આરસના પદ્માસન શ્રી શાંતિનાથ ભગવાનના અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના નયનરમ્ય પ્રતિમાજી છે. આ જિનાલયમાં ગર્ભદ્વારની બન્ને બાજુ આરસના સુશોભિત ગોખલામાં શ્રી સમયસારજી તથા શ્રી નિયમસારજી

શાસ્ત્રની સ્થાપના કરેલી છે. આ જિનાલયના ઉપરના માળે શ્રી ભરતેશ્વર ભગવાન, શ્રી આદિનાથ ભગવાન તથા શ્રી બાહુબલી ભગવાનની ખડગાસને આરસની પરમ વીતરાગી પ્રતિમાઓ બિરાજમાન છે. પ્રવેશદ્વારના ઉપરના ભાગે પંચ પરમેષ્ઠી ભગવાનનું ભવ્ય રંગીન ચિત્રપટ મૂકેલ છે. ઉપર અગાશીના એક ખૂણા ઉપર આચાર્ય શ્રી ધરસેનસ્વામીના ચરણચિહ્ન તથા બીજા ખૂણા ઉપર આચાર્ય શ્રી કુન્દકુન્દદેવના ચરણચિહ્ન સ્થાપિત કરેલ છે. આ જિનાલયની દિવાલો ઉપર ઉપદેશાત્મક રંગબેરંગી સુંદર ચિત્રપટો મૂકેલા છે. આ જિનમંદિરનો પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૨૦૪૬ પોષ સુદ-૨ના રોજ થયો હતો.

## (૨) શ્રી દિગંબર જૈન કહાન સ્મૃતિ સ્વાધ્યાય મંદિર :-

શ્રી મહાવીર સ્વામી દિગંબર જિનમંદિરની બાજુમાં જ શ્રી દિગંબર જૈન કહાન સ્મૃતિ સ્વાધ્યાય મંદિર બનાવેલ છે. આ હોલમાં સવારે અને રાત્રે પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની સીડી મૂકવામાં આવે છે અને બપોરે સમાગત્ વિદ્વાનોના પ્રવચનો રાખવામાં આવે છે. આ હોલમાં પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ ગુરુદેવશ્રી કાનજી સ્વામીનું વિશાળ ચિત્રપટ મધ્ય ભાગમાં રાખવામાં આવેલ છે તથા મુનિવર શ્રી પદ્મપ્રભમલધારીદેવ, પંડિત પ્રવર શ્રી ટોડરમલજી, આચાર્ય શ્રી કુન્દકુન્દાચાર્યદેવ, આચાર્યવર્ શ્રી અમૃતચન્દ્રાચાર્યજી, શ્રી બનારસીદાસજી અને શ્રીમદ્ રાજચન્દ્રજીના ભવ્ય ચિત્રપટો મુકવામાં આવેલા છે. તેમ જ વૈરાગ્ય પ્રસંગ દર્શાવતા ગજમુનિ અને સુકુમાલ મહામુનિના બે ચિત્રપટો પણ મૂકેલા છે તથા દિવાલમાં આરસના બે ગોખલામાં શ્રી સમયસારજી તથા શ્રી નિયમસારજી જિનવાણી બિરાજમાન કરેલ છે. સ્વાધ્યાય મંદિર હોલની દિવાલો ઉપર ચારે તરફ જિનવાણીના ઉપદેશાત્મક સૂત્રો લખેલા છે.

સ્વાધ્યાય મંદિરની એક તરફ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સ્મૃતિસંગ્રહાલય અને તેની સામે કાર્યાલય તથા બીજી તરફ પૂજ્ય શ્રી શાંતાબેન સ્મૃતિ સંગ્રહાલય છે. આ હોલનું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૪૬ પોષ સુદ-૨ના રોજ થયું હતુ.

## (૩) શ્રી સમવસરણ (ધર્મસભા) તથા ચોવીસ તીર્થંકર જિનાલય :-

સંકુલના મધ્યમાં શ્રી સમવસરણ તથા ચોવીસ તીર્થંકરની ભવ્ય રચના કરેલ છે. આ સમવસરણજીમાં આગમ અનુસાર આઠ ભૂમિકા કોટ મુનિઓ, અર્જિકાઓ, દેવો, મનુષ્યો, તિર્યંચો, વિગેરેની સભા સહિત શ્રી મંડપ, ત્રણ પીઠિકા, કમળ-ચામર-છત્ર-ભામંડળ-અશોક વૃક્ષ, વિગેરેની આકર્ષક રચના કરી છે. આ મંદિરની છત તથા દિવાલો રંગબેરંગી કાચથી સજાવેલ છે. તેથી આ મંદિરને અજૈનો કાચનું મંદિર કહે છે અને હોંશે હોંશે આ મંદિર જોવા માટે ખાસ અહીં આવે છે. આ મંદિરમાં જુદા-જુદા તીર્થોના ચિત્રો-સોળ સ્વપ્નો, અષ્ટ મંગળ દ્રવ્ય, વિગેરે પણ કોતરેલા છે. આ ઉપરાંત આ સમવસરણમાં મુનિઓની સભામાં શ્રી સીમંધર પ્રભુની સામે ભાવપૂર્વક હાથ જોડીને ઉભેલા શ્રીમદ્ ભગવંત કુન્દકુન્દાચાર્યદેવની અતિસૌમ્ય પ્રતિમાજી પણ છે.

તે સિવાય આ જિનાલયમાં ચારે દિશામાં છ-છ - તેમ કુલ ચોવીસ તીર્થંકર જિનબિંબો૧ાા-૧ાા ફીટના પદ્માસન ભગવાનના વર્ણ મુજબના નાની-નાની દેરીઓમાં બિરાજમાન કરેલ છે. આ મંદિરનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૨૦૪૬ પોષ સુદ-૨ના રોજ થયો હતો.

(૪) ભગવાન શ્રી શાંતિનાથ કુન્દકુન્દ દિગંબર જૈન પરમાગમ મંદિર :-

અહીં પાંચ પરમાગમોત્કીર્ણ આરસની દિવાલોવાળુ ભગવાન શ્રી શાંતિનાથ દિગંબર જૈન પરમાગમ મંદિરનું ભવ્ય નિર્માણ થયેલ છે. આ મંદિરમાં પંચધાતુના ૫૧ ઈંચના પદ્માસન ભાવવાહી સ્વર્ણયુક્ત દેરીમાં શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન કરેલા છે તથા આ મંદિરમાં બન્ને તરફ ચાર-ચાર ભગવાનના બલભદ્રના ૬૦ ઈંચના ખડગાસન આઠ જિનબિંબો પ્રતિષ્ઠિત થયેલ છે. આ આઠ બલભદ્રના નામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. વિજય બલભદ્ર | ૨. અચલ બલભદ્ર | ૩. સુધર્મ બલભદ્ર |
| ૪. સુપ્રભ બલભદ્ર | ૫. સુદર્શન બલભદ્ર | ૬. નન્દી બલભદ્ર |
| ૭. નન્દીમિત્ર બલભદ્ર | ૮. પદ્મ (રામ) બલભદ્ર | |

તે સિવાય આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ રચિત પંચ પરમાગમ શ્રી સમયસારજી, શ્રી નિયમસારજી, શ્રી પ્રવચનસારજી, શ્રી પંચાસ્તિકાયજી તથા શ્રી અષ્ટપાહુડજી આરસના પાટીયા ઉપર કોતરીને ચોડેલ છે. તે સિવાય શ્રી કુન્દકુન્દાચાર્યદેવ, શ્રી અમૃતચન્દ્રાચાર્યદેવ, શ્રી પદ્મપ્રભમલધારીદેવ, શ્રી ધરસેનાચાર્ય, શ્રી ઉમાસ્વામી, શ્રી સમંતભદ્રાચાર્ય તથા શ્રી જયસેનાચાર્ય વિગેરે આચાર્યોના ૫x૫ ફીટના વિશાળ ચિત્રપટો આ હોલમાં મૂકેલ છે. શ્રી પરમાગમ મંદિરમાં ઉપર જવા માટે લીફ્ટની સુવિધા પણ કરેલ છે. આ પરમાગમ મંદિરનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં. ૨૦૫૩ માગશર વદ-૨ના રોજ થયો હતો.

(૫) શ્રી માનસ્થંભજી :-

સંકુલનાં પ્રાંગણની મધ્યમાં ચૌદિશાભિમુખ સુંદર મનોહર ભવ્ય કલાપૂર્ણ આરસના ૫૨ ફીટ ઊંચા શ્રી માનસ્થંભજીનું નિર્માણ થયેલ છે. જેમાં નીચે તથા ઉપર ચારે દિશામાં વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનના પદ્માસન ચાર-ચાર પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. માનસ્થંભજીની નીચેની ત્રણેય પીઠિકામાં આરસ ઉપર કોતરણી કરી બાર સુંદર ચિત્રપટો મૂકેલ છે. (૧) શ્રી સમ્મેદશિખરજી સિદ્ધક્ષેત્ર (૨) શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર (૩) શ્રી ચંપાપુરી સિદ્ધક્ષેત્ર (૪) શ્રી પાવાપુરી સિદ્ધક્ષેત્ર (૫) શ્રી કૈલાસ સિદ્ધક્ષેત્ર તથા મુનિશ્રી ઋષભદેવને આહારદાન (૬) શ્રી સીમંધર પ્રભુ, શ્રી કુન્દકુન્દાચાર્યદેવ, શ્રી અમૃતચન્દ્રાચાર્યદેવ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને સભાજનો તથા સુવર્ણપુરી તીર્થધામ (૭) સીતાજી અગ્નિપરીક્ષા (૮) શ્રી શેત્રુંજય પહાડ ઉપર પાંચ પાંડવ મુનિરાજ (૯) શ્રી મહાવીર ભગવાનના પૂર્વભવમાં સિંહની પર્યાયમાં ઋદ્ધિધારી મુનિઓના ઉપદેશનું દશ્ય (૧૦) શ્રી કુન્દકુન્દાચાર્યદેવનું વિદેહગમનનું દશ્ય

(૧૧) શ્રી માનસ્થંભજી દેખીને ગૌતમસ્વામીનું માન ગળી જાય છે તે દશ્ય અને (૧૨) પંચ પરમેષ્ઠી. આ ઉપરાંત સોળ સ્વપ્ના અને અષ્ટમંગળ દ્રવ્ય પણ આરસમાં કોતરેલ છે. આ માનસ્થંભજીના દર્શન કરતાં અંતઃકરણ ઉત્કૃષ્ટ આનંદથી નાચી ઉઠે છે. તેનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ વિ. સં. ૨૦૫૦ ચૈત્ર વદ-૨ના રોજ થયો હતો.

## (૬) શ્રી કહાન દિગંબર જૈન ઐતિહાસિક ચિત્રાલય :-

આ સંકુલના પરિસરમાં એક સુંદર ઐતિહાસિક-ધાર્મિક ચિત્રાલયનું નિર્માણ થયેલ છે. આ હોલમાં બાવીસ જેટલા મોટા ભવ્ય સુંદર ચિત્રો સુશોભિત ફ્રેમમાં મઢીને દિવાલો ઉપર લગાવેલ છે. આ ચિત્રો જોવાથી કથાનુયોગનો અભ્યાસ થાય તેવા ચિત્રો છે. એટલે કે પુરાણ પુરુષોની આત્મસાધનાના ભાવવાહી દશ્યો છે. તેમાં અનેક તીર્થંકરોના દશ્યો, મુનિવરોના અનેક દશ્યો, ધર્માત્મા શ્રાવકો તથા તીર્થોના અનેક દશ્યો છે. "સંત કેરી શીતલ છે છાંયડી" -સુવર્ણપુરીના સંત પૂજ્ય ગુરુદેવશ્રીનું ચિત્રપટ આકર્ષક છે. તે ચિત્રપટ જોતા માણસ ઘડીભર થંભી જાય છે. આંખનો ખૂણો ભીનો થઈ જાય તેવું આ ચિત્રપટ છે.

દરેક ચિત્રપટોની વિગત નીચે મુજબ છે :

(૧) સંત કેરી શીતલ છે છાંયડી
(૨) પૂજ્ય ગુરુદેવશ્રીના શુભ હસ્તે અંકન્યાસ વિધી
(૩) પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા શ્રી ગજપંથા સિદ્ધક્ષેત્રની યાત્રા
(૪) શ્રીમદ્ કુન્દકુન્દાચાર્યદેવ દ્વારા પંચ પરમાગમની રચના
(૫) ચક્રવર્તી ભરતજી દ્વારા શ્રી ઋષભદેવની વંદના
(૬) એકત્વમાં સુખ
(૭) ઉત્તમ ત્યાગ
(૮) ચરમ શરીરી જમ્બુકુમાર તથા વિદ્યુત ચોર
(૯) ઉત્તમ તપ
(૧૦) ભગવાન શ્રી નેમિનાથ પૂર્વભવ
(૧૧) રક્ષાબંધન પર્વ
(૧૨) ષટ્ ખંડાગમ શાસ્ત્રની રચના
(૧૩) ભગવાન શ્રી મહાવીર સ્વામી-સિંહ પર્યાયમાં સમ્યગ્દર્શન
(૧૪) અંજન ચોરની કથા
(૧૫) સીતાજીની અગ્નિપરીક્ષા
(૧૬) શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યની જીવનકહાની
(૧૭) આત્મધ્યાની ગજકુમાર

(૧૮) મૃત્યુ મહોત્સવ
(૧૯) ચરમ શરીરી હનુમાન કથા
(૨૦) પાંચ પાંડવ અગ્નિ પરીક્ષા

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી ધર્માત્માના જીવનના વૈરાગ્ય પ્રસંગો આપણે સૌએ સાંભળ્યા છે. તે ઐતિહાસિક ચિત્રપટો અહીં આ ચિત્રાલયમાં છે.

## (૭) પૂજ્ય શ્રી કાનજી સ્વામી સંગ્રહાલય :-

આ સંગ્રહાલયમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનું સ્ટેચ્યુ તેમ જ તેઓશ્રીના હસ્તાક્ષરના લખાણ, તેમ જ જીવન પ્રસંગો દર્શાવતા ફોટોગ્રાફ્સ સુંદર રીતે ગોઠવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનકાળમાં ધર્મ પ્રભાવનાના અજોડ કાર્યો થયા છે. તે સમયના યાદગાર ફોટોગ્રાફ્સ અહીં મૂકેલ છે. આ સંગ્રહાલયનું ઉદ્ઘાટન તા. ૨૪-૧૨-૧૯૯૨ના રોજ શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ-સાયન (મુંબઈ)ના વરદ્ હસ્તે થયું હતુ.

## (૮) પૂજ્ય બ્હેન શાંતાબેન સ્મૃતિ-સંગ્રહાલય :-

પૂજ્ય બ્હેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બ્હેન શાંતાબેન-બન્ને બહેનોનું વિશાળ ચિત્રપટ સંગ્રહાલયની શોભા વધારી રહેલ છે. તે ઉપરાંત બન્ને બહેનોના ચૂંટેલા વચનામૃત, હૃદયોદ્ગારો, હસ્તાક્ષરમાં નોંધના ફોટોગ્રાફ્સ અહીં ગોઠવ્યા છે. દેવલાલીમાં આ સ્મારક સ્થાપવા પાછળ પૂજ્ય બ્હેન શાંતાબેનનું મહત્વનું પ્રેરણાબળ હતુ. તેથી તેમનું એક ભવ્ય ચિત્રપટ આ સંગ્રહાલયમાં મૂકેલ છે. આ સંગ્રહાલયનું ઉદ્ઘાટન શ્રીમતી સુધાબેન શાંતિલાલ મોટાણી તથા બ્ર. રમાબેન પારેખના વરદ્ હસ્તે તા. ૨૫-૧૨-૧૯૯૨ના રોજ થયું હતુ.

## (૯) શ્રી દિગંબર જૈન કહાન સરસ્વતિ ભવન :-

ઉપરના ભાગે ફરતી ચારે તરફ ગેલેરીવાળા આ સરસ્વતિ ભવનમાં ધાર્મિક પુસ્તકોનો વેચાણ વિભાગ તેમજ કેસેટ વિભાગ છે તથા મુમુક્ષુગણને શાંતિથી વાંચન કરવું હોય તો આ સરસ્વતિ ભવનમાં બેસીને વાંચન કરી શકે છે.

## (૧૦) શ્રી વીતરાગ ભવન બિલ્ડીંગ :-

ટ્રસ્ટ તરફથી બાર બ્લોકનું એક વીતરાગ ભવન બિલ્ડીંગ મુમુક્ષુઓના આવાસ માટે નિર્માણ થયેલ છે. જેમાં નવ બ્લોકો બેડરૂમ-હોલ-રસોડાવાળા તથા ત્રણ બ્લોક એક રૂમ-રસોડાવાળા થયેલ છે. આ વીતરાગ ભવન માટે શ્રી બલુભાઈ ચુનીલાલ શાહ તરફથી આર્થિક સહયોગ મળેલ છે.

## (૧૧) શ્રી ન્યુ કહાનનગર સોસાયટી :-

અનેક મુમુક્ષુઓની માંગણી હોવાથી છેલ્લે નવા ૪૨ બ્લોક્સ બાંધેલ છે. જે મુમુક્ષુઓને માલિકી

સોસાયટી તરફથી ભેટ મળેલ છે. આ સોસાયટીની અંદર એક બગીચો પણ છે.

આ સિવાય સંસ્થામાં ચાલતાં ધાર્મિક કાર્યક્રમો સંકુલમાં આવેલા નિવાસસ્થાનો તેમજ કહાનનગરમાં આવેલ બંગલા તથા ફ્લેટોમાં રહેતા વૃદ્ધ-અશક્ત અને બિમાર વ્યક્તિઓ ઘરમાં રહીને પ્રવચનો સાંભળી શકે તેવી ઈલેક્ટ્રોનિક વ્યવસ્થા પણ સંસ્થાએ કરેલ છે.

આ રીતે દેવલાલીની વ્યવસ્થા છે. દેવલાલીમાં શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર સંસ્થાના સંકુલથી ચાલતાં જઈ શકાય તેટલુ (આશરે ૧ ફર્લાંગ) દૂર આવેલું છે. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર સંસ્થામાં પણ અનેકવિધ પ્રવૃત્તિ, ભક્તિ-વાંચન, વિગેરે આખો દિવસ ચાલે છે. ત્યાં પણ રહેવા માટે થોડી રૂમો તથા ભોજનશાળા ચાલે છે. આ સિવાય દેવલાલીથી ૩ કિ.મી. દૂર નાસિક રોડ તરફ જતાં અન્ય ધર્મીનું ક્ષેત્ર-મુક્તિધામ છે. તેમજ આશરે ૧૦ કિ.મી. દૂર પંચવટી-તપોવન આવેલ છે તથા નાસિક સીટીમાં પણ શ્રી દિગંબર જૈન દેરાસર આવેલ છે. દેવલાલીથી આશરે ૩૦ કિ.મી. દૂર ગજપંથા સિદ્ધક્ષેત્ર છે, જ્યાં નાનકડા પહાડ ઉપર પ્રાચીન મંદિરો છે. તેમજ તળેટીમાં પણ મંદિરો છે. ગજપંથા જતાં રસ્તામાં મહશરૂલમાં શ્રી દિગંબર જૈન મંદિર છે. દેવલાલીથી ૧૬૦ કિ.મી. દૂર શ્રી દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર, માંગીતુંગી આવેલું છે, જ્યાં માંગી અને તુંગી નામના બે પહાડો આવેલા છે.

*ભગવાનનો ભક્ત કહેવડાવે અને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવનાદિ માટે તન-મન-ધન ખરચવાની વાત આવે ત્યારે ફેં ફેં કરે તે વીતરાગનો ભક્ત જ નથી. શાસ્ત્રની કિંમત ઘટાડવાનાં પૈસા અગાઉથી ભરવાની વાત આવે ત્યારે કહે કે શાસ્ત્ર છપાઈને આવે ત્યારે વાત. તો એમ કહેનારને શાસ્ત્રની ભક્તિ નથી. વ્યવહાર શુદ્ધિ વિના માત્ર નિશ્ચયની વાતો મોઢેથી કરે તે અરિહંતનો સેવક કહેવાય નહીં. અરિહંતનો સેવક થવા માટે તો એકવાર બીજુ બધુ જતું કરવુ પડશે.*

*- પૂ. ગુરુદેવશ્રી, યોગસાર પ્રવચન.*

*ભાવરહિત વાંચવા - સાંભળવાથી શું થાય ? અર્થાત્ કાંઈપણ કાર્યકારી નથી. ભાવ વિના વ્રત - ક્રિયાની કથની પણ કાંઈ કાર્યકારી નથી. તેથી એવો ઉપદેશ છે કે ભાવ વિના વાંચવા - સાંભળવા આદિથી શું થાય ? કેવળ ખેદમાત્ર છે. માટે ભાવસહિત જે કરે તે સફળ છે. અહીં એવો આશય છે કે કોઈ જાણે કે વાંચવું - સાંભળવું જ જ્ઞાન છે. તો એ પ્રકારે નથી. વાંચીને - સાંભળીને પોતાને જ્ઞાનસ્વરૂપ જાણીને અનુભવ કરે ત્યારે ભાવ જાણી શકાય છે. એટલે વારંવાર ભાવનાથી ભાવ લગાડવાથી જ સિદ્ધિ છે.*

*અષ્ટ પાહુડ, ભાવપાહુડ ગાથા-૬૬*

# બુન્દેલખંડનો સામાન્ય ઈતિહાસ

બુન્દેલખંડનો પૂરો ઈતિહાસ તો ક્યાંય મળતો નથી. ફકત જ્યાં-ત્યાં શિલાલેખો જ મળે છે તેના આધારે જ બુન્દેલખંડનો ઈતિહાસ લખાયેલો છે. ભારતના મોટાં-મોટાં પર્વતોમાં વિન્ધ્યગિરિ એક મોટો પર્વત છે. અહીંના શાસનકર્તા બુન્દેલા કહેવાતા હતા. તેના ઉપરથી બુન્દેલખંડ નામ થયું છે તેમ ઈતિહાસ કહે છે. અહીં બુન્દેલખંડમાં ઘણા સિદ્ધક્ષેત્ર તથા ઘણા અતિશયક્ષેત્ર આવેલા છે. જેવાં કે -

| | | |
|---|---|---|
| (૧) સોનાગિરિ | (૨) નૈનાગિરિ | (૩) દ્રોણગિરિ |
| (૪) કુંડલપુર (કુંડલગિરિ) | (૫) પપૌરાજી | (૬) અહારજી |
| (૭) ખજુરાહો | (૮) પવાજી | (૯) સીરોંજ |
| (૧૦) ખાનપુર | (૧૧) દેવગઢ | (૧૨) સેરૌનજી |
| (૧૩) થુબૌનજી | (૧૪) ચંદેરી | (૧૫) બજરંગગઢ |

વિગેરે આવેલા છે. તે સિવાય અન્ય ધર્મીઓના -

| | | |
|---|---|---|
| (૧) ચિત્રકુટ | (૨) પ્રાણનાથ | (૩) કુંડલેશ્વર |
| (૪) જટાશંકર | (૫) ભીમકૂંડ | (૬) વિન્ધ્યવાસિની |


વિગેરે હિન્દુ તીર્થો આવેલા છે. ઓરછા એક પર્યટન સ્થળ છે કે જ્યાં શ્રી રામચન્દ્રજીનું મંદિર છે, જે કલામય છે. બુન્દેલખંડને ભૂતકાળમાં જેજાકમુક્તિ, જુઆરખંડ, વજચેદી, દશાર્ણ, વિગેરે જુદા-જુદા નામથી ઓળખતા હતા. ચંદેરી અહીંની રાજધાની હતી અને ત્યાં શિશુપાલ નામે રાજા હતો. અહીં ચિત્રકુટ નામનું વન પણ છે કે જ્યાં રામચન્દ્રજી-પુરુષોત્તમ પુરુષ વનવાસ દરમ્યાન રહ્યા હતા. ત્યાર બાદ બુન્દેલખંડની રાજધાની ઓરછા અને ટીકમગઢમાં હતી.

બુન્દેલખંડમાં તો ઠેર-ઠેર જિનેન્દ્ર ભગવંતોનો ઘણો વૈભવ છે. લાખો પ્રતિમાઓથી બુન્દેલખંડ ભરેલો છે. શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને શ્રી અરનાથ-એ ત્રણ ચક્રવર્તી તીર્થંકરોની મોટી-મોટી ખડ્ગાસન પ્રતિમાઓ અહીં ઠેક-ઠેકાણે જોવા મળે છે.

o o o o o




શ્રી કુન્દકુન્દનગર, સોનાગિરિ સ્થિત પંચતીર્થ અને બાહુબલી મંદિર



સિદ્ધક્ષેત્ર સોનાગિરિ પર્વત પર સ્થિત જિનાલયોની અનુપમ છટા

# સોનાગિરિ તીર્થક્ષેત્ર



સોનાગિરિ : સમવસરણની રચનાની એક ઝાઁખી

| | |
|---|---|
| ● આવાગમન.................: | રેલ્વે સ્ટેશન : સોનાગિરિ - ૫ કિ.મી.<br>બસ સ્ટેશન : દતિયા - ૧૭ કિ.મી. |
| ● પહોંચવાનો સરળ માર્ગ ...: | દતિયા, ગ્વાલિયર, ઝાંસીથી સડક રસ્તે |
| ● નજીકના મુખ્ય શહેર.......: | દતિયા - ૧૭ કિ.મી., ગ્વાલિયર - ૬૬ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો ........: | ગ્વાલિયર (ગોપાચલ) - ૬૬ કિ.મી.,<br>સિહોંનિયા - ૧૨૦ કિ.મી., ધ્યાવલજી - ૫૦ કિ.મી. |

સોનાગિરિ દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર પ્રાચીનકાળથી છે. અહીં શ્રી ચન્દ્ર પ્રભુ સ્વામીનું સમવસરણ સત્તર વખત આવ્યુ હતુ તેમ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. અહીંથી શ્રી નંગ, અનંગ, ચિન્તાગતિ, પૂર્ણચન્દ,

અશોકસેન, શ્રીદત્ત, સ્વર્ણભદ્ર, વિગેરે ૫।। કરોડ મુનિવરોએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સોનાગિરિનું પ્રાચીન નામ સ્વર્ણગિરિ અથવા શ્રમણગિરિ પણ હતુ. અહીં કુલ ૮૨ ખડ્ગાસન અને ૮૫ પદ્માસન પ્રતિમાઓ છે.

ઉજ્જૈનથી માલવા એકસપ્રેસ સાંજે ૭:૧૫ વાગે ઉપડે છે, જેમાં સ્લીપીંગ રીઝર્વેશન સહેલાઈથી મળે છે. તે ગાડી મળસ્કે ૪:૩૦ વાગે ઝાંસી પહોંચે છે. ઝાંસીથી આગળ જઈએ તો તે જ ટ્રેઈનમાં ૯૭ કિ.મી. દૂર ગ્વાલિયર આવે છે. સોનાગિરિ જવા માટે ઝાંસીમાં ટ્રેઈન બદલવી પડે છે. ઝાંસીથી સવારે ૬:૦૦ વાગે ઉપડતી લોકલ ટ્રેઈનમાં સવારે ૭:૦૦ વાગે સોનાગિરિ પહોંચી શકાય છે. ઝાંસી પછી દતિયા આવે છે. તેના પછી એક ગામ આવે છે, ત્યાર પછી સોનાગિરિ આવે છે. સોનાગિરિ રેલ્વે સ્ટેશને દરેક ટ્રેઈન ઉપર તીર્થ કમિટીની મિની બસ યાત્રીઓને લેવા માટે આવે છે. સોનાગિરિ રેલ્વે સ્ટેશનથી ક્ષેત્ર ૫ કિ.મી. દૂર છે. સ્ટેશનથી ક્ષેત્ર સુધી જવાનો પાકો રસ્તો દિગંબર જૈન સમાજ તરફથી બનાવવામાં આવેલ છે.

સોનાગિરિમાં પ્રવેશતા પોલીસ ચોકીની સામે ૨૫ ફીટ ઊંચી વેદી ઉપર ૧૮ ફીટ ઊંચા શ્રી બાહુબલીજી ભગવાન દર્શનીય છે. આ પ્રતિમાજી ઉપર અભિષેક કરવા માટે બંને તરફ પાકી સીડી લગાવી છે. હોલ ૩૦×૩૦ ફીટનો છે. અહીં દરરોજ સાંજે ૬:૩૦ થી ૭:૩૦ વાગે સામૂહિક ભક્તિ થાય છે. અહીં પંચતીર્થની રચના કરી છે. વર્તમાન ચોવીસીની ટોંક કરીને શ્રી સમ્મેદશિખરજીની રચના કરી છે. તે સિવાય કૈલાસ પર્વતની રચના કરીને શ્રી આદિનાથ પ્રભુનું મંદિર કર્યું છે તથા ગિરનાર પર્વતની રચના કરીને શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર કર્યું છે તથા ચંપાપુરી-મંદારગિરિની રચના કરીને શ્રી વાસુપૂજ્ય ભગવાનના મંદિરમાં ચરણચિહ્ન સ્થાપિત કર્યા છે તથા પાવાપુરી જલમંદિરની રચના કરીને શ્રી મહાવીર ભગવાનનું મંદિર કર્યું છે.

તે સિવાય વચ્ચે ૨૫ ફીટ ઊંચાઈએ ૩૦×૩૦ ફીટના વિશાળ હોલમાં "શ્રી બાહુબલી ધ્યાન મંદિર" કરેલ છે. ત્યાં બેસીને શાંતિથી જાપ, ચિંતન-મનન-ધ્યાન કરી શકાય છે. અહીં ૪।। ફીટ ઉંચે સ્વર્ણમયી ધાતુનો હ્રીં બનાવેલ છે અને શુદ્ધ ચિદ્રૂપોહમ્ મંત્ર લખેલ છે. સામેની દિવાલ પર આત્માની સુડતાલીસ શક્તિઓ લખી છે.

સોનાગિરિ તળેટીમાં કુલ પંદર ધર્મશાળા છે. પંડિત શ્રી જ્ઞાનચંદજીની શ્રી પરમાગમ મંદિર ધર્મશાળા છે, જેમાં યાત્રિકોને રહેવા માટે છ રૂમો છે. તે સિવાય ભોજનશાળામાં યાત્રિકો કહે તો રસોઈ કરી આપે છે. તે સિવાય લ. બે. ચુ. ધર્મશાળા પણ ઘણી મોટી અને નળ-વીજળી, પંખા, પલંગ, વિગેરે સગવડતાવાળી છે. વળી તેમાં કેટલીક રૂમો એટેચ્ડ બાથરૂમ-લેટ્રીનની સગવડતાવાળી પણ છે. હવા-પ્રકાશ પણ આ ધર્મશાળામાં ઘણા છે. સોનાગિરિ તળેટીમાં ૪-૫ નાની હોટલો છે કે જ્યાં ચા, કોફી, બિસ્કીટ, વિગેરે મળે છે. લ. બે. ચુ. ધર્મશાળાની બાજુમાં જ તદ્દન નવી રાખીવાળા ધર્મશાળા થઈ છે. તેમાં ફકત ૭-૮ રૂમો છે. બીજી સામાન્ય ધર્મશાળાઓ

પણ ઘણી છે. આ સિવાય હમણાં જ શ્રી જ્ઞાનચંદજી પંડિત હસ્તક શ્રી કુન્દકુન્દનગર નામથી નવી ધર્મશાળા પણ થઈ છે.

અહીં સરસ્વતિ મંદિર બનાવ્યું છે. જેમાં બધા શાસ્ત્રો-પુસ્તકો વેચાણ વિભાગમાં છે.

વિદ્વત અતિથિગૃહ : વિદ્વાનોને માટે શ્રી કહાન વિદ્વત અતિથિગૃહ બનાવેલ છે. જેમાં પૂરી સગવડતાવાળા સાત ફ્લેટો બનાવ્યા છે.

ધર્માર્થ ઔષધાલય : અહીં કુન્દકુન્દનગરમાં અનુભવી વૈદ દ્વારા આયુર્વેદિક દવા નિઃશુલ્ક આપવામાં આવે છે. જેનો લાભ સ્થાયી નિવાસી, યાત્રીગણ તથા આસપાસના ગામડાની જનતાને પણ મળે છે.

શુદ્ધ શ્રાવક ભોજનાલય : શ્રાવક ભોજનાલય છે. જેમાં એક સાથે ૮૦ વ્યક્તિ ટેબલ-ખુરશી ઉપર બેસીને જમી શકે છે. જમવું હોય તો રસોઈ શરૂ કરે તે પહેલાં બે કલાક અગાઉ નામ નોંધાવી દેવું જરૂરી છે.

તે સિવાય શ્રી કુન્દકુન્દનગરમાં આધુનિક ગેસ્ટહાઉસ પણ બનાવેલ છે. જેમાં બે બિલ્ડિંગમાં ચાર-ચાર ગેસ્ટહાઉસ બનાવ્યા છે. દરેકમાં એક હોલ, બે બેડરૂમ, એક રસોડું, એક બાથરૂમ-લેટ્રીન તથા બાલ્કની છે. દરેક ગેસ્ટહાઉસમાં ચાર પલંગ, છ ગાદલા-ઓશીકા, ટેબલ-ખુરશી, કબાટ, પંખા તથા કૂલર મૂક્યા છે. તે સિવાય શ્રી કુન્દકુન્દ અતિથિ ગૃહ છે, જે બે માળનું છે. દરેક માળે સોળ-સોળ ફ્લેટો છે. દરેક ફ્લેટમાં એક મોટો રૂમ, રસોડું, બાથરૂમ-લેટ્રીન, ટેબલ-ખુરશી, કૂલર, ગાદલા, પલંગ, બાલદી વિગેરે પૂરી સગવડતા છે તથા ભોજનશાળાની ઉપર પણ બાર ફ્લેટ બનાવેલ છે.

આ રીતે સોનાગિરિમાં રહેવા-જમવાની સારામાં સારી સગવડતા છે. ભવિષ્યમાં ધ્યાનકેન્દ્રની સામે ૫૧ ફીટ ઊંચો માનસ્થંભ કરાવવાની યોજના છે. અહીં ધર્માદા દવાખાનામાં એક દિવસની દવા ફ્રી દેવા માટે રૂા. ૫૦૦/- કાયમી તિથિ છે, પંચતીર્થમાં કાયમી પૂજાના રૂા. ૫૦૦/- છે તથા પરમાગમ મંદિરમાં કાયમી પૂજાના રૂા. ૩૦૦/- છે.

સોનાગિરિ પહાડ તદ્દન નાનકડો અને સહેલાઈથી ચડી શકાય તેવો છે. પહાડ ઉપર કુલ ૭૭ મંદિરો છે. દરેક મંદિર ઉપર મોટા અક્ષરે ક્રમ નંબર લખેલ છે. તેથી વગર ગાઈડે સૌ કોઈ સહેલાઈથી ક્રમસર દરેક મંદિરોમાં જઈ શકે છે. વળી મંદિરોની રચના જ એવી છે કે મંદિર નં. ૧ થી શરૂ કરો અને છેલ્લે જ્યારે મંદિર નં. ૭૭ આવે, ત્યારે તમે નીચે તળેટીમાં જ આવી ગયા હો. પહાડ ઉપર પાકો રસ્તો બાંધેલો છે.

<u>અગત્યની સૂચના</u> :- સોનાગિરિ પહાડ પરના દરેક મંદિરો બપોરે ૧૨:૦૦ વાગે માંગળિક (બંધ) થઈ જાય છે. જે બીજે દિવસે સવારે ૬:૦૦ વાગે ખૂલે છે. માટે પહાડ ઉપર સવારે

વ્હેલાસર ચડવું કે જેથી દરેક મંદિરમાં શાંતિથી દર્શન-પૂજા થઈ શકે. બપોરે મંદિરો ખોલતા જ નથી. પહાડ ઉપરના બધા જ મંદિરો શિખરબંધી છે અને દરેક મંદિરમાં લાઈટની વ્યવસ્થા છે.

શ્રી નંગ-અનંગકુમાર, વિગેરે મુનિઓએ અહીં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનનાં સમવસરણમાં ઉપદેશ સાંભળ્યો હતો. અહીંથી પાા કરોડ મુનિવરો મુક્તિ પામ્યા હતા. સોનાગિરિ પહાડ ઉપરના મંદિરોનું વર્ણન નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી નેમિનાથ મંદિર - અહીં શ્રી નેમિનાથ ભગવાનની ૫ ફીટ ઊંચી ખડ્ગાસન શ્યામ વર્ણની મૂર્તિ છે અને વિ. સં. ૧૨૧૯માં તેની સ્થાપના થયેલી છે.

મંદિર નં. ૨ : શ્રી નેમિનાથ મંદિર - દરવાજાની ઉપર આ મંદિર આવેલ છે. જેમાં ૨। ફીટના શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન શ્યામ વર્ણના છે.

મંદિર નં. ૩ : અહીં મુનિ મહારાજના પગલાં છે.

મંદિર નં. ૪ : શ્રી આદિનાથ મંદિર - શ્રી આદિનાથ ભગવાનના સફેદ આરસના ૧। ફીટના પદ્માસન પ્રતિમાજી છે. તે સિવાય ચોવીસ તીર્થંકર ભગવાનના ચરણ પાદુકા છે. જેની સ્થાપના સંવત ૧૮૮૮માં થયેલી છે.

મંદિર નં. ૫ : શ્રી પાર્શ્વનાથ મંદિર - આ મંદિરમાં આશરે ૧। ફીટના સફેદ આરસના પદ્માસન શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

મંદિર નં. ૬ : શ્રી ચન્દ્ર પ્રભુ મંદિર - અહીં સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે. જેની સ્થાપના સંવત ૧૯૩૦માં થઈ છે.

મંદિર નં. ૭ : અહીં આશરે ૨॥ ફીટના ખડ્ગાસને શ્યામ વર્ણના શ્રી નેમિનાથ ભગવાન છે.

મંદિર નં. ૮ : શ્રી પદ્મપ્રભુ મંદિર - અહીં સફેદ આરસના ૧ ફૂટના પદ્માસન શ્રી પદ્મપ્રભુ ભગવાન છે.

મંદિર નં. ૯ : શ્રી પાર્શ્વનાથ મંદિર - અહીં સફેદ આરસના ૨ ફીટના શ્રી પાર્શ્વનાથ ભગવાનના પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૦ : શ્રી પાર્શ્વનાથ મંદિર - મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ વર્ણના પદ્માસને આશરે ૨॥ ફીટના બિરાજે છે. ડાબી તરફ શ્રી અભિનંદનનાથ ભગવાનની ખડ્ગાસને સફેદ આરસની આશરે ૧॥ ફીટની પ્રતિમા છે. જમણી તરફ પદ્માસન બદામી રંગની મૂર્તિ છે.

મંદિર નં. ૧૧ : શ્રી ઋષભદેવ મંદિર - અહીં શ્રી ઋષભદેવ ભગવાન ખડ્ગાસને શ્યામ આરસના આશરે ૩ ફીટના બિરાજે છે.

મંદિર નં. ૧૨ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણના ખડ્ગાસને આશરે ૫ ફીટના બિરાજે છે.

મંદિર નં. ૧૩ : અહીં શ્રી આદિનાથ ભગવાનની પદ્માસન સફેદ આરસની ૧ ફૂટની પ્રતિમા છે.

મંદિર નં. ૧૪ : શ્રી આદિનાથ ભગવાન કથ્થાઈ વર્ણના ખડ્ગાસને ૧ાા ફીટના બિરાજમાન છે.

મંદિર નં. ૧૫ : શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનની શ્યામ આરસની ખડ્ગાસન ૩ ફીટની મૂર્તિ છે.

મંદિર નં. ૧૬ : અહીં શ્રી મહાવીર ભગવાનની બદામી રંગની પદ્માસન આશરે ૨ ફીટની મૂર્તિ છે.

મંદિર નં. ૧૭ : શ્રી પાર્શ્વનાથ મંદિર - અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસને સફેદ આરસના આશરે ૧ ફૂટના બિરાજમાન કરેલા છે.

મંદિર નં. ૧૮ : શ્રી આદિનાથ ભગવાન પદ્માસન સફેદ આરસના ૧ ફૂટના છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૯૨૩માં થયેલી છે.

મંદિર નં. ૧૯ : અહીં શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસને શ્યામ વર્ણના ધ્યાનસ્થ મુદ્રામાં આશરે ૨ ફીટના બિરાજમાન છે.

મંદિર નં. ૨૦ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના આશરે ૧। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના ૧ ફૂટના પદ્માસને છે.

મંદિર નં. ૨૨ : શ્રી અરનાથ ભગવાનની ખડ્ગાસન પ્રતિમા બદામી રંગની ૫ ફીટની છે.

મંદિર નં. ૨૩ : શ્રી સુપાર્શ્વનાથ ભગવાન પદ્માસન સફેદ આરસના ફેણવાળા આશરે ૧ ફૂટના છે, જેની પ્રતિષ્ઠા વીર સંવત ૧૮૮૪માં થયેલી છે. તેમની બાજુમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ વીર સંવત ૨૪૭૦ના પ્રતિષ્ઠિત છે અને બીજી તરફ પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને ૧ ફૂટના વીર સંવત ૧૮૩૦ના પ્રતિષ્ઠિત છે.

મંદિર નં. ૨૪ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણના ખડ્ગાસને આશરે ૪ ફીટના બિરાજમાન છે.

મંદિર નં. ૨૫ : શ્રી મલ્લિનાથ ભગવાન શ્યામવર્ણના પદ્માસન ૧।। ફીટના છે. સંવત ૧૮૨૫ના છે.

મંદિર નં. ૨૬ : શ્રી નેમિનાથ ભગવાન સફેદ પાષાણના પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૭ : શ્રી નેમિનાથ ભગવાનની શ્યામ પાષાણની પદ્માસન ૧ાા ફીટની પ્રતિમાજી છે.

મંદિર નં. ૨૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની આશરે ૫ ફીટની પ્રાચીન મૂર્તિ છે. આ પાષાણ બદામી જેવા રંગનો છે.

મંદિર નં. ૨૯ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસને ૬ ફીટના પ્રાચીન પાષાણના છે.

મંદિર નં. ૩૦ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની ખડ્ગાસને ૬ ફીટની પ્રાચીન પાષાણની પ્રતિમા છે. બદામી જેવો રંગ લાગે. આજકાલ શિલ્પીઓ જેવી સુંદર મૂર્તિઓ બનાવે છે, તેવી તે વખતના શિલ્પીઓ બનાવી નહીં શકતા હોય તેમ દરેક પ્રતિમાજી જોતા લાગે છે.

મંદિર નં. ૩૧ : શ્રી નેમિનાથ ભગવાનની ખડ્ગાસને શ્યામવર્ણની ૪ ફીટની પ્રતિમા છે. ઉપર ત્રણ છત્ર બનાવેલ છે.

મંદિર નં. ૩૨ : શ્રી અજીતનાથ ભગવાનની સફેદ પદ્માસન ૨ ફીટની મૂર્તિ વીર સંવત ૨૪૬૨ની છે.

મંદિર નં. ૩૩ : શ્રી સુમતિનાથ ભગવાન ખડ્ગાસને વીર સંવત ૧૯૯૨ના છે.

મંદિર નં. ૩૪ : શ્રી આદિનાથ ભગવાનની ખડ્ગાસને શ્યામ વર્ણની ૬ ફીટ ઊંચી પ્રતિમા છે. તે સિવાય એક વેદીમાં નંદીશ્વર દ્વીપની અતિ પ્રાચીન રચના વીર સંવત ૧૨૩૬ની છે. આ મંદિરની પાછળના ભાગમાં સિંદૂર લગાડેલી ક્ષેત્રપાલની મૂર્તિ છે.

મંદિર નં. ૩૫ : શ્રી આદિનાથ ભગવાનની ખડ્ગાસને ૩ ફીટની પ્રતિમાજી સંવત ૧૬૪૦ ની પ્રતિષ્ઠિત છે.

મંદિર નં. ૩૬ : શ્રી અજીતનાથ પ્રભુની પદ્માસન ૧ ફૂટની મૂર્તિ છે.

મંદિર નં. ૩૭ : શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન સફેદ ૧ ફૂટના વીર સંવત ૧૮૮૪ના છે.

મંદિર નં. ૩૮ : શ્રી આદિનાથ ભગવાન વીર સંવત ૧૯૫૦ના પદ્માસન છે. તેમની બંને બાજુ મહાવીર પ્રભુ ૨ ફીટના ખડ્ગાસને છે. આ મંદિર નં. ૩૮ ની પાછળ શ્રી સમ્મેદશિખરજીની રચના છે. જેમાં ચોવીસ દેરીઓમાં પગલાં છે તથા કૈલાસ પર્વતની રચના પણ છે. મુનિના ગયા ભવના વેરીએ આખો પહાડ હલાવ્યો. મુનિએ લબ્ધિથી પગનો અંગુઠો દબાવ્યો અને પહાડ સ્થિર થયો અને રાવણ દબાઈ ગયો. કૈલાસ પર્વત ઉપર શ્રી આદિનાથ પ્રભુ છે. તે સિવાય ત્રણ ચોવીસીની દેરીઓ છે. પણ તેમાં મૂર્તિ કે પગલાં કાંઈ જ નથી. ફક્ત દેરી ઉપર નામ લખેલા છે.

મંદિર નં. ૩૯ : શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસન શ્યામવર્ણ ૬ ફીટના છે. મૂર્તિ ઉપર ત્રણ છત્ર છે.

મંદિર નં. ૪૦ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામવર્ણના પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૪૧ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન સફેદ ૨ ફીટના છે.

મંદિર નં. ૪૨ : શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન બદામી જેવા પ્રાચીન પાષાણના ૮ ફીટ ઊંચા છે. આ મંદિર મોટું અને શિખરબંધ છે.

મંદિર નં. ૪૩ : શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસને ભૂખરા વર્ણના પાષાણના ૬ ફીટના છે. ઉપર ત્રણ છત્ર પણ છે. મૂર્તિની બંને બાજુ ઈન્દ્રો ચામર ઢાળે છે.

મંદિર નં. ૪૪ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ખડ્ગાસને ભૂખરા વર્ણના પાષાણના ૫ ફીટના છે.

ઉપર છત્ર પણ છે. બંને બાજુ યક્ષ છે. આ મંદિરમાં ક્ષેત્રપાલની સ્થાપના કરેલી છે.

મંદિર નં. ૪૫ : આ મંદિરમાં પાંચ વેદી છે, જેમાં શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસને (૨) શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસને વીર સંવત ૧૧૬૩ના (૩) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસને (૪) શ્રી નેમિનાથ ભગવાન પદ્માસને ૨ ફીટના અને (૫) શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસને ૩ ફીટના છે. તે સિવાય આરસનો વીર સ્થંભ તથા ૐ ધર્મચક્ર પણ છે.

મંદિર નં. ૪૬ : શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન ૩ ફીટના છે. તેમજ શ્રી ચન્દ્ર પ્રભુનું સમવસરણ બહુ સુંદર છે. આ મંદિરમાં ફરતા ચોવીસ તીર્થંકર ભગવંતોના ફોટા છે.

મંદિર નં. ૪૭ : શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસને ૬ ફીટના પ્રાચીન પાષાણના છે.

મંદિર નં. ૪૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ખડ્ગાસન ૫ ફીટના છે.

મંદિર નં. ૪૯ : શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન પ્રાચીન પાષાણના ૬ ફીટના છે. આ પ્રતિમાજીના ચક્ષુ ખુલ્લા છે.

મંદિર નં. ૫૦ : શ્રી વિમલનાથ ભગવાન ખડ્ગાસને બદામી જેવા ૬ ફીટના પ્રાચીન છે. નાનકડા દરવાજામાં થઈને અંદર મંદિરમાં જવાય છે.

મંદિર નં. ૫૧ : શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસને બદામી જેવા ૬ ફીટના છે.

મંદિર નં. ૫૨ : શ્રી મહાવીર પ્રભુ પદ્માસન કથ્થાઈ વર્ણના ૨।। ફીટના છે. તેમજ ઉપર છત્ર અને પાછળના ભાગમાં ભામંડળ છે. બંને બાજુ ઈન્દ્રો ચામર ઢોળે છે.

મંદિર નં. ૫૩ : શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસન બદામી વર્ણના ૨।। ફીટના છે. ભગવાનની એક બાજુ ઈન્દ્ર અને બીજી બાજુ ઈન્દ્રાણી ચામર ઢોળે છે.

મંદિર નં. ૫૪ : શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન શ્યામવર્ણના ૧।। ફીટના છે. બીજી વેદી ઉપર પણ શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ છે.

મંદિર નં. ૫૫ : અહીં ચૌમુખી ભગવાન છે. ચારે બાજુ જુદા-જુદા ભગવાન છે. આ ભગવાન ખોદકામમાં પ્રાપ્ત થયેલા છે. તેમાં ચૌમુખીમાં (૧) શ્રી ધર્મનાથ ભગવાન (૨) શ્રી ચન્દ્ર પ્રભુ (૩) શ્રી મહાવીર પ્રભુ અને (૪) શ્રી પદ્મપ્રભુ તેમ ચાર ભગવાન છે. આ રીતે ચારે બાજુ ચૌમુખીમાં જુદા-જુદા ભગવાન અહીં જ જોવા મળ્યા. સામાન્ય રીતે ચૌમુખીમાં ચારે બાજુ એક જ ભગવાન હોય છે.

મંદિર નં. ૫૬ : શ્રી શ્રેયાંસનાથ પ્રભુના ચરણકમળ છે. ચોકમાં શ્રી નંગ, શ્રી અનંગ અને શ્રી બાહુબલીજીની ખડ્ગાસને ત્રણ મૂર્તિઓ છે. ચોકમાં ફરતી ચોવીસ દેરીઓ

છે. જેમાં દરેકમાં ખડ્ગાસન પ્રતિમાજી છે. સામાન્ય રીતે બધે સ્થળે ચોવીસ તીર્થંકરોની પદ્માસન મૂર્તિઓ હોય છે. જ્યારે અહીં બધી જ મૂર્તિઓ ખડ્ગાસને છે. તે સિવાય ચોકમાં શ્રી માનસ્થંભજી છે. અહીં જળકુંડ છે, જેમાં કાયમ પાણી ભરેલું રહે છે.

મંદિર નં. ૫૭ : પહાડ ઉપરનું સૌથી મોટું મુખ્ય અગત્યનું આ મંદિર છે. કહેવાય છે કે અહીં શ્રી ચન્દ્ર પ્રભુજીનું સમવસરણ આઠ વખત આવ્યું હતું. શ્રી ચન્દ્ર પ્રભુજીની ખડ્ગાસને ૯ ફીટની મૂર્તિ છે. તેમની ડાબી તરફ શ્રી શીતલનાથ ભગવાન ખડ્ગાસન ૬ ફીટના છે. બધા જ ભગવાન પ્રાચીન છે. વચ્ચે મોટો ચોક છે. શ્રી ચન્દ્ર પ્રભુ સ્તોત્ર આરસમાં કોતરાવેલ છે. લોબીમાં ફરતા બાવીસ પરીષહના ચિત્રપટો છે તથા ચારે બાજુ દેરીઓ છે. તેમાં શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ૩ ફીટના સફેદ આરસના છે. તે સિવાય શ્રી નંગ, શ્રી અનંગ મુનિવરોના ચરણકમળ છે. ચોકમાં દિવાલ ઉપર ચારે બાજુ ચોવીસ પ્રભુના માત્ર નામ મોટા અક્ષરે લખેલા છે. શ્રી નંગ-અનંગ મુનિઓએ અહીં શ્રી ચન્દ્ર પ્રભુના સમવસરણમાં ઉપદેશ સાંભળીને મુનિ દીક્ષા અંગીકાર કરી હતી અને અહીંથી જ કેવળજ્ઞાન પામીને તેઓ મુક્તિ પામ્યા હતા. ચોકમાં ફરતી ચોવીસ તીર્થંકર પ્રભુની ચોવીસ દેરીઓ છે, જેમાં જુદા-જુદા વર્ણના આરસના પ્રતિમાજી છે. ચારે બાજુ આરસના પાટીયામાં સૂત્રો જેવા કે મુક્તિપંથ, દસધર્મ, બાવીસ પરિષહ વિગેરે છે. બાજુમાં ત્રણ ખડ્ગાસન મૂર્તિઓ છે. તેમાં વચ્ચે શ્રી બાહુબલીજી ભગવાનની સફેદ આરસની ૭ ફીટ ઊંચી મૂર્તિ છે. ડાબી બાજુ શ્રી નંગકુમારની અને જમણી બાજુ શ્રી અનંગકુમારની ખડ્ગાસન ૭-૭ ફીટની પ્રતિમાજી છે. તે સિવાય શ્રુતસ્કંધયંત્ર, મહાવીર વાણી, ગૌતમ ગણધર વાણી, બાર અંગ-નવ પૂર્વની રચનાના દશ્યો, વિગેરે છે. બહાર ચોકમાં આરસનો નવો માનસ્થંભ કરાવેલ છે, જેમાં ઉપર તથા નીચે ચારે તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની પદ્માસન પ્રતિમાજી છે. આ તરફ માનસ્થંભજીમાં ફકત ઉપર જ ચૌમુખી ભગવાન હોય છે. નીચે ભગવાન હોતા નથી. આ માનસ્થંભજીમાં નીચે તથા ઉપર બંને જગ્યાએ ચૌમુખી ભગવાન છે. પહાડ ઉપરના બધાં જ મંદિરોમાં આ મંદિર નં. ૫૭ વિશાળ અને ભવ્ય તથા દર્શનીય મંદિર છે. અહીં પૂજા-ભક્તિ કરવા માટે જગ્યા પણ ઘણી છે.

મંદિર નં. ૫૭ અને મંદિર નં. ૫૮ વચ્ચે જળકુંડ છે.

મંદિર નં. ૫૮ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન બદામી વર્ણના ૬ ફીટના છે. ડાબી તરફ શ્રી આદિનાથ ભગવાન અને જમણી તરફ શ્રી મહાવીર ભગવાન ખડ્ગાસન

બંને ૬-૬ ફીટના છે. વચ્ચે ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવના સ્મારક રૂપે આરસનો સ્થંભ છે.

મંદિર નં. ૫૯ : અંદર ઊંડે-ઊંડે શ્રી આદિનાથ પ્રભુ ખડ્ગાસન ૬ ફીટના છે.

મંદિર નં. ૬૦ : ત્રણ વાટિકા અથવા ગંધકુટિ જેવી ત્રણ વેદી જેવી રચના છે. તેમાં ઉપરની ત્રીજી પીઠિકા ઉપર શ્રી સુપાર્શ્વનાથ ભગવાન પદ્માસને છે. ઉપર ચડીને દર્શન કરવા જઈએ ત્યારે ઉપરથી સોનાગિરિના આખા પહાડના બધા જ મંદિરોના નાના-મોટા દરેક શિખરોના દર્શન થાય છે. ઉપર જવા માટે તદ્દન નાનકડો રસ્તો અને નાનકડા પગથિયાં છે કે જ્યાંથી વારાફરતી એક-એક વ્યક્તિ જ ઉપર જઈ શકે. બીજે છેડેથી નીચે ઉતરી જવાય તેવી રચના છે. આ રચના વીર સંવત ૧૫૪૯માં થયેલી છે. આ મંદિરને "ચકીવાળું મંદિર" અથવા "મેરૂ મંદિર" પણ કહે છે.

મંદિર નં. ૬૧ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણના ખડ્ગાસન ૩ ફીટના છે.

મંદિર નં. ૬૨ : શ્રી મહાવીર પ્રભુ બદામી વર્ણના ખડ્ગાસન ૬ ફીટના છે.

મંદિર નં. ૬૩ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસન બદામી વર્ણના ૬ ફીટના છે.

મંદિર નં. ૬૪ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ વર્ણના પદ્માસન ૧॥ ફીટના છે.

મંદિર નં. ૬૫ : નાનકડી દેરીમાં શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન ૧ ફૂટના છે.

મંદિર નં. ૬૬ : શ્રી સંભવનાથ ભગવાન સફેદ વર્ણના ૦।। ફીટના છે.

મંદિર નં. ૬૭ : શ્રી મહાવીર ભગવાનના ખડ્ગાસન ૩ ફીટના પ્રતિમાજી છે. રસ્તામાં બે મુનિના પગલાં છે.

મંદિર નં. ૬૮ : ઊંચા શિખરબંધ મંદિરમાં શ્રી મહાવીર પ્રભુ પદ્માસન ૧॥ ફીટના છે. ડાબી બાજુ શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન કથ્થાઈ વર્ણના ૨ ફીટના સ્હેજ ખંડિત થયેલા છે. જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ પદ્માસન છે.

મંદિર નં. ૬૯ : શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન બદામી વર્ણના ૩ ફીટના છે.

મંદિર નં. ૬૯ અને મંદિર નં. ૭૦ ની વચ્ચે "નારિયેળી કૂંડ" અને "બાજની શીલા" આવે છે. બાજની શીલા પથ્થરની છે. તેની ઉપર લાકડી પછાડતાં અવાજ નીકળે છે. તેમ ઈતિહાસ કહે છે. આ નારિયેળી કૂંડનો ઈતિહાસ એમ કહે છે કે તે કૂંડમાં બદામ નાખો અને જો બદામ તરે તો તેને ઘરે સંતાન પ્રાપ્તિ થશે. નારિયેળી કૂંડની બાજુમાં મુનિરાજના ચરણ છે.

મંદિર નં. ૭૦ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૪ ફીટના છે.

મંદિર નં. ૭૧ : ચૌમુખી ખડ્ગાસન પ્રતિમાજી છે. અહીં પણ ચારે તરફ ચારે ભગવાન જુદા-જુદા છે. (૧) શ્રી આદિનાથજી (૨) શ્રી વાસુપૂજ્ય (૩) શ્રી અનંતનાથ પ્રભુ અને (૪) શ્રી કુન્થુનાથ-ચારે પ્રતિમાજી ખડ્ગાસન ૪-૪ ફીટના શિખરબંધી દેરીમાં છે.

મંદિર નં. ૭૨ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ ખડ્ગાસન ૩ ફીટના છે. તેની બંને બાજુ બે પ્રતિમાજી શ્રી ચન્દ્ર પ્રભુના ખડ્ગાસને છે.

મંદિર નં. ૭૩ : શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસન ૪ ફીટના છે.

મંદિર નં. ૭૪ : શ્રી મહાવીર પ્રભુ પદ્માસન સફેદ ૪ ફીટના વીર સંવત ૧૮૩૮ના છે. જમણી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા વિ. સં. ૨૦૪૪ વીર સંવત ૨૫૧૪ છે. ડાબી તરફ નાના ખડ્ગાસન પ્રતિમાજી છે. બાજુમાં વચ્ચે શ્રી ચન્દ્ર પ્રભુ છે અને તેમની બંને બાજુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. આ મંદિરમાં સાત વેદી છે. તેમાં શ્રી મુનિસુવ્રતનાથ પદ્માસન સફેદ વર્ણના ૧ ફૂટના તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન શ્યામ ૧ ફૂટના છે તથા વચ્ચેની વેદીમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન સફેદ ૧॥ ફીટના છે. તેની બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૧ ફૂટના છે. તેમજ શ્રી શાંતિનાથ ભગવાનની એક મૂર્તિ પદ્માસન સફેદ ૧॥ ફીટની છે. આગળ ક્ષેત્રપાલની મોટી મૂર્તિ આવે છે.

મંદિર નં. ૭૫ : શ્રી ચન્દ્ર પ્રભુજી શ્યામ વર્ણના પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૭૬ : શ્રી ચન્દ્ર પ્રભુજી ખડ્ગાસન ૬ ફીટના છે. ડાબી તરફ શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન સફેદ ૫ ફીટના સં. ૧૮૮૪ના છે. જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ પદ્માસન સફેદ ૫ ફીટના છે. ખોદકામમાં પ્રાપ્ત થયેલ પ્રાચીન ખંડિત મૂર્તિઓ ગેલેરીમાં મૂકેલી છે.

મંદિર નં. ૭૭ : શ્રી મહાવીર પ્રભુ શ્યામ વર્ણના પદ્માસન ૧॥ ફીટના છે.

આ રીતે ૭૭ મંદિરની યાત્રા પૂર્ણ થતાં પહાડ ઉપરથી સહજ નીચે તળેટીમાં આવી જવાય છે. આખા પહાડની યાત્રા-માત્ર દર્શન કરતા પૂરા ૨॥ કલાક થાય છે.

તળેટીમાં ૧૭ પ્રાચીન શિખરબંધ મંદિરો છે. બીજા નવા ૧૦ મંદિરો મળીને કુલ ૨૭ મંદિરો તળેટીમાં છે. તળેટીમાં શ્રી પરમાગમ મંદિર તથા શ્રી ચન્દ્ર પ્રભુ જિનાલય છે. મંદિરમાં દિવાલો ઉપર પંચ પરમાગમની મૂળ ગાથાઓ, દ્રવ્યસંગ્રહ, રત્નકરંડ શ્રાવકાચાર, તત્વાર્થસૂત્ર આરસમાં કોતરાવીને લગાવેલ છે તથા મંદિરમાં ૫॥ ફીટના પદ્માસન શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે. મોટા હોલમાં પૂજન વિધાન થઈ શકે તેવી સગવડતા છે. અહીં દરરોજ સવારે અને રાત્રે પંડિતો દ્વારા પ્રવચન થાય છે.

તળેટી મંદિર નં. ૧ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક છે. તે સિવાય પંચધાતુની મૂર્તિઓ છે.

તળેટી મંદિર નં. ૨ : લશ્કરવાળાનું મંદિર-પંચધાતુના શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે.

તળેટી મંદિર નં. ૩ : મૂળનાયક શ્રી મહાવીર પ્રભુજી છે. બંને બાજુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ આરસના છે. તે સિવાય પંચધાતુંના પાંચ પ્રતિમાજી છે. વચ્ચે ચોક છે. ફરતા રંગબેરંગી સ્થંભો છે. અહીં સ્વાધ્યાય મંદિર હોલ પણ છે.

તળેટી મંદિર નં. ૪ : "દિગંબર જૈન ગોલ શૃંગાર મંદિર" નામ છે. જેમાં મૂળનાયક શ્રી નેમિનાથ પ્રભુ છે. બંને બાજુ બે પંચધાતુના ભગવાન છે. સોનેરી રંગબેરંગી વેદી ઉપર ભગવંતો બિરાજમાન કરેલા છે.

તળેટી મંદિર નં. ૫ : "પુરવાલ દિગંબર જૈન મંદિર" નામ છે, જેમાં શ્રી નેમિનાથ પ્રભુજી મૂળનાયક છે. તે સિવાય આ મંદિરમાં પદ્માવતી દેવીની મૂર્તિ છે. પંચધાતુના પંચમેરૂ છે. ડાબી તરફ શ્રી નંગની ખડ્ગાસન મૂર્તિ અને જમણી તરફ શ્રી અનંગની ખડ્ગાસન મૂર્તિ છે. બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મોટી મૂર્તિ છે. તેમજ તેમની બાજુમાં પણ ખડ્ગાસને બે મૂર્તિઓ છે.

તળેટી મંદિર નં. ૬ : શ્રી અજીતનાથ પ્રભુ પદ્માસને છે. ડાબી તરફ શ્રી સુપાર્શ્વનાથજી છે.

તળેટી મંદિર નં. ૭ : શિખરબંધ વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન સફેદ ૨ ફીટના સં. ૧૮૮૪ના છે. જમણી બાજુ પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે અને તેમની બાજુમાં પંચધાતુના નાના ભગવાન છે. ડાબી બાજુ પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. વચ્ચે બહુ મોટો ચોક છે.

તળેટી મંદિર નં. ૮ : રંગબેરંગી કાચની વેદી ઉપર શ્રી શાંતિનાથ પ્રભુના ખડ્ગાસન ૧૨ ફીટ ઊંચા પ્રતિમાજી છે. ડાબી બાજુ શ્રી સુવિધિનાથજી ૭ ફીટના ખડ્ગાસન છે. તેમની બાજુમાં બીજા ખડ્ગાસન પ્રતિમાજી છે. જમણી બાજુ પણ ખડ્ગાસન ૭ ફીટના ભગવાન છે. તેમની બાજુમાં પણ બીજા ખડ્ગાસન પ્રતિમાજી છે. રંગબેરંગી કાચનું સુશોભિત મંદિર છે. આ મંદિરમાં ઉપર પણ પહેલા માળે દર્શનીય મંદિર છે. ફરતા ચારે તરફ આરસના સ્થંભો છે.

તળેટી મંદિર નં. ૯ : મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન નાના છે. બાજુમાં ખડ્ગાસન પ્રતિમાજી છે. તેમની બાજુમાં આરસના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે.

તળેટી મંદિર નં. ૧૦ : ખૂબ જ ઊંચી ગંધકુટિ જેવી વેદીમાં-દેરીમાં નાનકડા ખડ્ગાસન પ્રતિમાજી છે. તેમની બાજુમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન છે. મંદિર જૂનું છે.

તળેટી મંદિર નં. ૧૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન નાના છે. તે સિવાય બીજા છ પ્રતિમાજી છે.

તળેટી મંદિર નં. ૧૨,૧૩ અને ૧૪ ની માહિતી મેળવી શકાઈ નથી.

તળેટી મંદિર નં. ૧૫ : આ આખું મંદિર ઈંદોરના કાચના મંદિર જેવું જ કાચનું, રંગબેરંગી અને દર્શનીય છે. તળેટીના બધા મંદિરોમાં આ મંદિર ચડિયાતું છે. આ વીસપંથી મંદિર છે. રંગબેરંગી કાચ સાથે સોનાનું સુશોભિત કામ છે. અહીં શ્રી અનંતનાથ પ્રભુજી છે. બાજુમાં શ્યામ આરસની પદ્માસન શ્રી આદિનાથ પ્રભુની મોટી મૂર્તિ છે. ડાબી બાજુ પંચધાતુના ગોળાકાર ત્રણ ચોવીસી ભગવંતો છે. જમણી તરફ શ્રી અજિતનાથજીના પદ્માસન શ્યામ મોટા પ્રતિમાજી છે. તે સિવાય મંદિરમાં ઐતિહાસિક અને ધાર્મિક રંગબેરંગી ચિત્રપટો છે. જેવા કે શ્રી ગિરનારજી, શ્રી સમ્મેદશિખરજી, મુનિઓના ફોટા, શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજીના કાચની સુંદર ફ્રેમમાં મઢાવેલા બહુ જ સુંદર ચિત્રપટો, વિગેરે છે. આ મંદિરમાં પંચધાતુના ઘણા પ્રતિમાજી છે. આખા મંદિરમાં ચોતરફ તથા છતમાં રંગબેરંગી સુવર્ણકામ સાથે નકશીવાળું ખૂબ આકર્ષક કામ કરેલું છે.

સોનાગિરિમાં યુનાઈટેડ કોમર્શીયલ બેંકની શાખા છે.

*સર્વજ્ઞ અરિહંતદેવ અને બીજા કુદેવ - તેમની વચ્ચે તફાવત ઓળખ્યા વિના ભલે અરિહંતદેવને માને. તો પણ તેને ગૃહિત મિથ્યાત્વ છૂટતુ નથી. તે જ પ્રમાણે સાચા ગુરુ અને સાચા શાસ્ત્રમાં પણ સમજવુ.*

*- પૂ. ગુરુદેવશ્રી, છહ ઢાળા પ્રવચન.*

o o o o o

*હે જીવ ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામો તું નથી. એ પરિણામો તું નથી અને તે પરિણામો તારા સ્વભાવમાં નથી. તેનો કર્તા-ભોક્તા પણ તું નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો. તેની દષ્ટિ કર.*



दिगम्बर जैन तीर्थक्षेत्र उत्तरप्रदेश
पैमाना
उत्तरांचल
नेपाल
हरियाणा
राजस्थान
मध्य प्रदेश
बिहार
देहरादून को
हरिद्वार को
नैनीताल को
जयपुर को
मुरैना को
भीण्ड को
ग्वालियर को
सागर को
रीवा को
गोपालगंज को
सिवान को
आरा को
औरंगाबाद को
सहारनपुर
बिजनौर
अमरोहा
मुरादाबाद
रामपुर
पीलीभीत
बुलन्दशहर
बरेली
बदायूं
अलीगढ़
एटा
शाहजहांपुर
खीरी
सीतापुर
बहराइच
बलरामपुर
नवगढ़
महाराजगंज
हरदोई
कन्नौज
इटावा
औरैया
अकबरपुर
कानपुर
उन्नाव
लखनऊ
रायबरेली
सुल्तानपुर
बस्ती
गोरखपुर
देवरिया
आजमगढ़
जालौन
हमीरपुर
फतहपुर
प्रतापगढ़
जौनपुर
गाजीपुर
बलिया
बांदा
महोबा
चित्रकूट
इलाहाबाद
वाराणसी
चन्दौली
मिर्जापुर
सोनभद्र
आगरा
मैनपुरी
फर्रुखाबाद
कम्पिल
राजमल
रतनपुरी
अयोध्या
त्रिलोकपुर
श्रावस्ती
पभोसा
कौशाम्बी
प्रयाग
चन्द्रपुरी
भेलूपुर
सिंहपुरी
ककन्दी
कहाऊ
आरा
अहिच्छत्र (रामनगर किला)
हस्तिनापुर
बहसूमा
बडागांव
हुसैनपुर
मेरठ
बागपत
गाजियाबाद
नोएडा
दिल्ली
सिहोनिया
बरही
सोनागिरि
करगुवा
झांसी
पवा
गोलाकोट
बूढ़ी चंदेरी
पपौरा
पवाजी
थूबौन
ललितपुर
बानपुर
अहारजी
पपौराजी
खजुराहो
अजयगढ़
गिरार
नैनागिरि
पटनागंज
दि.जैन तीर्थ
प्रमुख शहर
राष्ट्रीय राजमार्ग
मुख्य सड़कें
रेल मार्ग
जिला सीमा

# લલિતપુર

સોનાગિરિથી બપોરે ૧૨:૦૦ વાગ્યે છત્તીસગઢ એકસપ્રેસમાં નીકળીને લલિતપુર જઈ શકાય છે. આ ટ્રેઈન સાંજે ૪॥ વાગ્યે લલિતપુર પહોંચે છે. સોનાગિરિ તીર્થક્ષેત્ર કમિટીની બસ જેમ રેલ્વે સ્ટેશને યાત્રિકોને લેવા માટે આવે છે તેમ પાછા જવા માટે પણ રેલ્વે સ્ટેશને મૂકવા માટે આવે છે.

રેલ્વે સ્ટેશને પહોંચવા માટે ઘણી જ રિક્ષાઓ મળે છે. લલિતપુર રેલ્વે સ્ટેશન ઘણું મોટું છે. તેથી બધી જ ટ્રેઈનો આ સ્ટેશને ઊભી રહે છે. લલિતપુર રેલ્વે સ્ટેશન રેલ્વેનું જંકશન છે અને અહીંથી જૈનોના ઘણા તીર્થધામોની યાત્રા થઈ શકે છે. તેથી લલિતપુરને જૈન તીર્થ જંકશન પણ કહે છે. રેલ્વે સ્ટેશનેથી માત્ર ૧૦-૧૨ મિનિટના રસ્તે મેઈન રોડ ઉપર "ક્ષેત્રપાલની ધર્મશાળા" આવે છે, જે ખૂબ પ્રખ્યાત છે અને ઘણી મોટી છે. આ ધર્મશાળામાં ૭૫ જેટલી રૂમો છે. તે સિવાય બીજી કેટલીક જૂની પુરાણી રૂમો પણ છે. આ ધર્મશાળા સારામાં સારી છે. ગાદલા ગોદડા જોઈએ તો તે પણ ભાડાથી આપે છે. લલિતપુર હેડ કવાર્ટર રાખીને બધે યાત્રાએ જવું સારૂ છે. રૂમ બંધ કરીને સામાન મૂકીને આપણું તાળું લગાવીને બીજે યાત્રા માટે બે દિવસ જવું હોય તો પણ છૂટ છે કે જેથી બધા ગામમાં સામાન સાથે ફેરવવો ન પડે. ધર્મશાળાના મકાનમાં જ બહાર રોડ ઉપર ૩-૪ દુકાનો છે કે જ્યાં ચા-દૂધ સારા બનાવી આપે છે. તેમજ ત્યાં સેવ, મગજ, બરફી, વિગેરે નાસ્તો પણ મળે છે. વળી ઓર્ડર આપો તો પુરી-શાક, દાળ-ભાત, વિગેરે પણ ખૂબ જ વ્યાજબી ભાવથી કરી આપે છે. ગરમ દૂધ પણ ખાંડ નાખીને વ્યાજબી ભાવથી અને સારૂં આપે છે.

લલિતપુરથી યાત્રાએ જવા માટે જીપકાર તથા ટાટા સુમો ભાડાથી મળે છે. અહીં મોટી બસ કે મીની બસ મળતી જ નથી. જીપમાં ૮-૯ વ્યક્તિઓને ખુશીથી બેસાડે છે. અહીં એક દિગંબર ભાઈ રાજકુમારજી નાયક છે, જે બહુ સજ્જન માણસ-વેપારી છે. રેલ્વે સ્ટેશનથી ધર્મશાળા આવતાં ડાબી તરફ મેઈન રોડ ઉપર નાયક ઓટો પાર્ટ્સ નામની તેમની દુકાન છે. દુકાનની પાછળના જ ભાગમાં તેઓ રહે છે. તેઓ ટાટા સુમો જેવી ગાડી ભાડાથી વ્યાજબી ભાવે આપે છે. અગાઉથી લખો તો ગાડી બીજા કોઈને ન આપતા રાખી મૂકે છે. તે સિવાય બીજા એક દિગંબર જૈન ડોકટર રાજેન્દ્રકુમારજી જૈન છે. તેઓ પણ જીપ ભાડાથી આપે છે. બીજી જીપ જોઈએ તો તેઓ મંગાવી આપે છે. તેમજ તેમના ડ્રાઈવરને યાત્રાના સ્થળોની પૂરી લાઈન દોરી આપે છે.

લલિતપુરમાં ૧૦૦૦ દિગંબર જૈન ઘર છે. જેમાં ઘણા મુમુક્ષુઓ છે. લલિતપુરમાં ચાર શિખરબંધ ખૂબ જ મોટા અને ભવ્ય જિનમંદિરો છે અને ત્રણ ચૈત્યાલયો છે. ક્ષેત્રપાલની ધર્મશાળામાં જે બાર મંદિરો છે, તેનું વર્ણન નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી અભિનંદનનાથ પદ્માસન શ્યામ આરસના ૩ ફીટના છે.

મંદિર નં. ૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા પદ્માસન ૪ ફીટના છે.

મંદિર નં. ૩ : નાના ત્રણ પ્રતિમાજી પદ્માસન છે. તે સિવાય એક પંચધાતુના અને એક રૂપેરી ધાતુના ભગવાન છે.

મંદિર નં. ૪ : રંગબેરંગી વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુની એક તથા પંચધાતુની અન્ય એક મૂર્તિ છે.

મંદિર નં. ૫ : આરસની વેદી ઉપર પાંચ પ્રતિમાજી છે તથા નાની પંચધાતુની મૂર્તિ છે.

મંદિર નં. ૬ : શ્રી શાંતિનાથ ભગવાન પંચધાતુના ૧। ફીટના છે. ફરતા કાચ છે. બાજુમાં નાના પંચધાતુના તથા રૂપેરી ધાતુના પ્રતિમાજી છે.

મંદિર નં.૭(અ): શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ફેણવાળા પ્રાચીન ૬ ફીટના છે.

મંદિર નં.૭(બ): સોનેરી વેદી ઉપર પદ્માસન ફેણવાળા પ્રાચીન ૬ ફીટના પ્રતિમાજી છે.

મંદિર નં. ૮ : ભોંયરામાં પ્રાચીન ૨૧ મૂર્તિઓ છે. ખોદકામમાં પ્રાપ્ત થયેલા આ ભગવંતોની પ્રતિષ્ઠા કરેલી છે.

મંદિર નં. ૯ : આરસના પદ્માસન પ્રભુની મૂર્તિ છે તથા પંચધાતુની મૂર્તિ છે.

મંદિર નં. ૧૦ : ઊંચી દેરીમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન છે.

મંદિર નં. ૧૧ : આરસની પદ્માસન ૧ ફૂટની મૂર્તિ છે તથા પંચધાતુના ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

મંદિર નં. ૧૨ : ઊપર મોટી અગાશીમાં ખૂબ મોટો હોલ બનાવ્યો છે. તેમાં ખડ્ગાસને આરસના ખૂબ મોટા, ભાવવાહી અને સૌમ્ય શ્રી આદિનાથજી, શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજીના પ્રતિમાજી તા. ૨૨-૧૨-૧૯૯૩ના રોજ પ્રતિષ્ઠિત કરેલા છે. આ સિવાય ચોકમાં શ્રી માનસ્થંભજી છે તથા ચાર આચાર્યના ચરણકમળ છે.

આટા મંદિર :- મંદિરનું નામ આટા મંદિર છે. ગામમાં ટાવર પાસે જ છે. ક્ષેત્રપાલની ધર્મશાળાથી ચાલતાં જઈ શકાય છે. આ મંદિરમાં ઘણા મંદિરો નંબર સહિત છે. તેનું વર્ણન નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસને સફેદ આરસના ૭ ફીટના છે.

મંદિર નં. ૨ : રંગબેરંગી વેદી ઉપર પદ્માસન શ્યામ વર્ણના ૧ ફૂટના પ્રતિમાજી છે. તે સિવાય પંચધાતુના ૩ ઈંચથી ૯ ઈંચ સુધીના આઠ પ્રતિમાજી છે.

મંદિર નં. ૩ : આરસના બદામી વર્ણના ૯ ઈંચના ભગવાન છે. તે સિવાય પંચધાતુના ચાર પ્રતિમાજી છે. માનસ્થંભજી પણ છે. જેમાં ઉપર ચૌમુખી ભગવાન છે. બાજુમાં ૦।।।-૦।।। ફૂટના બે ભગવાન છે. તે સિવાય પંચધાતુના આઠ પ્રતિમાજી છે.

મંદિર નં. ૪ : ત્રીજે માળે રંગબેરંગી વેદી ઉપર આરસના પાંચ બાલયતિ ભગવંતો છે.

શ્રી વાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર પ્રભુ - તેમ પાંચ બાલયતિઓની આ મૂર્તિઓ છે. તે સિવાય બીજા ઘણા પ્રતિમાજી છે. રૂપેરી ધાતુની ૯ ઈંચની બે મૂર્તિ પણ છે. ૬ ઈંચની રૂપેરી ધાતુની બે મૂર્તિ છે. સોનેરી પંચધાતુના ઘણા જ ભગવાન છે. જાણે કે ભગવંતોનો દરબાર - મેળો ભરાયો હોય તેવું લાગે છે. આ મંદિરજીનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૮-૧૨-૯૩ થી તા. ૨૩-૧૨-૯૩ સુધી હતો. ગોખલામાં વચ્ચે સિંહાસન ઉપર રૂપેરી ધાતુના બંને બાજુ ચાર-ચાર તેમ કુલ આઠ પ્રતિમાજી એક જ વેદીમાં છે. તે સિવાય બીજા ગોખલામાં પદ્માસને ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓ છે. ચોવીસેય ભગવાન ૪ ફીટના છે. બીજે ઘણે સ્થળે ચોવીસ ભગવાન હોય, પણ નાના ૧ થી ૧। ફીટના જ હોય છે. જ્યારે અહીં બધા જ ભગવંતો ૪-૪ ફીટના હોઈને અતિ ભવ્ય લાગે છે. આ મંદિર વીર સંવત ૨૫૧૪માં બનેલ છે. તે સિવાય મોટા હોલમાં મધ્યમાં શ્રુત કેવળીઓ (૧) શ્રી વિષ્ણુવર્ધનજી (૨) શ્રી નંદીમિત્ર (૩) શ્રી ગોવર્ધનજી (૪) શ્રી અપરાજીતજી તથા (૫) શ્રી ભદ્રબાહુજી - તેમ પાંચ શ્રુતકેવળીઓની મૂર્તિઓ છે. તે સિવાય ૪ ફીટના આરસના શ્રી શ્રેયાંસનાથ ભગવાન છે. તે સિવાય મંદિરમાં ખાસ જોવાલાયક તાંબાની ખૂબ જ જાડી પ્લેટ ઉપર (પતરા ઉપર નહીં, પણ જાડી પ્લેટ ઉપર) (૧) શ્રી રત્નકરંડ શ્રાવકાચાર (૨) શ્રી આપ્ત મીમાંસા તથા (૩) શ્રી જિન સત... અને (૪)...... તેમ ચાર શાસ્ત્રો તાંબાની જાડી પ્લેટ ઉપર સં. ૧૯૯૩માં કોતરાવેલા છે. આવી જાડી પ્લેટ ઉપર કોતરેલા શાસ્ત્રો અહીં જ જોવા મળ્યાં. ચોથા માળે શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસને ૩ ફીટના છે. તે સિવાય બીજા પંચધાતુના પ્રતિમાજી છે. આ સિવાય ચોથા માળે બીજી નવી નવી વેદીઓ તૈયાર થાય છે.

મંદિરજીના મુખ્ય દરવાજા ઉપર બે ખૂબ મોટા હાથીવાળો સીમેન્ટનો સુંદર રથ બનાવેલ છે. મોટા બે હાથીવાળો આવો સુંદર સીમેન્ટનો રથ હજુ સુધી ક્યાંય જોવા મળ્યો નથી. આ રીતે ચાર માળનું આ આટા મંદિર ઘણું જ ભવ્ય છે. તેના દાદરના પગથિયાં પણ આરસના અને ખૂબ જ પહોળા છે. દાદરમાં "અતિ લોભ તે પાપનું મૂળ છે" તેનું મોટું ચિત્રપટ દાદરની દિવાલ ઉપર લગાડેલું છે. આવા ચાર-ચાર માળના મંદિરો બીજે ક્યાં જોવા મળે છે ? ખરેખર લલિતપુર જોવા-દર્શન કરવા માટે અવશ્ય જવા જેવું છે.

કટરા બઝારનું મંદિર-નયા મંદિર :- લલિતપુરનું આ બીજુ મંદિર આટા મંદિરની સામેની જ ગલીમાં કટરા બઝારમાં અંદર ઊંડે-ઊંડે જતાં આવે છે. આ મંદિરમાં અંદર હારબંધ મંદિરો છે. એટલે કે આ એક જ મંદિરમાં ચૌદ દેરીઓ છે. દરેક વેદી રંગબેરંગી છે. ત્રણ મુખ્ય ભગવાન, તે સિવાય પંચધાતુના ચાર નાનકડા માનસ્થંભ ઘણી દેરીઓમાં છે. આ ચૌદ દેરીની પાછળ બીજુ મંદિર છે. અહીં રંગબેરંગી સ્થંભો તથા રંગબેરંગી દીવાલો છે. ચાર મોટા થાળમાં બાર પંચધાતુના

ભગવંતો છે. મોટા સિંહાસનમાં રૂપેરી ધાતુના ભગવાન છે. વચ્ચે ધાતુના ચૌમુખી ભગવાન છે. તે સિવાય પંચધાતુના ૫ ફીટના ખડ્ગાસન શ્રી બાહુબલીજી ભગવાન ગ્રેનાઈટની વેદી ઉપર બિરાજમાન કરેલા છે. પંચધાતુના ૫ ફીટના અને તે પણ ખડ્ગાસન પ્રતિમાજી બહુ ઓછા સ્થળે જોવા મળે છે. સાગર પાસે બીજુ નવું તીર્થક્ષેત્ર મંગલગીરી વિકસી રહ્યુ છે. ત્યાં ૯ ટનના પંચધાતુના ખડ્ગાસન શ્રી મહાવીર પ્રભુ ૧૧। ફીટના બિરાજમાન કર્યા છે. આ મંગલગીરીનું વર્ણન આગળ જતાં આ પુસ્તકમાં આપેલ છે. આવા ભવ્ય મંદિરોના વર્ણન વાંચવા કરતા નજરે દર્શન કરવા જાઓ, ત્યારે જ તમને તેની ભવ્યતાનો, સૌમ્યતાનો, મુખ ઉપર તરતી વિતરાગતાનો ખ્યાલ આવે. બાકી લખાણમાં તો કેટલું લખાય? તે સિવાય આ મંદિરજીમાં શ્રી સમ્મેદશિખરજી, શ્રી રાજગૃહી અને શ્રી ગિરનારના ત્રણ મોટા ચિત્રપટો છે. છતમાં રંગબેરંગી કામ છે. તે સિવાય શ્રી ભરતજી શ્રી ઋષભદેવ ભગવાનને વંદન કરે છે - તે તથા બાર ભાવનાના ચિત્રપટો છે.

**ત્રીજું મંદિર (બડા મંદિર) :-** લલિતપુરનું આ ખરેખર દર્શનીય અને ભવ્ય મંદિર છે. તેનું નામ "બડા મંદિર" છે. જેવું નામ છે, તેવું જ મોટું મંદિર છે. નયા મંદિર વાળી ગલીમાં અંદર ઊંડે-ઊંડે જતાં બડા મંદિર આવે છે. રંગબેરંગી વેદી ઉપર કુલ ૨૨ મંદિરો આ મંદિરમાં છે. દરેક મંદિર ઉપર ક્રમ નંબર લખેલા છે. દરેકે-દરેક મંદિર ભવ્ય અને જરૂર જોવાલાયક છે. એક મંદિરમાં કિંમતી પાષાણના પ્રતિમાજી છે. સમયના અભાવે બધા મંદિરોની નોંધ થઈ શકી નથી. અહીં શ્રી આદિનાથ પ્રભુનું મંદિર બડે દાદાના મંદિર તરીકે ઓળખાય છે, જેનો નંબર ૧૮ છે. કહેવાય છે કે આ પ્રતિમાજીને બીજા ગામ લઈ જવાના હતા. ઘણા માણસોએ તેમને લઈ જવા માટે ખૂબ જ પ્રયત્ન કર્યો. પરંતુ મૂર્તિ જરા પણ ખસી નહી. તેથી સમાજે પછીથી આ મૂર્તિની અહીં જ સ્થાપના કરી. આ ભગવાન પદ્માસન સફેદ આરસના ૫ ફીટના છે. નીચે પંચધાતુનો મોટો પંચમેરૂ છે. બાજુમાં શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસને ૩ ફીટના છે. તે સિવાય સપ્તર્ષિ પંચધાતુના ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૯માં શ્રી બાહુબલીજી ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૭ ફીટના છે. ડાબી તરફ શ્રી આદિનાથ પ્રભુ અને જમણી તરફ શ્રી ભરતજી ખડ્ગાસને છે. સપ્તર્ષિ પણ ખડ્ગાસને છે. તે સિવાય ૬૩ શલાકા પુરૂષનું વર્ણન દિવાલ ઉપર ઓઈલ પેઈન્ટથી લખેલ છે. ચોવીસ તીર્થંકર + બાર ચક્રવર્તી + નવ બલભદ્ર + નવ નારાયણ + નવ પ્રતિ નારાયણ - તેમ કુલ ૬૩ શલાકા પુરૂષ હોય છે. અહીં ઘણો જ મોટો સ્વાધ્યાય હોલ પણ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા ૭ ફીટના બિરાજમાન છે. જાન્યુઆરી, ૧૯૯૬માં તેમની પ્રતિષ્ઠા થયેલી છે. તે સિવાય પંચધાતુના ૩ ઈંચના ચોવીસ પ્રતિમાજી છે. વચ્ચે મોટો ચોક છે, જેમાં ફરતા રંગબેરંગી સ્થંભો છે. અંદર અંદર તેમ ઘણા મંદિરો આ મંદિરમાં છે. અંદર જતાં ભૂલા પડાય તેવું લાગે છે.

**શ્રી સીમંધર જિનાલય - લલિતપુરનું ચોથું મંદિર :-** ટાવરની સામેની ગલીમાં આ મંદિર છે. નીચે મોટું શોપીંગ સેન્ટર છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં મંડળના સભ્યોએ દુકાનો કરાવેલ છે કે જેથી

મંદિરને કાયમી ભાડાની આવક ચાલુ રહે. મંદિર આ શોપીંગ સેન્ટરની ઉપર આવેલું છે. આ જિનમંદિરોની શિલાન્યાસ વિધિ આપણા ધર્મપિતા પરમ કૃપાળુ પૂજ્ય કહાનગુરુદેવશ્રીના પવિત્ર કરકમળ દ્વારા થયેલી છે. મૂળનાયક શ્રી સીમંધર ભગવાન ૨II ફીટના કમલાસન પર બિરાજમાન કરેલા છે. ડાબી બાજુ શ્રી શાંતિનાથ ભગવાન ૨ ફીટના અને જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના છે. તે સિવાય પંચધાતુના ૦III-૦III ફીટના ચાર પ્રતિમાજી સિંહાસનમાં બિરાજમાન કરેલા છે. પ્રતિષ્ઠા વીર સંવત ૨૫૧૧ પોષ સુદ-૨ના રોજ થયેલ છે. સ્વાધ્યાય મંદિર હોલમાં દરરોજ સવારે ૮:૩૦ થી ૯:૩૦ વાગ્યા દરમ્યાન નિયમિત વાંચન થાય છે. હોલમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો મોટો ફોટો તથા શ્રી કુન્દકુન્દાચાર્યદેવનો ફોટો તથા શ્રી ટોડરમલજીનો ફોટો છે. સ્વાધ્યાય મંદિર હોલમાં સ્ટેનલેસ સ્ટીલની ફ્રેમમાં મઢેલા ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. દરરોજ રાત્રે અહીં પાઠશાળા નિયમિત ચાલે છે. બે બાજુ ગોખલામાં શ્રી સમયસારજી, પ્રવચનસાર, પંચાસ્તિકાય, દ્રવ્યસંગ્રહ, નિયમસારજી, ધવલજી, વિગેરે જિનાગમોની સ્થાપના કરેલી છે.

આ રીતે લલિતપુરના દરેક મંદિરો અવશ્ય દર્શનીય છે.

*ખરે ટાણે સમાધાન રાખવા જેવું છે. કઈ ક્ષણે દેહ છૂટશે તેનો ભરોસો કરવા જેવું નથી. દેહ ક્ષણભંગુર છે - નાશવાન છે. ચામડાથી વીંટળાયેલો હાડકાનો આ માળો ક્ષણભરમાં રાખ થઈને ઉડી જશે. અરે આખુ ઘર એક સાથે નાશ પામે તેવા દાખલા પણ સાંભળ્યા છે. એ ક્યાં અવિનાશી ચીજ છે ? સહજાત્મ સ્વરૂપ આત્મા એક જ અવિનાશી છે. જગત આખુ અશરણરૂપ છે. ભગવાન આત્મા એ એક જ શરણરૂપ છે. જે કાળે - જે સમયે - જે ક્ષેત્રે - જે પર્યાય થવાની છે તે થવાની જ છે. પર્યાય તે સમયે આવશે જ. તેનો જ્ઞાની કે અજ્ઞાની - કોઈ જ કર્તા નથી. પર્યાય જે કાળે થવાની છે તે થાય જ છે. પરમાં તારો કાંઈ અધિકાર નથી. તું તો જ્ઞાતા, દષ્ટા માત્ર છો. એવા તારા જ્ઞાતા સ્વભાવની દષ્ટી કર. ચારે બાજુથી ઉપયોગને સંકેલી લઈને એક આત્મામાં જ જા.*

*- પૂ. ગુરુદેવશ્રી*

o o o o o

*અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા અને તારી નિજ ચૈતન્યશક્તિને સંભાળ !..... ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ અને થશે પણ નહિ.*

रोम-रोम से निकले प्रभुवर नाम तुम्हारा, हाँ ! नाम तुम्हारा ॥
ऐसी भक्ति करुं प्रभुजी पाऊँ न जन्म दुबारा ॥


जिन मंदिरमें आया, जिनवर दर्शन पाया ।
अन्तर्मुख मुद्रा को देखा, आतम दर्शन पाया ॥
जनम-जनम तक ना भूलूंगा, यह उपकार तुम्हारा ॥

अरहंतो को जाना, आतम को पहिचाना ।
द्रव्य और गुण-पर्यायोंसे, जिन सम जिन को माना ॥
भेदज्ञान ही महामंत्र है, मोह तिमिर क्षयकारा ॥

पंच महाव्रत धारुँ, समिति गुप्ति अपनाऊँ ।
निर्ग्रन्थो के पथ पर चलकर, मोक्ष महल में आऊँ ॥
पुण्य-पाप की बन्ध श्रृंखला नष्ट करुं दुखकारा ॥


देव-शास्त्र-गुरु मेरे, हैं सच्चे हितकारी ।
सहज शुद्ध चैतन्यराज की, महिमा जग से न्यारी ॥
भेदज्ञान बिन नहीं मिलेगा, भव का कभी किनारा ।
रोम-रोम से निकले प्रभुवर नाम तुम्हारा, हाँ ! नाम तुम्हारा ॥

# દેવગઢ



દેવગઢ : એક મંદિરમાં શુકનાસિકાનું દ્રશ્ય

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : લલિતપુર - ૩૩ કિ.મી.
  બસ સ્ટેશન : દેવગઢ
- પહોંચવાનો સરળ માર્ગ ...: લલિતપુરથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: લલિતપુર - ૩૩ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: ચંદેરી - ૬૨ કિ.મી., સેરૌનજી - ૧૮ કિ.મી., ચાંદપુર - ૨૨ કિ.મી., ખજુરાહો - ૨૦૦ કિ.મી., પપૌરાજી, અહારજી થુબૌનજી, વિગેરે.



દેવગઢ : પ્રાચીન જિનાલયો તથા ઉપાધ્યાય પરમેષ્ટિની વિશ્વવિખ્યાત પ્રતિમા

લલિતપુરથી દેવગઢ ૩૩ કિ.મી. છે. દેવગઢમાં એટલા બધા જિનબિંબો છે કે જાણે જિનેન્દ્ર ભગવંતોની એક નગરી વસી ગઈ હોય. ઠેર-ઠેર વિખરાયેલો જિનવૈભવ નજરે પડે છે. વિખરાયેલો હોવા છતાં પણ એ ગૌરવપૂર્વક દિગંબર જૈન ધર્મની જાહોજલાલીની કથા સંભળાવી રહ્યો છે. એક સ્થાને તો ચક્રવર્તીની દીક્ષાનો દેખાવ છે. ચક્રવર્તી રાજા દીક્ષા લઈને મુનિ થયા છે - તેમણે છોડેલા નવ નિધાનો અને ચૌદ રત્નો બાજુમાં ચરણ પાસે પડયા છે, પણ મુનિરાજ તેની સામે જોતા નથી. એ દશ્ય જોતાં એમ જ લાગે કે હમણાં જ ચક્રવર્તી દીક્ષા લઈ રહ્યાં છે. બીજા એક દશ્યમાં એક દિગંબર આચાર્ય ધર્મોપદેશ દઈ રહ્યા છે. એ દશ્ય પણ સુંદર અને ભાવવાહી છે અને કેટલાક દશ્યો દિગંબર મુનિમાર્ગને પ્રસિદ્ધ કરે છે. વર્ષાઋતુમાં વૃક્ષ નીચે ધ્યાનની મસ્તીમાં મુનિરાજો ધ્યાનમાં એવા તો એકાગ્ર છે કે વાળ વધી જવા છતાં પણ કેશલોચ કરવાનો વિકલ્પ પણ ઉઠતો નથી. મુનિરાજને તો મંદિરમાં આનંદરસની ધારા ટપકી રહી છે. જાણે કે ચોથાકાળમાં વિચરતા કોઈ મુનિરાજના સાક્ષાત્ દર્શન કરી રહ્યા હોઈએ એવા ભાવો ભક્તોને ઉલ્લસે છે.

આ માત્ર તીર્થક્ષેત્ર છે. ગામ નથી. તેથી અહીં કોઈપણ ચીજ મળતી નથી. માત્ર જંગલમાં જ વસેલું તીર્થક્ષેત્ર છે. ધર્મશાળામાં મોટું ગ્રાઉન્ડ છે અને તેમાં ફરતી રૂમો છે. વચ્ચે નવું મંદિર બનાવેલ છે. તેમાં પ્રાચીન ખડ્ગાસને એક જ પાષાણમાં પંચપરમેષ્ઠી ભગવંતો હારબંધ કોતરેલા છે. તેમજ બાજુમાં ગોખલામાં સ્ફટિક મણીની મોટી મૂર્તિ પદ્માસને છે. તે સિવાય દર્શન ઉપાધ્યાય પરમેષ્ઠીની મૂર્તિ છે. ચોકમાં પ્રાચીન પાષાણનો માનસ્થંભ પણ છે.

ધર્મશાળામાં ૫૪ રૂમો છે તથા ૧૦૦×૩૦ નો મોટો હોલ પણ છે. રાત્રે ગમે ત્યારે યાત્રિક આવે, ત્યારે ધર્મશાળા ખોલી આપે છે. રાત્રે ગમે ત્યારે અહીં આવવા છતાં અને અહીં જંગલ જેવું વાતાવરણ હોવા છતાંપણ કોઈ પ્રકારની બીક નથી તેમ અહીં કહ્યું. ૫૪ રૂમોમાં ૧૫ રૂમો તો એટેચ્ડ બાથરૂમ-લેટ્રીનવાળી છે.

દેવગઢમાં કુલ ૪૧ મંદીરો છે. દેવગઢમાં નવમી સદીનું શિખરબંધ શ્રી શાંતિનાથ જિનાલય પણ છે. તે સિવાય ગુપ્તકાળનું પ્રખ્યાત દશાવતાર મંદિર શિલ્પીકામવાળુ છે. પહાડ નાનકડો ટેકરી જેવો છે. જ્યાં ૪૧ જિનમંદિરો, અગણિત શિલાલેખો, માનસ્થંભજી તથા ચક્રેશ્વરી, અંબિકા, પદ્માવતી, સરસ્વતિ, લક્ષ્મી, વિગેરેની મૂર્તિઓ છે. દેવગઢનું દશાવતાર મંદિર ગુપ્તકાળની કળાનું સ્મારક - પ્રતિક છે.

મંદિર નં. ૧૨ વિશાળ અને ભવ્ય છે. જેમાં શ્રી શાંતિનાથ ભગવાનની ભવ્ય પ્રતિમાજી છે. તેમજ શ્રી શાંતિનાથ ભગવાનની બંને બાજુ અંબીકાની મૂર્તિઓ છે. તે સિવાય દેવગઢમાં "શ્રી સાહુ જૈન સંગ્રહાલય" છે. જેમાં જુદા-જુદા કાળની અનેક મૂર્તિઓ તથા શિલાલેખોનો સંગ્રહ છે. તેમાં પદ્માસન મૂદ્રામાં શ્રી ઋષભનાથજી, બીસ પ્રભુજી, ચક્રેશ્વરી, અંબીકા, શ્રી પદ્મપ્રભુ તથા કાયોત્સર્ગ મુદ્રામાં શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજીની મૂર્તિઓ છે.

તે સિવાય પર્વતમાળાની દક્ષિણમાં સિદ્ધગૂફા, રાજઘાટી, નાહરઘાટી, વિગેરે બેતવા નદીના કિનારે આવેલા પ્રાકૃતિક સુંદર સ્થળો છે. લલિતપુર રેલ્વે સ્ટેશનથી ઘણી જ ટ્રેઈનો જેવી કે દક્ષિણ એક્સપ્રેસ, ઝેલમ એક્સપ્રેસ, તુલસી એક્સપ્રેસ, કુશીનગર એક્સપ્રેસ, છત્તીસગઢ એક્સપ્રેસ, દાદર-અમૃતસર એક્સપ્રેસ, પુષ્પક એક્સપ્રેસ, પંજાબ મેઈલ, મહામાયા એક્સપ્રેસ, સાબરમતી એક્સપ્રેસ, વિગેરે મળે છે. લલિતપુરથી દેવગઢ આવવા માટે બસ તથા પ્રાઈવેટ ટેક્સી નિયમિત મળે છે. ખજુરાહોથી દેવગઢ ૨૦૦ કિ.મી. છે.

દેવગઢમાં ચોથી સદીથી માંડી બારમી સદી સુધીની મૂર્તિઓ છે. અહીં કુલ ૧૪૭૭ પ્રતિમાજી છે. દેવગઢ પહાડ ઉપર જવા માટે પાકો રસ્તો છે. પહાડ કહેવાય, પણ તદ્દન નાનકડી ટેકરી જેવું જ છે. જેથી આબાલ-વૃદ્ધો સૌ કોઈ તદ્દન સહેલાઈથી ચડી શકે છે. ટેકરી ઉપર કુલ ફક્ત ૧ કિ.મી. છે. પહાડ ઉપરના દરેક મંદિરો ઉપર ક્રમ નંબરો લખેલા છે. સૌ પ્રથમ પ્રવેશતાં મોટો બગીચો આવે છે. બગીચાની ચારે તરફ ઘણા જ પ્રાચીન ખંડિત પ્રતિમાજીઓ લાઈનબંધ -

ઢગલાબંધ વ્યવસ્થિત રીતે ગોઠવેલા છે.

દેવગઢ પહાડ ઉપરના મંદિરોનું વર્ણન :- દરેક મંદિરો ઉપર નામ લખેલા છે.

મંદિર નં. ૧ : પ્રાચીન પદ્માસને ૩।। ફીટના ત્રણ પ્રતિમાજી છે. વચ્ચે શ્રી નેમિનાથ પ્રભુ, ડાબી તરફ શ્રી શાંતિનાથ પ્રભુ પદ્માસન પ્રાચીન ૫ ફીટના છે અને જમણી તરફ શ્રી આદિનાથ પ્રભુ છે. કુલ આઠ પ્રતિમાજી છે.

મંદિર નં. ૨ : આ મંદિર દર્શનીય અને સુંદર છે. અંદર ઊંડે-ઊંડે જતાં ત્રીજા રૂમમાં ભગવાનના દર્શન થાય છે. બેટરી સાથે હોય તો જ દર્શન થઈ શકે. કેમ કે અંદર અંધારૂં ખૂબ જ છે. ભલે અહીં વિજળી છે, પરંતુ અવાર-નવાર લાઈટ બંધ થઈ જાય છે. શ્રી પદ્મનાથ ભગવાન વિગેરે ૧૫-૨૦ જેટલા ભગવાન - બધા જ ખડ્ગાસન છે. અહીં પંચપરમેષ્ઠીની મૂર્તિ પણ છે. બધી જ મૂર્તિઓ લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાની છે.

મંદિર નં. ૩ : સહસ્રકુટ ચૈત્યાલય પાષાણમાં કોતરેલ છે. અહીં ખંડિત ચૌમુખી પ્રતિમાજી ઘણા છે. એક જ પાષાણમાંથી બનાવેલ મોટા સ્થંભમાં ચારે બાજુ ઘણી મૂર્તિઓ છે. આ મંદિર સરસ છે.

મંદિર નં. ૪ : નાની દેરીમાં શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન છે.

મંદિર નં. ૫ : ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૨૩ મૂર્તિઓ છે. જે પ્રાચીન છે અને ખડ્ગાસન છે. ત્રણ રૂમમાં લાઈનબંધ ૨૩ મૂર્તિઓ છે. આ બધી જ મૂર્તિઓ જમીન ખોદકામમાં પ્રાપ્ત થયેલી છે. વચ્ચેના નિજ મંદિરમાં ૯ મૂર્તિઓ છે અને બંને બાજૂના બે રૂમમાં ૭ + ૭ મૂર્તિ થઈને કુલ ૨૩ ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૬ : પંચ બાલયતિનું મંદિર - પાંચેય બાલયતિ શ્રી વાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર પ્રભુની ૬ થી ૭ ફીટની ખડ્ગાસને પ્રાચીન મૂર્તિઓ છે. સામે બે સ્થંભો છે. તેમજ સાધુ અને ઉપાધ્યાયની મૂર્તિઓ પણ છે.

મંદિર નં. ૭ : શ્રી સુમતિનાથ પ્રભુ પદ્માસને પ્રાચીન છે.

મંદિર નં. ૮ : નવતીર્થ જિનાલય - શ્રી પાર્શ્વનાથ, શ્રી ઋષભનાથ,શ્રી શીતલનાથ અને શ્રી વાસુપૂજ્ય - તેવી રીતે કુલ ૯ તીર્થંકરોની મૂર્તિઓ છે.

મંદિર નં. ૯ : શ્રી ધર્મનાથ પ્રભુ તથા બીજી બે મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૦/૧૧ : "જૈન ચતુઃતીર્થ જિનાલય" - અહીં શ્રી મલ્લિનાથજી, શ્રી પુષ્પદંતજી તથા શ્રી અભિનંદનનાથજી-તેમ ત્રણ પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૨ : "દિગંબર જૈન લઘુ પંચતીર્થ જિનાલય" - અહીં શ્રી નેમિનાથ પ્રભુ, શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી મુનિસુવ્રતનાથ ..... તેમ પાંચ ભગવાનોની ખડ્ગાસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૩ : "શ્રી શાંતિનાથ લઘુ જિનાલય" - અહીં વચ્ચે શ્રી શાંતિનાથ પ્રભુ ૧૧ ફીટના ખડ્ગાસન છે. તેમજ બંને બાજુ પણ શ્રી શાંતિનાથ પ્રભુ ખડ્ગાસન ૫-૫ ફીટના છે.

મંદિર નં. ૧૪ : શ્રી અરનાથજી તથા બીજા બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૫ : "લઘુ ત્રિમૂર્તિ જિનાલય" - શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ અને શ્રી અરનાથ ત્રણ ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૬ : વચ્ચે શ્રી ઋષભનાથજી ખડ્ગાસન ૫ ફીટના છે અને બંને બાજુમાં શ્રી બાહુબલીજી તથા શ્રી ભરતજી ખડ્ગાસન ૩-૩ ફીટના છે.

મંદિર નં. ૧૭ : શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ, શ્રી અરનાથ - ત્રણેય ખડ્ગાસન ૮ ફીટના ભગવાન છે. બાજુમાં ભગવાનની દિવ્યધ્વનિ ॐ કોતરેલ છે.

મંદિર નં. ૧૮ : "ચોવીસી મંદિર" - જમ્બુદ્વિપના ભૂતકાળના ચોવીસ તીર્થંકર ભગવંતોના ખડ્ગાસન ચોવીસ પ્રતિમાજી છે. દરેક પ્રતિમાજી ઉપર નામ લખેલા છે.

મંદિર નં. ૧૯ : જમ્બુદ્વિપના ભવિષ્યકાળના ચોવીસ તીર્થંકર ભગવંતોની ખડ્ગાસન પ્રાચીન મૂર્તિઓ છે. વચ્ચે શ્રી મહાવીર પ્રભુ પદ્માસન છે. દરેક પ્રતિમાજીની નીચે દરેકના નામ લખેલા છે.

મંદિર નં. ૨૦ : નાની દેરીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની એક મૂર્તિ છે.

મંદિર નં. ૨૧ : શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજીની નાની દેરી છે. બાજૂની લોબીમાં સં. ૧૯૩૧ની સેંકડો ખંડિત પ્રાચીન મૂર્તિઓ દિવાલમાં લગાવેલ છે.

મંદિર નં. ૨૨ : બહાર લોબીમાં ઢગલાબંધ ખંડિત પ્રતિમાજી લાઈનસર ગોઠવેલા છે.

મંદિર નં. ૨૩ : "બડે પાર્શ્વનાથ જિનાલય" - આ મંદિરમાં કુલ ૧૧ પ્રતિમાજી છે. વચ્ચે પાંચ ભગવાન ૧૦-૧૦ ફીટના ખડ્ગાસન છે અને બાકીના નાના છે. માતાના સોળ સ્વપ્નો કોતરેલાં છે.

મંદિર નં. ૨૪ : "સમવસરણજી જિનાલય" - શ્રી ઋષભનાથજી, શ્રી અરનાથજી, શ્રી શાંતિનાથજી, શ્રી કુન્થુનાથજી અને શ્રી મહાવીર પ્રભુ - પાંચેય પદ્માસન છે. વચ્ચે સ્થંભ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચૌમુખી છે. બાજુમાં શ્રી કુન્દકુન્દાચાર્યદેવના ચરણકમળ છે. બીજી બાજુ ૨૪ પ્રભુના ચરણકમળ છે.

વચ્ચે માનસ્થંભજી ત્રિલોકચિત્ર છે.

મંદિર નં. ૨૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુની નાની દેરી છે.

મંદિર નં. ૨૬ : મુનિરાજોની ખડ્ગાસન મૂર્તિ નાની દેરીમાં છે.

મંદિર નં. ૨૭ : શ્રી પદ્મપ્રભુજી ૫ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૮ : શ્રી વાસુપૂજ્ય ભગવાન ૫ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૯ : શ્રી નેમિનાથ પ્રભુ બદામી ખડ્ગાસન ૧૦ ફીટના છે.

મંદિર નં. ૩૦ : "શાંતિનાથજીકા બડા મંદિર" - આ મંદિરમાં સ્થંભ ઉપર પ્રાકૃત ભાષામાં શિલાલેખ કોતરેલ છે.

મંદિર નં. ૩૦/૧ : શ્રી નેમિનાથ પ્રભુ છે.

મંદિર નં. ૩૦/૨ : શ્રી શીતલનાથજી છે.

મંદિર નં. ૩૦ : શ્રી શાંતિનાથ પ્રભુ ખડ્ગાસન ૧૫ ફીટના છે. કહેવાય છે કે રાત્રે ૧૨ વાગ્યે ઘણા વર્ષ પહેલાં આ મંદિરમાં ઘંટ વાગ્યો અને પ્રકાશ થયો હતો. તે તેનું અતિશય છે. સળંગ એક જ પથ્થરમાંથી શ્રી શાંતિનાથ પ્રભુની આ મૂર્તિ બનાવેલ છે. મંદિરનો દરવાજો પણ ઘણો જ નકશીવાળો અને સુશોભિત છે. મુનિને આહારદાન, પાપ શુદ્ધિ, વિગેરે ધાર્મિક દશ્યો કોતરેલા છે. તે સિવાય ચક્રેશ્વરી દેવી, સરસ્વતિ દેવી, વિગેરે પણ કોતરેલા છે. સભા મંડપ ખૂબ મોટો અને લાલ પથ્થરનો છે. તે ચોથી સદીનો છે અને તેની પ્રતિષ્ઠા ૨૦૦ વર્ષ પહેલાં થઈ હતી.

મંદિર નં. ૩૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાનની નાની દેરી છે.

મંદિર નં. ૩૨ : "આદિનાથ બડા જિનાલય" - શ્રી કુન્થુનાથજી, શ્રી શાંતિનાથજી, શ્રી અરનાથજી, શ્રી સંભવનાથજી, શ્રી પુષ્પદંતજી, શ્રી શીતલનાથજી - બધા જ ભગવંતોની ખડ્ગાસન મૂર્તિઓ છે. શ્રી મહાવીર પ્રભુ એક જ ૫ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૩૩ : શ્રી અજીતનાથ પ્રભુ વિગેરે ૧૧ પ્રતિમાજી ખડ્ગાસને છે.

મંદિર નં. ૩૪ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા બીજા ભગવંતો ખડ્ગાસન અને પદ્માસન તેમ કુલ ૧૩ પ્રતિમાજી છે.

મંદિર નં. ૩૫ : મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ છે. તે સિવાય બીજા ઘણા તીર્થંકરોની ખડ્ગાસન તથા પદ્માસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૩૬ : આ મંદિરની માહિતી મેળવી શકાઈ નથી.

મંદિર નં. ૩૭ : શ્રી ચન્દ્ર પ્રભુજી, શ્રી પુષ્પદંતજી, શ્રી આદિનાથજી, શ્રી અનંતનાથજી, શ્રી વિમલનાથજી, શ્રી અભિનંદનનાથજી, શ્રી મહાવીરજી, શ્રી સુમતિનાથજી - બધા જ ભગવંતો ખડ્ગાસને બિરાજમાન છે. આ સિવાય અંદર બીજી ત્રણ પ્રતિમાજી પણ છે.

મંદિર નં. ૩૮ : દ્વિમુખી પ્રતિમાજી છે. સામાન્ય રીતે એક પ્રતિમાજી હોય અથવા તો ચૌમુખી પ્રતિમાજી હોય છે. પણ દ્વિમુખી ભગવાન અહીં જ જોવા મળે છે. સળંગ એક જ પથ્થરમાં એક બાજુ શ્રી ઋષભદેવ ભગવાન અને બીજી તરફ શ્રી મહાવીર પ્રભુ ધ્યાનસ્થ મુદ્રામાં અને ભાવવાહી છે.

મંદિર નં. ૩૯ : શ્રી ઋષભનાથજી ભગવાન ખડ્ગાસન ૭ ફીટના છે.

મંદિર નં. ૪૦ : વર્તમાન તીર્થંકર ભગવંતો પદ્માસન છે. દરેક ઉપર નામ લખેલા છે. શ્રી સુધાસાગર મુનિની પ્રેરણાથી આ મંદિર થયું છે-તેમ ત્યાં લખેલ છે.

મંદિર નં. ૪૧ : "પંચ પરમેષ્ઠી તથા ચતુર્વિધ સંઘ જિનાલય" - ત્રણ વેદી ઉપર પંચપરમેષ્ઠી ભગવંતો છે. શ્રી સાહુ શાંતિ પ્રસાદજીની પ્રેરણાથી સન ૧૯૬૬માં જિર્ણોદ્ધાર થયેલ છે.

આ રીતે દેવગઢમાં નાનકડી ટેકરી જેવા પહાડ ઉપર કુલ ૪૧ જિનમંદિરો છે. અને અહીં દરેક મંદિરો ઉપર નામ લખેલા છે. આને દેવગઢ કહો કે દેવઘર કહો કે દેવોનો દરબાર કહો. જમીનમાં ખોદકામ કરતા આખા ને આખા જે મંદિરો નીકળેલા છે તે જ અહીં સ્થાપિત કરેલા છે. અહીં કુલ ૧૪૭૭ પ્રતિમાજી છે. નદી કિનારે દિગંબર જૈન ધર્મશાળા, દિગંબર જૈન મંદિર તથા સાહુજી જૈન સંગ્રહાલય છે. જેનું વર્ણન અગાઉ ઉપર લખ્યું છે. અહીં કુલ ૫૦૦ પ્રાચીન શિલાલેખો સંગ્રહાલયમાં સુરક્ષીત પડયા છે. એમ કહેવાય છે કે શ્રી પાડાશાહે અને તેના બે ભાઈઓ દેવપત અને ખેવપતે આ મંદિરો બંધાવેલા છે. કોઈ-કોઈ મંદિરો તો પાડાશાહના સમય પહેલાના પણ છે.

દેવગઢને ઉત્તરભારતનું "જૈન બિદ્રી" પણ કહે છે. આ બધા જ મંદિરોના ફક્ત દર્શન કરતા જ પૂરી બે કલાક થાય છે. લલિતપુર હેડક્વાર્ટર રાખીને ત્યાંથી જીપમાં બધે સ્થળે યાત્રા માટે જવું હિતાવહ છે.

*અરિહંતનો ભક્ત થયો તે અરિહંતપદ લીધા વગર રહે જ નહીં. અરિહંત જેવા થયે જ છૂટકો. આનું નામ અરિહંતનો ભક્ત. આનું નામ વીતરાગનો સેવક અને આનું નામ જૈન.*

*- પૂ. ગુરુદેવશ્રી, યોગસાર પ્રવચન.*

पंच परम परमेष्ठी देखे ........................ ।
हृदय हर्षित होता है, आनन्द उल्लसित होता है ।
हो........................सम्यग्दर्शन होता है ।।

दर्श-ज्ञान-सुख-वीर्य स्वरुपी, गुण अनन्त के धारी है ।
जग को मुक्ति मार्ग बताते, निज चैतन्य विहारी है ।
मोक्षमार्ग के नेता देखे, विश्व तत्त्व के ज्ञाता देखे ।। हृदय ० ।।

द्रव्य-भाव-नोकर्म रहित जो, सिद्धालय के वासी है ।
आतम को प्रतिबिम्बित करते, अजर-अमर अविनाशी है ।
शाश्वत सुख के भोगी देखे, योगरहित निजयोगी देखे ।। हृदय ० ।।

साधु संघ के अनुशासक जो धर्मतीर्थ के नायक हैं ।
निज-पर के हितकारीं गुरुवर देव धर्म परिचायक हैं ।
गुण छत्तीस सुपालक देखे, मुक्तिमार्ग संचालक देखे ।। हृदय ० ।।

जिनवाणी को हृदयंगम कर शुद्धातम रस पीते हैं ।
द्वादशांग के धारी मुनिवर ज्ञानानन्द में जीते हैं ।
द्रव्य-भाव श्रुतधारी देखे बीस-पाँच गुण धारी देखे ।। हृदय ० ।।

निज स्वभाव साधनरत साधू, परम दिगम्बर वनवासी ।
सहज शुद्ध चैतन्यराजमय निज परिणति के अभिलाषी ।
चलते-फिरते सिद्धप्रभु देखे, बीस-आठ गुणमय विभु देखे ।।
हृदय हर्षित होता है, आनन्द उल्लसित होता है ।।

# થુબૌનજી

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : અશોકનગર - ૩૨ કિ.મી., બસ સ્ટેશન : ચંદેરી - ૨૫ કિ.મી., અશોકનગર - ૩૨ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: અશોકનગરથી વાયા અમરોદ
- નજીકનું મુખ્ય શહેર .......: અશોકનગર - ૩૨ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: ખન્દારગિરિ - ૨૫ કિ.મી., ચંદેરી - ૨૨ કિ.મી., સેરૌનજી - ૫૫ કિ.મી., દેવગઢ - ૮૦ કિ.મી., ત્રિકાલ ચૌબીસી (અશોકનગર) - ૩૨ કિ.મી.

લલિતપુરથી થુબૌનજી ૬૨ કિ.મી. છે કે જે દિગંબર જૈન અતિશયક્ષેત્ર છે. લલિતપુરથી થુબૌનજી જવા માટે શરૂઆતમાં પાકો રસ્તો છે. ત્યાર બાદ થોડે દૂર જતાં તદ્દન કાચો રસ્તો છે. લલિતપુરથી થુબૌનજી જતાં જીપમાં પાકા બે કલાક થાય છે.

અહીં હારબંધ ૨૬ મંદિરો સમતલ ભૂમિ ઉપર છે એટલે કે અહીં પહાડ કે ટેકરી નથી. દરેક મંદિરમાં મોટા-મોટા ૫ ફીટથી માંડીને ૨૮ ફીટ સુધીની ઊંચાઈ સુધીના ખડ્ગાસન પ્રતિમાજી છે. દરેક મંદિરનો ૦ાા ભાગ જમીનની અંદર છે. એટલે કે ભોંયરામાં છે. આવા જિનબિંબોના દર્શન કરતા, આત્માર્થી જીવને જરૂર ધ્યાનની પ્રેરણા જાગે તેવા ધ્યાનસ્થ પ્રતિમાજી છે. બહારથી જુઓ તો નાની દેરી અને સાવ નાના દરવાજા (બારણા) અને મંદિરમાં અંદર જઈને જોતાં મોટા-મોટા ભગવંતોના દર્શન કરતા મન હર્ષ અને આનંદથી ઉછળ્યા વગર રહેતું નથી. ૨૫ દેરીમાં થઈને ૧૨ પ્રતિમાજી તો શ્રી પાર્શ્વનાથ ભગવાનના છે. દરેક પ્રતિમાજી જૂનવાણી ઢબના સાદા પથ્થરમાંથી જ બનાવેલા છે. તેથી એમ જરૂર થાય કે તે વખતે શું આરસ નહીં મળતો હોય ? તેમજ આજે જે શિલ્પકારો આરસના સૌમ્ય, ધ્યાનસ્થ, ભાવવાહી પ્રતિમાજી કોતરી શકે છે તેવા શિલ્પકારો શું તે વખતે નહીં હોય ?

ધર્મશાળા :- અહીં સામાન્ય અને જૂની ધર્મશાળા ૩૦ રૂમોની છે તથા અહીં ૪૦ ગાદલા-રજાઈ છે. જૂની ધર્મશાળા બદલીને નવી કરવાનું કામ શરૂ થઈ ગયું છે. નવી ધર્મશાળામાં ઉપર માળ પણ કરવાના છે. નળની વ્યવસ્થા થઈ ગઈ છે. અહીં થુબૌનજીમાં લગભગ મોટા ભાગના ભગવાન ખડ્ગાસન છે. કોઈક પદ્માસન છે. અહીં કાયમી પૂજાના રૂા. ૩૦૧/- છે.

અહીં કુલ ૨૬ મંદિરો શ્રી પાડાશાહે બંધાવેલા છે. તેમાં અહીંનું મંદિર નં. ૧૫ મુખ્ય અને અગત્યનું છે. આ મંદિરમાં ૨૮ ફીટના ખડ્ગાસન શ્રી આદિનાથ પ્રભુ છે. આનો ઈતિહાસ એમ છે કે આ પ્રતિમાજી જ્યારે તૈયાર થયા ત્યારે સેંકડો લોકોએ આ ૨૮ ફીટના વિરાટ પ્રતિમાજીને

ઉભા કરવા અથાગ મહેનત કરી પણ પ્રતિમાજી જરાય ખસ્યા નહી. જરાય ઊચા ન થયા. ત્યાર બાદ પ્રતિષ્ઠા કરાવનાર ભાઈને રાત્રીમાં સ્વપ્ન આવ્યું કે તમે એકલા જ સવારે ન્હાઈ-ધોઈને પૂજા-પાઠ કરીને ભગવાનને ઉભા કરજો, તો જરૂર ઉભા થશે. તે મુજબ તે સજ્જને સવારે તેમ કર્યું તો સવારે જનસમુહની વચ્ચે તેમણે એકલાએ જ આ પ્રતિમાજી ઉભા કર્યા. જે તેનું અતિશય ગણાય છે. સં. ૧૯૮૭માં શ્રી વિદ્યાસાગરજીએ અહીં ચોમાસુ કરીને આ મંદિરનો વિસ્તાર વધારીને શિખરબંધ કરાવીને ઉપર ૬ ફીટનો સુવર્ણ કળશ ચઢાવ્યો છે. આટલા ૨૬ મંદિરોના માત્ર દર્શન કરતા એક કલાક જરૂર થાય છે. થુબૌનજીમાં તેરમી સદીથી અઢારમી સદી સુધીની બધી જ મૂર્તિઓ ખૂબ જ ઊંચી અને ખડ્ગાસન છે. પાડાશાહ રચિત શ્રી શાંતિનાથ જિનાલય સૌથી પ્રાચીન છે.

થુબૌનજીના મંદિરોનું વર્ણન :-

મંદિર નં. ૧ : અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૧૫ ફીટના છે. શિખરબંધ મંદિર નિર્માણ સં. ૧૮૬૪ વૈશાખ સુદ-૧૫ છે. મૂળનાયકની બાજુમાં બે ખડ્ગાસન અને બે પદ્માસન પ્રતિમાજી પણ છે.

મંદિર નં. ૨ : ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૧૨ ફીટના છે. ભોંયરામાં અંદર પ્રવેશવાનો દરવાજો ખૂબ જ નાનો છે. આ ભગવાન ૧૦૦૦ વર્ષ જૂના છે.

મંદિર નં. ૩ : મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસન ૫ ફીટ ઊંચા છે. તેમની બાજુમાં બે પદ્માસન પ્રતિમાજી છે. પ્રતિષ્ઠા સંવત ૧૮૭૨માં થઈ છે. મંદિરના દરવાજા પાસે એક પદ્માસન અને બે ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૪ : શ્રી નેમિનાથ પ્રભુ ખડ્ગાસન ૮ ફીટના છે. નાક ઉપર પ્રતિમાજી ખંડિત થયેલા છે. બીજા નાના શ્રી પાર્શ્વનાથ ભગવાન પણ છે.

મંદિર નં. ૫ : શ્રી શાંતિનાથ ભગવાન મૂળનાયક ખડ્ગાસન ૧૮ ફીટના છે. તેની નીચે બે ખડ્ગાસન મૂર્તિઓ છે. અહીં પદ્માવતી દેવી તથા અંબિકાદેવીની મૂર્તિ પણ છે, જેની ઊંચાઈ ૫ ફીટ છે.

મંદિર નં. ૬ : શ્રી અજીતનાથ પ્રભુ તથા શ્રી શાંતિનાથ સંગ્રહાલય છે.

મંદિર નં. ૭ : ભોંયરામાં શ્રી શાંતિનાથ ભગવાનના ખડ્ગાસન ૨૨ ફીટના ભવ્ય પ્રતિમાજી છે.

<u>બેટરી સાથે રાખવી જરૂરી છે. લાઈટ બંધ હોય તેવા વખતે બેટરી વગર જરાયે ન ચાલે.</u>

મંદિર નં. ૮ : શ્રી નેમિનાથજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી સમન્તભદ્ર, શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી શાંતિનાથજી - પાંચેયના ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૯ : શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી વર્ધમાન, શ્રી ચન્દ્ર પ્રભુ, શ્રી શાંતિનાથજી - તેમ પાંચ પ્રતિમાજી અહીં છે.

મંદિર નં. ૧૦ : શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ, શ્રી અરનાથ - ત્રણ ચક્રવર્તી ખડ્ગાસન છે. તે સિવાય હંસવાહીની,સરસ્વતિ માતા તથા અંબિકાની સીંદૂર ચોપડેલી અંગરક્ષકોની મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૧ : શ્રી મલ્લિનાથજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી ચન્દ્ર પ્રભુજી, શ્રી વાસુપૂજયજી અને શ્રી પાર્શ્વનાથજી - તેમ પાંચ ખડ્ગાસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૨ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસન ૧૮ ફીટના છે. બાજુમાં બે પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૩ : અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન ૧૫ ફીટના છે. માથે સર્પની ફેણ છે. બાજુમાં બે પદ્માસન મૂર્તિઓ છે. વિ. સં. ૧૭૮૦ના છે.

મંદિર નં. ૧૪ : મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૧૨ ફીટના છે. તેની બંને બાજુ બે પદ્માસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૫ : આ મંદિર અતિશયવાળું છે. જેનું વર્ણન શરૂઆતમાં ઉપર લખ્યું છે. ખૂબ જ મોટો હોલ છે. આ હોલ સોનગઢના પરમાગમ મંદિરથી બમણો મોટો છે. અહીં એક જ પાષાણમાંથી બનાવેલા ખડ્ગાસન ૨૮ ફીટના મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનના ભવ્ય પ્રતિમાજી છે. આ ભગવાનને અભિષેક કરવા માટે ફરતી ગેલેરી બનાવેલી છે. હોલમાં પણ નીચે આરસ પાથરેલો છે. આ ક્ષેત્રમાં રહેનારા લોકો કહે છે કે અર્ધી રાત્રે દેવો આ મંદિરમાં આવીને વાજીંત્રો સાથે ભક્તિ કરતા હતા. આ કારણે આ ક્ષેત્રને અતિશયક્ષેત્ર કહે છે. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૬૭૨માં થઈ છે.

મંદિર નં. ૧૬ : શિખરબંધ મંદિર છે. મૂળનાયક શ્રી અજીતનાથ પ્રભુ ખડ્ગાસન ૧૮ ફીટના એક જ પાષાણમાંથી સળંગ બનાવેલા છે. નિર્માણ સંવત ૧૬૭૨ છે. બાજુમાં શ્રી સંભવનાથજી ખડ્ગાસન ૬ ફીટના છે. ઉપરના ભાગમાં બે પદ્માસન મૂર્તિઓ છે, જેમાં એકનું મુખ ખંડિત છે.

મંદિર નં. ૧૭ : આ મંદિરમાં મૂળનાયક શ્રી અભિનંદનનાથ ખડ્ગાસન ૧૫ ફીટ ઊંચા છે. તેની બંને બાજુ બે પદ્માસન મૂર્તિઓ છે. મંદિર નિર્માણ સં.૧૭૦૮ છે.

મંદિર નં. ૧૮ : મૂળનાયક શ્રી અરનાથજી ખડ્ગાસન ૫ ફીટના છે. પ્રતિમાજીની મુદ્રા વિચિત્ર લાગે છે. પ્રતિષ્ઠા સં. ૧૯૨૩માં થઈ છે.

મંદિર નં. ૧૯ : મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસન ૫ ફીટના છે, જેની મુદ્રા જુદા જ પ્રકારની લાગે છે.

મંદિર નં. ૨૦ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની ખડ્ગાસન ૮ ફીટની પુરાણી મૂર્તિ છે.

મંદિર નં. ૨૧ : મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસન ૮ ફીટના છે. અહીં માનસ્થંભજી છે. તેમાં શ્રી ચન્દ્ર પ્રભુજી છે.

મંદિર નં. ૨૨ : મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૮ ફીટના છે. આ ભગવાનના હાથ બહુ જ લાંબા અને પગ ટૂંકા છે. ઉપરના ભાગમાં બે પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૨૩ : આ મંદિર નવું બંધાયેલું છે. આરસની નવી વેદી ઉપર ૩ ફીટના પદ્માસન શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. બાજુમાં નાના પંચધાતુના બે શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. મંદિરનો હોલ મોટો છે. શ્રી મહાવીર પ્રભુ તથા શ્રી સિદ્ધપ્રભુ પંચધાતુના છે.

મંદિર નં. ૨૪ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૫ ફીટના છે.

મંદિર નં. ૨૫ : નવા પ્રતિમાજી શ્રી નેમિનાથજી, શ્રી ચન્દ્ર પ્રભુજી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી શાંતિનાથજી તથા શ્રી વર્ધમાન પ્રભુ - તેમ પાંચ નાના પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૨૬ : શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન ૧૮ ફીટના છે. વચ્ચે ચોકમાં નવો માનસ્થંભ આશરે ૩૦ ફીટ ઊંચો છે. જેમાં ફક્ત ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે કોઈ ભગવાન નથી. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૩માં થઈ છે.

આ રીતે થુબૌનજીના દરવાજામાં દાખલ થતાં મંદિર નં. ૧ના દર્શનથી શરૂઆત કરીને મંદિર નં. ૨૬ના દર્શન કરીએ એટલે સહેજે બીજા દરવાજામાંથી બહાર આવી જઈએ છીએ.

*ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે ! મા-બાપ, ભાઈ-બ્હેન, સગાં-સંબંધી આદિ અનેક કુટુંબીજનો મરીને ક્યાં ગયા હશે ! એની કોઈને કાંઈ ખબર છે ? અરે ! મારે તો મારા આત્માનું હિત કરી લેવા જેવું છે - એમ અંદરથી લાગવુ જોઈએ. અહાહા ! સગાં-સંબંધી બધા જ ચાલ્યા ગયા. તેના દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ અને ભવ બધુ જ ફરી ગયુ. શરીરનાં અનંતા રજકણો ક્યારે ક્યાં જશે તેની ખબર છે ? માટે જે જાગતો રહેશે તે જ બચશે.*

o o o o o

*વીતરાગદેવ ફરમાવે છે કે તું જ પરમાત્મસ્વરૂપ છો એમ દષ્ટી કર. પ્રભુ - સર્વજ્ઞદેવ કહે છે કે મારા-સ્વભાવમાં અને તારા સ્વભાવમાં આંતરો તફાવત છે જ નહીં. વ્યક્ત રૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવો જ તુ છો. પ્રભુ ! મારા અને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી. પણ તને તારા સામર્થ્યની ખબર નથી ભાઈ !*

# ખન્દારગિરિ અતિશયક્ષેત્ર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : લલિતપુર - ૩૬ કિ.મી., બસ સ્ટેશન : ચંદેરી - ૨ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: લલિતપુર, મુંગાવલી, અશોકનગર, ગુનાથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર : ચંદેરી - ૨ કિ.મી., લલિતપુર - ૩૬ કિ.મી.

આ અતિશયક્ષેત્ર ખરેખર જોવા જેવું છે. સામાન્ય રીતે આપણને બધે જિનમંદિરોના દર્શન કરવાનો લાભ મળે. પરંતુ આ ક્ષેત્રમાં પહાડની ગૂફાઓમાં બિરાજતા ભગવંતોના દર્શન થાય તેવું છે. નાનકડા પહાડ ઉપર પાંચ-છ ગૂફાઓ છે. જેમાં જુદા-જુદા ભગવંતોની નાની-મોટી પદ્માસન, ખડ્ગાસન અનેક મૂર્તિઓના દર્શનનો લાભ અહીં મળે છે. લલિતપુરથી ચંદેરી ૩૩ કિ.મી. છે અને થુબૌનજીથી ચંદેરી ૨૫ કિ.મી. છે. ચંદેરીની બાજુમાં ફકત ૧ કિ.મી. દૂર ખન્દારગિરિ અતિશયક્ષેત્ર આવેલું છે. નાનકડો એવો પહાડ છે. પહાડમાં જ શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન ૩૪ ફીટના સૌમ્ય અને ભાવવાહી કોતરેલા છે. આ પહાડ ઉપર પાંચ-છ ગૂફાઓ છે, જ્યાં અનેક જિનબિંબોના દર્શન થાય છે.

ગૂફા નં. ૧ : અંદર પ્રવેશવાનું દ્વાર નાનું છે. આ પહાડમાં શ્રી બાહુબલીજી ભગવાન છે. તે સિવાય બીજા ઘણા પદ્માસન પ્રતિમાજી છે. અહીં સોળમી સદીના કુલ ૧૧ પ્રતિમાજી કોતરેલા છે. જેવા કે શ્રી સંભવનાથજી પદ્માસન લગભગ ૩ ફીટના છે. તે સિવાય શ્રી ચન્દ્ર પ્રભુ, શ્રી શાંતિનાથજી, શ્રી કુન્થુનાથજી તથા શ્રી પુષ્પદંતજીની પ્રતિમાઓ પણ છે.


ગૂફા નં. ૨ : આ ગૂફા તરફ જવા માટે પાકા પગથિયાં છે. અહીં ૩૪ ફીટ ઊંચા ખડ્ગાસન શ્રી આદિનાથ ભગવાન પહાડમાં જ કોતરેલા છે. આ મૂર્તિ થોડી ખંડિત છે. આ મૂર્તિની નીચે બીજા છ ખડ્ગાસન પ્રતિમાજી છે. તે સિવાય અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ખડ્ગાસન મૂર્તિ પણ છે.

ગૂફા નં. ૩ : ગૂફા નં. ૨ થી આગળ થોડા વધુ પગથિયાં ચડતા આ ગૂફા આવે છે. જ્યાં સફેદ પથ્થરના ૧૨ ફીટના શ્રી આદિનાથ પ્રભુ છે. બંને બાજુ બીજા ૬-૬ ફીટના બે ખડ્ગાસન પ્રતિમાજી છે.

ગૂફા નં. ૪ : અહીં ત્રણ પ્રતિમાજી પદ્માસન છે. જે લગભગ ૩ ફીટના છે. તે સિવાય અહીં ધરણેન્દ્ર અને પદ્માવતી દેવીની મૂર્તિઓ પણ છે. આ બધી મૂર્તિઓ સોળમી શતાબ્દીની છે તેમ કહે છે.

આ સિવાય બીજી એક-બે ગૂફાઓ છે, જે પણ અવશ્ય જોવા જેવી તો ખરી જ.

भावे भजो भावे भजो जिनराया ।
चौबीस जिनवर पाया जी पाया ।।
ऋषभ अजित संभव अभिनन्दन ।
सुमति पद्म सुपार्श्व पद वन्दन ।।
आतम में अपनापन करके मिथ्यातम को दूर भगाया ।।
जिनवर भजूँ आतम लखूँ, जिनराया । चौबीस ..... ।।
चन्द्र पहुप शीतल श्रेयांस जिन ।
वासुपूज्य अरहंत महा जिन ।।
वीतराग परिणति प्रगटाकर निर्ग्रन्थों का पथ अपनाया ।।
समकित लहूँ चारित्र लहूँ, जिनराया । चौबीस ..... ।।
विमल अनन्त धर्म जस उज्जवल ।
शान्ति कुन्थु अर मल्लि सुनिर्मल ।।
शुक्लध्यान की श्रेणी चढकर क्षण में केवलज्ञान उपाया ।।
आनन्द लहूँ, कैवल्य लहूँ जिनराया ।। चौबीस ..... ।।
मुनिसुव्रत नमि नेमि पार्श्व प्रभु ।
वर्धमान जिनराज महाविभु ।।
स्याद्वादमय दिव्यध्वनि से, जग को मुक्ति मार्ग बताया ।।
ऐसा बनूं तुम जैसा बनूं जिनराया ।। चौबीस ..... ।।



તીર્થક્ષેત્ર શ્રી ચંદેરીજી

# ચંદેરી

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : લલિતપુર - ૩૩ કિ.મી., મુંગાવલી - ૩૮ કિ.મી., અશોકનગર - ૫૮ કિ.મી.
  બસ સ્ટેશન : ચંદેરી
- નજીકના મુખ્ય શહેર.......: લલિતપુર - ૩૩ કિ.મી., મુંગાવલી - ૩૮ કિ.મી., અશોકનગર - ૫૮ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: થુબૌનજી - ૨૨ કિ.મી., સેરૌનજી - ૩૦ કિ.મી., બૂઢી ચંદેરી - ૨૦ કિ.મી., દેવગઢ - ૬૨ કિ.મી., ગોલાકોટ - ૭૦ કિ.મી., ખનિયાંધાના - ૬૦ કિ.મી., પંચરાઈ - ૭૫ કિ.મી., આમનચાર - ૨૯ કિ.મી., બિઠલા - ૧૯ કિ.મી., ભામૌન - ૧૬ કિ.મી., ભયાદાંત - ૧૪ કિ.મી.

ખન્દારગિરિથી ચંદેરી ફક્ત ૨ કિ.મી. છે. અહીં ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓ ભવ્ય અને ખાસ દર્શનીય છે. ચોવીસે ચોવીસ ભગવાન ૫-૫ ફીટના પદ્માસન જુદી-જુદી દેરીઓમાં બિરાજમાન કરેલા છે. સામાન્ય રીતે બધે જ્યાં ચોવીસ તીર્થંકરોની મૂર્તિઓ હોય છે તે લગભગ ૧ થી ૧॥ ફીટની હોય છે. જ્યારે અહીં ૫-૫ ફીટના ભગવાન છે. તેથી આ ચોવીસી અવશ્ય દર્શનીય છે. વળી દરેક પ્રતિમાજીના આરસનો વર્ણ જેવો શાસ્ત્રોમાં જૂદો-જૂદો બતાવ્યો છે, તેવા જુદા-જુદા વર્ણના પ્રતિમાજી છે એટલે કે બદામી વર્ણના, શ્યામ વર્ણના, સફેદ વર્ણના- તેમ આરસનો જૂદો-જૂદો રંગ જે-તે ભગવાનના વર્ણ મુજબ છે.

ચંદેરી અત્યારે નાનુ ગામ છે. પણ ભૂતકાળમાં મોટું શહેર હશે તેમ માનવામાં આવે છે. તેમજ મુસલમાનોએ આ શહેર ઉપર ભૂતકાળમાં આક્રમણ કર્યું હશે તેમ માનવામાં આવે છે. ચંદેરી પ્રાચીન તીર્થક્ષેત્ર છે. હાલ અહીં દિગંબર જૈનના ૬૦ જેટલા ઘર છે. અહીં એક જુદા પ્રકારની સાડી બને છે, જે પ્રખ્યાત છે. ચંદેરીની સાડી તરીકે તે ખૂબ જ વેચાય છે.

દેરી નં. ૧ : રંગબેરંગી કાચની સુશોભિત વેદી ઉપર ચોવીસ ભગવંતો બિરાજમાન કરેલ છે, જે ખરેખર દર્શનીય છે.

દેરી નં. ૨/૩ : અહીં પંચધાતુના મોટા પંચમેરૂ છે. અહીં પણ રંગબેરંગી વેદી ઉપર ચોવીસ ભગવંતો બિરાજમાન કર્યા છે. આ મંદિરમાં રંગબેરંગી કાચના સ્થંભો ખૂબ આકર્ષક છે. તે સિવાય આ મંદિરમાં ઐતિહાસિક-ધાર્મિક રંગીન ચિત્રપટો પણ છે.

દેરી નં. ૪ : આ મંદિરમાં પ્રાચીન મૂર્તિઓ છે.

દેરી નં. ૫ : આ મંદિરમાં નાના-મોટા થઈને ૨૧ પદ્માસન અને પ્રાચીન પ્રતિમાજી છે. ભગવંતોનો દરબાર ભરાયો હોય તેવું દશ્ય લાગે છે.

દેરી નં. ૬ : અહીં પ્રાચીન મૂર્તિઓ છે. તે સિવાય ઉપર લખ્યું તેમ ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ મોટી દેરીઓ છે કે જેમાં ૫-૫ ફીટના પદ્માસન દરેક ભગવાન છે. જેનું વર્ણન ઉપર શરૂઆતમાં વિગતથી લખેલ છે. આ ચોવીસી ભારતભરમાં પ્રખ્યાત છે. તેથી આ દેરીના દર્શન કરવા ખાતર ચંદેરી અવશ્ય આવવું જોઈએ.

દેરી નં. ૭ : અહીં પદ્માસન તથા ખડ્ગાસન ઘણા ભગવાન છે. સમયના અભાવે વિગત લખી શકાઈ નથી.

દેરી નં. ૮ : અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન ૫ ફીટના છે. તે સિવાય બીજા ઘણા નાના પ્રતિમાજી છે.

દેરી નં. ૯ : પંચધાતુના ભગવાન છે.

*મુમુક્ષુને સત્સમાગમ વિગેરેનો શુભ ભાવ આવે છે. પણ સાથોસાથ અંદરમાં શુદ્ધતાનું ધ્યેય - શોધકવૃત્તિ ચાલુ રહે છે. જે શુદ્ધતાને ધ્યેયરૂપે કરતો નથી અને પર્યાયમાં ગમે તેટલી અશુદ્ધતા હોય તેથી મારે શું ? એમ જે સ્વછંદપણે વર્તે છે તે શુષ્ક જ્ઞાની છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે -*


*"કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;*
*માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ."*

*કોઈ જીવો રાગની ક્રિયામાં જડ જેવા થઈ રહ્યા છે અને કોઈ જીવો એકલા જ્ઞાનની, ઉઘાડની વાતો કરે અને સ્વછંદ સેવે તે નિશ્ચયાભાસી છે. જેને પાપનો ભય નથી. પરથી અને રાગથી જેને ઉદાસીનતા આવી નથી. તે જીવો લુખા છે - શુષ્ક જ્ઞાની છે. ભાઈ ! પાપનું સેવન કરીને તો નરકમાં જઈશ - તિર્યંચમાં અવતાર થશે. કુદરતનાં નિયમ વિરૂદ્ધ કરીશ તો કુદરત તને છોડશે નહીં. માટે હૃદયને ભીંજાયેલું રાખવુ.*

o o o o o

તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો જરૂર આત્મસ્વરૂપ પ્રગટે.

# સેરૌનજી અતિશયક્ષેત્ર



સૈરોનજી : ક્ષેત્ર પરનાં જૈન મંદિરોનું ભવ્ય દ્રશ્ય

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : લલિતપુર - ૨૨ કિ.મી.
  બસ સ્ટેશન : લલિતપુર - ૨૦ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: લલિતપુરથી મનગુવાં સડક રસ્તે ૩ કિ.મી.
- નજીકના મુખ્ય શહેર.......: લલિતપુર - ૨૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: ખન્દારગિરિ / ચંદેરી - ૩૦ કિ.મી., થુબૌનજી - ૫૫ કિ.મી., પવાગિરિ - ૪૫ કિ.મી., વાનપુર - ૩૫ કિ.મી., દેવગઢ - ૫૫ કિ.મી.

ચંદેરીથી ૨૭ કિ.મી. દૂર સેરૌનજી અતિશયક્ષેત્ર છે. લલિતપુરથી સેરૌનજી બે રસ્તે જવાય છે. એક રસ્તે ૨૦ કિ.મી. થાય છે અને બીજા રસ્તે ૩૨ કિ.મી. થાય છે. દેવપત ખેવપત પાડાશાહે બીજા સ્થળોની જેમ સંવત ૯૬૪માં અહીંના મંદિરોનું નિર્માણ કર્યું હતુ તેમ ઈતિહાસ કહે છે. એમ કહેવાય છે કે પાડાશાહને ત્યાં ઘણી ભેંસો હતી. તેથી તેનું નામ પાડાશાહ કહેવાયું. પાડાશાહ તેની ભેંસોને ચરાવવા જંગલમાં ગયેલ, ત્યાં તેની ભેંસ ગૂફામાં ચાલી ગયેલ. ત્યાં ગૂફામાં તપાસ કરતા ભેંશ મળી - સાથોસાથ ભેંશને બાંધેલ લોઢાની સાંકળ સોનાની થઈ ગયેલ તો ગૂફામાં તપાસ કરતા તેને પારસમણિ મળી આવ્યો. જેનાથી લોઢું સોનુ થઈ જાય. આ રીતે તે અઢળક પૈસા કમાયો અને તે પૈસાનો ઉપયોગ તેણે ગામેગામ જિનમંદિરો બંધાવવામાં કર્યો. તેથી તે વખતે અહીં ઘણા જિનમંદિરો હશે તેમ માનવામાં આવે છે. કેટલા મંદિરો હશે તેની કોઈ માહિતી આજે મળતી નથી. અહીં ફક્ત સેરૌનજીમાં જ પાડાશાહે મંદિરો બંધાવ્યા હતા તેમ નથી, પણ આ સિવાય તેમણે ચંદેરી, થુબૌનજી, કરગુંવા, પપૌરાજી, પાવાગિરિજી અને દેવગઢમાં પણ મંદિરો બંધાવ્યા હતા. સેરૌનજી ક્ષેત્રનો વિસ્તાર જોતાં એમ લાગે કે તે સમયે અહીં ઘણી મોટી સંખ્યામાં મૂર્તિઓ હશે. પહેલા તો અહીં અર્ચના, વંદના, પૂજન હેતુથી લોકો આવતા હતા. પરંતુ કાળાનુક્રમે અહીં આવનારા લોકોની સંખ્યા સાવ ઘટી ગઈ અને તેની સામે જોનાર પણ કોઈ ન રહ્યું.

ફરીને સન ૧૯૧૮માં સમય બદલાયો અને લોકોનું ધ્યાન ફરી આ તરફ ખેંચાયું. આચાર્ય શ્રી વિદ્યાસાગરજી આ બાજુ યાત્રાએ આવ્યા અને તા. ૨૭-૧૧-૯૨ થી તા. ૨-૧૨-૯૨ સુધી શ્રી વિદ્યાસાગરજીના શિષ્ય ક્ષમાસાગરજીના સાન્નિધ્યમાં મોટો ગજરથ મહોત્સવ ઉજવાયો હતો. જે કોઈ યાત્રાળુઓ અહીં આવે છે, તે મૂર્તિઓની પ્રાચીનતા અને કળા જોઈને મુગ્ધ થઈ જાય છે. એક કવિએ આ ક્ષેત્રનો પૂરો ઈતિહાસ કાવ્યરૂપે બહુ સરસ લખ્યો છે. તેમાંથી નમૂનારૂપે બે કડી અહીં લખું છું -

*યહાં સુશોભિત તીર્થ ચંદેરી, ગોલાકોટ નદાર,*
*અહાર, પપૌરાજી, સોનાગિરિજી, પાવાગિરિ, પચરાટી,*
*નૈનાગિરિ, દ્રોણગિરિ, સેસઈ, દેવગઢજી, થુબૌન -*
*ગુઢર, ગઢા, ભેલસા, વિથિલા, બીનાજી, સેરૌન ॥*

*ફીર ભી તીર્થ અનેક, ન જો પ્રકાશ મે આજ તક આયે,*
*જિનકા અનુપમ ઈતિહાસ, ન જન જન તક પહુંચા પાયે,*
*અપના અતુલીત વૈશિષ્ય છૂપાવે, ખડે યુગોં સે મૌન*
*ઉન મેં સે હૈ એક અપરિચિત, તીર્થક્ષેત્ર સેરૌન ॥*

આવી ૧૨૦ કડીઓમાં કવિશ્રીએ સેરૌનજીનું પુરૂં વર્ણન લખ્યું છે. આ પુસ્તિકા ક્ષેત્ર ઉપર પ્રાપ્ત છે. જે વાંચવાથી સેરૌનજીનો આખો ઈતિહાસ મળશે. કહેવાય છે કે દેવપત તથા ખેવપત

ચંદેરીના રહેવાસી હતા. કોઈ કહે છે કે તેઓ થુબૌનજીના રહેવાસી હતા. તેઓ શીશુપાલ રાજાના વિશ્વાસુ માણસો હતા. આ ક્ષેત્રનો મુખ્ય દરવાજો લગભગ ૨૦૦ વર્ષ પહેલાં શ્રી યુત ઈન્દ્રાણી વહુએ કરાવ્યો હતો. શ્રીમાન્ દેવપત-ખેવપત પાડાશાહે શ્રી શાંતિનાથજીનું મોટું અને ભવ્ય મંદિર બંધાવ્યું હતું. પ્રાચીન શિલાલેખો બતાવે છે કે આ અતિશયક્ષેત્ર અતિ પ્રાચીન છે. અહીં હજુ પણ જ્યાં-જ્યાં ખોદકામ કરે છે, ત્યાંથી મંદિરો તેમજ મૂર્તિઓ ખંડેર હાલતમાં મળી આવે છે. તેથી નક્કી થાય છે કે અહીં પ્રાચીનકાળમાં ઘણા જ મંદિરો અને ઘણી મૂર્તિઓ હશે કે જેને ધર્મ વિદ્રોહીઓએ ખંડિત કરી નાખી હશે.

સેરૌનજીમાં એક વિશાળ શિલાલેખ ૪ાા ફીટ × ૭ ફીટનો પ્રાપ્ત થયેલ છે. જેમાં સં. ૯૬૪ થી સં. ૧૦૦૫ તેમ લખેલ છે. તેથી નક્કી થાય છે કે અગીયારમી શતાબ્દી પહેલાં સેરૌનજીના મંદિરો નિર્માણ થયેલા હતા. તે સિવાય બીજા ઘણા શિલાલેખો મળ્યા છે કે જે વાંચી શકાતા નથી. પરંતુ દેવગઢમાં પ્રાપ્ત થયેલા પ્રાચીન શિલાલેખો સંવત ૯૧૯ના છે તથા સેરૌનજીમાં પ્રાપ્ત થયેલા મોટા ભાગના શિલાલેખો સંવત ૯૬૪ના છે. તે સમયે દેવગઢમાં રાજા ભોજનું શાસન ચાલતું હતુ - તેમ સેરૌનજીના શિલાલેખોમાં નીકળે છે.

ખજુરાહો અને સેરૌનજીની મૂર્તિઓમાં કલાશૈલી લગભગ સરખી છે. ખજુરાહોના મંદિરોનો નિર્માણકાળ સં. ૯૫૦ થી સં.૧૦૫૦ સુધીનો છે. આ રીતે સેરૌનજીનું નિર્માણ રાજા ભોજ ચંદેલ વંશના શાસનકાળમાં થયું છે.

પાડાશાહ બાબતમાં એક દંતકથા એવી પણ છે કે તે એક સાધારણ અગ્રવાલ શ્રાવક હતો. તેને નદીએ ન્હાવા જતાં એક પારસમણિની પથરી મળી ગઈ કે જેના દ્વારા તે અઢળક ધન પ્રાપ્ત કરી ધનકુબેર થયો અને તે ધનનો સદ્ઉપયોગ કરી, ઠેકઠેકાણે તેણે ભવ્ય જિનમંદિરો બંધાવ્યા હતા. તે ભેંસો ખૂબ રાખતો હતો તેથી તે પાડાશાહ કહેવાયો. ખરેખર તેનું નામ બીજુ હતુ તેમ કહે છે. તેની પત્ની વૈષ્ણવ ધર્મ પાળતી હતી, તેથી તેણે તેના ખાતર વૈષ્ણવ મંદિરો પણ ઘણા બંધાવ્યા છે.

ઈતિહાસ કહે છે કે સેરૌનજી વિશાળ નગર હતુ અને તે વેપારનું મોટું કેન્દ્ર હતું. એક પ્રાચીન શિલાલેખ લખનૌના સંગ્રહાલયમાં છે, જેમાં લખ્યુંછે કે સેરૌનજીનું પ્રાચીન નામ "સિયાડોણી" હતુ. તે સિવાય શિતલગઢ નામ પણ કહેવાય છે. હજૂ થોડા સમય પહેલા જ એક ખેડૂત અહીં કૂવો ખોદતો હતો. તો એક મંદિર નીકળ્યું કે જેમાં ૨૬ કલાત્મક મૂર્તિઓ નીકળી હતી. જે હાલ મંદિર નં. ૫માં બિરાજમાન કરેલ છે. અહીં ખોદકામ કરતા એટલી મૂર્તિઓ નીકળે છે કે ખેડૂતો ઢોર બાંધવાના ખૂંટા તરીકે પ્રાચીન ખંડિત મૂર્તિઓનો ઉપયોગ કરે છે.

સેરૌનજી માટે કહેવાય છે કે -

*"થે અસંખ્ય જિનમંદિર યહાં પર, થી અનંત પ્રતિમાએઁ,*
*કોટી ભકત ભજન-અર્ચન કર કે, જિનવર કે ગુણ ગાતે,*

*એક મુક્ઠી ચાવલ મંદિરમેં અગર ચઢાતે જાયે,*
*તો કહેતે હૈ મન (મણ) ભર ભી ચાવલ થોડે પડ જાવે.”*

હાલમાં તે સંકુલમાં સાત મંદિરો છે કે જેમાં બધી મૂર્તિઓ એકત્રિત કરીને મૂકેલ છે. સંવત ૧૯૨૩માં દેવીસિંહ સીંઘઈએ ગજરથ મહોત્સવ કરીને આ મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવીને શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર નં. ૧ નિર્માણ કરાવ્યું અને મંદિર નં. ૨ શ્રી શાંતિનાથ જિનાલય કરાવ્યું. બંને મંદિરો નવા થવાથી પ્રાચીન રૂપ અસ્ત પામ્યું. નવું સંગ્રહાલય પણ થયું. શ્રી શાંતિનાથ ભગવાનના નવા મંદિરમાં ખડ્ગાસન ૧૮ ફીટના શ્રી શાંતિનાથ ભગવાન છે. આ તરફ શ્રી શાંતિનાથ ભગવાન બહુ પ્રિય છે અને લોકો તેમને ઈષ્ટદેવ માને છે. તેથી અહીં તેમજ આ તરફના અન્ય ક્ષેત્રોમાં મોટા ભાગે શ્રી શાંતિનાથજી ભગવાનની પ્રતિમા વધુ હોય છે. અગાઉના રાજાઓ ઉપર આક્રમણ થયેલ, ત્યારે પણ તેઓએ શ્રી શાંતિનાથ ભગવાનની ઉપાસના કરી હતી.

પપૌરાજીની જેમ અહીં પણ એક અતિશયવાળી વાવડી હતી. મંદિર નં. ૧ ની બાજુમાં હાલ પણ આ વાવડી છે. પણ તેનું અતિશય મટી ગયું છે. દંતકથા કહે છે કે યાત્રાળુ પોતાને જોઈતા વાસણની યાદી લખીને આ વાવડીમાં મૂકે એટલે (દેવો દ્વારા) તેમને જોઈતા વાસણો વાવમાં આવે. યાત્રાળુ આ વાસણોનો ઉપયોગ કરીને તેમાં પાછા નાખે એટલે વાસણો અદશ્ય થઈ જાય. તેમાં એક વખત એક લોભી યાત્રાળુએ આવીને વાસણની મોટી યાદી વાવમાં મૂકી તો બધા વાસણો આવ્યા. ઉપયોગ કરીને તે બધા વાસણો યાત્રાળુએ વાવમાં પાછાં ન મૂકતા, બધા વાસણો પોતાની સાથે લઈ ગયો. ત્યારથી આ વાવમાંથી વાસણો આવતા બંધ થયા છે. આ રીતે દંતકથા તે તરફના લોકો આજે પણ કહે છે અને ત્યાંની પરિચય પુસ્તિકામાં પણ આ વિગત છાપેલી છે.

**સેરૌનજીના મંદિરોનું વર્ણન :**

મંદિર નં. ૧ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ નાની વેદી ઉપર છે. તેમની બાજુમાં દસ પ્રાચીન પ્રતિમાજી ખડ્ગાસન ૫ થી ૬ ફીટના છે, જેમાં શ્રી સુમતિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી નેમિનાથ, શ્રી ચન્દ્ર પ્રભુજી વિગેરે છે. આ મંદિરની બાજુમાં ઉપર જણાવેલ ઐતહાસિક વાવડી હાલ પણ છે. ચોકમાં શ્રી માનસ્થંભજી છે.

મંદિર નં. ૨ : શ્રી શાંતિનાથ ભગવાનના ખડ્ગાસન ૧૮ ફીટના મનોજ્ઞ, ભાવવાહી અને પરમ શાન્ત મુદ્રાવાળા પ્રતિમાજી છે. બંને બાજુ શ્રી કુન્થુનાથજી તથા શ્રી અરનાથજી નાના ખડ્ગાસન બિરાજમાન છે. તે સિવાય પંચધાતુના બે પ્રતિમાજી છે. અહીં ભગવાનની પાછળ ભામંડળ પણ છે. સામાન્ય રીતે અહીં ક્યાંય પ્રતિમાજીની પાછળ ભામંડળ જોવામાં આવતું નથી. છતમાં રંગબેરંગી ડીઝાઈનનું સુંદર કામ છે.

મંદિર નં. ૩ : નવી વેદી ઉપર પ્રાચીન પદ્માસન ભગવાન છે. બંને બાજુ બે ખડ્ગાસન મૂર્તિઓ છે. ડાબી તરફ ઘણા પ્રાચીન પ્રતિમાજી છે. આ મંદિરમાં કુલ ૯ મૂર્તિઓ છે.

મંદિર નં. ૪ : નવી વેદીમાં ખડ્ગાસન ત્રણ પ્રતિમાજી છે.

મંદિર નં. ૫ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન ૬ ફીટના છે. બંને બાજુ બે ચરણકમળ છે. દિવાલમાં ચારે બાજુ સુંદર ગ્રેનાઈટ લગાવેલ છે.

મંદિર નં. ૬ : રંગબેરંગી વેદી ઉપર શ્રી શાંતિનાથ પ્રભુ પદ્માસન ૫ ફીટના તા. ૨-૧૨-૧૯૯૨ના રોજ સ્થાપિત કરેલા છે.

મંદિર નં. ૭ : આ મંદિર નવું બનાવેલ છે. રંગબેરંગી વેદી ઉપર નાના-નાના ૬ પ્રતિમાજી પદ્માસને છે. બાજુમાં બે ખડ્ગાસન પ્રતિમાજી છે.

આ રીતે નીચે સાત મંદિરો છે. તે સિવાય મેડી ઉપર નવ મંદિરો છે, જેનું વર્ણન નીચે મુજબ છે.

મેડી ઉપર મંદિર નં. ૧ : પંચધાતુના શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા ધાતુના સિંહાસન ઉપર બિરાજમાન કરેલા છે.

મેડી ઉપર મંદિર નં. ૨ : એક જ સળંગ પાષાણમાં ૬ ઈંચની સાત મૂર્તિઓ છે.

મેડી ઉપર મંદિર નં. ૩ : નવી વેદી ઉપર ૩ ફીટ, ૨ ફીટ અને ૨ ફીટ - તેમ ત્રણ મૂર્તિઓ ખડ્ગાસન છે. તેમની બંને બાજુ ૨-૨ ખડ્ગાસન ૪ ફીટની મૂર્તિઓ છે.

મેડી ઉપર મંદિર નં. ૪ : નવી વેદી ઉપર ખડ્ગાસન ત્રણ મૂર્તિઓ છે.

મેડી ઉપર મંદિર નં. ૫ : આચાર્ય શ્રી કુન્દકુન્દદેવની મૂર્તિ મોરપીંછ કમંડળ સાથે છે.

મેડી ઉપર મંદિર નં. ૬ : ખડ્ગાસન પાંચ પ્રતિમાજી છે.

મેડી ઉપર મંદિર નં. ૭ : ખડ્ગાસન ૩ ફીટના ભગવાન છે. બંને બાજુ બે નાના ભગવાન છે.

મેડી ઉપર મંદિર નં. ૮ : આ મંદિરની માહિતી મેળવી શકાઈ નથી.

મેડી ઉપર મંદિર નં. ૯ : પંચધાતુના શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન છે.

આ રીતે સેરૌનજીમાં નીચે તથા ઉપર થઈને કુલ ૧૬ મંદિરો છે. તે સિવાય "સાહુજી પ્રાચીન મ્યુઝિયમ" છે. જેમાં નીચે તથા ઉપર ઢગલાબંધ ખંડિત મૂર્તિઓનો સંગ્રહ છે. મ્યુઝિયમ હવે ચિક્કાર થઈ ગયું છે. હાલ જ્યાં ખોદકામ કરે છે, ત્યાં પ્રતિમાઓ નીકળે છે. મ્યુઝિયમમાં હવે પ્રતિમાજી મૂકવાની જગ્યા ન હોવાથી હવે જે પ્રતિમાજી નીકળે છે તે બાજૂના હોલમાં ઢગલાબંધ મૂકેલ છે. આ રીતે પ્રાચીન મૂર્તિઓના દર્શન માટે સેરૌનજી અવશ્ય જવું જ જોઈએ. લલિતપુરથી સેરૌનજી જીપકારમાં જતાં ૦॥। કલાક થાય છે.

रोम-रोम पुलकित हो जाय, जब जिनवर के दर्शन पाय ।
ज्ञानानन्द कलियाँ खिल जाँय, जब जिनवर के दर्शन पाय ।।


जिनमंदिर में श्री जिनराज, तनमंदिर में चेतनराज ।
तन-चेतन को भिन्न पिछान, जीवन सफल हुआ है आज ।।

वीतराग सर्वज्ञ देव प्रभु, आये हम तेरे दरबार ।
तेरे दर्शन से निज दर्शन, पाकर होवें भव से पार ।।
मोह-महातम तुरत विलाय, जब जिनवर के दर्शन पाय ।। १ ।।

दर्शन-ज्ञान अनन्त प्रभु का, बल अनन्त आनन्द अपार ।
गुण अनन्त से शोभित हैं प्रभु, महिमा जग में अपरम्पार ।।
शुद्धातम की महिमा आय, जब जिनवर के दर्शन पाय ।। २ ।।


लोकालोक झलकते जिसमें, ऐसा प्रभु का केवलज्ञान ।
लीन रहें जिन शुद्धातम में, प्रतिक्षण हो आनन्द महान ।।
ज्ञायक पर दृष्टी जम जाय, जब जिनवर के दर्शन पाय ।। ३ ।।

प्रभु की अन्तर्मु-मुद्रा लखि, परिणति में प्रगटे समभाव ।
क्षणभर में हों प्राप्त विलय को, पर-आश्रित सम्पूर्ण विभाव ।।
रत्नत्रय-निधियाँ प्रगटाय, जब जिनवर के दर्शन पाय ।। ४ ।।



શ્રી પપૌરાજી તીર્થક્ષેત્ર, ટીકમગઢ - મધ્ય પ્રદેશ

# પપૌરાજી અતિશયક્ષેત્ર



પપૌરાજી : મુખ્ય દ્વારની ઉપર નિર્મિત રથાકાર જિનાલય

- આવાગમન.................: રેલ્વે સ્ટેશન : લલિતપુર - ૬૩ કિ.મી.
  બસ સ્ટેશન : ટીકમગઢ - ૫ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ટીકમગઢથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર.......: ટીકમગઢ - ૫ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: અહારજી - ૨૭ કિ.મી., દ્રોણગિરિ - ૬૫ કિ.મી., નૈનાગિરિ - ૯૫ કિ.મી.

લલિતપુર સ્ટેશનથી ટીકમગઢ આવતા ૮-૧૦ કિ.મી. દૂરથી જ પપૌરાજીના મંદિરોના શિખરોના દર્શન થવા લાગે છે. ટીકમગઢથી ૧૦ કિ.મી. દૂર પૂર્વમાં પપૌરાજી અતિશયક્ષેત્ર આવેલ છે. પપૌરાજીનું બીજુ નામ પંપાપુર કહેવાય છે. પંપાપુરની પાસે એક વિશાલ ગાઢ જંગલ આવેલું છે

કે જે "રમન્ના" નામથી પ્રસિદ્ધ છે. રમન્નાનો અર્થ થાય છે કે રામચન્દ્રજીનું જંગલ.

પપૌરાજીમાં એક સૌથી પ્રાચીન ભોંયરૂ છે કે જેમાં એક પ્રતિમાજી એવા છે કે જેના ઉપર કોઈ લેખ નથી. પરંતુ કળાની દષ્ટિએ જોતા એમ લાગે છે કે આ પ્રતિમાજી ચોથા કાળના હશે. આ ભવ્ય પ્રતિમાજી ખૂબ જ મનોજ્ઞ અને સુંદર કાળા પાષાણના છે. તેની ચમક આજે પણ ઘણી છે. તેના ઉપર કાંઈ જ લેખ નહીં હોવાથી નક્કી થતુ નથી કે આ પ્રતિમાજી ક્યારે તૈયાર થયા હશે અને ક્યારે પ્રતિષ્ઠિત થયા હશે. અગાઉ મુસલમાનોના આક્રમણોના કારણે આ પ્રતિમાજીને ભોંયરામાં સુરક્ષિત રાખ્યા હશે તેવું અનુમાન થાય છે. તે સિવાય બીજા બે પ્રતિમાજી છે કે જેની ઉપર શિલાલેખ (પ્રશસ્તી) છે કે "સંવત ૧૨૦૨ અષાઢ વદ-૧૦ બુધવાર દિવસે સાહુ ગલ્લે તસ્ય સુતો અલ્કન નિત્યે પ્રણમન્તી". બીજા ઉપર લેખ (પ્રશસ્તી) છે કે "સંવત ૧૨૦૨ અશાડ વદ-૧૦ બુધવાર દિવસે મદનવર્ય દેવના રાજ્યમાં ભોપાલના રહેવાસી ગોલા પૂર્વજાતિય ટુડા ઉનકે લડકે સાહુ ગોપાલ શ્રી જીનેશના ચરણકમળમાં પ્રણામ કરે છે."

પપૌરાજીમાં પણ અતિશયયુક્ત વાવડી છે. તેનો ઈતિહાસ પણ અગાઉ સેરૌનજીની વાવડી બાબતે લખ્યો છે તેવો જ છે. યાત્રાળુને વાસણની જરૂર હોય ત્યારે જોઈતા વાસણની યાદી આ વાવડીમાં નાખે એટલે થોડીવારમાં જ તેને જોઈતા વાસણો વાવડીમાં આવી જાય. ઉપયોગ પૂરો થયા પછી વાસણો વાવડીમાં મૂકે એટલે પાછા અદશ્ય થઈ જાય. ત્યારબાદ કાળાનુક્રમે એક લોભી યાત્રાળુ આવ્યો. તેણે મોટી યાદી મૂકી તો યાદી મૂજબ બધા વાસણો આવ્યા. ઉપયોગ કર્યા પછી તે બધા વાસણો પોતે સાથે લઈ ગયો. વાવડીમાં પાછા ન મૂક્યા. ત્યારથી વાસણો આવતાં બંધ થયા તેમ કહે છે.

પપૌરાજીની બાબતમાં બીજી પણ એક દંતકથા એવી છે કે મંદિર નં. ૧ ની પાસે એક કૂવો છે તે કાયમ ભરેલો જ રહેતો હતો. એક બાઈ તરફથી અહીં મંદિરનું નિમાર્ણકાર્ય ચાલતું હતુ આ નિમિત્તે આ વૃદ્ધાએ સૌને અહીં પ્રીતીભોજન કરવા બોલાવ્યા. હજારો લોકો તે વખતે પાણી ન મળવાથી નારાજ થયા અને શોરબકોર મચાવ્યો. કોઈ કહે કે આ વૃદ્ધાનો પૈસો જ એવો છે. કોઈ કહે કે તેની વ્યવસ્થાની જ ખામી છે. તો આ વૃદ્ધા બાઈ તો એકદમ ગભરાઈ ગઈ અને ભગવાનનું સ્મરણ કરતી કૂવામાં નીચે ઉતરી અને ભગવાનને હૃદયથી ભક્તિપૂર્વક વિનંતી કરી કે ભગવાન મારી લાજ રાખો. આ જનસમૂહને મારે પાણી ક્યાંથી પાવું ? ગદ્ગદ્ કંઠે ભગવાનની ભક્તિ કરી, ત્યાં કૂવામાં પાણી આવવા માંડયું. તેથી આ કુવાનું નામ "પતરાખન" રાખવામાં આવ્યું. તેનો અર્થ થાય છે કે "લાજ રાખવાવાળો". આ કૂવો હજૂ આજે પણ ભોજનાલય પાસે છે.

તે સિવાય ત્રીજી દંતકથા છે કે ભોંયરામાં એક સર્પ રહેતો હતો. તે કેટલાય સમય સુધી ભોંયરાના દરવાજા પાસે આવીને બેસે. જો કોઈ પૂજન-વંદન માટે મંદિરમાં આવે તો તે સર્પ પોતાની જાતે દૂર થઈ જાય. કોઈને પણ નુકશાન ના કરે. આ ઘટના હમણા સુધી ચાલુ હતી તેમ ત્યાં રહેનારા-જોનારા કહે છે.

મોગલ બાદશાહે આ ભૂમિ ઉપર કદીપણ દૃષ્ટિ કરી નથી. પપૌરાજી વિષે "સરસ" નામના કવિએ ૮૬ કડીઓ બનાવી છે. જેના નમૂનારૂપે નીચે ચાર કડી લખી છે.

*સબસે અધિક બુન્દેલ ખંડમેં હૈ ઈનકી આબાદી,*
*સોનાગીર સોના હૈ જિસકા ઔર ચન્દેરી ચાંદી,*
*કિન્તુ પપૌરા ઈનિ સબસે બઢકર, હૈ અજબ નિરાલા,*
*દિનકર ભી દિન મેં જિસસે લેને આતા ઉજીયાલા.*

*ચન્દ્ર પ્રભુ મંદિર નંબર પૈતીસ યહાં કહલાયા,*
*જિસને એક અહિંસા કા આદર્શ નયા દિખલાયા.*
*વીસ વર્ષ કે પૂર્વ યહાં પર એક સિંહની આઈ થી,*
*એક માસ તક રહી થી, કીસીકો બાધા ન પહુંચાઈ.*

*કારણ એક વાવડી સુનતે, દાન બહુત કરતી થી*
*સરમે સરસે સદા, બર્તનોસે પૂરીત રહતી થી,*
*જો ભી ચાહે સૂચિ લીખકર ડાલે, મીલ જાતે થે*
*પૂર્ણ કામ હોને પર, ફીર વે ડાલ દીયે જાતે થે.*

*એક દિવસ ઈક યુવક મનચલા સરસ યહાં પર આયા*
*ચમક દેખ બર્તન કી, ઉસમેં લોભ અધિક ભર આયા,*
*લેકર ચલા બહુતસે બર્તન, પુનઃનહીં ફીર ડાલે*
*બન્દ કર દિયા દાન વાવડી, લગા ઉસી દીન તાલે.*

પપૌરાજીમાં વિદ્યાલય, ઉદાસીન આશ્રમ, પં. મોતીલાલ વર્ણી સરસ્વતિ સદન (પુસ્તકાલય), છાત્રાલય અને ચાર ધર્મશાળા પૂરી સગવડતાવાળી છે. ધર્મશાળા ઘણી જ મોટી અને સુંદર છે. આ સિવાય આધુનિક વિશ્રામગૃહ પણ બનાવેલા છે. જેમાં યાત્રાળુઓ આરામથી રહી શકે તેવી પૂરી સગવડતા છે. ખરેખર આ ક્ષેત્રમાં રાત્રિ રોકાણ કરવામાં જરાયે મુશ્કેલી પડતી નથી. ખૂબ જ આનંદ આવે તેવું આ ક્ષેત્ર છે. તે સિવાય ચાર બગીચા છે. સિંઘઈજીનો બગીચો, બંદૈયાજીનો બગીચો, વિગેરે છે. પપૌરાજીમાં દર વર્ષે કારતક સુદ-૧૩ થી કારતક સુદ-૧૫ સુધી મોટો મેળો ભરાય છે.

પપૌરાજીમાં પહાડ કે ટેકરી નથી. સમતલ સપાટ ભૂમિ ઉપર જ એક સાથે બધા જ મંદિરો છે. અહીં કુલ ૧૦૫ મંદિરો છે. જેનું વર્ણન નીચે મુજબ છે. આ મંદિરો બારમી સદીથી માંડીને

વીસમી સદી સુધીના છે. જેમાં બારમી થી ચૌદમી અને સોળમી સદીના મંદિરો બહુ જ થોડા છે. વધારે મંદિરો તો ઓગણીસમી સદીના અને વીસમી સદીના છે. બધા જ મંદિરો શિખરબંધી છે. દરેક મંદિરજીના દરવાજા તદ્દન નાના અને ખૂબ જ નીચા છે. જેથી નમીને જ અંદર જઈ શકાય છે.

**અગત્યની સૂચના :-** અહીં ઘણા મંદિરો ઊંડે-ઊંડે છે. લાઈટ ન હોય ત્યારે અંધારામાં ભગવાનના દર્શન થતાં નથી. તેથી બેટરીની ખાસ જરૂર પડે છે.

ખરેખર તો શિખરબંધ મંદિરોની સંખ્યા ૬૦ છે, પણ અમુક નિજમંદિરોમાં જુદા-જુદા ગર્ભગૃહોને અલગ-અલગ નંબરો આપેલા છે. દા.ત. એક જ સંકુલમાં ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓને અલગ-અલગ નંબરો આપેલા છે. તે રીતે ગણતાં ૧૦૫ મંદિરો થાય છે.

ક્ષેત્રમાં પ્રવેશતાં જ ખૂબ મોટો, ભવ્ય અને સુંદર દરવાજો આવે છે કે જેની ઉપર શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર છે. મંદિરોનું વર્ણન નીચે મુજબ છે.

મંદિર નં. ૧ એ : શ્રી આદિનાથ પ્રભુ ખડ્ગાસન ૮ ફીટના છે. શિખરબંધ મંદિર છે. ભગવાનની ઉપર છત્ર છે અને પાછળ ભામંડળ પણ છે. તે સિવાય બીજી બે મૂર્તિઓ છે અને પંચધાતુના સાત-આઠ પ્રતિમાજી છે.

મંદિર નં. ૧ બી : ગંધકૂટિ જેવી ત્રણ પિઠીકા છે. તેમાં ત્રીજી પિઠીકા ઉપર શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ વર્ણના પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨ એ : શ્રી પાર્શ્વનાથ પ્રભુની બે ફેણવાળી પ્રાચીન મૂર્તિ પદ્માસન છે. તે સિવાય પંચધાતુના ૨૧ પ્રતિમાજી છે તથા પંચધાતુની ત્રણ ખડ્ગાસન મૂર્તિ છે.

મંદિર નં. ૨ બી : ઊપર મેડી ઉપર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું મંદિર છે. પ્રતિમાજી શ્યામ પદ્માસન ૨ ફીટના છે. ડાબી તરફ શ્રી શાંતિનાથ પ્રભુ અને જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ૦।।।-૦।।। ફીટના છે.

મંદિર નં. ૩ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧।।। ફીટના કમળની વેદી ઉપર શ્યામ વર્ણના પદ્માસન બિરાજે છે.

મંદિર નં. ૪ : શ્રી વિમલનાથ પ્રભુ પદ્માસન શ્યામ ૩।। ફીટના છે. તે સિવાય શ્રી શ્રેયાંસનાથ ભગવાનની મૂર્તિ પણ છે.

મંદિર નં. ૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા પદ્માસન શ્યામ આરસના છે.

મંદિર નં. ૫ બ : સોનેરી રંગબેરંગી વેદી ઉપર ત્રીજા રૂમમાં નીચે મુજબ ૬ પ્રતિમાજી છે. (૧) શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૩ ફીટના (૨) શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૨ ફીટના (૩) શ્રી શાંતિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન ૨ ફીટના (૪) શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસના

પદ્માસન ૧।। ફીટના (૫) શ્રી ધર્મનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના અને (૬) શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૬ : મેરૂ પર્વતની જેમ ઊંચી વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુની એક મૂર્તિ છે.

મંદિર નં. ૭ : આ મંદિરમાં પણ ઉપર જઈ શકાય તેવી ઊંચી નાની દેરીમાં ઉપર શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે.

મંદિર નં. ૮ : રંગીન સીરેમીક ટાઈલ્સની વેદી પર શ્રી પાર્શ્વ પ્રભુ ૩ ફીટના પદ્માસન બિરાજે છે.

મંદિર નં. ૯ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૧૦ : મોટું શિખરબંધી મંદિર છે. અંદર પ્રવેશવાનો દરવાજો સાવ નાનકડો છે. શ્રી ઋષભદેવ ભગવાન સફેદ આરસના પદ્માસન ૧।। ફીટના છે.

મંદિર નં. ૧૧ : શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન શ્યામ વર્ણના ૧ ફૂટના છે.

મંદિર નં. ૧૨ : મોટું શિખરબંધ મંદિર છે. તેમાં શ્રી વિમલનાથજી પદ્માસન સફેદ આરસના ૨।। ફીટના છે. તેમની ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ વર્ણના ૧।। ફીટના અને જમણી તરફ શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન ૧।। ફીટના છે.

મંદિર નં. ૧૩ : શ્રી આદિનાથ ભગવાન પ્રાચીન ખડ્ગાસન સોનેરી વર્ણના ૫ ફીટના છે. તેમની બંને બાજુ શ્રી અભિનંદનનાથ અને શ્રી અજીતનાથ ભગવાનની સફેદ આરસની પદ્માસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૧૪ : મોટું શિખરબંધ મંદિર છે. તદ્દન નીચો નાનકડો દરવાજો છે. અંદર ત્રીજા રૂમમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ફેણવાળા ૪।। ફીટના છે.

મંદિર નં. ૧૫ : ઊંચી કમળની વેદી ઉપર શ્રી અરનાથ ભગવાન સફેદ આરસના ૨ ફીટના પદ્માસન બિરાજમાન કરેલા છે.

મંદિર નં. ૧૬ : શ્રી ઋષભદેવ ભગવાન સફેદ આરસના ૦।।। ફીટના પદ્માસને છે.

મંદિર નં. ૧૭ : શ્રી ઋષભદેવ ભગવાન પદ્માસન સફેદ આરસના ૨ ફીટના સંવત ૧૯૦૦માં પ્રતિષ્ઠિત છે.

મંદિર નં. ૧૮ : નાનકડી દેરીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન છે.

મંદિર નં. ૧૯ : શ્રી સંભવનાથ ભગવાન ૨ ફીટના શ્યામ વર્ણના પદ્માસન છે.

મંદિર નં. ૨૦ : મોટું શિખરબંધ મંદિર - રંગીન સીરેમીક ટાઈલ્સની વેદી ઉપર શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૨ ફીટના સફેદ આરસના પદ્માસને છે.

મંદિર નં. ૨૧ : શ્રી આદિનાથ ભગવાન પ્રાચીન ખડ્ગાસન ૪।। ફીટના છે. ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ વર્ણના પદ્માસન અને જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુજી છે.

મંદિર નં. ૨૨ : શ્રી નેમિનાથ પ્રભુ પ્રાચીન બદામી રંગ જેવા પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૩ : ભોંયરામાં વેદી ઉપર ત્રણ પ્રતિમાજી છે. વચ્ચે શ્રી આદિનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૨।। ફીટના છે. ડાબી તરફ શ્રી આદિનાથ પ્રભુ શ્યામ વર્ણના ૨ ફીટના છે અને જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ શ્યામ વર્ણના ૨ ફીટના છે. વચ્ચેના પ્રતિમાજી ઉપર પ્રશસ્તિ નથી. આજુબાજુના બંને પ્રતિમાજી ઉપર પ્રતિષ્ઠા સંવત ૧૨૦૨ લખેલ છે. તે રીતે આ મૂર્તિઓ પ્રાચીન છે.

મંદિર નં. ૨૪ અ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણના ૨।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૪ બ : ખોદકામમાં પ્રાપ્ત થયેલ પ્રાચીન ખડ્ગાસન શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ છે. બાજુમાં બે ખડ્ગાસન અને બે પદ્માસન મૂર્તિઓ છે.

મંદિર નં. ૨૫ : આચાર્યોના ચરણકમળ છે.

(૧) આચાર્ય પુષ્પદંતજી તથા ભૂતબલીજીના ચરણકમળ છે.

(૨) શ્રી કુન્દકુન્દાચાર્યદેવના ચરણકમળ છે.

(૩) શ્રી સમન્તભદ્રાચાર્યના ચરણકમળ છે.

(૪) પૂજયપાદસ્વામીના ચરણકમળ છે.

(૫) આચાર્ય શિવસાગરના ચરણકમળ છે.

(૬) શ્રુતસાગરજીના ચરણકમળ છે.

મંદિર નં. ૨૬ : આચાર્ય ઉમાસ્વામીના ચરણકમળ છે.

મંદિર નં. ૨૭ : અંદર ઊંડે-ઊંડે ભોંયરામાં ત્રીજા રૂમમાં શ્રી નેમિનાથ ભગવાન શ્યામ પદ્માસન ૨ ફીટના છે તથા શ્રી ચન્દ્ર પ્રભુની પ્રાચીન મૂર્તિ પણ છે.

મંદિર નં. ૨૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧ ફૂટના શ્યામ પદ્માસને છે. અતિશયવાળી વાવડી અહીં છે. જેનું વર્ણન ઉપર લખ્યું છે.

મંદિર નં. ૨૯ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૩૦ : શ્રી પુષ્પદંત ભગવાન ખડ્ગાસન ૪ ફીટના છે.

મંદિર નં. ૩૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૪ ફીટના છે.

મંદિર નં. ૩૨ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ખડ્ગાસન ૪ ફીટના છે.

મંદિર નં. ૩૩ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન છે.

મંદિર નં. ૩૪ : ઊંચી ગોળ વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

મંદિર નં. ૩૫ : મોટું શિખરબંધ મંદિર છે. દરવાજો પથ્થરનો, નકશીકામવાળો, પ્રાચીન અને સુંદર છે. શ્રી ચન્દ્ર પ્રભુજીની મૂર્તિ છે. કહેવાય છે કે ૮૦ વર્ષ પહેલા સિંહણ અહીં એક મહિનો આ મંદિર પાસે રહી હતી. છતાંય કોઈને ઈજા કરી નહોતી.

મંદિર નં. ૩૬ : રંગીન વેદી ઉપર સફેદ ફેણવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મંદિર. ઉપર નામ ભલે "પાર્શ્વનાથજીનું મંદિર" લખ્યું છે. પરંતુ, ખરેખર તો મૂર્તિ પદ્માવતી દેવીની જ છે.

મંદિર નં. ૩૭ : શ્રી પુષ્પદન્ત ભગવાન ખડ્ગાસને ૭ ફીટના બિરાજમાન છે. આ મંદિર મેડી ઉપર છે. ભગવાનની બંને બાજુ યક્ષ-યક્ષિકા છે.

મંદિર નં. ૩૮ : શિખરબંધ મંદિર છે, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન પ્રાચીન ૪ ફીટના શ્યામ વર્ણના છે. માથા ઉપર ફેણ છે.

મંદિર નં. ૩૯ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ખડ્ગાસન ૬ ફીટના સંવત ૧૬૮૪માં પ્રતિષ્ઠિત થયેલા છે.

મંદિર નં. ૪૦ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૨॥ ફીટના સફેદ પદ્માસન બિરાજે છે.

મંદિર નં. ૪૧ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન સફેદ પાષાણના પ્રતિષ્ઠા સંવત ૧૫૪૨માં થયેલી છે.

મંદિર નં. ૪૨ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૭ ફીટના બદામી વર્ણના ખડ્ગાસન પ્રતિમાજી છે. માથે ત્રણ છત્ર પણ છે. નીચે બંને બાજુ ઈન્દ્રો ચામર ઢાળે છે. તે સિવાય બીજા નવ પ્રતિમાજી પણ છે. તે સિવાય મંદિરનો પ્રવેશદ્વાર કલામય અને જોવાલાયક છે.

મંદિર નં. ૪૩ : શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન છે.

મંદિર નં. ૪૪ થી ૬૮ સુધીના મંદિરો એક જ મંદિરમાં લાઈનસર જુદીજુદી વેદી ઉપર છે. દરેક ભગવાનને અલગ-અલગ મંદિર નંબરો દીધા છે.

મંદિર નં. ૪૪ : શ્રી ઋષભદેવ ભગવાન શ્યામ પદ્માસન ૩ ફીટના છે.

મંદિર નં. ૪૫ : શ્રી અરનાથજી શ્યામ પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૪૬ : શ્રી સુપાર્શ્વનાથજી સફેદ પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૪૭ : શ્રી પાર્શ્વનાથજી શ્યામ ફેણવાળા ૪ ફીટના છે.

મંદિર નં. ૪૮ : શ્રી પાર્શ્વનાથજી શ્યામ ફેણવાળા ૪ ફીટના છે.

મંદિર નં. ૪૯ : શ્રી પાર્શ્વનાથજી શ્યામ ફેણવાળા ૪ ફીટના છે.

મંદિર નં. ૫૦ : શ્રી પાર્શ્વનાથજી શ્યામ ફેણવાળા ૪ ફીટના છે.

મંદિર નં. ૫૧ : શ્રી નેમિનાથ ભગવાન છે.

મંદિર નં. ૫૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

મંદિર નં. ૫૩ : શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન છે.

મંદિર નં. ૫૪ : શ્રી વાસુપૂજ્ય ભગવાન છે.

મંદિર નં. ૫૫ : શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન છે.

મંદિર નં. ૫૬ : શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન છે.

મંદિર નં. ૫૭ : શ્રી પાર્શ્વનાથજી ભગવાન છે.

મંદિર નં. ૫૮ : શ્રી નેમિનાથજી ભગવાન છે.

મંદિર નં. ૫૯ : શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન છે.

મંદિર નં. ૬૦ : શ્રી પાર્શ્વનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૧ : શ્રી નેમિનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૨ : શ્રી પાર્શ્વનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૩ : શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન છે.

મંદિર નં. ૬૪ : શ્રી આદિનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૫ : શ્રી આદિનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૬ : શ્રી સુપાર્શ્વનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૭ : શ્રી આદિનાથજી ભગવાન છે.

મંદિર નં. ૬૮ : શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન છે.

મંદિર નં. ૬૯ : શિખરબંધ મંદિરમાં શ્રી ચન્દ્ર પ્રભુજી સફેદ આરસના છે.

મંદિર નં. ૭૦ : શ્રી પાર્શ્વનાથજી પદ્માસન શ્યામ ૩ ફીટના છે. ડાબી તરફ તથા જમણી તરફ શ્રી આદિનાથ ભગવાન છે.

મંદિર નં. ૭૧ : સરસ્વતિ સદન-શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ખડ્ગાસન ૮ ફીટના છે. પ્રતિમાજી ઉપર ૩ છત્ર છે.

મંદિર નં. ૭૨ : શ્રી નેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૩ ફીટની પદ્માસન પ્રતિમા છે. આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૮૯૭માં થઈ છે.

મંદિર નં. ૭૩ : શ્રી ઋષભદેવ ભગવાનની શ્યામ પદ્માસન મૂર્તિ છે. તે સિવાય પંચધાતુના ઘણા પ્રતિમાજી છે.

મંદિર નં. ૭૪ : શ્રી ઋષભદેવ ભગવાન ખડ્ગાસન ૫ ફીટના છે.

મંદિર નં. ૭૫ : શ્રી નેમિનાથ ભગવાનની શ્યામ પદ્માસન મૂર્તિ છે.

મંદિર નં. ૭૬ : તદ્દન નવું મંદિર બંધાયેલું છે. સોનગઢના પરમાગમ મંદિરથી ડબલ કે એથી પણ મોટો હોલ છે. તેમાં કમળની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા પદ્માસન ૬ ફીટના ઘણા ભવ્ય અને સૌમ્ય-ભાવવાહી ભગવાન બિરાજમાન કરેલ છે. કાંઈપણ મેળો કે મહોત્સવ હોય ત્યારે આ મોટા મંદિરમાં સૌ સમુહમાં બેસીને પૂજા કરે છે.

મંદિર નં. ૭૭ થી ૮૦ : ચોકમાં ચાર માનસ્થંભજી છે. દરેક માનસ્થંભજીમાં ફક્ત ઉપર જ ચૌમુખી ભગવાન છે. નીચે ભગવાન નથી.

મંદિર નં. ૮૧ થી ૧૦૫ : આ બધા મંદિરો તદ્દન નવા બંધાયેલા એક ખૂબ મોટા ગોળાકાર મંદિરમાં છે. તેમાં ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ શિખરબંધ દેરીઓમાં ચોવીસ પદ્માસન મૂર્તિઓ છે. દરેક દેરી ઉપર તીર્થંકર ભગવાનના નામો લખેલા છે. આ ચોવીસ દેરીઓ ફરતી ગોળાકારમાં છે. હોલમાં વચ્ચે સફેદ આરસના ખડ્ગાસન શ્રી બાહુબલીજી ભગવાન ઘણા જ ભવ્ય, શાન્ત-સૌમ્ય, સ્મિત મુખમુદ્રાવાળા અને વિતરાગતાથી ભરપુર છે. તેને ૧૦૫ નંબર આપેલ છે.

પપૌરાજીનું વર્ણન આપતી સુંદર કવિતા કવિ સરસે સં. ૧૯૯૩માં ૮૬ કડીની બનાવી છે. આ પપૌરાજીના વર્ણનવાળી ૮૬ કડીની પુસ્તિકાનું નામ પપૌરા-વૈભવ છે, જે અહીં વેચાતી મળે છે. તેમજ પપૌરા-દર્શન નામના પુસ્તકમાં પણ ઘણી માહિતી છે. ક્ષેત્રમાં દાન આપનારને આ બંને પુસ્તિકા ભેટ સ્વરૂપે આપે છે.

*જીવનમાં કોઈવાર પહાડ જેવી પ્રતિકુળતાઓ આવે તોપણ તારી આત્મશ્રદ્ધા ગુમાવીશ નહીં, મનને સમતોલ રાખજે. કોઈપણ દુઃખનો ઉકેલ અને અંત હોય જ છે, તારે કોઈ બીજાના સહારાની જરૂર નથી, તારો જ્ઞાયક તારી પાસે જ છે.*

o o o o o

*સંસાર અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે - એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે.*

# ટીકમગઢ

પપૌરાજીથી આશરે ૫ કિ.મી. દૂર ટીકમગઢ આવે છે. આ ગામમાં ત્રણ જિનમંદિર છે, જે ખરેખર દર્શનીય છે. શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિરમાં નીચે ઉપર થઈને કુલ નવ મંદિરો બહુ જ સરસ છે. મંદિર નં. ૧માં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ આરસની ભવ્ય અને દર્શનીય ૫ ફીટની પદ્માસન પ્રતિમાજી છે. ખરેખર આખું મંદિર જોવાલાયક છે. આ હિસાબે ટીકમગઢના બીજા બે મંદિરો પણ આવા જ સુંદર હશે તેમ માની શકાય. ટીકમગઢ તીર્થક્ષેત્ર નથી. પરંતુ, બીજા ક્ષેત્રોમાં જતાં રસ્તામાં જ આવે છે. તેથી અહીંના જિનમંદિરોના દર્શનનો અવશ્ય લાભ લેવો.

---

ऐसे मुनिवर देखे वन में,<br>
जाके राग द्वेष नहीं मन में ।।<br>
ग्रीषम ऋतु शिखर के ऊपर,<br>
मगन रहे ध्यानन में ।। १।।

चातुर्मास तरुतल ठाडे,<br>
बून्द सहे छिन-छिन में ।। २।।

शीत मास दरिया के किनारे,<br>
धीरज धारें ध्यानन में ।। ३।।

ऐसे गुरु को मैं प्रति ध्याऊं,<br>
देत ढोक चरणन में ।। ४।।

# અહારજી અતિશયક્ષેત્ર

- આવાગમન.................: રેલ્વે સ્ટેશન : મઉરાનીપુર - ૬૨ કિ.મી., લલિતપુર - ૬૪ કિ.મી., ઝાંસી - ૧૨૦ કિ.મી.
  બસ સ્ટેશન : બલદેવગઢ - ૧૦ કિ.મી., ટીકમગઢ - ૨૨ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ટીકમગઢથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર.......: ટીકમગઢ - ૨૨ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: પપૌરાજી - ૨૭ કિ.મી., દ્રોણગિરિ - ૫૬ કિ.મી., ખજુરાહો - ૧૨૫ કિ.મી., બડાગાઁવ - ૩૦ કિ.મી.

પપૌરાજીથી અહારજી આશરે ૨૭ કિ.મી. થાય છે. જીપમાં લગભગ ૦॥-૦॥। કલાક થાય છે. રસ્તો પાકો છે. અહારજી અતિશયક્ષેત્ર છે. અહીંનું શ્રી શાંતિનાથજીનું મંદિર પાડાશાહે બંધાવ્યું હતું. એકાંત અને શાંતિ માટે આ ક્ષેત્ર સારૂં છે. શ્રી શાંતિનાથ જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૨૨ ફીટના ભવ્ય અને સૌમ્ય છે. આ મુખ્ય મંદિર સિવાય બીજા છ મંદિરો અને બે માનસ્થંભજી છે. અહીં સંગ્રહાલય (મ્યુઝિયમ) પણ છે. જેમાં પુરાતત્વનો સંગ્રહ છે. જેમાં અગીયારમી તથા બારમી સદીની ચીજો છે. તે સિવાય અહીં શ્રી શાંતિનાથ દિગંબર જૈન વિદ્યાલય, મહિલાશ્રમ તથા વ્રતીઓ માટે સંસ્થા છે. અહીં ધર્મશાળામાં નળ, કૂવો તથા વિજળીની સગવડતા છે. ધર્મશાળામાં લગભગ ૭૫ થી ૧૦૦ જેટલી રૂમો છે.

અહીં ભૂતકાળમાં ઘણા મંદિરો હશે તેમ અનુમાન થાય છે. કારણ કે ખોદકામ કરતા ઘણા સ્થળેથી પ્રાચીન મંદિરો અને ખંડિત પ્રતિમાઓના અવશેષો પ્રાપ્ત થાય છે. કાળાનુક્રમે અગર તો વિરોધીઓએ આ મંદિરો નષ્ટ કર્યા હશે તેમ અનુમાન થાય છે. તેમજ ધીરેધીરે લોકોની આવનજાવન પણ ઘટતી ગઈ, તેથી મંદિરો જીર્ણ થઈ નષ્ટ થયા હોય તેમ પણ માની શકાય.

મંદિર નં. ૧ : શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૨૨ ફીટના છે. બાજુમાં શ્રી કુન્થુનાથ તથા શ્રી અરનાથ - બંને ૯-૯ ફીટના ખડ્ગાસન છે. તે સિવાય ડાબી તરફ તથા જમણી તરફ ૩॥-૩॥ ફીટના પદ્માસન બે પ્રતિમાજી છે. ત્રણેય પ્રતિમાજી ભવ્ય છે. આ મંદિર મોટા હોલમાં છે. આ હોલમાં ફરતા ચારે તરફ શિખરબંધી ગોખલાઓમાં સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકર ભગવંતો પદ્માસન જુદી-જુદી દેરીઓમાં બિરાજમાન કરેલા છે. તે સિવાય ભૂત, વર્તમાન અને ભાવિ ત્રણ ચોવીસીની દેરીઓ છે. તે સિવાય શ્રી બાહુબલીજી ભગવાન શિખરબંધ મંદિરમાં છે.

૨૪ × ૩ = ૭૨ + ૨૦ વીહરમાન - તેમ કુલ ૯૨ દેરીઓ આ મંદિરમાં છે. શ્રી શાંતિનાથ ભગવાનની ડાબી તરફ જે પ્રતિમાજી છે તે શ્રી અરનાથજીની શ્યામ વર્ણની પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૨૩૭માં થઈ હતી. જે ૯૨ તીર્થંકર ભગવંતો છે, તે બધા જ પદ્માસન ૧॥ ફીટના છે.

મંદિર નં. ૨ : ભોંયરામાં લાંબી વેદી ઉપર ૫ દેરીઓ છે. તેમાં પદ્માસને નાની-નાની ઘણી મૂર્તિઓ છે. તે સિવાય પંચધાતુની ૨૪ મૂર્તિઓ છે.

મંદિર નં. ૩ : શ્રી શાંતિનાથ પ્રભુ છે.

મંદિર નં. ૪ : શ્યામ વર્ણની પદ્માસન ૧॥ ફીટની મૂર્તિ છે. આ કયા ભગવાન છે તે માલુમ પડતુ નથી. આગળના ભાગમાં શ્રી પુષ્પદંત પ્રભુની ૧ ફૂટની સફેદ પદ્માસન મૂર્તિ છે.

મંદિર નં. ૫ : શ્રી બાહુબલીજી ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે અને કમળની વેદી ઉપર બિરાજમાન કરેલા છે. તેની પ્રતિષ્ઠા સં. ૨૦૧૪માં થઈ છે.

મંદિર નં. ૬ : શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. પદ્માસન ૨ ફીટના છે.

આ છ મંદિરો તળેટીમાં આવેલા છે. દરવાજો ખોલતા પહાડ ઉપર જીપગાડી તથા બસ પણ જઈ શકે છે. આને પંચ પહાડ પણ કહે છે. જીપકાર તો ઉપર છેક પગથિયાં સુધી જઈ શકે છે. રસ્તો જો કે કાચો છે. માત્ર ૪૦ પગથિયાં જ ચડવાના છે. તેથી ઉપર ચાલતાં જવામાં પણ કાંઈ જ તકલીફ નથી.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૧ : શ્રી મદનકુમારજીના ચરણ પાદૂકા છે. તેમની નિર્વાણભૂમિ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૨ : શ્રી વિષકંબલ મુનિના ચરણ પાદૂકા છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૩ : શ્રી વિશ્વકમલ કેવળીના ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૪ : શ્રી શાંતિનાથ પ્રભુના ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૫ : શ્રી મલ્લિનાથ પ્રભુના સફેદ ચરણકમળ છે.


પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૬ : શ્રી આદિનાથ પ્રભુના ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૭ : શ્રી મહાવીર પ્રભુના ચરણકમળ છે.

આ સાતેય દેરીની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૨૪ વીર સંવત ૨૪૯૪માં થયેલી છે.

અહારજી ક્ષેત્રથી લગભગ ૨ કિ.મી. દૂર એક મોટી ગૂફા છે. તેને સિદ્ધોની ગૂફા કહે છે. તે સિવાય અહારજીમાં સંગ્રહાલય છે, જેમાં ખોદકામમાં પ્રાપ્ત સેંકડો પ્રતિમાઓ તથા ખંડિત પ્રતિમાઓ રાખેલ છે.

# દ્રોણગિરિ અતિશયક્ષેત્ર તથા નિર્વાણક્ષેત્ર



દ્રોણગિરિ : નિર્વાણ ગુફા, જ્યાંથી મુનિરાજ ગુરુદત્ત નિર્વાણ પામ્યા હતા.

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : હરપાલપુર, સાગર, ઝાંસી, લલિતપુર, દમોહ - દરેક ૧૧૦ કિ.મી.
  બસ સ્ટેશન : બડા મલ્હરા - ૭ કિ.મી., છતરપુર - ૫૦ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: બડા મલ્હરાથી દ્રોણગિરિ સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર.......: બડા મલ્હરા - ૭ કિ.મી., છતરપુર - ૫૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: અહારજી - ૫૬ કિ.મી., પપૌરાજી - ૬૫ કિ.મી., નૈનાગિરિ - ૯૦ કિ.મી., ખજુરાહો - ૧૦૩ કિ.મી., સોનાગિરિ - ૨૨૫ કિ.મી., ડેરા પહાડી - ૫૭ કિ.મી.

પપૌરાજીથી દ્રોણગિરિ સડક રસ્તે ૬૫ કિ.મી. છે અને ટીકમગઢથી દ્રોણગિરિ ૬૦ કિ.મી. છે. અહીં નાનકડી ધર્મશાળા છે. દ્રોણગિરિ ક્ષેત્ર નાના પહાડ ઉપર છે. અહીં ગુરુદત્ત જૈન સંસ્કૃત વિદ્યાલય છે. ગામમાં વિજળી-પાણીની સગવડ છે. અહીં ફાગણ વદ-૧ થી ફાગણ વદ-૫ સુધી વાર્ષિક મેળો ભરાય છે. દ્રોણગિરિમાં ગુરુદત્તાદિ મુનિવરો મુક્તિ પામ્યા છે. તેથી દ્રોણગિરિને નિર્વાણક્ષેત્ર પણ માનવામાં આવે છે. પહાડ ઉપર ૨૮ જિનમંદિરો શિખરબંધ છે.

તળેટીમાં શ્રી આદિનાથ દિગંબર જૈન મંદિર છે. જેમાં મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૨।। ફીટના છે. તે સિવાય અહીં પંચધાતુના પુષ્કળ પ્રતિમાજી છે. અંદરના ભાગમાં શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર છે. જેમાં આરસની વેદી ઉપર શ્રી શાંતિનાથ પ્રભુ ૩।। ફીટના છે. મંદિરની બાજુમાં દસેક મીનીટ ચાલતાં નાની ગલી આવે છે. ત્યારબાદ રંગીન દરવાજો આવે છે. જેમાં પ્રવેશીને પહાડ ઉપર ચડી શકાય છે. કુલ ફકત ૨૩૨ પાકા પગથિયાં છે. ચઢાણ છે. તેથી પહાડ ચઢતા થોડો શ્વાસ ચડે છે. પણ પગથિયાં પાકા અને સરસ છે. તેમજ પગથિયાની બંને બાજુ પાકી દિવાલ કઠોડાની જેમ ચણેલી છે. આ પહાડને “લઘુ સમ્મેદશિખરજી” પણ કહે છે.

પહાડ ઉપરના મંદિરોનું વર્ણન :-

મંદિર નં. ૧ : અહીં શ્રી સુપાર્શ્વનાથ ભગવાન સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨ : અહીં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ પદ્માસન ૧।। ફીટના વિક્રમ સંવત ૨૦૨૧માં પ્રતિષ્ઠિત કરેલા છે.

મંદિર નં. ૩ : અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પાષાણના ૨।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૪ : અહીં શ્રી આદિનાથ ભગવાન શ્યામ પદ્માસન ૩ ફીટના છે.

મંદિર નં. ૫ : અહીં શ્રી અજીતનાથ ભગવાન પદ્માસન ૧।। ફીટના છે.

મંદિર નં. ૬ : અહીં શ્રી આદિનાથ ભગવાન સફેદ ૧।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૭ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ ૧।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૯ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૩ ફીટના પદ્માસન અને ફેણવાળા છે.

મંદિર નં. ૧૦ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ ૨।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ ૨।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૨ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ ૨।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૩ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ ૧।। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૪ : શ્રી મહાવીર પ્રભુ સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૫ : શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ ૧॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૬ : શ્રી નેમિનાથ ભગવાન શ્યામ પદ્માસન છે.

મંદિર નં. ૧૭ : શ્રી શાંતિનાથ ભગવાન ૧॥ ફીટ શ્યામ પદ્માસન છે.

મંદિર નં. ૧૮ : શ્રી આદિનાથ ભગવાન સફેદ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૯ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ ૨॥ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૦ : શ્રી સુપાર્શ્વનાથ ભગવાન શ્યામ ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૧ : ગંધકૂટી જેવી વેદી ઉપર ૧॥ ફીટના શ્રી આદિનાથ પ્રભુ સફેદ પથ્થરના ખડ્ગાસન છે.

મંદિર નં. ૨૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ ૩ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૨૩ : શ્રી આદિનાથ ભગવાન શ્યામ ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૨૪ : બ્લ્યુ જેવા પથ્થરનો માનસ્થંભ છે. લગભગ ૧૦ ફીટ ઊંચો છે. ઉપર ખડ્ગાસન પ્રતિમાજી ત્રણ દિશામાં છે અને ચોથી દિશામાં પદ્માસન મૂર્તિ છે. આવું અહીં જ જોવા મળ્યું. બધે કાં તો ખડ્ગાસન પ્રતિમાજી હોય અને મોટા ભાગે તો બધે ચારે દિશામાં પદ્માસન પ્રતિમાજી જ હોય છે.

મંદિર નં. ૨૫ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૦॥ ફૂટના સફેદ પદ્માસન છે.

મંદિર નં. ૨૬ : શ્રી નેમિનાથ ભગવાન ૧ ફૂટના શ્યામ પદ્માસન છે.

મંદિર નં. ૨૭ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૦॥ ફૂટના સફેદ પદ્માસન છે.

મંદિર નં. ૨૮ : આ મંદિર મંદિર નં. ૨૭ ની બાજુમાં ગૂફામાં છે, જેને ગુરુદત્તાદિ ગૂફા કહે છે. અહીંનું અતિશય એમ છે કે ગુરુદત્ત મુનિ આ ગૂફામાં ધ્યાનમાં બેઠા હતા. અહીં ગામમાં વાઘ આવ્યો. લોકોએ વાઘને કાઢયો તો વાઘ ભાગીને ગૂફામાં ચાલ્યો ગયો. તેથી લોકોને ભય થયો કે ફરીને આ વાઘ ગૂફામાંથી દોડીને પાછો ગામમાં આવશે. તેમ ન બને તે માટે ગામના લોકોએ આ ગૂફા ફરતી આગ લગાડી તો આગમાં વાઘ તથા ગુરુદત્ત મુનિ ભસ્મ થઈ ગયા. આ ક્ષેત્ર ઉપરથી ૩॥ કરોડ મુનિવરો મુક્તિ પામ્યા છે. તેથી આ ક્ષેત્રને નિર્વાણક્ષેત્ર પણ કહે છે.

*જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહીં.*
*ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય.*

परम दिगंबर मुनिवर देखे, हृदय हर्षित होता है ।
आनंद उल्लसित होता हैं, सम्यग्दर्शन होता है ।।

वास जिनका वन उपवन में, गिरि शिखर के नदी तटे ।
वास जिनका चित्त गुफा में, आतम आनंद में रमे ।। १।।

कंचन अरु कामिनी के त्यागी, महा तपस्वी ज्ञानी ध्यानी ।
काया की माया के त्यागी, तीन रतन गुण भंडारी ।। २।।


परम पावन मुनिवरों के पावन चरणों में नमूँ ।
शांत मूर्ति सौम्य मुद्रा आतम आनंद में रमूँ ।। ३।।

चाह नहीं है राज्य की, चाह नहीं है रमणी की ।
चाह हृदय में एक यही है, मुक्ति वधू को वरने की ।। ४।।

भेद-ज्ञान की ज्योति जलाकर, शुद्धातम में रमते हैं ।
क्षण-क्षण में अंतर्मुख हो, सिद्धों से बाते करते हैं ।। ५।।




તીર્થક્ષેત્ર શ્રી નૈનાગિરી સ્થિત જલમંદિર



શ્રી દિગંબર જૈન સમવસરણ મંદિર, નૈનાગિરિ

# નૈનાગિરિ/રેસન્દીગિરિ નિર્વાણક્ષેત્ર



નૈનાગિરિ : પર્વત પરના જિનાલયોનું ભવ્ય દ્રશ્ય

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : સાગર - ૫૫ કિ.મી.
  બસ સ્ટેશન : દલપતપુર - ૧૩ કિ.મી.,
  કટની - દમોહથી - ૨૬ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: સાગર, ટીકમગઢ, છતરપુરથી સડક રસ્તે
  સાગર-કાનપુર નેશનલ હાઈવે નં. ૮૬ ઉપર
- નજીકના મુખ્ય શહેર.......: દલપતપુર - ૧૩ કિ.મી., બંડા - ૨૬ કિ.મી.,
  બક્સવાહા - ૨૬ કિ.મી., શાહગઢ - ૪૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: દ્રોણગિરિ - ૯૦ કિ.મી., પપૌરાજી - ૯૫ કિ.મી.,
  અહારજી - ૧૧૫ કિ.મી., કુંડલપુર - ૧૧૮ કિ.મી.,
  ખજુરાહો - ૧૬૮ કિ.મી., મંગલગિરિ - ૫૫ કિ.મી.

બુન્દેલખંડમાં નૈનાગિરિ, દ્રોણગિરિ, સોનાગિરિ, અહારજી, પપૌરાજી, દેવગઢ, થુબૌનજી, ચંદેરી, ખન્દારગિરિ, કુંડલપુર, ખજુરાહો, બજરંગગઢ, બીનારહા, પજનારી, વિગેરે પવિત્ર અને પ્રસિદ્ધ તીર્થક્ષેત્રો આવેલા છે. તેથી બુન્દેલખંડનો કણ-કણ પવિત્ર છે. બુન્દેલખંડમાં નવમી શતાબ્દીની શરૂઆતમાં રાજા નતુફાના ગઢ ઉપરથી નનિકાગઢ અથવા નૈનાગઢ ગામ હતુ - તેમ શિલાલેખ ઉપરથી જાણવા મળે છે. પૌરાણિક કાળમાં ધાર્મિક ગ્રંથોમાં નૈનાગિરિનો રેસન્દીગિરિ નામથી પણ ઉલ્લેખ છે. જે આજે પણ પ્રસિદ્ધ છે. તેમજ વર્તમાનમાં નૈનાગિરિ પણ કહે છે, જે જૂનું નામ નનિકાગઢ અથવા નૈનાગઢના આધારે પ્રચલિત છે. નૈનાગિરિ સિદ્ધક્ષેત્ર પ્રસિદ્ધ જૈન તીર્થ છે. ઈતિહાસની દષ્ટિએ આ ક્ષેત્રનું ઘણું મહત્ત્વ છે. નિર્વાણકાંડની ગાથાના આધારે આ ક્ષેત્ર પ્રાચીન હોવાનું નક્કી થાય છે. ગાથા છે કે -

*"સમવસરણ શ્રી પાર્શ્વ જિણંદ, રેસન્દીગિરિ નયનાનંદ*
*વરદત્તાદી પંચ ઋષીરાજ, તે વંદો નિત ધરમ જિહાજ ॥"*

રેસન્દીગિરિ ઉપર ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ આવ્યું હતું. શ્રી પાર્શ્વનાથ ભગવાનને નિર્વાણ પામ્યાને લગભગ ૨૭૭૦ વર્ષ થયા. કેમ કે શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્રી મહાવીર પ્રભુથી ૨૫૦ વર્ષ પહેલા થયા હતાં. આ રીતે રેસન્દીગિરિને આપણે ૩૦૦૦ વર્ષ જૂનું ક્ષેત્ર માની શકીએ. કારણ કે નિર્વાણકાંડની ગાથા ઉપરથી પણ આમ જ નક્કી થાય છે.

આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલા ખમ્હોરી નિવાસી શ્રી શ્યામલેલાલ ચૌધરીને એક રાત્રે સ્વપ્ન આવેલ કે રેસન્દીગિરિમાં ખોદકામ કરો તો ત્યાંથી પ્રાચીન જિનમંદિર નીકળશે. તો તે મુજબ ત્યાં ખોદકામ કરાવતા જમીનમાંથી એક ભવ્ય પ્રાચીન જિનમંદિર સુરક્ષિત નીકળ્યુ. તેમજ દેવગઢ અને ખજુરાહોની મૂર્તિની કળા જેવી જ અનેક મૂર્તિઓ અહીંથી ખોદકામમાં પ્રાપ્ત થઈ. પહાડ ઉપરના મંદિરોમાં મંદિર નં. ૧૧ સૌથી પ્રાચીન માનવામાં આવે છે. એક શિલાલેખ મળેલ છે તે મુજબ આ મંદિરની સ્થાપના વિ. સં. ૧૧૦૬ના ચૈત્ર માસમાં શ્રી પરશોતમદાસ શ્રેષ્ઠી દ્વારા થઈ છે. તે સિવાય બીજા શિલાલેખ મંદિર નં. ૨૬ ની દિવાલ ઉપર લગાવેલ છે. થોડા વર્ષ પહેલા પહાડ ઉપર ખોદકામ કરતા ચન્દેલ કાળના સમયના શીલ્પકળાવાળા પથ્થરો અને માટીના વાસણો પ્રાપ્ત થયા હતા. તેથી નક્કી થાય છે કે ભૂતકાળમાં આ મોટું શહેર હોઈ શકે. કારણ કે આ પર્વતની પાછળ લગભગ ૨૦૦ એકર જમીનમાં મોટા શહેરની દિવાલોના અવશેષો આજે પણ નજરે પડે છે તથા પુરાણા કુવા પણ જોવા મળે છે.

નૈનાગિરિમાં દર વર્ષે આસો સુદ-૧૩ થી આસો સુદ-૧૫ સુધી મોટો મેળો ભરાય છે, જેમાં સાગર, દમોહ તથા છત્તરપુર જિલ્લાના લોકો એકઠા થાય છે. તેમજ તે સમયે ભારતભરમાંથી બીજા અનેક યાત્રાળુઓ દર્શન-પૂજા માટે આવે છે.

નૈનાગિરિમાં લગભગ તા. ૨૯/૧૦/૯૭ પહેલા ખોદકામ કરતા ૪ ફીટના એક ખડ્ગાસન પ્રતિમાજી અને પદ્માવતી દેવીની મૂર્તિ નીકળ્યા હતા. લગભગ ૨૭૭૦ વર્ષ પહેલા જ્યારે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ અહીં આવ્યુ હતુ, ત્યારે ભગવાનની દિવ્યધ્વનિ છૂટી હતી. તે વખતે વરદત્ત, ગુણદત્ત, મુનિન્દ્રદત્ત તથા છન્દદત્ત મુનિઓને તેમની ધ્વનિ સાંભળીને અહીં જ કેવળજ્ઞાન થયું હતુ અને અહીંથી જ મુક્તિ પામ્યા હતા. તેથી આ ભૂમિને નિર્વાણક્ષેત્ર કહે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણ અહીંથી શ્રી સમ્મેદશિખરજી ગયું હતું. અહીં ખોદકામ કરતા એક શિલાલેખ નીકળેલ છે, જે અહીં દિવાલઉપર આજે પણ લગાવેલ છે. આ શિલાલેખના અક્ષરો આજે પણ ઘણા ચોખ્ખા છે. પણ ભાષા સમજાતી નથી.

ધર્મશાળા :- અહીં કુલ ત્રણ ધર્મશાળા છે. તેમાં એક ધર્મશાળા નવી છે. જેમાં ૪૦ રૂમો પંખા, પલંગ, લાઈટની સગવડતાવાળી છે. અહીં ગામમાં કાંઈ જ મળતુ નથી. પૂજારીને ઓર્ડર આપો, તો ચા-દૂધ કરી આપે છે.

પહાડ ઉપર કુલ ૩૯ મંદિરો છે. પહાડ એટલે તદ્દન નાનકડી ટેકરી જેવું છે. તે પહાડ ઉપર મંદિર નં. ૧ થી નં. ૩૯ સુધી મંદિરો છે. ઉપર ચઢયા પછી બધા જ મંદિરો સમતલ ભૂમિ ઉપર જ છે. તેથી પહાડ ઉપર ઉંચે-નીચે ચઢવું- ઊતરવું પડે તેવુ નથી. બધા મંદિરોના ફક્ત દર્શન કરતા ૧॥ કલાક થાય છે. તે સિવાય તળેટીમાં મંદિર નં. ૪૦ થી ૫૩ સુધી છે.

પહાડ ઉપરના મંદિરોનું વર્ણન :-

મંદિર નં. ૧ : શ્રી ઋષભદેવ ભગવાનનું જલમંદિર છે.

મંદિર નં. ૨ : શ્રી સમવસરણજી મંદિરની રચના ઘણી જ આકર્ષક અને ભવ્ય છે. આપણા મુમુક્ષુઓના ઘણા ગામમાં શ્રી સમવસરણજીની બધી જ સભાઓ સમતલ એટલે કે એક જ લેવલમાં હોય છે. જ્યારે અહીં બધી જ સભાઓ પિઠીકાની જેમ સ્ટેપ-બાય-સ્ટેપ તેમ ઊંચી છે. પહેલી સભાથી બીજી સભા ઊંચી, તેનાથી ત્રીજી સભા ઊંચી - તેમ છે. શબ્દોમાં લખી શકાતું નથી, પણ નજરે જોતા જરૂર ખ્યાલ આવે તેમ છે. આ રીતે બાર સભા પૂરી થયા પછી વચ્ચે પણ ત્રણ ઊંચી પિઠીકા આવે છે. તેની ઉપર ૫ ફીટના ચૌમુખી ભગવાન શ્રી પાર્શ્વનાથજી ભવ્ય લાગે છે. આપણે ત્યાં બધા સમવસરણજીમાં ચૌમુખી ભગવાન ફક્ત ૧ થી ૧॥ ફીટ સુધીના જ હોય છે. જ્યારે અહીં ચૌમુખી ભગવાન ૫ ફીટના છે. તે કેવા ભવ્ય લાગતા હશે અને તે સમવસરણજીની કેવી શોભા હશે તે તો નજરે જુઓ ત્યારે જ ખ્યાલ આવે. ચાર દિશાના ચાર માનસ્થંભજી પણ મોટા અને સુશોભિત છે. આ સમવસરણજી ઘણા મોટા હોલમાં છે અને તેમાં દિવાલ ઉપર ખૂબ જ મોટા ધાર્મિક-ઐતિહાસિક સુંદર ચિત્રપટો મૂકેલા છે. તેની વિગત આ મુજબ છે :-

ચિત્રપટ નં. ૧ : મુકતાગિરિ
ચિત્રપટ નં. ૨ : પાવાગિરિ
ચિત્રપટ નં. ૩ : માંગીતુંગી
ચિત્રપટ નં. ૪ : બડવાની
ચિત્રપટ નં. ૫ : ચંપાપુરી
ચિત્રપટ નં. ૬ : ખન્દારગિરિ
ચિત્રપટ નં. ૭ : તારંગાજી
ચિત્રપટ નં. ૮ : સિદ્ધવરકુટ
ચિત્રપટ નં. ૯ : મથુરા ચોરાસી
ચિત્રપટ નં.૧૦ : દ્રોણગિરિ
ચિત્રપટ નં.૧૧ : કુંડલગિરિ
ચિત્રપટ નં.૧૨ : નૈનાગિરિ
ચિત્રપટ નં.૧૩ : સોનાગિરિ

મંદિર નં. ૩ : મેડી ઉપર પહેલે માળે શ્રી પાર્શ્વ પ્રભુ ૧। ફીટના વીર સંવત ૨૪૬૫ મહા વદ-૧૦ના છે.

મંદિર નં. ૪ : શ્રી નેમિનાથ પ્રભુ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૫ : શ્રી ચન્દ્ર પ્રભુ બદામી આરસના ૧। ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૬ : શ્રી અજીતનાથ પ્રભુ શ્યામ ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૭ : શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૧। ફીટના સં. ૧૮૫૮ ફાગણ સુદ-૮ના છે.

મંદિર નં. ૪ થી ૭ સુધીના મંદિરો તદ્દન પાસે-પાસે નાની-નાની દેરીઓમાં છે.

મંદિર નં. ૮ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ ૫ ફીટના પદ્માસન સં. ૧૮૪૮ માહ માસના છે. નીચે બે પગલાં છે.

મંદિર નં. ૯ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન ૦॥ ફૂટના છે.

મંદિર નં. ૧૦ : નાનકડો માનસ્થંભ છે, જેમાં ચૌમુખી ભગવાન નથી. એક જ બાજુ ભગવાન છે.

મંદિર નં. ૧૧ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧। ફીટના પદ્માસન છે. તે સિવાય ખોદકામમાં પ્રાપ્ત થયેલી અન્ય મૂર્તિઓ પણ આ મંદિરમાં છે. આ મંદિરમાં એક શિલાલેખ છે, જે આ મંદિરની પ્રાચીનતા બતાવે છે અને તેમાં પ્રતિષ્ઠા સં. ૧૧૦૯ બતાવેલ છે.

મંદિર નં. ૧૨ : ચરણકમળ છે.

મંદિર નં. ૧૩ : શ્રી અભિનંદનનાથ શ્યામ વર્ણના ૨॥ ફીટના પદ્માસન છે. વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ-૬ વિ. સં. ૨૦૦૮.

મંદિર નં. ૧૪ : શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૧૫ : શ્રી ઋષભદેવ ભગવાન છે.

મંદિર નં. ૧૬ : ચરણકમળ છે.

મંદિર નં. ૧૭ : શ્રી અજીતનાથ પ્રભુ પદ્માસન શ્યામ ૦।।। ફૂટના છે.

મંદિર નં. ૧૮ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ ૦।।। ફૂટના છે.

મંદિર નં. ૧૯ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન સફેદ ૧ ફૂટ સં. ૧૮૪૪ના છે.

મંદિર નં. ૨૦ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૧ : શ્રી ચન્દ્ર પ્રભુ સફેદ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૨ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૩ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન સફેદ ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૪ : શ્રી નેમિનાથ પ્રભુ પદ્માસન સફેદ ૧।। ફીટના છે.

મંદિર નં. ૨૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૧।। ફીટના છે.

મંદિર નં. ૨૬ : શ્રી ચન્દ્ર પ્રભુ શ્યામ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૭ : શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૨૮ : શ્રી શાંતિનાથજી સફેદ પદ્માસન ૩ ફીટના છે.

મંદિર નં. ૨૯ : શ્રી ચન્દ્ર પ્રભુજી સફેદ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૩૦ : શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન શ્યામ પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૩૧ : શ્રી વાસુપૂજ્ય ભગવાન પદ્માસન સફેદ ૧।। ફીટના છે.

મંદિર નં. ૩૨ : શ્રી મુનિસુવ્રતનાથ સફેદ પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૩૩ : સોનેરી રંગબેરંગી વેદી ઉપર શ્રી મુનિસુવ્રતનાથ પ્રભુ શ્યામ વર્ણના છે.

મંદિર નં. ૩૪ : આ મંદિરનો ઈતિહાસ અગત્યનો છે. બધી માહિતી ત્યાંના પૂજારી કોમલચંદજી પાસેથી મેળવેલ છે. શ્રી મહાવીર પ્રભુ શ્યામ પદ્માસન ૨ ફીટના છે. બંને બાજુ ૦।।।-૦।।। ફૂટના બે પ્રતિમાજી છે. આ મંદિરમાં શ્રી મહાવીર પ્રભુને દરરોજ સવારે ૮:૦૦ થી ૮:૩૦ વાગ્યા સુધીમાં પૂજારી અભિષેક કરે છે. ત્યારબાદ અંગલુછણાથી પ્રતિમાજીને કોરા કરે, ત્યારે દૂર દૂર વીણા-વાજીંત્ર વાગતુ હોય તેવો અવાજ સંભળાય છે. અમે યાત્રામાં જે ૧૩ વ્યક્તિઓ હતા, તે બધાએ આ અવાજ સાંભળેલ હતો. બીજી વખત અમે યાત્રામાં બે બસમાં ૧૦૦ વ્યક્તિઓ ગયા હતા, ત્યારે અમુક વ્યક્તિએ આ અવાજ સાંભળ્યો હતો. જ્યારે કોઈ કોઈ ના કહે છે. એકદમ શાંતિ રાખવી જોઈએ (પીન ડ્રોપ

સાયલન્સ). પૂજારી કહે છે કે અગાઉના જમાનામાં તો આ અવાજ ૧ થી ૧ા કિ.મી. દૂર સુધી સ્પષ્ટ સંભળાતો હતો. પરંતુ, ધીમે-ધીમે લોકો ગમે ત્યારે - સવાર-બપોર-સાંજે આવીને પરિક્ષા કરતા હતા. કોઈ વખત તો બ્હેનોએ અભિષેક કરી અવાજ સાંભળવા પ્રયત્નો કર્યા. ત્યારથી ધીમે-ધીમે આ અવાજ આટલે દૂર સુધી સંભળાતો બંધ થયો છે. આ રીતે સત્ ઘટી જવાથી અવાજ સાવ ધીમો આવે છે. આ પ્રતિમાજીનું આ અતિશય ગણાય છે.

મંદિર નં. ૩૫ : શ્રી મલ્લિનાથ પ્રભુ શ્યામ આરસના ૨ ફીટના છે.

મંદિર નં. ૩૬ : આ મંદિરમાં પ્રાચીન ખંડિત ૧૫-૧૬ મૂર્તિઓ છે. કહેવાય છે કે ખમ્હોરીના શ્રી શ્યામલેલાલ ચૌધરીને ૨૦૦ વર્ષ પહેલા રાત્રે સ્વપ્ન આવેલ કે આ જગ્યાએ ખોદકામ કરો, તો ઘણા પ્રતિમાજી અહીંથી નીકળશે. તો તે મુજબ સમાજે અહીં ખોદકામ કરાવ્યું, તો ૧૩ પ્રતિમાજી જમીનમાંથી નીકળ્યા હતા, જેમાં ૩ ખંડિત હતા. આ સમયથી આ ક્ષેત્ર તીર્થ થયું છે.

મંદિર નં. ૩૭ : શ્રી શાંતિનાથ ભગવાન બદામી ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૩૮ : શ્રી શાંતિનાથ ભગવાન બદામી ૨ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૩૯ : આ નવું મંદિર ખૂબ જ મોટું બનાવેલ છે, જે ખરેખર અવશ્ય દર્શન-પૂજા કરવાલાયક છે. આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની શાસ્ત્રના પાઠ મુજબ બદામી આરસની ૯ હાથ ઉતંગ એટલે કે ૧૩ા ફીટ ઊંચાઈની ખડ્ગાસન ફેણ વગરની પ્રતિમા ચોથા કાળના માપ મુજબ જ બનાવીને ૪૪ વર્ષ પહેલા પ્રતિષ્ઠિત કરી છે. જ્યારે પાર્શ્વકુમાર મુનિ દશામાં હતા, ત્યારે તેમની ઉપર ઉપસર્ગ આવેલ. ત્યારે માથે ફેણ હતી. પરંતુ, તે જ્યારે સિદ્ધ ભગવાન થયા હોય, ત્યારે મસ્તક ઉપર ફેણ ન હોય. આપણે સિદ્ધ થયેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરીએ છીએ, ત્યારે મસ્તક ઉપર ફેણ ન રાખવી જોઈએ. તેથી અહીં ભગવાનનો જે વર્ણ હતો તે વર્ણના બદામી ૧૩ ફીટ એટલે કે ૯ હાથના મસ્તક ઉપર ફેણ વગરના શાસ્ત્રોક્ત નિયમ મુજબ સ્થાપિત કર્યા છે. આ પ્રતિમાજીની બંને બાજુ મોટા-મોટા અરીસા મૂકેલા છે કે જેથી તેમાં પડતા પ્રતિબિંબથી અનેક ભગવાન હારબંધ દેખાય છે. નિજમંદિરની બહાર ડાબી તથા જમણી તરફ બે દેરીમાં ૩-૩ ફીટના પદ્માસન બે જિનબિંબો છે. ફરતા બંને બાજુ થઈને ૨૪ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓ છે. બંને તરફ ૧૨-૧૨ પ્રતિમાજી છે. બધા જ ભગવાન પદ્માસન ૨ ફીટના છે. બાજુમાં વચ્ચે વરદત્ત મુનિની સફેદ આરસની ખડ્ગાસન મૂર્તિ છે. તેમની ડાબી બાજુ મુનિ સાયરદત્તની સફેદ મૂર્તિ છે અને તેમની બાજુમાં ઈન્દ્રદત્ત

મુનિની ખડ્ગાસન ૩ ફીટની મૂર્તિ છે. વરદત્તની મૂર્તિની જમણી તરફ ગુણદત્ત મુનિની ખડ્ગાસન ૩ ફીટની મૂર્તિ છે. એક જ વેદી ઉપર પાંચેય મુનિવરોની મૂર્તિ એક સાથે સ્થાપિત કરેલ છે, જે દર્શનીય છે. કારણ કે પાંચેય મુનિવરો અહીંથી જ મુક્તિ પામ્યા હતા. ઉપર જણાવેલ શ્રી પાર્શ્વનાથ ભગવાન ૧૩ાા ફીટ ઊંચા હોવા છતાંય તેમને દરરોજ અભિષેક થાય છે. તે માટે બંને બાજુ સીડીની વ્યવસ્થા કરેલી છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પાછળ ઈન્દ્રો ચામર ઢોળે છે અને દેવો વાજીંત્રો વગાડે છે - તે દશ્ય આરસમાં કોતરેલુ છે.

આ રીતે પહાડ ઉપર કુલ ૩૯ મંદિરો ઈ.સં. ૧૦૪૨ થી ઈ.સં. ૧૧૦૯ના છે. પહાડ ઉપરના ૩૯ મંદિરોના દર્શન કરતા ૧ાા કલાક સહેજે થાય છે.

પર્વતરાજની દક્ષિણમાં લગભગ ૨ કિ.મી. દૂર એક અકૃત્રિમ સુંદર વિશાલ સિદ્ધશિલા છે. ઈતિહાસ કહે છે કે ઉપર લખેલ વરદત્તાદિ પાંચ ઋષીરાજોની આ તપોભૂમિ હતી. નૈનાગિરિને રેસન્દીગિરિ અથવા નયનાગિરિ પણ કહે છે.

તળેટીમાં મંદિર નં. ૪૦ થી ૫૩ સુધી મંદિરો છે.

મંદિર નં. ૪૦ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૫ ફીટના છે.

મંદિર નં. ૪૧ : શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૧ા ફીટના છે. બંને બાજુ બે નાના પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન બદામી ૧ાાા ફીટના છે. બંને બાજુ ૦ાાા-૦ાાા ફૂટની બે મૂર્તિ છે. સર્પ નીચેથી ઉપર ચડે છે તે દશ્ય છે.

મંદિર નં. ૪૩ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ ૧ાા ફીટના છે. બંને બાજુ બબ્બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૪ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન સફેદ ૧ાા ફીટના છે.

મંદિર નં. ૪૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ ૧ ફૂટના છે. બંને બાજુ ૧-૧ ફૂટની બે મૂર્તિ છે.

મંદિર નં. ૪૬ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ સફેદ ૧ાા ફીટના છે. બંને બાજુ ૦ાાા-૦ાાા ફૂટની બે મૂર્તિ છે.

મંદિર નં. ૪૭ : શ્રી ચન્દ્ર પ્રભુ સફેદ પદ્માસન ૨ ફીટના છે. બાજુમાં શ્રી ચન્દ્ર પ્રભુજીના ૧ ફૂટના તથા બીજી બાજુ શ્રી નેમિનાથ પ્રભુના સફેદ પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૮ : શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ ૨ ફીટના છે. તે સિવાય પંચધાતુના ઘણા જ પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૯ : શ્રી નેમિનાથ પ્રભુ છે તથા પંચધાતુના ૧૦ પ્રતિમાજી છે.

મંદિર નં. ૫૦ : શ્રી નેમિનાથ પ્રભુ સફેદ ૨ ફીટના છે. બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ૨ ફીટના છે.

મંદિર નં. ૫૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૧ ફૂટના છે. બંને બાજુ ૦॥-૦॥ ફૂટના બે પ્રતિમાજી છે.


મંદિર નં. ૫૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૨ ફીટના છે. બંને બાજુ સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૫૩ : સોનેરી રંગબેરંગી વેદી ઉપર શ્રી નેમિનાથ પ્રભુ ૨ ફીટના પદ્માસન છે.

આ રીતે તળેટીમાં નં.૪૦ થી ૫૩ સુધીના મંદિરો છે. અહીં તળેટીમાં એક જલમંદિર છે, જે જોતાં પાવાપુરીનું જલમંદિર જરૂર યાદ આવે તેવું છે. સુંદર પાકા પુલ ઉપર ચાલીને જિનમંદિરમાં દર્શન કરવા જઈ શકાય છે. જલમંદિરનું તળાવ કમળોથી શોભી રહ્યું છે. તેથી આ જલમંદિર જોતાં શ્રી મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ પાવાપુરી જરૂર યાદ આવે તેવું જ છે. આચાર્ય શ્રી વિદ્યાસાગરજીની પ્રેરણાથી અહીં સન ૧૯૭૮માં એક મોટો પ્રવચન હોલ ૧૦૮×૪૦ નો કરાવેલ છે, જેમાં તેઓશ્રીના પ્રવચનો રાખવામાં આવે છે.


*અરે ! આવી સત્યની વાત હતી જ ક્યાં ? જેને આ સત્ય વાત પણ સાંભળવા મળી છે તે ભાગ્યશાળી છે. સાંભળતા-સાંભળતા સત્યનાં સંસ્કાર નાંખે છે. તેને સંસ્કાર નાંખતા અંદરથી માર્ગ થઈ જશે. દરરોજ ચાર-પાંચ કલાક આનું આ સાંભળ્યુ-વાંચ્યુ હોય તેને શુભભાવો એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય. કોઈ જુગળીયા થાય. કોઈ મહા વિદેહમાં જાય. બાકી જેને સત્યનું સાંભળ્યુ પણ નથી તે મરીને ઢોરમાં જશે. અરે ! આવા મનુષ્યનાં મોંઘા અવતાર માંડ-માંડ મળે અને પોતાનું હિત ન કરે તો ક્યારે કરશે ? ખરેખર તો દરરોજ ચાર-પાંચ કલાક સત્યનું વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ભલે ને વેપાર-ધંધા કરતા હોય તો પણ આટલો વખત - ચાર-પાંચ કલાકનો તો પોતાને માટે અવશ્ય કાઢવો જ જોઈએ. અહીંનાં સાંભળનારા ઘણા તો રૂચિથી આ સંસ્કાર નાંખે છે. તેને ઝાઝા ભવ હોય નહીં. ધારણાજ્ઞાન થઈ જાય તે જુદી ચીજ છે અને અંદરમાં અવ્યક્ત રૂચિ થવી તે જુદી વાત છે. ભેદજ્ઞાનનાં સંસ્કાર ઊંડાણથી નાંખવા જોઈએ. એટલે કે એને આ વાતનો ઊંડાણથી મહિમા આવવો જોઈએ કે અહો ! આ વાત ખરેખર કોઈ અપૂર્વ ચીજ છે. એમ પોતાને અંદરમાં મહિમા આવવો જોઈએ. સાચી રૂચિવાળો જીવ તો આગળ વધતો જ જાય છે.*

*- પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી*




સિદ્ધક્ષેત્ર કુંડલપુર-દમોહ - મધ્ય પ્રદેશનું એક વિહંગમ દ્રશ્ય

# કુંડલપુર/કુંડલગિરિ સિદ્ધક્ષેત્ર



કુંડલપુર : વર્ધમાનસાગર સરોવરનાં તટ ઉપર સ્થિત જિનાલયોની ભવ્ય ઝાઁખી

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : દમોહ - ૩૮ કિ.મી.,
  જબલપુર - ૪૦ કિ.મી.
  બસ સ્ટેશન : દમોહ - ૩૮ કિ.મી., પાટન - ૬.૫ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: જબલપુર, સાગર, છતરપુર, ટીકમગઢ, કટની, વિગેરેથી દમોહ થઈને સડક રસ્તે - વાયા પાટન માર્ગ પર મુખ્ય સડકથી ૧.૫ કિ.મી. અંદર આ ક્ષેત્ર આવેલું છે.
- નજીકનું મુખ્ય શહેર .......: દમોહ - ૩૮ કિ.મી., જબલપુર - ૪૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: પપૌરાજી - ૧૯૪ કિ.મી.,
  નૈનાગિરિ - ૧૧૮ કિ.મી., દ્રોણગિરિ - ૧૪૪ કિ.મી.,
  રહલી પટનાગંજ ત્થા બીના બારહા - બંને એક જ માર્ગ પર ૧૧૦ કિ.મી.



## કુંડલપુર : શ્રી દિગંબર જૈન મંદિર

આ ક્ષેત્રને કુંડલપુર અથવા કુંડલગિરિ કહે છે. બિહારમાં શ્રી મહાવીર પ્રભુનું જન્મધામ છે તેને કુંડલપુર કહે છે. તેથી આ ક્ષેત્રને કુંડલગિરિ કહે છે,જેથી ભૂલ ન થાય. નૈનાગિરિથી કુંડલપુર ૧૧૮ કિ.મી. છે અને લલિતપુરથી કુંડલપુર ૨૫૭ કિ.મી. છે. કુંડલપુર દમોહ જિલ્લામાં આવેલું છે.

ધર્મશાળા :- અહીં ૧૬૦ રૂમોની ઘણી જ મોટી ધર્મશાળાછે. તે સિવાય દરવાજાની બહારના ભાગમાં એટેચ્ડ બાથરૂમ, લેટ્રીન, પંખા, પલંગવાળા નવા બ્લોક્સ પણ ઘણા બનાવેલા છે.

પહાડનો રસ્તો પાકો છે. ચડવામાં બહુ સહેલો નહીં, તેમજ બહુ અઘરો નહી તેવો પહાડ છે. અહીં ૧૦-૧૫ ડોળી છે. તેઓ યાત્રિકોનું શરીર જોઈને ચાર્જ કહે છે. શરૂઆતમાં થોડા પગથિયાં આવે છે. પછી આગળ જતાં ચાલવાનો પાકો પથ્થરનો બાંધેલો રસ્તો આવે છે. વળી પછી થોડા પગથિયાં ચઢવાના આવે છે. મહારાજા છત્રપાલે અહીં પાકો ઘાટ કરાવેલ અને મંદિરોનો જિર્ણોદ્ધાર

કરાવ્યો હતો. કુંડલપુર અનુબદ્ધ કેવળી શ્રીધરની નિર્વાણભૂમિ માનવામાં આવે છે. કુંડલપુરને અતિશયક્ષેત્ર પણ માનવામાં આવે છે. અહીંના ચમત્કારમાં એમ કહેવાય છે કે બડે બાબાની મૂર્તિને મોગલ બાદશાહે આક્રમણ કરી તોડવાનો પ્રયત્ન કરેલ, તો ખંડિત મૂર્તિના અંગુઠામાંથી દૂધની ધારા નીકળી હતી અને ચારે તરફ ખૂબ જ મધમાખીઓનો ઉપદ્રવ થતાં લશ્કરને ભાગી જવુ પડયું હતું. વળી, લોકો એમ પણ કહે છે કે અહીં રાત્રે દેવો આવતા હતા અને વાજીંત્રો સાથે ભગવાનની ભક્તિ કરતા હતા. વાજીંત્રોનો અવાજ ઘણા લોકોએ સાંભળ્યો હતો તેમ કહેવાય છે.

આ ક્ષેત્રમાં પ્રવેશતા જ ઘણો મોટો, ભવ્ય અને સુંદર દરવાજો આવે છે. અહીં તળેટીમાં "શ્રી ગણેશપ્રસાદજી વર્ણી સ્વાધ્યાય હોલ" બનાવેલ છે. પહાડ ઉપર કુલ ૬૦ જિનમંદિરો છે અને તળેટીમાં ત્રણ જિનમંદિરો છે. શ્રી મહાવીર પ્રભુનું સમવસરણ અહીં આવ્યું હતુ, ત્યારે ૭૦૦ કેવળીઓ અહીંથી જ મુક્તિ પામ્યા હતા. તેથી કુંડલપુરને નિર્વાણભૂમિ અથવા સિદ્ધક્ષેત્ર પણ કહે છે. અહીં શ્રીધર કેવળીના ચરણકમળ છે.

કુંડલપુર જૈનો સિવાય જૈનેતરોનું પણ યાત્રાધામ છે. તેથી જૈનો સિવાય અન્ય લોકો પણ અહીં બહુ જ આવે છે.

પહાડ ઉપરના ૬૦ મંદિરોનું વર્ણન :-

મંદિર નં. ૧ : પહાડ ચઢવાની શરૂઆત કરો ત્યાં જ શ્રી ચન્દ્ર પ્રભુની નાની દેરી આવે છે.

મંદિર નં. ૨ : નાનકડી દેરીમાં શ્રી નેમિનાથ પ્રભુની ૯ ઈંચની મૂર્તિ છે.

મંદિર નં. ૩ : નાનકડી દેરીમાં શ્રી નમસ્કાર મંત્રજી કોતરેલ છે.

મંદિર નં. ૪ : ચરણકમળ છે. આ ચારે દેરીઓ તદ્દન પાસે-પાસે જ છે.

મંદિર નં.૫/૬ : અહીંથી પહાડ ચઢવાનું શરૂ થાય છે. પહાડ જરા ઉભો હોઈને ચઢતાં જરા હાંફ-શ્વાસ ચડે છે. આ મંદિરમાં ૩ ફીટના પદ્માસન ત્રણ પ્રતિમાજી છે. મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુજી સફેદ આરસના રંગીન સીરેમીક ટાઈલ્સની વેદી ઉપર બિરાજમાન કરેલા છે. ડાબી તરફ ૪ ફીટના બદામી પ્રતિમાજી છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૫૪૮માં થયેલી છે. તેમની બાજુમાં શ્યામ વર્ણના ૧।। ફીટના પદ્માસન પ્રતિમાજી છે, જેના ઉપર લાંછન ન હોવાથી ક્યા ભગવાન છે તે કહી શકાતું નથી. મંદિર નં. ૫/૬ સુધી ચઢાણ છે. ત્યાર પછીથી ઉતરવાનો ઢાળ આવે છે, જેમાં પાકા પગથિયાં છે.

મંદિર નં. ૭ : મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન શ્યામ વર્ણના ૩ ફીટના છે. ડાબી તરફ શ્રી મુનિસુવ્રતનાથજીના સફેદ વર્ણના પદ્માસન પ્રતિમાજી છે. તેની સ્થાપના સંવત ૧૯૦૨માં થયેલી છે. જમણી તરફ શ્રી આદિનાથ પ્રભુ શ્યામ વર્ણના ૨।। ફીટના પદ્માસને છે.

મંદિર નં. ૮ : શિખરબંધ મોટું મંદિર છે, જેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ વર્ણના ૩ ફીટના પદ્માસન પ્રતિમાજી છે. જે સંવત ૧૮૮૮ના છે. ડાબી તરફ શ્વેત વર્ણના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૨।। ફીટના છે અને જમણી તરફ શ્રી આદિનાથ ભગવાન સફેદ વર્ણના ૨ ફીટના છે.

મંદિર નં. ૭ અને મંદિર નં. ૮ પાસે-પાસે જ છે.

મંદિર નં. ૯ : શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન ૩ ફીટના સંવત ૧૮૮૨ના છે. ડાબી તરફ શ્રી મહાવીર પ્રભુ પદ્માસન સફેદ આરસના ૩ ફીટના છે અને જમણી તરફ શ્રી આદિનાથ પ્રભુ શ્વેત વર્ણના ૩ ફીટના પદ્માસન છે.

મંદિર નં. ૧૦ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા પદ્માસન ૪ ફીટના શ્યામ વર્ણના છે. બંને બાજુ વેદી છે, જે હાલ ખાલી છે.

મંદિર નં. ૧૧ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણ વગરના સફેદ આરસના ૧।। ફીટના છે અને ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા છે.

મંદિર નં. ૧૨ : નાની દેરીમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૧૩ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસન ૩ ફીટના પ્રાચીન પાષાણના છે. ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન છે અને જમણી તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ આરસના છે.

મંદિર નં. ૧૪ : આ મંદિર મંદિર નં. ૧૩ ની પાછળના ભાગમાં છે. અહીં શ્રી નેમિનાથ ભગવાન ખડ્ગાસને ૪ ફીટના છે.

મંદિર નં. ૧૫ : શ્રી મહાવીર પ્રભુ પદ્માસન મૂળનાયક છે. તે સિવાય બીજા આઠ-દસ પ્રતિમાજી છે. જેમાં કોઈ ખંડિત છે.

મંદિર નં. ૧૬ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન પ્રાચીન ૨ ફીટના છે. ડાબી તરફ પંચમેરૂ છે. જમણી તરફ સફેદ આરસના ૨।। ફીટના પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૭ : શ્રી અજીતનાથ ભગવાન હાથીના ચિન્હવાળા ૧।। ફીટના પદ્માસન છે. બાજુમાં ખોદકામમાંથી પ્રાપ્ત થયેલા બે નાના પ્રાચીન પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન સફેદ આરસના ૨।। ફીટના છે. જમણી તરફ પણ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧।। ફીટના સં. ૧૮૨૬ના છે.

મંદિર નં. ૧૯ : શ્રી અજીતનાથ પ્રભુ ખડ્ગાસન શ્યામ ૩ ફીટના પ્રાચીન છે.

મંદિર નં. ૨૦ : ---------

મંદિર નં. ૨૧ : ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ પ્રાચીન ત્રણ ખંડિત પ્રતિમાજી ગોખલામા છે.

મંદિર નં. ૨૨ : આખા પહાડ ઉપર આ મંદિર ઘણું જ અગત્યનું ગણાય છે. કેમ કે અન્ય ધર્મીઓને પણ આ પ્રતિમાજી ઉપર અનહદ શ્રદ્ધા છે અને તેઓ માનતા પણ માને છે. આ મંદિરને બડેબાબાનું મંદિર કહે છે. આ મંદિરમાં મૂળનાયક ભગવાન શ્રી મહાવીર પ્રભુની વિશાળ પદ્માસન મૂર્તિ કોતરેલી છે. જેની ઊંચાઈ ૧૨ ફીટ અને પહોળાઈ ૧૦ ફીટ છે. બંને બાજુ અભિષેક માટે સીડી મૂકેલ છે. કોઈ લોકો આ પ્રતિમાજીને શ્રી આદિનાથ પ્રભુ કહે છે. પ્રતિમાજીની બાજૂની દિવાલ ઉપર "શ્રી મહાવીર પ્રભુકી આરતી" કોતરીને લખેલી છે. તેથી શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ હશે તેમ નક્કી થાય છે. પ્રતિમાજી ઉપર કોઈ ચિન્હ દેખાતું નથી. ડાબી તરફ તથા જમણી તરફ બંને બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૦ ફીટની મૂર્તિ છે. વચ્ચે શ્રી મહાવીર પ્રભુજી પદ્માસન છે. તે સિવાય ડાબી તરફની દિવાલમાં ચાર પ્રાચીન મૂર્તિઓ ખડ્ગાસને ખોદકામમાં પ્રાપ્ત થયેલી મૂકેલ છે. તેવી જ રીતે જમણી તરફની દિવાલમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રાચીન ખડ્ગાસને ૨॥ ફીટના છે તથા તે સિવાય બીજા પ્રાચીન પ્રતિમાજી છે. મંદિર નાનુ છે અને મંદિરમાં ચારે તરફ ઘણા જ પ્રતિમાજી કોઈ વ્યવસ્થિત પ્લાન વગર મૂકેલા છે. આ મંદિરમાં પંખો તેમજ ટયુબલાઈટો ફીટ કરેલ છે. હવે આ મંદિરનો જિર્ણોદ્ધાર શરૂ કરેલ હોઈને મોટી રકમ વાપરીને રીનોવેશનનું કામ ચાલુ કરેલ છે. તળેટીથી સીધું આ મંદિરે જીપમાં કે ટેક્સીમાં બેસીને જઈ શકાય છે. અન્ય ધર્મી લોકો મોટી સંખ્યામાં આ મંદિરમાં આવીને વાજીંત્રો સાથે ખૂબ ભક્તિ કરતા હોય છે. આ મંદિરમાં શ્રી ઋષભદેવ, શ્રી અભિનંદનનાથ, શ્રી નેમિનાથ તથા શ્રી પાર્શ્વનાથ અને શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિઓ છે. આ મંદિરમાં એક શિલાલેખ પણ છે. આ મંદિર નં. ૨૨ પાસે બે રસ્તા પડે છે. એક રસ્તો નીચે ઉતરવાનો છે અને બીજે રસ્તે - મંદિરની પાછળના રસ્તે જતાં આગળ નવા મંદિરો તરફ જવાય છે.

મંદિર નં. ૨૩ : શ્રી આદિનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસન ૪ ફીટના પ્રાચીન છે.

મંદિર નં. ૨૪ : શ્રી પદ્મપ્રભુ સફેદ પાષાણના પદ્માસન ૧ ફૂટના છે. તેમની બંને બાજુ બીજા બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૨૫ : નાની દેરીમાં શ્રી ચન્દ્ર પ્રભુજી ૬ ઈંચના છે.

મંદિર નં. ૨૬ : રંગીન વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસને ૨॥ ફીટના સંવત ૧૮૭૬ના છે. મંદિરમાં અંદર નીચા નમીને જઈ શકાય છે.

મંદિર નં. ૨૭ : નવી બનાવેલી રંગીન વેદી ઉપર શ્રી સુમતિનાથ પ્રભુની સફેદ પાષાણની પદ્માસન ૧ ફૂટની પ્રાચીન પ્રતિમા છે. ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન ૧॥ ફીટના અને જમણી તરફ પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુ સફેદ પાષાણના ૧॥ ફીટના છે.

મંદિર નં. ૨૮ : શિખરબંધ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ પદ્માસન છે. જમણી તરફ ખડ્ગાસને પ્રાચીન મૂર્તિ સં. ૧૫૪૮ની છે અને ડાબી તરફ હાલ કોઈ પ્રતિમાજી નથી.

મંદિર નં. ૨૯ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ સં. ૧૫૪૮ના પદ્માસન શ્યામ ૧ ફૂટના છે. ડાબી તરફ તથા જમણી તરફ - બંને બાજુ શ્રી આદિનાથ ભગવાન પદ્માસન ૧ ફૂટના છે.

મંદિર નં. ૩૦ : આ મંદિર મંદિર નં. ૨૯ ની બાજુમાં જ છે. શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના સં. ૧૮૮૩ના છે. બાજુમાં શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન ૦॥। ફીટના પ્રાચીન છે.

મંદિર નં. ૩૧ : શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન શ્યામ આરસના ૪ ફીટના સં. ૧૮૩૫ના છે. ડાબી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ પદ્માસન સફેદ આરસના છે અને જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ પદ્માસન સફેદ આરસના છે.

મંદિર નં. ૩૨ : શ્રી ચન્દ્ર પ્રભુજી સં. ૧૮૦૧ના ૧ ફૂટના પદ્માસને છે.

મંદિર નં. ૩૩ : શ્રી અરનાથ પ્રભુ સફેદ વર્ણના ૧ ફૂટના પદ્માસન સંવત ૧૫૪૮માં પ્રતિષ્ઠિત થયેલા છે.

મંદિર નં. ૩૪ : કમળની વેદી ઉપર શ્રી નેમિનાથ પ્રભુ સફેદ વર્ણના પદ્માસન છે. ડાબી તરફ શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન સં. ૧૭૩૩ના છે. જમણી તરફ શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ વર્ણના ૧ ફૂટના પદ્માસન છે.

મંદિર નં. ૩૫ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન પ્રાચીન પાષાણના ૩ ફીટના સં. ૧૮૫૮ના છે. ડાબી તથા જમણી તરફ - બંને બાજુ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન ૨ ફીટના છે.

મંદિર નં. ૩૬ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને શ્યામ વર્ણના સં. ૧૮૮૭ના છે. ડાબી તથા જમણી તરફ બે પદ્માસન ૧ ફૂટના પ્રતિમાજી છે.

મંદિર નં. ૩૭ : શ્રી આદિનાથ પ્રભુ સંવત ૧૫૪૮ના પદ્માસન ૧ ફૂટના છે. તેમની બંને બાજુ પણ એક-એક મૂર્તિ છે.

મંદિર નં. ૩૮ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સં. ૧૮૮૨ના પદ્માસન સફેદ આરસના છે.

મંદિર નં. ૩૯ : શ્રી નેમિનાથ પ્રભુ સં. ૧૯૦૦ના ૨ ફીટના સફેદ વર્ણના પદ્માસન છે. તેમની બાજુમાં શ્રી મુનિસુવ્રતનાથજીના પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૦ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન ૧।। ફીટના સં. ૧૯૦૧ના છે.

મંદિર નં. ૪૧ : શ્રી સંભવનાથજી ખડ્ગાસન પ્રાચીન સં. ૧૯૦૧ના ૩ ફીટના છે.

મંદિર નં. ૪૨ : શ્રી આદિનાથ પ્રભુ સં. ૧૫૪૮ના સફેદ આરસના પદ્માસન છે. તેમની બંને બાજુ પણ પ્રતિમાજી છે.

મંદિર નં. ૪૩ : શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન ૧।। ફીટના પ્રાચીન છે.

મંદિર નં. ૪૪ : શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન ૧ ફૂટના સં. ૧૮૬૪ના છે.

મંદિર નં. ૪૫ : શ્રી સુપાર્શ્વનાથજી પદ્માસન ૧ ફૂટના સં. ૧૮૮૪ના છે.

મંદિર નં. ૪૬ : શ્રી ચન્દ્ર પ્રભુજી ૬ ઈંચના પદ્માસન છે.

મંદિર નં. ૪૭ : શ્રી ચન્દ્ર પ્રભુજી પ્રાચીન સફેદ આરસના દેરીમાં છે. આ દેરીનો જિર્ણોદ્ધાર સં. ૧૯૮૪માં થયો હતો.

મંદિર નં. ૪૮ : શ્રી બાહુબલી ભગવાન ખડ્ગાસન સફેદ આરસના ૨ ફીટના છે. આ તરફ ક્યાંય શ્રી બાહુબલી ભગવાન જોવા મળતા નથી. અહીં જ જોવા મળ્યા.

મંદિર નં. ૪૯ : જલમંદિર - શ્રી અરનાથ પ્રભુ ચૌમુખીમાં સં. ૧૫૪૮ના છે.

મંદિર નં. ૫૦ : શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન સફેદ આરસના સં. ૧૮૫૭ના છે. શિખરનો જિર્ણોદ્ધાર સં. ૧૯૯૧માં થયો હતો.

મંદિર નં. ૫૧ : નવું શિખરબંધ મંદિર છે. તેમાં શ્રી સુપાર્શ્વનાથજી શ્યામ વર્ણના ફેણવાળા પદ્માસન ૩ ફીટના પ્રતિમાજી સં. ૧૫૪૮ના છે. ડાબી તરફ ખોદકામમાંથી પ્રાપ્ત થયેલા શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન છે. જમણી તરફ ખોદકામમાં પ્રાપ્ત થયેલા શ્રી પદ્મપ્રભુ પ્રાચીન ખડ્ગાસન છે.

મંદિર નં. ૫૨ : શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન ૨।। ફીટના છે. ડાબી તથા જમણી તરફ-બંને બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. જિર્ણોદ્ધાર સં. ૧૯૯૧માં થયો હતો.

મંદિર નં. ૫૩ : નવા શિખરબંધ મંદિરમાં નવી વેદી ઉપર શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના ૧।। ફીટના છે. ડાબી તરફ શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસન ૨ ફીટના છે. જમણી તરફ પણ શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસન છે. પ્રતિષ્ઠા સંવત ૧૯૪૮ ફાગણ વદ-૮ના રોજ થઈ હતી.

મંદિર નં. ૫૪ : શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન છે. ડાબી તથા જમણી તરફ ૧।। ફીટના શ્યામ પદ્માસન બે પ્રતિમાજી છે.

મંદિર નં. ૫૫ : શ્રી વાસુપૂજ્ય ભગવાન શ્યામ પદ્માસન ૨ ફીટના સં. ૧૯૪૮ના છે. ડાબી તરફ શ્રી આદિનાથ પ્રભુ શ્યામ પદ્માસન અને જમણી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણ વગરના છે.

મંદિર નં. ૫૬ : શ્રી ઋષભદેવ ભગવાન પ્રાચીન પાષાણના સંવત ૧૯૮૨ના છે. બંને બાજુ બે પંચમેરૂ છે.

મંદિર નં. ૫૭ : શ્રી અજીતનાથ પ્રભુ આરસના પદ્માસને (સં. ૧૮૪૨) છે. ડાબી તથા જમણી તરફ બે પદ્માસન પ્રતિમાજી ભૂખરા વર્ણના પાષાણના છે.

મંદિર નં. ૫૮ : નવા મંદિરમાં શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના ૩ ફીટના છે.

મંદિર નં. ૫૯ : સોનેરી સિંહાસન ઉપર શ્રી ચન્દ્ર પ્રભુજી છે.

મંદિર નં. ૬૦ : શ્રી ઋષભનાથ ભગવાન સફેદ આરસના સં. ૧૮૧૫ના છે. અહીં પંચધાતુના બીજા ઘણા પ્રતિમાજી છે.

મંદિર નં. ૬૧ : આ મંદિરની રચના સમવસરણજી જેવી છે. ચોવીસી મંદિર છે. વચ્ચે ઊંચે ૧।। ફીટના ચૌમુખી ભગવાન છે.

મંદિર નં. ૬૨ : શ્રી માનસ્થંભજીમાં ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે કોઈ ભગવાન નથી.

મંદિર નં. ૬૩ : કુંડલપુરનું છેલ્લું નવું મંદિર શિખરબંધ છે. તેમાં શ્રી મહાવીર પ્રભુ પદ્માસન સફેદ આરસના ૨ ફીટના છે. ડાબી તથા જમણી તરફ ૧-૧ ફૂટના પદ્માસન પ્રતિમાજી છે. તે સિવાય જમણી તરફ પંચધાતુના ૧૬/૧૭ નાના-મોટા પ્રતિમાજી છે તથા સફેદ આરસના નાના-મોટા થઈને કુલ પાંચ પ્રતિમાજી છે. મંદિર નં. ૧ના દર્શન કરીને છેલ્લે મંદિર નં. ૬૩ના દર્શન કરો એટલે સ્હેજે નીચે તળેટીમાં આવી જાવ તેવી પહાડના મંદિરોની રચના છે. ડોળીમાં જતાં બધા મંદિરોના દર્શન કરતા તથા એક મંદિરમાં ૦।।। કલાક પૂજા કરતા બધુ થઈને કુલ ૪ કલાકનો સમય થાય છે.

*યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ ! તારે ક્યાં સુધી સંસારમાં ભટકવુ છે ? હજી તું થાક્યો નથી ? હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ. અહાહા ! જેમ પાણીનાં ધોરીઆ વહેતા હોય તેમ આ ધર્મનાં ધોરીઆ વહે છે. પીતા આવડે તો પી. જેમ પુણ્યશાળીને ડગલે અને પગલે નિધાન નીકળે છે તેમ આત્મ પિપાસુને પર્યાયે-પર્યાયે આત્મામાંથી આનંદનાં નિધાન મળે છે.*

# કરગુઁવા સાવલીયા પાર્શ્વનાથ અતિશયક્ષેત્ર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ઝાંસી - ૫ કિ.મી.
  બસ સ્ટેશન : ઝાંસી - ૨ કિ.મી.
- નજીકના મુખ્ય શહેર.......: ઝાંસી - ૩ કિ.મી., દતિયા - ૩૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો : સોનાગિરિ - ૪૫ કિ.મી., પવાગિરિ - ૫૦ કિ.મી.

આ અતિશયક્ષેત્રનું નામ શ્રી કરગુઁવા સાવલીયા પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે. ઝાંસીથી હાઈવે ઉપર આગળ જતાં ૫ કિ.મી. દૂર એક મોટો ગેઈટ આવે છે. તે ગેઈટમાં અંદર પ્રવેશતા ૧-૧ાા કિ.મી. દૂર આ ક્ષેત્ર આવેલ છે. રોડ ઉપર ગેઈટનુ ખાસ ધ્યાન રાખવુ જોઈએ. નહીંતર આ ક્ષેત્ર મળે નહીં તેવું છે. આ પાવન અતિશયક્ષેત્ર ૭૦૦ વર્ષ જૂનું છે. ૭૦૦ વર્ષ પહેલા આ ક્ષેત્ર અસ્તિત્વમાં હતુ. ત્યારબાદ કાળાનુક્રમે તે દટાઈ ગયું હતું. ત્યારબાદ હમણાં લગભગ ૨૦૦ વર્ષ પહેલા ફરીને આ મંદિરોનો ખ્યાલ આવતા સંવત ૧૮૫૧માં વસંતપંચમીના રોજ તેની ફરી પ્રતિષ્ઠા થઈ હતી. વળી કહેવાય છે કે આ ક્ષેત્ર ઉપર વારંવાર ચમત્કારોનો અનુભવ થાય છે. ભોંયરામાં ત્રણ પદ્માસન મૂર્તિ છે. વચ્ચે સં. ૧૩૪૩ની ૩ ફીટની મૂર્તિ છે. તે શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. ડાબી તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન ૨ાા ફીટના છે. જમણી તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન ૨ાા ફીટના છે. તે સિવાય ડાબી તરફ ખડ્ગાસન ૬ ફીટની એક પ્રાચીન મૂર્તિ છે તથા ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ ચૌમુખી મૂર્તિ સં. ૧૩૧૧ની છે. અહીં કુલ ૭ પ્રતિમાજી છે. ચોકમાં માનસ્થંભજીમાં ઉપર ચૌમુખી પ્રતિમાજી છે.

તે સિવાય અહીં પાંડુકવન-શાલ્મલીવૃક્ષની સુંદર રચના કરી છે, જેનું વર્ણન શ્રી નંદીશ્વરની પૂજામાં આવે છે. તેમજ અહીં કૃત્રિમ-અકૃત્રિમ ચૈત્યાલયની રચના પણ છે. શાલ્મલીવૃક્ષ ઉપર પોપટ, વાનર, સર્પ, વિગેરે પ્રાણીઓ છે. વૃક્ષ ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે ચાર ચરણકમળની ચાર દેરીઓ છે. તે સિવાય નંદનવન, પાંડુકવન અને સોમનસવન છે.

ત્યારબાદ આ વૃક્ષથી આગળ જતાં બાજુમાં જ શ્રી ૠષભદેવ ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. જમણી તરફ શ્રી બાહુબલીજી ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. આ બંને પ્રતિમાજી નવા પ્રતિષ્ઠિત થયેલા છે. આ તીર્થક્ષેત્રનું કમ્પાઉન્ડ ઘણું જ મોટું છે. તેમાં દરવાજાની બંને બાજુ ૨૦-૨૦ નવી રૂમોની રહેવા માટેની ધર્મશાળા બનાવેલ છે. ૨૦ બ્લોકસનું નામ શ્રી આદિનાથ બ્લોક્સ અને બીજા ૨૦ બ્લોકસનું નામ શ્રી બાહુબલીજી બ્લોક્સ આપેલ છે. અહીંનું પીવાનુ પાણી બહુ મીઠું છે. અહીં લાઈટ-પાણીની સગવડતા છે. આ સ્થળ માત્ર તીર્થક્ષેત્ર

હોઈને-કોઈ ગામ નહીં હોઈને કાંઈપણ ચીજ-વસ્તુ મળતી નથી. આ ક્ષેત્રનો મુખ્ય દરવાજો ઈ.સ. ૧૯૭૨માં થયેલ છે.

ઝાંસી-કાનપુર માર્ગ ઉપર ઝાંસી શહેરથી ૫ કિ.મી. દૂર મેડિકલ કોલેજના ગેઈટ નં. ૨ ની સામે કરગુઁવામાં આ મનોરમ્ય સ્થળ છે. સંસ્થાએ આ ક્ષેત્રના વિકાસ માટે ૯ એકર જમીન લઈ રાખી છે. ભોંયરામાં શ્યામ વર્ણની છ મૂર્તિઓ છે. તેમાં સૌથી મોટા શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. બીજી પાંચ પ્રતિમા ઉપર સંવત ૧૩૪૫ અંકિત છે અને એક વિશાલકાય શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ ઉપર સંવત ૧૮૫૧ની પ્રશસ્તી છે. તે સિવાય એક દેશી પાષાણની ખડ્ગાસન ચૌમુખી મૂર્તિ છે. જેના ઉપર સંવત ૧૩૪૫ અંકિત છે.

ક્ષેત્ર ઈતિહાસ :- આ ક્ષેત્રનો ઈતિહાસ એમ કહે છે કે લગભગ ૨૦૦ વર્ષ પહેલા પૂર્વ ઝાંસી બલવન્તનગર નામથી પ્રખ્યાત હતુ. તે સમયે પેશવાઓનું શાસન ચાલતુ હતુ. અહીંથી ૫ કિ.મી. દૂર કરગુઁવા ગામ પાસે એક બળદગાડીમાં ખંડિત પ્રતિમાઓ મૂકેલી હતી. તે ગાડી આ સ્થળ ઉપર એકાએક રોકાઈ ગઈ. અનેક ઉપાય કરવા છતાંય આ ગાડી ત્યાંથી આગળ ન ચાલી. તેથી ગાડાવાળો થાકીને ત્યાં જ ગાડું રાખીને સુઈ ગયો. બલવન્તનગરમાં આ વિસ્મયકારી સમાચાર પહોંચ્યા. દિગંબર જૈન સમાજના શ્રી સીંઘઈ નન્હેજીએ એમ કહ્યું કે મને સ્વપ્ન આવેલ છે કે કરગુઁવામાં જ્યાં ખંડિત પ્રતિમાઓ લઈને ગાડું પડયું છે, ત્યાં જમીનમાં નીચે વિશાલ પ્રતિમાઓ દટાયેલી પડી છે, તે બહાર કાઢો. શ્રી સીંઘઈએ પોતાના સ્વપ્નની વાત સવારે રાજ્ય દરબારમાં કહી. તેથી દરબારના સહયોગથી જ્યાં ગાડું રોકાઈને પડયુ હતુ, ત્યાં ખોદકામ શરૂ કર્યું. તો માત્ર ૭-૮ ફીટ ખોદતા અનેક મૂર્તિઓ દેખાઈ. પેશવાના સુબેદારો ત્યાં પહોચ્યા અને પ્રતિમાજીના દર્શન કરીને આનંદ વિભોર થઈને જય-જયકાર બોલાવ્યો અને ખુશીમાં રાજાએ મંદિર નિર્માણ માટે ૯ એકર જમીન વિના મૂલ્યે આપી. શ્રી સીંઘઈએ સમાજના સહયોગથી ત્યાં દટાયેલી મૂર્તિઓને બહાર કઢાવીને ત્યાં એક ભોંયરૂ બનાવરાવ્યું. તેની ઉપર શિખર કરાવ્યુ. આજુબાજુમાં બાગ-બગીચા કરાવ્યા. ખોદકામમાં પ્રાપ્ત થયેલા આ છ પ્રતિમાજી સંવત ૧૩૪૫ના છે. તેની સાથે એક નવી મૂર્તિ શ્રી મહાવીર પ્રભુની મંગાવીને શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ કર્યો. હાલ પણ શ્રી મહાવીર ભગવાનની પ્રતિમાની પ્રશસ્તીમાં શ્રી સીંઘઈ નન્હેજીનુ નામ સ્પષ્ટ વંચાય છે. કાલાન્તરે આ ક્ષેત્ર ફરી ગુમ થયું હતું. ભોંયરૂ-મંદિર બધું જ અદશ્ય થતાં અને ત્યાં મોટું જંગલ થતાં જંગલી પ્રાણીઓનો વસવાટ શરૂ થયો હતો.

આ શતાબ્દીના પ્રારંભમાં અહીંના સમાજે આ જગ્યાએ દર પર્યુષણ પર્વમાં આવવાનું શરૂ કર્યુ. એક વખત વરસાદથી ભોંયરામાં પાણી ભરાઈ ગયેલું. ત્યાં ખોદકામ કરતા ફરીને આ મંદિર પ્રાપ્ત થયું અને ફરીને આ છ મૂર્તિની ભોંયરામાં સ્થાપના કરી, તો સમાજમાં વિવાદ ઉત્પન્ન થયો. આ ક્ષેત્રના અતિશયથી સન ૧૯૬૯માં અલ્હાબાદ હાઈકોર્ટે આ ક્ષેત્રને દિગંબર જૈન સમાજનું મંદિર જાહેર કર્યું. ત્યારબાદ માર્ચ, ૧૯૭૨માં અહીં એક વિશાળ મેળો ભરાયો. આ

મેળામાં સમાજરત્ન શ્રી સાહુ શાંતિપ્રસાદજી પધાર્યા હતા અને વેદી પ્રતિષ્ઠા કરાવી હતી. આ રીતે સન્ ૧૯૭૨માં આ કરગુઁવા નામ ફરીને રોશન થયું.

શ્રી મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ સમયે આ ક્ષેત્રમાં ૩૫ ફીટ ઊંચો માનસ્થંભ કરાવ્યો. જેની ગજરથ મહોત્સવ સાથે પંચકલ્યાણક મહોત્સવ કરીને તા. ૧૬ એપ્રિલ, ૧૯૭૮ થી તા. ૨૧ એપ્રિલ, ૧૯૭૮ દરમ્યાન પ્રતિષ્ઠા થઈ હતી. ત્યારબાદ થોડા સમય પછી સમાજે ૧૯૮૫માં શ્રી ઋષભદેવ ભગવાનની તથા શ્રી બાહુબલીજીની ૬-૬ ફીટની સફેદ આરસની ખડ્ગાસન પ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે. રાજ્ય સરકારે આ મહોત્સવ સમયે બીજી ૫ એકર જમીન "લોક કલ્યાણ સમિતિ"ના નામે ભેટ દીધી. આ જમીન મંદિરથી ૦ાા કિ.મી. દૂર મેડિકલ કોલેજના ગેઈટ નં. ૩ ની સામે ઝાંસી-કાનપુર હાઈવે રોડ ઉપર આવેલી છે. આ જમીનના પહાડ ઉપર શ્રી મહાવીર પ્રભુના ચરણકમળ સ્થાપિત કર્યા છે. અહીં પણ ધર્મશાળા માટે ચાર નવી રૂમો બંધાવી છે. તે સિવાય અહીં વિદ્યાલય પણ ચાલે છે. તેના માટે બીજી પાંચ રૂમો બનાવી છે.

આ ક્ષેત્ર સોનાગિરિની પાસે આવતુ હોઈને બધા દિગંબર મુનિ મહારાજો અહીં રોકાય છે અને અહીંથી સોનાગિરિ જાય છે. અહીંના મંદિરમાં તેરાપંથી આમ્નાય અનુસાર પૂજન-વિધાન-અભિષેક વિગેરે થાય છે. યાત્રીઓને ભોજન બનાવવા માટે જોઈતા વાસણો અહીં મળે છે. તે ઉપરાંત જાજમ-ગાદલા-રજાઈ પણ મળે છે. અહીં વર્ષમાં એક વખત શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મકલ્યાણક દિન નિમિત્તે પોષ વદ-૧૧ના રોજ મોટો મેળો ભરાય છે. અહીં મુનિઓના પ્રવચન માટે એક પણ હોલ ન હોવાથી સમાજે ૧૪૦×૭૦ ફીટનો હોલ બંધાવવાનું નક્કી કરેલ છે. તે હોલનું નામ "આચાર્ય શ્રી વિદ્યાસાગર સભાગૃહ" રાખેલ છે. આ હોલ બાંધવા માટે ૧૫ લાખ રૂપિયાનો ખર્ચ અંદાજાયો છે.

*વ્રત-નિયમ કરવા કે નહીં? તેનાં ઉત્તરમાં કહ્યું છે કે વ્રત-નિયમ કરવાનાં છે. ઊંચી દશાએ જવા માટે વ્રત-નિયમ કરવા. પણ ભૂખે મરવું અને ઉપવાસ કરવા તેનું નામ તપ નથી. માંહેથી શુદ્ધ અંતઃકરણ થાય ત્યારે તપ કહેવાય અને તો મોક્ષગતિ થાય. વ્રત-તપાદિ આત્માનાં અર્થે કરવાનાં છે. લોકોને દેખાડવાનાં અર્થે કરવાનાં નથી. કષાય ઘટે તેને તપ કહે છે. મુમુક્ષુઓએ કોઈ પદાર્થ વિના ચાલે નહીં એવુ રાખવું નહીં. વૃત્તિને ગમે તેમ કરીને રોકવી.*

*- શ્રીમદ્ રાજચંદ્રજી*

मेरे मन मंदिर में आन, पधारो महावीर भगवान ।

भगवन तुम आनन्द सरोवर, रुप तुम्हारा महा-मनोहर ।
निश-दिन रहे तुम्हारा ध्यान, पधारो महावीर भगवान ।। १।।

सुर-किन्नर-गणधर गुण गाते, योगी तेरा ध्यान लगाते ।
गाते सब तेरा यश-गान, पधारो महावीर भगवान ।। २।।

जो तेरी शरणागत आया, तूने उसको पार लगाया ।
तुम हो दयानिधि भगवान, पधारो महावीर भगवान ।। ३।।

भक्त जनों के कष्ट निवारें, आप तरें हमको भी तारें ।
कीजे हमको आप समान, पधारो महावीर भगवान ।। ४ ।।


आये हैं हम शरण तिहारी, पूजा हो स्वीकार हमारी ।
तुम हो करुणा दया निधान, पधारो महावीर भगवान ।। ५।।

रोम-रोम में तेज तुम्हारा, भू-मन्डल तुमसे उजियारा ।
रवि-शशि तुमसे ज्योतिर्मान, पधारो महावीर भगवान ।। ६।।



શ્રી પવાજી દિગંબર જૈન તીર્થક્ષેત્ર - ઉત્તર પ્રદેશ

# પવાગિરિજી (પવા) સિદ્ધક્ષેત્ર



પાંવાગિરિ : બારમી શતાબ્દીનું પ્રાચીન મંદિર

| | |
|---|---|
| ● આવાગમન................ : | રેલ્વે સ્ટેશન : તાલ બેહટ - ૧૨ કિ.મી. |
| | બસ સ્ટેશન : તાલ બેહટ - ૧૦ કિ.મી. |
| ● નજીકનું મુખ્ય શહેર ....... : | લલિતપુર - ૫૧ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો ......... : | દેવગઢ - ૭૮ કિ.મી., સેરૌનજી - ૪૫ કિ.મી., |
| | ચંદેરી - ૪૦ કિ.મી., થુબૌનજી - ૮૫ કિ.મી., |
| | કરગુંવા - ૫૦ કિ.મી., સોનાગિરિ - ૯૦ કિ.મી. |

આ સિદ્ધક્ષેત્રને પવા પણ કહે છે. લલિતપુર જિલ્લામાં પવા નામથી આ ક્ષેત્ર પ્રખ્યાત છે. આ ક્ષેત્ર લલિતપુરથી ૫૧ કિ.મી. રાજય માર્ગ નં. ૨૬ ઉપર આવેલ છે. જવાનો રસ્તો પાકો છે. ક્ષેત્રનું મોટું સાઈનબોર્ડ પણ રોડ ઉપર મૂકેલું છે. ઝાંસીથી ૫ કિ.મી. દૂર કરગુંવા આવે છે અને ત્યાંથી ૪૦ કિ.મી. આગળ જતાં પવાગિરિજી સિદ્ધક્ષેત્ર આવે છે. નિર્વાણકાંડની ગાથા-૧૩ અનુસાર આ સિદ્ધક્ષેત્રનું નામ પવાગિરિજી છે. અહીં દર વર્ષે માગશર વદ-૨ થી માગશર વદ-૫ સુધી મેળો ભરાય છે.

અહીં શ્રી શાંતિનાથ પ્રભુના પદ્માસને કમળની વેદી ઉપર ૫ ફીટના ભવ્ય અને ભાવવાહી પ્રતિમાજી બિરાજે છે. તેમની બાજુમાં શ્રી બાહુબલી ભગવાન કમળની વેદી ઉપર ખડ્ગાસને ૭ ફીટના છે.

ત્રીજી વેદીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસને હવે પછી પ્રતિષ્ઠિત થવાના છે. તેમની બાજુમાં બીજા નાના પ્રતિમાજી પ્રતિષ્ઠિત થશે. ભોંયરામાં ખૂબ ઊંડે તદ્દન નાના - ખૂબ જ નાનકડા દરવાજામાં માંડ જઈ શકાય - બેઠા-બેઠા જ જઈ શકાય તેવા ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન કરેલા છે. ભોંયરામાં છ ભગવંતો છે. તે (૧) શ્રી અજીતનાથજી (૨) શ્રી નેમીનાથજી (૩) શ્રી મલ્લિનાથજી (૪) શ્રી પાર્શ્વનાથજી (૫) શ્રી આદિનાથજી અને (૬) શ્રી સંભવનાથજી - પદ્માસન શ્યામ દરેક ૫-૫ ફીટના છે.

પવાગિરિ ચેલણા નદીના કિનારે આવેલું છે. અહીંથી શ્રી સુવર્ણભદ્ર આદિ ચાર મુનિવરો નિર્વાણ પામ્યા હતા. (૧) શ્રી સુવર્ણભદ્ર (૨) શ્રી ગુણભદ્ર (૩) શ્રી મણિભદ્ર તથા (૪) શ્રી વીરભદ્ર મુક્તિ પામ્યા છે.

ધર્મશાળા :- અહીં ધર્મશાળા સારી-રહેવાની પૂરી સગવડતાવાળી છે.

અહીંના મંદિરોનું વર્ણન ટૂંકમાં નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી શાંતિનાથજીનું મંદિર - અહીં કમળની વેદી ઉપર પદ્માસને ૫ ફીટના પ્રતિમાજી છે.

મંદિર નં. ૨ : શ્રી બાહુબલીજીનું મંદિર - કમળની વેદી ઉપર ખડ્ગાસને શ્રી બાહુબલી ભગવાન ૬ ફીટના છે.

મંદિર નં. ૩ : ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન કરેલા છે.

મંદિર નં. ૪ : શ્રી ચન્દ્ર પ્રભુજીનું મંદિર છે.

મંદિર નં. ૫ : શ્રી મહાવીરજીનું મંદિર છે.

મંદિર નં. ૬ : શ્રી માનસ્થંભજીનું મંદિર - ૪૦ ફીટ ઊંચો માનસ્થંભ છે.

મંદિર નં. ૭ : ક્ષેત્રપાલનું મંદિર છે.

મંદિર નં. ૮ : પાછળ પંહાડ ઉપર શ્રી સુર્વણભદ્ર આદિ ચાર મુનિવરોના ચરણકમળ છે.

મંદિર નં. ૯ : ગજરથ વેદી પાસે પ્રાચીન ચોવીસી મંદિર છે.

મંદિર નં. ૧૦ : ક્ષેત્રની સામે પૂર્વ દિશામાં શ્રી સિદ્ધકૂટી સ્થિત ચરણકમળ છે.

મંદિર નં. ૧૧ : ક્ષેત્રની સામે પશ્ચિમ દિશામાં ચેલણા નદીની સામે પાર પર્વત ઉપર સિદ્ધના બે મઠ છે કે જ્યાંથી અનંતાનંત મુનિવરો મુક્તિ પામ્યા છે. તેથી આ ક્ષેત્ર સિદ્ધક્ષેત્ર કહેવાય છે.

અહીંની ધર્મશાળામાં ૫૨ રૂમો પૂરી સગવડતાવાળી છે. વળી, અહીં બજાર પણ છે. તેથી જોઈતી દરેક ચીજ-વસ્તુઓ મળી રહે છે. ધર્મશાળામાં બાથરૂમ, લેટ્રીન, નળ, વિજળી-બધી સુવિધા છે.

# મંગલગિરિ

- આવાગમન........ રેલ્વે સ્ટેશન : સાગર - ૪ કિ.મી.
  બસ સ્ટેશન : સાગર - ૪ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ........ સાગરથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર........ સાગર - ૪ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો........ રહલી પટનાગંજ - ૪૨ કિ.મી., નૈનાગિરિ - ૫૫ કિ.મી., બીના બારહા - ૭૦ કિ.મી., કુંડલપુર (દમોહ) - ૧૧૮ કિ.મી.

સાગર શહેરથી ફક્ત ૪ કિ.મી. દૂર હાઈ-વેથી બાજુમાં નવા રોડ ઉપર આ નવુ તીર્થક્ષેત્ર વિકસી રહ્યું છે. અહીં એક નવું રંગબેરંગી સોનાકામ સાથેનું ભવ્ય જિનમંદિર બંધાઈ ગયું છે. ઈંદોરના સર શેઠ હુકમચંદજીનું કાચનું મંદિર જેવું છે, તેવું રંગબેરંગી કાચ અને સુવર્ણકામ સાથેનું આ મંદિર થયું છે. ભલે આ મંદિર ઈંદોરના મંદિર જેટલું વિશાળ નથી પણ તેના જેવું જરૂર થયું છે. મંદિરમાં ભોંયતળીયે પણ મોઝેઈક ટાઈલ્સને બદલે કિંમતી ગ્રેનાઈટ પથ્થર પાથરેલ છે. મંદિરમાં રંગબેરંગી કાચથી ધાર્મિક-ઐતિહાસિક સુંદર ચિત્રપટો દિવાલ ઉપર છે, જેવા કે (૧) ષટ્લેશ્યા (૨) શ્રી મહાવીરજી સમવસરણ (૩) સંસાર દર્શન (૪) રાજા શ્રેણીકની સવારી અને મેંઢકનો જીવ (૫) સુકુમાલ મુનિ (૬) ગિરનારજી સિદ્ધક્ષેત્ર (૭) કમઠ કા ઉપસર્ગ (૭) ગજકુમાર મુનિ (૯) યશોધર મુનિરાજ ઉપર શ્રેણીક રાજા દ્વારા ઉપસર્ગ - તેવા રંગબેરંગી કાચમાં સુશોભિત ચિત્રપટો છે.

મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન ૨ ફીટના છે તથા પંચધાતુના ત્રણ તથા રૂપેરી ધાતુના એક ભગવાન છે. બધા જ ભગવાન પદ્માસન છે. મંદિરજીના થાંભલા, છત-બધે જ રંગબેરંગી કાચનું સોનાકામ સાથેનું કામ કરેલું છે. મંદિરનું શિખર ભવ્ય છે. તેના ઉપર સોનેરી કાચનો રંગબેરંગી સુશોભિત કવચ ચઢાવેલ છે. દિવાલમાં રંગબેરંગી કાચથી બનાવેલ ગુપ્ત ભંડારના દરવાજા ઉપર બે નાનકડા કાચ એવી રીતે ગોઠવેલા છે કે તેમાં જોતાં અનંતાનંત ભગવાન લાઈનસર દેખાય છે. બહુ જ સરસ રચના છે. તે બંને કાચમાં તે રીતે લાઈનબંધ ભગવાન દેખાય છે. આવા કાચ બીજે ક્યાંય હજુ સુધી જોયા નથી.

આ સંકુલમાં આ મંદિરની બાજુમાં જ બીજું નવું મંદિર - ઘણું ભવ્ય મંદિર સાકાર પામી રહ્યું છે. તેમાં ઊંચી વેદી ઉપર પંચધાતુના ખડ્ગાસને ૧૧। ફીટના શ્રી મહાવીર પ્રભુજી બિરાજમાન કરેલા છે. સામાન્ય રીતે બધે પંચધાતુના ભગવાન ૪-૫ ફીટના હોય છે અને તે પણ પદ્માસન હોય છે અગર તો પંચધાતુના ખડ્ગાસન પ્રતિમાજી ૪-૫ ફીટના હોય છે. જ્યારે અહીં તો ૧૧।

ફીટના ખડ્ગાસન પંચધાતુના પ્રતિમાજી છે, જેનું વજન ૯ ટન છે. આ મંદિર પૂર્ણ થશે ત્યારે ભવ્ય થશે.

સાગરથી ૨ કિ.મી. દૂર "શ્રી સ્યાદ્વાદ શિક્ષણ પરિષદ ટ્રસ્ટ, સાગર" દ્વારા આ ક્ષેત્ર વિકસાવવા માટે ૩૬ એકર જમીન ખરીદ કરાઈ છે. આ ક્ષેત્ર વિકસાવવા માટે મુનિ શ્રી વિદ્યાસાગરજી મહારાજ તથા શ્રી સુમતીસાગરજી મહારાજ અને શ્રી વિરામસાગરજી મહારાજ, વિગેરે ૧૫ મુનિઓનો અગત્યનો ફાળો છે. સન ૧૯૮૮માં શ્રી વિદ્યાસાગરજી મહારાજે આ ક્ષેત્રનું નામ "મંગલગિરિ ક્ષેત્ર" રાખ્યું છે. મંદિરનો શિલાયાન્સ તા. ૨૩ એપ્રિલ, ૧૯૯૫ના રોજ મધ્યપ્રદેશના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહના અતિથીવિશેષપદે થયો હતો. આ ક્ષેત્રના વિકાસ માટે લગભગ પાંચ કરોડ રૂપિયાનો પ્લાન તૈયાર કરવામાં આવેલો છે. અહીં લગભગ ૨૦૦ રૂમની ધર્મશાળા થશે. શ્રી મહાવીર જિનાલયમાં ચોવીસ મંદિરો થશે, જ્યાં હાલ પંચધાતુના ૧૧। ફીટના શ્રી મહાવીર પ્રભુ બિરાજમાન કર્યા છે. તેમજ પરમાર્થિક ઔષધાલય, વૃદ્ધાશ્રમ, સાધુઓને રહેવા માટે મકાન, સ્વાધ્યાય હોલ, વિગેરે કરવાનો પ્લાન પણ છે.

મંગલગિરિમાં રંગબેરંગી કાચનું કામ સોના કામ સાથે જે કારીગર કરી ગયો છે તેનું નામ-સરનામુ ઓફિસમાંથી મેળવેલ છે. તે આ પ્રમાણે છે : રાજુ લક્ષ્મી, મિલન આર્ટ C/o - કુમાવત ગ્લાસ સ્ટોર, નાવાં શહર, જિલ્લો નાગોર. રાજસ્થાન. પિન કોડ - ૩૪૧૫૦૯. ફોન નં. ૦૧૫૮૬-૨૬૨૦૮૨ છે.

*લોકોને ભુલવાનાં સ્થાન જ્યાં-ત્યાં ઘણા છે. શાસ્ત્રમાં મોક્ષમાર્ગનું કથન હોય ત્યાં એમ જ આવે કે "પુણ્ય પરિણામ સર્વથી હેય એટલે કે ત્યાગવા યોગ્ય છે. પાંચ મહાવ્રતાદિ સર્વ શુભ પરિણામ તે આસ્રવ છે-કર્મભાવ છે. માટે છોડવા યોગ્ય છે." પણ હજી જે જીવ પરમાર્થ તત્વને પામ્યો નથી, રાગ-દ્વેષ-અજ્ઞાનભાવમાં ટક્યો છે અને મંદ કષાયનો પુરુષાર્થ છોડીને સ્વછંદે અનાચારમાં વર્તે છે. તેને મુમુક્ષુપણુ પણ સંભવે નહીં. વળી ધર્માત્મા સાધકને હજી ચારિત્રની અધુરાશ છે. અભિપ્રાયમાં રાગાદિ અસ્થિરતા સર્વથા હેય-ત્યાગવા યોગ્ય છે. પણ વચ્ચે શુભ પરિણામ અને શુભ નિમિત્ત આવે જ. પણ આ શુભનો નિષેધ કરી, અશુભમાં વર્તે છે. તે કાંઈ સમજ્યો નથી. શાસ્ત્ર કથનમાં અનેક ઠેકાણે - કદાચ કોઈ કથનમાં વિરોધ જેવુ લાગે તો તેનો પરમાર્થ આશય નયની અપેક્ષાએ સમજી લે. ક્યાંય મુંઝાય નહીં.*



શ્રી મઢીયાજી-જબલપુર સ્થિત ભવ્ય પંચમેરૂ જિનાલય

# મઢીયાજી (જબલપુર) - અતિશયક્ષેત્ર

| | |
|---|---|
| ● આવાગમન................: | રેલ્વે સ્ટેશન : જબલપુર - ૮ કિ.મી.<br>બસ સ્ટેશન : જબલપુર - ૫ કિ.મી. |
| ● પહોંચવાનો સરળ માર્ગ ...: | નેશનલ હાઈવે નં. ૭ અને ૧૨ ઉપર આ ક્ષેત્ર આવેલું છે. જબલપુરથી સડક રસ્તે જઈ શકાય છે. |
| ● નજીકનું મુખ્ય શહેર.......: | જબલપુર - ૫ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો .........: | કોનાજી (પાટન) - ૪૦ કિ.મી., પનાગર - ૨૫ કિ.મી.,<br>સમ્મેદગિરિ ગોસલપુર - ૪૦ કિ.મી.,<br>ભેડાઘાટ - ૧૨ કિ.મી. |

જબલપુર-નાગપુર રોડ ઉપર જબલપુરથી ફકત ૫ કિ.મી. દૂર મેડીકલ કોલેજની સામે મઢીયાજી અતિશયક્ષેત્ર આવેલ છે. પહાડની તળેટીમાં બધી જ સગવડતાવાળી ઘણી મોટી ધર્મશાળા છે. તેનુ નામ "શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર ધર્મશાળા" છે, જે પીસનહારી મઢીયા ટ્રસ્ટ, જબલપુર દ્વારા સંચાલિત છે. આ ધર્મશાળામાં સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી દવાખાનુ પણ ચાલે છે.

પીસનહારી એટલે દળનારી તેમ અર્થ થાય છે. એક વૃદ્ધ બાઈ આખી જીંદગી દળણાં દળતી હતી. તેમાં છેલ્લે પુણ્યોદયે તેની પાસે કાંઈક પૈસા પ્રાપ્ત થયા. તો તેણે તે પૈસાનો સદ્ઉપયોગ મંદિરના નિર્માણકાર્યમાં કર્યો હતો. તેથી આ ધર્મશાળાના મુખ્ય દરવાજા ઉપર એક બાઈ ઘંટી ઉપર દળણું દળે છે-તેવું સ્ટેચ્યુ બનાવીને મૂકેલ છે અને તેથી જ આ ધર્મશાળાનું નામ પીસનહારી રાખેલ છે.

ધર્મશાળા :- પહાડની તળેટીમાં જ ૫૦-૬૦ રૂમોવાળી ધર્મશાળા છે. લાઈટ, પંખા, પાણીની પૂરી સગવડતા છે. ૭-૮ જનરલ બાથરૂમ - લેટ્રીન છે. જમવા માટે ઉપર તથા નીચે - તેમ બે ખૂબ મોટા હોલ છે. જેમાં મોટા રૂમમાં રસોઈ કરી શકાય તેવી સગવડતા છે. યાત્રાળુની ૨-૩ બસ ગઈ હોય તો ત્યાં રસોઈ કરીને જમી શકે છે.

તળેટીમાં જ શ્રી માનસ્થંભજી ભગવાન છે, જેમાં ઉપર ચૌમુખી ભગવાન છે. બાજુમાં શ્રી મહાવીર પ્રભુનું મંદિર છે. ઊંચી વેદીમાં ૫ ફીટના સફેદ આરસના ભવ્ય શ્રી મહાવીર પ્રભુજી ભાવવાહી મુદ્રાવાળા છે. નીચેની વેદીમાં પંચધાતુના ૪ પ્રતિમાજી છે. બીજા નાના-નાના પંચધાતુના ઘણા ભગવાન છે. શ્રી મહાવીર પ્રભુની બંને બાજુમાં ૪-૪ રૂપેરી ધાતુના હાથી છે. મંદિર ઘણું મોટું છે.

આ મંદિરની બાજુમાં તળેટીમાં જ "શ્રી નંદીશ્વર દ્વીપ"ની રચના ઘણી જ ભવ્ય છે. આ નંદીશ્વર દ્વીપ સોનગઢના નંદીશ્વર દ્વીપ કરતા લગભગ પાંચ ગણું મોટું છે. આ બાવન જિનાલયમાં બધા જ ભગવાન ઘણા મોટા છે. તેવી જ રીતે પંચમેરૂ પણ ઘણા જ મોટા અને ઊંચી વેદી ઉપર છે. તેની ઉપર ૧૬ × ૫ = કુલ ૮૦ ભગવાન છે. નંદીશ્વર દ્વીપનો હોલ ઘણો જ મોટો અને ભવ્ય છે. ઉપરની છત ખૂબ મોટી, ઊંચી અને ગોળ ઘુમ્મટ જેવી છે. આખા ઘુમ્મટમાં રંગબેરંગી તારા જેવી નાની-નાની ઘણી જ લાઈટો ફીટ કરી છે, જે ખૂબ જ આકર્ષક અને ભવ્ય લાગે છે. આવું મોટું નંદીશ્વર દ્વીપ બીજે ક્યાંય જોવા મળતું નથી. આ મંદિરમાં તળિયે પણ આરસ પાથરેલો છે. આરસની ૩ ફીટ ઊંચી વેદી ઉપર બાવન જિનાલય છે. જેમાં શિખરબંધ દરેક દેરીમાં ૧॥-૧॥ ફીટના ભગવાન છે. આ મંદિર સં. ૧૯૯૨માં પૂર્ણ થયું હતુ અને તા. ૨૭-૧-૧૯૯૩ના રોજ તેની પ્રતિષ્ઠા થઈ હતી. આ નંદીશ્વર દ્વીપ મંદિર બાંધતા પૂરા દસ વર્ષ થયા હતા તેમ કહ્યું. તો કલ્પના કરો કે આ મંદિર કેટલું મોટું અને ભવ્ય હશે ? અને તેમાં આજની ભીષણ મોંઘવારીમાં કેટલો ખર્ચ થતો હશે તે અવશ્ય વિચારવા જેવું છે. આ મંદિરની ફરતો ખૂબ જ મોટો સુંદર બગીચો છે કે જેને નંદીશ્વર વાટિકા કહે છે. નંદીશ્વર દ્વીપના ચારે બાજૂના દરવાજા સાગના લાકડાના ખૂબ જ આકર્ષક નક્શીકામવાળા છે. મંદિરની ફરતી ચારે બાજુ ખૂબ મોટી ગોળાકાર લોબી છે. તેમાં પણ તળીયે આરસ પાથર્યો છે. ફરતા જે થાંભલા છે તે ગ્રેનાઈટ પથ્થરના બનાવેલા છે. નંદીશ્વર વાટિકામાં બહાર ફરતા ચારે તરફ આરસના પાટીયામાં ઐતિહાસિક માહિતી દર્શાવતા જુદા-જુદા આરસના પાટીયા લગાવેલા છે. તેનું વર્ણન નીચે મુજબ છે.

પાટીયા નં. ૧ : શ્રી મહાવીર ભગવાનનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં. ૨ : શ્રી ગૌતમસ્વામીનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં. ૩ : અંતિમ શ્રુત કેવળી શ્રી ભદ્રબાહુજીનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં. ૪ : શ્રી ધરસેનસ્વામી, સુગુરુ શ્રી જૈન સિદ્ધાન્તદર્શી શ્રી પુષ્પદન્ત મુનિ, શ્રી ભૂતબલીનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં. ૫ : પૂજ્ય આચાર્ય શ્રી પુષ્પદંત-શ્રી ભૂતબલીનો પરિચય-ષટ્ખંડાગમ સિદ્ધાંત સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં. ૬ : સોળ સ્વપ્ન આરસમાં પેઈન્ટ કરેલા છે.

પાટીયા નં. ૭ : આચાર્ય શ્રી શાંતિસાગરજીનો ફોટો આરસમાં પેઈન્ટ કરેલો છે.

પાટીયા નં. ૮ : પરમ પૂજ્ય આચાર્ય શ્રી જિનસેન આચાર્યનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં. ૯ : પરમ પૂજ્ય આચાર્ય શ્રી દેવનંદી (પૂજ્યપાદ) સ્વામીનો પરિચય

પાટીયા નં.૧૦ : આચાર્ય કલ્પ શ્રી ટોડરમલજીનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં.૧૧ : વીર માર્તન્ડનો પરિચય - દસમી શતાબ્દી

પાટીયા નં.૧૨ : પૂજ્ય શ્રી સિદ્ધાન્ત ચક્રવર્તી શ્રી નેમીચન્દ્રાચાર્યનો સંક્ષિપ્ત પરિચય

પાટીયા નં.૧૩ : આચાર્ય શ્રી કુન્દકુન્દદેવનો સંક્ષિપ્ત પરિચય

આવા ઘણા મોટા આરસના પાટીયા શ્રી નંદીશ્વર વાટિકામાં મૂકેલા છે. જે વાંચતા ઘણું જાણવા મળે તેવા છે. ફરતો ચારે તરફ સુંદર બગીચો છે. આનું ઉદ્‌ઘાટન તા. ૭/૧૨/૧૯૯૪ના રોજ ઠાકુર હરવંશસિંહના હાથે થયેલું છે. આ મંદિરમાં કાયમી પૂજાના રૂા. ૧૧૦૧/- છે. છતાંય ઘણા દાતાઓના નામ કાયમી પૂજાના બોર્ડ ઉપર લખેલા છે.

પહાડ ચઢવો બહુ અઘરો નથી. પહાડ સીધો અને ઊંચો છે. તેથી ઉપર ચઢતા જરા શ્વાસ ચડે છે. પહાડ ઉપર ચઢવા માટે લગભગ ૨૭૫ પગથિયાં છે. પહાડ ઉપર કુલ તેર જિનમંદિરો છે. પહાડની રચના જ એવી છે કે મંદિર નં. ૧ થી ઉપર ચડો અને મંદિર નં. ૧૩ ના દર્શન કરો એટલે સ્હેજે નીચે તળેટીમાં જ આવી જવાય છે.

મંદિર નં. ૧ : નાના એવા મંદિરમાં શ્રી પદ્મપ્રભુ ભગવાનની સફેદ વર્ણની પદ્માસન પ્રતિમાજી છે. પ્રતિષ્ઠા વીર સંવત ૨૪૮૩ છે.

મંદિર નં. ૨ : શ્રી પાર્શ્વનાથ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની પદ્માસન ૨॥ ફીટની પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા પણ વીર સંવત ૨૪૮૩ છે. તે સિવાય અહીં બીજી બે પાષાણની અને ચાર પંચધાતુની પ્રતિમા છે. તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરણકમળ છે.

મંદિર નં. ૩ : શ્યામવર્ણની પદ્માસન ૪ ફીટની પ્રતિમા અહીં છે. તે સિવાય પંચધાતુની નાની-નાની ૮-૧૦ મૂર્તિઓ છે.

મંદિર નં. ૪ : શ્રી મહાવીર પ્રભુની પદ્માસન ભાવવાહી પ્રતિમા ૧ ફૂટની છે. તેમની બાજુમાં ધાતુના પ્રતિમાજી છે. અહીં ચોવીસ તીર્થંકર ભગવંતોની મૂર્તિઓ પણ છે. પપૌરાજીમાં એક જ ગોળાકાર સંકુલમાં ચોવીસ મૂર્તિઓ જેમ છે તેમ અહીં નથી. છૂટી-છૂટી છે. બધી જ મૂર્તિઓ પદ્માસન છે અને વીર સંવત ૨૪૮૪માં પ્રતિષ્ઠિત થયેલી છે.

મંદિર નં. ૫ : શ્રી મહાવીર પ્રભુની શ્વેત આરસની પદ્માસન ૪ ફીટની પ્રતિમા છે. તેની બાજુમાં પંચધાતુની એક મૂર્તિ છે.

મંદિર નં. ૬ : શ્રી બાહુબલી ભગવાનની ૬ ફીટની સફેદ આરસની પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા પણ વીર સંવત ૨૪૮૪માં થયેલી છે.

મંદિર નં. ૭ : કાચનું આ મંદિર કલાત્મક અને આકર્ષક છે. વચ્ચે શ્રી સમવસરણજીની રચના રંગબેરંગી કાચમાં કરેલી છે. આ મંદિર જોવાલાયક છે.

મંદિર નં. ૮ : શ્રી આદિનાથ ભગવાનની સફેદ આરસની પદ્માસન ૪ ફીટની પ્રતિમા છે.

મંદિર નં. ૯ : શ્રી શાંતિનાથ ભગવાનની પદ્માસન મૂર્તિ છે. આ મૂર્તિની આગળ ચરણકમળ છે.

મંદિર નં. ૧૦ : શ્રી સુકોશલસ્વામી જંગલમાં ધ્યાનસ્થ અવસ્થામાં છે અને એક સિંહણ તેમના શરીરને ખાય છે તે દશ્ય છે.

મંદિર નં. ૧૧ : શ્રી મલ્લિનાથ ભગવાનની સફેદ આરસની પ્રતિમા છે.

મંદિર નં. ૧૨ : કમળની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૨ ફીટની પદ્માસન મૂર્તિ છે. તેમની બાજુમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની મૂર્તિ છે.

મંદિર નં. ૧૩ : આ મંદિરમાં આવતાં તળેટીમાં આવી જવાય છે. અહીં શ્રી મહાવીર પ્રભુની સફેદ આરસની પદ્માસન પ્રતિમા ૪ ફીટની છે. આ મંદિર મોટું છે. અહીં પંચધાતુની ૪-૫ પ્રતિમા પણ છે.

આ ક્ષેત્રમાં ગણેશપ્રસાદ વર્ણીજી સ્થાપિત ગુરુકુળ અને છાત્રાલય પણ છે. કહે છે કે શ્રી વર્ણીજી અમુક સમય માટે આ ક્ષેત્રમાં રહ્યા હતા. મઢીયાજી જબલપુર શહેરમાં થઈને જ જવાય છે. જબલપુર પણ મોટું શહેર છે અને અહીં દિગંબર જૈનોના લગભગ બે-અઢી હજાર ઘર છે. તેમજ ૨૫-૩૦ જેટલા દિગંબર જૈન મંદિરો છે તેમ સાંભળ્યું છે. તો મઢીયાજી જતાં જબલપુરના મંદિરોના દર્શન અવશ્ય કરવા જેવા છે. એકથી એક ચડે તેવા સુંદર મંદિરો જબલપુરમાં છે.

*આત્માનાં અજ્ઞાનથી ચાર ગતિમાં ભમતા જીવે સૌથી વધુ એકેન્દ્રિયાદિ, તિર્યંચ ગતિમાં ભવ કર્યા છે. તે ઉપરાંત મનુષ્ય, નરક અને સ્વર્ગનાં ભવ પણ અનંતવાર કર્યા છે. તેમાંયે મનુષ્ય કરતાં નરકનાં અને નરક કરતાંય સ્વર્ગનાં અવતાર અસંખ્ય ગુણા કર્યા છે. સરેરાશ અસંખ્ય અવતાર સ્વર્ગનાં અને નરકનાં થાય ત્યારે મનુષ્યનો એક અવતાર મળે. બીજી રીતે કહીએ તો જીવોમાંથી અસંખ્ય જીવો જ્યારે સ્વર્ગમાં જાય ત્યારે એક જીવ મનુષ્યમાં અવતરે. આવુ મોંઘુ મનુષ્યપણુ છે. જ્યારે દેવપણુ તો તેનાં કરતા અસંખ્યગણુ સસ્તુ છે. આવા દુર્લભ મનુષ્ય અવતારમાં પણ જૈન ધર્મનો વીતરાગી ઉપદેશ સાંભળવા મળવો મહા દુર્લભ છે. આવો દુર્લભ અવતાર અને વીતરાગી જૈન ધર્મનો ઉપદેશ તને અત્યારે મહાભાગ્યે મળ્યો છે. તો તુ હવે શીઘ્ર જાગ. ચેતીને સાવધાન થા અને આત્માની ઓળખાણ કરીને સમ્યગ્જ્ઞાન પ્રગટ કરીને ભવદુઃખનો અંત લાવ.*

# ભેડાઘાટ-પર્યટન સ્થળ

આ સ્થળ એક પર્યટન સ્થળ છે કે જે મઢીયાજીની તદ્દન પાસે આવેલું છે. મઢીયાજીથી બસમાં જતાં ફક્ત ૨૦ મિનિટ થાય છે. છેક ત્યાં સુધી બસ જઈ શકે છે. રસ્તામાં પહેલા ચઢાણ આવે છે અને પછી એકદમ ઢાળ આવે છે. રસ્તામાં ફરતી ચારે તરફ ખૂબ જ લીલી ઝાડી આવે છે. બસ પાર્કીંગ સ્ટેન્ડમાં ઉભી રાખવાની હોય છે. ત્યાંથી ચાલતાં જવાનું છે. ફક્ત ૧૦-૧૫ મિનિટ ચાલવાનું છે. આ પર્યટન સ્થળે ઘણા લોકો ફરવા આવે છે. આ સ્થળે આવનારા વાહનો કે વ્યક્તિ પાસેથી કર લેવામાં આવે છે. અહીં ખાણી-પીણીની ચીજોના ઘણા મોટા સ્ટોલ લાઈનબંધ છે. જાુદી-જાુદી પથ્થરની આકૃતિ હોય, તેમાં વચ્ચે આપણું નામ કોતરાવવુ હોય તો તાત્કાલિક અંગ્રેજીમાં નામ કોતરીને તેમા રંગ પૂરીને આપે છે. અલગ-અલગ ભાવ પ્રમાણે અલગ-અલગ આકૃતિઓ મળે છે. નાના-મોટા સાત હાથીની સીરીઝ આરસ જેવા દેખાતા નરમ સફેદ પથ્થરમાં પણ મળે છે. બે ભાવ બહુ જ કરે છે. તેથી અહીંથી ખરીદી કરતી વખતે ખાસ ધ્યાન રાખવુ.

અહીં ખાસ જોવાનું તો પાણીનો મોટો ધોધ છે. પહાડો વચ્ચેથી જોરદાર પાણી વહે છે-તે જોવાનું છે. અમરકંટકથી નર્મદા નદી વહેતી-વહેતી અહીં આવે છે. ધોધ એટલે કોઈ ઉચા પહાડો ઉપરથી જોરદાર પાણીનો ધોધ પડે છે તેવું નથી. પણ આજાુબાજાુ નાનકડી ટેકરી જેવું છે. તે બે ટેકરીની વચ્ચેથી ચોવીસ કલાક ખૂબ જોરથી પાણી વહે છે તે દશ્ય જોવાનું છે. ખળખળ પાણી આખો દિવસ અને રાત વહેતુ રહે છે. તે પાણીના છાંટા ફુવારાની જેમ દૂર-દૂર સુધી ઉડે છે. નાનકડો ગોઠણ સુધીનો પુલ છે. તેની ઉપર ચાલીને ત્યાં છેક ધોધ સુધી જઈ શકાય છે. પણ તે પુલ ઉપર કે તેની આસપાસમાં ખૂબ જ લીલ હોય છે. તેથી લપસણુ ખૂબ જ હોય છે. તો ત્યાં લપસી ન પડાય તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. ખબર હોવા છતાંય ત્યાં બે-ચાર જણા લપસીને પડી ગયા હતા. જો કે પાણી તો માંડ ગોઠણ સુધી જ હતુ. થોડે દૂર જતાં ત્યાં પાણી વધારે હોય છે. ત્યાં ઘણા લોકો ન્હાવા માટે-તરવા માટે પડે છે.

અહીં ખાવા-પીવાની ચીજો - ચા, કોફી, ઠંડા પીણા, ઈડલી, પાર્લે ત્થા બ્રિટાનીયા વિગેરે કંપનીના ઘણી જાતના બિસ્કીટ, વિગેરે વ્યાજબી ભાવે મળે છે. તે સિવાય અહીં નૌકાવિહાર પણ ચાલે છે. જેમાં ૨૦ થી ૨૫ મિનિટ સુધી નૌકામાં ફેરવે છે. તે સિવાય દૂર-દૂર જેને વધારે ફરવુ હોય તેમને વધુ ચાર્જ લઈને ફેરવે છે. ત્યાંથી ઘણા સ્થળો જેવા કે (૧) પંચમુખી હનુમાન (૨) નર્મદા મંદિર (૩) ગુપ્ત ભંડાર (૪) ત્રિવેણી સંગમ (૫) સરસ્વતિ ઘાટ (૬) હંસતીર્થ સ્થળ, વિગેરે સ્થળે વધુ ચાર્જ લઈને નૌકાવાળા ફેરવવા લઈ જાય છે.

o o o o o

# બજરંગગઢ-અતિશયક્ષેત્ર



બજરંગગઢ : દ્વાર આકૃતિમાં ચોવીસી અને મધ્યમાં ભગવાન
શ્રી નેમિનાથની બારમી શતાબ્દીની પ્રતિમા

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ગુના - ૭ કિ.મી.
  બસ સ્ટેશન : ગુના - ૭ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ... : ગુનાથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર ....... : ગુના - ૭ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : અશોકનગર ત્રિકાલ ચૌબીસી - ૪૫ કિ.મી., થુબૌનજી - ૭૦ કિ.મી., ચંદેરી ચૌબીસી, ખન્દારગિરિ - ૯૦ કિ.મી., ચાઁદખેડી - ૧૫૦ કિ.મી.



બજરંગગઢ : ક્ષેત્રનું બાહ્ય દ્રશ્ય

આ ક્ષેત્ર માળવા પ્રાન્તમાં આવેલ છે. ગુના (મધ્યપ્રદેશ) થી ૭ કિ.મી. દૂર બજરંગગઢ છે. થુબૌનજીથી બજરંગગઢ ૭૦ કિ.મી. છે. અહીં બે ધર્મશાળા છે. તેમાં એક જૂની છે. બીજી નવી તૈયાર થાય છે. શ્રી શાંતિનાથજીનું મંદિર છે. ત્યાં જ ધર્મશાળા છે. જેમાં પાણીના નળ, ચાલુ જનરલ (કોમન) લેટ્રીન તથા જનરલ બાથરૂમો છે. બીજી ધર્મશાળા બજારના મંદિરની પાસે છે.

આ જૂની ધર્મશાળામાં જ શ્રી શાંતિનાથજીનું પ્રાચીન મંદિર છે. આ મંદિર રંગબેરંગી કાચ અને સુવર્ણકામ સાથે અતિભવ્ય અને સુશોભિત છે. આ મંદિર જોતા એમ થાય કે પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તોએ બંધાવેલા મંદિરોમાં કોઈપણ મંદિર આવું ભવ્ય નથી. શ્રી પાડાશાહે આ મંદિર સંવત ૧૨૩૬માં બંધાવ્યું હતું. પાડાશાહ થુબૌનજીના રહેવાસી વૈશ્ય જાતિના હતા અને મોટા વેપારી હતા. તેની પાસે વેપારમાં ઘણા પૈસા થયા. તેથી તેણે લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવા માટે ઘણી જગ્યાએ જિનમંદિરો બંધાવ્યા હતા. ચંદેરી, પપૌરાજી, થુબૌનજી, સેરૌનજી, અહારજી, બજરંગગઢ, વિગેરે સ્થળોએ તેણે મંદિરો બંધાવીને પ્રતિષ્ઠાઓ કરાવી હતી. કોઈ કહે છે કે પાડાશાહ ભેંસો ચરાવતા હતા. તેથી જ તેનું નામ પાડાશાહ કહેવાય છે. એક વખત તેમની ભેંસ ખોવાઈ જવાથી ખૂબ જ શોધતા, એક ગૂફામાંથી મળી, ત્યાં ભેંસને બાંધેલ સાંકળ સોનાની થઈ ગયેલી જોઈ. આથી તે ગૂફામાં અંદર ગયો તો ત્યાં તેને પારસમણિ મળ્યો. જેના દ્વારા તેણે અઢળક ધન મેળવ્યું અને તે ધનનો ઉપયોગ તેણે મંદિરો બાંધવામાં કર્યો. આ બાબત ક્યાંય

લેખિત પુરાવા કે આધાર મળતા નથી. પાડાશાહને કુદરતી રીતે શ્રી શાંતિનાથ ભગવાન ઉપર અગાધ શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ હતા. તેથી લગભગ ઘણા સ્થળે તેણે શ્રી શાંતિનાથ ભગવાનની મોટી મોટી મૂર્તિઓ સ્થાપી છે. અમુક સ્થળે શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ અને શ્રી અરનાથ - ત્રણેય ચક્રવર્તીની મૂર્તિઓ સ્થાપી છે. આ મૂર્તિઓ લગભગ બધે સ્થળે લાલાશ જેવા કથ્થાઈ પાષાણની જ બનાવેલી છે.

આ શ્રી શાંતિનાથ મંદિરમાં નીચે ભોંયરામાં ત્રણ ચક્રવર્તી - શ્રી શાંતિનાથજી, શ્રી કુન્થુનાથજી તથા શ્રી અરનાથજીની ત્રણ ભવ્ય ખડ્ગાસન પ્રતિમાઓ લાલ પાષાણની ધ્યાનસ્થ, ભાવવાહી મુદ્રામાં અતિશયયુક્ત છે. શ્રી શાંતિનાથજીની પ્રતિમા ખડ્ગાસન ૧૮ ફીટની છે. બંને બાજૂના બંને પ્રતિમાજી - શ્રી કુન્થુનાથજી અને શ્રી અરનાથજીની ખડ્ગાસન પ્રતિમાઓ ૧૬-૧૬ ફીટની છે અને જાણે કે વીતરાગતાનો ઉપદેશ આપતી હોય તેવી લાગે છે. આપણે સૌ જાણીએ છીએ કે ચક્રવર્તીને ૯૬ હજાર રાણીઓ હોય છે અને તેને અનુપમ રૂપ હોય છે. છતાંય, વૈરાગ્ય આવતા જ તેઓ આ બધો વૈભવ છોડીને મુનિદીક્ષા અંગીકાર કરે છે. તે તેમનો વૈરાગ્ય કેવો ? શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ ઉપર સંવત ૧૨૩૬ ફાગણ સુદ-૬ પ્રતિષ્ઠાદિન લખેલો છે. આ ત્રણેય પ્રતિમાજીની નીચે ઈન્દ્રો ચામર ઢોળે છે. આ ત્રણેય પ્રતિમાજીને દરરોજ અભિષેક કરવા માટે બંને બાજુ સીડી કરેલ છે. આ સિવાય આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી આદિનાથ ભગવાન તથા શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિઓ પણ છે તથા શ્રી અજીતનાથ ભગવાનની ખડ્ગાસન મૂર્તિ પણ છે.

આ મંદિરમાં રંગબેરંગી કાચમાં ઘણા જ સુંદર ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો છે. ઈંદોરમાં જેમ સર શેઠ હુકમચંદજીના કાચના મંદિરમાં રંગબેરંગી કાચના સુવર્ણકામ સાથે જેવા ચિત્રપટો છે, તેવા જ ચિત્રપટો અહીં છે. કારીગરોએ દરેક ચિત્રોને કલામય અને ખૂબ જ આકર્ષક બનાવ્યા છે.

આ ચિત્રપટોની વિગત નીચે મુજબ છે :-

ચિત્રપટ નં. ૧ થી ૧૨ : બાર ભાવનાના બાર ચિત્રપટ છે.

ચિત્રપટ નં. ૧૩ : શ્રી સુકુમાલજીનું ચારિત્રનું ચિત્રપટ ૬ ફીટનું છે.

ચિત્રપટ નં. ૧૪ : શ્રી સમંતભદ્ર આચાર્યની શ્રદ્ધા

ચિત્રપટ નં. ૧૫ : શ્રી મહાવીર પરીક્ષા

ચિત્રપટ નં. ૧૬ : લવકુશ વૈરાગ્ય

ચિત્રપટ નં. ૧૭ : શ્રી રક્ષાબંધન

ચિત્રપટ નં. ૧૮ : શ્રી શેત્રુંજયતીર્થ

ચિત્રપટ નં. ૧૯ : શ્રી કુન્દકુન્દાચાર્યદેવ મહાવિદેહ ક્ષેત્રમાં ગયા હતા તે દશ્ય

ચિત્રપટ નં. ૨૦ : શ્રી સમ્મેદશિખરજી

ચિત્રપટ નં. ૨૧ : શ્રી ગિરનારજી

ચિત્રપટ નં. ૨૨ : મુનિ શ્રી પાર્શ્વનાથજી

ચિત્રપટ નં. ૨૩ : શ્રી મહાવીર પ્રભુના સમવસરણમાં રાજગૃહીમાં રાજા શ્રેણીકની નગરજનો સાથે વંદના

ચિત્રપટ નં. ૨૪ : ચક્રવર્તી શ્રી બાહુબલીજી

ચિત્રપટ નં. ૨૫ : ભગવાન શ્રી શાંતિનાથ અને તેના ગણધરો

ચિત્રપટ નં. ૨૬ : ચક્રયુદ્ધ - બંને સર્વાર્થસિદ્ધિમાં ૩૩ સાગર પછી હસ્તિનાપુરમાં શ્રી ઋષભનાથ અને શ્રી શ્રેયાંસકુમાર

ચિત્રપટ નં. ૨૭ : શ્રી રામચંદ્રજીની આજ્ઞા મુજબ સીતાજીને વંદના કરાવીને જંગલમાં છોડી દેવામાં આવે છે તે દશ્ય.

ચિત્રપટ નં. ૨૮ : શ્રી ભરત ચક્રવર્તી નાની ઉમરના રવિકિર્તિ વિગેરે ૧૦૦ રાજકુમારો સાથે વનક્રીડા માટે ગયા અને ત્યાં જ દીક્ષિત થયા તે દશ્ય.

ચિત્રપટ નં. ૨૯ : ધર્મશ્રદ્ધા

ચિત્રપટ નં. ૩૦ : સમાજનું કર્તવ્ય

ચિત્રપટ નં. ૩૧ : મમત્વ ત્યાગ

ચિત્રપટ નં. ૩૨ : અયોધ્યાના રાજા

ચિત્રપટ નં. ૩૩ : શીલનો મહિમા

ચિત્રપટ નં. ૩૪ : સમવસરણની નવી ડીઝાઈન

ચિત્રપટ નં. ૩૫ : જિન ધર્મનો મહિમા

ચિત્રપટ નં. ૩૬ : સમાધિમરણ

ચિત્રપટ નં. ૩૭ : સપ્ત ઋષિ

ચિત્રપટ નં. ૩૮ : દ્રવ્યલીંગી મુનિને કઠીન તપસ્યા હોય તોય મુક્તિ ન મળે તે દશ્ય.

ચિત્રપટ નં. ૩૯ : લકડી ની ઉપયોગિતા

ચિત્રપટ નં. ૪૦ : ભાવલીંગી મુનિ આત્મસાધના કરીને મુક્તિ પામે તે દશ્ય.

ચિત્રપટ નં. ૪૧ : શ્રી નેમિનાથસ્વામીના વિવાહ અને વૈરાગ્ય.

આ રીતે રંગબેરંગી કાચના ૪૧ જેટલા સુંદર ચિત્રપટો શોભાયમાન છે. આ ઉપરથી તમો અનુમાન તો કરો કે કેવું સુંદર અને ભવ્ય આ મંદિર હશે ! આ તરફ યાત્રાએ આવો ત્યારે બજરંગગઢની યાત્રા તો અવશ્ય કરશો જ.

આ મંદિરમાં જ શ્રી સીમંધર જિનાલય છે. તેમાં જે શ્રી સીમંધર ભગવાન બિરાજમાન કરેલા છે, તેના પંચકલ્યાણક વઢવાણ શહેરમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં થયા હતા અને તે પ્રતિમાજીની પ્રશસ્તિમાં પણ "પૂજ્ય શ્રી કાનજી સ્વામી સદ્‌ઉપદેશાત્" તેમ સ્પષ્ટ કોતરેલ છે.

અહીં સમવસરણજીમાં આરસમાં સૂત્રો કોતરેલા ઘણા પાટીયા છે. મંદિરજીના બધા જ થાંભલા રંગબેરંગી કાચથી સુશોભિત છે. અહીં દશલક્ષણ ધર્મના ૧૦ રંગીન ચિત્રપટો પણ છે.

આ મંદિરના પાછળના ભાગમાં જ ધર્મશાળા છે, જેમાં આશરે ૧૫ રૂમો છે. પહેલા બજરંગગઢમાં જૈનોની ઘણી જ વસ્તી હતી. તે વાતની આ મંદિર સાક્ષી પુરે છે. ત્યારબાદ કાળાનુક્રમે જૈનો ધંધા-વેપાર અર્થે આ ગામ છોડીને અન્ય સ્થળે ચાલ્યા ગયા છે. હવે તો અહીં બહુ જ થોડા જૈનો રહે છે. જેમને અહીં ધર્મશાળામાં ઉતરવુ ન હોય તેઓ બાજુમાં જ ૭ કિ.મી. દૂર આવેલા ગુના શહેરમાં રહે છે. ગુનાથી અહીં આવવા માટે ઘણી સ્થાનિક બસ મળે છે. ગુનામાં એક જૈન ધર્મશાળા અને બે જૈન મંદિરો છે.

બજરંગગઢ બાબત એમ પણ કહેવાય છે કે દેવલોકો રાત્રે શ્રી શાંતિનાથજી જિનમંદિરમાં આવે છે અને સંગીત-વાજીંત્રો સાથે ભક્તિ કરે છે અને ત્યાં રહેનારા કેટલાયે લોકોએ રાત્રે આ વાજીંત્રોનો મધુર ધ્વનિ સાંભળ્યો છે. આ કારણે જૈનેતરો પણ આ મૂર્તિમાં અનહદ શ્રદ્ધા ધરાવે છે અને તેથી અહીં જાત-જાતની માનતા માનીને દર્શન કરવા માટે આવે છે અને ખૂબ ભાવપૂર્વક ભક્તિ કરતા તેમની મનોકામના પૂર્ણ થાય છે.

બીજુ મંદિર :- આ સિવાય બીજુ મંદિર બજરંગગઢમાં "બઝાર મંદિર" તરીકે ઓળખાય છે. તે શ્રી શાંતિનાથજીનું મંદિર શ્રી જીતુ શાહે બંધાવેલ છે. આ મંદિરમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનો મોટો ફોટો, શ્રીમદ્ રાજચંદ્રજીનો ફોટો, સોનગઢના મંદિરોનો ફોટો તથા શ્રી કુન્દકુન્દાચાર્યદેવનો ફોટો - તેમ ચાર મોટા ફોટા મૂકેલા છે. આ બીજું મંદિર પણ સારૂ છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ પદ્માસન છે. આ મંદિર બઝારમાં આવેલું છે. તેની પાછળ પણ ધર્મશાળા છે.

ત્રીજુ મંદિર :- ગામને છેડે જરા દૂર નદી તટ ઉપર શ્રી ચન્દ્રપ્રભુજીનું આ મંદિર છે. તે મંદિર "ટરકાજીનું મંદિર" નામે અથવા અથવા "ટરકાવાલા મંદિર" નામે જાણીતુ છે. હવે આ મંદિરનો ઉપયોગ સંગ્રહાલય તરીકે થાય છે, કારણ કે આસપાસમાંથી જે ખંડિત પ્રતિમાઓ મળે છે તે બધી આ મંદિરમાં રાખવામાં આવે છે.

બજરંગગઢનો ઈતિહાસ આઠ શતાબ્દી પૂર્વનો છે એટલે કે સંવત ૧૨૩૬માં શ્રી પાડાશાહે શ્રી શાંતિનાથજી દિગંબર જૈન મંદિરનું નિર્માણ કર્યું હતુ. કહેવાય છે કે ભૂતકાળમાં કેટલાક વિદ્રોહીઓએ આ મૂર્તિઓ ઉપર ઘણથી ઘા મારવા શરૂ કર્યા. ત્યાં તુરત જ દેવોએ ચમત્કાર

બતાવ્યો કે જ્યાંથી ઘણનો વાર શરૂ કર્યો હતો, ત્યાં અંગારોની વર્ષા થઈ. તે જોઈને વિદ્રોહીઓ - અજ્ઞાનીઓની ભાવના બદલાઈ ગઈ અને વિરોધ પડતો મૂકીને આસ્થાવાળા થઈ ગયા અને તેમનામાં પરિવર્તન થતાં ધર્મભાવના જાગી. ત્યારથી જૈન કે અજૈન - સૌ કોઈ આ મૂર્તિઓના દર્શન કરીને મંત્રમુગ્ધ થઈ રહ્યા છે.

બજરંગગઢમાં દર વર્ષે કારતક વદ-પના રોજ મોટો જિનેન્દ્ર વિમાન ઉત્સવ ઉજવાય છે. તે પ્રસંગે દૂર- દૂરથી લોકો આ ઉત્સવમાં લાભ લેવા માટે બજરંગગઢ આવે છે.

બજરંગગઢ શ્રી ગુણધરસ્વામીની તપોભૂમિ છે. આ ક્ષેત્રની "નિત્ય પૂજા વિધિ" નામની નાની પૂજાની ચોપડીમાં બહુ જ સરસ ભાવવાહી પૂજા છે. શ્રી યુગલજીની પૂજા "કેવલ રવિકિરણો" જે છે, તેના જેવી જ-તેવા જ રાગમાં ગાઈ શકાય તેવી તત્વજ્ઞાનથી ભરપૂર આ પૂજા છે. તેના નમૂનારૂપ અર્ઘ્ય ચઢાવવાની કેટલીક કડીઓ અહીં નીચે લખી છે.

*વિપરીત ભાવકે બન્ધનને, જગમાંહી મુઝે ભટકાયા હૈ ।*
*કાષાયિક ભાવોને નિશદિન, આ-આકર મુઝે રૂલાયા હૈ ॥*
*ઈન્દ્રીય કે ભોગોકી ઈચ્છા, નિત પૂરી કરતા આયા હુઁ ।*
*સંતોષ નહીં હોતા કિંચીત્, દુવિધામેં પડ ઘબરાયા હુઁ ॥*
*મિથ્યા મલકે મિટ જાને સે, સચ્ચા સુખ વિલસિત હોતા હૈ ।*
*આઠોં કર્મો કે નષ્ટ કિયે, નિજ આનંદ અમૃત પાતા હૈ ॥*
*સમ્યક્ શ્રદ્ધાન બને ફિર કિયા, ઈસ જીવન સે કૈસા નાતા ।*
*દર્શન બલ, જ્ઞાન પ્રગટ હોતા, નિશ્ચય મુક્તિ ફલકો પાતા ॥*
*યહ અષ્ટ દ્રવ્યકા અદર્ય બના, પ્રભુ તેરે સન્મુખ લાયા હુઁ ।*
*મુક્ત અવસ્થા પાને કો, હે નાથ યહાઁ પર આયા હુઁ ॥*
*બજરંગગઢ પાવન અતિશય પર, ભર ભર કર અદર્ય ચઢાતા હુઁ ।*
*શ્રી શાંતિ, શ્રી કુન્થુ, શ્રી અરનાથ, કે ચરણોમેં શીશ નવાતા હુઁ ॥*

ૐ હ્રીં શ્રી અતિશયક્ષેત્ર બજરંગગઢ બિરાજીત શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ, શ્રી અરનાથ આદિ ૩૦૭ જિનબિંબેભ્યો અનદર્યપદપ્રાપ્તએ મહાઅદર્યં નિર્વપામિતિ સ્વાહા ॥

ક્ષેત્રની ઓફિસમાં દાન-ભેટ આપવા જાવ, ત્યારે આ પૂજન પુસ્તિકા ભેટ આપે છે. આ પૂજા સિવાય શ્રી યુગલજીની પૂજા "કેવલ રવિકિરણોં સે" પણ આ પુસ્તિકામાં છે. આ પૂજાની જયમાલા (રચયિતા - શ્રી ફુલચંદજી જૈન (ઓવર સિપર), ગુના મ.પ્ર.) પણ ખૂબ જ ભાવવાહી અને તત્વજ્ઞાનથી ભરપૂર છે, જે અત્રે પ્રસ્તુત છે.

# જયમાલા

*સંસાર દુ:ખો કા સાગર હૈ, યુગ-યુગ સે ભવદધિ ભટક રહા ।*
*સદીયોને ભી કરવટ લે લી, દુ:ખ મેં હી જીવન અટક રહા ॥*

*જૂઠા સબ જગ જૂઠે સપને, અપના ન કોઈ પરાયા હૈ ।*
*તન - મન - ધન નહીં કોઈ અપના, ઈનકા તનિક સહારા હૈ ॥*

*અપને ન હુએ ન મૈં ઈનકા, મુઝસે યે ભિન્ન, નિરાલે હૈં ।*
*મિથ્યા બસ માન રહા અપના, જો દુરગતિ દેને વાલે હૈં ॥*

*માનવ જીવન અતિ હી દુર્લભ, આતા આકર જબ જાતા હૈ ।*
*ફિરસે ન પુન: વાપિસ આતા, જો જાતા હૈં ખો જાતા હૈ ॥*

*ક્ષણ ભર ભી મૈં ન સોચ સકા, ઈસ જીવન કા કૈસા નાતા ।*
*યૌવન બાલપન અસ્થિર હૈ, વૃદ્ધાવસ્થા સે ક્યા પાતા ॥*

*જડ કે જંજાલોમેં અપના, નિત સમય ગઁવાતા આયા હુઁ ।*
*પર દ્રવ્ય કાલ પર ભાવોં સે, અપના વ્યાપાર ચલાતા હુઁ ॥*

*મૈં સોચ રહા અબ જીવન કા, હર ક્ષણ ઉપયોગી બન જાવે ।*
*કાષાયિક ભાવો કા સાગર, અબ ઝટ ખાલી હો જાવે ॥*

*કર્મો કે બન્ધન ટૂટ પડે, દષ્ટિ ન દોષો પર જાવે ।*
*નિજ આતમ કે નિર્ઝર ઝરને, આનન્દ અમૃતસે ભર જાવેં ॥*

*છોડું જગ કા સારા વૈભવ, છોડું જગ કી સબ આશાયેં ।*
*નિજ આતમ પ્રદેશોંસે મેરા, ગઠ બંધન સત્વર હો જાવેં ॥*

*હો કેવલ જ્ઞાન મુઝે ક્ષણ મેં, સમ્યક્ કી વહ જાવે ધારા ।*
*હો જાઉ શાંત નિરાકુલ મૈં, બુઝ જાવે ઈચ્છા કી જ્વાલા ॥*


*તેરી પૂજા સે હે પ્રભુવર, શીતલતા મુઝ કો મિલતી હૈ ।*
*નિજ આત્મ પ્રદેશો કી વાણી, નિર્જર ઝરનો સે ખિરતી હૈ ॥*

*સારા જગ, જડ ઓઝલ હોતા, નિજ કા દિગ્દર્શક હોતા હૈ ।*
*અનુપમ આનંદ વિભોર હુવે, યહ ચેતન ચિંતવન કરતા હૈ ॥*

*ઐસે શ્રી પ્રભુ કી પૂજન કરે, ભવ-ભવ કે કટ જાતે બંધન ।*
*ઉન શાંતિ, કુન્થુ, અરનાથ, કે ચરણોંમેં શત્ શત્ વંદન ॥*

ૐ હ્રીં શ્રી અતિશયક્ષેત્ર બજરંગગઢ બિરાજીત શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ, શ્રી અરનાથ, આદિ ૩૦૭ જિનબિંબેભ્યો અનર્ઘ્યપદપ્રાપ્તયે જયમાલા પૂર્ણાર્ઘ્યં નિર્વપામિતિ સ્વાહા ।

# ગ્વાલિયર



ગ્વાલિયર : કિલ્લામાં સાઁસ-બહુનું અત્યંત કલાપૂર્ણ મંદિર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ગ્વાલિયર - ૨ કિ.મી.
  બસ સ્ટેશન : ગ્વાલિયર - ૨ કિ.મી.
- નજીકનું મુખ્ય શહેર .......: ગ્વાલિયર
- નજીકના તીર્થક્ષેત્રો .........: સોનાગિરિ - ૬૬ કિ.મી., સિંહોનિયા - ૬૦ કિ.મી.
  શિવપુરી - ૧૧૫ કિ.મી., આગ્રા - ૧૧૫ કિ.મી.

ઉજ્જૈનથી સાંજે ૭:૧૫ વાગ્યે ઉપડતી માલવા એક્સપ્રેઈસ ટ્રેઈનમાં મળસ્કે ૪:૩૦ વાગ્યે ઝાંસી આવે છે. જેને સોનાગિરિ જવું હોય તે ઝાંસી ઉતરી જાય છે અને ઝાંસીથી આ ટ્રેઈન આગળ જાય છે, જેમાં ગ્વાલિયર આવે છે. ઝાંસીથી ગ્વાલિયર ૯૭ કિ.મી. દૂર છે. દિલ્હીથી ગ્વાલિયર ટ્રેઈન રસ્તે ૩૧૬ કિ.મી. અને મુંબઈથી ગ્વાલિયર ૧૨૨૫ કિ.મી. થાય છે.

ગ્વાલિયરને ગ્વાલિયર, લશ્કર અને મુહાર-તેમ ત્રણ વિભાગમાં વહેચવામાં આવેલું છે. ગ્વાલિયરમાં ચાર મંદિર અને ચાર ચૈત્યાલય છે અને લશ્કરમાં કુલ ૨૦ મંદિર છે, જ્યારે મુહારમાં બે મંદિર છે. જૈન સમાજ તરફથી અહીં ૨૬મી જાન્યુઆરીએ મોટી રથયાત્રા નીકળે છે. તેમજ આસો વદ-૨ થી આસો વદ-૪ના રોજ તેમજ અમાસના દિવસે અહીં મોટો મેળો ભરાય છે.

ગ્વાલિયર (ગોપાચલ)ના અનેક નામો છે. સન ૫૨૭માં અહીંના ગઢને "ગોપ ભૂધર" કહેતા હતા. દસમી શતાબ્દીના શિલાલેખોમાં "ગૌપાદ્રી" તથા "ગોવગિરિ" નામ છે. વિ. સં. ૧૧૫૦ના શિલાલેખમાં "ગૌપાદ્રી" નામ છે. અને બીજા અનેક શિલાલેખોમાં "ગોપાચલ, ગોપશૈલ તથા ગોપ પર્વત" કહેલ છે. વિ. સં. ૧૦૧૧ના શિલાલેખમાં ગોપાચલનું "વિસ્મૈક નિલય" નામ લખ્યું છે. ગ્વાલિયરને નગરોના ગુરુ તરીકે કહેલ છે. અહીંથી સુપ્રતિષ્ઠિત મુનિ કેવળજ્ઞાન પામીને અહીંથી જ નિર્વાણ પામ્યા હતા. તેથી આ ભૂમિ "સુપ્રતિષ્ઠિત નિર્વાણક્ષેત્ર" નામથી પણ પ્રસિદ્ધ છે. આચાર્ય શ્રી પૂજયપાદસ્વામીએ "દેવનંદીસ્વામી નિર્વાણ ભક્તિ"માં નિર્વાણક્ષેત્રનું નામ પણ લખેલ છે.

ઈતિહાસ કહે છે કે એક દિવસ શૌર્યપુરના બગીચામાં શ્રી સુપ્રતિષ્ઠિત મુનિરાજ ધ્યાનમાં મગ્ન હતા. ત્યારે સુદર્શન નામના યક્ષદેવે પૂર્વ ભવના વેરના કારણે મુનિરાજ ઉપર ઉપસર્ગ કર્યો. અગ્નિપાત, હિમપાત, મેઘવૃષ્ટિ, ઈત્યાદિ ઉપસર્ગ કર્યા. મુનિરાજે તેમના ધ્યાનમાં મસ્ત રહીને, ચાર ઘાતીયા કર્મ નષ્ટ કરીને, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યુ. ત્યારે સૌધર્મ દેવે તેમની દેવી સાથે અહીં આવીને શ્રી સુપ્રતિષ્ઠિત મુનિને વંદન કર્યા. શ્રી સુપ્રતિષ્ઠિત મુનિને કેવળજ્ઞાન થયું છે તેમ જાણીને શૌર્યપુરના રાજા અન્ધકવૃષ્ણે પરિવાર સહિત અહીં આવીને મુનિની પૂજા કરી. ત્યારબાદ કેવળી મુનિએ સભાને ધર્મ ઉપદેશ દીધો. મુનિનો ઉપદેશ સાંભળીને રાજા અન્ધકવૃષ્ણે મુનિ પાસેથી પોતાના પૂર્વભવ સંબંધી માહિતી મેળવી. આ રીતે ગોપાચલ પર્વત હાલ ગ્વાલિયર શ્રી સુપ્રતિષ્ઠિત કેવળી ભગવાનની નિર્વાણભૂમિ છે.

ગ્વાલિયર સંબંધી વિશેષ પ્રાચીન ઉલ્લેખ માર્કન્ડેય પુરાણમાં ગોવર્ધનપુરમ્માં મળે છે. ભગવાન આદિનાથજી ગોપલગઢ (હાલનું ગ્વાલિયર)માં પધાર્યા હતા. અહીં રહેતા વૈશ્યને ઉપદેશ દીધો હતો અને તેના ફળસ્વરૂપે પૂર્વ દિશાના લોકોએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. ગોપાચલ પર્વતની ઉત્તર તરફ ૩૦૦ ફીટ ઊંચાઈ છે અને દક્ષિણ તરફ ૨૭૪ ફીટ ઊંચાઈ છે. ગ્વાલિયરનો કિલ્લો ૧।।। માઈલ લાંબો છે. ગ્વાલિયરના આ કિલ્લામાં ચારે તરફ અગણિત દિગંબર જૈન મૂર્તિઓ છે, જે શાંતિ અને અહિંસાનો ઉપદેશ આપી રહી છે. વિ. સં. ૩૧૨માં કુન્તલપુર (હાલ સીરોનીયા)ના રાજા સુરજસેન શિકાર કરતાં-કરતાં ગોપાચલ પર્વત ઉપર આવ્યા. તે રાજાને કુષ્ટરોગ હતો. ગોપાચલ પર્વત ઉપર તેને એક સાધુના દર્શન થયા. રાજાએ સાધુને નમસ્કાર કરીને કુષ્ટરોગનો ઉપચાર પૂછયો. સાધુએ તેને ત્યાંના તળાવનું પાણી દીધુ. તે લગાડતાં જ

રાજાનો કુષ્ટરોગ મટી ગયો. રાજા ખુશી થયો અને તે સાધુની ઈચ્છા મુજબ ત્યાં એક મોટો કિલ્લો બનાવ્યો અને ત્યાં નગર વસાવ્યુ. ત્યાં તે તળાવ હજુ પણ છે. તે તળાવનું નામ સૂર્યકુંડ આપવામાં આવ્યું હતું. આજે તે તળાવમાં પાણી છે, પણ તે ચમત્કારીક નથી. ગોપાચલ કિલ્લાની બહાર પથ્થરની એક મનોહર વાવડી પ્રસિદ્ધ છે. આ વાવડી ૨૦ ફીટ લાંબી, ૨૦ ફીટ પહોળી અને ૨૦ ફીટ ઊંડી છે અને તેમાં બારે માસ પાણીનો પ્રવાહ ચાલુ છે. આ પાણી મીઠું અને ઠંડું છે.

ગ્વાલિયરના કિલ્લામાં અનેક ગૂફાઓ છે કે જ્યાં અનેક ખડ્ગાસન તથા પદ્માસન પ્રાચીન મૂર્તિઓ છે. મૂર્તિઓ પહાડમાં કોતરીને પણ બનાવેલી છે કે જે મૂર્તિ કલાની દષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. અહીં ગૂફા નં. ૧માં ભગવાન શ્રી પાર્શ્વનાથની વિશાળ પદ્માસન પ્રતિમા ૯ ફીટ ઊંચી ફેણ સહિતની છે. આજુ-બાજુ હાથી છે, જે હાલ વિકૃત અવસ્થામાં છે. ગૂફા નં. ૨માં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન તથા અન્ય પ્રતિમાઓ છે. ગૂફા નં. ૩માં પણ મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન અને પાંચ બીજી ખડ્ગાસન પ્રતિમાઓ છે. તેમજ એક પદ્માસન પ્રતિમાજી છે. ગૂફા નં. ૭ અને ગુફા નં. ૮ ની વચ્ચે એક શિલાલેખ છે. ગૂફા નં. ૧૦માં શ્રી નેમિનાથ ભગવાન છે. ગૂફા નં. ૧૧માં પદ્માસને શ્રી આદિનાથજી છે. ગૂફાનં. ૧૨માં પણ શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા છે. ગૂફા નં. ૧૩માં એક ખડ્ગાસન અને એક પદ્માસન પ્રતિમા છે. ગૂફા નં. ૧૫માં એક ખડ્ગાસન પ્રતિમા છે. અંતિમ ગૂફા નં. ૧૬માં શ્રી આદિનાથ ભગવાનની એક ખડ્ગાસન પ્રતિમા છે, જે ૯ ફીટ ઊંચી છે.

વાવડીની બાજુમાં ૨૦ થી ૩૦ ફીટ ઊંચાઈની ખડ્ગાસન પ્રતિમાઓ છે, જેવી કે શ્રી શાંતિનાથ, શ્રી પદ્મપ્રભુ, શ્રી બાહુબલી; શ્રી નેમિનાથ, વિગેરેની પ્રતિમાઓ છે. તે સિવાય શ્રી કુન્થુનાથ, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી આદિનાથ, શ્રી સંભવનાથ વિગેરે મૂર્તિઓ ખડ્ગાસન તથા પદ્માસન છે. આમાં ઘણી ખરી મૂર્તિઓ ખંડિત છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પદ્માસન ૪૨ ફીટ ઊંચી અને ૩૦ ફીટ પહોળી એક અદ્વિતીય અને ભવ્ય પ્રતિમાજી છે, જે આખા વિશ્વમાં પદ્માસન પ્રતિમાઓમાં મોટામાં મોટી છે. આવા મોટા પદ્માસન પ્રતિમાજી વિશ્વમાં બીજે ક્યાંય નથી.

મોગલ બાદશાહ બાબરે અહીંની બધી મૂર્તિઓને ખંડિત કરી હતી. પરંતુ આ શ્રી પાર્શ્વનાથ ભગવાનની મોટી મૂર્તિને ખંડિત કરી શક્યો નહીં. તે તેનું અતિશય ગણાય છે. ગમે તે કારણ કહો કે ચમત્કાર કહો. બાબર બીજી બધી મૂર્તિઓને ખંડિત કરી શક્યો, પણ આ શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિને ખંડિત કરી ન શકયો.

આ પર્વત ઉપર જૈન મૂર્તિઓની સંખ્યા લગભગ ૧૫૦૦ જેટલી છે તેમ કહેવાય છે. તેમાં ૬ ઈંચથી માંડીને ૫૭ ફીટ ઊંચાઈ સુધીની મૂર્તિઓ છે. અહીં શ્રી આદિનાથ ભગવાનની એક જ સળંગ પથ્થરમાંથી કોતરેલી ૫૭ ફીટ ઊચી ખડ્ગાસન પ્રાચીન પ્રતિમા છે. તેથી આ ક્ષેત્ર પણ બાવનગજાના નામથી પ્રસિદ્ધ છે. મધ્યપ્રદેશમાં બડવાનીમાં શ્રી આદિનાથ ભગવાન ૮૪ ફીટ ઊચા ખડ્ગાસને છે. ૮૪ ફીટ એટલે બાવન ગજ થાય. તેથી તે બાવનગજા કહેવાય છે અને

અહીં ગ્વાલિયરમાં બીજા શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન ૫૭ ફીટ ઊંચા છે. આ રીતે બંને તીર્થક્ષેત્રો બાવનગજા નામથી પ્રસિદ્ધ છે.

તોમર વંશના રાજા ડુંગરસિંહે વિ. સં. ૧૪૮૧માં આ રાજ્ય સંભાળ્યું અને ત્યારથી તેણે આ મૂર્તિઓનું નિર્માણકાર્ય શરૂ કર્યું હતુ. પંદરમી સદીમાં તોમર રાજાઓના સમયમાં જૈનોની સંખ્યા અને જોર વધતા ગયા અને ત્યારથી આખો પહાડ જૈન તીર્થ બની ગયો. આખા પહાડ ઉપર તથા નીચે ગૂફાઓમાં ખોદકામ શરૂ થયું અને વિશાળ મૂર્તિઓનું નિર્માણકાર્ય શરૂ થયું. આ રીતે ગૂફા, મંદિર તથા મૂર્તિઓના ખોદકામ પાછળ ૩૩ વર્ષ લાગ્યા હતા તેમ ઈતિહાસ કહે છે. મૂર્તિઓ કલાપૂર્ણ, સુઘડ અને સૌમ્ય છે, જે સાબિત કરે છે કે અત્યંત કુશળ અને અનુભવી શિલ્પીઓ દ્વારા આ મૂર્તિઓ નિર્માણ પામી છે. ગ્વાલિયરમાં ચાર મંદિરો અને ચાર ચૈત્યાલય છે અને બે ધર્મશાળા છે. ગ્વાલિયર લશ્કરમાં ૨૦ મંદિરો, ૩ ચૈત્યાલય અને ૬ ધર્મશાળાઓ છે. તેમાં નવી સડક ઉપર આવેલી "શ્રી મહાવીર ધર્મશાળા" સર્વશ્રેષ્ઠ છે.

રાજા ડુંગરસિંહ જૈન ધર્મના ઘણા જ પ્રેમી હતા. વિશાળ પ્રતિમાઓનું નિર્માણકાર્ય તેમના શાસનકાળ દરમ્યાન થયું હતું. તેમણે લગભગ ૩૦ વર્ષ રાજ્ય કર્યું. ત્યારબાદ તેમના પુત્ર મહારાજા કીર્તિસિંહ પણ જૈન ધર્મના પ્રેમી હતા. તેમણે પણ મંદિરોના નિર્માણકાર્યમાં પૂરો રસ લીધો હતો. તેમના વખતમાં જૈન ધર્મની પૂરી જાહોજલાલી હતી. આ રીતે તોમર વંશના રાજાઓના સમયમાં જૈન મંદિરો અને પ્રતિમાઓનું નિર્માણકાર્ય વિશેષ મહત્વપૂર્ણ રહ્યું હતું.

દુર્ગમાં (કિલ્લામાં) ૪૦ ખડ્ગાસન અને ચોવીસ પદ્માસન પ્રતિમાઓ છે. તેમજ સ્થંભો અને પહાડોમાં કોતરેલી ૮૪૦ પ્રતિમાઓ છે. કિલ્લામાં મૂર્તિઓ સિવાય માન મંદિર, ગુજરી મહલ (સંગ્રહાલય), વાવડી, કરણ મંદિર, વિક્રમ મંદિર, જહાંગીર મહલ, શાહજહાંન મહલ, વિગેરે છે. તે સિવાય પણ હિન્દુના અન્ય દર્શનીય મંદિરો છે, જેવા કે સૂર્ય દેવ, ગ્વાલીયા, ચતુભૂલજ, તેલીનું મંદિર, સાસ બહુ કા બડા મંદિર, સાસ બહુ કા છોટા મંદિર, માતાદેવી તથા મહાદેવ છે. હાથી દરવાજા અને સાસુવહુના મંદિરની વચ્ચે એક મહત્વપૂર્ણ જૈન મંદિર પણ છે. ગ્વાલિયરના મંદિરો ખરેખર વૈભવશાળી અને સુંદર કારીગરીવાળા અને ભવ્ય છે. એક મોટા મંદિરમાં છતનું સોનેરી કામ ઘણું આકર્ષક છે, જે તે સમયમાં લાખો રૂપીયાના ખર્ચે થયું હતું. આ મંદિરમાં સ્ફટિકમણિ વિગેરેના અનેક કિંમતી જિનબિંબો છે. તે ઉપરાંત શ્રી મહાવીર પ્રભુના મોટા ખડ્ગાસન પ્રતિમાજી દર્શનીય છે. શ્રી રામચંદ્રજી આહારદાન આપે છે, વિગેરે સોનેરી કારીગરીવાળા દશ્યો પણ આકર્ષક અને સુંદર છે. અહીંના આવા ૨૦ જિનમંદિરો તે સમયના દિગંબર જૈન ધર્મની જાહોજલાલી બતાવે છે.

શ્રી મહાવીર ધર્મશાળાની પાછળ એક નસીયાજી છે. તેના બાગમાં ૨૫ ફીટ ઊંચા શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસને ભવ્ય છે. તેમની પાછળ પર્વતની રચના કરી છે. તેથી દેખાવ વધુ રમણીય લાગે છે.

ગ્વાલિયરના કિલ્લામાં કેન્દ્રીય પુરાતત્વ સંગ્રહાલય છે, જ્યાં અનેક પ્રતિમાઓનો સંગ્રહ કરેલો છે. તેમાં એક મૂર્તિ એવી છે કે તેમાં તીર્થંકરની માતા સૂતેલા છે અને તેમની બાજુમાં જ તાજુ જન્મેલું બાળક રાખેલું છે. માતાની સેવા માટે ઈન્દ્રો દ્વારા મોકલેલી ચાર દેવીઓ ઊભી છે. તેમના હાથમાં ચામર વિગેરે છે - આ પ્રકારની મૂર્તિ છે. તેમજ આ સંગ્રહાલયમાં અનેક શિલાલેખો પણ છે કે જેમાના ઘણા શિલાલેખો મહત્વના છે.

ગ્વાલિયરનો કિલ્લો ખાસ જોવાલાયક ગણાય છે. કિલ્લા ઉપર લગભગ ૪૦૦ વર્ષ જૂનો ખૂબ જ ઊંડો અને ભવ્ય રાજમહેલ છે. તેના પ્રવેશદ્વારની બાજુમાં જિનબિંબો કોતરેલા છે તથા પહાડીમાં લગભગ ૦॥ માઈલના વિસ્તારમાં મોટા-મોટા અનેક જિનબિંબો કોતરેલા છે. તેમાં સૌથી મોટા શ્રી આદિનાથ ભગવાન ૫૭ ફીટ ઊંચા છે. તેના ચરણો ૯ ફીટ પહોળા છે અને પર્વતમાંથી વહેતા ઝરણા આ પ્રતિમાજીના ચરણોમાં પડે છે. જાણે કે પર્વત આ પ્રતિમાજીના ચરણોનો અભિષેક કરતો ન હોય !

તે સિવાય મહારાજા સિદ્ધાર્થ, ત્રિશલાદેવી તથા કુંવર મહાવીરનું સુંદર દશ્ય છે. ઘણા ખરા જિનબિંબોના શિલાલેખોમાં રાજા ડુંગરસિંહનો સં. ૧૪૯૭નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે ગ્વાલિયરનો કિલ્લો પ્રાચીન જૈન વૈભવની ગૌરવપૂર્ણ કથા સંભળાવી રહ્યો છે. આવા ભવ્ય પ્રતિમાજી કોતરાવનારા તે વખતના રાજાઓ અને શ્રાવકો કેવા ભક્તિભાવવાળા હશે તે વિચારવાનું છે. ખરેખર આ બધુ તે વખતની જૈન ધર્મની જાહોજલાલી બતાવે છે. તે રીતે ધન્ય છે તે વખતના રાજાઓને અને શ્રાવકોને.


કેટલાક પ્રતિમાજીની અંતર્મુખ ઢળતી આંખો એવી તો ભાવવાહી હોય છે કે જે દર્શકને અંતર્મુખ થવાનુ દર્શાવી રહી હોય છે. બાકી તો આ પ્રતિમાજીના દર્શન જે લોકો નજરે કરે તેને જ ખ્યાલ આવે કે કેવા ભવ્ય અને રોમાંચકારી આ પ્રતિમાજી છે. ક્યાંક મોટા-મોટા ચોવીસ ભગવંતોની હારમાળા કોતરેલી છે, તો ક્યાંક સેંકડો પ્રતિમાઓનો સમુહ એક સાથે કોતરેલો છે. ભારતમાં અનેક સ્થળે પૂરેપૂરા પર્વત જિન પ્રતિમાઓથી કોતરેલા છે. આ દશ્યો જોતા સૌ કોઈને એમ જરૂર લાગશે કે દિગંબર જૈન ધર્મ પરમ સત્ય અને પુરાણો છે. આવા દશ્યો ખાસ કરીને શ્રવણબેલગોલા, બાવનગજા (બડવાની), ગ્વાલિયર, ઈલોરાની ગૂફાઓ, ચંદેરીની બાજુમાં જ ૧ કિ.મી. દૂર આવેલ ખંદારગિરિ, ખંડગિરિ-ઉદયગિરિ, વિગેરેમાં નજરે પડે છે. એક અગત્યની વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી એ છે કે જ્યાં-જ્યાં આ રીતે પર્વતમાં જ કોતરી કાઢેલા હજારો વર્ષ જૂના પુરાણા ભવ્ય જિનબિંબો મળી આવે છે, તે બધા દિગંબર જિનબિંબો જ છે. તેમજ ખોદકામમાં પણ જે મંદિરો અને પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે, તે પણ દિગંબર જિનબિંબો જ છે. આ રીતે પ્રાપ્ત થતા જિનબિંબો ખરેખર અદ્‌ભુત-અતિ અદ્‌ભુત હોય છે. આવા અદ્‌ભુત જિનબિંબોને નિહાળતાં ભક્તજનોના હૈયા જરૂર નાચી ઉઠે તેવું આ ગ્વાલિયર તીર્થધામ છે. આ પુસ્તિકામાં જણાવેલા બધા જ તીર્થધામો ખરેખર ભવ્ય-અતિભવ્ય છે. તેથી આ પુસ્તિકામાં જણાવેલા બધા જ તીર્થધામોની

એક વાર યાત્રા કરવી એ જીવનનો લ્હાવો છે અને તેથી જીવન સફળ થાય છે. ગ્વાલિયર આવું ભવ્ય તીર્થસ્થળ છે તેની ઘણા ખરા લોકોને ખબર નથી. આ પુસ્તિકામાં ગ્વાલિયરનું વર્ણન વાંચીને સૌ કોઈને ગ્વાલિયર અવશ્ય જવાનું મન થાય તેવું છે. બાકી વર્ણન તો કેટલું લખાય. ત્યાં નજરે જઈને દર્શન કરીએ ત્યારે જ ખબર પડે કે ગ્વાલિયર કેવું છે !

आज हम जिनराज तुम्हारे द्वारे आये, हाँ जी हाँ । हम आये आये ।
पुण्य-उदय से आज तिहारे, दर्शन कर सुख पाये ।।

जन्म-मरण नित करते करते, काल अनन्त गमाये ।
अब तो स्वामी जन्म-मरण का, दुखडा सहा न जाये ।। १।।
भव-सागर में नाव हमारी, कब से गोता खाये ।
तुम ही स्वामी हाथ बढाकर, तारो तो तिर जाये ।। २।।
अनुकम्पा हो जाय आपकी, आकुलता मिट जाये ।
पंकज की प्रभु यही वीनती, चरण-शरण मिल जाये ।। ३।।

# दिगम्बर जैन तीर्थक्षेत्र मध्यप्रदेश



# મધ્ય-પ્રદેશના કેટલાંક તીર્થક્ષેત્રો

## ઈંદોર

મધ્યપ્રદેશના તીર્થક્ષેત્રોની યાત્રા માટે ઈંદોર હેડકવાર્ટર રાખવું વધુ સારૂ છે, કારણ કે ઈંદોરથી મધ્યપ્રદેશમાં ઘણા તીર્થક્ષેત્રોમાં જવા માટે એસ. ટી. ની બસો થોડી-થોડી વારે મળતી રહેતી હોવાથી જગ્યા પણ મળી જાય છે. વળી ઈંદોરમાં રહેવા માટે ગુજરાતી સમાજ રેલ્વે સ્ટેશનથી તેમજ બસ સ્ટેન્ડથી નજીકમાં જ છે. તે સિવાય ઈંદોરમાં ઉતરવા માટે ધર્મશાળાઓ પણ છે. એક ધર્મશાળા તો બસ સ્ટેન્ડની બાજુમાં જ છે. જો કે ત્યાં સ્વચ્છતા ઓછી છે અને બસ સ્ટેન્ડથી ચાલતાં જવાય તેટલી નજીક હોવાથી ગીર્દી પણ રહે છે. તે નસીયાજીની ધર્મશાળા કહેવાય છે અને મોટી છે. તેથી ત્યાં જગ્યા તો મળી જ રહે છે. ઈંદોરમાં ઘણા જ જિનમંદિરો છે. તેમાં મુખ્ય મંદિર સર શેઠ શ્રી હુકમચંદજીનું કાચનું મંદિર ઘણું જ ભવ્ય છે. તે મંદિર જોવા માટે જૈનો અને જૈનેતરો તથા દેશ-વિદેશના લોકો આવે છે અને ખરેખર તે અતિભવ્ય હોઈને જરૂર દર્શનીય છે. તે સિવાય પણ ઈંદોર શહેરમાં ઘણા જ મંદિરો છે. શહેર સિવાય પલાસીયામાં પણ ઘણા જિનમંદિરો છે.

પલાસીયા જિનમંદિર :- અહીં પણ રંગબેરંગી કાચનું ભવ્ય જિનમંદિર અને તેવું જ સમવસરણજીનું મંદિર છે. રંગબેરંગી કાચ અને તેમાં સોનાનું કામ છે. મંદિરની છત, દિવાલો અને થાંભલા-બધુ જ રંગબેરંગી કાચનું હોઈને મંદિર ખૂબ ભવ્ય લાગે છે. સર શેઠ શ્રી હુકમચંદજીએ વર્ષો પહેલાં આવું કાચનું મંદિર કરાવેલું તેવું જ કામ આજે પણ થઈ શકે છે. તે પલાસીયાનું મંદિર જોતા ખ્યાલ આવે છે. આ સિવાય પલાસીયામાં જ સર શેઠ શ્રી હુકમચંદજીના બંગલામાં પણ જિનમંદિર છે. બંગલો ન કહેવાય, પણ મહેલ કહેવાય. રજવાડા જેવો જ ભવ્ય અને ખૂબ જ મોટો બંગલો છે, જેમાં જાત-જાતના સ્ટેચ્યુ (પૂતળા) મૂકેલા છે. આ બંગલો-તેમનો મહેલ બહારથી પણ જોવાલાયક છે. આ સિવાય તેમના મહેલ-બંગલાની સાથે તેમના ભાઈ કલ્યાણમલજીના બંગલામાં પણ મંદિર છે. જેના દર્શન માટે સૌને જવાની છૂટ છે. બંને બંગલામાં મંદિર જ છે. ચૈત્યાલય કે ઘર દેરાસર જેવું નથી. આ રીતે પલાસીયામાં કુલ ચાર જિનમંદિરો દર્શન કરવા જેવા છે.

સર શેઠ શ્રી હુકમચંદજીનું કાચનું મંદિર સીતલામાતા બજારમાં છે, જે ખૂબ જ પ્રખ્યાત હોઈને દરેકે-દરેક રીક્ષાવાળા શેઠના કાચના મંદિરે લઈ જાય છે. આ મંદિરનું વર્ણન શું લખવું અને શું ન લખવું તે જ પ્રશ્ન છે. માટે ઈંદોર જાવ તો ગમે તેમ કરીને બીજા કામો પડતા મૂકીને પણ આ

કાચના મંદિરે તો અવશ્ય જવું. મંદિરમાં નીચે, દિવાલોમાં, છતમાં, થાંભલામાં-બધે જ રંગબેરંગી કાચનું કામ સુવર્ણકામ સહિતનું છે. દિવાલોમાં ધાર્મિક અને ઐતિહાસિક મોટા-મોટા ચિત્રપટો રંગબેરંગી કાચમાં છે. આ મંદિરની તદ્દન પાસે જ સાકરબજારમાં બીજા ત્રણ મોટા-મોટા જિનમંદિરો એક જ લાઈનમાં પાસે-પાસે જ આવેલા છે. તેના નામ આ પ્રમાણે છે :

(૧) શ્રી આદિનાથ જિનાલય (મારવાડી મંદિર)

(૨) શ્રી પાર્શ્વનાથ જિનાલય (ચીમનલાલજીનું મંદિર) અને

(૩) શ્રી આદિનાથ જિનાલય તેરાપંથી.

આ ત્રણ મંદિરની બાજુની ગલીમાં જ લશ્કરી મંદિર છે, જેનું નામ "શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન લશ્કરી મંદિર" છે. આ સિવાય ઈંદોરમાં બીજા ઘણા જ દિગંબર જૈન મંદિરો છે. છાવણીમાં બે મંદિર, તુકોગંજમાં ત્રણ મંદિર, માણેકચોકમાં બે મંદિર, ગોરાકુંડમાં એક મંદિર, મલ્હારગંજમાં એક મંદિર, નસીયામાં એક મંદિર, દીતવારામાં એક મંદિર તથા ઝવેરી બાગમાં એક મંદિર છે. મંદિર સિવાય શેઠનો મહેલ, રાજમહલ, શીશમહલ, ઈન્દ્રભવન, કલ્યાણ ભવન વિગેરે જોવાલાયક છે, પણ હાલ તે જોવા જવા દેતા નથી.

*સત્ય બોલવુ એ કાંઈ મુશ્કેલ નથી. સાવ સહજ છે. જો વેપારાદિ સત્ય વડે થાય તો જ કરવા. જો છ મહિના સુધી તેમ વર્તી શકાય તો સત્ય બોલવુ સહજ થઈ જાય છે. સત્ય બોલતા કદાચ થોડો વખત પ્રથમ નુકશાન પણ થાય. પણ પછી અનંત ગુણનો ધણી જે ભગવાન આત્મા છે તે લુંટાતો બંધ થાય. સત્ય બોલતા ધીમે ધીમે સહજ થઈ જાય છે અને તેમ થયા પછી વ્રત લેવુ.*

*- શ્રીમદ્ રાજચંદ્રજી*

o o o o o

*જ્ઞાનીઓના ગુણગાન ન થઈ શકે તો કંઈ નહીં, તેમની નિંદા બિલકુલ કરીશ નહીં. હંમેશા આત્માના કલ્યાણ તરફ ધ્યેય રાખવા પ્રયત્ન કરવો. આત્મા શાંતિ સુખનો પિંડ છે તેનું ચિંતવન વારંવાર કરવું. આત્મા રાગાદિભાવ-મનવાણી અને દેહથી જુદો પદાર્થ છે તેમ ચિંતવવું.*

# ગોમટગિરિ

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ઈન્દોર - ૧૫ કિ.મી.
  બસ સ્ટેશન : ગંગવાલ બસ સ્ટેશન - ૧૦ કિ.મી.
- નજીકનું મુખ્ય શહેર .......: ઈન્દોર - ૧૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: બનેડિયાજી - ૩૩ કિ.મી., સિદ્ધવરકૂટ - ૯૦ કિ.મી., મકસી પાર્શ્વનાથ - ૮૦ કિ.મી., પુષ્પગિરિ - ૮૦ કિ.મી.

ઈંદોર શહેરથી લગભગ ૧૦ કિ.મી. દૂર એરપોર્ટથી આગળ જતાં આ નવુ તીર્થધામ આશરે ૧૨ વર્ષ પહેલા થયું છે. આ તીર્થધામને ગોમટગિરિ કહે છે. ગોમટગિરિ નાનકડી ટેકરી ઉપર છે. છેક ઉપર સુધી રીક્ષા, ગાડી કે બસ જઈ શકે તેવો પાકો રસ્તો કરાવેલ છે. અહીં યાત્રીઓને રહેવા માટે ધર્મશાળા નવી જ બનાવી છે. લગભગ ત્રણ બસના યાત્રિકો રહી શકે તેવી સંપૂર્ણ સગવડતાવાળી ધર્મશાળા અહીં સંકુલમાં જ છે.

ગોમટગિરિના મંદિરોની પ્રતિષ્ઠા વીર સંવત ૨૫૧૨ અને વિક્રમ સંવત ૨૦૪૨ ફાગણ સુદ-૩ના રોજ થયેલી છે. અહીં ફરતી ચારે તરફ ચોવીસ તીર્થંકર ભગવાનના પ્રતિમાજી જુદા-જુદા ચોવીસ રૂમોમાં પદ્માસન મુદ્રામાં બિરાજમાન કરેલા છે. આવા બાર તીર્થંકરોની દેરીઓ પૂરી થયા પછી વચ્ચે ચોકમાં શ્રી બાહુબલીજી ભગવાનની સફેદ આરસની ૨૧ ફીટ ઊંચી ખડ્‌ગાસન સૌમ્ય-વીતરાગી-ભાવવાહી મૂર્તિ છે. ત્યાર પછી બીજી બાજુ બાકીના બાર તીર્થંકર ભગવાનની બાર દેરીઓના રૂમ આવે છે. તે સિવાય સામેની લોબીમાં ૧૨-૧૨ મુનિઓના ચરણકમળ છે. જેના નામ દરેક દેરી ઉપર લખેલા છે, જે નીચે મુજબ છે.

(૧) નેમીચન્દ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી (૨) આચાર્ય વિદ્યાનંદજી
(૩) જિનસેનાચાર્ય (૪) વીરસેન આચાર્ય
(૫) આચાર્ય અકલંકદેવ (૬) દેવનંદી-પૂજ્યપાદ આચાર્ય
(૭) આચાર્ય સમન્તભદ્ર (૮) ગૃદ્ધ-પિચ્છાચાર્ય (કુન્દકુન્દદેવ)
(૯) આચાર્ય ભૂતબલી (૧૦) પુષ્પદંતજી
(૧૧) શ્રુત કેવળી ભદ્રબાહુજી (૧૨) શ્રી ગૌતમ ગણધર દેવ

બીજી તરફ બીજા બાર મુનિઓના ચરણકમળ છે. તેના નામ નીચે મુજબ છે :-

(૧) આચાર્ય અજીતસમાગરજી (૨) આચાર્ય સમન્તભદ્ર
(૩) આચાર્ય દેશભુષણજી (૪) આચાર્ય જ્ઞાનસાગરજી

(૫) ધર્મસાગરજી (૬) નેમીસાગરજી
(૭) ધર્મસાગરજી (૮) મહાવીરકીર્તિજી
(૯) કુન્થુસાગરજી (૧૦) વીરસાગરજી
(૧૧) સૂર્યસાગરજી (૧૨) શાંતિસાગરજી

આ સિવાય આચાર્ય શ્રી શાંતિસાગરજીનું શ્યામ આરસનું પદ્માસન મોટું સ્ટેચ્યુ બિરાજમાન કરેલ છે તથા તેમની બાજુમાં આચાર્ય શ્રી કુન્દકુન્દદેવનું પદ્માસન શ્યામ આરસનું સ્ટેચ્યુ બિરાજમાન કરેલ છે. સ્ટેચ્યુની નીચે નીચે મુજબનું વર્ણન લખેલું છે.

મુનિ દીક્ષા - ૧૧મા વર્ષે સમાધિ - ૯૬મા વર્ષે
જન્મકાળ - સંવત ૪૯ જન્મસ્થળ - કુન્દ-કુન્દપુર
ગુરુ - ભદ્રબાહુ દ્વિતીય સમાધિ સ્થળ - પોન્નુરહીલ તાલુકો વન્દેવાસ

તેમના બનાવેલા ૮૪ પાહુડ હાલ ઉપલબ્ધ છે.

*આ અમૂલ્ય મનુષ્યભવમાં સિદ્ધસમાન આત્માની આરાધના કરવા જેવી છે. આ અનિત્ય શરીર ધારણ કર્યું છે તેનો ત્યાગ થવાનો જ છે. આ આત્માની આરાધના પૂર્વક દેહ છૂટે તે મનુષ્યભવની સફળતા છે. આ આત્મતત્વના સંસ્કાર આ ભવમાં ખૂબ ગાઢા થાય તેવો પ્રયત્ન કરવો.*

o o o o o

*ભૂતકાળનેભૂલીને તારા વર્તમાનને સંભાળ તો તારું ભવિષ્ય મંગળ જ છે. શરીરની ગમે તેવી વ્યાધિ કે ઉપાધિમાં પણ ચૈતન્ય આનંદને રોકવા કોઈ સમર્થ નથી. (૧૯) જ્ઞાનીના જીવનના દરેક પ્રસંગો જ્ઞાન-વૈરાગ્યથી ભરપૂર હોય છે. જ્ઞાનીની વૈરાગ્ય મસ્તી સદા જીવનને જાગૃતિમય રાખે છે. જ્ઞાનીઓ જે કહે તે સમ્યક અને હિતરૂપ જ કહે છે. જ્ઞાનીઓને શરીરની પીડામાં પણ પોતાનો જ્ઞાયકસ્વભાવ જ વેદાય છે.*

# સિદ્ધવરકુટ - સિદ્ધક્ષેત્ર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ઓંકારેશ્વર (મોરટક્કા) - ૧૨ કિ.મી.
  બસ સ્ટેશન : ઓંકારેશ્વર - ૨ કિ.મી.,
  બડવાહ - ૧૮ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ઓંકારેશ્વરથી નાવ દ્વારા અથવા બડવાહથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: બડવાહ - ૧૮ કિ.મી., સનાવદ-૧૮ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: મક્સી - ૧૫૦ કિ.મી., બનેડિયાજી - ૧૨૫ કિ.મી., બાવનગજા - ૨૦૦ કિ.મી., ગોમ્મટગિરિ - ૮૦ કિ.મી., ઉન (પાવાગિરિ) - ૧૧૦ કિ.મી.

ઈંદોરથી સિદ્ધવરકુટ ૧૦૦ કિ.મી. છે. ઈંદોરથી આ ક્ષેત્ર ઉપર બસમાં જઈ શકાય છે. એસ. ટી.ની ઘણી બસ આ રસ્તે થઈને જાય છે. કોઈ બસ ત્યાં સુધી જતી ન હોય તો મોરતક સુધી તો ઘણી બસ જાય છે. મોરતકથી પ્રાઈવેટ બસની સર્વિસ છે, જે પેસેન્જર પૂરા થાય ત્યારે ઉપાડે છે અને ઓમકારેશ્વર લઈ જાય છે. મોરતકથી ઓમકારેશ્વર ફકત ૨૦ મિનિટનો જ રસ્તો છે. ઓમકારેશ્વર અન્ય ધર્મીઓનું મોટું ધર્મસ્થાન છે. લોકો મસ્તક મુંડન, વાળ ઉતરાવવા, નદીમાં અસ્થિ પધરાવવા, માનતા માનવા, વિગેરે માટે ઓમકારેશ્વર આવે છે. આવી વિધિ કરાવનાર બ્રાહ્મણો ત્યાં નદી કાંઠે ફરતા હોય છે. નદીના સામે કાંઠે તેમના દેવ-દેવીઓના મંદિરો છે. હોડકામાં બેસીને ત્યાં સામે કાંઠે જઈ મંદિરોમાં દર્શન કરે છે.

શ્રી સિદ્ધવરકુટ ખંડવા જિલ્લામાં નર્મદા નદી અને કાવેરી નદીના સંગમ પાસે આવેલું છે. એક સમથલ પર્વત ઉપર શિખરબંધ મંદિરો આવેલા છે. આ સિદ્ધક્ષેત્ર પ્રાચીનકાળનું છે અને તેનું મહત્વ અનેક શાસ્ત્રોમાં કહેલું છે. નિર્વાણકાંડમાં પણ લખેલું છે કે -

*"રેવા નદી સિદ્ધવરકુટ, પશ્ચિમ દિશા દેહ જહાં છુટ,*
*દ્વય ચકી દસ કામકુમાર, ઊઠ કોડી વંદો ભવપાર"*

ઓમકારેશ્વરના નદી કાંઠેથી હોડકામાં બેસીને સિદ્ધવરકુટ જવાય છે. ત્યાં હંમેશા હલેસાવાળા હોડકા તથા સ્ટીમ લોંચ-બંને મળે છે. એક હોડકામાં ૧૦-૧૨ જણાને બેસાડે છે. હોડકામાં લઈ જાય અને સામે કાંઠે ઉતારી દે. પછી બપોરે હોડકાવાળા આપણે કહીએ તે ટાઈમે પાછા લેવા માટે આવે છે. હલેસાવાળા હોડકામાં બેસીને સિદ્ધવરકુટ પહોંચતા ૦।। કલાક થાય છે. જ્યારે સ્ટીમલોંચમાં પહોંચતા ૨૦ થી ૨૫ મિનિટ થાય છે. સામે કાંઠે પહોંચ્યા પછી આપણે સિદ્ધવરકુટમાં જઈને દર્શન-પૂજા-પાઠ કરીએ ત્યાં સુધી રોકાઈ શકાય છે. વળતા પાછા તે જ

હોડકાવાળો લાવે છે અને ઓમકારેશ્વર વળતા પાછા આવીએ ત્યાર પછી હોડકાવાળાને પૈસા દેવાના હોય છે.

ઓમકારેશ્વરના રસ્તેથી જેમને ન આવવુ હોય, તે ઘરની ગાડી, જીપ કે બસમાં બડવાહથી પાકા રસ્તે છેક સિદ્ધવરકુટ સુધી જઈ શકે છે. તેમને ઓમકારેશ્વર આવવાનુ જ નહી. બડવાહ રસ્તે જ જવાનુ-બડવાહથી સિદ્ધવરકુટ ૧૮ કિ.મી. છે.

ઈતિહાસ :- શ્રી સિદ્ધવરકુટથી બે ચક્રવર્તી - મઘવા ચક્રવર્તી અને સનતકુમાર ચક્રવર્તી તથા દસ કામદેવ મુક્તિ પામ્યા છે. દસ કામદેવના નામો આ પ્રમાણે છે : (૧) સનતકુમાર (૨) વત્સરાજ (૩) કનકપ્રભુ (૪) મેઘપ્રભુ (૫) વિજયરાજ (૬) શ્રીચન્દ (૭) નળરાજ (૮) બલીરાજ (૯) વસુદેવ અને (૧૦) જીવનધર. આ રીતે દસ કામદેવ અહીંથી મુક્તિ પામ્યા છે. આ સિવાય સાડા ત્રણ કરોડ મુનિવરો પણ આ ક્ષેત્રથી મુક્તિ પામ્યા છે. તેથી આ ક્ષેત્ર સિદ્ધક્ષેત્ર છે.

સંવત ૧૯૩૫માં ઈંદોરના ભટ્ટારક શ્રી મહેન્દ્રકીર્તિજીને રાત્રે સ્વપ્નમાં સિદ્ધવરકુટના દર્શન થયા. તેથી તેઓ આ જગ્યાએ સમાજ સાથે ખૂબ જ ફર્યા. તો રેવા નદીની આસપાસ વનમાં સંવત ૧૫૪૫ની શ્રી ચન્દ્ર પ્રભુની પ્રતિમા તથા અગીયારમી સદીના શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા તથા વિશાળ મંદિર જોવામાં આવ્યા.

તે સિવાય બીજા બે-ત્રણ મંદિરો ભગ્નાવસ્થામાં દષ્ટિગોચર થયા. આ રીતે તેમને આવેલા સ્વપ્ન અનુસાર અનુમાન કર્યુ કે આ સ્થળ જ સિદ્ધવરકુટ હોવું જોઈએ. ત્યારબાદ સંવત ૧૯૪૦ના મહા સુદ-૩ના રોજ ઈંદોરવાળા શ્રી ભુરજી સૂરજમલજી મોદીએ આ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો અને સંવત ૧૯૫૧માં પ્રતિષ્ઠાવિધિ કરી. ત્યારથી આ ક્ષેત્ર પ્રકાશમાં આવ્યુ. આ શિખરબંધ મંદિર આજે "બડા મંદિરજી"ના નામથી પ્રખ્યાત છે. ત્યારબાદ સનાવદ, બડવાહ અને ઈંદોરના ધર્મપ્રેમી ભાઈઓએ અહીં આવીને ભક્તિથી બીજા મંદિરો કરાવ્યા-ત્યારબાદ ચૈત્યાલય, છત્રી અને ધર્મશાળા થઈ.

ધર્મશાળા :- અહીં ધર્મશાળામાં નવી-જૂની થઈને કુલ ૬૦-૬૫ રૂમો છે. યાત્રિકોને ન્હાવા માટે સંસ્થા તરફથી ગરમ પાણી છૂટથી જોઈએ તેટલું સવારે ૬:૦૦ વાગ્યાથી ૧૦:૦૦ વાગ્યા સુધી મળે છે. તેમજ નળ તથા લાઈટની સગવડતા પણ છે. આ ક્ષેત્રમાં ટેલીફોન પણ છે. તે સિવાય ઓર્ડર આપો તો જમવા માટે સગવડતા વ્યાજબી ભાવે કરી આપે છે. જો હાથે રસોઈ કરવી હોય તો સંસ્થામાંથી રસોઈના વાસણો મળી શકે છે.

સને ૧૯૭૦માં શ્રી શાંતિનાથ મંદિરમાં નવી વેદી કરાવી પ્રતિષ્ઠા થઈ હતી. શ્રી સિદ્ધવરકુટના પૂરા વર્ણનવાળી પૂજાની ચોપડી ત્યાં વેચાતી મળે છે, જેમાં શ્રી રાજમલજી પવૈયા રચિત પૂજા તથા ભટ્ટારક શ્રી મહેન્દ્રકીર્તિજી રચિત સારી પૂજાઓ છે.

બડવાહથી સિદ્ધવરકુટ ડામરના પાકા રસ્તે જવાય છે. જેમને ઓમકારેશ્વરથી હોડકા કે સ્ટીમલોંચમાં ન જવુ હોય, તેઓ ઓમકારેશ્વર ન આવતા બડવાહથી પાકા રસ્તે છેક સુધી જઈ શકે છે. પહેલા આ રસ્તો ચોમાસામાં ચાર મહિના બંધ રહેતો હતો. તેથી ટ્રસ્ટીઓએ ખૂબ જ મહેનત કરીને રાજ્ય સરકાર દ્વારા તે નદી ઉપર પાકો પુલ બંધાવ્યો છે. તેથી હવે બારે માસ બડવાહથી સિદ્ધવરકુટ બસ કે પ્રાઈવેટ ગાડીમાં કે રીક્ષામાં આ પાકા રસ્તે જઈ શકાય છે. હવે રાજ્ય સરકાર દ્વારા એસ. ટી. બસ પણ બડવાહથી સિદ્ધવરકુટ દરરોજ જાય તે માટેના પ્રયત્નો ચાલી રહ્યા છે. આ સગવડતા થઈ જાય તો યાત્રિકોને ઓમકારેશ્વર થઈને હોડકામાં બેસીને સિદ્ધવરકુટ જવુ ન પડે.

ખરેખર આ સિદ્ધક્ષેત્ર બહુ જ રળિયામણું સિદ્ધક્ષેત્ર છે. હજૂ હજારો વર્ષ પુરાણા આવા શુદ્ધ દિગંબર જૈન તીર્થો આજે પણ દિગંબર જૈન ધર્મની સત્યતાને અને જાહોજલાલીને પ્રકાશિત કરે છે. તેટલુ જ નહીં, પણ તે-તે સિદ્ધક્ષેત્રથી સિદ્ધિ પામેલા સંતો દિગંબર જૈન ધર્મને પ્રસિદ્ધ કરે છે. આ તરફના તીર્થો એટલે કે શ્રી બુન્દેલખંડના તીર્થો, દક્ષિણના તીર્થો તથા મધ્યપ્રદેશના તીર્થો શુદ્ધ દિગંબર તીર્થો છે. ત્યાં ક્યાંય શ્વેતાંબર કે બીજા કોઈ અન્ય મંદિરોનો પ્રચાર નથી.

અહાહા....છ-છ ખંડના રાજપાટ છોડીને, રૂપરૂપના અંબાર જેવા કામદેવ હજારો રાણીઓને છોડીને જ્યારે દીક્ષા લેતા હશે તે પ્રસંગ કેવા હશે ! વળી કુદરતનો મેળ તો જુઓ કે એક પછી એક એમ દસ કામદેવો અને બે ચક્રવર્તી-તે બધા જ અહીંથી મોક્ષ પામ્યા અને અત્યારે અહીંથી લોકાગ્રે સિદ્ધલોકમાં બિરાજે છે. આવા સિદ્ધ ભગવંતોને ઓળખીને ધ્યેયરૂપે પોતાના આત્મામાં સ્થાપવા એટલે કે તે સિદ્ધિના પંથે પોતાના આત્માને પરિણમાવવો તે સિદ્ધવરકુટની સાચી પરમાર્થયાત્રા છે. મોક્ષના સાધક મુનિઓ આવા ધામમાં રહે છે અને ચૈતન્યના ધ્યાનમાં મશગુલ રહે છે. રત્નત્રયના ધારક સંતો જ્યાં વિચર્યા અને જ્યાંથી સિદ્ધપદને પામ્યા તે ભૂમિ પણ ધન્ય છે અને એમના ચરણોથી સ્પર્શાયેલી રજ પણ ધન્ય છે.

### સિદ્ધવરકુટના મંદિરોનું વર્ણન :

મંદિર નં. ૧ : શ્રી નેમિનાથ મંદિર - રંગીન સોનેરી વેદી ઉપર સફેદ આરસના ૧।। ફીટના પદ્માસને શ્રી નેમિનાથ ભગવાન બિરાજમાન છે. જેમની પ્રતિષ્ઠા સંવત ૧૯૫૧માં થઈ છે. ડાબી તરફ શ્રી ઋષભદેવ ભગવાન પદ્માસને ૧।। ફીટના પંચધાતુના તથા જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસને ૧।। ફીટના પંચધાતુના છે. દરવાજા ઉપર શ્રી ગજસુકુમાર મુનિ તથા શ્રી સુકુમાલ મુનિના રંગીન ચિત્રપટો છે તથા દિવાલ ઉપર પણ બીજા ચિત્રપટો છે. જેવા કે (૧) કમઠનો ઉપસર્ગ (૨) શ્રી પાર્શ્વનાથજીનો વન વિહાર (૩) શ્રી નેમિનાથજીના વિવાહ અને વૈરાગ્ય (૪) શ્રી સીતાજીની અગ્નિપરિક્ષા તથા (૫) શ્રી સમ્મેદશિખરજીના ચિત્રપટો, વિગેરે છે.

મંદિર નં. ૨ : શ્રી શાંતિનાથ પ્રભુજીનું મોટું મંદિર છે. વચ્ચે ચોક છે. સોનેરી વેદી ઉપર સફેદ આરસના પદ્માસન ૩।। ફીટના શ્રી શાંતિનાથ ભગવાન છે. ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા શ્યામ પદ્માસન ૧।। ફીટના અને જમણી તરફ સફેદ આરસના ૧। ફીટના શ્રી મહાવીર પ્રભુજી છે. ડાબી બાજૂના ગોખલામાં શ્રી બાહુબલીજી ખડ્ગાસન ૧ ફૂટના અને જમણી તરફના ગોખલામાં-દેરીમાં શ્રી મહાવીર પ્રભુજી પદ્માસન ૧ ફૂટના બિરાજમાન કરેલા છે.

આ મંદિરમાં શ્રી કુન્દકુન્દાચાર્યદેવનું મોટું ચિત્રપટ છે અને સિદ્ધક્ષેત્ર કુંડલપુરનું ચિત્રપટ પણ છે.

મંદિર નં. ૩ : નાની દેરીમાં બે ચક્રી તથા દસ કામદેવના ચરણકમળ છે.

મંદિર નં. ૪ : શ્રી બાહુબલીજી ભગવાનના સફેદ આરસના ખડ્ગાસને ૮ ફીટના પ્રતિમાજી છે. મંદિરનો સભામંડપ ઘણો મોટો હોઈને સમુહમાં પૂજા-ભક્તિ કરવા માટે સારી જગ્યા છે. ભગવાનને અભિષેક કરવા માટે બંને બાજુએ પાકી સીડી બનાવેલ છે. અહીં આરતી સમયે ઈલેકટ્રીકથી ઘંટ-ઝાલર સરસ વાગે છે. આ મંદિરમાં નીચે મુજબના ધાર્મિક- ઐતિહાસિક ચિત્રપટો છે.

ચિત્ર નં.૧ થી ૩ : શ્રી બાહુબલીજીનું દષ્ટિયુદ્ધ, જલયુદ્ધ અને મલ્લયુદ્ધ.

ચિત્ર નં. ૪ : ક્રોધવશ ચક્ર ચલાવવું.

ચિત્ર નં. ૫ : રાજપાટ થી વૈરાગ્ય.

ચિત્ર નં. ૬ : હિમાલય પર્વત પર શ્રી ઋષભદેવને શ્રી ભરતજી દ્વારા વંદન.

ચિત્ર નં. ૭ : હજુ સુધી કેવળજ્ઞાન કેમ થતું નથી ? તે પ્રશ્નનો જવાબ - ભૂમિનું અભિમાન છે. તમે વંદના કરો. શ્રી ભરતજી દ્વારા વંદન.

મંદિર નં. ૫ : આરસનો આશરે ૩૦ ફીટ ઊંચો માનસ્થંભ છે, જેમાં ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે ભગવાન નથી.

મંદિર નં. ૬ : મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ પંચધાતુના પદ્માસન ૧। ફીટના છે. ડાબી તરફ શ્રી મઘવા ચક્રવર્તી અને જમણી તરફ શ્રી સનતકુમાર ચક્રવર્તી-બંને પંચધાતુના ખડ્ગાસન ૦।।। ફીટના છે. તે સિવાય દસ કામદેવની ખડ્ગાસને પંચધાતુની ૦।।। ફીટની દસ મૂર્તિઓ છે. તેમને અર્ઘ્ય ચડાવવા માટે રાજમલજી પવૈયા રચિત પદ આ મુજબ છે.

*સનતકુમાર ચક્રવર્તી અરૂ મઘવા ચક્રી કો વંદન,*
*કામદેવ દસ કે ચરણોમેં કરતા શત શત અભિનંદન ।*

*ચક્રવર્તી પદ ત્યાગા, ત્યાગે મહા મહલેશ્વર કે પદ,*
*મુનિ બન રત્નત્રય ધારણ કર, ધ્યાયા કેવળ શુદ્ધ સ્વપદ ॥*
*શ્રી સિદ્ધવરકુટ ક્ષેત્રસે નિજસ્વભાવ સે મુક્ત હુએ,*
*સાંઢે તીન કરોડ ઋષિ મુનિવર ભવસાગર સે મુક્ત હુએ ।*
*ઈન કે ચરણો મેં કોટી કોટી વંદન કરતા હૂઁ હે સ્વામી,*
*અર્ઘ્ય સુમન અર્પિત કરતા હૂઁ ઋષિવર મહામોક્ષગામી ॥*

ૐ ર્હીં શ્રી સનતકુમાર, મઘવા ચક્રવર્તી એવં દસ કામદેવ એવં સાઢે તીન કરોડ મુનિ ચરણ કમલેશ્વર અર્ઘ્યમ્ નિર્વપામિતિ સ્વાહા...

મંદિર નં. ૭ : શ્રી પાર્શ્વનાથજી દિગંબર જૈન મંદિર - સોનેરી રંગબેરંગી વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન શ્યામ ૨ ફીટના છે. સમ્રાટ ચન્દ્રગુપ્તના સોળ સ્વપ્નો અને તેના ઉત્તર દિવાલ ઉપર લખેલા છે.

મંદિર નં. ૮ : શ્રી આદિનાથ પ્રભુની નાની દેરી છે. જેમાં ૯ ઈંચના પ્રતિમાજી તથા બાર જોડી ચરણકમળ છે.

મંદિર નં. ૯ : શ્રી મહાવીર પ્રભુ દિગંબર જૈન મંદિર - સોનેરી વેદીમાં શ્રી મહાવીરપ્રભુના ખડ્ગાસને પ્રાચીન શ્યામ પદ્માસન ૨॥ ફીટના પ્રતિમાજી છે. ડાબી તરફ શ્રી પદ્મપ્રભુજી બદામી આરસના પદ્માસન તથા જમણી તરફ શ્રી મલ્લિનાથ પ્રભુ સફેદ આરસના ૧ ફૂટના છે. મંદિર નિર્માણ વિ. સં. ૧૯૬૪ વીર સંવત ૨૪૩૪ છે. તે સિવાય બે ચક્રવર્તી-શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજીના બે મોટા ચિત્રપટો છે તથા એક મોટા ચિત્રપટમાં દસ ચક્રવર્તી ખડ્ગાસને છે. તે સિવાય ચારણઋદ્ધિધારી મુનિઓ સિંહને ઉપદેશ આપે છે તે દર્શાવતું ચિત્રપટ છે તથા પંચપરમેષ્ઠી દર્શનનું ચિત્રપટ પણ છે.

મંદિર નં. ૧૦ : આ શ્રી મહાવીર સ્વામીનું મંદિર મંદિર નં. ૧૩ ની પાછળ આવેલું છે. સોનેરી વેદી ઉપર મૂળનાયક શ્રી મહાવીર પ્રભુજી પદ્માસન શ્યામ આરસના ૩ ફીટના છે. મંદિર નં. ૯ તથા મંદિર નં. ૧૦માં શ્રી મહાવીર પ્રભુ શ્યામ આરસના છે. બાકી બીજે કોઈ સ્થળે શ્રી મહાવીરપ્રભુ ક્યાંય શ્યામ આરસના જોવા મળતા નથી. બાકી સામાન્ય રીતે બધે શ્રી નેમિનાથ ભગવાન અને કોઈ સ્થાને શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ આરસના હોય છે. આ મંદિરમાં ડાબી તરફ શ્રી આદિનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસન ૧ ફૂટના છે. જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન શ્યામ આરસના પદ્માસન ૧ ફૂટના છે. અહીં શ્રી સુકૌશલ મુનિ ઉપર ઉપસર્ગ-વાઘ ફાડી ખાય છે તે ચિત્રપટ છે.

મંદિર નં. ૧૧ : શ્રી અજીતનાથજીનું મંદિર - આરસની સોનેરી વેદી ઉપર શ્રી અજીતનાથ પ્રભુ સફેદ પદ્માસન ૧। ફીટના છે. ડાબી તથા જમણી તરફ બંને બાજુ શ્રી ચન્દ્ર પ્રભુજી સફેદ આરસના પદ્માસન ૦।।।-૦।।। ફીટના છે.

મંદિર નં. ૧૨ : મંદિર નં. ૧૩ ની અંદર ઉપર પહેલા માળે મંદિર નં. ૧૨ આવેલ છે. દાદર બહુ જ ઉંચો-સળંગ ૨૧ પગથિયાનો છે. શ્રી આદિનાથ પ્રભુ શ્યામ પદ્માસન ૧। ફીટના છે. ડાબી તરફ શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન સફેદ આરસના ૦।।। ફીટના છે. તેમની બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ૦।।। ફીટના છે. જમણી તરફ શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૦।।। ફીટના છે. તેમની બાજુમાં શ્રી શાંતિનાથ પ્રભુ ૦।।। ફીટના છે. પાંચેય ભગવંતો સોનેરી રંગબેરંગી વેદી ઉપર વીર સંવત ૨૪૮૯ વિક્રમ સંવત ૨૦૧૯ માગશર વદ-૧ તા. ૧૨-૧૧-૧૯૬૨ના રોજ બિરાજમાન કરેલા છે.

મંદિર નં. ૧૩ : મંદિર નં. ૧૨ માંથી મેડી ઉપરથી નીચે ઉતરો એટલે નીચે મંદિર નં. ૧૩ છે. આ મંદિર ઘણું જ મોટું રંગબેરંગી સ્થંભોથી સુશોભિત છે. સોનેરી રંગીન વેદી ઉપર મૂળનાયક શ્રી સંભવનાથજી સફેદ આરસના પદ્માસન ૩।। ફીટના છે. ડાબી તરફ પણ શ્રી સંભવનાથજી પદ્માસન ૨।। ફીટના સફેદ આરસના છે અને જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન સફેદ આરસના ૨।। ફીટના છે. તે સિવાય નીચેની વેદીમાં પંચધાતુના પંદર-સોળ નાના મોટા પ્રતિમાજી છે. ડાબી તરફ નાનુ સોનેરી મંદિર શ્રી ચન્દ્ર પ્રભુ જિનાલય છે, જેમાં સફેદ આરસના શ્રી ચન્દ્ર પ્રભુજી પદ્માસન ૧।। ફીટના છે. બાજુમાં બે ભગવંતો પદ્માસન છે. બીજી બાજુ ૬ ઈંચની આરસની ખડ્ગાસન મૂર્તિ છે તથા શ્રી બાહુબલીજી ખડ્ગાસન ૧।। ફીટના છે. જમણી તરફ આરસની ગંધકુટિ ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ પંચધાતુના પદ્માસન ૧ ફીટના છે. બાજુમાં શ્રી સંભવનાથજી સફેદ આરસના પદ્માસન ૧।। ફીટના છે. બંને બાજુ નાનકડી પ્રાચીન શ્યામ ખડ્ગાસન મૂર્તિઓ છે. તે સિવાય આ મંદિરમાં "વિદ્યાસાગર તપોવન તારંગા ગુજરાત" ની રચના કરી છે. તેની પાછળ દિવાલ ઉપર શ્રી સમવસરણજીનું મોટું ચિત્રપટ છે તથા જમ્બુ દ્વીપની રચના (તા. ૨-૬-૮૨) શ્રી ઈન્દીરા ગાંધી દ્વારા પ્રવર્તિત મોડલ છે. તે સિવાય અન્ય ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો - રાજગૃહી, પાવાપુરી તથા ગિરનારજીના છે. મંદિરમાં તા. ૬/૩/૧૯૮૯ના રોજ રંગકામ કરાવ્યું હતું.

આ રીતે સિદ્ધવરકુટમાં કુલ ૧૩ મંદિરો છે. સંકુલના દરવાજાની બહાર બરોબર સામે જ શ્રી બાહુબલીસાગર મુનિની છત્રી છે.

# બડવાની - સિદ્ધક્ષેત્ર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ઈન્દોર - ૧૫૯ કિ.મી., મહૂ - ૧૩૮ કિ.મી.
  બસ સ્ટેશન : બડવાની - ૮ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ઈન્દોર, ખંડવા, દાહોદ, વડોદરાથી સડક રસ્તે બડવાની અને ત્યાંથી બાવનગજા
- નજીકનું મુખ્ય શહેર .......: બડવાની - ૮ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: તાલનપુર - ૪૦ કિ.મી., સિદ્ધવરકૂટ - ૧૭૭ કિ.મી., ઉન (પાવાગિરિ) - ૮૦ કિ.મી., પાવાગઢ - ૨૨૭ કિ.મી.

આ બડવાની સિદ્ધક્ષેત્ર-તીર્થધામની તળેટીનું વાતાવરણ સુંદર છે. વિશાળ ધર્મશાળાના મોટા મેદાનમાં ૬૪ ફીટ ઊંચો માનસ્થંભ ભવ્ય રીતે શોભી રહ્યો છે. તેમાં ઉપર પદ્માસન શ્રી પુષ્પદંત ભગવાનની ચૌમુખી-ચારે તરફ પ્રતિમાજી છે. તળેટીમાં નાના-મોટા થઈને ૨૦ જેટલા જિનમંદિરો છે, જેમાં સુંદર અને ભાવવાહી ભગવંતો બિરાજમાન છે. અહીંથી ખોદકામમાં પ્રાપ્ત થયેલી અનેક પૂરાણી જિન પ્રતિમાઓ અહીંના જિનમંદિરોમાં બિરાજમાન કરેલી છે. ધર્મશાળાથી લગભગ ૧ાા-૨ કિ.મી. દૂર ચુલગિરિ પર્વત છે, જે સિદ્ધક્ષેત્ર છે. ધર્મશાળાથી ચુલગિરિ પર્વત જવાનો પાકો ડામર રોડ છે. તેથી ગાડી-બસ બધુ ત્યાં સુધી જઈ શકે છે. ચુલગિરિ પર્વત ઉપરથી શ્રી ઈન્દ્રજીત, શ્રી કુંભકર્ણ અને અન્ય ૩ાા કરોડ મુનિવરો મોક્ષ પધાર્યા છે. જો કે શ્રી ઈન્દ્રજીત તથા શ્રી કુંભકર્ણ આ પહાડ ઉપર ક્યા સ્થળેથી મુક્તિ પામ્યા તેનો કોઈ આધાર-પુરાવો મળતો નથી. નિવાર્ણકાંડની બારમી ગાથામાં આ નિર્વાણધામનું વર્ણન આવે છે.

અહીં પર્વત ચઢતાં જ બાવન ગજના શ્રી આદિનાથ પ્રભુના વિશાળ અને અતિભવ્ય પ્રતિમાજી પહાડમાં કોતરેલા છે, તેના દર્શન થાય છે. તેથી આ તીર્થને "બાવનગજા તીર્થ" કહે છે. તેમજ બડવાની શહેરની હદમાં જ આવેલ હોઈને આ તીર્થને "બડવાનીજી સિદ્ધક્ષેત્ર" પણ કહે છે. કહેવાય છે કે શ્રી કુન્દકુન્દાચાર્યદેવ અહીં પધાર્યા હતા. આ પર્વત ઉપર એક જગ્યાએ નગ્ન દિગંબર મુનિની ખડ્ગાસન પ્રતિમાજી છે, જે શ્રી કુન્દકુન્દઆચાર્યદેવની છે તેમ માનવામાં આવે છે. સોનગઢ સિવાય બીજે પણ શ્રી કુન્દકુન્દાચાર્યદેવની મૂર્તિ છે તેનો આ પુરાવો છે.

પહાડ ઉપરના બાવન ગજ એટલે કે ૮૪ ફીટના શ્રી આદિનાથ ભગવાનના દર્શન કરતા આનંદ-આનંદ અને આશ્ચર્ય થાય છે અને હૈયુ આનંદ વિભોર બને છે. એશિયાભરમાં ખડ્ગાસને આ પ્રતિમાજી સૌથી મોટા-૮૪ ફીટના છે અને હજારો વર્ષ પૂરાણા છે. વીર સંવત ૮૦૦માં એટલે કે

લગભગ ૧૭૨૫ વર્ષ પહેલા આનો જિર્ણોદ્ધાર થયો હતો. શ્રી આદિનાથ ભગવાન જાણે કે આપણી સન્મુખ આવીને ઉભા હોય તેવું લાગે છે. જેમણે પર્વતમાંથી આવા ૮૪ ફીટના ભાવવાહી પ્રતિમાજી કોતરાવ્યા હશે તે ભક્તો કેવા હશે ! અને તે વખતે જૈન ધર્મની જાહોજલાલી કેવી હશે !! હજારો વર્ષ જૂના આ પ્રતિમાજી દિગંબર જૈન ધર્મની સાક્ષી પૂરે છે અને મુનિ દશા આવી હોય તેમ દર્શાવે છે. ઈંદોર શહેરથી બાવનગજા ૧૫૯ કિ.મી. છે. બડવાની શહેરથી બાવનગજા ૮ કિ.મી. દૂર છે. તેને ચુલગિરિ પણ કહે છે.

ધર્મશાળા :- આ ક્ષેત્ર ઉપર કુલ છ ધર્મશાળા છે. જેમાં એક ધર્મશાળા શેઠ સુરૂપચંદ હુકમચંદ પરમાર્થિક ટ્રસ્ટે બનાવેલી છે. આ ધર્મશાળા બે માળની છે તથા તેમાં સુવિધાયુક્ત બ્લોક્સ પણ છે. ત્રિલોકચંદજી દોશી વાંકાનેરવાળાનું આધુનિક ગેસ્ટહાઉસ પણ છે. ધર્મશાળામાં ગાદલા, ગોદડા, વાસણ તથા ગેસના બાટલાની પણ સગવડતા છે. અહીં ભોજનશાળા છે, પણ ત્યાં જમવું હોય તો અગાઉથી ઓર્ડર આપો તો જ રસોઈ બનાવી આપે છે. ધર્મશાળામાં ૫૦-૬૦ જેટલી રૂમો છે. તેમજ બાથરૂમ, લેટ્રીન, નળ અને વિજળીની સગવડતા છે. આ ક્ષેત્ર ઉપર દર વર્ષે પોષ સુદ-૮ થી પોષ સુદ-૧૫ સુધી મોટો મેળો ભરાય છે. તેથી તે વખતે ધર્મશાળામાં જગ્યા મળવી મુશ્કેલ છે. કોઈ કહે છે કે હવે આ મેળો બંધ થયો છે.

પહાડ બહુ મોટો નથી, પણ સીધો અને ઉભો છે-ચઢાણ છે. તેથી પહાડ ચઢતા શ્વાસ ચડે છે. પહાડનો રસ્તો સારો છે. પગથિયાં છે. તળેટીથી ૧૫૬ પગથીયા સહેલાઈથી ચડો એટલે શરૂઆતમાં બે મંદિરો આવે છે. જેમાં ત્રણ ચક્રવર્તી તીર્થંકરો-શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ અને શ્રી અરનાથની તથા શ્રી બાહુબલીજીની ભવ્ય પ્રતિમાઓ છે. બીજા મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા છે. તે સિવાય બીજા પ્રતિમાજી પણ છે. બાજીુમાં નાની દેરીમાં શ્રી ચન્દ્ર પ્રભુ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણકમળ છે.

અહીં શ્રી આદિનાથ ભગવાનની કુદરતી પહાડમાં કોતરેલી બાવન ગજની એટલેકે ૮૪ ફીટની ખડ્ગાસન ભવ્ય પ્રતિમાજી છે. બાવન ગજ એટલે ૮૪ ફીટ એટલે ૨૫.૬ મીટર એટલે ૧૦૦૮ ઈંચ થાય છે. આ પ્રતિમાજીની બંને બાજી યક્ષ-યક્ષીણીઓની મૂર્તિઓ કોતરેલી છે. આ પ્રતિમાજીના માપનું વર્ણન નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મૂર્તિની ઊંચાઈ | : | ૮૪ ફીટ |
| એક ભૂજાથી બીજી ભૂજા સુધીનો ભાગ | : | ૨૬ ફુટ / ૬ ઈંચ |
| કમરથી એડી સુધીનો ભાગ | : | ૩૭ ફીટ |
| મસ્તકનો ઘેરાવો | : | ૨૬ ફીટ |
| પગના પંજાની લંબાઈ | : | ૧૩ ફીટ / ૯ ઈંચ |
| નાકની લંબાઈ | : | ૩ ફીટ / ૧૧ ઈંચ |

| | | |
|---|---|---|
| કાનની લંબાઈ | : | ૯ ફીટ / ૮ ઈંચ |
| પગના પંજાની પહોળાઈ | : | ૫ ફીટ |

તળેટીથી બાવનગજા સુધી માત્ર ૧૫૬ પગથિયાં છે. તેથી સૌ કોઈ આરામથી ચઢી શકે તેમ છે. બાવનગજા પ્રતિમાજીથી ચુલગિરિ જવા માટે ૮૩૨ પગથિયાં છે એટલે કે તળેટીથી ચુલગિરિ ૧૫૬ + ૮૩૨ = કુલ ૯૮૮ પગથિયાં છે. પગથિયાં પાકા સરસ છે, પણ પહાડ ઉભો હોઈને ચઢતા હાંફ-શ્વાસ ચડે છે.

ચુલગિરિ મંદિરના સભામંડપમાં પૂર્વ અને દક્ષિણ દિશામાં જે શિલાલેખો ઉત્કીર્ણ છે તેમાં લખ્યું છે કે સન ૧૧૬૬માં તેનો જિર્ણોદ્ધાર થયો હતો. બડવાનીના ગેજેટમાં લખ્યું છે કે સન ૧૫૧૬માં મહમદ ખિલજીના સમયમાં જિર્ણોદ્ધાર થયો હતો અને પોષ સુદ-૧૫ના રોજ (જાન્યુઆરીમાં) એક મોટો જૈન મેળો ભરાયો હતો. ત્યારબાદ જાન્યુઆરી, ૧૯૩૧માં ફરીને ૮૦ હજાર રૂપિયાનો ખર્ચ કરીને જિર્ણોદ્ધાર કરાયો હતો. હવે વિચારો કે તે વખતના સમયમાં ૮૦ હજાર રૂપિયા ખર્ચ થયો હતો, તો અત્યારે કેટલા રૂપિયા થાય? ત્યાર પછી પણ બાવનગજા પ્રતિમાજી ફરીને ક્ષીણ થવા લાગ્યા હતા. તો શ્રી વિદ્યાનંદજી મહારાજનું ધ્યાન આ તરફ જતાં તેમણે જિર્ણોદ્ધાર માટે સંકેત કર્યો, તો શ્રી બાબુલાલજી પાટૌદી, જૈન રત્ન સાહુ શ્રી શ્રેયાંસ પ્રસાદજી તથા સાહુ શ્રી અશોકકુમારજી તથા નિમાડ દિગંબર જૈન સમાજના સહયોગથી ફરીને મોટા પ્રમાણમાં ખર્ચ કરીને જિર્ણોદ્ધાર કર્યો હતો. આ રીતે જિર્ણોદ્ધાર થયા બાદ તા. ૧૪/૦૧/૧૯૯૧ થી તા. ૨૧/૦૧/૧૯૯૧ સુધી મહાન પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તથા મહામસ્તકાભિષેક મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે દેશ-વિદેશથી લગભગ દસ લાખ યાત્રાળુઓ અહીં આવ્યા હતા તેમ ક્ષેત્ર પરિચય પુસ્તિકામાં લખેલું છે.

ચુલગિરિ પર્વત ઉપર કલાસંપન્ન જિનાલય છે. અહીંથી શ્રી ઈન્દ્રજીત તથા શ્રી કુંભકર્ણ મુક્તિ પામ્યા હતા. તેથી ગર્ભાલયમાં તેમના ચરણકમળ છે. તે સિવાય ૩॥ કરોડ મુનિવરો અહીંથી મુક્તિ પામ્યા હતા. ક્ષેત્ર ઉપર એક સ્વાધ્યાય ભવન છે, જેને "ઉપાધ્યાય શ્રી ગુપ્તસાગરજી સરસ્વતિ મંદિર" નામ આપેલ છે. તેમાં લગભગ ૨૫૦૦ જેટલા જૈન શાસ્ત્રોનો સંગ્રહ છે. આ ભવનને "સંત નિવાસ" પણ કહે છે.

બાવનગજા પ્રતિમાજીથી આશરે ૦॥ કલાકની કપરી ચઢાઈ પછી એક જિનમંદિર આવે છે. જેમાં લીલા વર્ણના આરસના પદ્માસન ૩॥ ફીટના પ્રતિમાજી છે, જે પ્રાચીન છે. તેથી તેના ઉપર ભગવાનનું કોઈ ચિહ્ન દેખાતું નથી અને પ્રશસ્તિ પણ દેખાતી નથી. ત્યારબાદ આગળ ચઢતા દસેક મિનિટ પછી બીજું એક મંદિર આવે છે. જેમાં લીલા આરસના આશરે ૨॥ ફીટના પ્રતિમાજી છે, જે ખોદકામમાંથી પ્રાપ્ત થયેલા છે. તેમનું ચિહ્ન બરાબર દેખાય છે. મંદિરો ઉપર ક્યાંય નામ કે નંબરો લખ્યા નથી. ત્યાંથી આગળ ચાલતાં પાંચેક મિનિટના રસ્તે મુખ્ય મંદિર આવે છે,

જેમાં લીલા તથા કથ્થાઈ જેવા કલરના ૩ થી ૫ ફીટના આઠ-દસ પ્રતિમાજી છે. તે સિવાય શ્યામ તથા સફેદ આરસના ૧ થી ૩ ફીટના પંદર-સોળ જેટલા પ્રતિમાજી ફરતા મૂકેલા છે. આ મંદિરમાં ડાબી તરફ લીલા વર્ણના શ્રી પાર્શ્વનાથ પ્રભુ ૫ ફીટના છે. જમણી તરફ આશરે ૬ ફીટના પદ્માસન લીલા વર્ણના શ્રી નેમિનાથ ભગવાન છે. સામે જમણી તરફ સફેદ આરસના ૪ ફીટના શ્રી અજીતનાથ ભગવાન છે તથા સામે ડાબી તરફ આશરે ૫ ફીટના ખડ્ગાસને લીલા આરસના પ્રતિમાજી છે. મંદિરના ગર્ભગૃહમાં ઈન્દ્રજીત તથા કુંભકર્ણ તથા આચાર્ય શ્રી કુન્દકુન્દદેવના ચરણકમળ છે. તેમની ડાબી તરફ આશરે ૨।। ફીટના સફેદ આરસના શ્રી મલ્લિનાથ ભગવાન છે અને જમણી તરફ ૧।। ફીટના સફેદ આરસના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે. ગર્ભગૃહની બહાર બંને તરફ બે ખડ્ગાસન પ્રતિમાજી છે. એક પ્રતિમાજીની નીચે લેખ છે. પણ તેનો કેટલોક ભાગ દબાઈ ગયેલો છે. તેથી લખાણ સ્પષ્ટ વંચાતુ નથી. પરંતુ "ચૈત્ર સુદ-૧૩" "શ્રી કુન્દકુન્દાચાર્યદેવ" એવું નામ સ્પષ્ટ વંચાય છે. તેથી આ મૂર્તિ શ્રી કુન્દકુન્દાચાર્યદેવની છે તેમ નક્કી થાય છે.

**તળેટીના મંદિરો :**

**પહાડ ઉપર ઉપર લખ્યા મુજબના મંદિરો છે. તે સિવાય તળેટીમાં નીચે મુજબના કુલ ૧૯ મંદિરો છે.**

**મંદિર નં. ૧ :** શ્રી પાર્શ્વનાથ ભગવાનના ત્રણ પ્રતિમાજી છે તથા શ્રી ચન્દ્ર પ્રભુજીની બે નાની મૂર્તિ છે. બીજાનું ચિહ્ન દેખાતુ નથી. પંચધાતુના બે ખડ્ગાસન તથા એક પદ્માસન પ્રતિમાજી છે.

**મંદિર નં. ૨ :** શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના ૫ ફીટના છે. તેમની બંને તરફ ૧-૧ ફૂટના સફેદ આરસના પદ્માસન પ્રતિમાજી છે.

**મંદિર નં. ૩ :** શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ ૪ ફીટના છે. તેમની ડાબી તરફ શ્યામ ૧।। ફીટના અને જમણી તરફ સફેદ આરસના ૨ ફીટના પ્રતિમાજી છે. તે સિવાય પંચધાતુની નાની સાત પ્રતિમાઓ અને એક સિદ્ધ ભગવાન છે.

**મંદિર નં. ૪ :** શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ ૪ ફીટના છે.

**મંદિર નં. ૫ :** મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન ૫ ફીટના સફેદ આરસના પદ્માસને છે. ડાબી તરફ ૧ ફૂટના અને ૨ ફીટના-તેમ બે ભગવાન છે તથા જમણી તરફ શ્યામ નાના પ્રતિમાજી છે અને સફેદ આરસના ખડ્ગાસને પ્રતિમાજી છે તથા પંચધાતુના એક ભગવાન છે.

**મંદિર નં. ૬ :** મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા શ્યામ ૩ ફીટના છે. ડાબી તરફ ૨।। ફીટના સફેદ આરસના શ્રી નેમિનાથ ભગવાન છે અને જમણી તરફ ૨।। ફીટના શ્રી આદિનાથ ભગવાન છે.

મંદિર નં. ૭ : શ્રી વાસુપૂજ્ય ભગવાન સફેદ આરસના ૩ ફીટના છે. આ પ્રતિમાજીના પંચકલ્યાણક વીર સંવત ૨૪૭૫ વિક્રમ સંવત ૨૦૦૫ ફાગણ સુદ-૭ના રોજ વિંછીયા ગામે પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં થયા હતા.

મંદિર નં. ૮ : શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન સફેદ આરસના ૩ ફીટના છે. તેમની બાજુમાં ૧ ફૂટના પદ્માસન પ્રતિમાજી છે.

આ રીતે એક જ સંકુલમાં લાઈનબંધ આઠ મંદિરો છે. આગળ જતાં માનસ્થંભજી આવે છે. તેમાં નીચે નાના ખડ્ગાસન ચૌમુખી ભગવાન છે. સામાન્ય રીતે બધે સ્થળે માનસ્થંભજીમાં પદ્માસન પ્રતિમાજી હોય છે. જ્યારે અહીં ખડ્ગાસને ચૌમુખી ભગવાન છે. તેમજ માનસ્થંભજીમાં ઉપર પદ્માસને ચૌમુખી ભગવાન છે.

આગળ જતાં મંદિર નં. ૯ થી ૧૯ સુધીના મંદિરો આવે છે.

મંદિર નં. ૯ : શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્યામ ૩ ફીટના છે.

મંદિર નં. ૧૦ : શ્રી નેમિનાથ ભગવાન ૧॥ ફીટના છે. જમણી તરફ ૦।।।-૦।।। ફીટના બે પ્રતિમાજી સફેદ આરસના છે.

મંદિર નં. ૧૧ : શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ૨ ફીટના છે. ડાબી તરફ પણ શ્રી સુપાર્શ્વનાથજીની ફેણવાળી મૂર્તિ છે. જમણી તરફ ૧ ફૂટના પ્રતિમાજી છે.

મંદિર નં. ૧૨ : શ્રી પાર્શ્વનાથ ભગવાન ૨ ફીટના છે. ડાબી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૧ ફૂટના છે. જમણી તરફ શ્રી નેમિનાથ ભગવાન શ્યામ ૧ ફૂટના છે.

મંદિર નં. ૧૩ : શ્રી શાંતિનાથ ભગવાન ૩॥ ફીટના સફેદ આરસના પદ્માસને છે.

મંદિર નં. ૧૪ : શ્રી આદિનાથ પ્રભુ પદ્માસને ૪ ફીટના સફેદ આરસના છે. ડાબી તરફ સફેદ આરસના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે અને જમણી તરફ સફેદ આરસના પદ્માસન પ્રતિમાજી છે.

મંદિર નં.૧૫ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના ૫ ફીટના છે. ડાબી તરફ પણ શ્રી ચન્દ્ર પ્રભુજી સફેદ વર્ણના આરસના ૨ ફીટના છે. જમણી તરફ શ્રી પદ્મપ્રભુ ભગવાન ૨ ફીટના છે.

મંદિર નં. ૧૬ : શ્રી આદિનાથ ભગવાન ૫ ફીટના છે. ડાબી તરફ શ્રી અજીતનાથ ભગવાન ૩ ફીટના છે અને જમણી તરફ શ્રી મલ્લિનાથ ભગવાન ૩ ફીટના છે.

મંદિર નં. ૧૭ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૫ ફીટના છે. ડાબી તરફ શ્રી અજીતનાથ ભગવાન ૩ ફીટના છે. જમણી તરફ શ્રી મલ્લિનાથ ભગવાન છે. ત્રણેય ભગવાન સફેદ આરસના છે.

મંદિર નં. ૧૮ : શ્રી આદિનાથ ભગવાનના સફેદ આરસના ૫ ફીટના ભવ્ય પ્રતિમાજી છે. ડાબી તરફ શ્રી ચન્દ્ર પ્રભુજી ભગવાન ૫ ફીટના સફેદ આરસના છે અને જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ ૫ ફીટના પદ્માસને ભવ્ય અને ભાવવાહી છે.

મંદિર નં. ૧૯ : શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના ૫ ફીટના છે. ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા શ્યામ ૪ ફીટના ખડ્ગાસન છે અને જમણી તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા પદ્માસને ૨ ફીટના છે.

અહીંના મંદિરોમાં મુખ્યત્વે દરેક મંદિરોમાં મૂળનાયક પ્રતિમાજી પદ્માસને જ છે. આ રીતે તળેટીમાં ધર્મશાળામાં કુલ ૧૯ મંદિરો છે. નિર્વાણકાંડમાં આવે છે કે -

*બડવાની બડનયર સુચંગ, દક્ષિણ દિશી ગિરિ ચૂલ ઉતંગ,*
*ઈન્દ્રજીત અરૂ કુંભ જૂ કર્ણ, તે બંદો ભવસાગર તર્ણ.*

બડવાની શહેરના રાજાની કચેરી અને મહેલ પણ જોવાલાયક છે. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી બાવનગજા તીર્થધામની યાત્રાએ ગયા, ત્યારે બોલ્યા હતા કે - "આવા મોટા ભગવાન આ જિંદગીમાં પહેલ-વહેલાં અહીં જોયા. જેવા આ જિનેન્દ્ર ભગવાન છે, તેવો જ અંદર ચૈતન્ય બિંબ આત્મા-ચૈતન્ય પ્રતિમા છે. આવા ભગવાનના દર્શન કરતા આવો જ મારો આત્મા છે. એવી અંતર્દષ્ટિ કરવી તે જ સમ્યક્દર્શન છે. અનંતકાળમાં જીવે સમ્યક્દર્શન કર્યું નથી અને જિનેન્દ્રદેવને ખરા સ્વરૂપે ઓળખ્યા નથી. માત્ર બહારથી જ ભગવાનને જોયા છે. દર્શન માત્ર જ કર્યા છે. જો અંતર્દષ્ટિથી સર્વજ્ઞ ભગવાનના આત્માને ઓળખે, તો પોતાના આત્માનું ભાન થવાથી સમ્યક્દર્શનની સિદ્ધિ થાય અને અલ્પકાળમાં પરમાત્મદશા પ્રગટ થાય".

*ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવશ્રીથી) બહાર આવી છે. એ પહેલાં હિન્દુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડયા હશે તે સ્વર્ગમાં જશે અને ત્યાંથી સમકિત પામશે.*

o o o o o

*જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહીં. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય.*

# ઉજ્જૈન

ઉજ્જૈન નગરીની આસપાસમાં થોડે-થોડે અંતરે ઘણા જિનમંદિરો છે. જ્યાં જવા માટે ટેમ્પો ભાડેથી મળે છે. ચાલતાં જવુ ન પોસાય, કારણ કે આ મંદિરો ઉજ્જૈન શહેરથી થોડે-થોડે અંતરે દૂર છે. લગભગ આખા ટેમ્પાનું ભાડુ રૂા. ૨૦૦/- થી રૂા. ૨૫૦/- લે છે, જેમાં ૧૨-૧૩ વ્યક્તિઓ આરામથી બેસી શકે છે. ઉજ્જૈનની આસપાસમાં નીચે મુજબ ચૌદ મંદિરો તથા ચૈત્યાલયો છે.

(૧) શ્રી મહાવીર જિનમંદિર, ચીમનગંજમંડી (પ્રતિષ્ઠા સન ૧૯૯૬)
(૨) શ્રી સુમતિનાથ ચૈત્યાલય, ઈન્દીરાનગર
(૩) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન મંદિર, ભૈરવગઢ
(૪) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, નયાપુરા
(૫) શ્રી નેમિનાથ દિગંબર જૈન મંદિર, જયસિંહપૂરા
(૬) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, ફ્રીગંજ (કલ્યાણમલ મંદિર)
(૭) શ્રી આદિનાથ દિગંબર જૈન મંદિર, ૠષિનગર
(૮) શ્રી શાંતિનાથ દિગંબર જૈન મંદિર, લક્ષ્મીનગર
(૯) શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર, લક્ષ્મીનગર
(૧૦) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, સબ્જીમંડી
(૧૧) શ્રી શાંતિનાથ જિન ચૈત્યાલય, વિનોદ મીલ
(૧૨) શ્રી સીમંધરનાથ જિન ચૈત્યાલય, ક્ષીરસાગર સ્ટેડીયમ
(૧૩) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન મંદિર, નમકમંડી
(૧૪) શ્રી જૈન બોર્ડીંગ જિન ચૈત્યાલય (જૈન બોર્ડીંગ ભવન)

ઉપર જણાવેલ મંદિરોમાં અમુક તો ચૈત્યાલયો (ઘરમંદિર) છે. તેમજ વિનોદ મીલ પણ દૂર છે. એકંદરે બધા મંદિર નાના અને સાદા છે. આ મંદિરોનું વર્ણન નીચે મુજબ છે.

૧. શ્રી સુમતિનાથ ચૈત્યાલય : અહીં શ્રી સુમતિનાથ પ્રભુના પ્રતિમાજી છે. પંચધાતુના બે ભગવાન તથા સફેદ સ્ટીલ જેવી ધાતુના બે પ્રતિમાજી છે.

૨. ભૈરવગઢ : માણેકચોકમાં શ્રી ચન્દ્ર પ્રભુજીના મંદિરમાં આરસના પાંચ નાના-નાના પ્રતિમાજી છે. દિવાલ ઉપર શ્રી સમ્મેદશિખરજી, પાવાપુરી જલમંદિર-તેમ જુદા-જુદા રંગીન ચિત્રપટો છે.

૩. નયાપુરામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું સુંદર અને દર્શનીય મંદિર છે. કાચનું રંગબેરંગી કામ આ મંદિરમાં કરેલ છે. શ્યામ આરસના શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા છે. બાજુમાં બીજા બે પ્રતિમાજી છે. બાજુમાં ખડ્ગાસને આરસના શ્રી બાહુબલીજી, શ્રી આદિનાથજી તથા શ્રી ભરતજીની સુંદર અને મોટી પ્રતિમાજીઓ છે. બીજી તરફ ત્રણ ચક્રવર્તી-શ્રી કુન્થુનાથજી, શ્રી શાંતિનાથજી તથા શ્રી અરનાથજીની ખડ્ગાસને આરસની મોટી અને ભવ્ય પ્રતિમાજીઓ છે.

આ મંદિરમાં રંગ તથા સુવર્ણનું સુંદર ચિત્રકામ છે. ઉપરના માળે શ્રી ચન્દ્ર પ્રભુજીનું મંદિર છે. આરસની ગંધકૂટીમાં શ્રી ચન્દ્ર પ્રભુજી બિરાજમાન કરેલ છે. પાછળ દિવાલ ઉપર શ્રી સમ્મેદશિખરજીનું રંગીન અને મોટું ચિત્રપટ છે. તેની બાજુમાં શ્રી બાવનગજા-બડવાનીનું ચિત્રપટ છે. ખરેખર આ મંદિરજી જરૂર દર્શન કરવાલાયક છે.

૪. નમકમંડીમાં શ્રી નેમિનાથ દિગંબર જૈન મંદિર અતિશયક્ષેત્ર છે. આરસની ગંધકૂટીમાં શ્રી નેમિનાથ પ્રભુના ચોથા કાળના પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. ડાબી તરફ આરસના નાના-મોટા ઘણા પ્રતિમાજી છે. જમણી તરફ શ્યામ આરસના શ્રી આદિનાથ પ્રભુ છે. આ સિવાય બીજા દસ-પંદર પ્રતિમાજી પણ આ મંદિરમાં છે. તે સિવાય પ્રાચીન જૈન મૂર્તિ સંગ્રહાલય છે કે જેમાં ખંડિત થઈ ગયેલા તથા ખોદકામ કરતા પ્રાપ્ત થયેલા નાના-મોટા ઘણા પ્રતિમાજી છે. અહીં પંચધાતુનું અર્ધુ સહસ્ત્રકૂટ મંદિર છે. ચોકમાં આરસનો નાનકડો માનસ્થંભ છે, જેમાં ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે ભગવાન નથી. રસ્તામાં વચ્ચે જંતરમંતર (ઓબ્ઝરવેટરી) આવે છે. અહીં આરસમાં સુર્યાસ્ત, સુર્યોદય, નક્ષત્રો, વિગેરે જ્યોતિષીને લગતી માહિતી છે. બધી જ સમજ આરસમાં કોતરીને લખેલી છે.

૫. ઋષિનગરમાં શ્રી દિગંબર જૈન મંદિર નવુ જ બંધાયું છે. તેમાં આરસના બે નાના પ્રતિમાજી છે. બાજુમાં નવી નાની ધર્મશાળા તથા ઔષધાલય બાંધવાનું કામ શરૂ થયેલ છે, જે હવે બંધાઈ ગયા હશે.

૬. લક્ષ્મીનગરમાં શ્રી આદિનાથજીનું વીસપંથી જિનમંદિર છે. અહીં શ્રી આદિનાથ પ્રભુની ખડ્ગાસન મૂર્તિ છે. ડાબી તરફ ત્રણ દિગંબર જૈન મુનિઓ ૧.) શ્રી મહાવીરકીર્તિજી ૨.) શ્રી આદિસાગરજી તથા ૩.) શ્રી વિમલસાગરજીની આરસની મૂર્તિઓ છે.

૭. લક્ષ્મીનગરમાં જ શ્રી આદિનાથજીના મંદિરની અડોઅડ શ્રી મહાવીર પ્રભુનું તેરાપંથી દિગંબર જૈન મંદિર છે.

૮. માધવનગરમાં ફ્રીગંજમાં શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે. સોનેરી આરસની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન કરેલ છે. બીજા ઘણા પંચધાતુના ભગવાન પણ છે. ડાબી તરફ આરસના પાંચ નાના પ્રતિમાજી છે. બીજા મોટા હોલમાં આરસના શ્રી ઋષભદેવ

ભગવાન છે. બાજુમાં શ્રી મહાવીર પ્રભુજી છે.

૯. ફ્રીગંજમાં કલ્યાણ મંદિર છે. (ઘાંસીલાલ કાંસલીવાલ) અહીં નાના પંચધાતુના શ્રી ચન્દ્ર પ્રભુજી છે. તે સિવાય શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ આરસની બહુ મોટી-આશરે ૫ ફીટની પ્રતિમા છે. તેમની આજુ-બાજુ શ્યામ આરસના શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી મહાવીર ભગવાન છે. પાંચેય પ્રતિમાજી ઘણા જ ભવ્ય, સૌમ્ય અને ભાવવાહી-હસમુખા ચહેરાવાળા છે. આવા પ્રતિમાજી આપણા ઘણા જિનમંદિરોમાં હોય છે, જે ભાવવાહી અને સૌમ્ય હોય છે.

૧૦. શ્રી શાંતિનાથ દિગંબર જૈન ચૈત્યાલય જૈન બોર્ડીંગમાં છે. અહીં પંચધાતુના શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે.

૧૧. વિનોદ મીલ - શ્રી શાંતિનાથ ચૈત્યાલય છે.

૧૨. ક્ષીરસાગર સ્ટેડીયમમાં શ્રી સીમંધર પ્રભુજીનું મંદિર છે. આ જિનમંદિરનો શિલાન્યાસ આપણા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના કરકમલ દ્વારા થયેલ છે તેમ અહીં પાટીયામાં લખેલું છે. અહીં મૂળનાયક શ્રી સીમંધર પ્રભુ છે. તેમની એક બાજુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને બીજી બાજુ શ્રી પદ્મપ્રભુજી છે. નીચે સ્વાધ્યાય મંદિર હોલ છે. અહીં નિયમિત પાઠશાળા ચાલે છે. ઝાંઝરી પરિવાર અહીં પ્રવચન આપે છે. સ્વાધ્યાય મંદિર હોલમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો મોટો ફોટો પણ મૂકેલો છે.

૧૩. ચીમનગંજમંડીમાં નુતન જિનમંદિરનો બહારનો ભાગ-એલીવેશન બહુ જ સુંદર છે. આર્કીટેકટે તદ્દન નવી જ ડિઝાઈન કરી છે, જે આકર્ષક અને દર્શનીય છે. નીચે માત્ર ૩-૪ પગથિયાં ઊતરતા જ અન્ડરગ્રાઉન્ડમાં નાનકડો સ્વાધ્યાય મંદિર હોલ છે. પહેલા માળે પંચધાતુના પદ્માસન ૪ ફીટના શ્રી મહાવીર પ્રભુજી હોલમાં વચ્ચે આરસની કમળની વેદી ઉપર બિરાજમાન કરેલ છે. બંને તરફ મોટા કબાટ જેવા ગોખલામાં શાસ્ત્રજીની પ્રતિષ્ઠા કરી છે. મોટો કબાટ છે. તેને ફરતી સોનેરી બોર્ડર અને ઉપર શિખર કરેલ છે. તે કબાટમાં કાચના નાના-મોટા ચોરસ ખાનામાં શાસ્ત્રજી પધરાવ્યા છે. એક કબાટમાં શ્રી સમયસારજી વિગેરે પંચ પરમાગમો તથા બીજી તરફના કબાટમાં મોક્ષશાસ્ત્રજી, પરમાત્મપ્રકાશ, રત્નકરંડ શ્રાવકાચાર, કાર્તિકેયાનુપ્રેક્ષા તથા ગોમટસારજી પધરાવ્યા છે. આખા મંદિરમાં ઓઈલ પેઈન્ટ કરેલ છે અને દિવાલો ઉપર સુત્રો લખેલા છે, જેવા કે-ચારે અનુયોગના સૂત્રો, બાર ભાવના, ગુરુસ્તુતિ, ગુરુવંદન, વિગેરે દિવાલો ઉપર લખેલા છે.

ઉજ્જૈનના બધા જ મંદિરોમાં આ ચીમનગંજમંડીના મંદિરને પ્રથમ નંબર આપી શકાય. આ મંદિર તાજેતરમાં જ શ્રી ઝાંઝરી પરીવાર દ્વારા બંધાવવામાં આવ્યું છે.

o o o o o

# મક્સીજી

- **આવાગમન................:** રેલ્વે સ્ટેશન : મક્સી પાર્શ્વનાથ - ૧ કિ.મી.
  બસ સ્ટેશન : મક્સી
- **પહોંચવાનો સરળ માર્ગ ...:** ઈન્દોર, ઉજ્જૈન, શાજાપુર, ગુનાથી સડક રસ્તે
- **નજીકનું મુખ્ય શહેર .......:** ઉજ્જૈન - ૪૦ કિ.મી., દેવાસ - ૩૫ કિ.મી., ઈન્દોર - ૭૦ કિ.મી.
- **નજીકના તીર્થક્ષેત્રો .........:** બજરંગગઢ - ૨૦૮ કિ.મી., સિદ્ધવરકૂટ - ૧૫૪ કિ.મી., નેમાવર - ૧૪૫ કિ.મી., પુષ્પગિરિ - ૬૫ કિ.મી., ઉજ્જૈન - ૪૦ કિ.મી., બનેડિયાજી - ૮૦ કિ.મી., ગોમ્મટગિરિ - ૮૦ કિ.મી., બાવનગજા - ૨૩૫ કિ.મી.

મક્સી પાર્શ્વનાથ ભોપાલ-ઉજ્જૈન રેલ્વે માર્ગ ઉપર મક્સી સ્ટેશનથી આશરે ૨॥ થી ૩ કિ.મી. દૂર છે. રેલ્વે સ્ટેશનથી ૧ કિ.મી. દૂર દિગંબર જૈન ધર્મશાળા છે. ઉજ્જૈનથી આ તીર્થક્ષેત્ર લગભગ ૪૦ કિ.મી. અને ઈંદોરથી ૭૦ કિ.મી. થાય છે. મક્સીજી લગભગ ૧૦૦૦ વર્ષ જૂનું દિગંબર જૈન તીર્થક્ષેત્ર છે અને અહીં વિ. સં. ૯૦૦ થી ૧૬૦૦ સુધીની અનેક મનોજ્ઞ પ્રતિમાજીઓ છે. મક્સીજી માળવાનું પ્રસિદ્ધ તીર્થક્ષેત્ર છે. આ તીર્થક્ષેત્રમાં બે શિખરબંધી મંદિરો છે. જે બડા મંદિર અને છોટા મંદિરના નામથી ઓળખાય છે. આ ક્ષેત્રમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અતિશયયુક્ત છે. તેથી આ ક્ષેત્રને અતિશયક્ષેત્ર કહે છે. આ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સંબંધી અનેક ચમત્કારિક વાતો કહેવાય છે. ભૂતકાળમાં મહમદ ગજનીનું રાજ્ય હતુ, ત્યારે તેનું ઈસ્લામી રાજ્ય હતુ અને હિન્દુ ધર્મનો નાશ કરીને ઈસ્લામી રાજ્ય સ્થાપવા માટે તે હંમેશા તત્પર રહેતો હતો. તેથી હિન્દુ મંદિરો અને મૂર્તિઓને તે નષ્ટ કરતો હતો. તે રીતે મક્સીના જિનમંદિરનો નાશ કરવા માટે તે અહીં લશ્કર સહિત આવ્યો હતો. રાત્રે અચાનક મહમ્મદ ગજની ભયંકર રીતે માંદો પડી ગયો. તેથી તેને એમ જ થયું કે જરૂર આ મૂર્તિનો ચમત્કાર છે. તેથી સવારે આ મંદિર નષ્ટ કરવાનું એકદમ બંધ રાખ્યુ. આ બાબતમાં જો કે બે મત પ્રવર્તે છે. કોઈ કહે છે કે મહમદ ગજની માળવા તરફ આવ્યો જ નથી. પરંતુ સુલતાન ખિલજી અહીં આવેલ અને તેણે તેના શાસનકાળ દરમ્યાન અહીંની અનેક મૂર્તિઓ ખંડિત કરી હતી. તેવી રીતે બીજી અનેક દંતકથાઓ આ મંદિર બાબત છે. કોઈ ચોર મંદિરજીના તાળા તોડીને અંદર દાખલ થયા અને માલ-સામાન પેક કરીને ભાગવા જતાં હતા, ત્યાં આંખે દેખતા બંધ થયા. અંધ થઈ ગયા અને બહાર જવાનો રસ્તો ક્યાંય ન મળ્યો. આથી સવારમાં તેઓ પકડાઈ ગયા. આવી અનેક દંતકથાઓ આ પ્રતિમાજીના ચમત્કાર સંબંધી છે. ત્યારથી જૈનો અને જૈનેતરો આ પ્રતિમાજી માટે અનેક જાતની માનતાઓ માને છે.

બડા મંદિરમાં ચક્રેશ્વરીદેવીની મૂર્તિ વિ. સં. ૧૨૩૦માં સ્થાપિત કરાયેલી છે. આ તીર્થ મૂળ તો દિગંબરોનું જ છે. તેના અનેક પૂરાવાઓ પણ મળે છે. બડા મંદિરની દેરી નં. ૩૯માં વિ. સં. ૧૬૫૮નો મૂળ દિગંબર આમ્નાય અનુસારનો નંદીશ્વર દ્વીપની રચનાનો સ્થંભ છે. શ્રી નંદીશ્વર દ્વીપમાં ચારે દિશામાં તેર-તેર મળીને કુલ બાવન પ્રતિમાજી હોય છે. અહીં નંદીશ્વર દ્વીપની રચનાના આ સ્થંભમાં ૪૮ પ્રતિમાજી પદ્માસન અને ચાર દિશામાં ચાર ખડ્ગાસન પ્રતિમાજી કોતરેલા છે, જે દિગંબર પ્રતિમાજી છે. તે સિવાય મૂળ વેદી ઉપર મૂળનાયક પ્રતિમાજીની પાસે પણ શ્રી નેમિનાથ ભગવાનના ખડ્ગાસન દિગંબર પ્રતિમાજી છે અને સંવત ૧૮૯૯માં મૂળનાયક પ્રતિમાજીની પાસે જ બિરાજમાન કરાયેલ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની સપ્તધાતુની પ્રતિમા પણ દિગંબર આમ્નાય અનુસારની જ છે. તેથી આ ક્ષેત્ર મૂળ દિગંબરોનું છે તેનો સચોટ પૂરાવો મળે છે. આ તીર્થક્ષેત્ર લગભગ ૧૦૦૦ વર્ષથી પણ જૂનુ-પ્રાચીન હોય તેમ લાગે છે. છતાં પણ આશરે છેલ્લા ૧૦૦ વર્ષથી શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે આ તીર્થક્ષેત્રની માલિકી બાબત ઝઘડા ચાલે છે. તે ખરેખર દુઃખની વાત છે. માત્ર મકસીજીમાં જ નહીં, અંતરિક્ષ પાર્શ્વનાથ, કુંભોજ બાહુબલી, વિગેરે ક્ષેત્રોમાં પણ હાલમાં આવી જ સ્થિતિ પ્રવર્તે છે.

આ તીર્થક્ષેત્રના વિકાસ માટે તથા રક્ષા માટે ઈંદોરના સર શેઠ શ્રી હુકમચન્દજીનો ઘણો ફાળો છે. ત્યારબાદ તેમના સુપુત્ર શેઠ શ્રી રાજકુમારજીનો પણ મોટો ફાળો છે તથા વર્તમાન ટ્રસ્ટી-મંત્રી શ્રી ફુલચન્દજી ઝાંઝરીનું આ ક્ષેત્રના વિકાસ માટે ઘણું યોગદાન છે. તેમણે આ ક્ષેત્રના વિકાસ માટે અનેક જાતની યોજનાઓ કરી છે. શ્રી ફુલચન્દજી ઝાંઝરીએ અહીં ધર્મશાળા, ગુરુકુળ, વિગેરેનું નિર્માણ કરાવેલ છે. ગુરુકુળમાં વિદ્યાર્થીઓને લૌકિક, ધાર્મિક તેમજ ઔદ્યોગિક શિક્ષણ આપવામાં આવે છે તથા તેમાં તેમના રહેવા-જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે, જેનો સેંકડો વિદ્યાર્થીઓ લાભ લે છે.

બડા મંદિરમાં અતિ પ્રાચીન મૂળનાયક ભગવાન શ્રી પાર્શ્વનાથજીની સાત ફેણવાળી ૩ાા ફીટની પદ્માસન શ્યામ વર્ણની મનોજ્ઞ અને સૌમ્ય પ્રતિમા બિરાજમાન છે. એમ કહેવાય છે કે આ પ્રતિમાજી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલા છે. મોટા-મોટા રાજા-મહારાજાઓ પણ આ પ્રતિમાજીના ચમત્કારોથી પ્રભાવિત થયા હતા. સૌથી પહેલા જ્યારે આ પ્રતિમાજી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયા ત્યારે અન્ય લોકો તો આ મૂર્તિ ઉપર સીંદૂર લગાડીને ભૈરવના રૂપમાં તેની પૂજા કરતા હતા. એક શેઠને તે વખતના રાજાએ વિના કારણ જેલમાં પૂર્યા હતા. તેથી તે શેઠના દિકરાએ માનતા રાખી કે મારા પિતાને જો રાજા જેલમાંથી છોડશે તો હું અહીં આ મૂર્તિનું ભવ્ય મંદિર કરાવીશ. બીજા દિવસે રાજાએ તેના પિતાને કુદરતી રીતે જ જેલમાંથી છુટા કર્યા. આથી તે આ મંદિરે આ પ્રતિમાજીના દર્શન કરવા માટે આવ્યો તો પ્રતિમા ઉપરનો સીંદૂર આપોઆપ દૂર થઈ જતાં પોતાની જાતને ધન્ય માનીને તેણે ત્યાં ભવ્ય મંદિરનું નિર્માણ કરાવેલ હતુ. હાલ બડા મંદિરના નિર્માણ બાબત કોઈ તામ્રપત્ર કે શિલાલેખો મળતા નથી. પરંતુ મંદિરના શિખરની રચના તથા

પ્રતિમાજીની રચના ઉપરથી પૂરાતત્વ ખાતાવાળા લોકો આ મંદિર અગીયારમી સદીનું હોવાનું કહે છે. સને ૧૧૦૦માં મક્સી ગામ ખૂબ સમૃદ્ધ હતુ. આ ગામ ઉજ્જૈન પાસે છે. ઉજ્જૈનની આસપાસમાં પીપલોન, બજરંગગઢ, પચોર, સુન્દરસી, જામનેર, વિગેરે અનેક દિગંબર તીર્થો છે.

અગાઉના કાળમાં મક્સીજીની જાહોજલાલી હતી. પરંતુ કાળાનુક્રમે વેપાર-ધંધા ઘટવાથી લોકો મક્સીજી છોડીને બીજા શહેરોમાં ચાલ્યા ગયા. તેથી ધીમે-ધીમે દિગંબરોના ઘર ઘટી જવાથી મંદિરમાં બ્રાહ્મણ પૂજારી રાખવામાં આવવા લાગ્યા. પૈસાની લાલચમાં બ્રાહ્મણ પૂજારીઓએ વીસપંથી વિગેરે બધા સંપ્રદાયવાળાને અહીં આવવા દીધા અને પ્રતિમાજીની ઉપર કેસર ચઢાવવાનું પણ શરૂ થયું. ત્યાર બાદ ધીરે-ધીરે શ્વેતાંબરોએ બ્રાહ્મણ પૂજારીઓને છુટા કરીને તેમનો પોતાનો કબજો જમાવવા માંડયો. આ રીતે બડા મંદિરને શ્વેતાંબરો પોતાનું મંદિર માનવા લાગ્યા અને અંતે ઝઘડા કોર્ટ-કચેરી સુધી પહોંચ્યા હતા. સંવત ૧૯૩૯ ઈ. સ. ૧૮૮૨માં દિગંબરોએ થાકીને રાજીનામા દઈ દીધા અને થાકીને બડા મંદિરનો કબજો શ્વેતાંબરીઓને આપી દીધો અને છોટા મંદિરનો કબજો દિગંબરોએ રાખ્યો. ત્યારથી શ્વેતાંબરો બડા મંદિરના માલિક થયા અને ત્યારથી દિગંબરો ત્યાં પૂજા કરવા આવે તો તેઓ બાધા-વિઘ્નો નાખવા માંડયા. પહેલાં બડા મંદિરની ધર્મશાળાનો ઉપયોગ ત્યાં જે કોઈ આ ક્ષેત્ર ઉપર આવે તેઓ કરતા હતા. તેમાં પણ પાછળથી વાંધો પડતાં તેના માટે પણ કોર્ટમાં કેસ શરૂ થયો, જેનો ઈતિહાસ ખૂબ લાંબો છે.

વર્તમાનમાં છોટા મંદિર તથા ધર્મશાળા દિગંબર સમાજના કબજામાં છે અને બડા મંદિરમાં સવારે ૬:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધી દિગંબર સમાજના કોઈપણ યાત્રિ દિગંબર આમ્નાય અનુસાર પૂજા-પ્રક્ષાલ કરી શકે છે. તે વખતે પ્રતિમાજીની ઉપર કોઈપણ જાતના શ્રૃંગાર-ફૂલ એવું કાંઈ પણ હોય તો તે દૂર કરી શકે છે. ત્યાર પછી સવારે ૯:૦૦ વાગ્યા પછી આખો દિવસ શ્વેતાંબરો તેમની આમ્નાય અનુસાર પૂજા-પ્રક્ષાલ કરી શકે છે. આ સમયે કોઈ દિગંબરોને દર્શન કરવા આવવુ હોય તો મંદિરમાં માત્ર દર્શન માટે જઈ શકે છે. તેને દર્શન કરવા જવા માટે કોઈ રોકતુ નથી. શેઠ શ્રી જીવરાજજી પાપડીવાલ એક દિગંબર ધર્માત્મા થઈ ગયા. તેમણે ભારતના ઘણા તીર્થોમાં અનેક પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરી સ્થાપિત કરેલા છે. તે રીતે તેમણે અહીં પણ વિં. સં. ૧૫૪૮ના વૈશાખ સુદ-૩ના રોજ ૪૨ પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત કરીને તેમની સ્થાપના કરી હતી.

આ ક્ષેત્ર ઉપર બડા મંદિરની દક્ષિણ તરફ બીજુ "છોટે મંદિરજી" નામથી પ્રસિદ્ધ શ્રી સુપાર્શ્વનાથજીનું મંદિર છે, જેમાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન ૨॥ ફીટના છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૮૯૯માં થઈ હતી. શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા સાથે અહીં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની પણ પ્રતિષ્ઠા થઈ હતી. તેમજ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની બંને બાજુ શ્રી મહાવીર પ્રભુની તથા શ્રી સુપાર્શ્વનાથની મૂંગીયા વર્ણની પદ્માસન લગભગ ૧॥। ફીટની પ્રતિમા બિરાજમાન કરેલ છે તથા શ્રી આદિનાથ પ્રભુની ૧। ફીટની પ્રતિમા તથા ચોવીસી લગભગ ૨ ફીટની છે.

મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની આ પ્રતિમાજીના દર્શન માટે લોકો બાધા રાખે છે. માલવા તથા બુંદેલખંડના લોકો અહીં બાળકના વાળ ઉતરાવવા માટે આવે છે.

છોટા મંદિરની પાછળના ભાગમાં પણ એક ધર્મશાળા છે, જેમાં ૧૧ રૂમો છે. સ્નાનઘર, શૌચાલય, બગીચો, વિગેરે ધર્મશાળાની પાછળના ભાગમાં છે. તેમજ પાણી માટે નળ અને કૂવો તથા વિજળી પણ છે. તેમજ ગામમાં જરૂરી ચીજો મળી રહે છે.

ક્ષેત્ર ઉપર શ્રીમાન્ સાહુ શાંતિપ્રસાદજી તથા રમાબેન દર્શન માટે આવ્યા હતા, ત્યારે શ્વેતાંબરીઓના ક્ષેત્ર ઉપર આવાગમનથી અને પ્રતિમાજીને શ્વેતાંબરના રૂપમાં જોઈને બહુ જ દુઃખી થયા હતા. ત્યારે છોટા મંદિરમાં ભગવાન શ્રી પાર્શ્વનાથની ૬ ફીટની પદ્માસન પ્રતિમાજીની સ્થાપના કરવા માટે તેમણે સુચન કરેલ. તેમના સુચન અનુસાર આ પ્રતિમાજીના પંચકલ્યાણક પં. શ્રી નાથુલાલજીના નિર્દેશનમાં રણાસણમાં વીર સંવત ૨૪૯૫ વિક્રમ સંવત ૨૦૨૫ ચૈત્ર વદ-૨ ને ગુરુવારના રોજ થયા હતા અને ત્યાર બાદ ઈ. સ. ૧૯૬૯માં આ ક્ષેત્ર ઉપર વેદી પ્રતિષ્ઠા મહોત્સવ કરીને આ પ્રતિમાજી અહીં કમળની વેદી ઉપર બિરાજમાન કરેલા છે. તે વખતે પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી પણ મક્સી પધાર્યા હતા. પાછળની વેદીમાં શ્યામ પદ્માસને ૨॥ ફીટના પ્રતિમાજી છે તથા બંને બાજુ ૧॥ ફીટના પદ્માસને બદામી પ્રતિમાજી છે. આ રીતે અહીં કુલ પાંચ પ્રતિમાજી છે. ફાગણ સુદ-૮ થી ફાગણ સુદ-૧૫ સુધી અહીં દર વર્ષે વાર્ષિક મેળો થાય છે. વાર્ષિક મેળા વખતે ફતેપુરવાળા શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા પણ અહીં આવતા હતા અને તેમના સહયોગથી અહીં શ્રી દિગંબર જૈન વિશ્રાન્તી ભવન, શ્રી મહાવીર ભવન, સ્વાધ્યાય ભવન, સભા મંડપ, વિગેરે સ્થપાયું છે. અહીં દર વર્ષે નેત્રશિબિરનું આયોજન પણ થાય છે.

જૂના બડા મંદિરમાં ચોથા કાળની મૂર્તિ છે, જે પદ્માસને શ્યામ ફેણવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૫ ફીટની મૂર્તિ છે. ડાબી તરફ શ્રી ચિન્તામણી પાર્શ્વનાથજી છે અને જમણી તરફ શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ પદ્માસને ૨ ફીટના છે. ચાર ગોખલામાં ચાર દેવીઓ છે અને ચોકમાં ચોવીસ દેરીઓમાં ચોવીસ તીર્થંકરોની મૂર્તિઓ છે, જેને શ્વેતાંબર કરી નાખવામાં આવી છે. બડા મંદિરના ચોકમાં બીજી નવ દેરીઓમાં અન્ય દેવ-દેવીઓ અને એક દેરીમાં શિવલીંગ પણ છે.

શ્રી પ્રકાશચન્દ્ર ઝાંઝરી દ્વારા લિખિત શ્રી દિગંબર જૈન અતિશયક્ષેત્ર મક્સી પાર્શ્વનાથ ઈતિહાસ અને પૂજનની પુસ્તિકામાં આપેલ આ તીર્થના પૂજનની જયમાળા ખૂબ જ સરસ છે. તે તેમાંથી નીચે સાભાર પ્રસ્તુત કરૂ છુ.

पार्श्वनाथ भगवान को बारंबार प्रणाम। दृष्टि मुक्त हो मैं करुँ प्रभु निज में विश्राम।।

तीर्थक्षेत्र मक्सीकीं महिमा भारतभरमें है विख्यात। अतिशयक्षेत्र मनोहर पावन अतिशय होते हैं दिनरात।।

कला पूर्ण ऊँचा जिनमंदिर नभ से बातें करता है। भव्य शिखर युत दूर दूर से हर्ष हृदय में भरता है।।

मंदिरके परकोटेमें हैं बयालिस लघु जिनमंदिर। भव्य दिगम्बर जिन प्रतिमाएँ यहाँ विराजित है सुन्दर।।

संवत् नौसौ से सोलहसौ तककी मूर्ति यहाँ शोभित। जैन दिगम्बर जीवराज पापडीवाल आदिक निर्मित।।
नंदीश्वर रचनामें बावन मूर्ति दिगम्बर हैं उत्कीर्ण। उस युगमें मन्दिर निर्माता कलाकार थे महा प्रवीण।।

अति उत्तुंग जिनालय दर्शन से होता निर्मल अंतर। नग्न दिगंबर खड्गासन पद्मासन प्रतिमाएँ सुन्दर।।
भव्य मूलनायक प्रभु प्रतिमा पार्श्वनाथ जिनस्वामीकी। वीतराग अरहंत महा प्रभु तीर्थंकर अभिरामी की।।

ध्यानपूर्ण नास्य दृष्टि जिनमुद्रा महा पूज्यपावन। परम दिगंबर राग रहित निर्ग्रन्थ मूर्ति अति मनभावन।।
कृष्ण वर्ण की पद्मासन प्रभु की प्रतिमा कल्याणमयी। जिनदर्शन सम्यक् दर्शन का कारण है श्रद्धानमयी।।

संवत् नौसौ से भी पहिले प्रतिमाका निर्माण हुआ। संवत् चौदह सौ में फिरसे यह मंदिर निर्माण हुआ।।
स्वर्णकलश ध्वज दण्ड प्रभामय प्रभुकी यशगाथा गाते। नीलगगनसे होड लगाते, जन गण मनको हर्षाते।।

जो भी दुखिया भक्तिभावसे, प्रभु निर्मल गुण गाते। सुत वैभव सुख संपति पाते, सारे संकट कट जाते।।
भावपूर्वक जिनमुद्रा लखते ही, होता हर्ष महान। निजस्वरुपके दर्शन होते, होता है निज पर का भान।।

तत्वोंके सम्यक् निर्णयसे, मिट जाते सारे दूषण। घोर तिमिर मिथ्यात्व मोहका, हो जाता है क्षय तत्क्षण।।
मैं प्रभु दीन हीन संसारी भवसागर दु:खसे आकुल। चारों गतिके विषम चक्रसे देव हुआ हूँ अतिव्याकुल।।

जो भी चरणों में आता है उसके दु:ख मिट जाते हैं। भव्य जीव उपदेश मूक पा मोक्षमार्ग पर आते हैं।।
मैं भी यही भावना लेकर दर्शन करता हूँ भगवान। विनयपूर्वक पूजन करके मैं चाहूँ अपना कल्याण।।

मोक्षमार्गकी ज्योतिर्मय किरणोका नव प्रकाश छाए। महिमामय सम्यक्दर्शन जब प्रकट हृदयमें हो जाए।।
छोटामन्दिर श्री सुपार्श्व सप्तमतीर्थंकरका मनहरण। पार्श्वनाथकी नूतन प्रतिमा यहाँ सुशोभित है सुखकर।।

यहाँ अठारहसौ संवतकी विविधवर्णकी मूर्ति अनेक। भव्य दिगम्बर जिनप्रतिमादर्शनसे जगता स्वपर विवेक।।
भक्ति भाव से भक्तजनोंने जिन प्रतिमाएँ पधराई। दर्शन से होता प्रसन्न मन भव्यजनो के उर भाई।।

जामनेर पिपलोन सखेडी शाजापुर पचोर उज्जैन। आस-पास के सब क्षेत्रोंमें मन्दिर रहे दिगम्बर जैन।।
अति प्राचीन मूर्तियाँ दुर्लभ अब भी मिलती भूतल से। इनका जीर्णोद्धार परम आवश्यक तन मन बल से।।

किंवदन्तिया प्रभू के अतिशयकी प्रसिद्ध हैं यहाँ अनेक। बादशाहने भी बनवाए पाँच कंगुरे मस्तक टेक।।
अत्याचारी अभिमानीका मान गलित हो जाता है। दर्शन करते ही कुमार्ग तज कर सुमार्ग पर आता है।।

जब निष्काम भावना होती पुण्य सातशिय होता है। विषय कषाय मंद होते ही पाप दूर हो रोता है।।
धनवैभव स्वर्गादि न चाहूँ, चाहूँ स्वपर भेद विज्ञान। महामोक्ष कल्याण प्राप्त हो यही विनय है हे भगवान।।


पापपुण्य आश्रव विनाशकर कर्मबंधका नाश करुँ। निजस्वभावके साधन द्वारा केवलज्ञान प्रकाश करुँ।।
महा चमत्कारी प्रभू प्रतिमा हृदय चमत्कृत करती है। वीतराग संदेश सुनाती सब को उपकृत करती है।।

तेइसवें तीर्थंकर प्रभु श्री पार्श्वनाथस्वामी की जय। सम्यक् दर्शन मुझे प्राप्त हो सप्त भयोंसे बनूं अभय।।
सर्वारिष्ट निवारकस्वामी भवअरिष्टका करो अभाव। नाथ आपके पथ पर चलकर मैं भी पाउँ शुद्ध स्वभाव।।

**ॐ ह्रीं श्री मक्सी पार्श्वनाथ जिनेन्द्राय पूर्णार्घम् निर्वपामिती स्वाहा ।**

जाप्य :- **ॐ ह्रीं श्री सर्व अरिष्ट निवारक श्री पार्श्वनाथ जिनेन्द्राय नमः ।**

# અન્દેશ્વર પાર્શ્વનાથ



અન્દેશ્વર પાર્શ્વનાથ : મુખ્ય જૈન મંદિરમાં ભગવાન શ્રી પાર્શ્વનાથની સાતિશય મૂર્તિ

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : થાંદલા રોડ - ૫૦ કિ.મી., દાહોદ - ૮૦ કિ.મી.
  બસ સ્ટેશન : કુશલગઢ - ૨૦ કિ.મી., કલિંજરા - ૮ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: બાંસવાડાથી વાયા-કલિંજરા, દાહોદથી વાયા-કલિંજરા અને થાંદલા રોડથી વાયા-કુશલગઢ સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર.......: કુશલગઢ - ૨૦ કિ.મી., કલિંજરા - ૮ કિ.મી., બાંસવાડા - ૪૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: વાગોલજી પાર્શ્વનાથ-૨૦ કિ.મી., વાગ્વર ગોમટેશ બાહુબલી, કલિંજરા - ૮ કિ.મી., વાગ્વર સમ્મેદશિખર રચના નૌગામા - ૧૬ કિ.મી., બડવાની - ૨૦૮ કિ.મી.

આ તીર્થક્ષેત્ર પંચમહાલ પાસે આવેલ દાહોદથી ૮૦ કિ.મી. અને બાંસવાડા-રાજસ્થાનથી ૪૦ કિ.મી. અને કુશલગઢ-રાજસ્થાનથી ૨૦ કિ.મી. પર આવેલ છે. તે બડવાનીથી ૨૦૮ કિ.મી. દૂર આવેલ છે. છેક મંદિર સુધી ગાડી-જીપ જઈ શકે છે. દાહોદથી આ ક્ષેત્ર ઉપર આવવા માટે પાકો ડામર રોડ બાંધેલ છે. પરંતુ વચ્ચે ૧૫-૨૦ કિ.મી. જેટલો રસ્તો તદન કાચો-તૂટેલો અને ખાડાખડીયાવાળો આવે છે. આ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થયેલી શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાને ચમત્કારિક

માનવામાં આવે છે. અહીં એક મંદિર વીસપંથીનું છે અને આ જ ચોકમાં બીજુ એક શિખરબંધી મંદિર તેરાપંથીનું પણ છે. આ પ્રતિમાજી બાબત અનેક દંતકથાઓ છે. કહેવાય છે કે એક વખત એક ખેડૂત ખેતરમાં ખેતી કરતો હતો, ત્યારે અચાનક તેનું હળ એક પથ્થર સાથે ટકરાયુ. તો તેણે જોયુ તો તે મૂર્તિ (શ્રી પાર્શ્વનાથની) હતી. તે પોતાને કૃતકૃત્ય-ભાગ્યશાળી થઈ ગયો તેમ માનીને તેણે પોતાના બંને હાથથી આ પ્રતિમાજીને ઉઠાવીને એક ખીજડાના ઝાડ નીચે મૂકી. ત્યારબાદ આસપાસમાં રહેતા ભીલ લોકો અને તે ખેડૂતના કુટુંબીજનો આ પ્રતિમાજી ઉપર તેલ અને સીંદૂર લગાડીને વાજીંત્રો સાથે ત્યાં નાચીકૂદીને ખૂબ ભક્તિ કરવા લાગ્યા. પરંતુ તેમની આ લીલા-ભક્તિ લાંબો સમય ન ચાલી. કારણ કે કલીંજરા નિવાસી શ્રી ઘોડા ભીમચંદજીને એક રાત્રે સ્વપ્ન આવ્યુ કે ભગવાન શ્રી અન્દેશ્વર પાર્શ્વનાથની મૂર્તિને નિર્જન સ્થાનમાં લોકો તેલ તથા સીંદૂર લગાડીને પૂજે છે. તેથી તમે ત્યાં જાવ અને ખેડૂતો દ્વારા થતી આ પૂજા ઉપર ધ્યાન રાખો. ભીમચંદજી એકદમ ઊંઘમાંથી જાગ્યા અને હાંફળાફાંફળા થઈને આસપાસમાં જોવા લાગ્યા અને સવારે ઉઠીને તે સ્થાન તરફ ચાલવા લાગ્યા અને જેવાં ત્યાં પહોંચ્યા અને તેમણે આ મૂર્તિ જોઈ એટલે તેમનું હ્રદય ગદ્ગદ્ થઈ ગયુ. તેમણે આ ખેડૂતોને સમજાવીને તેલ-સીંદૂર દૂર કર્યા અને પ્રતિમાજીને પ્રક્ષાલ કરીને તેના મૂળ રૂપમાં લાવ્યા. હવે કુશલગઢ પંચાયતને આ વાતની ખબર પડી. તો પંચાયતે આ સ્થળે રૂબરૂ જઈને યોગ્ય વ્યવસ્થા કરી. ધીમે-ધીમે મોટા સમુહમાં લોકો આ પ્રતિમાજીના દર્શનાર્થે આવવા લાગ્યા. આ જોઈને એક ભટ્ટારકજીને એવો વિચાર આવ્યો કે આ પ્રતિમાજીને કોઈ સારા સ્થળે લઈ જઈને બિરાજમાન કરવી જોઈએ. તેથી ભટ્ટારકજી આ પ્રતિમાજીને સાગવાડા તરફ લઈ ગયા. તે જ રાત્રે ભટ્ટારકજીને સ્વપ્ન આવ્યુ કે તેને કોઈએ કહ્યું કે પ્રતિમાને બીજે ક્યાંય ન લઈ જાવ. તેને તો તે જ સ્થાને રહેવા દો. ભટ્ટારકજી સ્વપ્ન મુજબ તુરત જ બીજે દિવસે જ પ્રતિમાજીને તે જ સ્થળે પરત મૂકી આવ્યા.

આ શ્રી અન્દેશ્વર પાર્શ્વનાથજીની મૂર્તિ શ્યામ વર્ણની અને ચમત્કારિક બારમી કે તેરમી શતાબ્દીની હોવાનું માલુમ પડે છે. આસપાસમાં રહેતા જૈનો સિવાય અન્ય જૈનેતરો પણ-ખાસ કરીને આખો ભીલ સમાજ તે મૂર્તિને ચમત્કારિક માનીને ખૂબ જ શ્રદ્ધાથી તેની ભક્તિ-પૂજા કરે છે. કુશલગઢનિવાસી શેઠ શ્રી લક્ષ્મીચંદજીએ ત્યાં આવીને ત્યાં એક નાનકડી દેરી બનાવીને ત્યાં આ મૂર્તિને સ્થાપી હતી. આ રીતે સં. ૧૯૬૫માં પંચકલ્યાણક મહોત્સવપૂર્વક આ પ્રતિષ્ઠા થઈ હતી. આ મંદિરની બાજુમાં જ બીજા મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૯૯૨માં ધામધૂમથી થઈ હતી. ત્યારે આ મંદિરમાં અન્ય બીજી ઘણી મૂર્તિઓની પ્રતિષ્ઠા પણ કરવામાં આવી હતી. આ રીતે આ મંદિર અતિદર્શનીય માનવામાં આવે છે.

આ દિગંબર જૈન અતિશયક્ષેત્ર શ્રી અન્દેશ્વર પાર્શ્વનાથ મંદિરની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી સમસ્ત દિગંબર જૈન પંચ મહાજન દશા હુમડ વીસપંથી કુશલગઢ (રાજસ્થાન) દ્વારા કરવામાં આવે છે. આ મહાજન દ્વારા હાઈ-વે ઉપર પાકા રસ્તા તથા છેક સુધીની રાજ્ય પરિવહન નિગમની બસની

વ્યવસ્થા પણ કરાવવામાં આવેલ છે. (એસ. ટી. બસ હંમેશા છેક મંદિરના દરવાજા સુધી આવે છે.) તેમજ ક્ષેત્ર ઉપર નળ, વિજળી તથા રહેવા માટે ધર્મશાળાની વ્યવસ્થા પણ છે. ધર્મશાળામાં ૨૫ રૂમો છે.

મંદિરમાં રંગબેરંગી કાચનું સુંદર કામ કરાવાયેલ છે. જેમાં ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો બનાવેલ છે. મુખ્ય મંદિરમાંશ્રી પાર્શ્વ પ્રભુની ચમત્કારિક નાની પ્રતિમા છે, જે ૧।। ફીટની શ્યામ પાષાણની પદ્માસન છે. તેમજ તેની ઉપર સાત ફેણ છે. તેમજ ભગવાનની ઉપર ત્રણ છત્ર પણ છે. આ સિવાય તેમની ઉપરની વેદીમાં બીજા પાંચ ભગવાનની પ્રતિમા છે. તેમજ નીચેની વેદીમાં બંને તરફ બે ખડ્ગાસન મૂર્તિઓ છે. તેના ઉપર કોઈ પ્રશસ્તિ લખેલ નથી. કહે છે કે આ મૂર્તિઓ પણ આ જગ્યાએથી જ નીકળી હતી. આ મૂર્તિ બારમી કે તેરમી શતાબ્દીની હોવાનું અનુમાન થાય છે. આ સિવાય આ વેદી ઉપર બીજી પાષાણની આઠ અને ધાતુની નવ પ્રતિમાઓ પણ છે.

આ મંદિરથી આગળ રોડ ઉપર બીજુ મંદિર છે, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ પાષાણની ૨।। ફીટની પદ્માસન પ્રતિમા છે, જે ૯ ફેણવાળી છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૯૨માં થઈ હતી. તે સિવાય આ વેદી ઉપર પણ આઠ પાષાણની અને નવ ધાતુની મૂર્તિઓ છે. બંને મંદિરો શિખરબંધી છે.

મુખ્ય મંદિરમાં પંચધાતુના પદ્માસન તથા ખડ્ગાસન નાના-મોટા થઈને લગભગ ૨૦ થી ૨૨ જેટલા પ્રતિમાજી છે. મંદિરમાં નીચે મુજબ રંગબેરંગી ઐતિહાસિક ચિત્રપટો છે :

(૧) રાજગૃહી (૨) ચંપાપુરી (૩) સોનાગિરિ (૪) શ્રી પાર્શ્વનાથ પ્રભુના દસ ભવના દસ મોટા ચિત્રપટો (૫) નંદીશ્વર દ્વીપ (૬) પાવાપુરીજી (૭) ચાંદનપુરના શ્રી મહાવીરજીનું ચિત્રપટ (૮) રક્ષાબંધન (૯) માંગીતુંગી (૧૦) પાવાગિરિજી અતિશયક્ષેત્ર (૧૧) શ્રી ઋષભદેવ ભગવાનને હસ્તિનાપુરમાં આહારદાન (૧૨) સમવસરણજીની રચનાનું ચિત્ર (૧૩) શ્રી સમ્મેદશિખરજી, વિગેરે.

આ ચિત્રપટો કાચના છે અને મોટા તથા આકર્ષક છે, જે મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. તે સિવાય અહીં ચોવીસ ભગવાનના યક્ષ-યક્ષિણીના કાચ મૂકેલ છે. મંદિરમાં ડાબી તરફ પદ્માવતીદેવીની તથા જમણી તરફ ક્ષેત્રપાલની મોટી દેરીઓ બનાવેલ છે. તે સિવાય દિગંબર મુનિઓ જેવા કે આચાર્ય શ્રી સુધર્મસાગરજી, શ્રી મહાવીર કીર્તિજી, શ્રી વિમલસાગરજી, શ્રી ભરતસાગરજી, શ્રી વિદ્યાનંદજી-તેમ પાંચ મુનિઓના પાંચ ફોટાઓ છે. તે સિવાય રંગીન કાચમાં ત્રણ ચોવીસીના તીર્થંકરોના ફોટા છે.

આ મંદિરની બાજુમાં બહાર શ્રી શાંતિનાથજી, શ્રી કુન્થુનાથજી તથા શ્રી અરનાથજીની ત્રણ પ્રતિમાજીનું બીજુ મંદિર છે. આ ત્રણેય ભગવાન સફેદ આરસના પદ્માસન છે. મંદિરની બહાર ચોકમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ખડ્ગાસન શ્યામ આરસની લગભગ ૯ ફીટની પ્રતિમા છે, જેની પ્રતિષ્ઠા સંવત ૨૦૫૨ કારતક સુદ-૧૫ના રોજ થઈ છે. આ ચોકમાં ત્રીજુ તેરાપંથીનું

મંદિર છે, જેમાં શ્યામ આરસના શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન મૂળનાયક ૧॥ ફીટના છે. ડાબી તરફ તથા જમણી તરફ લગભગ ૧॥ ફીટના સફેદ આરસના પ્રતિમાજી છે તથા પંચધાતુની પદ્માસન પાંચ પ્રતિમા છે. આ મંદિરના હોલના થાંભલા પણ રંગબેરંગી છે. આ મંદિરનું નિજમંદિર (ગર્ભગૃહ) નાનુ છે. આ મંદિર પણ શિખરબંધી છે. અહીં બધા થઈને લગભગ ૨૦ થી ૨૨ જેટલા પ્રતિમાજી છે, જેમાં બે ખડ્ગાસન પ્રાચીન પ્રતિમાજી પણ છે.

બહારના ચોકમાં આરસનો ૪૧ ફીટ ઊંચો માનસ્થંભ છે, જેમાં ઉપર તથા નીચે ચારે દિશામાં પ્રતિમાજી છે. આ માનસ્થંભજીની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૫૧ આસો સુદ-૭ તા. ૧-૧૦-૧૯૯૫ના રોજ થયેલી છે. આ સિવાય ચોકમાં સામેની બાજુમાં ચોવીસ તીર્થંકર ભગવાનના ચોવીસ મંદિરો છે. દરેક મંદિરમાં સફેદ આરસના સ્થંભ ઉપર કમળની વેદી ઉપર દરેક તીર્થંકર ભગવાનની લગભગ ૧॥-૧॥ ફીટની પ્રતિમા છે. એક બાજુ બાર તીર્થંકરના બાર મંદિર પછી વચ્ચે ચોકમાં સફેદ આરસના ખડ્ગાસન શ્રી બાહુબલીજી, શ્રી ભરતજી તથા શ્રી આદિનાથજી ભગવાનની ૮-૮ ફીટની પ્રતિમા છે. ત્યાર પછી આગળ બીજા બાર તીર્થંકર ભગવાનના બાર મંદિરો છે, જેની પ્રતિષ્ઠા વીર સંવત ૨૫૨૩ વૈશાખ સુદ-૧૫ના રોજ થયેલ છે. આ મંદિર વીસપંથીનું હોવાથી ત્રણેય ખડ્ગાસન પ્રતિમાજીના પગના અંગુઠા ઉપર ચંદનના ચાંદલા કરે છે. આ ચોવીસ ભગવાનના ઝગમગતા સુવર્ણના કળશો છે. આ ચોવીસ પ્રતિમાજીમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ આરસના છે. જ્યારે બાકીના બાવીસ પ્રતિમાજી સફેદ આરસના છે. આ મંદિરોની શરૂઆતમાં અને છેલ્લે બે દેવીઓની મૂર્તિઓ છે.

ત્યારબાદ આ ચોકમાં "વર્ધમાનસાગરજી સંત ભવન" નામનો મોટો હોલ આવે છે. તેની નીચે ભોજનશાળા છે. મંદિરમાં આવીને અગાઉથી પૈસા ભરીને કુપન કઢાવો એટલે આશરે ૧॥ કલાક પછી જમવા બેસાડે છે, જેમાં રોટલી, દાળ, ભાત, શાક, પાપડ આપે છે. આ મંદિરનો ફોન નં. ૦૨૯૬૫-૨૫૫૦૯૪ છે. મંદિરની બહાર ખુલ્લામાં ખૂબ જ મોટા-મોટા ચાર વૃક્ષો છે, જેની ફરતા ખૂબ જ મોટા ઓટલા બનાવેલ છે. તેની ઉપર બેસીને યાત્રીઓ નાસ્તો-પાણી કરી શકે છે. પીવા માટે ઠંડા પાણીનું કુલર પણ છે. એકંદરે શાંતિમય સ્થળ છે. કારણ કે આ ક્ષેત્ર નાનકડા પહાડ-ટેકરી ઉપર છે અને અહીં કોઈ જ વસ્તી નથી. તેથી ખૂબ જ શાંતિ છે. અહીં કોઈ પણ પ્રકારની ખાણી-પીણીની ચીજ-વસ્તુઓ મળતી નથી.

આ મંદિરજી માટે બીજી અનેક દંતકથાઓ છે. જેવી કે-એક રાત્રે ચોરો મંદિરમાં દાખલ થઈ તિજોરી તોડીને રકમ લઈ જતાં હતા. પણ રકમ લઈને ભાગવા લાગ્યા તો તેમને આખે દેખાતુ જ બંધ થયું અને કાંઈ જ રસ્તો ન દેખાતા ભંડારની ચોરેલી રકમ ત્યાંને ત્યાં જ મૂકીને ભાગી ગયા. તેવી જ રીતે બીજી પણ દંતકથા એવી છે કે આ મંદિરના ચાંદીના બારણા હતા, જે તોડીને ચોરો ભાગવા ગયા, તો ગાંડા બની ગયા. ભાગવા માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ છેવટે ન ફાવતાં ચાંદીના બારણાં ત્યાંને ત્યાં જ મૂકીને ભાગી ગયા.

આ સ્થળથી લગભગ ૭-૮ કિ.મી દૂર જૈનેતરોનું એક મંદિર "મંગલેશ્વર" આવેલું છે. ત્યાં જતાં રસ્તામાં ભગ્નાવેશમાં અનેક પ્રાચીન મૂર્તિઓ જોવા મળે છે. તેમાં કેટલીક ખંડિત પ્રતિમાજીઓ પણ છે. કેટલીક મનોહર જૈન પ્રતિમાજીઓ કુશલગઢ પોલીસના કબજામાં છે, જે જૈન ધર્મ પૂરાતન હોવાના પૂરાવારૂપ છે. જે દિવસે શ્રી અન્દેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ અહીંથી નીકળી હતી, તે દિવસે કારતક સુદ-૧૫ના રોજ અહીં મેળો ભરાય છે. તે દિવસે ભીમચંદજીના વારસો ધ્વજારોહણ કરે છે.

देखो जी आदीश्वर स्वामी, कैसा ध्यान लगाया है ।
कर ऊपर कर सुभग विराजे, आसन थिर ठहराया है ।।

जगत विभूति भूति सम तजकर, निजानन्द पद ध्याया है ।
सुरभित श्वासा आशा वासा, नासा-दृष्टि सुहाया है ।। १।।
कंचन वरन चले मन रंच न सुर-गिरि ज्यों थिर थाया है ।
जास पास अहि मोर मृगी हरि , जाति विरोध नसाया है ।। २।।
शुध-उपयोग हुताशनमें जिन, वसुविधि समिध जलाया है।
श्यामलि अलकावलि सिर सोहे, मानो धुआं उडाया है ।। ३।।
जीवन-मरन अलाभ लाभ जिन, सबको साम्य बनाया है ।
सुर नर नाग नमहिं पद जाके, दौल तास जस गाया है ।। ४।।

# નૌગામા

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : દાહોદ
  બસ સ્ટેશન : નૌગામા
- નજીકનું મુખ્ય શહેર .......: બાંસવાડા
- નજીકના તીર્થક્ષેત્રો .........: અન્દેશ્વર પાર્શ્વનાથ - ૧૬ કિ.મી

રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના નૌગામા શહેરથી લગભગ ૧।।-૨ કિ.મી. દૂર આ અતિશયક્ષેત્ર આવેલું છે. સમાજ દ્વારા આ ક્ષેત્રમાં શ્રી સમ્મેદશિખરજીની ભવ્ય રચના કરવામાં આવેલી છે, જેનો ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨-૪-૧૯૯૯ થી તા. ૨૮-૪-૧૯૯૯ દરમ્યાન ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યો હતો. આ અતિશયક્ષેત્ર શ્રી અન્દેશ્વર પાર્શ્વનાથ ક્ષેત્રથી વાયા-કલીંજરા ૨૦ કિ.મી. પર આવેલ છે. આ રીતે આ ક્ષેત્ર ઉદયપુર-દાહોદ રોડ ઉપર આવેલ છે. આ શિખરજી પર્વતની યાત્રા કરો ત્યારે સાક્ષાત્ શ્રી સમ્મેદશિખરજીની યાત્રા કરતા હો તેવો જ આભાસ-અનુભંવ થાય છે. તેમાં શંકા કરવા જેવું નથી. કોઈ પહાડ કે ટેકરી નથી. પણ રચના શ્રી સમ્મેદશિખરજી જેવી જ કરી છે. નાના-મોટા, ઊંચા-નીચા ટેકરા જેવી ચાલ કરી છે. આસપાસમાં નાના કુદરતી ઝાડ વાવ્યા છે. આ રીતે અહીં ચોવીસ તીર્થંકર ભગવંતોની અને એક ગણધરની તેમ કુલ પચીસ ટોંકની પચીસ દેરીઓ બનાવીને સુંદર રચના કરી છે, જેનો ખર્ચ તે વખતે પચીસ લાખ રૂપિયા થયો હતો તેમ ત્યાં લખેલ છે. દરેક ટોંકની નાનકડી શિખરબંધ દેરી કરી છે અને દરેક દેરીમાં દરેક તીર્થંકર ભગવાનના ચરણપાદૂકા સ્થાપિત કર્યા છે. વળી સીતાનાળા તથા ગાંધર્વનાળાની રચના પણ વચ્ચે યોગ્યસ્થાને કરી છે. તે સિવાય ઉપર જળમંદિરની રચના પણ કરી છે, જેમાં વચ્ચે મંદિરમાં સફેદ આરસના એક પ્રતિમાજી મૂક્યા છે. તે સિવાય શ્રી કુન્દકુન્દાચાર્યદેવની ગૂફા, શ્રી સમન્તભદ્રાચાર્યદેવની ગૂફા તથા શ્રી ગુણભદ્રાચાર્યદેવની ગૂફા-તેમ ત્રણ ગૂફાની રચના પણ કરી છે. તેમાં દરેક આચાર્યદેવના ચરણપાદૂકા સ્થાપિત કરેલા છે. જેવી રીતે શ્રી સમ્મેદશિખરજી પહાડ ઉપર શ્રી ચન્દ્ર પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુની ટોંક ઊંચાઈ ઉપર આવેલ છે, તેવી જ રીતે અહીં પણ બંને ટોંક ઊંચાઈ ઉપર બનાવી છે. અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીના ચરણપાદૂકા પણ અહીં સ્થાપિત કર્યા છે.

આ રીતે પચીસ ટોંકના દર્શન માટે આ ટેકરી ઉપર જઈએ છીએ ત્યારે ખરેખર આપણે પવિત્ર અને શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદશિખરજીની જ યાત્રા કરતા હોઈએ તેવો અનુભવ થાય છે. કાગળ ઉપર તેનું વર્ણન કેવી રીતે લખવુ ? શું લખવુ ? ખરેખર ત્યાં યાત્રાએ જાવ અને અનુભવ કરો ત્યારે જ ખાત્રી થાય. અઘરો પહાડ ચઢવાનો નથી. તદ્દન નાનકડી ટેકરી જેવું બનાવીને તેના ઉપર આ બધી રચના કરી છે. સૌ કોઈ-અરે ! પગની તકલીફવાળા લોકો પણ આરામથી આ

યાત્રા કરી શકે તેવું છે. દરેક ટોંક ઉપર જવા માટે નંબર લખીને એરો માર્કથી આગળનો રસ્તો બતાવેલ છે, જેથી ક્રમસર બધી જ ટોંકની યાત્રા સરળતાથી થઈ શકે છે.

આ સિવાય અહીં ચોકમાં કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુની શ્યામ આરસની ખડ્ગાસન ભાવવાહી પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. ૫ ફીટ ઊંચી કમળની વેદી અને તેના ઉપર શ્રી મહાવીર ભગવાન ૧૧ ફીટના ખડ્ગાસને છે. મુનિ શ્રી પ્રજ્ઞાસાગરજીની પ્રેરણાથી શ્રી મહાવીર પ્રભુની આ પ્રતિમા સ્થાપિત કરીને વીર નિર્વાણ સંવત ૨૫૨૫ વૈશાખ સુદ-૧૩ ને બુધવાર તા. ૨૮-૪-૧૯૯૯ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. પ્રતિષ્ઠાચાર્ય શ્રી પન્નાલાલજી જૈન હતા. શ્રી સમ્મેદશિખરજીની રચના પછી ત્યાં એક નાનકડુ મંદિર પણ કરેલ છે, જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની સફેદ આરસની ૧ાા ફીટની પ્રતિમા છે. તે સિવાય અહીં મંદિરમાં ખોદકામ કરતા પ્રાપ્ત થયેલો ૮૦૦ વર્ષ જૂનો સ્થંભ છે, જેની ચારે તરફ અગાઉ ભૂતકાળમાં થઈ ગયેલ આચાર્યોના નામો કોતરેલા છે. મુનિની આકૃતિ કોતરી છે અને નીચે આચાર્યનું નામ કોતરેલ છે. તેમાંથી વાંચી શકાયા તેટલા આચાર્યોના નામો નીચે લખ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. માઘનંદી | ૨. ગુણનંદી | ૩. જિનચંદ્ર | ૪. ચારૂરોહ |
| ૫. પદ્મનંદી | ૬. ઉમાસ્વામી | ૭. વિશાલકીર્તિ | ૮. માણેકનંદી |
| ૯. નરેન્દ્રકીર્તિ | ૧૦. અભયકીર્તિ | ૧૧. વરદત્ત | ૧૨. વસંતકીર્તિ |
| ૧૩. વિજયકીર્તિ | ૧૪. દેશભૂષણ | ૧૫. નરચંદ્ર | ૧૬. મહાચંદ્ર |
| ૧૭. શાંતિકીર્તિ | ૧૮. હરિચંદ્ર | ૧૯. અનંતકીર્તિ | ૨૦. ભુવનકીર્તિ |
| ૨૧. વિદ્યાનંદી | ૨૨. નયનંદી | ૨૩. રામકીર્તિ | ૨૪. વિષ્ણુનંદી |
| ૨૫. ધર્મચંદ્ર | ૨૬. સારદત્ત | ૨૭. મહાકીર્તિ | ૨૮. શ્રી ભૂષણ |
| ૨૯. શ્રી ચન્દ્ર | ૩૦. શ્રી નન્દી | ૩૧. શ્રી અભયચન્દ્ર | ૩૨. નાગચન્દ્ર |
| ૩૩. ધર્મનન્દી | ૩૪. મહીચન્દ્ર | ૩૫. માઘચન્દ્ર | ૩૬. હરિનન્દી |
| ૩૭. ગુણકીર્તિ | ૩૮. ગુણચન્દ્ર | ૩૯. ભાવચન્દ્ર, વિગેરે. | |

અનેક આચાર્યોના નામ આ ચૌમુખી સ્થંભ ઉપર ચારે તરફ લખેલા-કોતરેલા છે. સંખ્યાક્રમ તો લખેલ નથી, પરંતુ ૨૦૦ જેટલા આચાર્યોના નામ હશે તેમ જરૂર લાગે છે. આ સ્થંભની વિધિસર પ્રતિષ્ઠા શ્રી વિદ્યાસાગરજીની પ્રેરણાથી વીર નિર્વાણ સંવત ૨૫૨૫ વૈશાખ સુદ-૧૩ના રોજ થયેલી છે. પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨-૪-૧૯૯૯ થી તા. ૨૮-૪-૧૯૯૯ સુધી ઉજવાયો હતો.

શ્રી સમ્મેદશિખરજીની રચના પણ શ્રી વિદ્યાસાગરજીની પ્રેરણાથી વિ. સં. ૨૦૫૬માં થઈ હતી. આ સિવાય અહીં આરસનો એક માનસ્થંભ છે, જેના ઉપર ચારે દિશામાં શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ છે. નીચે પ્રતિમાજી નથી. આ માનસ્થંભજીની પ્રતિષ્ઠા વીર સંવત ૨૫૨૪ તા. ૯-૪-૧૯૯૮ના રોજ થયેલી છે.

આ સિવાય નૌગામા તીર્થક્ષેત્ર ઉપર રહેવા માટે ધર્મશાળા, ત્યાગીવૃતી આવાસ, મેઈન ગેઈટ, વિગેરે બનાવવાની યોજના પણ છે. અહીં માત્ર રહી શકાય છે. પરંતુ કોઈ જ ખાવા-પીવાની ચીજ હાલમાં ઉપલબ્ધ નથી. કેમ કે નૌગામા ગામથી આ રચના ૧॥-૨ કિ.મી. દૂર એકાંત સ્થાનમાં થયેલ છે.

આ સિવાય નૌગામા ગામમાં ઘણું પ્રાચીન શિખરબંધી દિગંબર જિનમંદિર છે. કહેવાય છે કે આ મંદિર આશરે ૧૦૦૦ જૂનું છે. અહીં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ફેણ વગરના પ્રતિમાજી-જેના ઉપર સંવત ૧૫૭૨ લખેલી છે-તે બિરાજમાન છે. આ જો વીર સંવત લખેલી હોય તો આ મંદિર ૧૦૦૦ વર્ષ જૂનું છે તેમ નક્કી થાય છે. અહીં ખોદકામ કરતા પ્રાપ્ત થયેલા શ્યામ આરસના શ્રી આદિનાથ ભગવાન ૨। ફીટના પદ્માસન છે. બાજુમાં પદ્માસન સફેદ આરસના ૨ ફીટના બે પ્રતિમાજી છે. નીચેની વેદી ઉપર સંવત શબ્દ લખેલા છે. વીર સંવત કે વિક્રમ સંવત તેમ કાંઈ ખુલાસાથી લખેલ નથી. આ સિવાય પંચધાતુના પદ્માસન નાના-મોટા થઈને લગભગ છત્રીસ પ્રતિમાજી છે. તે સિવાય નાનકડા શો કેઈસમાં નાના-નાના સિંહાસન ઉપર નાના-નાના અઢાર પ્રતિમાજી છે.

<u>બીજું મંદિર</u> :-


જિનમંદિરની બહાર બીજા મંદિરમાં બીજા હોલમાં સંવત ૧૩૦૮ના પદ્માસન શ્યામ આરસના સારી રીતે ખંડિત થયેલા શ્રી નેમિનાથ પ્રભુ લગભગ ૬ ફીટના છે. બે બાજુ આવા મોટા બે પ્રતિમાજી છે. મુગલ સામ્રાજ્ય વખતે તે ખંડિત થયા હતા તેમ કહે છે. તેમની બાજુમાં શ્રી બાહુબલીજી ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. અહીં પંચધાતુના શ્રી ભરતજી, શ્રી બાહુબલીજી તથા શ્રી આદિનાથ પ્રભુ પણ છે. સામાન્ય રીતે બધા સ્થળે આ ત્રણેય ભગવાન આરસના હોય છે. જ્યારે અહીં આ ત્રણેય ભગવાન પંચધાતુના છે. આ સિવાય ખડગાસને શ્રી ભરતજી સફેદ આરસના ૫ ફીટના પણ છે.

આ સિવાય નૌગામા ગામમાં આરસનું શ્રી સમવસરણજી મંદિર પણ છે, જેમાં ચારે દિશામાં ચાર મોટા માનસ્થંભજી આરસના છે. વચ્ચે સફેદ આરસના ચૌમુખી ભગવાન છે. તેમજ શ્રી કુન્દકુન્દાચાર્યદેવની ખડ્ગાસન મૂર્તિ મોરપીંછી અને કમંડળ સહિતની બદામી રંગના આરસની શ્રી સમવસરણજીમાં મૂકેલી છે. આ સમવસરણજીની પ્રતિષ્ઠા તા. ૨૮-૫-૧૯૯૬ના રોજ થયેલી છે.

આ રીતે નૌગામા ગામ નાનુ છે. બહુ પ્રખ્યાત નથી. છતાં પણ અહીંની શ્રી સમ્મેદશિખરજીની

*તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ.*
*આ સંસારનો રસ છૂટી જાય તો જરૂર આત્મસ્વરૂપ પ્રગટે.*

# दिगम्बर जैन तीर्थक्षेत्र कर्नाटक



# દક્ષિણના કેટલાંક તીર્થક્ષેત્રો

## મૈસુર - પર્યટન સ્થળ

બેંગલોરથી દક્ષિણની યાત્રાએ જતાં વચ્ચે મૈસુર આવે છે. તેથી સૌ કોઈ આ પ્રખ્યાત શહેર જોવા જરૂર જાય જ. તેથી મૈસુર સંબંધી થોડી માહિતી આપું છુ. મૈસુર પર્યટનનું સ્થળ છે. બેંગ્લોરથી મૈસુર ૧૨૫ કિ.મી. બસ રસ્તે થાય છે. બસમાં પહોંચતા ત્રણ કલાક થાય છે. મૈસુરમાં ઝુ ગાર્ડન જોવાના સ્થળોમાં છે. તેની સામે હેન્ડીક્રાફ્ટ એમ્પોરીયમ છે. ત્યાં સુખડની બનાવેલી ઘણી જ ચીજો વેચાણમાં મૂકેલી છે. સુખડમાં નક્શીકામ કરેલી પુષ્કળ ચીજો અહીં મળે છે. પ્રમાણમાં ભાવો ઘણા જ ઊંચા હોય છે.

મૈસુર પેલેસ :- મૈસુરના મહારાજાનો પેલેસ જરૂર જોવાલાયક છે. દરવાજા ઉપર ટીકીટ મળે છે. જે સરકાર તરફથી જ ટોકન તરીકે લેવાય છે. આ પેલેસ જોતા અગાઉના રજવાડાઓના વૈભવ અને જાહોજલાલીનો ખ્યાલ આવે. મહેલ જોવાનો ચાર્જ લે છે. તેથી ગાઈડ બધુ જ બતાવવા માટે સાથે આવે છે. જૂનો મહેલ ૧૯૦૮માં આગમાં બળી ગયો હતો. તેનું નવુ મોડલ બનાવીને આ નવા મહેલમાં મુકયું છે. હાલ જે મહેલ છે, તે ૧૯૧૨માં બનાવેલો નવો મહેલ છે. ઉપરની છતમાં સુખડ જેવા જ બર્મીઝ લાકડામાં ઘણું બારીક નક્શીકામ અવર્ણનીય અને સુંદર છે. નક્શીકામ, રંગબેરંગી કામ અને સોનાના કામથી જ આ આખો મહેલ બનેલો છે. દશેરાના દિવસે મૈસુર મહારાજાની જે સવારી નીકળતી હતી, તે આખી સવારીનું દશ્ય જુદા-જુદા ચિત્રોમાં દિવાલો પર ચીતરેલું છે. આ ચિત્રો જોતાં જરૂર લાગે કે કેવી ભવ્ય સવારી હશે અને કેટલી લાંબી આ સવારી નીકળતી હશે !

મહેલમાં રંગબેરંગી સુશોભિત સ્થંભો છે. અમુક સ્થંભો તો લોખંડના છે. છતાંય રંગબેરંગી છે. આ થાંભલાનું કામ તો સ્કોટલેન્ડથી ખાસ કારીગરોને બોલાવીને કરાવ્યું હતું. સવારીમાં મહારાજા જે પાલખીમાં બેસીને નીકળતા હતા, તે આખીયે સોનાની પાલખી હજૂ પણ મહેલમાં જોવા માટે રાખી છે, જે સોનાનું વજન નેટ ૮૦ કિલો છે તેમ ગાઈડે કહ્યું. આ પાલખીની ચોકી કરવા માટે ચોવીસ કલાક ખૂલ્લી બંદુક સાથે લશ્કરી માણસ રાખેલ છે.

આ રીતે ભોંયતળીયાનો માળ જોયા પછી ઉપર પહેલે માળ જવાનું છે. પહેલો માળ સોના-રૂપાના કામથી ભરપુર છે. દરવાજાના બારણાંને ચાંદીના નક્શીવાળા પતરાથી મઢેલા છે. ઉપર મોટો હોલ છે અને ફરતી ત્રણેય બાજુ ગેલેરી છે. રાજા અને તેના મુખ્ય મંત્રી ગુપ્ત મંત્રણા કરવા માટે આ હોલમાં બેસતા હતા તથા પ્રસંગોપાત લગ્ન જેવા પ્રસંગે અહીં સમારંભો યોજાતા

હતા. અહીં મહારાજા પ્યોર સોનાના સિંહાસન ઉપર બેસતા હતા અને તે સિંહાસનના સોનાનું વજન ૨૮૦ કિલો છે, જે આજે પણ જોવા માટે મહેલમાં રાખેલ છે. ઉઘાડી બંદુકે બે પોલીસો રાત-દિવસ અહીં ચોકી-પહેરો કરે છે. આ સિંહાસનના પગથિયાં ચાંદીના છે. આજુબાજૂની ગેલેરીમાં મહારાજાના કુટુંબીજનો બેસતા હતા. સામે ચોકમાં પ્રજાજનો બેસતા હતા. ટૂંકમાં આ મહેલ અવશ્ય જોવાલાયક છે. ખૂબ ઉતાવળે-ઉતાવળે પણ આ મહેલ જોતા પૂરો એક કલાક થાય છે. દરરોજ રાત્રે આ મહેલ ઉપર રંગબેરંગી રોશની થાય છે.

આ સિવાય મૈસુરમાં મ્યુઝિયમ છે, જે જોવાની ટિકીટ લેવાની હોય છે. ભારતમાં ઘણા સ્થળે મ્યુઝિયમો છે. તેના જેવું જ આ મ્યુઝિયમ છે. તે પણ જલ્દીથી જોતા પૂરો એક કલાક થાય છે. તે સિવાય મૈસુરનું મશહુર "વૃન્દાવન ગાર્ડન" ખાસ જોવાલાયક છે. તે દુનિયામાં જોવાલાયક ગાર્ડન ગણાય છે. તે જોવા જતાં રસ્તામાં સાઈડમાં રોડ ઉપર એક ફાંટો પડે છે. ત્યાંથી ગોમટગિરિ જવાય છે. આ ગોમટગિરિ નાની ટેકરી જેવો પહાડ છે, જે ચઢતા ફક્ત પાંચ જ મિનિટ થાય છે. ઈંદોરથી ૧૦ કિ.મી. દૂર જે નવું ગોમટગિરિ થયું છે તે અલગ છે. આ ગોમટગિરિમાં શ્રી બાહુબલીજીની ૧૬ ફીટની પ્રતિમા છે. સાથે ધર્મશાળા છે. ગામ નથી. તેથી અહીં કાંઈ જ મળતું નથી.

મૈસુર ગાર્ડન જોવાની ટિકિટ પણ ટોકન માત્ર જ છે. ગાર્ડનમાં ઘણી જગ્યાએ નાના-મોટા ફુવારા છે. પાણી ઉંચેથી ઢાળમાં વહેતુ આવે છે, પાણી જોરથી ઉપરથી નીચે આવે છે. એટલે પાણીના ધોધથી સફેદ દૂધ જેવા ફીણ બહુ જ થાય છે. આ બધુ જોવાની મજા આવે છે. રાત્રે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમ્યાન ગાર્ડનમાં રંગબેરંગી રોશની થાય છે. આથી ગાર્ડનનો દેખાવ સુંદર લાગે છે. પહેલા શનિ/રવિ ફક્ત બે જ દિવસ રાત્રે રોશની થતી હતી. હવે દરરોજ રાત્રે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમ્યાન રોશની થાય છે. ગાર્ડન ઘણું જ મોટું છે. વચ્ચે તળાવ જેવું બાંધેલું છે. તેમાં સામી સાઈડમાં "મધુ બાગ" છે. ત્યાં જવા માટે બે સ્ટીમલોંચ છે. ત્યાં જવાની ટિકિટ અલગ લેવી પડે છે. એક સાથે ૨૦ વ્યક્તિઓને લોંચમાં બેસાડે છે.

આ રીતે મૈસુરનું આ વૃન્દાવન ગાર્ડન અવશ્ય જોવાલાયક સ્થળ છે.

*ભાઈ! તું વિશ્વાસ લાવ કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય તેવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું. મારામાં અને પરમાત્મામાં કાંઈ ફેર નથી.*

# શ્રવણબેલગોલા

- આવાગમન.................: રેલ્વે સ્ટેશન : હાસન - ૫૨ કિ.મી.
  બસ સ્ટેશન : શ્રવણબેલગોલા
- પહોંચવાનો સરળ માર્ગ ....: બેંગલોર, મૈસૂર, હાસનથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર........: મૈસૂર - ૯૦ કિ.મી., બેંગલોર - ૧૪૬ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: ધર્મસ્થલ, વેણૂર, મૂડબિદ્રી, કારકલ, હૂમચા, વિગેરે.

મૈસુરથી શ્રવણબેલગોલા માત્ર ૯૦ કિ.મી. દૂર છે. અહીં એક જૂની ધર્મશાળા છે. તે સિવાય પૂજ્ય ગુરુદેવશ્રી અહીં પધારેલ ત્યારે અહીં ધર્મશાળા બનાવવા માટે ફંડ કરેલ. તેમાંથી "પૂજ્ય શ્રી કાનજી સ્વામી વિરામાલય" નામની નવી ધર્મશાળા ફકત છ રૂમની બંધાયેલી છે. ત્યારબાદ "શ્રી વિદ્યાનંદજી નિલય" નામે નવી ધર્મશાળા બંધાયેલ છે. તેનું ઉદ્‌ઘાટન તા. ૧/૮/૧૯૭૬ના રોજ થયેલ છે. આ તરફ ધર્મશાળાને મઠ અથવા નિલય કહે છે. આ નિલયમાં ઘણી નાની-મોટી રૂમો છે. રૂમની સાઈઝ પ્રમાણે ભાડા લે છે. પણ પ્રમાણમાં ભાડા ઘણાં વધારે લે છે. સિંગલ રૂમ, ડબલ રૂમ, પંખાવાળી રૂમ તેમ ઘણી જાતની રૂમો આ નિલયમાં છે. બેંગલોરથી શ્રવણબેલગોલા એસ.ટી.બસ રોજ જાય છે. આ બસમાં જગ્યા પણ મળી રહે છે.

મૈસુર રાજ્યમાં શ્રવણબેલગોલનગરમાંથી વિન્ધ્યગિરિ પર્વત ઉપર ગોમટેશ્વરની એક મૂર્તિ છે. શ્રી બાહુબલીજી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના મહારાણી સુનંદાના પુત્ર હતા. દક્ષિણ ભારતમાં અને કર્ણાટકમાં ગંગવંશના શાસન દરમયાન દિગંબર જૈન ધર્મ ખૂબ જ પ્રચલીત હતો. જૈન ધર્મનો રાષ્ટ્રધર્મ તરીકે અંગીકાર કરવામાં આવ્યો હતો. તે કાળ ઈ. સ. ૫૪૦ થી ૫૬૫ સુધીનો હતો. ગંગનરેશ મારસિંહ (ત્રીજા)ના સમયમાં ઈ.સ. ૯૬૧ થી ઈ.સ. ૯૭૪માં તેમના સેનાપતિ ચામુંડરાયે શ્રવણબેલગોલામાં ગોમટેશ્વરની વિશાળ અને ભવ્ય મૂર્તિનું નિર્માણ કર્યું હતુ, જેનો ઈતિહાસ નીચે હવે પછી આવશે. રાજા મારસિંહે છેલ્લે સંલ્લેખનાવ્રત ધારણ કરીને દેહત્યાગ કર્યો હતો.

શ્રી બાહુબલીજીની આ મૂર્તિ ત્યાગ, ભક્તિ, અહિંસા અને પરમ આનંદનું પ્રતિક છે. આ મૂર્તિ અધિક આકર્ષક અને સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે. શ્રવણબેલગોલામાં પ્રાપ્ત થયેલા ઉત્કીર્ણ શિલાલેખો ઉપરથી જરૂર નકકી થાય છે કે મૌર્ય સમ્રાટ ચન્દ્રગુપ્તના સમયમાં અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી ૧૨૦૦૦ શ્રમણોનો સંઘ લઈને ઉત્તરમાંથી દક્ષિણ તરફ આવ્યા હતા. કારણ કે તેમના જ્ઞાનમાં એમ આવ્યું હતુ કે ઉત્તરમાં બાર વર્ષનો દુષ્કાળ પડવાનો છે અને તેથી તેમણે વિચાર્યું હતુ કે તેવા સમયે ત્યાં મુનિપણું પાળી શકાશે નહી. તેમની સાથે ચન્દ્રગુપ્ત પણ હતા. ઈતિહાસ એમ કહે છે કે ઈ.સ. ૨૯૭ આશરેમાં આ બનાવ બન્યો હતો. શ્રી ભદ્રબાહુજીએ

પોતાના પહોંચવાના સ્થળ ચન્દ્રગિરિ પર્વત ઉપર જઈને પોતાનુ આયુષ્ય હવે અલ્પ છે તેમ પોતાના જ્ઞાનમાં જાણીને સંલ્લેખનાવ્રત ધારણ કરીને સમાધિપૂર્વક ત્યાં દેહ છોડયો હતો. શ્રી ભદ્રબાહુનો સંઘ સાથેનો આ વિહાર જોઈને કાલીકાચાર્ય અને વિશાખાચાર્યના સંઘે પણ તેમનું જ અનુકરણ કર્યું. વિશાખાચાર્ય દિગંબર સંપ્રદાયના મહાન આચાર્ય હતા. તેઓ દક્ષિણભારતના ચોલ અને પાંડય દેશોમાં ગયા હતા. ત્યારબાદ મહાન આચાર્ય શ્રી કુન્દકુન્દસ્વામીનો જન્મ સંવત ૪૯માં થયો હતો અને માત્ર ૧૧ વર્ષની લઘુ વયમાં જ તેમણે દીક્ષા (મુનિપણુ) લીધી હતી. તેમનું આયુષ્ય ૯૬ વર્ષનું હતુ અને મદ્રાસ પાસે "પોન્નુર હીલ" ઉપર તેમણે સમાધિ લીધી હતી. તેમણે રચેલા ૮૪ આગમો હાલ ઉપલબ્ધ છે. "શ્રી કુન્દકુન્દાચાર્યદેવનું જીવનચરિત્ર" પોન્નુર ક્ષેત્રના વર્ણનમાં વિગતથી લખેલું છે.

ઈતિહાસ એમ કહે છે કે ઈ.સ. ૨૯૭થી બારમી શતાબ્દી સુધી દક્ષિણ ભારતમાં જૈન ધર્મ સૌથી વધુ શક્તિશાળી, આકર્ષક અને સર્વમાન્ય ધર્મ હતો. ત્યારબાદ વૈષ્ણવ આચાર્ય રામાનુજે વિષ્ણુવર્ધનને જૈન ધર્મનો ત્યાગ કરાવીને વૈષ્ણવ બનાવ્યા હતા. રાષ્ટ્રકુટ વંશના શાસકો પણ જૈન ધર્મના મહાન સંરક્ષક હતા. ગોવિંદ (તૃતીય)ના પુત્ર અમોઘવર્ષને ઈ.સ. ૮૧૪ થી ઈ.સ. ૮૭૮ સુધી જિનસેન આચાર્યનો મેળાપ થયો હતો. આચાર્ય જિનસેન ગુણભદ્રના ગુરુ હતા. તેમણે ઈ.સ. ૭૮૩-૮૪માં ગોવિંદ તૃતીયના સમયમાં આદિપુરાણના પ્રથમ ભાગની રચના કરી હતી અને તેનો ઉત્તરાર્ધ ગુણભદ્રાચાર્યે ઈ.સ. ૮૯૭માં પૂર્ણ કર્યો હતો. અમોઘવર્ષ પ્રથમના સમયમાં રાષ્ટ્રકુટની રાજધાનીમાં હરીવંશપુરાણ, આદિપુરાણ, ઉત્તરપુરાણ, અકલંકચરિત્ર, જયધવલા ટીકા, આદિ મહાન ગ્રંથોની રચના કરાઈ હતી.

રાજા વિષ્ણુવર્ધનને ભલે રામાનુજે જૈન ધર્મ છોડાવી વૈષ્ણવ બનાવ્યા હતા. પરંતુ રાજા વિષ્ણુવર્ધનના રાણી શાન્તલાદેવી તો જૈન ધર્મ જ પાળતા હતા. તેથી રાજા પોતે ભલે વૈષ્ણવ ધર્મ પાળતા હતા, છતાંય તેમણે પોતે જૈન ધર્મના મંદિરોમાં પુષ્કળ દાન દીધુ હતુ અને જૈન ધર્મના મંદિરોનો જિર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો. તેમજ પ્રજાને ધર્મસેવનમાં પૂરી સ્વતંત્રતા આપી હતી.

ઈ.સ. ૧૩૫૭ થી ૧૩૭૮ના સમયમાં તે વખતના રાજાએ જૈનો અને વૈષ્ણવો વચ્ચે સમાધાન કરાવ્યું હતું. દેવરાયના રાણી વિમલાદેવી જૈનાચાર્ય અભિનયકિર્તીની શિષ્યા હતા. તેમણે શ્રવણબેલગોલામાં શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કરાવી હતી.

શ્રવણબેલગોલા મૈસુર રાજ્યના હાસન જિલ્લામાં આવેલ અત્યંત પ્રાચીન અને રમણીય સુપ્રસિદ્ધ ધાર્મિક સ્થાન છે. અહીંના શિલાલેખો તથા ભવ્ય મંદિરો અને પ્રાચીન ગૂફાઓ અને વિશાળ મૂર્તિઓ ઘણાં જ મહત્વના છે. વિર માર્તંડ ગંગરાજ્યના સેનાપતિ શ્રી ચામુંડરાય ૫૭ ફીટની વિશ્વવિખ્યાત ભગવાન બાહુબલીની મૂર્તિના નિર્મિત છે. તે વિશેનો પૂરો ઈતિહાસ આગળ આવશે.

શ્રવણબેલગોલા વિન્ધ્યગિરિ અને ચન્દ્રગિરિ એ બે પર્વતોની તળેટીમાં જ આવેલ છે. આને જૈનબિદ્રી તથા દક્ષિણકાશી પણ કહે છે અને ગોમટેશ્વરની વિશાળ મૂર્તિને કારણે ગોમટપુર પણ કહે છે. શ્રવણબેલગોલા હાસનથી ૪૫ કિ.મી. અને બેંગલોરથી આશરે ૧૭૫ કિ.મી. થી ૨૦૦ કિ.મી. છે. અહીંથી એક રસ્તો અન્ય તીર્થક્ષેત્રો જેવા કે મૂડબિદ્રી, હલેબીડ અને કારકલ તરફ જાય છે. શ્રવણબેલગોલામાં લગભગ ૫૦૦ જેટલા શિલાલેખો છે. આ શિલાલેખોમાં ભગવાન શ્રી મહાવીરથી માંડીને આચાર્યોની વંશાવલી તથા શ્રી કુન્દકુન્દાચાર્યદેવ, શ્રી ઉમાસ્વામી, શ્રી સમન્તભદ્રાચાર્ય, શ્રી શિવકોટી, શ્રી પૂજ્યપાદસ્વામી, શ્રી ગોલ્લાચાર્ય, શ્રી ત્રૈકાલ્યયોગી, શ્રી ગોપનંદી, શ્રી પ્રભાચંદ્ર, શ્રી દામનંદી, શ્રી યશકિર્તી, શ્રી કલ્યાણકિર્તી, શ્રી વાદિરાજ, વિગરે આચાર્યોનો પરિચય-ઈતિહાસ મળે છે.

શ્રી ભદ્રબાહુસ્વામીના શિષ્ય ચન્દ્રગુપ્તે પણ જિન દીક્ષા ધારણ કરી હતી અને શ્રી ભદ્રબાહુસ્વામીના સમાધિમરણ પછી પણ તેઓ અહીં જ રહ્યા હતા અને તેમના સ્વર્ગવાસ પછી પોતે ૧૨ વર્ષ સુધી તેમની ચરણપૂજા કરીને તેમનો જ માર્ગ સ્વીકાર્યો હતો. અહીં ભદ્રબાહુ ગૂફામાં ચન્દ્રગુપ્તના ચરણકમળ છે. આ સ્થાન ઉપર ૭૦૦ મુનિઓએ સમાધિમરણ કર્યું હતુ. તેથી તેનું નામ શ્રવણબેલગોલા પડયું છે.

શ્રી બાહુબલીજી ચોવીસ કામદેવોમાં પ્રથમ કામદેવ હતા. શ્રી બાહુબલીજી અને તેમના ભાઈ શ્રી ભરતજી વચ્ચે રાજ્ય બાબત દષ્ટિયુદ્ધ, જલયુદ્ધ અને મલ્લયુદ્ધ થયું હતુ. શ્રી બાહુબલીજીએ શ્રી ભરતજીને દષ્ટિયુદ્ધ અને જલયુદ્ધમાં પરાજીત કર્યા હતા. તેમજ મલ્લયુદ્ધમાં પણ શ્રી બાહુબલીજીએ શ્રી ભરતજીને ક્ષણમાત્રમાં ઉપાડીને ઘુમાવ્યા હતા. છેવટે શ્રી ભરતજીએ નારાજ થઈને ચક્ર છોડયુ. તો તે પણ શ્રી બાહુબલીજીની પ્રદક્ષિણા કરીને શ્રી ભરતજી પાસે પાછુ આવ્યું હતું. ત્યારબાદ શ્રી ભરતજીએ દૂત સાથે શ્રી બાહુબલીજીને સંદેશો કહેવરાવ્યો કે તમે રાજ્યમાં આવો. કેમકે તમારા વિના રાજ્ય શોભે નહી. અહીં આવીને બડા ભાઈ શ્રી ભરતજીને નમસ્કાર કરો. શ્રી બાહુબલીજીથી આ સંદેશો સાભંળી ન શકાયો અને જવાબમાં કહેવરાવ્યું કે જે ભાઈએ મારા ઉપર ચક્ર છોડયુ તે ભાઈને નમસ્કાર કેમ કરાય ? તેમણે દૂત સાથે કહેવરાવ્યું કે હવે શ્રી ભરતજી યુદ્ધ માટે તૈયાર રહે. દૂતે આવીને શ્રી ભરતજીને આ સમાચાર આપ્યા પછી ભયંકર યુદ્ધની તૈયારી શરૂ થઈ ગઈ. ખરેખર તો બંને ભાઈઓ તદ્ભવ મોક્ષગામી હતા. છેપટે શ્રી બાહુબલીજીએ શ્રી ભરતજીને કહ્યું કે "હે ભરત! તમે છ ખંડ જીતીને પૃથ્વી કબજે કરી છે. પણ તમને શરમ ન આવી કે તમારા સગા ભાઈનું રાજ્ય જીતવાની પણ તમે ઈચ્છા કરી ? ભગવાન શ્રી ઋષભદેવના જ્યેષ્ઠ પુત્રને શું આ શોભે છે ? તમે મોહવશ થઈને મારા ઉપર ચક્ર ચલાવ્યુ તે શું ન્યાયસંગત છે ? તમને રાજ્ય પ્રિય છે. તો તમે રાજ્ય ભોગવો. હું વિનયથી ચ્યુત થયો હતો, તો મને માફ કરો." તેમ કહીને શ્રી બાહુબલીજીએ તેમના પુત્ર મહાબલીને રાજ્ય સોંપીને જિનદીક્ષા ધારણ કરી.

આ તરફ શ્રી ભરતજીને પણ પોતાના કાર્ય માટે ઘણો પશ્ચાતાપ થયો. શ્રી બાહુબલીજીએ એક વર્ષ સુધી નિરાહાર ઉભા રહીને તપ કર્યુ. બંને પગ અને હાથો સુધી લતાઓ-વેલ વીંટળાઈ ગઈ અને માથાના વાળ ખભા સુધી આવી ગયા. તેમણે ૨૨ પરિષહ, ૨૮ મૂળગુણો અને ૮૪ લાખ ઉત્તરગુણોનું પાલન કર્યું, મુનિધર્મનું પાલન કર્યું અને એક વર્ષ સુધી તપ કરી શુક્લધ્યાનની સન્મુખ થયા. પરંતુ શ્રી બાહુબલીજીના મનમાં ભરતેશ્વર બાબત એક શલ્ય હતુ, જે કેવળજ્ઞાન થવામાં બાધક હતુ. તે જ વખતે શ્રી ભરતજીએ ત્યાં આવીને તેમની પૂજા કરી તો તેમનું શલ્ય દૂર થયું અને તેથી શ્રી બાહુબલીજીને તુરત કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. શ્રી ભરતજીએ મંત્રીઓ, રાજાઓ અને પૂરા સંઘ સાથે ત્યાં આવીને ભગવાન શ્રી બાહુબલીજીને નમસ્કાર કર્યા. ત્યારબાદ શ્રી બાહુબલીજી પોતાના પિતા શ્રી ઋષભદેવની સમીપમાં કૈલાસ પર્વત ઉપર પહોંચ્યા.

શિલાલેખ નં. ૨૩૪ (૮૫)માં ઉલ્લેખ છે કે કન્નડ કાવ્યમાં ગોમટ અથવા પુરુદેવ શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. તેમનું બીજુ નામ બાહુબલી (ભુજબલી) પણ હતુ. તેમના મોટાભાઈનું નામ ભરત હતુ. શ્રી ઋષભદેવે દીક્ષા લીધા બાદ બંને ભાઈઓ વચ્ચે રાજ્ય માટે યુદ્ધ થયું હતુ, જેમાં શ્રી બાહુબલીજીનો વિજય થયો હતો. છેવટે શ્રી બાહુબલીજીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતુ. ત્યારબાદ શ્રી ભરતજીએ પોદનપુરમાં તેમની સ્મૃતિરૂપે ૫૨૫ ધનુષ પ્રમાણની એક પ્રતિમાજીની સ્થાપના કરી હતી. ધીરે-ધીરે કાળાનુક્રમે આ મૂર્તિ ત્યાંથી લુપ્ત થઈ ગઈ. ફક્ત મહાન મુનિઓને જેમને મંત્ર શક્તિ હોય તેમને જ આ મૂર્તિના દર્શન થતા હતા. ગંગનરેશ રાયમલ્લના મંત્રી શ્રી ચામુંડરાયે આ ઈતિહાસ સાંભળ્યો અને તેને શ્રી બાહુબલીજીની મૂર્તિના દર્શન કરવાની તીવ્ર ભાવના થઈ. પણ પોદનપુરની યાત્રા તેમના માટે અશક્ય હતી.

"ભુજબલી ચરિત્ર" અનુસાર જૈનાચાર્ય શ્રી જિનસેને ચામુંડરાયની માતા કાલલદેવીને આ મૂર્તિનું વર્ણન સંભળાવ્યુ. આ સાંભળીને ચામુંડરાયની માતાએ નક્કી કર્યું કે જ્યાં સુધી હું આ ગોમટદેવના દર્શન ન કરૂ, ત્યાં સુધી મારે દૂધ ન ખપે. માતૃભક્ત ચામુંડરાયે આ હકીકત તેની પત્ની અજીતાદેવીના મુખેથી સાંભળી. તેથી માતૃભક્ત ચામુંડરાયે તરત જ ગોમટેશ્વરની યાત્રા માટે પ્રયાણ કર્યું. રસ્તામાં શ્રવણબેલગોલાની ચન્દ્રગુપ્ત બસ્તીમાં ભગવાન શ્રી પાર્શ્વનાથના દર્શન કર્યા. યાદ રાખો કે દક્ષિણમાં મંદિરને બસ્તી કહે છે. અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુના ચરણકમળને પણ વંદન કર્યા. રાત્રે ચામુંડરાયને સ્વપ્ન આવ્યું કે પોદનપુરવાળી ગોમટેશ્વરની મૂર્તિના દર્શન તો ફક્ત દેવો જ કરી શકે છે. તમારા માટે ત્યાં દર્શન કરવાનું શક્ય નથી. પરંતુ તમારી ભક્તિથી પ્રસન્ન થઈને ગોમટેશ્વર તમને અહીં દર્શન દેશે. તમે મન-વચન-કાયાની શુદ્ધિ કરીને સામેના પર્વત ઉપર એક સુવર્ણબાણ છોડો અને ભગવાનના દર્શન કરો. તેમના માતાજીને પણ આવું જ સ્વપ્ન આવ્યુ.

બીજે દિવસે સવારે શ્રી ચામુંડરાયે સ્નાન-પૂજા-ભક્તિ કરીને શુદ્ધ થઈને ચન્દ્રગિરિ પહાડની એક શિલા ઉપર ઉભા રહીને દક્ષિણ તરફ મુખ રાખીને એક સુવર્ણબાણ છોડયુ. તે બાણ બડી પહાડી

એટલે કે સામેના વિન્ધ્યગિરિના મસ્તક ઉપર લાગ્યુ. બાણ લાગ્યુ કે તુરત જ વિન્ધ્યગિરિ પર્વત કંપી ઉઠયો. પથ્થરોના પોપડા ઉખડયા અને ગોમટેશ્વરનુ એટલે કે શ્રી બાહુબલીજીનું મસ્તક દેખાયુ. શ્રી ચામુંડરાય અને તેની માતા-બંનેની આંખમાંથી ભક્તિવશાત્ અશ્રુધારા વહેવા લાગી. શ્રી ચામુંડરાયે તુરત જ અસંખ્ય મૂર્તિકારોને બોલાવ્યા. દરેક જણ હીરાની છીણી લઈને ત્યાં ગયા અને આસપાસના પથ્થરના પોપડા ઉખેડતા ગયા. તો છાતી દેખાણી અને વિશાળ હાથ ઉપર વીંટળાયેલી માધવી લતાઓ દેખાવા લાગી. ભક્ત માતાનું હૃદય ખીલી ઉઠયુ અને "જય ગોમટેશ્વર" નો ધ્વનિ ગુંજી ઉઠયો. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. ત્યારબાદ શ્રી ચામુંડરાયે કારીગરો પાસે "અખંડ વાગીલુ" નામનો મોટો દરવાજો કરાવ્યો અને આજુબાજુમાં સીડીઓ તૈયાર કરાવીને ભગવાનને અભિષેક માટેની તૈયારી કરાવી. તે વખતે એક વૃદ્ધ મહિલા નામે ગલ્લકાયજી એક નાનકડી પ્યાલીમાં દૂધ લઈને ત્યાં અભિષેક માટે આવી અને કહ્યું કે મને અભિષેક કરવા માટે જવા દો. પણ ત્યાં બિચારી આ વૃદ્ધાનું કોણ સાંભળે ? આ રીતે દરરોજ સવારે તાજું દૂધ પ્યાલીમાં લઈને આવે અને દરરોજ અભિષેક માટે વિનંતી કરે. પણ કોઈ જ તેને દાદ ન આપે. આ રીતે એક મહિનો ચાલ્યુ.

ત્યારબાદ અભિષેક માટેનો દિવસ આવ્યો. ચામુંડરાયે ૧૦૦૮ ઘડા અભિષેક માટે તૈયાર કર્યા હતા. અભિષેક શરૂ કર્યો પણ ભગવાનને અભિષેક ન થયો એટલે કે ૧૦૦૦ જેટલા ઘડામાંથી દૂધ ઢોળાવા છતાંય મૂર્તિના ગળા સુધી પણ દૂધ ન પહોંચે. આથી શ્રી ચામુંડરાયે ગભરાઈને પ્રતિષ્ઠાચાર્યને કારણ પૂછયુ. તો પ્રતિષ્ઠાચાર્યએ તેને કહ્યું કે તમને કાંઈક ગર્વ-અભિમાન થયેલ છે. તેથી દૂધ ગળેથી નીચે ઉતરતુ નથી. તેમણે (પ્રતિષ્ઠાચાર્યએ) આદેશ કર્યો કે જે વૃદ્ધ ડોશી ગલ્લકાય તેની કટોરીમાં દૂધ લઈને આવી છે. તેના હાથે પ્રથમ અભિષેક કરાવો. કેમ કે તે એક મહિનાથી આ રીતે પ્યાલીમાં દૂધ લઈને અભિષેક કરવા માટે આવે છે. પણ તમે દાદ દેતા ન હતા. આથી શ્રી ચામુંડરાયે પ્રતિષ્ઠાચાર્યના આદેશનું પાલન કર્યુ. વૃદ્ધાએ એક પ્યાલી દૂધથી મૂર્તિનો અભિષેક કર્યો, તો આખો પહાડ દૂધમય થઈ ગયો. શ્રી ચામુંડરાયને તુરત જ જ્ઞાન થયું કે આટલી મહેનત, આટલો ખર્ચ અને આટલો વૈભવ એક કટોરી દૂધની સામે પણ તુચ્છ છે.

ત્યારબાદ શ્રી ચામુંડરાયે પહાડની નીચે એક નગર વસાવ્યુ અને પોતાના ગુરુ શ્રી અજીતસેનના કહેવા મુજબ તે ગામનું નામ "શ્રવણબેલગોલા" રાખ્યુ અને તે ગામમાં ગલ્લકાય વૃદ્ધાની મૂર્તિ પણ બનાવી.

"ગોમટેશ્વર ચરિત"માં ચામુંડરાયે સુવર્ણબાણ છોડયુ કે તુરત જ ગોમટની મૂર્તિ પ્રગટ થઈ હતી તેમ ઉલ્લેખ છે. ચામુંડરાયે શિલ્પી મૂર્તિકારોને બોલાવી મૂર્તિને સુઘટીત કરાવી હતી.

"રાજા બલીકથા" અનુસાર પ્રાચીન કાળમાં રામ, રાવણ અને રાવણની રાણી મંદોદરીએ બેલગોલના ગોમટેશ્વરની વંદના કરી હતી. આ રીતે આ બાહુબલીજીની મૂર્તિની સ્થાપના ચામુંડરાયે કરાવી હતી તેમ કહેવુ બિલકુલ વ્યાજબી છે. બાકી ૫૭ ફીટની મૂર્તિ ખોદકામમાં

પ્રાપ્ત થઈ હતી અને તેને પર્વત ઉપર લાવીને પ્રતિષ્ઠિત કરી તેવી વાત ઉપરનો ઈતિહાસ જોતા બુદ્ધિગમ્ય લાગતી નથી.

"બાહુબલી ચરિત"માં આ ગોમટેશ્વરની પ્રતિષ્ઠાનો સમય સંવત ૬૦૦માં ચૈત્ર સુદ-૫ ને રવિવાર કુંભ લગ્ન મૃગશીશ નક્ષત્રનો લખેલ છે. વિદ્વાનોએ આ સંવત ઉપરથી તા. ૨૩ માર્ચ, ૧૦૨૮ નક્કી કરેલ છે. પ્રશ્ન એમ થાય છે કે શ્રી બાહુબલીજીની મૂર્તિની ઉપાસના કઈ રીતે શરૂ થઈ ? તો એમ લાગે કે આ અવસર્પીણીકાળમાં સૌ પ્રથમ શ્રી ઋષભદેવ ભગવાનથી પણ પહેલા મોક્ષ જવાવાળા ક્ષત્રિયવીર શ્રી બાહુબલીજી હતા અને તેમણે મુક્તિનો માર્ગ દેખાડયો. ત્યારથી તેમની મૂર્તિની ઉપાસના શરૂ થઈ. બીજુ કારણ એમ કહેવાય છે કે શ્રી બાહુબલીજીનો અપૂર્વ ત્યાગ, અલૌકિક આત્મનિગ્રહ અને નિજબંધુના પ્રેમના કારણે તેમના મોટાભાઈ ભરત સમ્રાટે તેમને પૂજ્યા હતા. તેથી શ્રી ભરતજી પછી સૌએ તેમનું અનુકરણ કર્યું અને તે કારણે બાહુબલીની ઉપાસના શરૂ થઈ એટલે કે પૂજવાનુ શરૂ થયુ. ત્યારબાદ શ્રી ચામુંડરાયે અનુકરણ કર્યું હતુ. તેમજ અન્ય ક્ષત્રિયોએ કારકલ અને વેણૂરમાં પણ ગોમટેશ્વરની મૂર્તિઓ સ્થાપી હતી.

સંસ્કૃતમાં "ગોમ્મટ" શબ્દનો અર્થ કામદેવ થાય છે. તેથી બાહુબલીજીની મૂર્તિ "ગોમ્મટ" નામથી પ્રખ્યાત થઈ. તેમજ સિદ્ધાન્ત ચક્રવર્તી આચાર્યપ્રવર શ્રી નેમીચંદ્રજીએ ચામુંડરાયનો ઉલ્લેખ "ગોમ્મટરાય" ના નામથી કરેલ છે અને પોતાના શિષ્ય ચામુંડરાય માટે રચેલ "પંચસંગ્રહ" ગ્રંથનું નામ "ગોમ્મટસાર" રાખ્યુ. કારણ કે ચામુંડરાયનું બીજું નામ ગોમ્મટ પણ હતુ. તેથી પણ આ મૂર્તિનું નામ "ગોમટેશ્વર" પડયુ તેમ કહેવાય છે.

આ મૂર્તિની ઊંચાઈ ૫૭ ફીટ છે. સન્ ૧૫૦૦ના શિલાલેખ નં. ૨૩૧ મુજબ તે વખતે કરાયેલ અભિષેકમાં વપરાયેલ દૂધ-દહીંનો ખર્ચ વિગેરે વિગત તેમાં લખેલ છે. સન્ ૧૩૯૮ના શિલાલેખ નં. ૧૫૪ (૧૦૫)માં લખ્યું છે કે ગોમટેશ્વરનો સાત વખત મસ્તકાભિષેક થયો હતો. શ્રી ચામુંડરાયે સુવર્ણબાણથી મૂર્તિ નીકળ્યા પછી મૂર્તિ નિર્માણ કરી ત્યારે તે મૂર્તિની આજુબાજુમાં કાંઈ જ ન હતુ. ત્યાર પછી હોયસલનરેશ વિષ્ણુવર્ધનના સેનાપતિ ગંગરાજે મૂર્તિની ફરતો કિલ્લો રક્ષાબંધી હેતુ કરાવ્યો હતો. ઈ. સ. ૧૧૧૭માં તે કિલ્લો કરાવ્યો હતો. આ કિલ્લામાં ૪૩ જિનબિંબોની સ્થાપના થઈ હતી. શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન ૩॥ ફીટના, શ્રી પાર્શ્વનાથ પ્રભુ ૫ ફીટના, શ્રી શાંતિનાથ પ્રભુ ૪॥ ફીટના, શ્રી ઋષભદેવ ભગવાન ૫ ફીટના, વિગેરે ૪૩ મૂર્તિઓની સ્થાપના કરી હતી. અગાઉ લખ્યા મુજબ દક્ષિણમાં મંદિરને "બસ્તી" કહે છે. દા.ત., સિદ્ધ બસ્તી, ઓદેગલ બસ્તી, ચોવીસ તીર્થંકરની બસ્તી-તેમ કહે છે.

અહીં શ્રવણબેલગોલામાં પ્રાચીન તાડપત્રો ઉપર લખેલા ઘણા દિગંબર જૈન શાસ્ત્રો છે, જે અહીંના ભટ્ટારકજી પાસે રહે છે. યાત્રીઓને તેઓ આ શાસ્ત્રોના દર્શન કરાવે છે. ૪૦૦ ઉપરાંત શાસ્ત્રો અહીં સાચવીને રાખ્યા છે, જે કન્નડ ભાષામાં છે. શ્રી ચામુંડરાયના ગુરુ શ્રી સિદ્ધાન્તચક્રવર્તીએ "ગોમ્મટસાર" બનાવ્યું છે. તેના દર્શન પણ તેઓ કરાવે છે. તેમાં પહેલા પાને શ્રી માનસ્થંભજી

કેમ બનાવવો તેનું પુરૂં વર્ણન ચિત્રો સાથે છે. ૧૦૦૦ વર્ષ પહેલા આ લખાયેલા છે. આ તાડપત્ર ઉપર લખેલા શાસ્ત્રો જીર્ણ થયા હોઈને તેને સાચવી રાખવા માટે તેઓ પરદેશથી મંગાવેલ ફાયરપ્રુફ-વોટરપ્રુફ કાગળ ઉપર ચોડતા જાય છે.

આ રૂમનો નવો દરવાજો સુંદર નકશીવાળો બનાવ્યો છે. જેમાં નીચેના ભાગમાં શ્રી માનસ્થંભજી કોતરેલ છે અને ઉપરના ભાગમાં ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવનું ચિત્ર કોતરેલ છે. તે સિવાય તાડપત્ર ઉપર અનેક શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં અને કન્નડ લિપિમાં કોતેરેલા (લખેલા) છે. તાડપત્રની ૨ ઈંચની પહોળી પટ્ટીમાં ૧૧ લાઈન સ્પષ્ટ સુંદર અક્ષરોમાં લખેલી છે.

ભલે તે જમાનામાં પ્રેસ કે કાગળ નહોતા. પરંતુ આચાર્યોએ તાડપત્રો ઉપર કાંટા જેવા સાધનથી એકધારા સુંદર અક્ષરોમાં શાસ્ત્રો લખ્યા છે, તે ખરેખર અજોડ છે. ગ્રેફાઈટ પાવડરથી આ અક્ષરો સ્પષ્ટ દેખાય છે. તાડપત્રો ઉપર સોય જેવી સળીથી અક્ષરો કોતરેલા છે. તાડપત્રીની બંને બાજુ કોતરેલા છે. વાસ્તવિક રીતે જૈનમાં સરસ્વતિ (દેવી) નથી. હજાર વર્ષ પહેલા આદિપુરાણ કન્નડમાં લખાયું તેમાં સરસ્વતિ એટલે જિનવાણીની સ્તુતિ કરેલી છે. આ રીતે જિનેન્દ્રદેવની વાણી સરસ્વતિ (જિનવાણી) કહેવાય. તેને બદલે લોકોએ સમજ્યા વગર સરસ્વતિ દેવીની પૂજા કરવા માંડી અને ધીરે ધીરે સરસ્વતિ દેવીની મૂર્તિની સ્થાપના કરવા માંડી. ત્યારથી ભારતના જૈનો પદ્માવતીદેવીની પૂજા કરવા માંડયા. પણ મોક્ષમાર્ગમાં તેનું સ્થાન નથી. શ્રી કુન્દકુન્દાચાર્યદેવના ચરણકમળ અહીંના નાના પહાડ ઉપર છે. તેથી શ્રી કુન્દકુન્દાચાર્યદેવ અહીં જરૂર આવ્યા હશે તેમ અનુમાન થાય છે. તેનું પ્રમાણ શોધાય છે. શ્રી ભદ્રબાહુસ્વામીની ગૂફામાં તેમના ચરણકમળના દર્શન કરવા આવ્યા હશે તેમ અનુમાન થાય છે તેમ અહીંના ભટ્ટારકજી કહે છે.

ઉપર લખવા મુજબ શ્રી ભદ્રબાહુસ્વામી સાથે ૧૨૦૦૦ શ્રમણો ઉત્તર ભારતમાંથી અહીં દક્ષિણમાં આવ્યા હતા. ૧૨ વર્ષનો દુષ્કાળ પૂરો થયા પછી કેટલાક શ્રમણો ફરી પાછા ઉત્તર ભારતમાં પાછા ગયા. તો તેમની સાથેના કેટલાક શ્રમણો જે તેમની જોડે દક્ષિણમાં આવ્યા ન હતા અને અહીં જ રહ્યા હતા, તેમને જોયા તો તેમનામાંથી ઘણાં શિથિલાચારી થઈ ગયા હતા. કોઈએ લંગોટી પહેરી હતી. તો કોઈએ સાધુના કપડા પહેર્યા હતા. આથી દક્ષિણમાંથી પરત આવેલા સાધુઓએ તેમને સમજાવ્યુ કે તમે આ શું કર્યુ ? તમે આમ કર્યુ, તેથી જૈન ધર્મ વગોવાશે અને તમને મહાન દોષ લાગશે. આથી કેટલાક શ્રમણોને લાગ્યું કે તેમણે મોટી ભૂલ કરી છે અને પશ્ચાતાપ કરીને તેઓ ફરી દિગંબર જૈન મુનિ થયા.

દક્ષિણકાશીને ઉત્તરભારતમાં જૈનબદ્રી, બાહુબલી, ગોમટેશ્વર, દક્ષિણકાશી પણ કહે છે. શ્રવણબેલગોલા શબ્દ કન્નડ ભાષાનો છે. કન્નડ ભાષામાં મૂળ તો શ્રમણ બિલીકોલા શબ્દ હતો. તેમાંથી અપભ્રંશ થતા-થતા શ્રવણબેલગોલા થયું છે. પ્રાચીન કાળમાં આ સ્થળ જૈન સાધુઓની તપોભૂમિ હતી. ઉત્તરમાં ચન્દ્રગિરિ અને દક્ષિણમાં વિન્ધ્યગિરિ (ઈન્દ્રગિરિ) નામના

બે પહાડ છે. શ્રી ભદ્રબાહુના સમાધિમરણ પછી ચન્દ્રગુપ્ત જેમનુ મુનિદીક્ષા લીધા પછી નામ વિશાખાચાર્ય હતુ, તેમણે ૧૨ વર્ષ સુધી ચન્દ્રગિરિ પર્વત ઉપર પોતાના ગુરુ શ્રી ભદ્રબાહુની સમાધિ પાસે તપ-ધ્યાન કર્યું હતુ અને પોતાનું આયુષ્ય પણ હવે અલ્પ છે તેમ જાણીને તેમણે પણ અહીં સમાધિમરણ કર્યું હતુ. તેથી વિશાખાચાર્ય જેમનું સંસાર અવસ્થામાં ચન્દ્રગુપ્ત નામ હતુ, તેમના ઉપરથી આ પહાડનું નામ ચન્દ્રગિરિ પડયુ. તે વાતને સમર્થન આપતા ઘણા શિલાલેખો અહીં છે.

એટલું તો ચોકકસ કહી શકાય કે શ્રી સમ્મેદશિખરજીની જેમ આ ગોમટેશ્વર-શ્રવણબેલગોલા પણ પવિત્ર તીર્થ છે. કેમકે અહીંથી પણ સેંકડો મુનિવરોએ તપસ્યા કરીને મુક્તિ પ્રાપ્ત કરી છે. આ સ્થાન ઉપર રહીને મહાન આચાર્યોએ ધર્મ, વ્યાકરણ, ન્યાય, વિગેરે અનેક વિષયો પર અનેક ગ્રંથોનું નિર્માણ કર્યું છે. આચાર્ય શ્રી નેમીચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તીએ અહીં રહીને દ્રવ્યસંગ્રહ, ગોમ્મટસાર, ત્રિલોકસાર, લબ્ધિસાર અને ક્ષપણાસાર, વિગેરે મહાન ગ્રંથરત્નોની રચના કરી હતી. તેમજ ઉપદેશ આપીને જૈન ધર્મની જાહોજલાલી બતાવી હતી. અહીં ગોમટેશ્વર વિદ્યાપીઠ પણ છે, જ્યાં છાત્રોને માટે નિઃશુલ્ક ધાર્મિક શિક્ષણ, ભોજન અને રહેવાની વ્યવસ્થા કરેલ છે.

હવે તો અત્યારે આધુનિક સગવડતાવાળી ઘણી ધર્મશાળાઓ બની ચૂકી છે. તેમજ શાકાહારી કેન્ટીનો પણ થઈ છે તેમ સાંભળવા મળ્યું છે. તેથી આજકાલ દેશ-વિદેશથી પુષ્કળ સંખ્યામાં લોકો અહીં આવે છે. આ ક્ષેત્ર પર્યટનનુ અને દર્શનીય સ્થળ બની ચૂકયું છે.

ચન્દ્રગિરિ પહાડ :-

વિન્ધ્યગિરિ પહાડની સામે જ ચન્દ્રગિરિ પહાડ આવેલ છે. આ પહાડ તદ્દન નાનકડી ટેકરી જેવો જ છે. જે ચઢતા માત્ર દસ મિનિટ જ થાય છે. આ પહાડને તીર્થગિરિ અથવા ઋષીગિરિ અથવા ઈન્દ્રગિરિ પણ કહે છે. પરંતુ ચન્દ્રગિરિ નામ વધુ પ્રચલીત છે અને સમ્રાટ ચન્દ્રગુપ્તના નામ ઉપરથી આ ચન્દ્રગિરિ નામ પડયુ હોઈને વધુ ઉચીત લાગે છે. અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીએ આ પહાડ ઉપર સમાધિમરણ કર્યું હતુ. તેથી જ અહીં તેમના ચરણકમળ છે. સમ્રાટ ચન્દ્રગુપ્તે (વિશાખાચાર્ય-મુનિદશાનું નામ) પણ તેમના ગુરુની સેવામાં અહીં જ જીવન વિતાવ્યુ હતુ અને તેમણે પણ વ્રત-તપ કરીને સંલ્લેખનાવ્રત ધારણ કરીને અહીં જ સમાધિમરણ કર્યું હતુ. ચન્દ્રગિરિ પહાડ ઉપર શ્રી ભરતજીની પણ મૂર્તિ છે. શ્રી બાહુબલીજી અને શ્રી ભરતજી-બંને સામસામા પહાડ ઉપર ઉભા રહીને જાણે કે આત્માનુભવની વાતો કરતા હોય તેમ શોભી રહ્યા છે. આ પહાડ ઉપર શ્રી શાંતિનાથ બસ્તી, શ્રી સુપાર્શ્વનાથ બસ્તી, શ્રી પાર્શ્વનાથ બસ્તી, શ્રી કતલે બસ્તી, શ્રી ચન્દ્રગુપ્ત બસ્તી, શ્રી ચન્દ્ર પ્રભુ બસ્તી, શ્રી ચામુંડરાય બસ્તી, વિગેરે છે. તે સિવાય અહીં ભદ્રબાહુ ગૂફા છે કે જ્યાં અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીના ચરણકમળ છે.

**ચામુંડરાય શિલા :-**

ચન્દ્રગિરિ પહાડની નીચે જે શિલા છે, તેને "ચામુંડરાય શિલા" કહે છે. કારણ કે ચામુંડરાયે આ શિલા ઉપર ઉભા રહીને વિન્ધ્યગિરિ પહાડ ઉપર સુવર્ણબાણ છોડયું હતું. શિલા ઉપર જૈન ગુરુઓના ચિત્રો છે. ત્યાં તેનું નામ પણ કોતરેલ છે. ચન્દ્રગિરિ અને વિન્ધ્યગિરિ પહાડોની વચ્ચે શ્રવણબેલગોલા ગામ આવેલું છે. ત્યાં પણ ભંડારી બસ્તી, અક્કન બસ્તી, સિદ્ધાન્ત બસ્તી, નગર જિનાલય, જૈન મઠ, વિગેરે આવેલા છે.

શ્રવણબેલગોલા ગામથી આશરે ૧॥ કિ.મી. દૂર જિનનાથપુર નામનુ ગામ છે. ત્યાં શ્રી શાંતિનાથ બસ્તીમાં શ્રી શાંતિનાથ પ્રભુની ૫॥ ફીટ ઉંચી ભવ્ય અને દર્શનીય મૂર્તિ છે.

**ચન્દ્રગિરિ પહાડ ઉપરના મંદિરોનું વર્ણન :-**

૧) શ્રી પાર્શ્વનાથ બસ્તી (મંદિર) : આ મંદિર સુંદર અને વિશાળ છે. અંદર શ્રી પાર્શ્વનાથ ભગવાનની સપ્તફેણવાળી મનોજ્ઞ, કાયોત્સર્ગ પ્રતિમાજી છે. મંદિરની સામે માનસ્થંભજી છે. મંદિરની ચારે બાજુ યક્ષ-યક્ષિણીઓની મૂર્તિઓ છે.

૨) શ્રી કતલે બસ્તી : શ્રી આદિનાથ ભગવાનનું આ બહુ મોટું મંદિર છે. ગર્ભગૃહમાં પ્રદક્ષિણા દેવાની સગવડતા છે. એક જ દરવાજો છે. મંદિરમાં એક પણ બારી નથી, તેથી મંદિરમાં અંધકાર છે. તે પરથી જ મંદિરનું નામ કતલે (અંધકાર) બસ્તી પડયું છે. આ મંદિરનું નિર્માણ હોયસલ રાજા વિષ્ણુપતિના સેનાપતિ ગંગરાજે પોતાના માટે કરાવ્યું હતું.

૩) શ્રી ચન્દ્રગુપ્ત બસ્તી : સમ્રાટ ચન્દ્રગુપ્તે આ નાનુ પણ સુંદર મંદિર કરાવ્યું હતું. ત્રણ ગર્ભગૃહ અને મુખ્ય મંડપ સાથેના આ મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. મુખ્ય મંડપમાં દિવાલ ઉપર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ અને સમ્રાટ ચન્દ્રગુપ્તના જીવનવૃતાંતના કેટલાક પ્રસંગો કોતરેલા છે.

૪) શ્રી શાંતિનાથ મંદિર : આ મંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાનના ૧૧ ફીટ ઊંચા મનોહર પ્રતિમાજી છે. ભીંતચિત્રોથી સુશોભિત આ મંદિર દર્શનીય છે.

૫) શ્રી સુપાર્શ્વનાથ બસ્તી : આ મંદિરમાં સપ્તફેણી ૩ ફીટની શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે.

૬) શ્રી ચન્દ્ર પ્રભુ બસ્તી : શ્રી પાર્શ્વનાથ બસ્તીની બાજુમાં જ આ મંદિરમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની ૩ ફીટની મૂર્તિ છે. આ મંદિરની સામે જ એક શિલાલેખ છે. જેના ઉપરથી ખ્યાલ આવે છે કે આ મંદિર શ્રી પુરુષના પુત્ર ગંગરાજ (બીજા) શિવમાર દ્વારા સન ૮૦૦માં નિર્માણ થયું હતુ.

૭) શ્રી ચામુંડરાય બસ્તી : ચન્દ્રગિરિ પર્વત ઉપર શિલ્પકળાની દૃષ્ટિએ ચામુંડરાય મંદિર સર્વશ્રેષ્ઠ અને વિશાળ છે. આ મંદિરમાં તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનની ૫ ફીટ ઊંચી

પ્રતિમા છે. બાજુમાં યક્ષ-યક્ષિણીઓની મૂર્તિ છે. આ મંદિર શિખરબંધી મંદિર છે. અહીં પણ શિલાલેખ નં. ૨૨૩ છે, જેમાં આ મંદિર શ્રી ચામુંડરાયે સન ૯૦૨ લગભગમાં કરાવ્યાનો ઉલ્લેખ છે. આ મંદિરની ઉપર પણ મંદિર છે, જેમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. શિલાલેખ નં. ૬૭ ઉપરથી એમ નકકી થાય છે કે આ ઉપરનું મંદિર ચામુંડરાયના પુત્ર જિનદેવે નિર્માણ કરાવ્યું છે. આચાર્ય શ્રી નેમીચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તીએ આ મંદિરમાં બેસીને મહત્વનો ગ્રંથ "ગોમ્મટસાર", વિગેરેની રચના કરી હતી. તેથી આ મંદિરનું નિર્માણ મહત્વ ઘણું છે. શ્રી ચામુંડરાયનુ બીજુ નામ ગોમટ હતુ તેમ કહેવાય છે. તેથી શ્રી ચામુંડરાયના નામ ઉપરથી આ શાસ્ત્રનું નામ "ગોમ્મટસાર" રાખેલ છે. (જુઓ ગોમ્મટસાર કર્મકાંડ ગાથા)

૮) શ્રી શાસન બસ્તી : ગર્ભગૃહમાં શ્રી આદિનાથ ભગવાનની ૫ ફીટની પ્રતિમા છે. તેમજ મુખ્ય મંડપમાં યક્ષ-યક્ષિણીની મૂર્તિ છે. આ મંદિર ગંગરાજ દ્વારા સન ૧૧૧૭ શક સંવત ૧૦૩૨માં ફાગણ સુદ-૫ના રોજ નિર્માણ થયાનો અહીં લેખ છે.

૯) શ્રી મજ્જીગણ બસ્તી : અહીં ૩।। ફીટની શ્રી અનંતનાથ ભગવાનની મૂર્તિ છે. આ કળામય મંદિર હોયસલના શાસનકાળ દરમ્યાન થયું હોવાનુ અનુમાન છે.

૧૦) શ્રી એરડુકટ્ટે બસ્તી : આ મંદિરનું નામ કન્નડ ભાષામાં છે. આ મંદિરમાં શ્રી આદિનાથ ભગવાનના ૫ ફીટના ભવ્ય પ્રતિમાજી છે. આ મંદિરને ઉભય વેદીકા મંદિર પણ કહે છે. આ મંદિરની બંને બાજુ ચબુતરા છે અને વચ્ચે સીડી છે. તેથી કદાચ તેનું નામ ઉભય વેદીકા પડયુ હોય. અહીંના શિલાલેખ નં. ૬૩ થી નકકી થાય છે કે ગંગરાજ સેનાપતિની પત્ની શીલવતી લક્ષ્મીદેવીએ આ મંદિર નિર્માણ કરાવેલ છે.

૧૧) શ્રી સવતીગંધવારણ બસ્તી : આ વિશાળ મંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાનની ૫ ફીટની પ્રભાવશાળી ભવ્ય મૂર્તિ છે. આ મંદિર સન્ ૧૧૨૩માં વિષ્ણુવર્ધન મહારાજાની રાણી શાંતલાદેવીએ બંધાવ્યું છે. આ મંદિર ૭૦ ફીટ લાંબુ અને ૩૫ ફીટ પહોળુ છે.

૧૨) શ્રી તેરીન બસ્તી : આ મંદિર પણ ૭૦ ફીટ લાંબુ અને ૩૫ ફીટ પહોળુ છે. આ મંદિરનો ઘાટ રથ જેવો છે. તેરીનનો અર્થ રથ થાય છે. તેથી રથાકાર મંદિરનું નામ તેરીન રાખ્યુ હશે. આ રથાકાર મંદિર ઉપર બાવન મૂર્તિઓ કોતરેલી છે. તેથી તેને નંદીશ્વર મંદિર પણ કહે છે.

૧૩) શ્રી શાંતિશ્વર બસ્તી : હોયસલના સમયનું આ મંદિર છે, જેમાં શ્રી શાંતિનાથ પ્રભુની ૪ ફીટની પ્રતિમા છે. ઘુમ્મટ ઉપર સારી કારીગરી છે.

૧૪) શ્રી કુગે બ્રહદ્દેવ સ્થંભ : ચન્દ્રગિરિ પહાડની દક્ષિણ તરફ આ ઊંચો સ્થંભ છે, જેની ઉપર બ્રહ્મદેવની એક નાનકડી મૂર્તિ છે. આ સ્થંભ ગંગરાજ ભારસિંહનું સ્મારક છે. તેનું મૃત્યુ સન્ ૯૬૪માં થયું હતું.

૧૫) શ્રી મહાનવમી મંડપ : શ્રી શાંતિનાથ મંદિરથી ઉત્તર દિશામાં એક શિલા ઉપર બે થાંભલાથી આ મંડપ નિર્માણ થયેલ છે, જે સન ૧૧૭૬માં થયેલ છે. અહીં નયકિર્તિ આચાર્યના સમાધિમરણનો ઉલ્લેખ શિલાલેખમાં છે.

૧૬) શ્રી ભરતેશ્વર : શ્રી શાંતિનાથ ભગવાનની ઉપર તરફ અને મહાનવમી મંડપની પશ્ચિમ તરફ શ્રી બાહુબલીજીના મોટાભાઈ શ્રી ભરતેશ્વરની ૯ ફીટ ઊંચી મૂર્તિ છે. આ મૂર્તિ ફકત ઢીંચણ સુધીની જ બનાવીને મૂકી છે. તેથી આમ અધૂરી મૂર્તિ કેમ હશે તે પ્રશ્ન જરૂર થાય. નવમી સદીના શિલાલેખથી અનુમાન થાય છે કે શ્રી અરીષ્ટનેમી દ્વારા આ મંદિરનું નિર્માણ થયેલ છે.

૧૭) ભદ્રબાહુ ગૂફા : કોટની બહાર પૂર્વ દિશામાં આ ગૂફા છે. અહીં અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ આચાર્યના ચરણકમળ છે. શ્રી ભદ્રબાહુસ્વામી અહીં આ ગૂફા ઉપર તપ-ધ્યાન કરતા હતા અને પોતાનુ આયુષ્ય હવે અલ્પ છે તેમ તેમના જ્ઞાનમાં આવતા તેમણે અહીં જ સમાધિમરણ કર્યું હતુ. તેથી આ ગૂફાનું નામ ભદ્રબાહુ ગૂફા રાખેલ છે. તેમના શિષ્ય ચન્દ્રગુપ્તે (મુનિ વિશાખાચાર્ય) તેમની અહીં ખૂબ સેવા કરી હતી. તેમણે પણ અહીં સમાધિમરણ કર્યુ હતુ. તેથી તેમના ચરણકમળ પણ અહીં છે. આ ગૂફાસ્થાન અત્યંત શાંતિમય છે.

૧૮) શ્રી ચામુંડરાય ગુંડુ (શિલા) : ચન્દ્રગિરિ પહાડ ચઢતા વચ્ચે રસ્તામાં આ શિલા આવે છે કે જેના ઉપર ઉભા રહીને શ્રી ચામુંડરાયે સામા વિન્ધ્યગિરિ પહાડ ઉપર સુવર્ણબાણ છોડયુ હતુ, જેના ફળ સ્વરૂપે શ્રી ગોમટેશ્વરની મૂર્તિના દર્શન થયા હતા. અહીં અનેક જિનબિંબો અને મુનિઓના ચિત્રો કોતરેલા છે.

આપણા શ્રી સમયસારજી શાસ્ત્રમાં શ્રી કુન્દકુન્દાચાર્યદેવના મહિમા સંબંધી જે શ્લોકો છાપેલા છે. તે અહીંના ચન્દ્રગિરિ પહાડ ઉપરના શિલાલેખોમાંથી જ મળેલા છે. ચન્દ્રગિરિ પહાડ ઉપર પ્રાકૃત ભાષામાં કન્નડી લિપિમાં સ્થંભો ઉપર હજૂ આ શ્લોકો કોતરેલા છે. ચન્દ્રગિરિ પહાડ ઉપરની શ્રી ભરતજીની મૂર્તિને કોઈ દ્વેષીએ ખંડિત કરી છે. લીંગ ઉપર તથા અન્ય ભાગમાં ખંડિત કરી છે.

આ રીતે શ્રવણબેલગોલાનો સુવર્ણ ઈતિહાસ અહીં પૂર્ણ કરતા મને આનંદ થાય છે.

*અંદરમાં અનંતી શક્તિ પડી છે, પુરૂષાર્થ કરે તો પ્રગટે.*
*ક્ષણે ક્ષણે દેવ-શાસ્ત્ર-ગુરુની આરાધના કરવી તે બાહ્ય સામગ્રી છે.*
*ક્ષણે ક્ષણે આત્માની આરાધના કરવી તે અંતરની સામગ્રી છે.*

# શ્રવણબેલગોલનગર

શ્રવણબેલગોલા પાસે એક નાનુ ગામ છે. તેને શ્રવણબેલગોલનગર કહે છે. અહીં અનેક પ્રાચીન અને દર્શનીય જિનમંદિરો છે, જેનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી ભંડાર બસ્તી : આ વિશાલ મંદિર મઠની પાસે છે. તેમાં ચોવીસ તીર્થંકર ભગવંતોની મૂર્તિ છે. કલાની દષ્ટિએ આ મંદિર અનુપમ અને ભવ્ય છે. સામે માનસ્થંભજી છે. તેની પાસે જ પાંડુકશીલાની રચના છે.

મંદિર નં. ૨ : શ્રી અક્કન બસ્તી : હોયસલ સમયનું આ મંદિર અત્યંત સુંદર, આકર્ષક અને કલામય છે. અહીં સપ્તફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૫ ફીટની મૂર્તિ છે. પ્રભાવલીમાં ચોવીસ તીર્થંકરોની મૂર્તિઓ છે. બહારની બાજુમાં પદ્માવતી અને ધરણેન્દ્રની મૂર્તિઓ છે. આ મંદિરના થાંભલા ચમકતા કસોટી પથ્થરના બનેલા છે. આ મંદિરનું શિખર મેરૂ જેવું છે.

મંદિર નં. ૩ : શ્રી સિદ્ધાન્ત બસ્તી : અક્કન મંદિરની પશ્ચિમે આ મંદિર છે, જેમાં જૈન ધર્મના મહાન શાસ્ત્રો જેવા કે ધવલા, જય ધવલા, મહા ધવલા, વિગેરે રાખવામાં આવતા હતા. શક ૧૬૨૦માં ચોવીસ તીર્થંકર ભગવંતોની પ્રતિષ્ઠા થયેલી છે. એવું અનુમાન થાય છે કે શ્રી નેમીચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તીએ આ ક્ષેત્રમાં અધ્યયન કર્યું હતુ.

મંદિર નં. ૪ : શ્રી દાનશાલે બસ્તી : આ મંદિરમાં પંચપરમેષ્ઠીની મૂર્તિ બિરાજમાન થયેલી છે.

આ રીતે અહીં બીજા પણ મંદિરો છે. તે સિવાય અહીં જૈન મઠ પણ છે, જ્યાં શ્રી ચારુકિર્તિ પંડિતાચાર્યવર્યસ્વામીજી રહે છે. શ્રી બાહુબલી ભગવાનની પ્રતિષ્ઠા પછી આ મઠમાં ગુરુવર નેમીચંદ સિદ્ધાન્તચક્રવર્તીની સ્થાપના કરી હતી. આ મઠમાં વિશાલ ગ્રંથસંગ્રહ છે. તેમજ અહીં ત્રણ મંદિરો છે. આ મઠની દિવાલો ઉપર કલાત્મક ચિત્રો પણ છે. અહીં નવ દેવતાની મૂર્તિઓ પણ છે.

શ્રવણબેલગોલનગર નાનકડું ગામ છે. અહીં જોઈતી ચીજ-વસ્તુઓ મળી રહે છે. અહીં પોપૈયા તથા લીલા નાળીયેર સારા પ્રમાણમાં મળે છે. અહીંથી લગભગ ૧॥ કિ.મી. ના અંતરે જિનનાથપુરી છે, જ્યાં ચાલતાં પણ જઈ શકાય તેમ છે.

*જગતને રૂડું દેખાડવા માટે અનંતવાર પ્રયત્નો કર્યા; તેથી રૂડું થયું નથી.....*
*એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે,*
*તો અનંત ભવનું સારું વળી રહેશે.*

# જિનનાથપુરી

ગામમાં ત્રણ જિનમંદિરો છે. "નગર જિનાલય" નામે એક મંદિર છે. તેમાં અંદર ઊંડે-ઊંડે શ્રી આદિનાથ પ્રભુ છે. બેટરી સિવાય ભગવાનના દર્શન ન થાય તેટલુ અંધારૂ છે. અહીં દક્ષિણમાં ઘણા મંદિરો અંદર ઊંડે-ઊંડે હોવાથી ખૂબ જ અંધારૂ હોય છે. તેથી આ તરફની યાત્રામાં બેટરી સાથે હોવી ખાસ જરૂરી છે.

બીજું મંદિર - શ્રી અંકના બસ્તી છે, જે ઈ.સ. ૧૧૮૧માં બંધાયેલ છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. અહીં ઘણા પ્રાચીન શિલાલેખો કન્નડમાં કોતરેલા છે. કસોટી પથ્થરના મોટા નકશીવાળા ચાર સ્થંભો છે. બખાલાના બ્રાહ્મણ પ્રધાનની પત્નીએ આ મંદિર બંધાવ્યુ હતુ તેમ લેખ છે. જિનનાથપુરીનું જે મોટું મંદિર છે તેમાં ફેણવાળા મોટા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને આશરે ૫ ફીટના છે. **પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ વિ. સં. ૧૯૯૧ના ચૈત્ર સુદ-૧૩ (મહાવીર જયંતિ) ના રોજ સોનગઢમાં સ્ટાર ઓફ ઈન્ડિયા મકાનમાં સ્વ. શ્રી હરીભાઈ ભાચાણીની હાજરીમાં બપોરે ૧:૦૦ વાગે જ્યારે પરિવર્તન કર્યું હતું, ત્યારે આ પ્રતિમાજીનો ફોટો સ્વ. શ્રી હરીભાઈ ભાચાણી ત્યાં લાવ્યા હતા અને આ ફોટાની સમક્ષ સ્વ. શ્રી હરીભાઈ ભાચાણી ચૈત્ય વંદનનો પાઠ બોલ્યા હતા અને તે સમયે પૂજ્ય ગુરુદેવશ્રીએ પરિવર્તન કર્યું હતું. આ ફોટો સોનગઢમાં શ્રી સ્વાધ્યાય મંદિર હોલમાં આજે પણ લગાવેલો છે અને તે ફોટા નીચે લખેલ છે કે પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ફોટા સમક્ષ પરિવર્તન કર્યું હતું. આ રીતે જિનનાથપુરીની શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિનું આપણા માટે મહત્વ ગણાય.**

દક્ષિણમાં યક્ષ-યક્ષિકાઓની મૂર્તિઓ લગભગ બધા જ મંદિરોમાં હોય છે, જે કાં તો પ્રતિમાજીના આગળના ભાગમાં, કાં તો બાજુમાં અને કાં તો બહારના ભાગમાં હોય છે. કોઈ-કોઈ સ્થળે સરસ્વતિની મૂર્તિ પણ હોય છે. જિનનાથપુરીમાં શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર પણ છે. જેમાં શ્રી શાંતિનાથ ભગવાન ૫ ફીટના છે, જે શ્યામ આરસના છે. ચારે બાજુ કિંમતી કસોટી પથ્થરના નકશીકામવાળા થાંભલા છે. છતમાં પણ ઘણું નકશીકામ છે. ઉપરનું શિખર તૂટી ગયું છે.

જિનનાથપુરીના બીજા મંદિરના બહારના ભાગમાં ફરતુ ઘણું જ નકશીકામ છે. જુદી-જુદી મૂર્તિઓ કોતરેલી છે, જે લગભગ બધી જ ખંડિત થયેલી છે. બધા જ ભગવાનના મોઢા ખંડિત થયેલા છે.

*તીર્થક્ષેત્રની યાત્રા કરતાં અનંતા સિદ્ધોને ભેટયાં જેટલો આનંદ થાય છે.*
*જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ અંશે સિદ્ધ સમાન અનુભવ થાય છે.*

# હલેબીડ

આ તીર્થક્ષેત્ર શ્રવણબેલગોલાથી ૯૦ કિ.મી. અને વેણૂરથી માત્ર ૧૫ કિ.મી. દૂર આવેલ છે. એક કાળમાં અહીં ૭૨૦ જિનમંદિરો હતા તેમ કહેવાય છે. જુઓ-વિચારો કે તે વખતે હલેબીડની અને જૈન ધર્મની કેટલી જાહોજલાલી હશે ? એક ગામમાં ૭૨૦ જિનમંદિરો એટલે શું ? આ મંદિરોનો લીંગાયતોએ નાશ કર્યો હતો, જેના ભગ્નાવશેષ આજે પણ જૈન ધર્મના ગૌરવનું સ્મરણ કરાવે છે. હોયસલ નરેશ વિષ્ણુવર્ધનની રાજધાની હલેબીડમાં હતી. તેનો રાજ્યકાળ સન ૧૧૧૧ થી ૧૪૪૧ ઈ.સ. હતો. રાજા પહેલા જૈન હતા. ત્યારબાદ ઈસ. ૧૧૧૭માં રામાનુજના પ્રભાવથી તેઓ વૈષ્ણવ થયા હતા. તેની સ્મૃતિરૂપે તેમણે વેણૂરમાં એક ખૂબ મોટું વૈષ્ણવનું મંદિર નામે "કેશવમંદિર" કરાવ્યું હતું. કોઈ કહે છે કે તેમણે અમુક જૈન મંદિરોનો નાશ કરાવ્યો હતો. પણ આ વાત સાચી મનાતી નથી. કેમ કે તેઓ ભલે વૈષ્ણવ થયા હતા. પરંતુ, તેમના રાણી તો ચુસ્ત જૈન જ રહ્યા હતા. તેઓ જૈન મંદિરોમાં દાન પણ આપતા હતા. તેથી મંદિરોનો વિષ્ણુવર્ધન રાજાએ નાશ કરાવ્યો હતો તેવી વાતમાં કાંઈ જ તથ્ય લાગતુ નથી.

"સ્થળ પુરાણ"માં વર્ણન એમ છે કે વિષ્ણુવર્ધને વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યા પછી જૈનોને ત્રાસ આપ્યો હતો અને જૈન મંદિરોને નુકશાન પહોંચાડયું હતું. તેથી ત્યાર પછીથી હલેબીડમાં અનેકવાર ધરતીકંપ થયો હતો. તેમજ કુદરતી આપત્તિઓથી રાજા હેરાન-પરેશાન થઈ જવાથી તેમણે શાંતિયજ્ઞ કરાવ્યો હતો, જે વ્યર્થ ગયો હતો. છેવટે વિષ્ણુવર્ધને ખૂબ જ વિનયપૂર્વક ક્ષમા માગી અને ત્યારથી જૈન ધર્મનો વિરોધ નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી અને પૂર્વવત્ જૈન મંદિરોમાં દાન દેવાનું શરૂ કર્યું. ત્યારબાદ શાંતિ વિધાન કરતા રાજ્યમાં શાંતિ થઈ હતી.

મંદિર નં. ૧ : હલેબીડમાં ઈ.સ. ૧૧૩૩માં બોપ્પાએ તેના પિતા ગંગરાજની સ્મૃતિમાં ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરનું નિર્માણ કર્યું, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૪ ફીટ ઊંચી કાળા પાષાણની મનોજ્ઞ પ્રતિમા છે. મૂર્તિની બંને બાજુ ધરણેન્દ્ર અને પદ્માવતીની મૂર્તિઓ છે. આ મંદિરમાં કિંમતી કસોટી પથ્થરના ચૌદ થાંભલા છે. આગળના બે સ્થંભો ઉપર પાણી નાખવાથી તે કાળા રંગમાંથી હરા વર્ણના થઈ જાય છે. મંદિર બહારથી સાદુ લાગે છે. પણ મંદિરની કારીગરી દર્શનીય છે. કહેવાય છે કે જે દિવસે આ મંદિરની પ્રતિષ્ઠા થઈ તે જ દિવસે તેને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી. તેથી તેના હર્ષોલ્લાસમાં વિષ્ણુવર્ધને ખૂબ દાન દીધું હતું અને શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને તેણે તેના પુત્રનું નામ "વિજય પાર્શ્વનાથ" રાખ્યું હતું.

મંદિર નં. ૨ : આ સિવાય અહીં બીજા બે મંદિરો પણ છે. એક મંદિરમાં તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિ છે. આ મંદિર સન્ ૧૧૩૮માં હેગડે મલ્લિમાયાએ કરાવ્યું

હતું. બીજુ મંદિર સન્ ૧૨૦૪માં થયું હતુ. તેમાં ૧૨ ફીટ ઉંચા શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસને છે. અહીં પણ ઘણા શિલાલેખો છે. મૂર્તિને અભિષેક કરવા માટે બંને બાજુ સીડી કરાવેલ છે. મંદિરની સામે માનસ્થંભજી છે કે જેના ઉપર ગોમટેશ્વર (બાહુબલીજી) ની મૂર્તિ છે. સામાન્ય રીતે બીજે ક્યાંય ગોમટેશ્વરની મૂર્તિ માનસ્થંભજી ઉપર જોવા મળતી નથી.

હલેબીડમાં હોયસલેશ્વર નામનું એક મંદિર પણ જોવાલાયક છે, જેમાં ઘણી જ કારીગરી છે. ઈતિહાસ કહે છે કે આ મંદિર બનાવવામાં ૮૬ વર્ષ થયા હતા. છતાંય અધુરુ રહી ગયું હતું. જેનું શિખર આજ સુધી પુરુ થયું નથી. (હવે હમણાં છેલ્લા વર્ષોમાં પુરૂ થયું હોય તો આ લખનારને ખબર નથી. તેમણે તેની યાત્રા કરી તે વખતની સ્થિતિ લખી છે.) મંદિરની બહારની દિવાલો ઉપર હાથી, સિંહ, અનેક પ્રકારના પક્ષીઓ અને દેવ-દેવીના દશ્યો છે. તે સિવાય ૭૦૦ ફીટની લંબાઈમાં રામાયણનું દશ્ય બતાવ્યું છે. આજે હલેબીડમાં જૈનોની વસ્તી નથી. તેમજ સડકની એક બાજુ તરફ આવેલું હોવાથી ત્યાં ઓછા યાત્રિકો જાય છે.

મંદિર નં. ૩ : આ મંદિરમાં ૧૪ ફીટના શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસને છે. આગળ ચોકમાં પથ્થરના નક્શીવાળા ૩૦ થાંભલા છે. આ મંદિર ઘણું મોટું છે. એક જ કમ્પાઉન્ડમાં ત્રણેય મંદિરો આવેલા છે. ત્રણેય મંદિરોમાં ભગવાન અંદર ઊંડે-ઊંડે જ છે. તેથી બેટરી સાથે હોય તો જ ભગવાનના દર્શન થાય તેમ છે.

તે સિવાય હલેબીડમાં નાના મ્યુઝિયમ જેવું છે. તેમાં દરેક ધર્મની ખંડિત મૂર્તિઓ રાખેલી છે. આ મ્યુઝિયમ સરકારે સંભાળેલું છે. અહીં શ્રી બાહુબલીજીની મોટી મૂર્તિ હાથ તોડેલી પડી છે. આ જ કમ્પાઉન્ડમાં વૈષ્ણવનું પ્રાચીન મંદિર છે. અંદર-બહાર ઘણું જ બારીક નકશીકામ કરેલ છે. તેમજ રામાયણ, ભાગવત્ તેમજ મહાભારતના ઐતિહાસિક દશ્યો કોતરેલા છે. શંકરનું લિંગ છે. તેની સામે કાળા આરસનો મોટો નંદી છે. તેમજ કસોટીના કિંમતી પથ્થરના મોટા-મોટા નકશીવાળા થાંભલા છે. હલેબીડ નાનુ ગામ છે. અહીં દાળીયા, બિસ્કીટ, ચા, શ્રી ફળ, કેળા, વિગેરે મળે છે.

અહીં દક્ષિણમાં કોઈ મંદિરોમાં ભંડાર રાખતા નથી. મંદિરમાં યાત્રિકો દર્શન કરવા જાય, ત્યારે પૂજારી ઘીના દીવાની નાની આરતી આપે છે અને આરતીમાં યાત્રિકો જે પૈસા મૂકે તે પૂજારી રાખે છે. કોઈએ એમ કહ્યું કે કોઈ મંદિરમાં દાનભંડાર હોય તો તે ભંડારની રકમ સરકાર વ્યવસ્થાખર્ચનાં બહાને લઈ જાય છે. આ પ્રાચીન મંદિરોની રક્ષા માટે-સાચવવા માટે સરકારને ખર્ચ થાય છે તે માટે સરકાર ભંડારની રકમ લઈ જાય છે તેમ કહ્યું.

*અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા અને તારી નિજ ચૈતન્યશક્તિને સંભાળ !.....*
*ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ અને થશે પણ નહિ.*

# બેલુરમઠ

હલેબીડથી બેલુરમઠ આશરે ૧૪ કિ.મી. દૂર છે. આ બેલુરમઠ અન્ય ધર્મીઓનું ઐતિહાસિક સ્થળ છે. વિષ્ણુવર્ધનના સમયમાં ઈ. સ. ૧૧૧૭માં આ મઠ બંધાયેલો છે. આ માહિતી ત્યાં સરકારી બોર્ડ મૂકેલું છે તેના ઉપરથી લખેલી છે. આ મંદિર ૮૫૦ વર્ષ જૂનું છે. આ મંદિરમાં તિરૂપતી બાલાજીની મોટી મૂર્તિ છે. અહીં કિંમતી કસોટી પથ્થરના ઘણા જ મોટા અને ઘણી નક્શીવાળા થાંભલાઓ છે. અંદર મૂર્તિના દર્શન કરવાની ટીકીટ લેવી પડે છે. પણ તે ટીકીટમાં ગાઈડ સાથે આવીને બધુ જ બતાવે છે અને સમજાવે છે. બીજુ વિષ્ણુમંદિર છે. દરવાજે ગરૂડમૂર્તિ છે. એક જ પથ્થરમાં દશાવતાર કોતરેલ છે. બહાર ફરતી છતમાં ૪૨ મૂર્તિઓ કોતરેલી છે. અંદર તેમની કોઈ દેવીની મૂર્તિ છે. તેમજ સાત મોઢાનો ફેણવાળો મોટો સર્પ પણ બનાવેલો છે. કસોટીના એક જ થાંભલામાં આખા મંદિરના બધા જ દશ્યો કોતરેલા છે. દરવાજા ઉપરનું શિખર ઘણું જ-ખૂબ જ ઊંચુ છે. અંદરનું આખું કમ્પાઉન્ડ પથ્થરથી પાકુ બાંધેલું છે, જે ખૂબ જ મોટું છે. છતાંય સફાઈ ઘણી જ હોય છે. બેલુરમઠની વિશાળ જગ્યા અને નક્શીકામના કારણે આ સ્થળ ભારતમાં વખણાય છે.

હોયસલ નરેશ વિષ્ણુવર્ધનની રાજધાની પહેલાં હલેબીડમાં હતી. પાછળથી તેણે પોતાની રાજધાની બેલુરમાં ફેરવી હતી. વિષ્ણુવર્ધને જૈન ધર્મ છોડી વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યા પછી ઈ.સ. ૧૧૧૭માં જે વૈષ્ણવનું મોટું મંદિર "કેશવમંદિર" બંધાવ્યુ હતુ તે આ મંદિર છે. આ મંદિરમાં દિવાલ ઉપર રામાયણ અને મહાભારતના ચિત્રો કોતરેલાં છે. આ મંદિરમાં પ્રવેશદ્વાર ઉપર વિષ્ણુ, લક્ષ્મીનારાયણ, વર્ણનાથ, શિવ, વિગેરેની મૂર્તિઓ છે. તે સિવાય અહીં અન્ય દેવ-દેવીઓ જેવા કે ભૈરવ, દુર્ગા, બ્રહ્મા, તાંડવેશ્વર, વિષ્ણુ, વિગેરેની મૂર્તિઓ પણ છે. કર્ણાટકમાં અન્ય ધર્મીઓનું આ દર્શનીય સ્થળ છે.

# હાસન

શ્રવણબેલગોલાથી ૫૨ કિ.મી. દૂર હાસન છે. અહીં બે જિનમંદિરો છે. અહીં સાર્વજનિક ભોજનાલય છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસને છે. તે સિવાય બીજા પ્રતિમાજી પણ છે. તે સિવાય પંચધાતુના ખડ્ગાસને નાના-નાના ઘણા પ્રતિમાજી છે. અહીં સફેદ આરસની બાહુબલીજીની ૪॥ ફીટની ખડ્ગાસન પ્રતિમાજી પણ છે. તે સિવાય પંચધાતુના બાવન જિનાલય છે.

# ધર્મસ્થલ

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : મેંગલોર - ૭૦ કિ.મી.
  બસ સ્ટેશન : ધર્મસ્થલ
- પહોંચવાનો સરળ માર્ગ ...: બેલૂર, હાસન, મેંગલોરથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: મેંગલોર - ૭૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: મૂડબિદ્રી - ૫૨ કિ.મી., કારકલ - ૬૮ કિ.મી., વેણૂર - ૩૫ કિ.મી.

બેલુરમઠથી ધર્મસ્થલ બસ રસ્તે ૭૨ કિ.મી. છે. બેલુરમઠથી ધર્મસ્થલ જતાં રસ્તા ઉપર બંને બાજુ પુષ્કળ ઝાડી છે. તેથી બસમાં જરાયે ગરમી લાગતી નથી. ઉલ્ટાનુ ખુશનુમા વાતાવરણ લાગે છે અને ઠંડી હવા આવે છે. રસ્તાની બંને બાજુ ખૂબ જ મોટા અને ખૂબ જ ઊંચા ઝાડ છે. બસમાં એક કલાક જેટલા દૂર ગયા પછી એટલે કે આશરે ૪૦ કિ.મી. દૂર ગયા પછી ઘાટનો રસ્તો આવે છે. પહાડમાંથી કોરીને રસ્તો કાઢયો છે. આ રસ્તો એકદમ ગોળાકાર રસ્તો છે. એક બાજુ ઊંચા પહાડ અને ખૂબ ઊંચા ઝાડ છે અને બીજી તરફ ખૂબ ઉંડી ખાઈ છે. ઝીગઝાગ-સર્પાકાર ગોળ રસ્તો છે. ડ્રાયવર ખૂબ જ હોંશિયાર જોઈએ. નહીંતર સામેથી આવતા વાહન સાથે બસ ટકરાય તો બસ સીધી ખાઈમાં જ પડે. લગભગ ૦ાા કલાક સુધી આવો રસ્તો આવે છે. ત્યારબાદ પહાડમાં ઉપર ચઢાણવાળો રસ્તો છે. આ ચઢાણ ચઢયા પછીથી એકદમ નીચા ઢાળમાં-ખૂબ જ ઢાળમાં વાંકો ગોળાકાર રસ્તો છે. આટલું હોવા છતાંય બધે જ પાકો ડામર રોડ છે. ત્યારબાદ ૦ાાા કલાક સુધી સીધો રોડ આવે છે. આ રીતે બેલુરથી ધર્મસ્થલ પહોંચતા બસમાં લગભગ ૨ાા કલાક પૂરી થાય છે. આ ગામમાં અન્ય ધર્મીઓનું પણ મંદિર છે. હજારો લોકો અહીં માનતા માનવા આવે છે. અહીં ૪-૫ ધર્મશાળા છે. ગામને છેડે દિગંબર જૈન ધર્મશાળા છે. તે સિવાય બીજી સાર્વજનિક ધર્મશાળા પણ ગામમાં છે, જેમાં સારી સગવડતા છે. મુનિમજી તુરત જ જગ્યા આપે છે. નાની-મોટી ઘણી રૂમો છે. ત્રણ માળની થઈને ૧૩૦ રૂમો છે. અહીંની ધર્મશાળામાં ફ્લશ લેટ્રીન, બાથરૂમ, વોશબેઝીન, લાઈટ-પાણી, વિગેરે બધી જ સગવડતા છે. અમુક રૂમો તો એટેચ્ડ બાથરૂમ-લેટ્રીન-પંખાની સગવડતાવાળી છે. સ્વતંત્ર રૂમ માંગો, તો પણ આપે છે.

આ ગામના મોટા શેઠ શ્રી વિરેન્દ્ર હેગડે છે, જેઓ કરોડપતિ છે. તેમના પિતાશ્રી પણ તેવા જ મોટા અને સુખી હતા. શ્રી વિરેન્દ્રજી વૈષ્ણવ ધર્મ અને જૈન ધર્મ-તેમ બંને ધર્મ પાળે છે. તેથી તેમણે ગામમાં બંને મંદિરો કરાવ્યા છે. તેમના તરફથી યાત્રાળુઓને જમવા માટે સવાર-સાંજ રસોડુ ચાલે છે. સાંજે તો જો કે અમારા અનુભવ મુજબ કેળના પાંદડામાં કાકડીનું રસાવાળુ શાક,

ભાત અને કોઈ ભાજીનું શાક જમવામાં આપે છે. પાછળથી પાણી જેવી ખૂબ ખાટી છાશ પણ આપે છે. સાંભળવા મુજબ તેમના ચાના સમયે સવારે જાઓ, તો ચા-નાસ્તો અને બપોરે જમવામાં મિઠાઈ પણ આપે છે.

શ્રી વિરેન્દ્ર હેગડેના બંગલાને ગ્લાસ હાઉસ કહે છે, જે જોવાની સૌને છુટ છે. નીચે બેઠકનો રૂમ અને ઓફિસ છે. ઉપર જવા માટે દાદરથી ચઢો ત્યારે ચારે તરફ દિવાલ ઉપર મોઢુ જોવાના મોટા-મોટા અરીસા ચોડેલા છે. આ અરીસા જાુદી-જાુદી ડિઝાઈનવાળા છે. ઉપર પણ આખો રૂમ આવા કાચનો જ બનાવેલો છે. આ રૂમમાં રાત્રે લાઈટ થાય ત્યારે આ રૂમ ખૂબ જ સુંદર લાગે છે. તેથી રાત રોકાઓ તો આ રૂમ ખાસ જોવાલાયક છે. આ રૂમમાં ઘણી જ સુશોભિત વસ્તુઓ છે. રૂમમાં નીચે ભારે ગાલીચા પાથરેલા છે. તે સિવાય આ મકાનમાં જૈન ઘરદેરાસર છે. તેમાં ચાંદીના સિંહાસનમાં શુદ્ધ સોનાના નાના ભગવાન છે. ભગવાનની પાછળ સોનાનું ભામંડળ માણેક જડિત છે. તે સિવાય બે ભગવાન સ્ફટિકના છે. તે સિવાય એક ભગવાન પન્નાના અને એક ભગવાન નિલમના છે. તે સિવાય નીચે ભોયરામાં આવા ઘાટમાં ત્રણેય બાજાુ રત્નોના ચોવીસ પ્રતિમાજી છે. સ્ફટિક-નિલમ-માણેક - તેવા કિંમતી ધાતુઓના ચોવીસ ભગવાન છે.

આ સિવાય શ્રી હેગડેજી તરફથી નાનકડી એવી ટેકરી ઉપર શ્રી બાહુબલી ભગવાનના ૪૦ ફીટના ખડ્ગાસને ભવ્ય પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાયેલા છે. ટેકરી ચઢતા માત્ર પાંચ મિનિટ જ થાય છે. ગામને છેડે શ્રી ચન્દ્ર પ્રભુનું એક મંદિર છે. આ રીતે અહીં કુલ ત્રણ જિનમંદિરો છે. ગામમાં હેગડે શેઠનો નાનો એવો એક બગીચો છે. તેમાં રાધાકૃષ્ણ અને અન્ય દેવોની મૂર્તિઓ છે. તે સિવાય એક પોલીસનું અને એક પોસ્ટમેનનું - તેમ બે પૂતળા - સ્ટેચ્યુ આ બગીચામાં મૂક્યા છે. તે સિવાય બાગમાં માછલીઘર છે. બીજે ઘણે સ્થળે માછલીઘર હોય છે. પણ અહીં જાુદા પ્રકારનું માછલીઘર છે. દરેકેદરેક જુદા-જુદા શો કેઈસમાં જુદા-જુદા મગર, દેડકા, જેવા ઘાટના રમકડા મૂક્યા છે. તેમના મોઢામાંથી ૦।।-૦।। મિનિટે ગોળ રૂપેરી જેવા પાણીના પરપોટા નીકળીને ઉંચે ચડે છે. તે સિવાય જુદા-જુદા રંગબેરંગી ચકકર ગોળ ફરે છે અને તેમાં લાઈટ થાય છે અને ગોળ રૂપેરી પાણીનો પરપોટો ઉપર ચડે છે. આ સિવાય જુદા-જુદા પ્રાણીઓનો સંગ્રહ મ્યુઝિયમમાં છે.

ધર્મસ્થલ ગામમાં બઝારમાં થોડા સ્ટોલ છે અને એકાદ-બે હોટલ છે. સ્ટોલોમાં દેવ-દેવીઓના ફોટા, પ્લાસ્ટીકની અન્ય ધર્મની મૂર્તિઓ, ખજાુર, સાકર, બુંદીના નાનકડા લાડુ - ૫૦/૧૦૦ ગ્રામના પેકેટમાં દેવ-દેવીઓને ચડાવવા માટે પુષ્કળ વેચાય છે.

બેલુરમઠથી ધર્મસ્થલ ૭૨ કિ.મી. છે અને ધર્મસ્થલથી વેણૂર ૩૫ કિ.મી. છે અને વેણૂરથી મૂડબિદ્રી ફક્ત ૨૭ કિ.મી. છે. આ તરફની યાત્રા માટે સાચો યાત્રા ક્રમ અગાઉ ટેબલમાં જણાવેલ છે. માટે તે ટેબલ મુજબ જ યાત્રા કરવી.

*પર તરફના વિકલ્પો છોડીને, રાગનો પ્રેમ તોડીને, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું.*

# વેણૂર - અતિશયક્ષેત્ર

- આવાગમન.................: રેલ્વે સ્ટેશન : મેંગલોર - ૫૫ કિ.મી.
  બસ સ્ટેશન : ધર્મસ્થલ - ૩૫ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ધર્મસ્થલથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: મેંગલોર - ૫૫ કિ.મી., ધર્મસ્થલ - ૩૫ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: મૂડબિદ્રી - ૨૭ કિ.મી., કારકલ - ૪૫ કિ.મી., ધર્મસ્થલ - ૩૫ કિ.મી., વારાંગ - ૪૦ કિ.મી.

ધર્મસ્થલથી વેણૂર અતિશયક્ષેત્ર ૩૫ કિ.મી. દૂર આવેલ છે. નદી કિનારે એક નાનકડું ગામ છે. ત્યાં નાની એવી ધર્મશાળા છે. (હાલ નવી થઈ હોય તો તેનો ખ્યાલ નથી.) અહીં શ્રવણબેલગોલાના ભટ્ટારક શ્રી ચારૂકીર્તિની પ્રેરણાથી ઈ. સ. ૧૬૦૪માં શ્રી ચામુંડરાયના કુટુંબીજન શ્રી થીમરાજને શ્રી બાહુબલી ભગવાનની ૪૦ ફીટ ઉંચી પ્રતિમા બિરાજમાન કરેલ છે. તે સિવાય શ્રી થીમરાજને શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર પણ બંધાવેલ છે. તે સિવાય બીજા ચાર મંદિરો વેણૂરમાં છે. એમ કહેવાય છે કે ભૂતકાળમાં અહીં એક મંદિરમાં ૧૦૦૦ થી વધુ પ્રતિમાજી હતા. (હાલ ત્યાં કેટલા છે તેની ખબર નથી.) અહીં એક માનસ્થંભજી છે. એક જ કમ્પાઉન્ડમાં નાના-નાના ત્રણ મંદિરો છે. વેણૂરમાં ચોથા મંદિરમાં શ્રી બાહુબલીજીની ખડ્ગાસન મૂર્તિ છે. ગામમાં કોઈ જ ધણી-ધોરી નહીં હોઈને આ મૂર્તિ ખૂબ જ ડાઘી થઈ ગઈ છે. આ બાહુબલીજીની મૂર્તિ આરસની નથી. ચાલુ પથ્થરની છે તેથી તેના ઉપર વરસાદ પડવાથી તે પ્રતિમાજી ઉપર ખૂબ જ કાળા ડાઘ પડેલા છે. તેથી ભગવાનની મુદ્રા પણ સ્પષ્ટ દેખાતી નથી. મસ્તકથી પગ સુધી બધે જ કાળા ધાબા પડી ગયા છે. પૂજારીને પૂછ્યુ કે આમ કેમ છે ? તો તેણે કહ્યું કે રોજ અભિષેક કેમ કરવો ? કેમ કે પ્રતિમાજી ૪૦ ફીટ ઉંચા છે. બાર વર્ષે અહીં અભિષેક થાય છે તેમ કહ્યું. બાકી તો પૂજારી દરરોજ પગ ઉપર એક ટબૂડી પાણી રેડે છે. એટલે અભિષેક થઈ ગયો કહેવાય તેમ પૂજારીએ કહ્યું.

વેણૂરમાં કુલ આઠ જૈન મંદિર છે, જે દર્શનીય છે.

*જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઈ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળા ક્ષેત્રે જવું ન ઘટે; કેમકે તેથી ઘણી સદ્‌વૃત્તિઓ મોળી પડી જાય છે અથવા તો વર્ધમાન થતી નથી.*

# મૂડબિદ્રી

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : મેંગલોર - ૩૮ કિ.મી.
  બસ સ્ટેશન : મૂડબિદ્રી
- પહોંચવાનો સરળ માર્ગ ...: વેણૂર-કારકલ માર્ગ પરથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: મેંગલોર - ૩૮ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: કારકલ - ૧૮ કિ.મી., વેણૂર - ૨૭ કિ.મી.,
  ધર્મસ્થલ - ૫૨ કિ.મી.

વેણૂરથી મૂડબિદ્રી ફક્ત ૨૭ કિ.મી. છે. આ સ્થળે અવશ્ય જવા જેવું છે. ભૂલેચૂંકેય થાકીને કે સમયના અભાવે કોઈ સ્થળ પડતુ મૂક્વુ નહીં. અહીં એક નાની એવી ધર્મશાળા છે, જેમાં ૭૫-૧૦૦ યાત્રિકો રહી શકે તેટલી વ્યવસ્થા છે. (છતાંય છેલ્લા વર્ષોમાં નવી ધર્મશાળાઓ બંધાઈ હોય તો લેખકને ખબર નથી.) અહીંના મંદિરો અને શાસ્ત્રભંડારોનો વહીવટ ભટ્ટારકો કરે છે. આજે પણ ત્યાં તાડપત્ર ઉપર અંકિત થયેલા અનુપલબ્ધ ઘણા ગ્રંથો ભંડારમાં સુરક્ષિત પડયા છે. જેવા કે ધવલા, જયધવલા, મહાધવલા, વિગેરે અનેક કિંમતી જૈન ગ્રંથો તાડપત્ર ઉપર લખેલા અહીંના શાસ્ત્રભંડારમાં છે.

અહીં કુલ ૧૮ જિનમંદિરો છે. તેમાં શ્રી ચન્દ્ર પ્રભુનું મંદિર જેને ત્રિભુવનતિલક ચુડામણી કહે છે તે, સિદ્ધાન્તમંદિર તથા ગુરુ મંદિર વિશેષ દર્શનીય છે.

મંદિર નં. ૧ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનનું મંદિર અથવા ત્રિભુવનતિલક ચુડામણી મંદિર : આ મંદિરમાં એક હજાર થાંભલા હતા. આ મંદિર ઘણું જ પ્રાચીન અને વિશાળ હોઈને અવશ્ય દર્શનીય છે. અહીં માનસ્થંભજી પણ છે. શ્રી ચન્દ્ર પ્રભુજીની ઘણી મોટી પંચધાતુની પ્રતિમા ભવ્ય અને દર્શનીય છે. આટલી મોટી પંચધાતુની પ્રતિમા ભાગ્યે જ કોઈ સ્થળે જોવા મળે છે. જો કે મધ્યપ્રદેશમાં સાગર પાસે નવુ તીર્થક્ષેત્ર "મંગલગિરિ" થાય છે. ત્યાં પંચધાતુની ૧૧। ફીટ ઉચી શ્રી મહાવીર પ્રભુની ખડ્ગાસન પ્રતિમા મૂકી છે, જેનું વજન ૯ ટન છે. જેનું વર્ણન તીર્થક્ષેત્ર "મંગલગિરિ"માં લખેલું છે.

શ્રી ચન્દ્ર પ્રભુના આ મંદિરને "ત્રિભુવનતિલક ચુડામણી" મંદિર પણ કહે છે. આ ત્રણ માળનું મંદિર સન ૧૪૨૯માં એક કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયું હતુ તેમ કહે છે. તો આજે તેની શું કિંમત ગણવી તે જરૂર સૌએ વિચારવા જેવું છે. મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુજીની સોનાની ખડ્ગાસન ૭ ફીટ ઉંચી ભવ્ય પ્રતિમા છે. તે સિવાય આ મંદિરમાં ૨૬ સ્ફટિક મણિના કિંમતી પ્રતિમાજી છે. તે સિવાય

આ મંદિરમાં ઉપરના માળે સહસ્ત્રકુટ જિનાલયમાં ધાતુની ૧૦૦૮ પ્રતિમા અત્યંત મનોહર છે.

મંદિર નં. ૨ : શ્રી સિદ્ધાન્ત બસ્તી (મંદિર) : આ મંદિરમાં ષટખંડાગમ સૂત્રાદિ સિદ્ધાન્તગ્રંથો સુરક્ષિત છે. તેથી આ મંદિરને સિદ્ધાન્ત બસ્તી કહે છે. આ મંદિરની દરેક યાત્રિકોએ અવશ્ય મુલાકાત લેવી કે જેથી ભારતમાં બીજે ક્યાંય દર્શન ન કર્યા હોય તેવા કિંમતી પ્રતિમાજીના દર્શનનો અહીં લાભ મળશે.

મંદિર નં. ૩ : ગુરુબસ્તી અથવા સિદ્ધાન્તભવન : અગાઉ લખ્યા મુજબ મંદિરને અહીં બસ્તી કહે છે. મંદિર કહેતા જ નથી. આ મંદિર પણ વિશાળ છે, જે બે માળનું છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૯ ફીટના પરમ શાંત મુદ્રાવાળા ભાવવાહી સૌમ્ય પ્રતિમાજી છે. નીચે આઠ વેદી છે. તેની ઉપર પાંચ વેદી છે. બીજે માળે ધાતુનું સહસ્રકુટ ચૈત્યાલય છે. તે સિવાય અહીં ચોવીસ ભગવાનનું મંદિર પણ છે. તેમજ સ્ફટિકના ચાર મોટા પ્રતિમાજી છે.

ધવલા, જયધવલા, મહાધવલા, વિગેરે મહાન પ્રાચીન ગ્રંથો તાડપત્ર ઉપર કન્નડલિપિમાં લખેલા ભોંયરામાં સુરક્ષિત રાખ્યા છે. તેનો ઉપયોગ ફકત દર્શન કરવા માટે જ છે-વાંચવા માટે નહીં.

મૂડબિદ્રીના અગત્યના ત્રણ મંદિરોનું વર્ણન ઉપર મુજબ છે. બાકીના પંદર મંદિરોના નામ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) હોસા બસ્તી | (૨) વિક્રમશેઠી બસ્તી | (૩) હિરી બસ્તી | (૪) અમ્મનોર બસ્તી |
| (૫) વીરકેસ બસ્તી | (૬) કોટી બસ્તી | (૭) લિપ્પદ બસ્તી | (૮) દેર મસેઠી બસ્તી |
| (૯) કલુ બસ્તી | (૧૦) છોટી બસ્તી | (૧૧) માધ્યસેઠી બસ્તી | (૧૨) બૈકી બસ્તી |
| (૧૩) કેરે બસ્તી | (૧૪) પડુ બસ્તી | (૧૫) ભટ્ટારકજીનું મંદિર | |

➔ <u>દક્ષિણમાં ઘણી વખત વીજળી ચાલી જાય છે. આથી આવા સમયે બેટરી સાથે હોય તો જ ભગવાનના દર્શન થઈ શકે. માટે દક્ષિણની યાત્રામાં પાવરફુલ બેટરી સાથે હોવી ખાસ જરૂરી છે.</u>

મૂડબિદ્રી બેંગલોરથી ૩૭૦ કિ.મી. થાય છે. મૂડબિદ્રી જૈન કાશી તરીકે પ્રખ્યાત છે. આ ક્ષેત્ર ઐતિહાસિક અતિશયક્ષેત્ર છે અને વિશ્વવિખ્યાત છે. અહીં જૈનોના લગભગ ૬૦ ઘર છે. ગુરુ બસ્તી અથવા સિદ્ધાન્ત બસ્તી એ અહીંનું જૂનામાં જૂનું મંદિર છે. કહેવાય છે કે ઈ. સ. આઠમી સદીમાં શ્રવણબેલગોલાથી એક સાધુ અહીં આવ્યા હતા. તેમણે અહીં જંગલમાં વાઘ અને ગાયને એક સાથે પાણી પીતા જોયા. આથી તેમને એમ થયું કે અહીં કાંઈક હોવુ જોઈએ. તેથી તેમણે ત્યાનું જંગલ સાફ કરાવ્યું. તો ખોદકામ કરાવતા ત્યાંથી ખૂબ મોટી શ્રી પાર્શ્વનાથ ભગવાનની

ખડ્ગાસન મૂર્તિ નીકળી, જે કાળા પથ્થરમાંથી કોતરેલી હતી અને હજારો વર્ષ જૂની હતી. આ મૂર્તિની તે જ જગ્યાએ પ્રતિષ્ઠા કરાવી હતી, જેનુ નામ ગુરુ બસ્તી અથવા સિદ્ધાન્ત બસ્તી કહેવાય છે. મૂડબિદ્રીમાં ૧૮ મંદિરો સિવાય નીચે મુજબ અન્ય સ્થળો છે.

૧ સમાધિસ્થળ : સ્વર્ગીય મઠપતીઓની અઢાર સમાધિઓ છે, જે મંદિરથી એકાદ ફર્લાંગ દૂર છે. બે સમાધિ સિવાય અન્ય કોઈ સમાધિ ઉપર કોઈના નામ નથી.

૨ વીરવાણી : વિલાસ જૈન સિદ્ધાન્ત ભવન : આ શાસ્ત્રભંડાર સ્વ. પંડિત શ્રી લોકનાથજી શાસ્ત્રીજી મારફત શરૂ થયો હતો, જેમાં સેંકડો તાડપત્રી ઉપર લખેલા શાસ્ત્રો છે.

૩ શ્રીમતી રમારાની જૈન શોધ-સંશોધન ભવન : આ ભવનનું નિર્માણ સ્વ. સાહુજી શાંતિપ્રસાદજી દ્વારા થયું હતું. આ ભવનમાં અતિપવિત્ર,અમૂલ્ય તાડપત્ર ઉપર લખેલા જૈન પુરાણ, દર્શન ધર્મ, સિદ્ધાન્ત-ન્યાય, જ્યોતિષ, આદિ જિનવાણી સંગ્રહ છે. દેશ-વિદેશથી લોકો આ ગ્રંથોના દર્શન-અભ્યાસ માટે આવે છે.

મૂડબિદ્રીના અન્ય મંદિરોનું વર્ણન :-

૧ શ્રી નેમિનાથસ્વામી ગુરુ બસ્તી

૨ શ્રી પાર્શ્વનાથસ્વામી ગુરુ બસ્તી : આ મંદિર મોટું છે. જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસન છે. તે સિવાય સ્ફટિકના ચાર પ્રતિમાજી છે. તે સિવાય આ મંદિરમાં બીજા નાના ભગવાન ઘણા છે, જે જોતા જાણે કે ભગવાનનો દરબાર ભરાયો હોય તેવું ભવ્ય લાગે છે. તે સિવાય અહીં પંચધાતુના નંદીશ્વર દ્વીપની રચના પણ છે. આ મંદિરમાં ગુપ્ત ભંડાર જોવા મળ્યો. બાકી ક્યાંય આ તરફ મંદિરોમાં ગુપ્ત ભંડાર હોતા નથી.

૩ શ્રી આદિનાથસ્વામી વિક્રમ સેઠી બસ્તી : આ મંદિર પણ પ્રાચીન છે-જૂનું છે. જિર્ણોદ્ધારની જરૂર છે. લાઈનસર ચોવીસ તીર્થંકર ભગવંતો ખડ્ગાસને છે, જે પ્રાચીન છે. બહારના ભાગમાં માનસ્થંભ જેવા સ્થંભ ઉપર દેવ-દેવીઓ મૂકેલા છે.

૪ શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી સેટી બસ્તી : આ મંદિરમાં શ્રી અરનાથ પ્રભુ પદ્માસને છે. તે સિવાય ચોવીસ ભગવાન પદ્માસને છે. બધી જ મૂર્તિઓ પ્રાચીન છે. મંદિરમાં નકશીવાળા પથ્થરના અઢાર થાંભલા છે. મેડી ઉપર ત્રણ ભગવાન છે.

૫ શ્રી ચન્દ્રનાથસ્વામી બસ્તી : આ મંદિરમાં અંદર ઊંડે-ઊંડે ભગવાન છે. તે સિવાય અહીં ધાતુની ઘણી મૂર્તિઓ છે.

૬ શ્રી શીતલનાથસ્વામી મંદિર

૭ શ્રી પદ્મપ્રભુસ્વામી મંદિર : શ્રી પદ્મપ્રભુજી સિવાય અહીં શ્રી સુમતિનાથ અને શ્રી સુપાર્શ્વનાથજી પણ છે. આ મંદિર ૪૦૦ વર્ષ જૂનું છે.

૮ **શ્રી આદિનાથસ્વામી મંદિર :** અહીં બાર અંગ અને ચૌદ પૂર્વ શ્રુતયંત્ર પિત્તળ જેવી ધાતુમાં કોતરેલા છે. પંચધાતુનો સ્થંભ છે, જેના ઉપર પગલાં છે. પંચધાતુની નંદીશ્વર દ્વીપની રચના પણ છે. મૂળનાયક શ્રી આદિનાથ ભગવાન ખડ્ગાસન છે.

૯ **શ્રી અનંતનાથસ્વામી-બેંકણ તીકરી બસ્તી :** દરેક મંદિર ઉપર મંદિરના નામના બોર્ડ લગાવેલા છે. આ મંદિરમાં લાઈટ પણ છે. મૂળનાયક શ્રી અનંતનાથસ્વામી છે. તે સિવાય બાજુમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. બીજા સ્ફટિકના ચૌમુખી ભગવાન છે. ચૌમુખી અને વળી ખડ્ગાસને સ્ફટિકના ભગવાન આ મંદિરમાં જ જોવા મળ્યા. બીજા કોઈ ગામમાં સ્ફટિકના ચૌમુખી અને ખડ્ગાસન પ્રતિમાજી ક્યાંય જોવા મળતા નથી. તે સિવાય અહીં પંચધાતુના ખડ્ગાસન પ્રતિમાજી પણ છે. કન્નડ ભાષામાં ધાતુની પ્લેટ ઉપર બાર અંગ અને ચૌદ પૂર્વ કોતરેલા છે.

૧૦ **શ્રી મલ્લિનાથસ્વામી મંદિર :** આ મંદિરમાં અંદર બહુ ઊંડે-ઊંડે ભગવાનના દર્શન થાય છે.

૧૧ **શ્રી અનંતનાથસ્વામી પડુ બસ્તી :** આ મંદિર આઠમી શતાબ્દીનું છે. મૂડબિદ્રીના કુલ ૧૮ મંદિરોમાં આ મંદિર સૌથી જૂનું છે. અહીં ત્રણ ભગવાન ખડ્ગાસન છે.

૧૨ **શ્રી પાર્શ્વનાથ સમી ગુરુ બસ્તી :** આ મંદિરમાં લાઈટ છે. સ્ફટિકના ત્રણ ભગવાન છે, જેમાં બે ખડ્ગાસન અને એક પદ્માસન છે. તેમની ફરતી પંચધાતુની મૂર્તિઓ છે. અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન ૧૦ ફીટ ઊંચા છે.

મૂડબિદ્રીમાં એક ધર્મશાળા છે, જે સામાન્ય છે. એક સાઈડમાં થોડી રૂમો છે. અમુક રૂમમાં પંખા તથા પલંગ છે. સામે મોટો હોલ છે.

*આ આત્મા સિદ્ધ સ્વરૂપે છે તેમાં ઉપયોગને જોડી તેમાં લગની લગાવ. આવા ચિદાનંદ ચૈતન્ય દ્રવ્ય જેવું બીજું કોઈ દ્રવ્ય નથી. આત્માને જાણ્યો ત્યારે જ અરિહંતજી-સિદ્ધદેવનું સાચું સ્વરૂપ જણાય છે. આત્માર્થીનું ધ્યેય સિદ્ધપદની આરાધનાનું જ ધ્યેય હોય છે.*

o o o o o

*અશરીરી પદની પ્રાપ્તિ થાય તેવી આરાધના વારંવાર કરવી. મારૂં જ્ઞાન મારી સામે તરવરે છે, તેને કોઈ મલિન કરવા સમર્થ નથી. ક્ષણે ક્ષણે સાવચેત રહે તે મરણકાળે પણ સાવધાન રહે છે. સમાધિ પ્રાપ્ત કરવામાં સૌથી પ્રથમ ઉપયોગની શુદ્ધિ પછી મન-વચન-કાયની.*

# કારકલ

| | |
|---|---|
| ● આવાગમન................: | રેલ્વે સ્ટેશન : મેંગલોર - ૫૩ કિ.મી.<br>બસ સ્ટેશન : કારકલ |
| ● પહોંચવાનો સરળ માર્ગ ...: | મૂડબિદ્રી તથા મેંગલોરથી સડક રસ્તે |
| ● નજીકના મુખ્ય શહેર.......: | મૂડબિદ્રી - ૧૮ કિ.મી., મેંગલોર - ૫૩ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો .........: | મૂડબિદ્રી - ૧૮ કિ.મી., હૂમચા - ૧૧૩ કિ.મી.,<br>વારાંગ - ૨૪ કિ.મી. |

મૂડબિદ્રીથી ૧૮ કિ.મી. દૂર કારકલ આવેલું છે. અહીં તદન નાનકડો પહાડ છે. ટેકરી કહો તો પણ ચાલે, જે ચઢતા ફકત ૭-૮ મિનિટ માંડ થાય છે. ફક્ત ૧૮૦ પગથિયાં છે. તેથી સૌ કોઈ ચઢી શકે તેવું છે. ઉપર શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસન ૩૬ ફીટ ઊંચા છે. આ પ્રતિમાજી ઈ. સ. ૧૪૩૨ના છે. આ પ્રતિમાજી વીર પાંડવ ભૈરવરાજને બનાવ્યા હતા. પહાડ ચઢતા પહેલા નીચે એક મંદિર છે. પહાડ ઉપર શ્રી બાહુબલીજીનું બીજું મંદિર ગણાય છે. તે સિવાય પહાડ ઉપર બે બાજુમાં બે મંદિરો છે. આ રીતે અહીં કુલ ચાર મંદિરો છે.

તે સિવાય અહીં એક ૬૨ ફીટનો સળંગ એક જ પથ્થરમાંથી બનાવેલો માનસ્થંભ છે. પણ તે પોરબંદરી પથ્થરનો બનાવેલો હોઈને ઉપર વરસાદનું પાણી પડવાથી કાળો મસ થઈ ગયો છે. આખા ભારતમાં સળંગ એક જ પથ્થરમાંથી બનાવેલો ૬૨ ફીટનો માનસ્થંભ ફક્ત અહીં જ છે.

મંદિર નં. ૫ : શ્રી નેમિનાથ મંદિર : ઉપર લખેલ માનસ્થંભજી જે કમ્પાઉન્ડમાં છે તે જ કમ્પાઉન્ડમાં આ મંદિર છે. આ મંદિર ૫૦૦ વર્ષ જૂનું છે. ૫ ફીટના શ્યામ આરસના શ્રી નેમિનાથ ભગવાન છે. આ મંદિર દર્શનીય છે.

મંદિર નં. ૬ : આ જ કમ્પાઉન્ડમાં ખડ્ગાસને ૩।। ફીટના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનનું મંદિર છે.

મંદિર નં. ૭ : ધાતુના ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૮ : આ મંદિર ઘણું જ સુંદર અને દર્શનીય છે. અહીં આરસના ચોવીસ તીર્થંકર ભગવંતો ખડ્ગાસને છે. સામાન્ય રીતે બધે ચોવીસ તીર્થંકરો પદ્માસને હોય છે, જ્યારે અહીં બધા જ ચોવીસ ભગવંતો ખડ્ગાસને છે. પંચધાતુના બાવન જિનાલય પણ છે.

મંદિર નં. ૯ : શ્રી ધર્મનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી કુન્થુનાથ-ત્રણ ભગવંતો એક સાથે ખડ્ગાસન છે. વચ્ચેના ભગવાન બદામી આરસના છે. બંને બાજૂના ભગવાન શ્યામ આરસના છે.

મંદિર નં. ૧૦ : આ મંદિરમાં શ્રી અનંતનાથ ભગવાન ખડ્ગાસને છે. આ મંદિરનું કોઈ ધણીધોરી નથી. જરા પણ સફાઈ નથી.

મંદિર નં. ૧૧ : નાનકડી ટેકરી (પહાડ) ઉપર શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ અને શ્રી મુનિસુવ્રતનાથ-તેમ ત્રણ ભગવાન ખડ્ગાસને છે, જે ૪॥ ફીટના શ્યામ આરસના છે. આ મંદિરને ચૌમુખી મંદિર પણ કહે છે. કારણ કે ચારે બાજુ ચારે દિશામાં ત્રણ-ત્રણ ભગવાન છે અને ચારે દિશાના ત્રણે ત્રણ ભગવાન ૪॥-૪॥ ફીટના ખડ્ગાસને છે. આ મંદિર ઘણું જ મોટું છે. ૧૦૮ થાંભલા છે. આ મંદિર ૫૦૦ વર્ષ જૂનું છે. ભૈરવરાજ જૈનના રાજમાં આ મંદિર થયું હતું.

ખાસ નોંધ-અહીં કારકલમાં સાંજે ૬:૩૦ થી ૭:૦૦ વાગ્યે બધા જ મંદિરો બંધ થઈ જાય છે.

કારકલમાં કાજુના ઘણા જ કારખાના છે. તેથી અહીં કાજુ ઘણા જ સસ્તા મળે છે. નાની-મોટી સાઈઝ, સફેદ-ઝાંખા, તેમ જાત પ્રમાણે ભાવો હોય છે. છતાં પણ અહીં કાજુ જરૂરથી ઘણા સસ્તા મળે છે. કારખાના પણ ઘણા છે. તેથી ફરીને-કસીને-જોઈને લેતા આવડવુ જોઈએ. રવિવારે બધા જ કારખાના બંધ હોય છે. તેથી રવિવારે કાજુ બિલકુલ મળતા નથી. કારકલ પાસે જ ગ્રેનાઈટ પથ્થરના પહાડો પણ છે. આ ગ્રેનાઈટ ભારતભરમાં મોકલવામાં આવે છે.


# વારાંગ

કારકલથી વારાંગ ફકત ૨૪ કિ.મી. છે. અહીં ત્રણ જિનમંદિરો છે. જેમાં એક તો જલમંદિર છે. હોડકામાં બેસાડીને ખલાસી સામે કાંઠે લઈ જાય છે. હોડકામાં એક સાથે પાંચ વ્યક્તિને બેસાડે છે. હોડકામાં બેસીને સામે કાંઠે પહોંચતા ફકત ૩-૪ મિનિટ જ થાય છે.

એક જ મંદિરમાં ચારે બાજુ શ્રી અનંતનાથ, શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી નેમિનાથ-તેમ ચારે બાજુ ખડ્ગાસને ચાર પ્રતિમાજી છે. આ ચારે ભગવાન શ્યામ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે. ત્રીજા મંદિરમાં શ્રી નેમિનાથ પ્રભુ પદ્માસને છે. નીચેના ભાગમાં વચ્ચે ખડ્ગાસન સ્ફટિકની એક મૂર્તિ છે. તે સિવાય ૨૪-૨૪ તીર્થંકર ભગવંતોની બે લાઈન છે. વારાંગ તદન નાનકડું ગામડું છે. મંદિર સિવાય ગામમાં કાંઈ નથી. સાંભળવા મુજબ વારાંગ તીર્થક્ષેત્રનો હમણાં ઘણો વિકાસ થયો છે.

આ રીતે દક્ષિણના અગત્યના તીર્થધામોનું વર્ણન પુરૂં થાય છે. બાકી તો ભારતભરમાં જુઓ તો અનેક મહાન તીર્થો છે.

म्हारा परम दिगंबर मुनिवर आया, सब मिल दर्शन कर लो ।
बार-बार आना मुश्किल है, भाव भक्ति उर भर लो, हाँ .... ॥
हाथ कमंडल काठ को पीछी पंख मयूर ।
विषय वास आरंभ सब परिग्रह से है दूर ॥
श्री वीतराग-विज्ञानी का कोई ज्ञान हिया विच धर लो, हाँ .... ॥१॥
एक बार करपात्र में अन्तराय अघ टाल ।
अल्प-अशन लें हो खडे, नीरस-सरस सम्हाल ॥
ऐसे मुनि मारग उत्तम धारी, तिनके चरण पकड लो, हाँ .... ॥२॥
चार गति दुःख से डरी, आत्म स्वरुप को ध्याय ।
पुण्य पाप से दूर हो ज्ञान गुफा में आय ॥
सौभाग्य तरण तारण मुनिवर के तारण चरण पकड लो, हाँ .... ॥३॥



શ્રી પાર્શ્વનાથ ભગવાન દિગંબર જૈન મંદિર, કુંદાદ્રિ (કર્ણાટક)

# કુન્દાદ્રિ (કુન્દકુન્દબેટ્ટ)

આ યાત્રાસ્થળે પહોંચવા માટે નરસીંહરાજપુર, જિલ્લો-તીર્થહલ્લી હૂમચાથી સીધા આવી શકાય છે. ત્યાંથી કુન્દાદ્રિ પહાડ ૮ કિ.મી. દૂર છે, જ્યાં ગાડીથી અથવા ચાલતાં જઈ શકાય છે. રસ્તો ખરાબ-કાચો હોવાથી ચોમાસામાં ગાડી લઈને જવામાં મુશ્કેલી પડે છે. અહીંથી આગળ આગુમ્બે નામનું ગામડું છે. ત્યાં સુધી ગાડી લઈ જઈ શકાય છે. એથી આગળ લગભગ ૧૪ કિ.મી. દૂર આગુમ્બે ઘાટી છે, જ્યાં ફક્ત નાની બસ (મીની બસ) જઈ શકે છે. આ ઘાટીથી આગળ હેબ્રી નામનું સ્થાન આવે છે, જ્યાંથી વારાંગ અને કારકલ જવા માટે રસ્તો છે. એક મીની બસ સાગર-હૂમચા-તીર્થહલ્લી-કુન્દાદ્રિ-આગુમ્બે-કારકલ-મૂડબિદ્રી સુધી જાય છે. શ્રૃંગેરીથી પણ અહીં બસ આવે છે. તેમજ નરસીંહરાજપુરથી પણ એક મીની બસ આવે છે. આગુમ્બે ઘાટી પાસે ઘણા રસ્તા ભેગા થાય છે. અહીં ગાઢ જંગલ છે અને અહીં વરસાદ પણ બહુ જ થાય છે. તેથી આ તરફ આવવામાં રસ્તાનું પૂરૂં જ્ઞાન હોવું જરૂરી છે. મોટી બસ આગુમ્બે ગામ સુધી જઈ શકે છે. ત્યાંથી ઉતરવાનું શરૂ થાય છે, જે આશરે ૧૪ કિ.મી. છે.

કુન્દાદ્રિનાં દર્શન કરીને નરસીંહરાજપુર અથવા હૂમચા પાછું આવવું જોઈએ અથવા વારાંગ જવું જોઈએ. કુન્દાદ્રિની તળેટીમાં પૂજારી રહે છે. ત્યાં પૂજારીને અર્ચક કહે છે. ત્યાં ધર્મશાળા નથી. પહાડ ઉપર સરકારી ગેસ્ટ હાઉસના ચાર રૂમ છે તથા હૂમચા મઠના પ્રબન્ધમાં એક ધર્મશાળા છે, જ્યાં પાણી-વિજળીની સગવડ છે. એક મોટો હોલ છે. છતાંય પહાડ ઉપર રહેવામાં મુશ્કેલી પડે તેવું છે. કુન્દાદ્રિ હાલ કર્ણાટકના ચિકમંગલૂર જિલ્લામાં આશરે ત્રણેક હજાર ફીટ ઊંચાઈનો પહાડ છે. પૂજ્ય શ્રી કુન્દકુન્દાચાર્યદેવનાં કારણે પ્રાચીન સમયથી આને એક તીર્થ માનવામાં આવેલ છે. અહીં શ્રી કુન્દકુન્દાચાર્યદેવે તપ કર્યુ હતું અને તેઓ અહીંથી વિદેહ ક્ષેત્ર ગયા હતા તેમ કહેવાય છે. આ પહાડ ઉપર આ મહાન આચાર્યની સ્મૃતિરૂપે એક ૧૩ પાંખડીનું કમળ બનાવેલું છે.

શ્રી કુન્દકુન્દાચાર્યદેવનો જન્મ દક્ષિણ ભારતમાં કૌણ્ડકુન્દપુર નામનાં ગામડામાં ઈસાની પહેલી શતાબ્દીમાં એટલે કે આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પહેલાં થયો હતો. તેમનાં ગામનાં નામ ઉપરથી જ તેઓ કુન્દકુન્દ કહેવાયા હશે તેમ ધારી શકાય. તેમનું ખરૂં નામ તો પદ્મનંદી બતાવવામાં આવેલ છે. તે સિવાય તેમનાં બીજા પણ ચાર નામો છે. આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી બીજા અથવા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીનાં તેમને શિષ્ય માનવામાં આવે છે. દિગંબર જૈન સમાજમાં તેઓશ્રીની પ્રતિષ્ઠા વધી ત્યારથી સમાજ-મૂળ સંઘ તેમને કુન્દકુન્દ આમ્નાયનાં નામથી ઓળખવા લાગ્યો. દક્ષિણ ભારતનાં શિલાલેખોમાં તેઓશ્રીનું નામ "કોણ્ડકુન્દ" આવે છે. આચાર્ય શ્રી કુન્દકુન્દદેવના પ્રમાણિત ગ્રંથોની રચના ખરેખર અદ્વિતીય છે. શ્રી પ્રવચનસાર, શ્રી સમયસાર, શ્રી પંચાસ્તિકાય, શ્રી નિયમસાર, વિગેરે ૮૪ ગ્રંથોની તેમણે રચના કરી છે. તેથી જ માંગળિકનાં

શ્લોકમાં ગૌતમ ગણધર પછીથી તેમને નમસ્કાર કરવામાં આવે છે.


શ્રી કુન્દકુન્દાચાર્યદેવનાં સંબંધમાં એવું કહેવાય છે કે તેઓશ્રી જૈન સિદ્ધાંતનાં વિષયમાં ઉંડા ઉતરવા માટે તેઓ ભરતક્ષેત્રમાંથી સદેહે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર શ્રી સીમંધરસ્વામીનાં સમવસરણમાં ગયા હતા અને ત્યાં એક અઠવાડીયું રહ્યા હતા. અઠવાડીયા બાદ ભરતક્ષેત્રમાં પરત આવીને તેમણે શાસ્ત્રોની રચના કરી હતી. એમ કહેવાય છે કે શ્રી સીમંધરસ્વામીએ તેમને "સદ્ધર્મવૃદ્ધિરસ્તુ" અર્થાત્ "સદ્ધર્મની વૃદ્ધિ હો" - તેમ દિવ્યધ્વનીમાં કહેલ હતું. તે સાંભળીને બીજા ભવ્ય જીવોએ તીર્થંકર ભગવાનને પૂછયું તો શ્રી સીમંધરસ્વામીએ ઉત્તરમાં કહ્યું કે "ભરતક્ષેત્રનાં કુન્દકુન્દને મેં આશીર્વાદ દીધા છે." તેઓ સશરીર બીજે પણ ગયા હતા તેમ અનેક સ્થળે જાણવા મળે છે. ઈસાઈ ધર્મમાં આવી ઘટના લિપિબદ્ધ છે. તેથી મહાવિદેહક્ષેત્રનાં તેઓનાં ગમન વિષે જરા પણ શંકા કરવા જેવું નથી. શ્રી કુન્દકુન્દદેવને તીર્થંકર ભગવાન પાસેથી દિવ્ય જ્ઞાન મળેલ છે.

કુન્દાદ્રિ ઉપર એક કુંડ છે કે જે પાદુકાશ્રમની પાસે જ છે. તે કુંડને "પાપનાશિની" કહે છે. તે કુંડનું પાણી પીવાનાં કામમાં આવે તેવું છે. આ કુંડ કુદરતી છે અને પર્વત ઉપર છે. અહીં બે ગુફાઓ પણ છે. આ કુંડ પાસે એક પ્રાચીન શ્રી પાર્શ્વનાથ મંદિર છે. તેની સામે એક માનસ્થંભ છે. તે મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની અદ્ભુત કાયોત્સર્ગ પ્રતિમા છે, જેની ફરતો સાત ફેણવાળો એક સર્પ વીંટળાયેલો છે. આ પ્રતિમાજીનાં ઘુંટણ પાસે એક યક્ષ છે. આવા પ્રતિમાજી બીજે ક્યાંય જોવા મળતા નથી. મંદિરનાં દ્વાર તથા મંડપમાં સુંદર કારીગરી છે. આ સિવાય કુન્દાદ્રિ પહાડ ઉપર ઘણી જ ખંડીત પ્રતિમાઓ તથા કલાપૂર્ણ શિલાખંડો જોવા મળે છે. તેથી એટલું જરૂર નક્કી થાય છે કે આ સ્થળ પ્રાચીન સમયમાં બહું જ પ્રસિદ્ધ તીર્થસ્થાન હોવું જોઈએ.

*સંસારમાં જેને સુખ જણાય તેને માટે આત્મિક સુખ ઘણું દૂર છે અને સંસાર જેને હળાહળ ઝેર જેવો લાગે તેને માટે આત્માનુભવ અત્યંત નજીક છે.*

o o o o o

*પર તરફના વિકલ્પો છોડીને, રાગનો પ્રેમ તોડીને, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું.*



શ્રી દિગંબર જૈન મંદિર, પૌન્નૂર હિલ



શ્રી કુંદકુંદાચાર્યદેવ વિદેહગમન સ્થળ, પૌન્નુર હિલ.

# પોન્નુર હીલ તથા શ્રી કુન્દકુન્દાચાર્યદેવનો ઈતિહાસ

| | | |
|---|---|---|
| ● આવાગમન................: | રેલ્વે સ્ટેશન : | તિરુવન્નમલય - ૬૦ કિ.મી., ચેન્નાઈ - ૧૩૦ કિ.મી. |
| | બસ સ્ટેશન : | બન્દેબાસ - ૮ કિ.મી., ચિતપેટ - ૧૫ કિ.મી. |
| ● પહોંચવાનો સરળ માર્ગ ...: | ચેન્નાઈથી સડક રસ્તે | |
| ● નજીકના મુખ્ય શહેર.......: | બન્દેબાસ - ૮ કિ.મી., ચેન્નાઈ - ૧૩૦ કિ.મી., તિરુવન્નમલય - ૬૦ કિ.મી. | |
| ● નજીકના તીર્થક્ષેત્રો ........: | તિરુમલય નેમિનાથ પહાડી મંદિર - ૫૦ કિ.મી., ચિત્તમૂર પાર્શ્વનાથ મંદિર - ૫૦ કિ.મી., કાંચીપુરમ - ૫૦ કિ.મી. | |

પોન્નુર હીલ તળેટીમાં શ્રી કુન્દકુન્દકહાન અતિથિગૃહના શિલાન્યાસ મહોત્સવ પ્રસંગે લેખક ડૉ. શ્રી સુદીપ જૈને તા. ૯ નવેંબર, ૧૯૯૭ના રોજ બહાર પાડેલ પરિચય-સંક્ષીપ્તિકા ઉપરથી આ માહિતી લખેલી છે. કારણ કે આ પુસ્તિકા સૌ કોઈને મળી ન હોય. ઘણા ખરા મુમુક્ષુઓ શ્રી કુન્દકુન્દદેવનો આ રીતનો ઈતિહાસ નહીં જાણતા હોય તેમ ધારીને આ ઈતિહાસ લખવા હું પ્રેરાઉં છું.

સૌ પ્રથમ તેમનો પૂર્વ ભવ જણાવું. બ્રહ્મ નેમીદત્ત વિરચિત "આરાધના કથા કોશ" અનુસાર દક્ષિણભારતના એક નાનકડા ગામડામાં એક ગોવાળ રહેતો હતો, જે દરરોજ પોતાની ગાયોને ચરાવવા માટે જંગલમાં જતો હતો. એક દિવસ જંગલમાં ભયંકર દાવાનળ થયો, જેમાં મોટા-મોટા વૃક્ષો બળતા હતા. પણ તેમાં એક લીલુ ઝાડ સુરક્ષિત બચી ગયું હતું. તેથી ગોવાળને આશ્ચર્ય થતા તે ઝાડ પાસે તે ગયો. તો ત્યાં ઝાડ ઉપર પેટીમાં તાડપત્ર ઉપર લખેલ કોઈ શાસ્ત્ર હતુ. તેથી તેણે માન્યું કે તે શાસ્ત્રના પ્રતાપે જ આ વૃક્ષ સુરક્ષિત રહી બળ્યું નથી. તેથી તે ગોવાળ શાસ્ત્રને મસ્તક ઉપર ચડાવીને ઘર તરફ ચાલવા લાગ્યો. પોતે તો અભણ હતો. તેથી તેને તો આ શાસ્ત્ર ઉપયોગી ન હોવાથી જંગલમાં વિચરતા દિગંબર મુનિરાજને તેણે આ શાસ્ત્ર સમર્પિત કર્યુ. આ રીતે શાસ્ત્રદાનનું બહુ જ ઊંચા પ્રકારનું પુણ્ય ઉપાર્જન કર્યુ. જિનવાણીમાં કહ્યું છે કે ચાર પ્રકારના દાનમાં શાસ્ત્રદાન સર્વશ્રેષ્ઠ ગણાય છે. ત્યારબાદ આ ગોપાળ આગળ જતો હતો, તો રસ્તામાં તેને એક ઝેરી સર્પ કરડવાથી તે મૃત્યુ પામ્યો.. તો આ ભવ્ય આત્મા આન્ધ્રપ્રદેશમાં અનંતપુર જીલ્લામાં એક "કૌણ્ડકુન્દપુર" નામના ગામડામાં નગરશેઠ શ્રી ગુણકીર્તિને ઘેર શાન્તલાની કુંખે પુત્રરૂપે જન્મ્યો. આ પુસ્તિકામાં આ રીતે તેમના માતા-પિતાના નામ તથા ગામ

લખેલ છે. છતાંય ઘણી જગ્યાએ એમ પણ લખેલું જોવા મળે છે કે શ્રી કુન્દકુન્દદેવના માતા-પિતા કોણ હતા, શું નામ હતુ-તેના કોઈ આધાર કે પુરાવા મળતા નથી. આમણે તો તેમની જન્મ તારીખ પણ લખી છે કે ઈ.સ. પૂર્વ ૧૦૮ પછી સંવત્સરના મહા સુદ-૫ના રોજ તેમનો જન્મદિવસ છે. તે જ બાળક યુગપ્રધાન આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ થયા. આ બાળક તેની માતા શાન્તલાના ગર્ભમાં આવ્યા હતા, ત્યારે તેમની માતાએ સ્વપ્નમાં ચંદ્રમાની ચાંદની જોઈ હતી. તેથી તેમણે તે બાળકનું નામ "પદ્મપ્રભ" રાખ્યું હતું. નાનપણમાં તેની માતા તેને પારણામાં ઝુલાવતી વખતે કહેતી હતી કે -

*શુદ્ધોસિ બુદ્ધોસિ નિરંજનોસિ, સંસાર માયા પરિવર્જિતોસિ,*
*આજન્મલીનં ત્યજ મોહ નિદ્રામ, શાન્તલાસા વાક્ય મુપયાસિ પુત્ર.*

પદ્મપ્રભુ બાળક જ્યારે મોટો થયો, ત્યારે અત્યંત મહા નિમિત્તના જ્ઞાતા આચાર્ય અનન્તવીર્ય કૌણ્ડકુન્દપુર ગામમાં પધાર્યા, ત્યારે આ બાળકને જોઈને તેઓશ્રી બોલ્યા કે "આ બાળક મહાન તપસ્વી અને પરમ પ્રતાપી સંત થશે અને જૈન પરંપરા ચાલુ રાખશે અને આ કાળમાં તેનું નામ અમર થશે." આજે આપણે જોઈએ છીએ કે આ મુનિરાજની વાણી ખરેખર સાચી ઠરી છે. તેણે માત્ર ૧૧ વર્ષની નાનકડી ઉંમરમાં જ ઘરબાર છોડી નગ્ન દિગંબર મુનિદીક્ષા અંગીકાર કરી. દીક્ષા પછી તેમનું નામ પદ્મનંદી પ્રસિદ્ધ થયું તથા નંદીસંઘની પટાવલી અનુસાર આત્મવેત્તા આચાર્ય જિનચંદ્ર તેમના દીક્ષા ગુરુ પ્રતિત થાય છે.

ઈ. સ. દસમી શતાબ્દીમાં આચાર્ય દેવસેન કૃત "દર્શનસાર" નામના ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું છે કે "મહાવિદેહક્ષેત્રમાં વિખ્યાત શ્રી સીમંધરસ્વામી પાસેથી મેળવેલ દિવ્યજ્ઞાન દ્વારા શ્રી પદ્મનંદીનાથે (શ્રી કુન્દકુન્દાચાર્યદેવે) જો બોધ ન આપ્યો હોત, તો મુનિજન સાચો માર્ગ ક્યાંથી પ્રાપ્ત કરત ?"

આ જ વાત બારમી સદીમાં આચાર્ય જયસેને પંચાસ્તિકાય ગ્રંથની ટીકામાં શરૂઆતમાં તથા અષ્ટપ્રાભૃતના ટીકાકાર આચાર્ય શ્રુતસાગરસુરીએ તેમની ટીકામાં કરી છે. કહેવાય છે કે વિક્રમ સંવત ૪૯માં આચાર્ય કુન્દકુન્દદેવ તામીલનાડુ પ્રાન્તના પોન્નુર પર્વત ઉપરથી પૂર્વમાં મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્માના દર્શન કરવા ગયા હતા. ત્યાં આઠ દિવસ રોકાયા હતા અને સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી હતી. આ કારણથી ભરતક્ષેત્રના લોકોએ તેમને "કલિકાલ સર્વજ્ઞ" નામથી વિભૂષીત કર્યા હતા. શ્રી કુન્દકુન્દઆચાર્યદેવ ભગવાન શ્રી સીમંધરનાથના સમવસરણમાં ગયેલા. ત્યાં દિવ્યધ્વનિમાં આચાર્યને આશીર્વાદ મળેલા. આચાર્ય માટે ભગવાનની વીતરાગી વાણીમાં આવ્યુ હતુ કે "આ ભરતક્ષેત્રના ધર્મ-ધુરંધર આચાર્ય છે." આમ ભગવાનના કુંદકુંદદેવ-આચાર્યદેવને આશીર્વાદ મળ્યા હતા. આચાર્યદેવ અત્યારે દેવલોકમાં છે. પછી પુરુષાર્થ ઉપાડીને મોક્ષમાં જશે. શ્રવણબેલગોલામાં પ્રાપ્ત થયેલા અનેક શિલાલેખો ઉપરથી નકકી થાય છે કે આચાર્ય શ્રી કુન્દકુન્દદેવને "ચારણઋદ્ધિ" પ્રાપ્ત થઈ હતી.



શ્રી કુંદકુંદ કહાન અતિથિભવન તથા શ્રી કુંદકુંદ કહાન અધ્યાપન કેન્દ્ર

જેને લીધે તેઓ જમીનથી ચાર આંગળ અદ્ધર ગમન કરતા હતા. ચન્દ્રગિરિ શિલાલેખ ૫૪/૬૭ આ વાતનો આધાર છે. તેમજ શ્રવણબેલગોલાના શિલાલેખ નં. ૧૦૫ મુજબ આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ રજસ્થાન-પૃથ્વી ઉપર ચાર આંગળ ઉંચે ગમન કરતા હતા. તેથી એમ સમજાય છે કે તેઓ અંદર અને બાહ્ય રજથી અત્યંત અસ્પૃષ્ટતા વ્યક્ત કરતા હતા અથવા તો અંતરંગમાં રાગાદિ મળથી અને બાહ્યમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા.

તેઓશ્રીના પાંચ નામ હતા, જે આ પ્રમાણે છે : (૧) પદ્મનંદીનાથ (૨) શ્રી કુન્દકુન્દ આચાર્ય (૩) વક્રગ્રીવ (૪) એલાચાર્ય અને (૫) ગૃદ્ધપિચ્છાચાર્ય. તેમાં પ્રથમ બે નામ ખૂબ જ પ્રચલીત છે. તેમજ શિલાલેખ પણ તેમજ કહે છે. જોકે તેમનું જ બનાવેલુ શાસ્ત્ર બારસ અણુવેક્ખાની ગાથા નં. ૯૧ માં પોતે જ પોતાનું નામ "કુન્દકુન્દ" લખ્યું છે. તે ગાથા ૯૧ મૂળ પ્રાકૃતમાં છે અને તે જ ગાથા સંસ્કૃતમાં નીચે મુજબ છે.

*ઈતિ નિશ્ચયવ્યવહારં યત્ ભણિતં કુન્દકુન્દ મુનિ નાથેન ।*

*યઃ ભાવયતિ શુદ્ધમનાઃ સઃ પ્રાપ્નોતિ પરમ નિર્વાણમ્ ॥ ૯૧*

એ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર નય અનુસાર આ બાર ભાવનાઓનું સ્વરૂપ મુનિઓના નાથ શ્રી કુન્દકુન્દાચાર્યે કહ્યું છે. તેને જે પુરુષ શુદ્ધ ચિત્તથી ભાવશે-ચિંતવશે, તે પરમ નિર્વાણ-મોક્ષને પ્રાપ્ત કરશે.

શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિત "અનિત્યપંચાશત્" તથા શ્રીમદ્ કુન્દકુન્દાચાર્ય વિરચિત "બારસ અણુવેક્ખા" નો ગુજરાતી અનુવાદ સ્વ. શ્રી હરીભાઈ ભાયાણીએ સુંદર બનાવ્યો છે. માત્ર તેનો ગુજરાતી અનુવાદ જ કર્યો છે તેમ નથી. સાથોસાથ અન્ય શાસ્ત્રો જેવા કે ઈષ્ટોપદેશ, ભાવપાહુડ, મોક્ષપાહુડ, શ્રાવકાચાર, સમાધિતંત્ર, વિગેરે ઘણા શાસ્ત્રોના મૂળ શ્લોક અને તેના અર્થ ગુજરાતીમાં કરી મૂળ શ્લોકોના આધારરૂપે પણ આપેલા છે.

બારસ અણુવેક્ખાના આ શ્લોકનં ૯૧ માં એકમાં જ શ્રી કુન્દકુન્દદેવે પોતાનું નામ લખ્યું છે. બાકી ક્યાંય પણ પોતે પોતાના કોઈ પણ ગ્રંથમાં પોતાનું નામ કે પોતાની કોઈ જ માહિતી આપી નથી. તેમજ શ્રી કુન્દકુન્દદેવે પોતાના ગુરુ બાબતમાં પણ ક્યાંય કોઈ ઉલ્લેખ કર્યો નથી. માત્ર બોધપાહુડમાં અંતિમ શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુનું સ્મરણ કર્યું છે. પરંતુ તેઓ શ્રી ભદ્રબાહુસ્વામીના સમકાલીન હોય તેવું કોઈ પ્રમાણ મળતું નથી. શ્રી કુન્દકુન્દાચાર્યદેવના સાહિત્યના ટીકાકાર આચાર્ય જયસેને "કુમાર નંદી સિદ્ધાન્ત દેવ" ના શિષ્ય બતાવ્યા છે અને નંદીસંઘની પટાવલી અનુસાર તેમના ગુરુ "આચાર્ય જિનચંદ્ર" હતા.

શ્રી કુન્દકુન્દદેવે ૮૪ પાહુડ ગ્રંથોની રચના કરી હતી. જે બધા જ હાલ ઉપલબ્ધ નથી. તેમ કહેવાય છે. તેમના ગ્રંથોમાં (૧) સમયસાર (૨) પ્રવચનસાર (૩) નિયમસાર (૪) પંચાસ્તિકાય સંગ્રહ (૫) દર્શન પાહુડ (૬) ચરિત્ર પાહુડ (૭) સૂત્ર પાહુડ (૮) બોધ પાહુડ (૯) ભાવ પાહુડ

(૧૦) મોક્ષ પાહુડ (૧૧) લીંગ પાહુડ (૧૨) શીલ પાહુડ (૧૩) બારસ અણુવેક્ખા (૧૪) ભક્તિસંગ્રહ (૧૫) મૂલાચાર (૧૬) રયણસાર વિગેરે છે.

આ નામો જોતા અમુક શાસ્ત્રના નામ "સાર" અને અમુકના નામ "પાહુડ" થી દર્શાવ્યા છે. બધામાં સમયસાર ગ્રંથ મહાન છે, કારણ કે તેમાં સંપૂર્ણ શ્રુતજ્ઞાન છે. એટલે કે તેમાં શુદ્ધાત્માનું નિરૂપણ અદ્વિતીય ભાષાશૈલીમાં કરેલું છે. પાંચમી શતાબ્દીના આચાર્ય પૂજ્યપાદ દેવનંદીએ તેમના ઘણા સુત્રોને પ્રાકૃતમાંથી સંસ્કૃતમાં રૂપાંતરીત કર્યા છે. "દ્રવ્યસ્વભાવ પ્રકાશક નયચક્ર" ના રચયિતા માઈલ્લ ધવલે સ્પષ્ટ જાહેર કર્યું છે કે મેં શ્રી કુન્દકુન્દાચાર્યદેવ દ્વારા લખાયેલા શાસ્ત્રોનો સાર ગ્રહણ કરીને આ "નયચક્ર" નામના ગ્રંથની રચના કરી છે. આચાર્યદેવે એકત્વ વિભક્ત આત્માનું જે વર્ણન કર્યું છે, તે અન્ય ક્યાંય દિગંબર કે શ્વેતાંબર શાસ્ત્રોમાં જોવા મળતું નથી. તેમણે પોતાના જ્ઞાન અને અનુભવનો નિચોડ પ્રસ્તુત કર્યો છે. તેમના આવા પ્રચંડ પ્રભાવને કારણે તેમના પછી આજસુધીમાં જેટલા આચાર્યો થયા, તેમણે પોતાને શ્રી કુન્દકુન્દના આમ્નાયના ગણાવવામાં ગૌરવ અનૂભવ્યું છે.

આપણે સૌ જાણીએ છીએ કે માંગલિકમાં પણ શ્રી કુન્દકુન્દદેવનું ત્રીજું સ્થાન આવે છે. સૌ પ્રથમ શ્રી મહાવીર ભગવાન છે. બીજા નંબર પર ગૌતમ ગણધર અને પછી ત્રીજુ નામ શ્રી કુન્દકુન્દદેવનું છે.

*મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી ।*
*મંગલં કુન્દકુન્દાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્ ॥*

શ્રી કુન્દકુન્દદેવને માત્ર ૩૦ વર્ષની ઉંમરે માગશર વદ-૮ના રોજ "આચાર્યપદ" પ્રાપ્ત થયું હતું. કોઈ સ્થળે એમ ઉલ્લેખ છે કે ચતુર્વિધ સંઘે તેમને ૪૪ વર્ષની ઉંમરે આચાર્યપદ આપ્યું હતું. આચાર્યદેવનો પદવીદાન દિવસ આજે પણ ઉજવાય છે. શક સંવત ૯૯૭ "કુપ્પછરૂ" ના લેખમાં આચાર્યદેવને "શ્રુતના પારંગત" કહ્યા છે. શક સંવત ૧૩૨૦ના એક શિલાલેખમાં "આધ્યાત્મિક વિદ્યાના ક્ષેત્રમાં શ્રી કુન્દકુન્દદેવને સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. તેમણે તામીલનાડુ પ્રાન્તમાંથી શરૂ કરીને કર્ણાટક, આન્ધ્ર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં આવા વિષમકાળમાં પદયાત્રા કરીને તેમણે ધર્મ ઉપદેશ કર્યો હતો. તેમજ ગિરનાર ઉપર જઈને શ્રી નેમિનાથ તીર્થંકર ભગવાનની પાવન નિર્વાણભૂમિના દર્શન કર્યા હતા.

આચાર્ય કુન્દકુન્દદેવની પાવન સાધનાભૂમિ "પોન્નુર તીર્થ" હતી કે જે તામીલનાડુ પ્રાન્તમાં છે. તે "નિલગિરિ" નામથી પણ ઓળખાય છે. આ પર્વત ઉપરથી તેઓ ચારણઋદ્ધિના આધારે મહાવિદેહક્ષેત્ર કે જ્યાં વિદ્યમાન શ્રી સીમંધર પરમાત્મા બિરાજે છે, ત્યાં દર્શન માટે ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહીને શ્રી સીમંધર પ્રભુની દિવ્યધ્વનિ સાંભળી હતી અને ત્યાંથી આવીને આ પોન્નુર હીલ ઉપર શાસ્ત્રોની રચના કરી હતી. આ પોન્નુર હીલ મદ્રાસ (ચેન્નાઈ)થી ૧૨૨ કિ.મી. દૂર આવેલ વંદેવાસ ગામથી ૮ કિ.મી. દૂર છે. મદ્રાસથી એસ. ટી. બસ દરરોજ આવે

છે. બસ સ્ટેશનથી તદ્દન નજીક છે. માંડ ૫૦-૬૦ ફીટ દૂર છે. પહાડ ચડવા માટે પગથિયાં છે. ઉપર પહોંચતા સુધીમાં કુલ ૩૨૫ પગથિયાં છે. પર્વત ઉપર ૨૦૦૦ વર્ષ જૂનું ચંપક નામનું ઝાડ છે. આ વૃક્ષની પાસે આચાર્યશ્રીના પ્રાચીન અને પવિત્ર ચરણકમળ છે. ઈ. સ. ૧૯૭૦માં અહીં મંડપની રચના કરી હતી. આ ચરણકમળની દક્ષિણ દિશામાં લગભગ ૧૦૦-૧૦૦ ફીટ દૂર બે પ્રાકૃતિક ગૂફાઓ છે, જેમાં મોટી શિલાઓ છે. આ ગૂફામાં એક પછી એક તેમ વારાફરતી અંદર જઈ શકાય છે. આ ગૂફાનો પ્રવેશદ્વાર મળવો જરા કઠીન છે. ધ્યાન માટે આ ગૂફા સર્વોત્તમ છે. પર્વતની પશ્ચિમ દિશામાં પોન્નુર ગામ છે, જે ૫ કિ.મી. દૂર છે. પહાડ ઉતરીને પોન્નુર ગામ પહોચવું શક્ય નથી, કારણ કે રસ્તો નથી. પોન્નુર ગામમાં શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે તથા મંદિરમાં બારમી શતાબ્દીનો એક શિલાલેખ છે, જેમાં લખ્યું છે કે આ શ્રી પાર્શ્વનાથ જિનબિંબને પોન્નુર પર્વત ઉપર લઈ જઈને અભિષેક-પૂજા કર્યા હતા. એક શિલાલેખમાં લખ્યું છે કે ૫૦૦ વર્ષ પહેલા અહીં મહાભિષેક થયો હતો.

હાલ પોન્નુર હીલ ઉપર દર વર્ષે "મંદર પુષ્પ" નામનો મહોત્સવ સામાન્ય રીતે જાન્યુઆરી-માહ માસમાં ઉજવવામાં આવે છે. આ ઉત્સવમાં અહીં હજારો લોકો ભેગા થાય છે અને આચાર્યદેવના ચરણકમળ ઉપર પુષ્પાંજલી અર્પણ કરીને પોતાની શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરે છે.

આ પહાડની પૂર્વ દિશામાંથી તામીલનાડુની એસ. ટી. બસ પોન્નુર રોડ આવ-જા કરે છે. ત્યાં રસ્તામાં એક "વિદ્યાર્થીનિલય" આવે છે, જેમાં વિદ્યાર્થીઓ ધાર્મિક અને લૌકિક અભ્યાસ કરે છે. અહીં એક વિશાળ જૈન મંદિર છે, જેમાં શ્રી આદિનાથ પ્રભુ, શ્રી સીમંધર પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી બાહુબલી ભગવાનની મૂર્તિઓ છે. મંદિર સુંદર છે. આ વિદ્યાર્થીનિલયના ગ્રંથભંડારમાં તાડપત્ર ઉપર લખેલા લગભગ ૫૦૦ ગ્રંથો છે. આ બધા ગ્રંથો પ્રાકૃત તથા સંસ્કૃત ભાષામાં ગ્રંથીલીપીમાં લખેલ છે. આ ગ્રંથો ભંડારમાં માત્ર સંગ્રહ કરીને રાખવામાં આવ્યા છે. તેના ઉપર કાંઈ સંશોધનકાર્ય થતુ નથી. કારણ કે અહીંના કાર્યકર્તાઓ કહે છે કે ગ્રંથીલિપિના જાણકાર વિદ્વાનો ભાગ્યે જ હોય છે. ખરેખર તો તામીલ અને કન્નડ પ્રાન્તીય સંસ્થાઓએ આ શાસ્ત્રોના લખાણની શોધખોળ કરવી અતિઆવશ્યક ગણાય.

ઈ. સ. ૧૯૫૮માં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી સાથે હજારો ધર્માનુરાગી ભાઈ-બ્હેનોએ આ પવિત્ર તીર્થધામની યાત્રા કરી હતી અને શ્રી કુન્દકુન્દાચાર્યદેવના ચરણકમળને વંદન કરીને ભાવવિભોર થયા હતા. ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ ભક્તિભાવપૂર્વક કહ્યું હતું કે :-

"આચાર્ય શ્રી કુન્દકુન્દદેવે આ કળિકાળમાં જગતગુરુ તીર્થંકર ભગવાન જેવું મહાન કાર્ય કર્યું છે તથા આચાર્ય શ્રી અમૃતચન્દ્રસૂરીએ તેમના ગ્રંથોની ટીકા કરીને તેમના હૃદયને ખુલ્લું કર્યું છે. સાક્ષાત્ ગણધરદેવ જેવું તેમણે કાર્ય કર્યું છે. આચાર્ય કુન્દકુન્દદેવ રચિત પરમાગમ સમયસાર શાસ્ત્ર આગમોનું આગમ છે. લાખો શાસ્ત્રોનો નિચોડ

તેમાં ભર્યો છે. આ જૈનશાસનનો સ્થંભ છે તથા સાધક જીવો માટે આ શાસ્ત્ર કામધેનુ અને કલ્પવૃક્ષ સમાન છે. તેની દરેક ગાથામાંથી આત્માનુભવનો રસ ઝરે છે. આ પાવન તીર્થનો એક-એક કણ સોના જેવો છે, જે ભવ્ય જીવોને માંગલિક દિશા બતાવે છે. અહીં આ પવિત્ર પહાડ ઉપર બેસીને આચાર્ય શ્રી કુન્દકુન્દદેવે આત્માનુભવના રસમાં તરબોળ થઈને સમયસાર આદિ મહાન ગ્રંથોની રચના કરી હતી. આ તો તેમની સાધનાભૂમિ છે. સમયસારની સર્જનભૂમિને મારા વારંવાર નમસ્કાર છે."

પોન્નુર હીલ ઉપર શ્રી કુન્દકુન્દાચાર્યદેવ આત્મધ્યાનમાં મસ્ત રહેતા હતા. એકવાર અંતરમાં સમવસરણજીનું ચિંતવન કરતાં-કરતાં તેમને એમ વિચાર આવ્યો કે "અહો! ભરતક્ષેત્રમાં અમને ત્રણ લોકનાં નાથનો વિરહ થયો છે. અમને તીર્થંકરનો યોગ નથી. એમ કહીને ત્યાંથી જ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન ભગવાનને વંદન કર્યા. તેમના મહાવિદેહક્ષેત્ર વિહાર સંબંધી બે મંતવ્યો છે. એક તો તેમને ઋદ્ધી હતી - તે અનુસાર તેઓ તે ઋદ્ધીથી મહાવિદેહક્ષેત્ર ગયા હતા અને આઠ દિવસ ત્યાં રોકાયા હતા તેમ મત છે અને બીજો એક મત એમ છે કે આચાર્યદેવના પૂર્વ ભવનાં મિત્ર દેવે આકાશમાંથી શ્રી કુન્દકુન્દાર્યદેવને જોયા અને તે દેવ આકાશમાંથી નીચે ઉતર્યા અને કહ્યું કે અમે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર પ્રભુનાં દર્શન કરવા જઈએ છીએ. તમે પણ અમારી સાથે ચાલો. તે રીતે તે દેવ તેમને આકાશ માર્ગે મહાવિદેહક્ષેત્રમાં લઈ ગયા. ગમે તે હોય, પરંતુ શ્રી કુન્દકુન્દાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં ગયા હતા તે વાત અને તેઓ ત્યાં આઠ દિવસ રોકાયાં હતા તે વાત તો ચોક્કસ છે. ત્યાંથી અહીં આવીને પોન્નુર હીલમાં તેમણે સમયસારાદિ આગમોની રચના કરી હતી. શ્રી કુન્દકુન્દાચાર્યદેવ પછી જે કોઈ સંતો થયા તેમણે સમયસારમાંથી બીજડા લઈને શાસ્ત્રોની રચના કરી છે.

આ પવિત્ર પુણ્યભૂમિના વિકાસ માટે શ્રી કુન્દકુન્દકહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ લગભગ છેલ્લા ૨૦ વર્ષથી પ્રયત્નશીલ છે. તેના અનુસંધાનમાં પોન્નુર તીર્થ ઉપર શિક્ષણ યોજના, શાસ્ત્ર સંરક્ષણ યોજના, તત્વપ્રચાર તથા તીર્થના વિકાસ માટે વિવિધ યોજનાઓ કરે છે. તેના ફળસ્વરૂપે ઈ. સ. ૧૯૯૭ વીર સંવત ૨૫૨૪ કારતક સુદ-૯ ને રવિવારના રોજ "શ્રી કુન્દકુન્દ-કહાન અધ્યયન કેન્દ્ર" તથા "શ્રી કુન્દકુન્દ-કહાન અતિથિગૃહ" નો મંગળ શિલાન્યાસ મહોત્સવ ઉજવાયો હતો. હીલ પોન્નુર હીલમાં જીવંત સ્વામિ શ્રી સીમંધરનાથ દિગંબર જૈન મંદિરનું નિર્માણ થયેલ છે, જેનો ફોટો આ પુસ્તકમાં છે. શ્રી કુન્દકુન્દ-કહાન અતિથિગૃહ પણ સંપૂર્ણ સગવડતાવાળુ બનેલ છે. આથી યાત્રીઓને પોન્નુર હીલમાં જો બે-ચાર દિવસ રોકાવું હોય તો પણ બિલકુલ મુશ્કેલી પડે તેવું નથી.

શ્વેતાંબર જૈનાચાર્ય શ્રી રાજેન્દ્રસુરીએ ઐતિહાસિક કોશગ્રંથ "અભિધાન રાજેન્દ્ર કોશ"માં આચાર્ય શ્રી કુન્દકુન્દદેવનો પરિચય આપ્યો છે, જે રાજેન્દ્ર કોશ ભાગ-૩ના પાના નં. ૫૫૭ ઉપર લખેલ છે અને તે રીતે તેમણે વિ. સં. ૪૯માં આચાર્ય શ્રી કુન્દકુન્દદેવની વિદ્યમાનતા સ્વીકારી છે અને

તેમના પાંચ નામનો પણ તેમણે તેમાં ઉલ્લેખ કર્યો છે. માત્ર પદ્મનંદીને બદલે "મદનનંદી" કહ્યા છે. તેથી નક્કી થાય છે કે આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ ઈસા પૂર્વ થયા છે અને શ્વેતાંબર પરંપરાએ પણ તેમને ઈસા પૂર્વ માન્યા છે.

ઈંદોર શહેરથી લગભગ ૧૦ કિ.મી. દૂર એરોડ્રામ રોડથી આગળ જતાં ગોમટગિરિ નામનું નવુ તીર્થક્ષેત્ર ૧ર વર્ષ પહેલા નિર્માણ પામ્યું છે. ત્યાં શ્રી કુન્દકુન્દદેવનું શ્યામ આરસનું સ્ટેચ્યુ મૂકેલું છે. તેમાં નીચે મુજબ વિગત લખી છે.

મુનિ દીક્ષા - ૧૧મા વર્ષે જન્મકાળ - સંવત - ૪૯
જન્મ સ્થળ - કૌણ્ડકુન્દપુરી ગુરુ- ભદ્રબાહુ દ્વિતીય
સમાધિ - ૯૬મા વર્ષે (૯૫ વર્ષ - ૧૦ માસ - ૧૫ દિવસ)
સમાધિ સ્થળ - પોન્નુર હીલ - તાલુકો વન્દે વાસ

શ્રી સીમંધર પ્રભુની દિવયધ્વનિના અમૂલ્ય ખજાના લાવનાર શ્રી કુન્દકુન્દદેવનો જીવનવૃત્તાંત વાંચતા તમોને જરૂર ખૂબ-ખૂબ આનંદ થયો હશે.

* * * * *

*તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ.*
*આ સંસારનો રસ છૂટી જાય તો જરૂર આત્મસ્વરૂપ પ્રગટે.*

o o o o o

*કોઈપણ પ્રસંગમાં એકાકાર ન થઈ જવું. મોક્ષ સિવાય તારે બીજું શું પ્રયોજન છે?*

o o o o o


*ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો, તું તને પામર ન માન.*

ऊंचे ऊंचे शिखरों वाला रे, यह तीरथ हमारा ।
तीरथ हमारा हमें लागे है प्यारा ॥
श्री जिनवर से भेंट करावें, जग को मुक्ति मार्ग दिखावें ॥
मोह का नाश करावे रे, यह तीरथ हमारा ॥ १॥
शुद्धातम से प्रीति लगावे, जड-चेतन को भिन्न बतावे ।
भेद-विज्ञान करावे रे, यह तीरथ हमारा ॥ २॥
ऊंचे ऊंचे शिखरों वाला रे, यह तीरथ हमारा ।


* * * * *

आये आये रे जिनंदा, आये रे जिनंदा, तोरी शरण में आये ।
कैसे पावें................हो कैसे पावें, तुम्हारे गुण गावें रे ॥
मोह में मारे-मारे, भव-भव में गोते खाये ।
तोरी शरण में आये, हो............. आये आये रे जिनंदा ॥
जग झूठे से प्रीत लगाई, पाप किये मन माने ।
सदगुरु वाणी कभी न मानी, लागे भ्रम रोग सुहाने ॥ १॥
आज मूल की भूल मिटी है, तव दर्शन कर स्वामी ।
तत्त्व चराचर लगे झलकने, घट-घट अन्तरयामी ॥ २॥
जन्म-मरण रहित पद पावन, तुम-सा नाथ सुहाया ।
वो सौभाग्य मिले अब सत्वर, मोक्ष-महल मन भाया ॥ ३॥

# दिगम्बर जैन तीर्थक्षोत्र बिहार




# મહામંગળ શાશ્વત સિદ્ધિધામ તીર્થાધિરાજ શ્રી સમ્મેદશિખરજી



સમ્મેદશિખર-મધુવન : તેરાપંથી કોઠીમાં માનસ્તંભ

- આવાગમન................ : રેલ્વે સ્ટેશન : પારસનાથ - ૨૩ કિ.મી. (ગયા-કોલકાતા માર્ગ પર), ગિરડીહ - ૩૨ કિ.મી. બસ સ્ટેશન - ગિરડીહ
- નજીકના મુખ્ય શહેર....... : ગિરડીહ - ૩૨ કિ.મી., ઈસરી - ૨૩ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : પાવાપુરી - ૨૨૫ કિ.મી., ગુણાવા - ૨૦૦ કિ.મી., રાજગૃહી - ૨૩૫ કિ.મી., કુંડલપુર - ૨૫૦ કિ.મી.




સમ્મેદશિખર-મધુવન : તેરાપંથી કોઠીમાં નંદીશ્વર જિનાલય

"તીર્થ" નો ઘણો મહિમા છે. આ ભવસમુદ્ર જેનાથી તરાય તેને "તીર્થ" કહેવાય છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે સંસારથી તરાય છે. તેથી તે રત્નત્રય એ ખરૂ તીર્થ છે અને એવા રત્નત્રયધારક સંતો-મુનિઓ-તીર્થંકરો જ્યાં વિચર્યા હોય તે ભૂમિ પણ તીર્થ છે. આવા તીર્થની યાત્રા કરતા તે આરાધક જીવોનું સ્મરણ થાય છે અને આપણને પણ એવી આત્મસાધના કરવાની પ્રેરણા જાગે છે.

સમ્મેદશિખર એ આપણા જૈન ધર્મનું મહાન તીર્થ છે. તે સિદ્ધક્ષેત્ર છે. ૨૦ તીર્થંકર ભગવંતો અને અબજો કરતા પણ વધુ જીવો ત્યાંથી સિદ્ધપદ પામ્યા છે. આ તીર્થ અત્યંત રમણીય, ગંભીર અને ઉપશાંત વાતાવરણથી ભરપૂર છે. એની યાત્રા કરતા મુમુક્ષુને પગલે પગલે સિદ્ધોનું સ્મરણ જાગે છે, રત્નત્રયધારક સંતોનું બહુમાન જાગે છે અને પોતાને પણ તે માર્ગે જવાની ઉર્મીઓ જાગે છે. એ સિદ્ધિધામની છાયામાં જઈએ એટલે જાણે સિદ્ધ ભગવંતોની નજીક આવ્યા તેવું લાગે છે.

હે ભવ્ય! જીવનમાં સદાય રત્નત્રય તીર્થની ભાવના કર અને એના વડે આ ભવસમુદ્રને તર.

--પૂજ્ય-ગુરુદેવશ્રી-



સમ્મેદશિખર-મધુવન : વીસપંથી મંદિરની મુખ્ય વેદી

ભારતભરમાં પુષ્કળ તીર્થધામો છે. તે બધા ધામોની યાત્રા તો કોઈક ભાગ્યશાળી જીવે જ કરી હશે. શ્રી સમ્મેદ શિખરજીની આજુ-બાજુમાં બિહારમાં ક્યાં ઓછા સ્થળો છે ? પાવાપુરી શ્રી મહાવીર પ્રભુની નિર્વાણભૂમિ છે. ગુણાવા ગૌતમ ગણધરદેવની નિર્વાણભૂમિ છે. આ ઉપરાંત રાજગૃહી, કુંડલપુર, નાલંદા, વિગેરે અનેક તીર્થધામો છે. ચંપાપુરીમાં તો શ્રી વાસુપૂજ્ય ભગવાનના પાંચેય કલ્યાણકો થયા હતા. આ બધા ક્ષેત્રોની માહિતી લખો, તો પુસ્તકના પુસ્તક તૈયાર થાય.

તળેટી કે જ્યાં બધી ધર્મશાળાઓ છે અને મંદિરો છે તથા ઘણી બધી દુકાનો વિગેરે છે, તેને "મધુવન" કહે છે અને પહાડને "પારસનાથ હીલ" કહે છે અથવા શ્રી સમ્મેદશિખરજી કહે છે. હાલ તો મધુવનમાં ઘણી જ ધર્મશાળાઓ થઈ ગઈ છે. તેમાં મુખ્ય અને જૂની ધર્મશાળાઓમાં એક દિગંબર જૈન તેરાપંથી કોઠી અને બીજી તેની જ બાજુમાં અડોઅડ શ્વેતાંબર કોઠી અને ત્યારપછી તરત જ ત્રીજી દિગંબર જૈન વીસપંથી કોઠી છે. આ ત્રણ ધર્મશાળા સૌથી જૂની, ખૂબ જ મોટી અને વિશાળ છે. હજારો માણસો રહી શકે તેવડી મોટી છે. અંદર નવી-નવી કેટલીયે રૂમો બંધાણી છે. તે સિવાય કચ્છી ધર્મશાળા, ભોમીયાજીની ધર્મશાળા, વિગેરે અનેક નવી

ધર્મશાળાઓ બંધાણી છે. શ્રી કાંતિભાઈ મોટાણીના સંઘ સાથે જ્યારે શ્રી સમ્મેદશિખરજીની યાત્રાએ ગયા હતા, ત્યારે ભોમીયાજીની ધર્મશાળામાં મોટી રકમ દાન તરીકે પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી (મુંબઈ)એ દીધી હતી અને તેના બદલામાં આપણાં કોઈ પણ મુમુક્ષુને આ ધર્મશાળામાં ઉતરવુ હોય તો સગવડતા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તે માટે મુંબઈથી પૂજ્ય શ્રી કાનજી સ્વામી સ્મારક ટ્રસ્ટનો પત્ર મંગાવી લેવો ખાસ જરૂરી છે. તે પત્ર ભોમીયાજીની ધર્મશાળામાં આપો એટલે રહેવાની સગવડતા આપશે તેવા કરાર થયા છે.

તળેટી-મધુવનમાં મુખ્યત્વે ત્રણ મોટા-મોટા દિગંબર જૈન મંદિરો છે. દિગંબર કોઠીમાં બે મંદિરો છે અને ત્રીજુ મંદિર પહાડ ચઢતા જ શરૂઆતમાં આવે છે. તે સિવાય શ્રી બાહુબલી ભગવાનની આરસની ખડ્ગાસને ભવ્ય મૂર્તિ છે અને ફરતી ચોવીસ તીર્થંકર ભગવંતોની ચોવીસ દેરીઓ છે. દિગંબર તેરાપંથી કોઠીમાં અંદર જતાં શરૂઆતમાં ઘણી રહેવાની રૂમો છે. અંદર શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનનું મંદિર છે. શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનના આ મંદિરની જમણી તરફના ભાગમાં અત્યંત પ્રસન્નકારી શ્રી સીમંધર પ્રભુના ચરણપાદૂકા છે, જેની સ્થાપના વિ. સં. ૨૦૦૩ના ફાગણ સુદ-૩ના રોજ થઈ છે. શ્રી સીમંધર પ્રભુના આ ચરણપાદૂકાના અહીં દર્શન થતા સૌના હૃદય ખૂબ જ આનંદિત થાય તે સ્વાભાવિક છે. બીજા ખુલ્લા ચોકમાં ૫૧ ફીટ ઊંચા શ્રી માનસ્થંભજી ભગવાન છે કે જે શેઠ શ્રી વછરાજજી ગંગવાલ અને તેમના ભાઈઓએ કરાવેલ છે તે છે. તેમાં ચારે દિશામાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન બિરાજમાન કરેલા છે. માનસ્થંભજીની પિઠીકાઓ તથા ફરતો ચોક વિગેરે સુશોભિત છે. બાજુમાં કાર્યાલય-ઓફિસ છે. યાદ રાખો કે અહીં ધર્મશાળાને કોઠી કહે છે. જમણી તરફ આરસની સહસ્રકૂટી છે. તેની બાજુમાં ચોવીસ તીર્થંકર ભગવંતોની ખડ્ગાસન પ્રતિમાજી છે. તેમજ પંચધાતુના બીજા ઘણા ભગવંતો છે. દિવાલ ઉપર શ્રી સમવસરણજીનું દશ્ય કોતરેલ છે. તે સિવાય બીજા મંદિરમાં બાવન જિનાલય એટલે કે શ્રી નંદીશ્વર દ્વીપની સુંદર રચના કરેલી છે, જે ખરેખર દર્શનીય છે. આખુયે મંદિર આરસનું છે. ત્યારબાદ શ્રી બાહુબલીનું મંદિર છે. જેમાં શ્રી બાહુબલી ભગવાનની ખડ્ગાસને સફેદ આરસની મૂર્તિ છે.

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીએ કહ્યું હતું કે શ્રી સમ્મેદશિખરજી પહાડની નીચે શાશ્વત સ્વસ્તિક છે. વર્તમાન ચોવીસ તીર્થંકરોમાંથી વીસ તીર્થંકરો શ્રી સમ્મેદશિખરજી પહાડ ઉપરથી મુક્તિ પામ્યા છે. ફકત ચાર તીર્થંકરો જ અન્ય સ્થળેથી મુક્તિ પામ્યા છે. (૧) શ્રી મહાવીર પ્રભુ-પાવાપુરીથી (૨) શ્રી નેમિનાથ પ્રભુ-ગિરનારથી (૩) શ્રી વાસુપૂજ્ય ભગવાન-ચંપાપુરીથી અને (૪) શ્રી ઋષભદેવ ભગવાન-કૈલાસ પહાડ ઉપરથી મુક્તિ પામ્યા છે. તે સિવાય સમ્મેદશિખરજીથી ક્રોડાક્રોડી મુનિવરો મુક્તિ પામ્યા છે, જેનું વિશેષ વર્ણન હવે પછી ટોંકવાર આવશે કે કઈ કઈ ટોંક ઉપરથી કેટલા મુનિવરો મુક્તિ પામ્યા છે.

મધુવન : તળેટી કે જે મધુવન તરીકે ઓળખાય છે, ત્યાં ઘણી જ દુકાનો થઈ ગઈ છે. દરેક જાતનું અનાજ, ઘી, તેલ, ગોળ, ચા, ખાંડ, વિગેરે બધુ જ મળે છે. તેમજ ફરસાણની દુકાનો પણ છે કે જ્યાં ગાંઠીયા, પુરી, વિગેરે મળે છે. તે સિવાય ચા-કોફીની હોટલો પણ ઘણી થઈ છે. ત્યાં ચા-કોફી, બિસ્કીટ, વિગેરે બધું જ મળે છે. વિ. સં. ૨૦૧૩માં સૌ પ્રથમ વખત મેં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા કરી ત્યારે તો પહાડ ઉપર કોઈપણ ચીજ મળતી ન હતી. અરે, પીવાનું પાણી પણ પહાડ ઉપર મળતું ન હતું. કારણ કે આ પવિત્ર તીર્થધામ-પહાડ ઉપર કાંઈપણ ખાવુ કે પીવુ તે ઉચિત ગણાતું ન હતું. દોષ ગણાતો હતો. પરંતુ, છેલ્લે ત્રીજીવાર વિ. સં. ૨૦૫૨માં શ્રી કાંતિભાઈ મોટાણીના સંઘ સાથે યાત્રા કરી ત્યારે તો પહાડ ઉપર ખાણીપીણીના પુષ્કળ સ્ટોલો થઈ ગયેલા જોતા મનમાં દુઃખ થયું કે આ પવિત્ર તીર્થધામ ખરેખર યાત્રાધામ મટીને પિકનીક સ્થળ જેવું થતું જાય છે-થઈ ગયું છે. તેની પવિત્રતા જળવાતી નથી. તાજેતરમાં તો સાંભળ્યું છે કે પહાડ ઉપર રહેવા માટેની ધર્મશાળા પણ થવાની છે કે જેથી યાત્રિકો ત્યાં પહાડ ઉપર બે-ચાર દિવસ રહી શકે અને દરરોજ બધી ટોંકમાં પૂજા-ભક્તિ કરી શકે. આ બાબત મને યોગ્ય લાગતી નથી અને આપ સૌને પણ વિચારતા એમ જ લાગશે. કારણ કે પહાડ ઉપર ધર્મશાળાઓ બંધાશે એટલે ઉપર રહેવાથી ખાવુ, પીવુ, ન્હાવુ, ધોવુ, બાથરૂમ-લેટ્રીન જવુ, વિગેરે ત્યાં પવિત્ર પહાડ ઉપર જ થશે. જે ભૂમિનો કણેકણ પવિત્ર છે-અતિપવિત્ર છે, જ્યાંથી કરોડો મુનિવરો મુક્તિ પામ્યા છે, ત્યાં અશુચી અને ગંદકી થશે. વળી પહાડ ઉપર બ્હેનો પણ રહેશે અને માસિક-ટાઈમમાં થશે. જેથી પહાડની પવિત્રતા નષ્ટ થઈ જશે. આ રીતે દિગંબરો પહાડ ઉપર ધર્મશાળા બંધાવશે એટલે શ્વેતાંબરો પણ તેમની ધર્મશાળા પહાડ ઉપર બંધાવશે. પહાડ ઉપર રહેવાનું થશે એટલે દરેક ચીજ-વસ્તુઓ વેચનારાની દુકાનો પણ થશે. આ રીતે પહાડની પવિત્રતા બિલકુલ ચાલી જશે અને ઉપર ગંદકી થશે. ખરેખર આ પંચમકાળ છે. સમાજને-દુનિયાને ગમે તે ખરૂં. આનું નામ જ પંચમકાળ કહેવાય. એટલે જ આવા પવિત્ર પહાડ ઉપર આવુ કરવાના માણસોને ભાવ આવે.

આ પહાડ ચઢવો સહેલો છે. અઘરો નથી. કોઈ રસ્તો જરા પણ ખરાબ નથી. જેથી સૌ કોઈ આસાનીથી ચઢી શકે તેવો પહાડ છે. પહાડ ઉપર ચઢવાનું ૯ કિ.મી. છે અને ઉપર ગયા પછી બધી ટોંકના દર્શન કરવા માટે ૯ કિ.મી. ઉપર ફરવાનું છે અને યાત્રા પૂર્ણ કરીને ૯ કિ.મી. નીચે પાછા ઉતરવાનું છે. એટલે બધુ થઈને આશરે ૨૭ કિ.મી. જે ચાલી શકે તેને માટે તો પહાડ તદ્દન સહેલો છે. બાકી તો ત્યાં પુષ્કળ ડોલી મળે છે. ડોલીનો ચાર્જ વજન ઉપર હોય છે. સંસ્થા આપણું વજન કરી આપે છે અને પૈસા નક્કી કરી આપે છે. દા.ત. ૫૦ કિલો સુધીનો ભાવ, ૫૦ થી ૬૦ કિલોનો ભાવ-તેમ ભાવ બાંધેલા છે. પહાડ ચઢતા જરાય હાંફ કે શ્વાસ ચઢતો નથી. યાત્રા શરૂ કરો અને યાત્રા પૂર્ણ કરી નીચે પાછા આવો તેમાં લગભગ ૧૪ થી ૧૫ કલાક થાય છે. દા.ત. અમે રાત્રે ૨:૩૦ વાગ્યે ચઢવાનું શરૂ કરેલ તો વહેલી સવારે ૬:૦૦ વાગ્યે ઉપર પહોંચી

ગયા હતા. યાત્રા તથા પૂજા પૂર્ણ કરતા ૧૧:૦૦ વાગ્યા અને ૧૧:૦૦ વાગ્યે ઉતરવાનું શરૂ કર્યું. તો બપોરે ૨:૦૦ વાગ્યે નીચે તળેટીમાં આવી ગયા. આશરે ૬ કિ.મી. ચઢયા પછી થાક લાગેલ, તો થોડીવાર બેસી આરામ કરેલ. અહીં સૂર્યોદય ખૂબ જ વહેલો થાય છે. સવારે ૫:૦૦ વાગ્યે સૂર્યોદય થાય છે. તેવી જ રીતે સાંજે ૫:૦૦ વાગ્યે સૂર્યાસ્ત થાય છે. તેથી સાંજે તો ૪:૦૦ વાગ્યામાં જ જમવા બેસી જવું પડે.

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીની સાથે-સંઘ સાથે યાત્રાનો આનંદ તો જેણે માણ્યો હોય, અનુભવ્યો હોય તેને જ ખ્યાલ આવે. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી-બ્હેન સાથે યાત્રા કરતા-કરતા તેમના શ્રીમુખેથી તીર્થધામોનું વર્ણન સાંભળવાનો અને તેમની સાથે ભક્તિ કરવાનો સૌને અનેરો આનંદ આવતો હતો, જે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ભારતના શાશ્વત સિદ્ધિધામ શ્રી સમ્મેદશિખરજીને ભેટવા પૂજ્ય ગુરુદેવશ્રીનું હૃદય આનંદથી ઉછળી રહ્યું હતું. તેમની મુદ્રામાંથી એવા ભાવો ઉઠતા કે અહીં મારા વ્હાલા નાથનો આજે ભેટો થયો. ધન્ય ઘડી-ધન્ય જીવન. તેવી જ રીતે હજારો યાત્રિકોની ઝંખના પૂર્ણ થતા સૌના મોઢા ઉપર અનેરો આનંદ અને ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો. ભારતભરના પ્રાન્તેપ્રાન્તમાંથી ભેગા થયેલા યાત્રિકો ખૂબ જ આનંદ-હર્ષોલ્લાસથી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બ્હેનશ્રી-બ્હેન સાથે યાત્રા કરવાનો લ્હાવો માણતા ખૂબ જ પ્રમોદ અને પ્રસન્નતા વ્યક્ત કરતા હતા. યાત્રામાં પૂજ્ય ગુરુદેવશ્રીએ અહીં કહેલ કે **"અનંતા તીર્થંકરો અને સંત મુનિવરો રત્નત્રયરૂપ તીર્થની આરાધના કરીને સંસારને તરીને અહીંથી મોક્ષ પામ્યા છે. તેથી આ શ્રી સમ્મેદશિખરજી મંગળ તીર્થ છે. જુઓ અહીંથી ઉપર અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે".** જાણે કે પોતે ઉપર સિદ્ધોના દર્શન કરતા ન હોય ! તેમ હાથ ઉપર કરીને બતાવતા હતા કે જુઓ ઉપર અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે.

પહાડ ઉપર લગભગ પાંચેક કિ.મી. ચઢયા પછી સીતાનાળા આવે છે, જ્યાં યાત્રિકો આરામ કરીને પાણી પીવુ હોય તો પીવે છે અને યાત્રા પૂરી કરીને નીચે આવે છે, ત્યારે આ સીતાનાળા ઉપર યાત્રિકોને ભાથુ (નાસ્તો) આપવામાં આવે છે. સીતાનાળા પાસે પાણીના ઝરણા વહે છે. આ ઝરણાના મીઠા કલરવ દ્વારા આખો પર્વત જાણે કે તીર્થંકરોના ગુણગાન ગાઈ રહ્યો છે અને ભક્તોને કહે છે કે **"હે ભકતજનો ! આપણા ઉપર-અહીં ઉપર આપણા ભગવાન બિરાજે છે. ભગવંતોએ અહીં સમશ્રેણી માંડી હતી તેનો હું સાક્ષી છું."** શ્રી સમ્મેદશિખરજી ઉપરથી ૨૦ તીર્થંકરો અને ૧૬૪૮ ક્રોડાક્રોડી ૧૨ અબજ ૩૧ કરોડ ૭૧ લાખ ૭૩ હજાર ૪૭૫ મુનિવરો મુક્તિ પામ્યા છે. જેની વિગત આગળ ટોંકવાર આપી છે.

સૌથી પહેલી ટોંક જ્ઞાનધર ટોંક-શ્રી કુન્થુનાથ ભગવાનની ટોંક ઉપરથી એક તરફ સૌથી ઊંચી શ્રી પાર્શ્વનાથ ભગવાનની સુવર્ણભદ્ર ટોંક દેખાય છે અને બીજી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની લલિત ટોંક દેખાય છે. તે બંને ટોંક ખૂબ જ ઊંચામાં ઊંચી ટોંક છે.

| ક્રમ | ટોંકનું નામ | ભગવાનનું નામ | નિર્વાણ દિવસ | કેટલા મુનિવરો મુક્તિ પામ્યા. |
|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનધર ટોંક | શ્રી કુન્થુનાથ | વૈશાખ સુદ-૧ | ૯૬૦૦૦૦૦૯૬૩૨૯૬૭૪૨ |
| ૨. | ગણધર ટોંક | ----- | ----- | ----- |
| ૩. | મિત્રધર ટોંક | શ્રી નમીનાથ | ચૈત્ર વદ-૧૪ | ૯૦૦૦૦૦૦૧૦૦૪૫૦૭૯૪૨ |
| ૪. | નાટક ટોંક | શ્રી અરનાથ | ચૈત્ર સુદ-૧૧ | ૯૯૯૯૯૯૯૯૯ |
| ૫. | સંબલ ટોંક | શ્રી મલ્લિનાથ | ફાગણ સુદ-૫ | ૯૬૦૦૦૦૦૦૦ |
| ૬. | સંકુલ ટોંક | શ્રી શ્રેયાંસનાથ | શ્રાવણ સુદ-૧૫ | ૯૬૦૦૦૦૦૯૬૯૬૦૯૫૪૨ |
| ૭. | સુપ્રભ ટોંક | શ્રી પુષ્પદંત | આસો સુદ-૮ | ૧૦૦૦૦૦૦૦૯૯૦૭૪૮૦ |
| ૮. | મોહન ટોંક | શ્રી પદ્મપ્રભુ | મહા વદ-૪ | ૯૯૮૭૪૩૭૨૭ |
| ૯. | નિર્જર ટોંક | શ્રી મુનિસુવ્રતનાથ | મહા વદ-૧૨ | ૯૯૦૦૦૦૦૯૭૦૯૦૦૯૯૯ |
| ૧૦. | લલીત ટોંક | શ્રી ચન્દ્ર પ્રભુ | ફાગણ સુદ-૭ | ૯૮૪૭૨૮૦૮૪૫૯૫ |
| ૧૧. | ઋષભદેવ ટોંક | શ્રી ઋષભદેવ (કૈલાસ પર્વતથી) | પોષ વદ-૧૪ | ૧૦૦૦૦ |
| ૧૨. | વિદ્યુતવર ટોંક | શ્રી શીતલનાથ | આસો સુદ-૮ | ૧૮૦૦૦૦૦૪૨૩૨૪૨૯૦૫ |
| ૧૩. | સ્વયંભુ ટોંક | શ્રી અનંતનાથ | ફાગણ વદ-૪ | ૯૬૦૦૦૦૦૭૦૭૦૭૦૭૦૦ |
| ૧૪. | ધવલ ટોંક | શ્રી સંભવનાથ | ચૈત્ર સુદ-૬ | ૯૦૦૦૦૦૦૦૭૨૪૨૫૦૦ |
| ૧૫. | વાસુપૂજ્ય ટોંક | શ્રી વાસુપૂજ્ય (ચંપાપુરીથી) | ભાદરવા સુદ-૧૪ | ૧૦૦૦ |
| ૧૬. | આનંદ ટોંક | શ્રી અભિનંદનનાથ | વૈશાખ સુદ-૬ | ૭૨૦૦૦૦૦૭૦૭૦૪૨૭૦૦ |
| ૧૭. | સુદત્તવર ટોંક | શ્રી ધર્મનાથ | જેઠ સુદ-૪ | ૨૯૦૦૦૦૦૧૯૦૯૦૯૭૯૫ |
| ૧૮. | અવિચલ ટોંક | શ્રી સુમતિનાથ | ચૈત્ર સુદ-૧૧ | ૧૦૦૦૦૦૮૪૭૨૮૧૭૦૦ |
| ૧૯. | કુંદ પ્રભ ટોંક | શ્રી શાંતિનાથ | વૈશાખ વદ-૧૪ | ૯૦૦૦૦૦૦૦૦૯૦૯૯૯૯ |
| ૨૦. | મહાવીર ટોંક | શ્રી મહાવીર પ્રભુ (પાવાપુરીથી) | આસો વદ-૦)) | ૨૬ |
| ૨૧. | પ્રભાસ ટોંક | શ્રી સુપાર્શ્વનાથ | મહા વદ-૭ | ૪૯૦૦૦૦૦૮૪૭૨૦૭૭૪૨ |
| ૨૨. | સુવીર ટોંક | શ્રી વિમલનાથ | જેઠ વદ-૮ | ૭૦૦૦૦૦૦૦૦૬૦૦૬૭૪૨ |
| ૨૩. | સિદ્ધવર ટોંક | શ્રી અજીતનાથ | ચૈત્ર સુદ-૫ | ૧૮૦૫૪૦૦૦૦૦ |
| ૨૪. | નેમિનાથ ટોંક | શ્રી નેમિનાથ (ગિરનારથી) | અશાઢ સુદ-૭ | ૭૨૦૦૦૦૭૦૦ |
| ૨૫. | સુવર્ણભદ્ર ટોંક | શ્રી પાર્શ્વનાથ | શ્રાવણ સુદ-૭ | ૮૨૮૪૪૫૭૪૨ |

કુલ ૨૦ તીર્થંકર તથા ૧૬૪૮૦૦૦૦૧૨૩૧૭૧૭૩૪૭૫

આ વાંચવાની રીત એ છે કે ૧૬૪૮ ક્રોડાક્રોડી ૧૨ અબજ ૩૧ કરોડ ૭૧ લાખ ૭૩ હજાર અને ૪૭૫. તેવી જ રીતે બીજો દાખલો-પહેલી જ્ઞાનધર ટોંકથી ૯૬ ક્રોડાકોડી ૯૬ કરોડ ૩૨ લાખ ૯૬ હજાર ૭૪૨.

એક કરોડ તેને ગુણ્યા એક કરોડ એટલે એક કોડાકોડી થાય. ઉપર લખ્યા મુજબ શ્રી સમ્મેદશિખરજી પહાડ ઉપર કુલ પચીસ ટોંક છે. તેમાં વીસ ટોંક વીસ તીર્થંકરોની કે જેઓ અહીંથી જ મુક્તિ પામ્યા છે તેમની છે. તે સિવાય ચાર તીર્થંકરો અહીંથી મુક્તિ પામ્યા નથી. છતાંય તેમની ચાર ટોંક બનાવી છે અને એક ટોંક ગણધરની છે. તેમ કુલ પચીસ ટોંક આ પહાડ ઉપર છે. અહીં બધી જ ટોંકની બધી જ દેરીઓમાં ફક્ત ચરણપાદૂકા જ છે. પર્વત ઉપર ક્યાંય જિનબિંબ (મૂર્તિ) નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી તો દરેક ટોંકે ખૂબ જ ભાવપૂર્વક નમસ્કાર કરીને ૫-૬ વખત સ્પર્શ કરતા હતા. ક્યાંક-ક્યાંક તો પૂજ્ય ગુરુદેવશ્રી શિલાલેખ પણ વાંચતા હતા અને સૂવર્ણની રકાબીમાં અર્ઘ્ય ચઢાવતા હતા. જ્ઞાનધર ટોંકની બાજુમાં બીજી ટોંક ગણધર ટોંક છે. ગણધર ટોંક પછી ફક્ત ૨-૩ મિનિટના રસ્તે ત્રીજી શ્રી નમિનાથ ભગવાનની મિત્રધર ટોંક આવે છે. અહીંથી ૯૦૦ ક્રોડાક્રોડી ૧ અબજ ૪૫ લાખ ૭૯૪૨ મુનિવરો મુક્તિ પામ્યા છે. બધી ટોંકમાં આ ટોંક ઉપરથી સૌથી વધારે જીવો મુક્તિ પામ્યા છે. અહીંથી આગળ જતાં ચોથી ટોંક શ્રી અરનાથ ભગવાનની નાટક ટોંક આવે છે. આ ટોંક ઉપરથી એક અબજમાં એક ઓછા મુનિવરો મુક્તિ પામ્યા છે. ત્યાંથી આગળ જતાં પાંચમી ટોંક શ્રી મલ્લિનાથ ભગવાનની સંબલ ટોંક આવે છે.

આઠમી ટોંક મોહન ટોંક આવે છે. મોહનો નાશ કરનારી આ ટોંક છે. સૌથી ઊંચી ટોંક શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે.

ભગવાન જ્યારે મોક્ષ પધારે ત્યારે ઈન્દ્રો આવીને નિર્વાણકલ્યાણક મહોત્સવ ઉજવે અને નિર્વાણસ્થાન ઉપર વજ્રથી ચરણચિન્હ કોતરે છે. તે રીતે અનંતા તીર્થંકરોના નિર્વાણકલ્યાણકો આ પર્વત ઉપરથી ઉજવાયા છે. આ તીર્થોની વંદના માટે દેવોનું પણ આગમન સતત થયા કરતું હોય છે. સારા કાળમાં તો દેવો અહીં પ્રગટ થતાં, જે આજના કાળમાં બનતું નથી. આ રીતે શરૂઆતની પહેલી નવ ટોંક તો પાસે-પાસે હોઈને ઘડીકમાં આવી જાય છે. જ્યારે દસમી ટોંક જરા દૂર છે. એટલે દસમી ટોંક બીજી બધી ટોંકોથી દૂર જુદી એકલી-અટુલી ઉભી છે. તે જાણે કે પ્રસન્નપણે યાત્રિકોને દૂર-દૂરથી બોલાવી રહી છે કે "અરે ! યાત્રિકો આવો રે આવો-જુઓ **એકત્વ સ્વભાવને સાધવાનું સ્થાન."** જેમ જેમ ટોંકની નજીક-નજીક જઈએ તેમ તેમ ચઢાણ અઘરૂં આવતુ જાય છે. તેથી ટોંક થોડી દૂર હોય, ત્યારે ડોળીવાળા ડોળીમાંથી ઉતરી જવાનું કહે છે. છેક ઉપર સુધી ડોળી લઈ જવાનું ડોળીવાળાથી શકય નથી. તેથી વૃદ્ધજનો અહીં મુંઝાય છે કે હવે છેક ઉપર જવાશે કે નહીં ? પણ લાકડીના ટેકે ધીરે-ધીરે ડગુમગુ ચાલે તો ઉપર પહોંચી જવાય છે. આ દસમી ટોંક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની ટોંક છે. (વિંછીયાના જિનમંદિરમાં

મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે.) અહીંથી ૯૮૪ અબજ ૭૨ કરોડ ૮૦ લાખ ૮૪ હજાર ૫૯૫ મુનિવરો મુક્તિ પામ્યા છે. ઉપરના ટેબલમાં લાંબા-લાંબા આંકડા જોઈને કેમ વાંચવું તે ન સમજાય. તેથી અહીં આ રીતે શબ્દોમાં લખેલ છે. આ ટોંક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી બહુ જ પ્રસન્ન હતા અને પૂજ્ય ગુરુદેવશ્રીએ આ ટોંક ઉપર શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની સ્તુતિ-ભક્તિ ઘણા જ પ્રમોદથી ગવરાવી હતી. આ ઊંચી ટોંકેથી આખા સમ્મેદશિખરજી પર્વતના સુંદર દર્શન થાય છે. તેની જ સામે પશ્ચિમ તરફ દૂર-દૂર જાણે કે આ ટોંક સામે હરીફાઈ કરતી હોય એવી શ્રી પાર્શ્વનાથ ભગવાનની ઊંચી-ઊંચી સુવર્ણભદ્ર ટોંક શોભી રહી છે. આ પવિત્ર સિદ્ધિધામની યાત્રા જીવનની એક સોનેરી મુડી છે.

દસમી શ્રી ચન્દ્ર પ્રભુની ટોંકેથી પાછા ફરતા એક સ્થળે બે રસ્તા ભેગા થાય છે. ત્યાં બોર્ડમાં લખ્યું છે કે "જલમંદિર જાનેકા રસ્તા". ત્યાંથી આગળ જતાં અગીયારમી ટોંક શ્રી આદિનાથ ભગવાનની આવે છે. શ્રી આદિનાથ ભગવાન તો દસ હજાર મુનિવરો સહિત કૈલાસગિરિથી મુક્તિ પામ્યા હતા. તેથી આ ટોંકનું કોઈ સ્પેશીયલ નામ નથી, પણ આદિનાથ ટોંક નામ આપેલ છે. આગળ જતાં બારમી શ્રી શીતલનાથ ભગવાનની વિદ્યુતવર ટોંક આવે છે. અહીંથી ૧૮ ક્રોડાક્રોડી ૪૨ કરોડ ૩૨ લાખ ૪૨ હજાર ૯૦૫ મુનિવરો મુક્તિ પામ્યા છે. આ ટોંક પછી તેરમી ટોંક શ્રી અનંતનાથ પ્રભુની આવે છે. આ ટોંક વચ્ચેની ગણાય. કેમ કે કુલ ૨૫ ટોંક છે. આગળ જતાં ચૌદમી અને તે પછી પંદરમી ટોંક શ્રી વાસુપૂજ્ય ભગવાનની આવે છે. શ્રી વાસુપૂજ્ય ભગવાન તો ચંપાપુરીથી ભાદરવા સુદ-૧૪ના રોજ મુક્તિ પામ્યા હતા. છતાંય અહીં પણ તેમના નામની ટોંક બનાવીને ચરણપાદૂકા સ્થાપિત કર્યા છે. આ પંદરમી ટોંકની વિશેષતા એ છે કે અહીં એકને બદલે પાંચ જોડી ચરણપાદૂકા છે. કેમ કે શ્રી વાસુપૂજ્ય ભગવાનના એકના જ પાંચેય કલ્યાણકો એક જ સ્થળે ચંપાપુરીમાં જ થયા હતા. તેથી પંચકલ્યાણકસૂચક પાંચ ચરણપાદૂકાની અહીં સ્થાપના કરવામાં આવેલી છે. તેવી જ રીતે શ્રી નેમિનાથ પ્રભુના પણ ત્રણ કલ્યાણક એક સ્થળે થયા હતા. તેથી તેમની ચોવીસમી ટોંક ઉપર ત્રણ ચરણપાદૂકાની સ્થાપના કરવામાં આવેલી છે. ત્યારબાદ સોળમી ટોંક શ્રી અભિનંદનનાથની આવે છે. આ આનંદ ટોંક ઉપરથી વૈશાખ સુદ-૬ના રોજ શ્રી અભિનંદનનાથ પરમ આનંદમય અને અભિનંદનીય એવા સિદ્ધપદને પામ્યા હતા. આ આનંદ ટોંક પૂર્વ દિશાની છેલ્લી ટોંક છે. આ રીતે પૂર્વ તરફની યાત્રા પૂર્ણ થઈ અને હવે પશ્ચિમ તરફની નવ ટોંકની યાત્રા શરૂ થશે.

પશ્ચિમ તરફ પાછા ફરતા પહેલા વચ્ચે જલમંદિર આવે છે. આ જલમંદિર યાત્રિકો માટે વિશ્રામસ્થાન જેવું છે. પશ્ચિમ તરફ જતાં વચ્ચે પહેલી ટોંક ફરીને આવે. તેથી પહેલા તો થોડે દૂરથી આ ટોંક જોતાં યાત્રિકોને એમ લાગે કે આ સત્તરમી ટોંક આવી. પણ ટોંકના દર્શન કરતા ખ્યાલ આવે કે આ તો પહેલી ટોંક છે કે જેના સૌ પ્રથમ દર્શન કર્યા હતા. આ રીતે ગણધર ટોંકને

વંદન કરીને પશ્ચિમ તરફ આગળ જવાનું છે. આટલી સોળ ટોંકની યાત્રા કરતા ૪ થી ૫ કલાક થાય છે. તે રીતે આગળ જતાં પશ્ચિમ તરફ સત્તરમી ટોંક-શ્રી ધર્મનાથ ભગવાનની સુદત્તવર ટોંક આવે છે કે જ્યાંથી ૨૯ ક્રોડાક્રોડી ૧૯ કરોડ ૯ લાખ ૯ હજાર અને ૭૯૫ મુનિવરો મુક્તિ પામ્યા છે. ત્યાંથી આગળ જતાં અઢારમી ટોંક શ્રી સુમતિનાથજીની અવિચલ ટોંક આવે છે.

આગળ જતાં ઓગણીસમી ટોંક શ્રી શાંતિનાથ પ્રભુની કુંદપ્રભ ટોંક આવે છે. આ ટોંકની દેરી વિશાળ છે. કોઈ-કોઈ ટોંક ઉપર તો ચરણપાદૂકા દેરી વગરના સાવ ખુલ્લા છે. આ ટોંકમાં જતાં જ એકદમ શીતળ શાંતિ અનુભવાય છે. શ્રી શાંતિનાથ ભગવાન જે દિવસે જન્મ્યા હતા, તે જ દિવસે મુનિ થયા હતા અને તે જ દિવસે વૈશાખ વદ-૧૪ના રોજ મુક્તિ પામ્યા હતા. તે જ દિવસ એટલે એક જ દિવસ નહીં સમજતા તિથિ એક જ હતી તેમ સમજવાનું છે. ત્યાંથી આગળ જતાં વીસમી ટોંક વીરપ્રભુની આવે છે. શ્રી મહાવીર પ્રભુ પાવાપુરીથી મુક્તિ પામ્યા હતા. આ ટોંકેથી ફક્ત છવ્વીસ મુનિવરો જ મુક્તિ પામ્યા હતા. ત્યારબાદ આગળ જતાં એકવીસમી ટોંક પ્રભાસ ટોંક આવે છે. અહીં શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ તથા ૪૯ ક્રોડાક્રોડી ૮૪ કરોડ ૭૨ લાખ ૭ હજાર ૭૪૨ મુનિવરો મુક્તિ પામ્યા છે. આગળ જતાં બાવીસમી ટોંક શ્રી વિમલનાથ ભગવાનની સુવીર ટોંક આવે છે. ત્યારબાદ ત્રેવીસમી ટોંક શ્રી અજીતનાથ પ્રભુની સિદ્ધવર ટોંક આવે છે. આટલે સુધી આવ્યા પછી યાત્રિકોને થાક લાગે છે. છતાંય ભક્તિ કરતા-કરતા આગળ જઈ યાત્રા પૂર્ણ કરવાના ભાવમાં થાક ખોવાઈ જાય છે. આગળ જતાં ચોવીસમી ટોંક શ્રી નેમિનાથ ભગવાનની આવે છે કે જેઓ ગિરનારથી મુક્તિ પામ્યા હતા. ગિરનાર પર્વતથી માત્ર શ્રી નેમિનાથ ભગવાન એકલા જ નહીં, પણ શંભુ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, આદિ કૃષ્ણ કુમારો સહિત કુલ ૭૨ કરોડ અને ૭૦૦ મુનિવરો મુક્તિ પામ્યા હતા. સમ્મેદશિખરજીના પહાડ ઉપર શ્રી નેમિનાથ ભગવાનની ટોંકના દર્શન કરતા ગિરનારનું સ્મરણ જરૂર થાય છે.

હવે છેલ્લી પચ્ચીસમી ટોંક સુવર્ણભદ્ર ટોંક-શ્રી પાર્શ્વનાથ ભગવાનની ટોંક-સૌથી ઊંચી ટોંક આવે છે. ત્યાંથી ૮૨ કરોડ, ૮૪ લાખ, ૪૫ હજાર, ૭૪૨ મુનિવરો મુક્તિ પામ્યા છે. શ્રી સમ્મેદશિખરજી પહાડ ઉપરથી મોક્ષ પામનારા તીર્થંકરોમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન સૌથી છેલ્લા છે. તેથી જ આ પહાડનું નામ "પારસનાથ હીલ" તરીકે હાલમાં પ્રસિદ્ધ છે. તેમજ રેલ્વે સ્ટેશનનું નામ પણ "પારસનાથ" છે. શિખરજીની આ સૌથી ઉચી ટોંક સુવર્ણભદ્ર ટોંક ઉપર એક શિખરબંધ મંદિર છે. આ ટોંક સૌથી ઊંચી હોઈને અનેક માઈલ દૂરથી જ આ ટોંકના દર્શન થાય છે. આ મંદિરની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુના શ્યામ વર્ણના ચરણપાદૂકા છે. ઈતિહાસકારો કહે છે કે આ પહાડ ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુના દિગંબર પ્રતિમાજી અગાઉ હતા.

અયોધ્યાને સ્થાને અને સમ્મેદશિખરજી પહાડ નીચે શાશ્વત સ્વસ્તિક છે, કારણકે તીર્થંકરોના જન્મસ્થાન શાશ્વતતીર્થ અયોધ્યા છે અને નિર્વાણસ્થાન સમ્મેદશિખરજી છે અને દરેક તીર્થંકર ભગવાનના જન્માભિષેકનું શાશ્વતતીર્થ મેરૂપર્વત છે. તેથી આ

ત્રણેની નીચે શાશ્વત સ્વસ્તિક છે.

આ સમ્મેદશિખરજી પહાડ ઉપર દેવેન્દ્રોએ આવીને તીર્થંકર ભગવંતોની નિર્વાણભૂમિ ઉપર ચિન્હો અંકિત કર્યા હતા કે જ્યાં હાલ ચરણપાદૂકા સ્થાપિત કરેલા છે. કહેવાય છે કે સમ્રાટ શ્રેણિકના સમયમાં એટલે કે શ્રી મહાવીર પ્રભુના સમયમાં આ દેરીઓ જીર્ણ થઈ જવાથી તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને ભવ્ય ટોંકો કરાવી હતી. પહેલા પાલગંજના રાજા આ તીર્થની સંભાળ રાખતા હતા. તે વખતે શ્રી પાર્શ્વનાથ ભગવાનની ટોંક ઉપર દિગંબર જૈન પ્રતિમાજી હતા. પરંતુ હાલમાં અહીં માત્ર ચરણપાદૂકા છે. કહેવાય છે કે પહેલા આ મંદિર વિશાળ હતુ. હાલ તો માત્ર સાંકડી જગ્યા છે. આ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પચ્ચીસમી ટોંકના દર્શન કરતા અહીં યાત્રા પૂર્ણ થાય છે. હવે ૯ કિ.મી. નીચે ઉતરવાનું છે. આ યાત્રા પૂર્ણ થતા પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતે "જે" બોલાવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમના જીવનમાં ત્રણ વખત "જે" બોલાવી હતી. પહેલી વાર સં. ૨૦૦૫ના માગશર વદ-૮ના રોજ જ્યારે શ્રી સમયસારજીના આઠમી વખતના પ્રવચનો સમાપ્ત થયા હતા, ત્યારે સમયસાર ભગવાનની "જે" બોલાવી હતી. બીજી વખત વિ.સં. ૨૦૧૦માં ગિરનારજીની યાત્રા વખતે "જે" બોલાવી હતી કે "ગિરનારગિરિ ઉપર ત્રણ કલ્યાણક પ્રાપ્ત શ્રી નેમિનાથ ભગવાનનો જય હો" અને ત્રીજી વખત વિ.સં. ૨૦૧૩માં ફાગણ સુદ-૭ના રોજ સુવર્ણભદ્ર ટોંક-શ્રી પાર્શ્વનાથ ભગવાનની ટોંક ઉપર "જે" બોલાવી હતી.

અનંત ચોવીસીના અનંત તીર્થંકરો અને અનંત મુનિવરોએ અહીંથી જ સિદ્ધપદ સાધ્યું છે. આ રીતે તેમની સાધનાના હિસાબે આ પવિત્ર પહાડની કણેકણ-રજેરજ પવિત્ર અતિ પવિત્ર છે. આ સમ્મેદશિખરજી પહાડ બહુ વિશાળ અને અતિ ભવ્ય છે. રસ્તાઓ ભારે ગીચ ઝાડીવાળા છે. બે જણાં વચ્ચે ચાલતાં બે મિનિટનું અંતર હોય તો પણ ઝાડીના હિસાબે એક બીજાને કોઈ જોઈ શકતા નથી. કારણ કે ઠેર-ઠેર ઝાડ ઉગેલા છે. અહીં હરડે વિગેરે અનેક પ્રકારની દેશી ઔષધી ખૂબ જ ઉગી નીકળે છે. અહીંના જાણીતા ફેરિયાઓ પહાડ ઉપરથી આ બધી ઔષધીઓ લાવીને નીચે મધુવનમાં-તળેટીમાં તે વેચવા માટે ઘણા સ્થાને બેઠા હોય છે. શહેર કરતા અહીં હરડે ઘણી જ સસ્તી મળે છે.

આ સમ્મેદશિખરજી ધામ ઉપરથી મોક્ષ પામનારા તીર્થંકરોમાં સૌથી છેલ્લા શ્રી પાર્શ્વનાથ ભગવાન ત્રેવીસમા તીર્થંકર છે. તેથી જ તેમના નામ ઉપરથી આ પર્વત "પારસનાથ હીલ" તરીકે ઓળખાય છે. તેમજ અહીંના રેલ્વે સ્ટેશનનું નામ પણ પારસનાથ છે.

તળેટીમાં અનેક જિનમંદિરો છે. તેમાં મુખ્ય મંદિરમાં મૂળનાયક શ્રી સુવિધિનાથ ભગવાન બિરાજે છે. તે ઉપરાંત પાછળના ભાગમાં ઉપશમરસ ઝરતા મોટા શ્યામ વર્ણના શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજે છે. તે સિવાય શ્રી મહાવીર ભગવાન લગભગ ૧૦ ફીટ ઊંચા ખડ્ગાસને

ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજે છે. તેમની આસપાસ ચોવીસ તીર્થંકર ભગવંતો ખડ્ગાસને હારબંધ બિરાજે છે. મંદિરમાં બંને બાજુ ચૌમુખી મંદિર-ત્રણ પિઠીકા સહિત શ્રી સમવસરણજી છે. એકમાં શ્રી ચન્દ્ર પ્રભુજી છે અને બીજામાં શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. આ પ્રાન્તમાં દરેક સ્થળે શ્રી ચન્દ્ર પ્રભુજી તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનની ઘણી વિશેષતા છે. એક વેદીમાં શ્રી નેમિનાથ ભગવાન છે તથા બાજુમાં શ્રી શાંતિનાથ પ્રભુ ખડ્ગાસને બિરાજે છે. આ રીતે તળેટીનો વૈભવ ખરેખર અનેરો છે અને ઉપર જુઓ તો અનંત સિદ્ધોનો મેળો.

વીસપંથી ધર્મશાળામાં પણ અનેક જિનમંદિરો છે.

શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજીમાં તળેટીમાં નવા બનેલા ભવ્ય મંદિરોનું વર્ણન નીચે મુજબ છે.

મંદિર નં. ૧ : શ્રી સમ્મેદશિખરજીમાં મધુવનમાં ૩૦ ચોવીસિનું ભવ્ય જિનમંદિર થયું છે. અહિચ્છેત્રમાં જેવું ૭૨૦ તીર્થંકરોનું જિનમંદિર છે, તેવું જ જિનમંદિર અહીં મધુવનમાં બન્યું છે. ભરત ક્ષેત્રના તથા ઐરાવત ક્ષેત્રના-બંનેના થઈને કુલ ૭૨૦ ભગવાનનું મંદિર છે. તે સિવાય પંચધાતુના ૨ ફીટના ખડ્ગાસન ભગવંતો લાઈનસર પ્રતિષ્ઠિત કરેલ છે. તેવી જ રીતે કમળ ઉપર વીસ વીહરમાન ભગવાન બિરાજમાન કરેલા છે. તે સિવાય ચોવીસ કામદેવ પણ વેદીમાં છે. અહીં એક કબાટમાં સોનાનાં, હીરાનાં, પન્નાનાં, નિલમનાં, વિગેરેના ભગવાન પણ છે. પૂજારીને કહો તો તે કબાટ ખોલીને દર્શન કરાવે છે.

મંદિર નં. ૨ : આ સિવાય તળેટીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સમવસરણજીનું મંદિર પણ છે. ઉપર ચૌમુખીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. ભવનવાસી દેવો, વ્યંતર દેવો, જ્યોતિષીદેવો મુનિ, અર્જીકા, શ્રાવક, દેવ, મનુષ્ય, તિર્યંચ, વિગેરેની બાર સભાની આકર્ષક રચના છે. આ મંદિરની ઉપર પંચ પરમેષ્ઠી ભગવાન તથા શ્રી આદિનાથ ભગવાન, શ્રી વાસુપૂજ્ય ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન-તેમ પાંચ ભગવાનના ૨ ફીટના ખડ્ગાસન પ્રતિમાજી છે તથા વીસ વીહરમાન ભગવાનની દેરીઓ પણ છે. આ રીતે આ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું શ્રી સમવસરણજી મંદિર ઘણું મોટું છે.

મંદિર નં. ૩ : આ સિવાય તળેટીમાં શ્રી બાહુબલી ભગવાન આશરે ૧૬ ફીટના છે તથા આશરે ૭ ફીટના શ્યામ વર્ણના ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન છે. આ મંદિરમાં શ્રી આદિનાથ ભગવાનના ખૂબ જ મોટા પદ્માસન પ્રતિમાજી માર્ચ, ૨૦૦૪માં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે.

મંદિર નં. ૪ : મધ્ય લોક જિનમંદિર : આશરે ૫૦ જેટલા પગથિયાં ચઢતા આ મંદિર આવે છે. જેમાં શ્યામ આરસના ફેણવાળા પદ્માસન શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રતિષ્ઠિત કર્યા છે તથા મધ્ય લોકની રચના પણ કરેલી છે. તેમાં માનુષોત્તર મેરૂની રચના, નંદીશ્વરની રચના તથા મધ્ય લોકના ૪૫૮ અકૃત્રિમ જિનાલય છે. બાજૂમાંથી ઉપર જતાં શ્રી સમ્મેદશિખરજી પહાડની રચના કરેલી જોવા મળે છે, જેમાં ચોવીસ ટોંકની ચોવીસ દેરીઓ તથા જળમંદિરની રચના કરેલી છે. આ મંદિરમાં ઉપર ત્રીજે માળે મોટો હોલ છે, જેમાં પણ વિશાળ મંદિર છે. વીસપંથી કોઠીમાં શ્રી ચિન્તામણી પાર્શ્વનાથજીનું મંદિર છે, જ્યાં લોકો માનતા માને છે. એક મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન અને બીજા મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસન બિરાજમાન છે.

મંદિર નં. ૫ : શ્રી શીતલનાથ જિનમંદિર : કહેવાય છે કે ભૂગર્ભમાંથી શ્રી શીતલનાથ ભગવાનની એક પ્રતિમાજી પ્રાપ્ત થયેલ છે તથા બીજા ત્રણ પ્રતિમાજી ચોથા આરાના છે. તે ભગવંતોનું આ મંદિર છે. બીજા નાના પંચ ધાતુના ચોવીસ ભગવાન છે. ચાર ખુણામાં શ્રી વાસુપૂજ્ય ભગવાન, શ્રી આદિનાથ ભગવાન, શ્રી ભરતજી અને શ્રી બાહુબલીજી ખડ્ગાસન ૧ ફૂટના છે. મંદિરની દિવાલ ઉપર અને દાદરમાં ખૂબ સુંદર કોતરકામ કરેલું છે.

મંદિર નં. ૬ : શ્રી આદિનાથ મંદિર : આ મંદિરમાં વચ્ચે શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન તથા બાજુમાં શ્રી ભરત અને શ્રી બાહુબલી ભગવાન ખડ્ગાસન છે તથા બીજા પાંચ ભગવાન છે. બહાર બગીચામાં શ્રી મહાવીર ભગવાન પદ્માસને છે તથા શ્યામ આરસના ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા પંચ ધાતુના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસને છે. અહીં શ્રી મહાવીર પ્રભુના પૂર્વ ભવ તથા મુનિવરોનાં, વિગેરે પચાસેક જેટલા સુંદર ચિત્રપટો પણ છે. અહીં બે દુરબીન મૂકેલ છે, જેની મદદથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની અને શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની ટોંકના દર્શન કરી શકાય છે.

મંદિર નં. ૭ : આ મંદિર ચમત્કારી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર કહેવાય છે. અહીં નીચે ઉતરતા અંદરની બાજૂમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાન છે.

મંદિર નં. ૮ : શ્રી આદિનાથ મ્યુઝિયમ : આ મંદિરમાં શ્રી આદિનાથ ભગવાન તથા ફેણવાળા શ્યામ શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. અહીં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખંડિત છે. પંચ ધાતુના શ્રી શાંતિનાથ ભગવાન પણ છે. આ આદિનાથ મ્યુઝિયમમાં શ્રી આદિનાથ ભગવાનના પૂર્વના ચૌદ ભવનો ઈતિહાસ ચિત્રોમાં છે.

શ્રી આદિનાથ ભગવાને શીખવેલ ધંધા, રોટી, વેપાર, ખેતીના તથા શ્રી આદિનાથ ભગવાનના કલ્યાણકોના ચિત્રપટો પણ ખૂબ જ સુંદર બનાવેલા છે.

મંદિર નં. ૯ : તીન મૂર્તિ મંદિર : આ મંદિરમાં શ્યામ આરસના શ્રી પાર્શ્વનાથ ભગવાનના ૧૫ ફીટના ખડ્ગાસન પ્રતિમાજી છે તથા બાજૂમાં એક તરફ શ્રી ભરતજીના અને બીજી તરફ શ્રી બાહુબલીજીના ૧૦-૧૦ ફીટના બંને ખડ્ગાસન પ્રતિમાજી છે. તે સિવાય શ્યામ આરસના શ્રી પાર્શ્વનાથ ભગવાનના ફેણવાળા પદ્માસન પ્રતિમાજી પણ છે.

મંદિર નં. ૧૦ : શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનનું મંદિર : તીન મૂર્તિ મંદિરની સામે શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન તથા બીજા ચાર ભગવંતોનું મંદિર છે. અહીં બાળકોની પાઠશાળા પણ ચાલે છે.

મંદિર નં. ૧૧ શ્રી શાંતિનાથ જિનમંદિર : આ મંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે તથા બીજા ધાતુના છ પ્રતિમાજી છે. તેમજ પંચમેરૂ પણ છે.

ત્રિયોગ આશ્રમ : આ ત્રણ માળનું મંદિર છે, જેમાં નીચે શ્યામ આરસના શ્રી શાંતિનાથ ભગવાન તથા બીજા ભગવાન પણ છે. ઉપર શ્રી શાંતિનાથ ભગવાનની પદ્માસન મોટી મૂર્તિ છે તથા શ્રી ચન્દ્ર પ્રભુ અને શ્રી મહાવીર ભગવાન પણ છે. તેની ઉપરના માળ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૧૦ ફીટની ખડ્ગાસન પ્રતિમાજી છે. આ મંદિરમાં નીચે ભોંયતળીયે મોટી ધર્મશાળા છે. આગળ જતાં મોટો દરવાજો આવે છે. ત્યાં ધાતુના મોટા શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા ચાંદી જેવી ધાતુના પંચમેરૂ છે. તેમજ શ્રી બાહુબલી ભગવાન પણ છે.

તેની સામે મોટી તેરાપંથી કોઠી આવેલી છે. તેમાં ત્રણ દરવાજા છે. આ કોઠીમાં ઘણા મંદિરો છે. એક મંદિરમાં આરસના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસને ભવ્ય લાગે છે. આગળ જતાં માનસ્થંભજી છે. તેની સામે જે મંદિર છે તેમાં ચાર વેદીઓ છે. પહેલી વેદીમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન તથા બીજા બે ધાતુના ભગવાન અને શ્રી સીમંધર ભગવાન છે. બીજી વેદી ઉપર સમવસરણની જેમ ગઢ જેવું છે. ત્યાં ચૌમુખીમાં શ્રી મહાવીર ભગવાન છે. ત્રીજી વેદીમાં શ્રી મહાવીર ભગવાન અને બંને બાજૂમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે. ચોથી વેદીમાં શ્યામ આરસના શ્રી નેમિનાથ ભગવાન પદ્માસને બિરાજમાન છે. માનસ્થંભજીની સામે બીજુ મોટું મંદિર છે, જે ઘણું જ મોટું છે. તેમાં જતાં ડાબી તરફથી પહેલા મંદિરમાં ૨ ફીટના ધાતુના શ્રી શાંતિનાથ ભગવાન તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનના નાના ચાર પ્રતિમાજી છે. તે સિવાય ચાર ચાંદીના ભગવાન તથા એક સ્ફટિકના ભગવાન છે. તેમજ બીજા ઘણા ભગવાન પણ છે. બીજા મંદિરમાં ચૌમુખી શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસને છે. આગળ ત્રીજી દેરીમાં શ્રી નેમિનાથ ભગવાન તથા

અન્ય આઠ ભગવાન છે. આગળ જતાં ચોથી દેરીમાં શ્રી અજીતનાથ ભગવાન તથા શ્યામ આરસના બે અને ધાતુના ચાર ભગવાન છે. પાંચમી દેરીમાં સફેદ આરસના પદ્માસન શ્રી સુવિધીનાથ ભગવાનના મોટા પ્રતિમાજી છે તથા ધાતુના એક શ્રી બાહુબલી ભગવાન છે અને ચોવીસ ભગવંતોના ચોવીસ ચરણચિન્હો રંગ પ્રમાણે છે. છઠ્ઠી દેરીમાં સફેદ આરસના શ્રી શાંતિનાથ ભગવાન તથા ત્રણ ધાતુના ભગવાન છે તથા ચાર આરસના નાના ભગવાન છે. ત્યારપછી સાતમી દેરી મોટી છે. તેમાં શ્યામ આરસના ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાનના મોટા પ્રતિમાજી છે અને તેમની ડાબી તથા જમણી તરફ સફેદ આરસના ઘણા ભગવાન છે. પાછળના ભાગમાં શ્રી નંદીશ્વર જિનાલય તથા વચ્ચે ઊંચા ઓટલા ઉપર પંચમેરૂ છે, જેમાં જમ્બુ દ્વીપ પણ દોરેલો છે. દિવાલ ઉપર ભક્તામર સ્તોત્ર સચિત્ર લખેલું છે. ત્યાંથી આગળ ચાલતાં શ્રી નેમિનાથ ભગવાનના શ્યામ આરસના પ્રતિમાજીના દર્શન થાય છે. તેમની બાજૂમાં આરસના ચોવીસ તથા જૂના છ પ્રતિમાજી છે. તેની સામે ચૌમુખી શ્રી ચન્દ્ર પ્રભુનું સમવસરણ પણ છે. તેની પાછળ એક દેરીમાં શ્યામ આરસના ખડ્ગાસને ૧૦ ફીટના શ્રી મહાવીર ભગવાન છે અને તેમની આજૂબાજૂ સફેદ આરસના ૨૫ ફીટના ખડ્ગાસન ચોવીસ પ્રતિમાજી લાઈનસર છે તથા ધાતુના પદ્માસન ત્રીસ પ્રતિમાજી પણ છે. એક ખૂણામાં શ્રી ચન્દ્રપભુ ભગવાન તથા શ્યામ આરસના શ્રી નેમિનાથ ભગવાન છે તથા ચોથા આરાના છ આરસના ભગવાન છે.

આ મંદિરોના ક્રમાંક ત્યાં લખેલા નથી. ત્યાં અલગ-અલગ મંદિરો છે તે દર્શાવવા માટે જ મેં નંબરો દર્શાવેલા છે.

શ્રી સમ્મેદશિખરજીમાં લગભગ બે વર્ષ પહેલાં એક આધુનિક ધર્મશાળા તથા ભોજનશાળા થઈ છે, જેની વિગત નીચે મુજબ છે.

"શાશ્વત ટ્રસ્ટ ભવન",
શ્રી દિગંબર જૈન શાશ્વત તીર્થરાજ સમેદ્શિખરજી ટ્રસ્ટ,
મધુવન-શિખરજી. પીન કોડ-૮૨૫ ૩૨૯.
ફોન નં. : ૦૬૫૫૮-૨૩૨૩૭૭, ૨૩૨૩૭૮, ૨૩૨૩૧૪ તથા ૦૯૪૩૧૩૬૬૬૩૮.

આ ધર્મશાળામાં આધુનિક સગવડતાવાળી રૂમો છે, જેમાં આખો દિવસ ગરમ પાણીની સુવિધા છે. યાત્રિકો માટે શુદ્ધ ભોજનની વ્યવસ્થા છે. પર્વતનાં ડાક બંગલે પણ આવાસ તથા ભોજનની વ્યવસ્થા છે. તળેટી સુધી જવા માટે વાહન-વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવેલી છે. ઉપરાંત, ધર્મશાળામાંથી જ શક્તિશાળી દૂરબીનથી પર્વતરાજનાં દર્શન થઈ શકે તેવી વ્યવસ્થા પણ છે. સંસ્થામાં ભોજનશાળામાં રૂા. ૫૧૦૦/- ભરી આજીવન સભ્ય બની શકાય છે, તેમજ રૂા. ૨૫૦૦/- ભરી એક સમયનું ભોજન લખાવી શકાય છે.

મહા માંગળિક શાશ્વત સમ્મેશિખરજી સિદ્ધિધામને નમસ્કાર હો. સમ્મેદશિખરજીથી સિદ્ધિ પ્રાપ્ત અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર હો. સમ્મેદશિખરજી સિદ્ધિધામની પવિત્ર યાત્રા કરાવનાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીને નમસ્કાર હો. આત્મહિતકારી મંગળ તીર્થયાત્રાનો જય હો.

શ્રી સમ્મેદશિખરજીથી નજીકમાં જ ઈસરી ક્ષેત્ર છે કે જ્યાં શ્રી ગણેશપ્રસાદ વર્ણીજી રહેતા હતા. ત્યાં પણ ચાર મંદિરો તથા માનસ્થંભજી છે. માનસ્થંભજીમાં ચૌમુખી શ્રી શાંતિનાથ ભગવાન છે. સમય હોય તો ઈસરી પણ અવશ્ય જવું.


निरखो अंग-अंग जिनवर के, जिनसे जलके शांति अपार ।

चरण-कमल जिनवर कहें, घूमा सब संसार ।
पर क्षणभंगुर जगत में, निज आत्मतत्व ही सार ।
यातें पद्मासन विराजे जिनवर, झलके शांति अपार ।। १।।

हस्त-युगल जिनवर कहें, पर का करता होय ।
ऐसी मिथ्याँ बुद्धि से ही, भ्रमण-चतुर्गति होय ।
यातें पद्मासन विराजे जिनवर, झलके शांति अपार ।। २।।


लोचन-द्वय जिनवर कहें, देखा सब संसार ।
पर दु:खमय गति-चार में, ध्रुव आत्मतत्त्व ही सार ।
यातें नासादृष्टि विराजे जिनवर, झलके शांति अपार ।। ३।।

अन्तर्मुख मुद्रा अहो, आत्मतत्व दरसाय ।
जिन-दर्शन कर निज-दर्शन पा सत्-गरु वचन सुहाय ।
यातें नासादृष्टि विराजे जिनवर, झलके शांति अपार ।। ४।।




શ્રી દિગંબર જૈન મંદિર, રાજગૃહી - બિહાર

# રાજગૃહી



રાજગૃહી : વૈભારગિરિ પર્વતની તળેટીમાં ગરમ કુંડનું દ્રશ્ય

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : રાજગૃહી - ૧ કિ.મી.
  બસ સ્ટેશન : રાજગૃહી
- પહોંચવાનો સરળ માર્ગ ... : ગયા અથવા પટનાથી ટ્રેન દ્વારા,
  નેશનલ હાઈવે નં.૩૧ થી નવાદા, હિસુઆ કે
  બિહારશરીફ થઈને સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર.......: બિહારશરીફ - ૨૨ કિ.મી., ગયા - ૬૫ કિ.મી.,
  પટના - ૧૦૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: કુંડલપુર - ૧૨ કિ.મી., પાવાપુરી - ૩૦ કિ.મી.,
  ગુલજારબાગ (પટના) - ૧૦૦ કિ.મી.,
  ગુણાવા - ૪૦ કિ.મી.



## રાજગૃહી : વૈભારગિરિ પર્વતમાંથી ઉત્ખનનમાં પ્રાપ્ત જૈન મૂર્તિઓ

રાજગૃહી એક અત્યંત પ્રાચીન તીર્થક્ષેત્ર છે. આ તીર્થક્ષેત્રમાં વર્તમાન ચોવીસીના વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતનાથજીના ગર્ભ, જન્મ, તપ અને કેવળજ્ઞાન કલ્યાણકો અહીં ઉજવાયા હતા. તેથી આ તીર્થક્ષેત્ર અત્યંત મહિમાવંત અને પવિત્ર છે. તીર્થક્ષેત્ર ઉપરાંત આ ક્ષેત્ર સિદ્ધક્ષેત્ર-નિર્વાણક્ષેત્ર પણ છે. કારણ કે અહીંના પાંચ પહાડો ઉપરથી અનેક મુનિવરો સિદ્ધપદને પામ્યા છે. તે રીતે આ ક્ષેત્ર નિર્વાણક્ષેત્ર પણ છે.

રાજગૃહી તીર્થક્ષેત્ર પાંચ પહાડોની વચ્ચે આવેલું છે. તેથી જ આ તીર્થને "પંચપહાડી" પણ કહે છે. આ પાંચ પહાડના નામ બાબત જુદા-જુદા મત છે. ષટ્ખંડાગમમાં આ પાંચ પહાડોના નામ નીચે મુજબ લખ્યા છે.

(૧) ઋષિગિરિ (૨) વૈભાર (૩) વિપુલગિરિ (૪) છિન્ન અને (૫) પાંડુ

આ પાંચ નામ છે. જ્યારે હાલમાં પાંચ પહાડના જે નામો પ્રચલિત છે તે નીચે મુજબ છે.

(૧) વિપુલાચલ (૨) રત્નગિરિ (૩) ઉદયગિરિ
(૪) શ્રમણગિરિ અને (૫) વૈભારગિરિ

રાજગૃહી નગરીની અગાઉની શોભા અત્યારે તો ખલાસ થઈ ગઈ છે. ધાર્મિક મહત્તાના કારણે જ રાજગૃહી આજે તીર્થધામ બન્યું છે. રાજગીર રેલ્વે સ્ટેશન પણ છે. રેલ્વે સ્ટેશનથી લગભગ

૨ કિ.મી. ઉપર દિગંબર જૈન ધર્મશાળા છે અને બે વિશાળ દિગંબર જૈન મંદિરો છે, જેને તળેટીના મંદિરો કહે છે. આ મંદિરો શિખરબંધ છે. તેની પ્રતિષ્ઠા વીર સં. ૨૪૫૧માં થઈ હતી. તે મંદિરને લાલ મંદિર પણ કહે છે. આ મંદિરમાં પાંચ શિખરબંધ વેદીઓ છે. તેની પહેલી વેદીમાં મૂળ નાયક શ્રી મહાવીર ભગવાન સફેદ પાષાણના પદ્માસન છે. તે સિવાય ધાતુના બે પ્રતિમા છે અને એક ધાતુની ચોવીસી છે.

બીજી વેદીમાં શ્રી પુષ્પદંત ભગવાન સફેદ પાષાણના પદ્માસન છે. ત્રીજી વેદીમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતનાથની પ્રતિમા શ્યામ વર્ણની લગભગ ૨ ફીટની છે, જેની પ્રતિષ્ઠા વીર સંવત ૨૪૪૯ વિ. સં. ૧૯૭૯ મહા સુદ-૧૨ના રોજ થઈ હતી. આ સિવાય આ વેદીમાં પાષાણની બીજી સાત મૂર્તિઓ પણ છે. વેદી બહુ આકર્ષક છે, જેના ઉપર રંગબેરંગી સુવર્ણનું કામ કરેલું છે. તેમજ દિવાલો ઉપર પણ ચિત્રપટો છે, જે દર્શન કરવાલાયક છે.

ગર્ભગૃહથી ડાબી તરફ કેટલીક પ્રાચીન મૂર્તિઓ પણ છે. તેમાંથી કેટલીક વૈભારગિરિ પર્વત ઉપરના ખોદકામમાં પ્રાપ્ત થયેલી છે. તેમાં શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન લગભગ ૪ ફીટના વાદળી જેવા રંગના છે. ભગવાનની પાછળ ભામંડળ છે. ભગવાન ઉપર શંખનું ચિહ્ન છે, તેથી શ્રી નેમિનાથ ભગવાન નક્કી છે. તે સિવાય શ્રી મહાવીર ભગવાન લગભગ ૩ ફીટના પદ્માસન છે તથા મૂંગા વર્ણના શ્રી પાર્શ્વનાથ ભગવાન લગભગ ૬ ઈંચના પદ્માસન છે તથા એક પદ્માસન ખંડિત મૂર્તિ પણ છે.

આ રીતે તળેટીના આ મંદિરમાં અનેક જિનબિંબો છે. તળેટીના બીજા મંદિરમાં શ્રી મહાવીર ભગવાનની સફેદ પાષાણની પદ્માસન પ્રતિમા મૂળનાયક છે. તે સિવાય આ મંદિરમાં દસ પંચધાતુની પ્રતિમા છે અને ધાતુના બે માનસ્થંભજી પણ છે.

આ બે દિગંબર મંદિરો સિવાય અહીં એક શ્વેતાંબર ધર્મશાળા તથા શ્વેતાંબર મંદિર પણ છે, જે સંપૂર્ણપણે આરસનું બનાવેલું છે. તેમજ આરસમાં નકશીકામ પણ ઘણું છે. તેથી આ મંદિર આકર્ષક લાગે છે. બહારથી દેખાવ ભવ્ય લાગે છે. આ મંદિરની સામેના ભાગમાં એક મ્યુઝિયમ છે, જેમાં પ્રાચીનકાળની કેટલીક પ્રતિમાજીઓ છે.

ધર્મશાળાથી થોડે દૂર આગળ ચાલતાં પાંચેય પહાડ શરૂ થાય છે. જો ચાલવું ન હોય તો ત્યાં ધર્મશાળા પાસે પુષ્કળ ટાંગાવાળા ઉભા હોય છે, જેઓ પાંચેય પહાડની યાત્રા કરાવે છે અને માથાદીઠ ભાડું લે છે. આ રીતે ટાંગામાં જવાથી પહાડ સુધી જવાનો-ચાલવાનો થાક લાગતો નથી અને તેનાથી પાંચેય પહાડ ઉપર ચઢવામાં સુગમતા રહે છે.

દરેક પર્વત ચઢતા પહેલા નીચે તળેટીમાં જ શરૂઆતમાં બોર્ડ ઉપર પહાડની માહિતી આપતું વર્ણન લખેલું છે. તે પહાડ ચઢતા પહેલા વાંચી લેવુ કે જેથી તમે જે પહાડ ઉપર ચઢો છો ત્યાં શું છે, શું ઈતિહાસ છે તેનો પૂરો ખ્યાલ આવે. દા.ત.વિપુલાચલ પર્વત પાસે લખાણ છે કે -

"આજથી છઠ્ઠી શતાબ્દી ઈ. સ. પૂર્વે શ્રાવણ વદ-૧ના રોજ અહીં આ પહાડ ઉપર અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની સૌ પ્રથમ દેશના થઈ હતી અને આ જ ક્ષેત્ર ઉપર શ્રી મહાવીર ભગવાને ધર્મચક્ર પ્રવર્તન અને ધર્મતીર્થની સ્થાપના કરી હતી."

ધર્મશાળાથી આગળ ચાલતાં અહીં ગરમ પાણીના છ કૂંડ આવેલા છે, જેમાં સ્નાન કરવાથી સાંધાના દુ:ખાવા કે ચામડીના રોગો મટી જાય છે તેમ કહે છે. આ કૂંડના પાણીમાં ગંધક અને લોહ છે તેમ કહે છે. આ તમામ છ કૂંડના નામ પણ છે. આ બધા કૂંડમાં એક બ્રહ્મકૂંડ નામનો કૂંડ વિશેષ પ્રખ્યાત છે તેમ કહેવાય છે. આ કૂંડોથી આગળ ચાલતાં વિપુલાચલ પહાડની શરૂઆત થાય છે. આ પહાડ ઉપર જવા માટે લગભગ ૧૫૦ પગથિયાં છે. આ પહાડ ઉપર લગભગ એકાદ કિ.મી. ચાલતાં એક દિગંબર જૈન મંદિર આવે છે. આ જગ્યાએ શ્રી મહાવીર પ્રભુના ચરણપાદૂકા કમળની વેદી ઉપર બિરાજમાન કરેલા છે. સર્વ પ્રથમ દિગંબર મંદિરની નાની દેરી આવે છે, જેમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનના ચરણપાદૂકા સ્થાપિત કરેલા છે. ત્યાંથી આગળ ચાલતાં બીજુ દિગંબર જિનમંદિર આવે છે; જેમાં શ્રી ચન્દ્ર-પ્રભુ ભગવાનની લગભગ ૩ ફીટની સફેદ પાષાણની પદ્માસન પ્રતિમા બિરાજમાન કરેલી છે. ડાબી બાજુ બીજુ એક મંદિર છે. જેમાં શ્રી મહાવીર પ્રભુની પ્રતિમા છે. તેમની ડાબી તરફ શ્રી મુનિસુવ્રતનાથની પ્રતિમા તથા શ્રી સુધર્માસ્વામીના ચરણો સ્થાપિત કરેલા છે. પાંચ પહાડમાંથી બે પહાડ ચઢવા તદ્દન સહેલા છે. એક મધ્યમ છે અને બાકીના બે ચઢવા જરા અઘરા છે. છતાંય ચઢી જવાય છે, કારણ કે પહાડ બહુ મોટા નથી.

બીજો પહાડ રત્નાગિરિ પહાડ નામથી ઓળખાય છે. પહેલા પહાડથી લગભગ ૩ કિ.મી. દૂર આ બીજો પહાડ છે. આ માટે જ પાંચેય પહાડ માટે ધર્મશાળાથી ટાંગામાં આવવું જ હિતાવહ છે કે જેથી આટલું ચાલવું ન પડે. દરેક પહાડની તળેટીમાં ટાંગાવાળા ઉતારે છે. તેથી આપણે તો ફક્ત પહાડ જ ચઢવાનો રહે. આ પહાડમાં લગભગ ૧॥ કિ.મી. ચઢાણ ચઢવાનું છે અને ત્યારપછી લગભગ ૧॥ કિ.મી. ઉતરવાનું નીચાણ છે. અહીં એક જિનમંદિર છે. આ મંદિરમાં શ્રી મુનિસુવ્રતનાથની શ્યામ વર્ણની પદ્માસન પ્રતિમા છે. ડાબી બાજુ તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરણપાદૂકા છે. મંદિરની બહાર થોડુ આગળ ચાલતાં એક ગોખલો છે, જેમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનના પગલાં છે.

ત્રીજો પહાડ ઉદયગિરિ પહાડ નામથી ઓળખાય છે. બીજા પહાડ ઉપરથી નીચે ઉતર્યા બાદ આશરે ૨ કિ.મી. ઉપર ગયા-પટના રોડ આવે છે. ત્યાંથી આગળ ચાલતાં આ ત્રીજો પહાડ ચઢવા માટે પગથિયાં શરૂ થાય છે. લગભગ ૧॥ કિ.મી. જેટલું પહાડ ઉપર ચઢવાનું થાય છે. અહીં એક જિનમંદિર છે, જેમાં શ્રી મહાવીર ભગવાનની એક ખડ્ગાસન પ્રતિમા છે. જે લગભગ પાંચેક ફીટની છે. બાજુમાં એક પ્રાચીન મંદિર ખંડેર હાલતમાં છે. આ મંદિરની બાજુમાં શ્વેતાંબરનું એક મંદિર છે, જેમાં કોઈ પ્રતિમા નથી, પણ શ્રી ચન્દ્ર પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનના

ચરણપાદૂકા છે. પર્વતથી નીચે ઉતરતાં દિગંબર જૈન સંસ્થા તરફથી જલપાનગૃહ છે.

ચોથો પહાડ શ્રમણગિરિ પહાડ નામથી ઓળખાય છે. ધર્મશાળાથી ચાલતાં આવો તો આ પહાડ લગભગ ૪-૫ કિ.મી. જેટલો દૂર આવે છે. તેથી ટાંગામાં આવવું જ હિતાવહ છે. આ પહાડ ચઢવા માટે લગભગ ૧૦૦૦ પગથિયાં છે એટલે કે લગભગ ૩ કિ.મી. જેટલું ઉપર ચઢવાનું થાય છે. આ પહાડ ઉપર પાસે-પાસે જ ત્રણ દિગંબર જિનમંદિરો છે તથા એક શ્વેતાંબર મંદિર પણ છે. પહેલા દિગંબર જિનમંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાનની પદ્માસન પ્રતિમા છે. તેમની જમણી તરફ શ્રી મહાવીર પ્રભુ છે તથા ડાબી તરફ શ્રી શાંતિનાથ ભગવાનના પગલાં છે. બીજા મંદિરમાં મુખ્ય વેદી ઉપર શ્રી આદિનાથ ભગવાનના ચરણપાદૂકા છે. તેમની ડાબી તરફ શ્રી નેમિનાથ ભગવાનનાં અને જમણી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાનના પગલાં છે. ત્રીજા મંદિરમાં શ્રી શાંતિનાથ ભગવાનના પગલાં છે.

સોનભંડાર ગૂફા-આ પર્વતની દક્ષિણ તરફ ઉતરતાં બે ગૂફાઓ આવેલી છે, જેમાંથી પહેલી ગૂફા ખંડેર હાલતમાં છે. હાલ તેમાં કોઈ પ્રતિમાજી નથી. આ ગૂફાથી જરા વધુ નીચે ઉતરતાં બીજી ગૂફા આવે છે, જેમાં દિવાલ ઉપર બે ખડ્ગાસન અને તેર પદ્માસન પ્રતિમાજીઓ કોતરેલી છે. આ ગૂફામાં અગાઉ દિગંબર મુનિવરો બેસીને ધ્યાન કરતા હશે તેમ અનુમાન થઈ શકે. આ ગૂફાઓ બહુ પ્રાચીનકાળની હોય તેમ લાગે છે.

પાંચમો પહાડ વૈભારગિરિ પહાડ નામથી ઓળખાય છે. આ પહાડ ઉપર ચઢવા માટે પણ પગથિયાં બનાવેલા છે. લગભગ ૫૦૦ જેટલા પગથિયાં છે. પહાડ ચઢતા ઉપર એક દિગંબર જૈન મંદિર છે, જેમાં શ્રી મહાવીર પ્રભુની સફેદ પદ્માસન ૪ ફીટની પ્રતિમા છે. ઉપરાંત વેદી ઉપર શ્રી આદિનાથ પ્રભુ, શ્રી નેમિનાથ પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુના પગલાં મૂકેલા છે.


શ્રી મહાવીર ભગવાન રાજગૃહીમાં અનેક વખત પધાર્યા હતા અને તેમનું સમવસરણ અહીં વિપુલાચલ કે વૈભારગિરિ પર્વત ઉપર અનેક વખત રચાયું હતું. આ સિવાય રાજગૃહીમાં જાપાનીઝ મંદિર પણ થયેલ છે. રાજગૃહી જેવી રીતે જૈનોનું તીર્થધામ છે, તેવી રીતે બૌદ્ધોનું પણ તીર્થધામ છે. નીચે તળેટીમાં હાલમાં સ્થાનકવાસી જૈન સમાજ દ્વારા વિરાયતનની રચના પણ કરવામાં આવેલી છે, જેમાં જૈન કથાઓ અનુસારના વિવિધ ફ્લોટ્સ રંગબેરંગી કાચનો ઉપયોગ કરીને અત્યંત સુંદર રીતે બનાવવામાં આવેલા છે. અહીં રહેવા-જમવા વિગેરેની વ્યવસ્થા પણ છે. રાજગૃહી ગામ લગભગ ૨ કિ.મી. દૂર છે. અહીં ખાજલી તથા મોળા પેંડા સરસ બને છે.

*આત્માને ક્ષણે ક્ષણે સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ભાસ્યા કરે તે મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે.*

# કુંડલપુર તથા નાલંદા


રાજગૃહીની યાત્રા પૂર્ણ કરીને આગળ જતાં કુંડલપુર આવે છે. કુંડલપુર શ્રી મહાવીર પ્રભુનું જન્મધામ છે. કુંડલપુરમાં હાલ કાંઈ વસ્તી નથી. ૧-૧।। કિ.મી. દૂર નિર્જન સ્થાનમાં શ્રી મહાવીર પ્રભુનું દિગંબર જિનમંદિર છે. કુંડલપુરથી ૧।। કિ.મી. આગળ પાવાપુરી તરફ જતાં રસ્તામાં નાલંદા વિશ્વવિદ્યાલય આવે છે, જે જોવા જેવું છે. ત્યાં ખોદકામ કરતા બૌદ્ધોની ઘણી મોટી-મોટી જૂની વિદ્યાપીઠોના આખા ખંડેરો નીકળ્યા છે. તે ખરેખર જોવાલાયક છે. ખંડેરો એટલે કે આખા ને આખા વિદ્યાલયનું ખોખુ જમીનમાંથી નીકળેલ છે. વિદ્યાપીઠના પ્રાચીન ખંડેરોમાં કૂવાઓ પણ છે. એટલે કે પાણી ભરવાના મોટા ટાંકા અન્ડરગ્રાઉન્ડ છે. તેમજ તે સમયમાં તેલ પણ મોટા ટાંકા-મોટા કૂવામાં ભરતા હતા. તે ટાંકા-કૂવાઓ (ખાલી) પણ છે. આ વિદ્યાપીઠમાં શ્રી અકલંક-નિકલંક ગુપ્તવેશે ભણતા હતા અને તેમાં તેઓ પકડાઈ જતાં તેમને કોટડીમાં પૂર્યા હતા. ત્યાંથી છટકીને ભાગી જતાં નિકલંકનું બલિદાન લેવાયું હતું. પછીથી અકલંકસ્વામીએ વાદવિવાદ-ચર્ચા કરીને બૌદ્ધોને હરાવીને જૈન ધર્મનો જોરદાર પ્રચાર ફેલાવ્યો હતો. અહીં ખોદકામ કરતા જે-જે પ્રાચીન અવશેષો નીકળ્યા હતા, તે બધાનું મ્યુઝિયમ-સંગ્રહસ્થાન વિદ્યાપીઠની સામે જ બનાવેલું છે. આ મ્યુઝિયમમાં શ્રી વીરપ્રભુ આ ભૂમિમાં અનેક વખત વિચરેલા તેના પ્રાચીન ઉલ્લેખો જોવા મળે છે. માટે નાલંદા અવશ્ય જોવા જેવું સ્થળ છે.

ऐसे साधु सुगुरु कब मिलि है ।।
आप तरे अरु पर को तारें निष्प्रही निर्मल हैं ।।
ऐसे साधु सुगुरु कब मिलि है ।। १।।
तिल तुष मात्र संग नहिं जिनके, ज्ञान-ध्यान गुणबल हैं ।।
ऐसे साधु सुगुरु कब मिलि है ।। २।।
शांत दिगंबर मुद्रा जिनकी, मन्दर तुल्य अचल है ।।
ऐसे साधु सुगुरु कब मिलि है ।। ३।।
"भागचन्द" तिनको नित चाहैं, ज्यों कमलनि को अलि है ।।
ऐसे साधु सुगुरु कब मिलि है ।। ४।।




શ્રી દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર, જલમંદિર, પાવાપુરી, જિ. નાલંદા - બિહાર

# પાવાપુરી



પાવાપુરી : શ્રી દિગંબર જૈન મંદિરની મુખ્ય વેદી

| | |
|---|---|
| ● આવાગમન................: | રેલ્વે સ્ટેશન : પાવાપુરી હોલ્ટ - ૧૧ કિ.મી.<br>બસ સ્ટેશન : બિહારશરીફ - ૧૨ કિ.મી. |
| ● નજીકના મુખ્ય શહેર.......: | પટના - ૯૫ કિ.મી., ગયા - ૮૫ કિ.મી. |
| ● નજીકના તીર્થક્ષેત્રો .........: | કુંડલપુર - ૨૬ કિ.મી., રાજગૃહી - ૩૦ કિ.મી., ગુણાવા - ૨૨ કિ.મી., મંદારગિરિ - ૨૫૦ કિ.મી., ચંપાપુરી - ૨૧૬ કિ.મી. |



**પાવાપુરી : શ્રી દિગંબર જૈન મંદિરમાં ડાબી તરફની વેદીમાં ચોવીસી અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાઓ**

પાવાપુરી એક સિદ્ધક્ષેત્ર છે. અહીંથી અંતિમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા હતા. અત્યારે આ જગ્યા ઉપર એક મોટું તળાવ બનેલું છે, જેમાં ઘણા કમળ છે. કમળ હોવાથી તળાવની શોભા વધે છે. આ તળાવ વિશે એક દંતકથા છે કે શ્રી મહાવીર પ્રભુ નિર્વાણને પ્રાપ્ત થયા ત્યારે તે સમાચાર સાંભળી મોટો જનસમુદાય અહીં એકઠો થયો હતો. ત્યારે અહીં પાણીની ખેંચ હતી. તેથી લોકોએ નખથી જમીન ખોતરીને તેની ધૂળ મસ્તક ઉપર લગાડી તો અહીં તળાવ થઈ ગયું. તેથી આ તળાવને નાખુર કહે છે. નાખુર એટલે કે નખ દ્વારા ખોદાયેલુ તળાવ તેવો તેનો અર્થ થાય છે. વળી એમ પણ કહેવાય છે કે આ તળાવ પહેલા કેટલાયે વીઘા જમીનમાં ફેલાયેલું હતું. કાળાનુક્રમે તળાવ નાનુ થતું ગયું.

આ તળાવની મધ્યમાં આરસનું એક સુંદર મંદિર બનાવેલું છે, જેને જળમંદિર કહે છે. આ જળમંદિરમાં જવા માટે રસ્તા ઉપર લાલ પથ્થરનું એક પ્રવેશદ્વાર છે, જ્યાંથી પ્રવેશતા એક પાકો બાંધેલો પુલ આવે છે. પુલ પૂરો થતા ત્યાં આરસનો પ્રવેશદ્વાર આવે છે. આ જળમંદિર ભવ્ય અને કલાત્મક છે. આ મંદિરમાં શ્રી મહાવીર પ્રભુના ચરણપાદૂકા સ્થાપિત કરેલા છે. તેની ડાબી

બાજુએ શ્રી ગૌતમ ગણધરના પગલાં છે અને જમણી તરફ શ્રી સુધર્માસ્વામીના પગલાં છે. આ મંદિરમાં કોઈ પણ પ્રતિમા-મૂર્તિ નથી. જળમંદિરની સામે શ્રી સમવસરણજી મંદિર છે, જેમાં શ્રી મહાવીર પ્રભુના પગલાં છે. જળમંદિરની બાજુમાં જ બીજાં દિગંબર જૈન મંદિરો છે.

અહીં બે મોટી અને સારી ધર્મશાળાઓ છે, જેમાં નીચે તથા ઉપર ઘણી રૂમો (૭૫ જેટલી) બનાવેલી છે. તેમજ લોબી પણ ખૂબ જ મોટી છે. હવા-પ્રકાશવાળી ધર્મશાળા છે. ત્યાં તીર્થક્ષેત્રનું કાર્યાલય પણ આવેલું છે. પાવાપુરીમાં વર્ષમાં એક વખત આસો વદ-૧૩ થી કારતક સુદ-૧ સુધી વિશાળ મેળો ભરાય છે. ત્યારે ધર્મશાળામાં જગ્યા મળવી મુશ્કેલ હોય છે, કારણ કે આસો વદ-૦)) શ્રી મહાવીર પ્રભુનો નિર્વાણદિન-દિવાળી આવે છે. શ્રી મહાવીર પ્રભુ આ દિવસે નિર્વાણ પામ્યા, ત્યારથી જ દિવાળી મહોત્સવ ઉજવવામાં આવે છે. આ દિવસોમાં અહીં ભગવાન શ્રી મહાવીર નિર્વાણ-પૂજા થાય છે.

ધર્મશાળામાં એક મોટો કૂવો છે, જેમાંથી યાત્રીઓને કાયમ પાણી મળી રહે છે. યાત્રિકોને ન્હાવા માટે અહીં ગરમ પાણી પણ થાય છે. આ મોટી ધર્મશાળા સિવાય બીજી એક નાની ધર્મશાળા પણ છે, જે મંદિરની પાછળ છે અને તેમાં ૩૦-૩૫ રૂમો છે. ધર્મશાળાના દરવાજા પાસે એક દુકાન-સ્ટોર છે, જેમાં ચા-ખાંડ, સાબુ, તેલ, અનાજ, વિગેરે વસ્તુઓ વેચાતી મળી શકે છે.

મંદિરમાં જતાં નીચે ભોંયતળીયે પણ આરસ પાથર્યો છે. પગથિયાં પણ આરસના જ છે. તેમજ મંદિર પણ નીચેથી ઉપર છેક શિખર સુધી આરસનું જ બનાવેલું છે. તેથી મંદિર ભવ્ય લાગે છે. તેમજ આરસમાં નકશીકામ પણ કરેલું છે. મંદિરમાં અંદર વચ્ચે શ્રી મહાવીર પ્રભુના પાષાણના પગલાં છે. શ્રી મહાવીર પ્રભુના દિગંબરોના પગલાં છે, તેની જ આગળ શ્વેતાંબરોએ પણ શ્રી મહાવીર પ્રભુના ચાંદીના પગલાં સ્થાપ્યા છે. અહીં અમુક સમય શ્વેતાંબરો પગલાંની પૂજા કરે છે અને ત્યારપછી અમુક સમય દિગંબરો પગલાંની પૂજા કરે છે.

મંદિરનો અંદરનો ભાગ તદ્દન નાનકડો છે. તેથી બહુ જ થોડા માણસો અંદર બેસી શકે છે. અંદર જવાના બારણા પણ તદ્દન નાનકડા છે. તેથી અંદર નીચા નમીને જ જઈ શકાય છે. બાકી મંદિરની બહાર ફરતી લોબીમાં તથા ચોકમાં ચારે તરફ ચારે ખૂણામાં ચારે દિશામાં નાની-નાની દેરીઓ છે. તેમાં એક દેરીમાં સોળ પગલાં છે. બીજી દેરીમાં ચોવીસ પ્રભુના પગલાં છે. શ્રી મહાવીર પ્રભુના નિર્વાણધામમાં શ્રી મહાવીર પ્રભુના યાત્રિકોના જયજયકારથી આકાશ ગુંજી ઉઠે છે.

ધર્મશાળામાં પણ દિગંબર જૈન મંદિર છે. તેમાં નીચે વીસપંથી દિગંબર જૈન મંદિર છે અને ઉપર તેરાપંથી દિગંબર જૈન મંદિર છે, જેમાં મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ સફેદ વર્ણના લગભગ ૩-૩।। ફીટ ઉંચાઈના છે, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૫૦માં થઈ હતી. આ સિવાય અંદર બીજા છ નાના-નાના મંદિરો છે. મુખ્ય વેદીમાં શ્રી શાંતિનાથ ભગવાનની શ્યામ વર્ણની ૨।। ફીટની પદ્માસન પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા પણ વિ. સં. ૧૯૫૦માં થઈ હતી. તે સિવાય ધાતુની એક

પ્રતિમા ત્રણ ચોવીસીની છે.

આ સિવાય આ મંદિરમાં જમણી તરફ બદામી આરસની શ્રી મહાવીર પ્રભુની ખડ્ગાસન ૮ ફીટની એક મનોજ્ઞ પ્રતિમા બિરાજમાન કરેલ છે. આ સિવાય બીજી નાની દેરીઓમાં બીજાં ઘણા ભગવાન અને પગલાંઓ પ્રતિષ્ઠિત થયેલા છે. પાવાપુરીમાં જળમંદિરના દરવાજાની સામે શ્રી વર્ધમાન તીર્થંકર ભગવાનની અંતિમ દેશનાનું સ્થાન છે. ત્યાં ત્રણ પિઠીકા સહિત એક મંદિર છે, જેને શ્રી સમવસરણજી મંદિર કહે છે. અહીંના શ્રી વીર પ્રભુના ચરણપાદૂકા ઘણાં જ પ્રાચીન છે.


રાજગૃહીથી પાવાપુરી ૨૦ કિ.મી. છે. નવાદા સ્ટેશનથી પાવાપુરી ૨૨ કિ.મી. છે. પાવાપુરી રેલ્વે સ્ટેશન છે. બસ સ્ટેન્ડ ઉપરથી ગુણાવા, નવાદા, ચંપાપુરી (ભાગલપુર), રાજગૃહી, પટના, આરા, નાલંદા, વિગેરે સ્થળે જવા માટે બસ તથા ટેક્સી મળે છે.

एक तुम्हीं आधार हो जग में, अय मेरे भगवान ।
कि तुमसा और नहीं बलवान ।।
सम्हल न पाया गोते खाया, तुम बिन हो हैरान ।
कि तुमसा और नहीं बलवान ।।

आया समय बडा सुखकारी, आतम बोध कला विस्तारी ।
मैं चेतन तन वस्तु न्यारी, स्वयं चराचर झलकी सारी ।।
निज अंतर में ज्योति ज्ञान की अक्षय निधि महान ।। १।।

दुनियाँ में एक शरण जिनंदा, पाप-पुण्य का बुरा ये फ़ंदा ।
मैं शिव भूप रुप सुख कंदा ज्ञाता दृष्टा तुम सा बन्दा ।।
मुझ कारज के कारण तुम हो और नहीं मतिमान ।। २।।
सहज स्वभाव भाव दरशाऊँ, पर परिणति से चित्त हटाऊँ ।
पुनि-पुनि जग में जन्म न पाऊँ, सिद्ध समान स्वयं बन जाऊँ ।।
चिदानंद चैतन्य प्रभु का, है सौभाग्य प्रधान ।। ३।।

# ચંપાપુરી




ચંપાપુરી : મૂળનાયક ભગવાન શ્રી વાસુપૂજ્ય

- આવાગમન.................: રેલ્વે સ્ટેશન : ભાગલપુર - ૫ કિ.મી.
  બસ સ્ટેશન : ભાગલપુર - કોયલા ડેપો પાસે
- નજીકનું મુખ્ય શહેર .......: ભાગલપુર
- નજીકના તીર્થક્ષેત્રો .........: મંદારગિરિ - ૫૦ કિ.મી., નવાદા - ૧૯૫ કિ.મી., ગુણાવા - ૧૯૩ કિ.મી., પાવાપુરી - ૨૦૦ કિ.મી.

ચંપાપુરી નગરી તે જમ્બુ દ્વીપ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર અને પ્રથમ બાલ તીર્થંકર દેવ શ્રી વાસુપૂજ્ય ભગવાનની પવિત્ર તીર્થભૂમિ છે. તેથી જ આ નગરી અત્યંત પ્રાચીન તીર્થક્ષેત્ર છે. આ તીર્થક્ષેત્રમાં બારમા તીર્થંકર બાલબ્રહ્મચારી શ્રી વાસુપૂજ્ય ભગવાનના

મહામંગળકારી કલ્યાણકારી ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને મોક્ષકલ્યાણક-તેમ પાંચેય કલ્યાણકો થયા હતા. કદાચ ભરતક્ષેત્રમાં આ એક જ એવું તીર્થ છે કે જ્યાં તીર્થંકર ભગવાનના પાંચેય કલ્યાણકો ઉજવાયા હોય અને તેથી જ આ ચંપાપુરી નગરીનું ઘણું મહત્વ ગણાય છે.

ચંપાપુરી ભારતની પ્રાચીન નગરીઓમાંની એક નગરી છે. અગાઉ આ ચંપાપુરી નગરી અત્યંત સમૃદ્ધ નગરી હતી. આ નગરી સાથે ઈક્ષ્વાંશુ કુળનો સંબંધ ઘણો સારો હતો અને હજારો વર્ષો સુધી અહીં ઈક્ષ્વાંશુ રાજાઓએ રાજ્ય કર્યું હતુ. બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાન પણ ઈક્ષ્વાંશુ કુળના જ હતા. પહેલા ભગવાન શ્રી આદિનાથ ભગવાને ધર્મોપદેશ માટે જ્યારે વિહાર કરેલો, ત્યારે તેઓ અહીં ચંપાપુરી નગરીમાં પધાર્યા હતા. તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાન પણ દેશના અર્થે આ નગરીમાં પધાર્યા હતા. તે સિવાય શ્રી સુધર્માસ્વામી તથા શ્રી જમ્બૂસ્વામી પણ અહીં પધાર્યા હતા.



ચંપાપુરી : ૫૦ ફીટ ઉન્નત પ્રાચીન સ્તંભ

ભાગલપુર શહેરથી લગભગ ૩ કિ.મી. ના અંતરે ચંપાપુરી તીર્થક્ષેત્ર આવેલું છે. આ તીર્થક્ષેત્રને નાથનગર પણ કહે છે. નાથનગરના રસ્તાની ડાબી બાજુએ લગભગ ૦।। કિ.મી. દૂર સુંદર સગવડતાવાળી બે માળની એક ધર્મશાળા છે. ધર્મશાળાની બાજુમાં એક પ્રાચીન દિગંબર જિનમંદિર છે. અહીંથી થોડે દૂર ક્ષેત્રનું મુખ્ય કાર્યાલય આવેલું છે. આ મંદિરની પૂર્વમાં તેમજ દક્ષિણમાં-તેમ બે માનસ્થંભજી આવેલા છે, જે લગભગ ૫૦ ફીટ ઉચા છે. એમ કહેવાય છે કે આ બંને માનસ્થંભજી લગભગ ૨૦૦૦ વર્ષ જૂના છે. ઈતિહાસ પણ એમ કહે છે કે અહીં ચાર દિશામાં આવા ચાર માનસ્થંભજી હતા. પરંતુ કાળાનુક્રમે ધરતીકંપ કે બીજા કોઈ પણ કારણસર આ ચારમાંથી બે માનસ્થંભજી પડીને જમીનદોસ્ત થઈ ગયા હતા અને હાલ ફક્ત બે માનસ્થંભજી જ છે. આ મંદિરની ચારે દિશામાં ચાર નાની દેરીઓ આવેલી છે. મુખ્ય મંદિરમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની ૩-૩।। ફીટની પ્રતિમા છે. તેમજ અન્ય ધાતુની પ્રતિમા તથા ભગવાનના એક ચરણપાદૂકા છે. ચાર દિશામાં ચાર દેરીઓ છે. તેમાં એક મંદિરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન સફેદ પાષાણના પદ્માસન છે તથા બીજી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે. તે સિવાય બીજા પંચધાતુના પ્રતિમાજીઓ પણ છે, જેમાં બે ચોવીસી છે. ચંપાપુરી તીર્થક્ષેત્રમાં ભાદરવા સુદ-૧૪ના રોજ શ્રી વાસુપૂજ્ય ભગવાનનો નિર્વાણકલ્યાણકનો દિવસ હોવાથી નિર્વાણ-પૂજા કરીને નિર્વાણલાડુ ચડાવવામાં આવે છે.

ભાગલપુર બિહારનું મુખ્ય શહેર છે. અહીં પણ એક દિગંબર જૈન મંદિર છે, જેમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન ધાતુના મૂળનાયક બિરાજમાન કરેલા છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૨૯માં થઈ હતી. આ મંદિરમાં બીજી ૧૦-૧૨ પાષાણની અને ૧૫-૨૦ ધાતુની પ્રતિમાજીઓ પણ છે, તેમજ એક ચરણપાદૂકા છે. આ મંદિર દર્શનીય છે.

ભાગલપુરમાં ભારતભરમાં વખણાતી ભાગલપુરી શાલ (ચાદર)ના ઘણા કારખાના છે. હલકી-ભારે, નાની-મોટી ઘણી જાતની ભાગલપુરી શાલ અહીં બને છે. બિહાર સિલ્ક મિલ્સવાળા આપણા મુમુક્ષુ ભાઈ છે. ઉપર રહેણાંક છે અને નીચે તેમની દુકાન છે કે જ્યાં હલકી-ભારે ઘણી જાતની ભાગલપુરી શાલ મળે છે. ચંપાપુરી અને ભાગલપુર વચ્ચે માત્ર ૩ કિ.મી.નું અંતર છે. ભાગલપુર શહેર છે અને ચંપાપુરી તીર્થક્ષેત્ર છે. ચંપાપુરીમાં એક લીંડી પીપરનું વૃક્ષ છે. લીંડી પીપરનો દાખલો પૂજ્ય ગુરુદેવશ્રી અવાર-નવાર આપતા હતા કે લીંડી પીપરમાં ૬૪ પહોરી તીખાશ (ચરપરાઈ) અને લીલો રંગ ભરેલ છે તેમાંથી પ્રાપ્તની પ્રાપ્તિ આવે છે, તેમ આત્મામાં અનંત ગુણો ભર્યા છે.

*ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે તેને આત્મા પ્રાપ્ત થાય જ.*


# મંદારગિરિ

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : મંદાર હિલ - ૩ કિ.મી., જસીડીહ (વૈજનાથધામ) - ૫૫ કિ.મી. બસ સ્ટેશન - બોંસી - ૧ કિ.મી.
- નજીકના મુખ્ય શહેર.......: ભાગલપુર - ૫૦ કિ.મી., બાંકા - ૧૫ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: શ્રી સમ્મેદશિખરજી - ૨૨૫ કિ.મી., ચંપાપુરી - ૫૦ કિ.મી., પાવાપુરી - ૨૫૦ કિ.મી., રાજગૃહી - ૨૮૦ કિ.મી., ગુણાવા - ૨૨૫ કિ.મી.


ભાગલપુર શહેરથી લગભગ ૫૦ કિ.મી. દૂર મંદારગિરિ તીર્થક્ષેત્ર આવેલું છે. આ ક્ષેત્રથી પહાડ ૩ કિ.મી. દૂર છે. આ પહાડ લગભગ ૭૦૦ ફીટ ઊંચો પહાડ છે. ચંપાનગરીનું મનોહર ઉદ્યાન મંદારગિરિ પર્વત ઉપર આવેલું છે કે જ્યાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનો દીક્ષાકલ્યાણક મહોત્સવ ઉજવાયો હતો અને આ જ ઉદ્યાનમાં તેઓશ્રીનો કેવળજ્ઞાનકલ્યાણક મહોત્સવ પણ ઉજવાયો હતો. ભાગલપુર શહેરથી ટ્રેઈન અને બસ-બંને મંદારગિરિ જાય છે. પર્વત તરફ જતાં આગળ એક દિગંબર જૈન મંદિર છે. આ મંદિરથી આગળ જતાં એક તળાવ છે કે જેને સૌ પાપહારિણી તળાવ તરીકે ઓળખે છે. ઘણા જૈનો તથા જૈનેતરો પાપથી પવિત્ર થવા આ તળાવમાં સ્નાન કરે છે. અહીં ઘણા પ્રાકૃતિક કુંડો પણ છે, જેને અન્ય ધર્મીઓ સીતાકુંડ, શંખકુંડ, વિગેરે નામથી ઓળખે છે. મંદારગિરિ પહાડ ઉપર લગભગ ૧ કિ.મી. જેટલું ચઢવાનું આવે છે. મંદારગિરિ પહાડ ઉપરથી શ્રી વાસુપૂજ્ય ભગવાન મોક્ષ પામ્યા છે. આ પહાડ ઉપર એક સુંદર અને દર્શનીય દિગંબર જૈન મંદિર આવેલું છે, જે ૧૦૦ વર્ષ ઉપરાંત જૂનું હશે તેમ કહે છે. આ મંદિરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનના પગલાં છે. આ મોટા મંદિરની બાજુમાં એક નાનુ શિખરબંધ મંદિર છે કે જેમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનના પદ્માસન પ્રતિમાજી છે તથા ધાતુની એક ખડ્ગાસન પ્રતિમા છે. તે સિવાય બીજા પદ્માસન પ્રતિમાજી તથા પગલાં પણ છે.

મંદારગિરિ પહાડ ચઢવામાં તદ્દન સહેલો છે. ફક્ત ૨૦-૨૫ મિનિટમાં ચઢી જવાય છે.ચંપાપુરીથી મંદારગિરિ આશરે ૫૦ કિ.મી. દૂર છે. ચંપાપુરીથી પાવાપુરી ૨૫૦ કિ.મી. દૂર છે. રસ્તામાં નવાદા શહેર આવે છે. નવાદાથી આગળ જતાં ગુણાવા સિદ્ધક્ષેત્ર આવે છે. ગુણાવા શ્રી ગૌતમ પ્રભુનું નિર્વાણકલ્યાણક ધામ છે. અહીં એક નાનુ મંદિર છે અને બીજુ સામાન્ય જળમંદિર છે.

મંદારગિરિની તળેટીમાં એક નાનકડી ધર્મશાળા છે, જેમાં ૧૫-૨૦ રૂમો છે. તળેટીમાં સામેની બાજુ એક સુંદર મંદિર થયું છે, જેમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની પદ્માસન પ્રતિમા લગભગ ૪ ફીટની છે તથા ધાતુની એક પ્રતિમા છે. તેમજ ધાતુની એક ખડ્ગાસન પ્રતિમા પણ છે.




શ્રી દિગંબર જૈન અતિશય ક્ષેત્ર, શ્રી મહાવીરજી - રાજસ્થાનનો ભવ્ય પ્રવેશદ્વાર



શ્રી દિગંબર જૈન અતિશય ક્ષેત્ર, શ્રી મહાવીરજી - રાજસ્થાન

# શ્રી મહાવીરજી



શ્રી મહાવીરજી : ભગવાન મહાવીરની મૂળનાયક પ્રતિમા

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : શ્રી મહાવીરજી - ૭ કિ.મી.
  બસ સ્ટેશન : શ્રી મહાવીરજી
- નજીકનું મુખ્ય શહેર .......: હિન્ડોન - ૨૩ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: દેહરા તિજારા - ૨૦૦ કિ.મી., જયપુર - ૧૪૦ કિ.મી., પદમપુરા - ૧૭૫ કિ.મી., આગ્રા - ૧૭૦ કિ.મી., મથુરા ચૌરાસી - ૧૪૫ કિ.મી.

શ્રી મહાવીરજી દિગંબર જૈન તીર્થક્ષેત્ર રાજસ્થાનમાં કરૌલી જીલ્લામાં હીંડોન પાસે ગંભીર નદીના સુરમ્ય તટ ઉપર આવેલું છે. આ ક્ષેત્ર સડક રસ્તે જયપુરથી માત્ર ૧૪૦ કિ.મી. દૂર છે. તેમજ

દિલ્હીથી મુંબઈ તરફ જતી પશ્ચિમ રેલ્વેની બધી ગાડીઓ માટે "શ્રી મહાવીરજી" રેલ્વે સ્ટેશન છે અને અહીં બધી જ મુખ્ય ટ્રેઈનો ઉભી રહે છે. રેલ્વે સ્ટેશનથી આ તીર્થસ્થળ લગભગ ૬-૭ કિ.મી. દૂર છે. રેલ્વે સ્ટેશને દરેક ટ્રેઈનના સમયે સંસ્થાની બસ યાત્રીઓને લેવા માટે દરરોજ આવે છે. આ સેવા નિઃશુલ્ક હોય છે. બસમાં એક પેટી રાખેલ હોય છે, જેમાં યાત્રિકોને આ સેવા બદલ જે કાંઈ રકમ નાખવી હોય તે નાખી શકે છે. આ સેવા બદલ કોઈ પાસે કાંઈ પણ રકમ માંગવામાં આવતી નથી. સડક રસ્તે શ્રી મહાવીરજી જયપુરથી ૧૪૦ કિ.મી., આગ્રાથી ૧૭૦ કિ.મી., દિલ્હીથી ૩૦૦ કિ.મી. અને મહુઆથી ૬૦ કિ.મી. દૂર છે. શ્રી મહાવીરજીથી અન્ય તીર્થો જેવા કે જયપુર, અજમેર, પદમપુરા, અલવર, તિજારા, હસ્તિનાપુર, ભરતપુર, આગ્રા, ગ્વાલીયર, સોનાગિરિ, વિગેરેમાં જવા માટે સીધી બસ સેવા હંમેશા મળે છે.

આ ક્ષેત્રની શરૂઆત ક્યારે થઈ તે બાબત ખાસ કંઈ જાણકારી મળતી નથી. પરંતુ રાજ્યના રેકર્ડ ઉપર જોતા આ ક્ષેત્ર વિ. સં. ૧૭૭૧ પહેલાં પણ વિદ્યમાન હતુ. તેથી અનુમાન થાય છે કે આ ક્ષેત્ર સોળમી કે સત્તરમી શતાબ્દીમાં થયું હશે. આ તીર્થક્ષેત્રનો ઇતિહાસ એમ છે કે લગભગ ૪૦૦ વર્ષ પહેલા શ્રી મહાવીર પ્રભુની પાષાણની મુંગાવર્ણીય દિગંબર પ્રતિમા એક ગામડામાં ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલ છે. એક ગોવાળિયાની ગાય તેને સવારે કે સાંજે દૂધ આપતી બંધ થઈ. કારણ કે આ ગાય દરરોજ સવાર-સાંજ આ નિશ્ચિત સ્થળે જઈને દૂધ ઝરતી હતી. એક દિવસ ગોવાળિયાને એમ થયું કે આમ કેમ બને છે? દરરોજ આ ગાય દૂધ આપતી હતી અને હવે કેમ નથી આપતી? તેથી તે જોવા માટે ગોવાળીયો એક દિવસ ગાયની પાછળ-પાછળ ગયો. તો એક સ્થળે ગાય દૂધ ઝરવા લાગી. તેથી ગોવાળિયાએ આ જગ્યાએ ખોદકામ કર્યુ. તો ત્યાંથી શ્રી મહાવીર પ્રભુના પાષાણના આ મુંગાવર્ણીય પ્રતિમાજી નીકળ્યા. આ પ્રતિમાજીને બીજે ગામ લઈ જવા માટે બળદગાડીમાં મૂક્યા તો બળદગાડી એક તસુ પણ આગળ ન ચાલી. ત્યાંને ત્યાં જ સ્થિર ઉભી રહી. છેવટે ભગવાનના આ અતિશયને જાણીને બસબા નિવાસી દિગંબર જૈન શ્રી અમરચંદજી બિલાલાએ અહીં જ એક મંદિર બનાવ્યું. આ વિશાળ મંદિરને ગગનચુંબી ત્રણ શિખરો અને સોનાના કળશોથી સુશોભિત બનાવ્યું. મંદિરની પાછળની વેદીમાં મૂળનાયક તરીકે શ્રી મહાવીર ભગવાનની આ મનોજ્ઞ પ્રતિમા બિરાજમાન કરી છે. આ મૂળનાયકની બંને બાજુ શ્રી પુષ્પદંત ભગવાન તથા શ્રી આદિનાથ ભગવાન બિરાજમાન કર્યા છે.

જયપુરથી શ્રી મહાવીરજી જવા માટે એસ. ટી. બસ આખો દિવસ મળતી જ રહે છે. તેના સમય મળસ્કે ૫:૦૦, ૬:૦૦, ૮:૧૫, ૧૦:૪૫, ૧૧:૩૦, ૧૩:૧૫, ૧૪:૧૫,૧૬:૧૫ વાગ્યે છે. બસમાં શ્રી મહાવીરજી પહોંચતા લગભગ ચાર કલાક થાય છે અને આરામથી જગ્યા મળી જાય છે. સંકુલનો મુખ્ય પ્રવેશદ્વાર ઘણો મોટો, ભવ્ય અને આકર્ષક છે. સંકુલમાં પ્રવેશતા તરત જ આરસનો ૫૨ ફીટ ઊંચો માનસ્થંભ દેખાય છે, જેમાં ઉપર ચાર દિશામાં ચાર ભગવાનની પ્રતિમા છે. માનસ્થંભની પ્રતિષ્ઠા વીર સં. ૨૫૦૫ વિક્રમ સં. ૨૦૩૬ વૈશાખ સુદ-૧૩ના રોજ થઈ છે. માનસ્થંભમાં નીચે પ્રતિમા નથી. આ મંદિરને બડા મંદિર કહે છે.

સંકુલમાં રહેવા માટે જાત-જાતની સગવડતાવાળી લગભગ ૨૦૦ જેટલી રૂમો બનાવેલ છે. તેમાં અમુક રૂમો ડિલક્ષ એરકન્ડીશન્ડ છે. જેનું ભાડુ એક દિવસનું રૂા. ૨૦૦/- છે અને તે સિવાય બીજી રૂમો રૂા. ૧૦૦/- ના દૈનિક ભાડાવાળી અને અમુક રૂમો રોજના રૂા. ૫૦/- ભાડાવાળી છે. રૂા. ૫૦/- ભાડાવાળી રૂમો પણ સારી છે. તેમાં ત્રણ પલંગ, ગાદલા-ગોદડા, ઓશીકા, પંખા, બે ખુરશી, ટીપોઈ, એટેચ્ડ બાથરૂમ-લેટ્રીન, રસોઈ માટે પ્લેટફોર્મ, વિગેરે પૂરી સગવડતા છે. ભાડુ ચોવીસ કલાકનુ ગણે છે. આ રૂમમાં રહેવા માટે સંકુલની બહારની બાજુમાં જ આવેલ સ્વાગત કક્ષ-ઓફિસમાં ડિપોઝીટ ભરવાની હોય છે અને ડિપોઝીટની પહોંચ લઈને સંકુલમાં પ્રવેશતા અંદર રૂમ ખોલી આપે છે. ચોવીસ કલાક પાણીની સગવડતા છે. સવારે ન્હાવા માટે ગરમ પાણી પણ આપે છે. આ સિવાય બીજી ચાર-પાંચ મોટી ધર્મશાળાઓ પણ શ્રી મહાવીરજીમાં છે.

શ્રી મહાવીરજીમાં નીચે મુજબ પાંચ મુખ્ય મંદિરો છે.

૧. શ્રી મહાવીર સ્વામી બડા મંદિર

૨. શ્રી દિગંબર જૈન પાર્શ્વનાથજી કાચ મંદિર

૩. શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહિલા આશ્રમ મંદિર

૪. શ્રી દિગંબર જૈન શાંતિનાથ મંદિર-શાંતિવીરનગર તથા તેમાં દિગંબર જૈન ચૈત્યાલય

૫. શ્રી કૃષ્ણાબાઈ દિગંબર જૈન મંદિર

માનસ્થંભજી પછી આરસના ૨૨ પગથિયાં ઉપર ચઢતા શ્રી મહાવીર સ્વામીનું મુખ્ય મંદિર (બડા મંદિર) આવે છે, જેમાં પદ્માસન ૨ ફીટના શ્રી મહાવીર પ્રભુ (ભૂગર્ભપ્રાપ્ત) તથા શ્રી પુષ્પદંત અને શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાજીઓ સ્થાપિત કરેલ છે. અંદર પ્રવેશતા મુખ્ય દરવાજા ઉપર સુવર્ણયુક્ત ચોવીસ તીર્થંકર ભગવાનની સુંદર આકૃતિ બનાવી છે તથા સુવર્ણમય સોળ સ્વપ્ન બનાવ્યા છે. દરવાજાના બારણા ચાંદી જેવી ધાતુના બનાવેલા છે. તે સિવાય અંદર ચારે તરફ રંગબેરંગી સોનાકામથી ભરપુર ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. જેવા કે (૧) શ્રી સમવસરણજીનું દશ્ય (૨) દિગંબર મુનિઓ, અર્જીકાઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ જિનેન્દ્ર ભગવાનના દર્શનાર્થે જાય છે તે દશ્ય (૩) ષટલેષ્યા (૪) સંસારસ્વરૂપ (૫) નેમિનાથ વિવાહ રથયાત્રા (૬) શ્રી સમ્મેદશિખરજી (૭) શ્રી ગિરનારજી (૮) ત્રણ લોકનું વર્ણન (૯) કુન્થલગિરિ (૧૦) ગજસુકુમાર (૧૧) ચેલણા રાણી, વિગેરેનો સમાવેશ થાય છે.

અંદર જવા માટે પાંચ પ્રવેશદ્વાર છે. જે ત્રણ મુખ્ય પ્રતિમાજી છે તે ધાતુના છે અને મોટા સિંહાસન ઉપર બિરાજમાન કર્યા છે. તેમની ઉપર ચાંદીના છત્ર અને પાછળ ચાંદીના ભામંડળ છે. ડાબી તરફના ગોખલામાં પદ્માવતીદેવી છે. આ વેદીની પાછળના ભાગમાં પણ પાંચ દેરીઓ રંગબેરંગી અને સુવર્ણમય છે, જેમાં ૨-૨॥ ફીટના પદ્માસન પ્રતિમાજીઓ છે. ડાબી

તરફ બદામી રંગના આરસના પદ્માસન ૩ ફીટના નવા પ્રતિમાજી છે. તેમની બાજુમાં પદ્માસન બદામી આરસના ફેણવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. તેની નીચેની વેદીમાં શ્યામ પદ્માસન અતિ પ્રાચીન ૯ ઈંચ અને ૬ ઈંચના ત્રણ પ્રતિમાજી છે તથા પંચધાતુના ત્રણ પ્રતિમાજી છે. તેની પછીની દેરીમાં પંચધાતુના ખડ્ગાસન સપ્તર્ષિ છે. તેમાં વચ્ચેના ૧૨ ઈંચના અને બાજુમાં ૧૧ ઈંચ અને ૧૦ ઈંચના ૩+૩ સપ્તર્ષી છે. તેમની બાજુમાં એક પેટીમાં ચાંદી જેવા જ પદ્માસન ૬-૬ ઈંચના છ પ્રતિમાજી છે અને બાજુમાં સોના જેવા જ ૩ ઈંચના એક પ્રતિમાજી પદ્માસન છે. તેમજ એક જ પાષાણમાં કથ્થાઈ જેવા પ્રાચીન ૩૬ જેટલા ભગવાન છે. તેની બાજુમાં પંચધાતુના પદ્માસન ૪ ઈંચના ચાર અને એક ખડ્ગાસન ૩ ઈંચના પંચધાતુના ભગવાન છે. બહારના ચોકમાં જમણી તરફ હીન્ડોન પાસેથી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલાં પ્રાચીન એક જ પીસમાં કથ્થાઈ જેવા રંગના ખડ્ગાસન ૩ ફીટના શ્રી વિમલનાથ પ્રભુ બિરાજમાન કર્યા છે. તેવી જ રીતે આ જ ચોકના આ પ્રતિમાજીની સામેની સાઈડમાં પણ હીન્ડોન પાસેથી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલાં પ્રાચીન કથ્થાઈ જેવા રંગના ખડ્ગાસન ૩ ફીટના શ્રી પુષ્પદન્ત ભગવાન બિરાજમાન કર્યા છે. બંને પ્રતિમાજી એક જ સરખા અને હીન્ડોન પાસેથી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલાં છે, જેની પ્રતિષ્ઠા તા. ૨૧-૬-૯૫ના રોજ થયેલી છે. આ રીતે આ મુખ્ય મંદિર અનેક પ્રતિમાજીઓ અને ચોતરફ રંગબેરંગી સુવર્ણયુક્ત સોળ ચિત્રપટોથી શોભે છે.

મુખ્ય મંદિરની નીચે ભોંયતળિયે એક ધ્યાનકેન્દ્ર બનાવેલું છે, જેનું ઉદ્‌ઘાટન વીર નિર્વાણ સંવત ૨૫૨૪ તા. ૧-૨-૧૯૯૮ના રોજ થયેલું છે. ધ્યાનકેન્દ્રમાં શ્રી મહાવીર પ્રભુનો કાચમાં મોટો ફોટો છે. આ ફોટો પારદર્શક કાચમાં છે, જેમાં પાછળ ટયુબલાઈટ મૂકી છે. તેથી દેખાવ સરસ લાગે છે. હોલમાં તદ્દન શાંતિ હોઈને ઘણા લોકો ત્યાં ધ્યાન ધરવા બેસે છે.

મુખ્ય મંદિરની પાછળના ભાગમાં બહાર બગીચા જેવું છે. ત્યાં જે સ્થળેથી શ્રી મહાવીર ભગવાનની પ્રતિમા નીકળી હતી તે સ્થળે ભગવાનના "ચરણ ચિન્હ" પ્રતિષ્ઠિત કર્યા છે અને એક કલાપૂર્ણ છત્રી બનાવી છે. અહીં સુંદર બગીચો અને બાળવાટિકા પણ બનાવી છે. તેમજ ચરણ ચિન્હની સામે ૩૩ ફીટ ઊંચો "મહાવીર સ્તુપ" બનાવેલ છે, જેનું નિર્માણ શ્રી મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણમહોત્સવની ઉજવણી વખતે થયેલ છે. લોકો આ ચરણ ચિન્હ ઉપર દૂધથી અભિષેક કરે છે. તેમજ અહીં લોકો જે પૈસા ચઢાવે છે, તે પૈસા જે ગોવાળિયાએ આ પ્રતિમાજી જમીનમાંથી કાઢયા હતા તેના પરિવારને આપે છે.

આ ક્ષેત્રનો પ્રબન્ધ શરૂઆતમાં આમેર ગાદીના દિગંબર જૈન ભટ્ટારકો દ્વારા થતો હતો. આ ભટ્ટારકોની નિમણૂંક દિગંબર જૈન પંચાયત કરતી હતી અને જયપુર સરકાર તે મંજૂર કરતી હતી. સને ૧૯૧૮માં ભટ્ટારક શ્રી મહેન્દ્રકીર્તિજીના સ્વર્ગવાસ પછી ભટ્ટારક શ્રી ચન્દ્રકીર્તિજીની નિમણૂંક થયેલ. સને ૧૯૨૩માં આ મામલો જયપુર રાજયની કોર્ટમાં ગયો હતો. સને ૧૯૨૩ થી ૧૯૩૦ સુધી વહીવટ કોર્ટ મારફત ચાલ્યો. સન ૧૯૩૦માં દિગંબર જૈન પંચાયતોએ ફરીથી

વહીવટ સંભાળ્યો હતો. ત્યારથી આજ સુધી દિગંબર જૈન પંચોની કમિટી આ ક્ષેત્રનો સંપૂર્ણ વહીવટ સંભાળે છે. શ્રી મહાવીરજી રાજસ્થાનની સાર્વજનિક રજીસ્ટર્ડ સંસ્થા છે. તેથી પ્રબન્ધકારીણી કમિટી વહીવટ સંભાળે છે. અહીં દર વર્ષે ચૈત્ર સુદ-૧૩ થી ચૈત્ર વદ-૨ સુધી પાંચ દિવસનો મોટો મેળો ભરાય છે અને ચાંદીની પાલખીમાં ભગવાનને લઈને ભવ્ય રથયાત્રા કાઢવામાં આવે છે. ત્યારે ધ્વજારોહણ, જયન્તીજુલુસ, જલયાત્રા, જિનેન્દ્ર રથયાત્રા, કળશાભિષેક, વિગેરે સુંદર કાર્યક્રમો પણ યોજાય છે. આ મેળામાં જૈન અને જૈનેતર બધા ઉલ્લાસપૂર્વક ભાગ લે છે અને જયજયકાર બોલાવે છે. આ રથયાત્રામાં રથના સારથી હીન્ડોનના ઉપ જીલ્લા-કલેક્ટર બને છે. આ રથયાત્રા નીકળે ત્યારે તે ગોવાળિયાના વંશજોનું સન્માન પણ કરવામાં આવે છે.

આ મંદિરની પાછળના ભાગમાં ડાબી તરફ અલ્પાહારગૃહ છે, જેમાં એક સાથે ૫૦-૬૦ વ્યક્તિઓ બેસી શકે તેટલા ટેબલ-ખુરશી છે. ત્યાં ચા, ગરમ ગળ્યું દૂધ, ફરસી પુરી, કચોરી, ગરમાગરમ જલેબી, બરફી, વિગેરે વસ્તુઓ મળે છે. જે વસ્તુ જોઈએ તેના કુપન કાઉન્ટર ઉપરથી મેળવી લેવાના હોય છે. અહીં કેસરયુક્ત મીઠું દૂધ પણ મળે છે. આ અલ્પાહારગૃહનો સમય સવારે ૭:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધીનો છે. સાંજે ૭:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી ફક્ત કેસરીયુ દૂધ જ મળે છે.

બડા મંદિરમાંથી બહાર નીકળી જમણી તરફ ચાલતાં ૫-૭ મિનિટના રસ્તે જમણી તરફ મેઈન રોડ ઉપર જ શ્રી પાર્શ્વનાથજી દિગંબર જૈન ચૈત્યાલય આવેલ છે. ચૈત્યાલય કહેવાય છે, પરંતુ ભવ્ય જિનમંદિર છે. આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પદ્માસન, ફેણવાળી, શ્યામ વર્ણના આરસની, ૫ ફીટની ભવ્ય ભાવવાહી પ્રતિમાજી છે. આ મંદિરમાં દિવાલમાં ચારે તરફ રંગબેરંગી સુવર્ણયુક્ત ધાર્મિક-ઐતિહાસિક મોટા-મોટા ચિત્રપટો છે. આખા મંદિરમાં દરેક દિવાલો ઉપર રંગબેરંગી કાચનું સુંદર કામ કરેલું છે. આ ચિત્રકામ કરનાર કારીગરનું નામ શ્રી સુભાષચન્દ્ર જૈન, કુમાવત મારોઠ પાસે, ૨૮ શિવ માર્ગ, વિશ્વકર્મા ઔદ્યોગિક સ્ટેટ, જયપુર છે. પાવાપુરી, ગિરનારજી, કૈલાસ, શ્રી પાર્શ્વનાથ ભગવાનના દસ ભવના ચિત્રો, ઉપરના ભાગમાં ચોવીસ ભગવાનના ચિત્રો, નિજમંદિરમાં ઉપર શ્રી સમવસરણજીની રચનાનું ચિત્ર, ડાબી તરફ માતાના સોળ સ્વપ્નોનું ચિત્ર, તેમજ ગર્ભ-જન્મ-તપ-જ્ઞાન અને મોક્ષ - તેમ પાંચેય કલ્યાણકોના આકર્ષક ચિત્રો છે. આ હોલમાં છ દિગંબર મુનિ શ્રી શાંતિસાગરજી, શ્રી ચન્દ્રસાગરજી, શ્રી વીરસાગરજી, શ્રી મહાવીરકીર્તિજી, શ્રી શિવસાગરજી અને શ્રી ધર્મસાગરજીના ફોટાઓ પણ છે.

આ મંદિરથી આગળ ૧ કિ.મી. જતાં શાંતિવીરનગરના મંદિરો આવે છે. ચાલતાં પણ જઈ શકાય છે. છતાં બડા મંદિરથી શાંતિવીરનગર જવા માટે ઊંટગાડી પણ મળે છે. આ મંદિરો મુનિશ્રી શાંતિસાગરજી તથા મુનિશ્રી વીરસાગરજીની પ્રેરણાથી થયેલા હોઈને તેનું નામ શાંતિવીરનગર આપેલ છે. પ્રવેશદ્વાર લાલ પથ્થરનો સુંદર નકશીકામવાળો છે. સંકુલમાં પ્રવેશતા જ ચોકમાં આરસનો માનસ્થંભ આવે છે, જેમાં નીચે તથા ઉપર ચાર-ચાર ભગવાન બિરાજમાન કરેલા છે.

લાલ પથ્થરના ૧૫ પગથિયાં ચઢતા મુખ્ય મંદિરજી આવે છે. આ મુખ્ય મંદિરમાં બદામી રંગના આરસના ખડ્ગાસન ૬ ફીટના ત્રણ ભાવવાહી પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે. ડાબી તરફ ખડ્ગાસન ૬ ફીટના શ્રી ચન્દ્ર પ્રભુજી છે અને જમણી તરફ ખડ્ગાસન ૬ ફીટના શ્રી મહાવીર પ્રભુજી છે.

આ વેદીની ડાબી તરફ બીજી દેરીમાં રંગીન સોનેરી વેદીમાં સફેદ આરસના ખડ્ગાસન ૫ ફીટના શ્રી કુન્થુનાથ ભગવાન છે. તેમની જમણી તરફ સફેદ આરસના ખડ્ગાસન ૫ ફીટના શ્રી મહાવીર પ્રભુ છે તથા બંને તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પદ્માસન ફેણવાળા અને શ્યામ આરસના ૩ ફીટના પ્રતિમાજી છે.

મુખ્ય વેદીની જમણી તરફ સફેદ આરસના ખડ્ગાસન ૫ ફીટના શ્રી મહાવીર પ્રભુજી છે. તેમની ડાબી તરફ સફેદ આરસના પદ્માસન શ્રી શાંતિનાથ ભગવાન છે અને તેમની જમણી તરફ બદામી આરસના પદ્માસન ૨ ફીટના શ્રી અરનાથજી છે. આ રીતે ત્રણેય દેરીમાં ૩+૩+૩ = કુલ ૯ ભગવાન છે. બંને તરફ ક્ષેત્રપાલ તથા પદ્માવતીદેવીના ગોખલા છે. મંદિરનો સભાગૃહ (હોલ) ખૂબ જ મોટો છે.

બહારના ચોકમાં બીજા મંદિરમાં પંચધાતુના ખડ્ગાસન ૬ ફીટના શ્રી આદિનાથ પ્રભુ છે. તેમની ડાબી તરફ પંચધાતુના ૫ ફીટના ખડ્ગાસન શ્રી ભરતજી તથા જમણી તરફ પંચધાતુના ૫ ફીટના ખડ્ગાસન શ્રી બાહુબલીજી (મુનિદશામાં વેલડીયુક્ત) છે. ભલે પંચધાતુના ભગવાન છે, પણ જાણે સોનાના જ હોય તેવા પ્રતિમાજી છે, જે વીર નિર્વાણ સં. ૨૫૨૫ વિ.સં. ૨૦૫૫માં પ્રતિષ્ઠિત કરેલ છે. આ મંદિરની સામે બીજી દેરીમાં પંચધાતુના ખડ્ગાસન ૬ ફીટના શ્રી શાંતિનાથ પ્રભુ છે. તેમની ડાબી તરફ પંચધાતુના ખડ્ગાસન ૫ ફીટના શ્રી કુન્થુનાથ પ્રભુ છે અને જમણી તરફ પંચધાતુના ખડ્ગાસન ૫ ફીટના શ્રી અરનાથ પ્રભુ છે. એક કબાટમાં મોટા ધાતુના પંચમેરૂ છે. ત્યારબાદ ક્ષેત્રપાલનો ગોખલો છે. તેની બાજુમાં આરસમાં સહસ્રકૂટી પદ્માસન પ્રતિમાજી છે. મંદિરના ચોકમાં ફરતા બંને તરફ થઈને ચોવીસ તીર્થંકર ભગવાન પદ્માસન ૪-૪ ફીટના વીર નિર્વાણ સંવત ૨૪૯૫ વિક્રમ સંવત ૨૦૨૫માં પ્રતિષ્ઠિત કરેલા છે.

સામાન્ય રીતે ખ્યાલમાં પણ ન આવે તેવા ભોંયરામાં ૧૬ પગથિયાં નીચે ઉતરતા ફેણવાળા પદ્માસન ૭ ફીટના ભવ્ય શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. તેમની ડાબી તરફ શ્યામ આરસના પદ્માસન ૫ ફીટના શ્રી નેમિનાથ પ્રભુ છે. વચ્ચે ચોકમાં સફેદ આરસના કમળની વેદી ઉપર ખડ્ગાસન ૨૨ ફીટના શ્રી શાંતિનાથ પ્રભુ વીર નિર્વાણ સં. ૨૪૯૫ વિ. સં. ૨૦૨૫ ફાગણ સુદ-૧૦ના રોજ પ્રતિષ્ઠિત છે. આ મૂર્તિની ડાબી તરફ ગરૂડ-યક્ષની મૂર્તિ છે. જમણી તરફ શાસનદેવી ગંધારણીદેવીની મૂર્તિ છે. આ મોટા પ્રતિમાજીની ડાબી તરફ ખડ્ગાસન શ્યામ આરસના ફેણવાળા ખડ્ગાસન ૬ ફીટના શ્રી પાર્શ્વ પ્રભુ છે અને આ મોટા પ્રતિમાજીની જમણી તરફ સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના શ્રી મહાવીર પ્રભુ છે.

બીજી તરફ પણ ભોંયરૂ છે. જો ખાસ ધ્યાન ન હોય તો ખબર પણ ન પડે તેવી રીતે તે ભોંયરૂ છે. ભોંયરામાં ૧૬ પગથિયાં નીચે ઉતરતા સફેદ આરસના પદ્માસન ૭ ફીટના શ્રી મહાવીર પ્રભુ છે. તેમની બાજુમાં શ્રી આદિનાથ પ્રભુ પદ્માસન ૫ ફીટના છે. અહીં સહસ્રકૂટ ચૈત્યાલય પણ છે.

બહારના ચોકમાં સિદ્ધાર્થવૃક્ષ બનાવેલ છે. તેમાં ચાર દિશામાં ચાર પ્રતિમાજી સફેદ આરસના ૧ ફૂટના પદ્માસન છે, જે વીર નિર્વાણ સં. ૨૫૨૪ તા. ૧-૨-૧૯૯૮ના રોજ પ્રતિષ્ઠિત થયેલા છે. મુખ્ય મંદિરના બારણા ચાંદી જેવી ધાતુના-પતરાના છે, જેમાં સોળ સ્વપ્નો સોનેરી રંગમાં મૂક્યા છે.

આ રીતે શાંતિવીરનગરના મંદિરો ભવ્ય અને જરૂર દર્શનીય છે.

મંદિર નં. ૩ ની સામે જ રોડ ઉપર દિગંબર જૈન અતિશયક્ષેત્ર મહાવીરજી ચૈત્યાલયકીર્તિ આશ્રમ છે. તેમાં નાના પદ્માસન શ્રી મહાવીર પ્રભુના સફેદ આરસના ૧ ફૂટના પ્રતિમાજી છે. બંને તરફ પંચધાતુના ભગવાન છે. આ મંદિરનો વિકાસ હવે પછી કરવાનો છે.

બડા મંદિરથી બહાર નીકળતાં ડાબી તરફ થોડે દૂર ૫-૧૦ મિનિટ ચાલતાં કૃષ્ણાબાઈ મંદિર આવે છે. તેમાં વચ્ચે પદ્માસન ૮ ફીટના શ્રી મહાવીર પ્રભુના ભવ્ય પ્રતિમાજી છે. આ મંદિરના સભાગૃહમાં દિવાલ ઉપર ચારે તરફ ભક્તામરના ૪૮ ચિત્રપટો છે, જેમાં દરેકમાં શ્લોક અને તેને લગતુ ચિત્ર છે. આ મંદિરમાં પ્રવેશતાં ચોકમાં ૬૦ ફીટનો માનસ્થંભ આવે છે. તેમાં ઉપર ચાર દિશામાં ચાર નાનકડા પ્રતિમાજી છે. નીચે ભગવાન નથી. મંદિરમાં મૂળનાયક શ્રી મહાવીર પ્રભુની ડાબી તરફ શ્રી સમવસરણજીની રચના છે. તેમાં ઉપર ચાર દિશામાં ચાર પ્રભુ પદ્માસન છે. તે સિવાય નીચેની વેદીમાં પંચધાતુના ઘણા પ્રતિમાજી છે. મંદિરનો સભાગૃહ ખૂબ જ મોટો છે. અહીં પણ મંદિરની ફરતી ધર્મશાળાની ઘણી રૂમો છે.

આ રીતે મહાવીરજીમાં પાંચેય મંદિરો દર્શનીય અને ભવ્ય છે. તે દરેક મંદિરો તદ્દન પાસે-પાસે જ છે. બડા મંદિરમાં પ્રવેશતા જ મુનિઓ દ્વારા રચિત પુસ્તકોનો વેચાણ સ્ટોલ આવે છે, જેમાં ગોમટસાર, કર્તવ્યપથપ્રદર્શન, સુભાષિત રત્નસંગ્રહ, ભક્તામર, આત્મ અન્વેષણ, સર્વોદય, વિગેરે પુસ્તકો વેચાણમાં મળે છે.

શ્રી મહાવીરજી સંસ્થા દ્વારા સંચાલિત અન્ય ઘણી શૈક્ષણિક સંસ્થાઓ ચાલે છે. જેવી કે -

૧. પ્રાથમિક વિદ્યાલય જે રેલ્વે સ્ટેશન પાસે છે અને હાલ અહીં લગભગ ૪૫૦ વિદ્યાર્થીઓ કોઈપણ જાતની ફી વગર ભણે છે. આસપાસના ગામડામાંથી અનુસૂચીત જાતિ-જનજાતિના વિદ્યાર્થીઓ ભણવા આવે છે. દરેકને દર વર્ષે બે યુનિફોર્મ નિઃશુલ્ક આપવામાં આવે છે.

૨. ઉચ્ચ પ્રાથમિક શાળા

૩. સેકન્ડરી પ્રવેશિકા

૪. સિનીયર સેકન્ડરી

૫. મહિલા શિક્ષણ પ્રશિક્ષણ વિદ્યાલય

૬. સ્નાતકશાસ્ત્ર મહાવિદ્યાલય

૭. સ્નાતકોત્તર કોર્સ

૮. ધાર્મિક અનિવાર્ય જૈન કોર્સ જેમાં મોક્ષશાસ્ત્ર શીખવવામાં આવે છે.

૯. છાત્રાવાસ સન ૧૯૫૩ થી છે.

આ સિવાય આ સંસ્થા વિધવાઓને તથા વિકલાંગોને સહાયતા કરે છે. તેમજ છાત્રોને છાત્રવૃત્તિ આપે છે. તેમજ આ ક્ષેત્રમાં પાંડુલિપિ સંગ્રહાલયમાં ૪૪૪૮ હસ્તલિખિત ગ્રંથો છે, જેમાં લગભગ ૭૨૭ ગુટકાઓ છે, જેમાં પૂજા, સ્તોત્ર, પદ, વિધાન, ચરિત રાસો, વિગેરે છે.

શ્રી મહાવીરજીમાં લગભગ પાંચ મોટી-મોટી ધર્મશાળાઓ છે. તેમજ નવું યાત્રી નિવાસ બંધાયું છે, જેમાં લગભગ ૨૦૦૦ યાત્રીઓ રહી શકે તેવી વ્યવસ્થા છે. તેમાં ભોજનશાળા પણ છે. તેમાં એક સાથે ૨૦૦ જેટલા યાત્રીઓ ટેબલ-ખુરશી ઉપર બેસીને જમી શકે છે.

શ્રી મહાવીરજીમાં આદર્શ મહિલા વિદ્યાલયની સ્થાપના તા. ૧-૧-૧૯૫૩ના રોજ થઈ હતી, જેમાં બ્ર. શ્રી કમલાબાઈનો ઘણો અગત્યનો ફાળો છે. સન ૧૯૫૭માં વિદ્યાલયમાં ઉપાધ્યાયજી વરિષ્ઠ, ઉપાધ્યાયજી શાસ્ત્રી અને આચાર્ય સુધીની કક્ષાઓ ચાલુ થઈ ગઈ. ત્યારબાદ સન ૧૯૮૯માં પ્રશિક્ષણ પાઠ્યક્રમ (એસ.ટી.સી.) નો કોર્સ શરૂ કરેલ અને રાજ્ય સરકારે તેને મંજૂરી પણ આપેલી છે. કમલાબાઈનું જીવન અનુશાસનપ્રેમી, કર્તવ્યનિષ્ઠ તથા પરિશ્રમી છે.


આ સિવાય શ્રી મહાવીરજીમાં કમિટીએ ૭૫ લાખ રૂપિયાના ખર્ચે પ્રાકૃતિક ચિકિત્સાલય સંસ્થાની શરૂઆત સન ૧૯૮૬માં કરી છે. ક્ષેત્ર કમિટી દ્વારા સન ૧૯૩૦માં આયુર્વેદિક ઔષધાલય શરૂ કરેલ છે. દર વર્ષે લગભગ ૩૦,૦૦૦ વ્યક્તિઓ આ ઔષધાલયનો કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર લાભ લે છે. ત્યારબાદ એલોપથી દવાખાનુ પણ શરૂ કરેલ છે.

અહીં અવાર-નવાર વિજળી બંધ થાય છે. તેથી સંસ્થાએ ૬૩ કે.વી.એ.ના બે નવા જનરેટર વસાવ્યા છે. ત્યારબાદ ૧૨૫ કે.વી.એ.નો એક ડિઝલ જનરેટીંગ સેટ પણ ચાલુ કરેલ છે. તેમજ ગરમીમાં ઠંડા પાણી માટે કુલરો મૂક્યા છે. કમિટીના પ્રયત્નોથી શ્રી મહાવીરજીની આસપાસ ૧૮ કિ.મી.માં એક ૧૩૨ કે.વી.એ.નું ફિડર મૂકીને ગ્રીડ સ્ટેશન પણ બનાવવામાં આવેલું છે.


એક જ સંસ્થા આવા અનેક જાતના કાર્યો કરતી હોય તેવી આ સંસ્થા છે. શ્રી મહાવીરજીમાં પોસ્ટ ઓફિસ અને તાર ઓફિસ તથા બેન્ક ઓફ બરોડાની શાખા પણ છે.

શ્રી મહાવીરજીથી અન્ય તીર્થો જેવા કે જયપુર, અજમેર, પદમપુરા, અલવર, તિજારા, હસ્તિનાપુર, આગ્રા, ભરતપુર, ગ્વાલીયર, સોનાગિરિ જવા માટે સીધી બસ સેવા મળે છે.

# दिगम्बर जैन तीर्थक्षेत्र राजस्थान



# શ્રી પદમપુરા



પદમપુરા : શ્રીપદ્મપ્રભુ જિનાલયનું બાહરી દ્રશ્ય

- આવાગમન.................: રેલ્વે સ્ટેશન : શિવદાસપુરા,
  પદમપુરા (બ્રોડગેજ) - ૭ કિ.મી.
  બસ સ્ટેશન : પદમપુરા (બાડા) મંદિર ગેટ પાસે
- પહોંચવાનો સરળ માર્ગ ... : જયપુરથી નારાયણસિંહ સર્કલથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: જયપુર - ૩૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: ચૂલગિરિ (ખાનિયાજી) - ૨૮ કિ.મી.,
  સંઘીજી મંદિર, સાંગાનેર - ૨૩ કિ.મી.,
  મોજમાબાદ - ૭૭ કિ.મી.

આ અતિશયક્ષેત્ર જયપુરથી ૩૩ કિ.મી. અને સાંગાનેરથી ૨૩ કિ.મી. પર આવેલું છે. આ અતિશયક્ષેત્રને દિગંબર જૈન અતિશયક્ષેત્ર બાડા-પદમપુરા કહે છે. જયપુર-કોટા રોડ ઉપર

શિવદાસપુરાથી ૫ કિ.મી. પૂર્વ તરફ પદમપુરા ગામ આવેલું છે. જયપુરના મુખ્ય બસ સ્ટેન્ડથી પદમપુરા માટે બસ (એસ. ટી.) મળી શકે છે. જયપુરના મુખ્ય બસ સ્ટેન્ડને સીંધુ કેમ્પ કહે છે, જે શહેરથી દૂર છે. આટલે દૂર જવુ ન હોય તો જયપુરના નારાયણસિંહ સર્કલ પાસે એસ. ટી. ની દરેક બસ ઉભી રહે છે-ત્યાંથી પણ બેસી શકાય છે. નારાયણસિંહ સર્કલ ગામમાં નજીક છે. મુખ્ય બસ સ્ટેન્ડથી એસ. ટી. ની બસ ભરેલી આવી હોય તો બેસવાની જગ્યા ન મળે - ઉભા રહેવુ પડે. માટે બેસવાની જગ્યા જોઈતી હોય તો મુખ્ય બસ સ્ટેન્ડ સીંધુ કેમ્પ જવું વધારે હિતાવહ છે. તે સિવાય ટોંક તથા કોરાથી પણ નિયમિત રીતે પદમપુરા જવા માટે બસ મળી શકે છે. તેમજ સવાઈ માધોપુરથી જયપુર જતી બ્રોડગેજ રેલ્વે લાઈન પર પદમપુરા રેલ્વે સ્ટેશન આવે છે. રેલ્વે સ્ટેશનથી ક્ષેત્ર ઉપર આવવા માટે ક્ષેત્ર તરફથી બસની વ્યવસ્થા કરાયેલી છે.

અહીં પાકી ધર્મશાળા બનાવેલી છે, જેમાં ૨૦૦-૨૫૦ રૂમો છે તથા ૧૫ હોલ છે, જેમાં લાઈટ-પંખા વિગેરે તમામ સગવડતા છે. એક જ સંકુલમાં વચ્ચે મંદિરો અને ફરતી ચારે તરફ ધર્મશાળાની રૂમો છે. હજૂ બીજી વધુ રૂમો બનતી જાય છે. યાત્રીઓ માટે ગાદલા-ગોદડા તથા વાસણની સગવડતા પણ છે. રેલ્વે સ્ટેશન ઉપર પણ એક નાનકડી ધર્મશાળા છે.

અહીં યાત્રિકોને જમવા માટે ભોજનશાળામાં રોટલી-દાળ-ભાત-શાક-કઠોળ અને પાપડ નિઃશુલ્ક આપે છે. જમવા બદલ દાનપેટીમાં તમારે જે નાખવું હોય તે નાખી શકો છો. આ નિઃશુલ્ક ભોજન-વ્યવસ્થા જૈન બુક એજન્સી, નવી દિલ્હી તરફથી કરવામાં આવેલી છે.

અહીં ૧૦૦૮ શ્રી પદ્મપ્રભુ ભગવાનના દિગંબર જૈન સાતીશય તથા ચમત્કારિક પ્રતિમાજી છે. તેના દર્શન માટે દેશ-વિદેશથી દર વર્ષે લાખો યાત્રાળુઓ આવે છે. વિ. સં. ૨૦૦૧ના વૈશાખ સુદ-૫ના રોજ બાડા-પદમપુરાની પવિત્ર ધરતીમાંથી ભૂગર્ભમાંથી છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ ભગવાનની દિગંબર જૈન સાતીશય પદ્માસન પ્રતિમાજી પ્રાપ્ત થઈ હતી. આ ગામનું જૂનુ નામ બાડા હતુ. પરંતુ શ્રી પદ્મપ્રભુ ભગવાનની આ પ્રતિમા નીકળ્યા પછી અને તેમની સ્થાપના થયા પછી આ બાડા ગામને પદમપુરા ગામ કહેવામાં આવ્યું છે. તેનો ઈતિહાસ નીચે મુજબ છે. બાડા નાનકડું ગામડું હતું, જ્યાં ખેડૂતના થોડા ઘર હતા. તેઓ અહીં ખેતી કરતા હતા. તેમાં એક દિવસ એક ખેડૂતનું હળ ખેતરમાં ખેતી કરતા-કરતા જમીનમાં પથ્થર સાથે ટકરાયુ. તો તે ખેડૂતે ત્યાં ધીરેથી માટી દૂર કરીને જોયુ તો ત્યાં એક નાનકડી મૂર્તિ (શ્રી પદ્મપ્રભુની) નીકળી. આથી આ ખેડૂત તો ખુશ-ખુશ થઈને પોતાને ધન્ય માનવા લાગ્યો. ધીમે-ધીમે આસપાસના ગામડામાં આ સમાચાર પહોંચ્યા, તો જૈનો અને જૈનેતરો આ સ્થળે દર્શન માટે મોટી સંખ્યામાં આવવા લાગ્યા. જેમાં એક દિવસ બાજૂના ગામડાના એક જૈન શ્રાવક આ તરફથી નીકળ્યા અને તેમણે આ પ્રતિમાજી અહીંથી નીકળ્યાના સમાચાર સાંભળ્યા. તો તેઓ દર્શન માટે આ સ્થળે આવ્યા.

પ્રતિમાજી જોઈને તેમણે તરત જ કહ્યું કે "આ તો જૈનોના શ્રી પદ્મપ્રભુ ભગવાનની મૂર્તિ છે. આ મૂર્તિને જૈનોના મંદિરમાં મોકલી આપો." તો ગામના લોકોએ ના પાડી કે આ પ્રતિમાજી તો

અમારે અહીં જ રાખવા છે. અમે મંદિર બનાવીશું. આથી આસપાસના ગામડાવાળા આવીને ભગવાનની સેવા-પૂજા કરવા લાગ્યા. લોકો આ પ્રતિમાજીને ચમત્કારિક માનવા લાગ્યા હતા.

ધીમે-ધીમે આ મૂર્તિની ખ્યાતિ ખૂબ વધવા લાગી અને લોકોએ એક સુંદર મંદિર બનાવીને તેમાં ભગવાનની સ્થાપના કરી. જે જગ્યાએથી આ શ્રી પદ્મપ્રભુ ભગવાનની પ્રતિમા નીકળી હતી, તે સ્થળે એક સુંદર છત્રી બનાવેલી છે અને ત્યાં ભગવાનના ચરણોની સ્થાપના કરેલી છે. આ છત્રી સફેદ આરસની છે. આ છત્રીની બાજુમાં જ જૂનું મંદિર પણ છે. કારણ કે નવું મંદિર ન્હોતુ બંધાયું ત્યાં સુધી ૧૮ વર્ષ સુધી આ પ્રતિમા અહીં જ બિરાજમાન કરી હતી. મૂળનાયક શ્રી પદ્મપ્રભુ ભગવાનની જે પ્રતિમા જમીનમાંથી નીકળી હતી તેનો અભિષેક કરવાનું હવે બંધ કર્યું છે. કારણ કે અહીંનું પાણી સ્હેજ ખારવાળુ હોવાથી મૂળ પ્રતિમાને જો દરરોજ અભિષેક કરવામાં આવે તો તેનું મૂળસ્વરૂપ ફરી જાય તેવું લાગે છે. તેથી હવે અભિષેક કરવાનું બંધ કરેલ છે. કમળની વેદી ઉપર મૂળનાયક શ્રી પદ્મપ્રભુ ભગવાન ૧ાા ફીટના બિરાજમાન કરેલ છે. તેમની ફરતી ચારે બાજુ ગોળાકાર દેરીઓ છે કે જેમાં સફેદ આરસના પદ્માસન શ્રી મહાવીર પ્રભુ, શ્રી ચન્દ્ર પ્રભુ અને શ્રી શાંતિનાથ પ્રભુ બિરાજમાન કરેલા છે. મંદિરની છતમાં ઉપર રંગબેરંગી સુવર્ણયુક્ત સુંદર કામ કરેલું છે. બીજી દેરીમાં શ્રી નેમિનાથ ભગવાન સફેદ આરસના ૩ ફીટના પદ્માસને છે. ત્રીજી દેરીમાં શ્રી આદિનાથ ભગવાન શ્યામ આરસના ૫ ફીટના પદ્માસન ભાવવાહી પ્રતિમાજી છે. ચોથી દેરીમાં શ્રી પદ્મપ્રભુ ભગવાનના બદામી આરસના ૬ ફીટના પ્રતિમાજી છે. પાંચમી દેરીમાં સફેદ આરસના શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસને ૮ ફીટના બિરાજમાન કરેલા છે. આ મૂર્તિની પ્રતિષ્ઠા સંવત ૨૪૯૫માં થઈ હતી. છઠ્ઠી દેરીમાં શ્રી ભરતેશ્વરજીના સફેદ આરસના ૮ ફીટના ખડ્ગાસન પ્રતિમાજી છે. સાતમી દેરીમાં સફેદ આરસના શ્રી શાંતિનાથ ભગવાન પદ્માસન ૪ ફીટના બિરાજમાન છે. આઠમી દેરીમાં સફેદ આરસના શ્રી મહાવીર ભગવાન પદ્માસન ૪ ફીટના બિરાજમાન છે. નવમી દેરીમાં શ્યામ આરસના ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાન ૩ ફીટના પદ્માસને છે. દસમી દેરીમાં ત્રણ ભગવાન છે, જેમાં વચ્ચે સફેદ આરસના શ્રી મહાવીર ભગવાન પદ્માસન ૨ાા ફીટના છે અને તેમની બંને બાજુમાં શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન અને શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પણ સફેદ આરસના પદ્માસન છે. આ સિવાય પંચધાતુના બીજા ઘણા ભગવાન છે તથા પંચધાતુના નાનકડા પંચમેરૂ પણ છે.

આ સિવાય બહાર ચોકમાં એક મોટી દેરીમાં પંચધાતુના ૪ ફીટના શ્રી આદિનાથ ભગવાન છે. તેમજ બહાર ચોકમાં ચાર દિશામાં ચાર મોટી દેરીઓ છે. તેમાં બીજી દેરીમાં પંચધાતુના ૪ાા ફીટના શ્રી શાંતિનાથ ભગવાન પદ્માસને છે. ત્રીજી દિશામાં ત્રીજી દેરીમાં શ્રી મહાવીર પ્રભુના પંચધાતુના ૪ ફીટના પદ્માસન પ્રતિમાજી છે અને ચોથી દિશામાં ચોથી દેરીમાં પંચધાતુના શ્રી પદ્મપ્રભુ ભગવાન પદ્માસને છે. આ ચાર દિશાની ચારે દેરીઓમાં ભગવાનના પ્રતિષ્ઠા મહોત્સવ વીર નિર્વાણ સંવત ૨૫૨૫ મહા સુદ-૧૫ તા. ૩૧-૧-૧૯૯૯ થી તા. ૫-૨-૧૯૯૯ સુધી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ-ગજરથ મહોત્સવપૂર્વક ઉજવાયા હતા.

અહીં શ્રી રૂપચંદજી કટારીયાના સહયોગથી ૫૫ ફીટ ઊંચો સુશોભિત અને ભવ્ય પ્રવેશદ્વાર કરવાનું આયોજન પણ કરાયેલું છે. આ પદમપુરા તીર્થક્ષેત્રમાં જૈનો તો દર્શનાર્થે આવે જ છે, પરંતુ અન્ય ધર્મીઓ પણ અહીંની માનતા માને છે. તેમજ અંધશ્રદ્ધાથી ભૂત-પ્રેત-પાગલપન દૂર કરવા માટે ઘણા અજૈનો પણ અહીં આવે છે અને અહીં ભુવાઓ ધુણે-ધુણાવે છે.

પદમપુરામાં શ્રી પદ્મપ્રભુ ભગવાનના મોક્ષકલ્યાણકના દિવસે ફાગણ વદ-૪ના રોજ મેળો ભરાય છે. તેમજ વૈશાખ સુદ-૫ કે જે દિવસે આ પ્રતિમાજી નીકળ્યા હતા-તે દિવસે પણ અહીં મેળો ભરાય છે અને મોટી રથયાત્રા નીકળે છે. ઉપર લખ્યું તેમ આ મંદિરમાં દસ દેરીઓ તો છે જ. તે સિવાય અગીયારમી કલાપૂર્ણ વેદીમાં શ્રી પદ્મપ્રભુ ભગવાનની ૨૭ ફીટ ઊંચી ભવ્ય ખડ્ગાસન પ્રતિમાજી પણ છે.

મંદિરની કુલ જગ્યા લગભગ સાત વીઘા જમીન છે. સંકુલમાં ધર્મશાળા, ભોજનશાળા ઉપરાંત વાંચનાલય, ઠંડા પાણી માટે કુલર, બાલોદ્યાન અને આયુર્વેદિક ઔષધાલય પણ છે. આસપાસના ગામડાંના હજારો લોકો તથા યાત્રિકો આ ઔષધાલયનો લાભ લે છે. શ્રી મહાવીર ભગવાનના ૨૫૦૦ મા નિર્વાણકલ્યાણકના વર્ષમાં ઔષધાલય માટે એક મોટું મકાન પણ બંધાવેલ છે. આ સિવાય અહીં સરકારી દવાખાનુ, માધ્યમિક વિદ્યાલય, બેન્ક, તારઘર તથા પોસ્ટ ઓફિસની સગવડતા છે. તેમજ એસ. ટી. ડી. વિગેરેની સગવડતા પણ છે. આ સંકુલની બહારના ભાગમાં ઘણી દુકાનો છે. ત્યાં જરૂરી દરેક ચીજ-વસ્તુઓ મળી રહે છે.

શ્રી મહાવીરજીની જેમ પદમપુરામાં પણ એકાદ-બે દિવસ રહેવા માટે કોઈ તકલીફ પડે તેવું નથી. કારણ કે અહીં પણ ધર્મશાળા અને ભોજનશાળાની સુંદર સગવડતા છે. તો એકાદ-બે દિવસ રોકાયા હોઈએ તો શાંતિથી દર્શન-પૂજન-ભક્તિ આદિ કાર્યક્રમ કરી શકાય. સાંગાનેરથી પદમપુરા માત્ર ૨૩ કિ.મી. છે. એટલે કે ફક્ત ૦॥ કલાકનો જ રસ્તો છે.

આ મંદિરના ચોકમાં શ્રી માનસ્થંભજી પણ છે, જે આશરે ૬૦ ફીટ ઊંચો છે. તેમાં ઉપર ચાર દિશામાં ચાર ભગવાન છે. નીચે ભગવાન નથી.

*"માથે મોત ભમે છે" તેમ વારંવાર સ્મરણ કરીને પણ તું પુરૂષાર્થ ઉપાડ.*


*૦ ૦ ૦ ૦ ૦*

*ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો, તું તને પામર ન માન.*



શ્રી સંઘીજી દિગંબર જૈન મંદિર, સાંગાનેર - રાજસ્થાનનું ૧૧-૧૨મી શતાબ્દીનું પ્રાચીન જૈન મંદિર

# સાંગાનેર



સાંગાનેર : સંઘિજીનું મંદિર

| | | |
|---|---|---|
| ● | આવાગમન................ : | રેલ્વે સ્ટેશન : જયપુર - ૧૫ કિ.મી.<br>બસ સ્ટેશન : જયપુર સેન્ટ્રલ બસ સ્ટેન્ડ - ૧૩ કિ.મી. |
| ● | પહોંચવાનો સરળ માર્ગ ... : | અજમેરી ગેટ, જયપુરથી સડક રસ્તે |
| ● | નજીકનું મુખ્ય શહેર ....... : | જયપુર - ૧૩ કિ.મી. |
| ● | નજીકના તીર્થક્ષેત્રો ......... : | પદમપુરા - ૨૩ કિ.મી.,<br>શ્રી મહાવીરજી - ૧૮૪ કિ.મી.,<br>ચૂલગિરિ (ખાનિયાજી) - ૧૮ કિ.મી. |

જયપુર શહેરથી લગભગ ૧૩ કિ.મી. દૂર સાંગાનેર તીર્થક્ષેત્ર આવેલું છે. જયપુરથી સાંગાનેર જવા માટે એસ. ટી. ની બસ પણ મળે છે. જયપુરની આસપાસમાં બીજા અનેક તીર્થક્ષેત્રો જેવા કે શ્રી મહાવીરજી, પદમપુરા, સાંગાનેર, ચુલગિરિ, વિગેરે આવેલા છે. જો ઓછા સમયમાં

બધા સ્થળોની યાત્રા કરવી હોય તો તાતા સુમો કે તાતા ક્વોલીસ જેવી ગાડી બાંધીને જવું સારૂ છે. આ ગાડીમાં આઠ વ્યક્તિઓ સામાન સાથે આરામથી બેસી શકે છે. એક દિવસમાં સાંગાનેર, ચુલગિરિ અને પદમપુરાની યાત્રા ખુશીથી થઈ શકે છે. શ્રી મહાવીરજી જૂદી દિશામાં આવેલ છે અને તે દૂર છે. તેથી ત્યાં એસ. ટી. બસમાં જવું વધારે સારૂ છે. જયપુરથી શ્રી મહાવીરજી આખો દિવસ ઘણી એસ. ટી. બસ મળે છે અને તેમાં જગ્યા પણ મળે છે.

સાંગાનેરમાં સૌથી મોટું, ભવ્ય અને પ્રાચીન મંદિર સંઘીજીનું અતિશયક્ષેત્ર મંદિર છે. આ મંદિર સંવત ૧૦૧૧માં બનાવ્યું હોવાનું જાણવા મળેલ છે. એટલે કે દસમી શતાબ્દીનું આ મંદિર છે. મંદિર ઉપર ઊંચા-ઊંચા આઠ ભવ્ય શિખરો છે, જેના દર્શન કરતા જ મંદિરજીની ભવ્યતાનો ખ્યાલ આવી જાય છે.

બુન્દેલખંડમાં જેવું ખજુરાહો યાત્રાધામ છે, તેવું જ ભવ્ય આ મંદિર કહી શકાય. મંદિરના પ્રવેશદ્વાર જોતા માઉન્ટ આબુના દેલવાડાના મંદિરો યાદ આવ્યા વિના રહેતા નથી. આખું મંદિર લાલ પથ્થરના નકશીકામથી ભરપુર છે. મંદિરની બહારની દિવાલ ઉપર લાલ પથ્થરમાં ભક્તામર સ્તોત્રના ૪૮ શ્લોકો કોતરેલા છે. લખેલા નહીં, પણ કોતરેલા છે. મંદિરજીમાં પ્રવેશતા જ લાલ પાષાણનું આકર્ષક અને સુંદર તોરણદ્વાર છે. છજાઓની નીચે થાંભલાઓમાં ઉપર વાજીંત્રો વગાડતી, નૃત્યગાન કરતી કિન્નર દેવીઓ અને ચામર ઢોળતી દેવાંગનાઓ દશ્યમાન થાય છે, જે પ્રાચીનકળાના અજોડ નમૂનાઓ છે. મંદિરજીમાં વચ્ચે શ્રી મહાવીર પ્રભુ પદ્માસન સફેદ આરસના પ્રાચીન લગભગ ૨ ફીટના છે. તેમની બંને બાજુ પદ્માસન સફેદ આરસના પ્રાચીન પ્રતિમાજી છે. બીજા મંદિરમાં વચ્ચે શ્રી પાર્શ્વનાથ ભગવાનની સફેદ પાષાણની નવ ફેણવાળી મનભાવન પ્રતિમાજી છે. આ પ્રતિમાજીની આજુ-બાજુમાં પણ શ્રી પાર્શ્વનાથ ભગવાનની અન્ય બે પ્રતિમાજીઓ છે. ત્રીજા મંદિરમાં ત્રણ ખડ્ગાસન પ્રતિમાજી છે, જે પ્રાચીન છે. તેમની બાજુમાં ડાબી તરફ બીજા ત્રણ પદ્માસન પ્રતિમાજી છે.

આખુ મંદિર લાલ પાષાણનું છે. તેમજ મંદિરમાં મૂકેલાં સ્થંભો પણ લાલ પાષાણના જ છે, જે નકશીકામ અને કોતરકામથી ભરપુર છે. તેથી મંદિર ભવ્ય લાગે તે સ્વાભાવિક છે. સામાન્ય રીતે મંદિરો ઈંટ અને ચુનાથી બાંધેલા હોય અથવા તો આરસના હોય. પરંતુ લાલ પાષાણમાં અને તે પણ નકશીકામ અને કોતરકામથી ભરપુર હોય તેવા મંદિરો ભાગ્યે જ જોવા મળે છે.

મંદિરમાં ઉપર ચોવીસી ભગવાનનું મંદિર છે, જેમાં બે ભગવાનની એક દેરી છે. તે સિવાય ચારે તરફ ભગવાનને માથે ઝીલ્યા હોય તેવું દશ્ય છે. અહીં ચૌમુખી ભગવાન છે, જેમાં શ્રી આદિનાથ ભગવાન બે છે અને શ્રી શાંતિનાથ ભગવાન બે છે. સામાન્ય રીતે ચારે દિશામાં એક જ ભગવાન હોય છે, જ્યારે અહીં શ્રી આદિનાથ ભગવાન બે અને શ્રી શાંતિનાથ ભગવાન બે છે.

નીચે ભોંયરામાં ૧૪ પગથિયાં ઉતરતા એક મંદિર છે, જેમાં સફેદ આરસના શ્રી વાસુપૂજ્ય ભગવાન, શ્રી અભિનંદન ભગવાન તથા શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન છે. નીચે કુલ સાત પ્રતિમાજી છે, જેની સ્થાપના સંવત ૧૨૦૨માં થયેલી છે. જે સાત પ્રતિમાજી છે, તેમાં ત્રણ પ્રતિમાજી ૫ ફીટના સફેદ આરસના પદ્માસન છે અને બીજા ચાર પ્રતિમાજી સફેદ આરસના ૨॥ ફીટના છે.

જેવી રીતે મંદિરમાં ડાબી તરફ ભોંયરૂ છે, તેવી જ રીતે જમણી તરફ પણ તેવું જ ભોંયરૂ છે. આ રીતે વાંચ્યું હોય તેને જ ભોંયરામાં મંદિર છે તે વાતનો ખ્યાલ આવે તેવું છે. આ બીજા ભોંયરામાં વચ્ચે શ્રી સુપાર્શ્વનાથ ભગવાન પદ્માસન સફેદ આરસના ૨॥ ફીટના છે. તેમની બંને બાજુ બે ભગવાન સફેદ આરસના પદ્માસન ૪ ફીટના છે. ભોંયરાનું પ્રવેશદ્વાર તદ્દન નીચું છે. તેથી ખૂબ નીચે નમીને જ અંદર જઈ શકાય છે. તે સિવાય ૩ ફીટના શ્રી સંભવનાથજી તથા શ્રી મલ્લિનાથજીના પ્રતિમાજી છે. વચ્ચે નાના એકાદ ફીટના ખડ્ગાસન પ્રતિમાજી છે.

આ સિવાય અહીંની એક વિશેષતા છે. અહીં આ મંદિરમાં નીચે અન્ડરગ્રાઉન્ડ સાત માળ સુધી મંદિર છે, જે અતિ પ્રાચીન છે. ત્યાં સામાન્ય જનતા કોઈ જઈ શકતી નથી. કહેવાય છે કે કોઈ બાલયતિ દિગંબર સાધુ જ તેમની સાધનાના બળથી નીચે જઈ શકે છે. અંદર જાય ત્યારે તે મુનિ સંકલ્પ કરીને જાય છે કે હું અમુક જ સમય આ મંદિરમાં રહીશ અને પ્રતિમાજીને નીચેથી બહાર ઉપર લાવવાનો સંકલ્પ કર્યો હોય તો અગાઉથી નક્કી કરે કે હું બે કે ત્રણ દિવસમાં જરૂર આ પ્રતિમાજીને અહીં પાછા ભોંયરામાં મૂકી જઈશ. આ બધું ત્યાંની પરિચય-પુસ્તિકામાં લખેલું છે. તેમાં વિશેષ લખેલ છે કે સૌ પ્રથમ ચારિત્ર ચક્રવર્તી આચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ સને ૧૯૩૩માં નીચે ગયા હતા. ત્યાર પછી ઘણા વર્ષો સુધી કોઈ નીચે ગયેલ નહીં. ત્યાર પછી સન ૧૯૭૧માં આચાર્ય શ્રી દેશભૂષણજી મહારાજ નીચે ગયા હતા અને ત્યાર પછી સન ૧૯૮૬માં આચાર્ય શ્રી વિમલસાગરજી અને સન ૧૯૯૨માં શ્રી કુન્થુસાગરજી મહારાજ અને સન ૧૯૯૪માં મુનિ શ્રી સુધાસાગરજી મહારાજ નીચે ગયા હતા અને તેઓ પ્રતિમાજીઓને બહાર લાવ્યા હતા. આ રીતે તેઓ તા.૧૨ જૂન, ૧૯૯૪ના રોજ યક્ષદેવરક્ષિત ભૂગર્ભના જિનબિંબોના સૌને દર્શન કરાવવા માટે બહાર લાવ્યા હતા. ત્યારબાદ તા. ૨૦ જૂનથી તા. ૨૪ જૂન, ૧૯૯૯માં જ્યારે પહેલા માળે ચોવીસી ભગવાનની વેદી પ્રતિષ્ઠા હતી, ત્યારે ૧૦૮ શ્રી સુધાસાગરજી મહારાજ આ પ્રતિમાજીઓને બહાર લાવ્યા હતા અને કહે છે કે તે વખતે પાંચથી છ લાખ શ્રાવક-શ્રાવિકાઓને દર્શન કરાવ્યા હતા અને ચાર દિવસ પછી બધા જ પ્રતિમાજીઓને પાછા નીચે ચોથા માળમાં મૂકી આવ્યા હતા. આ પ્રસંગ બન્યા પછીથી સંઘીજીના મંદિરનો મહિમા ખૂબ જ વધી ગયો છે. હવે આ વાત સત્ય માનવી કે ન માનવી તે સંબંધી બે મત પ્રવર્તે તે સ્વાભાવિક છે. પણ આ વાતને ખોટી કઈ રીતે માનવી ? કારણ કે તા. ૨૦ જૂનથી તા. ૨૪ જૂન, ૧૯૯૯ નક્કી કહે છે. વળી ૫-૬ લાખ માણસો એકત્રિત થયા હતા-તે સૌએ નજરે આ વસ્તુ જોઈ છે. તો આ વાત ખોટી છે તેમ કઈ રીતે કોઈ કહી શકે ? અગાઉ સૌ મુનિઓ નીચે ત્રણ માળ સુધી ગયા હતા. જ્યારે આ

વખતે મુનિ શ્રી સુધાસાગરજી મહારાજ ચોથા માળ સુધી નીચે ગયા હતા. ત્યાંથી ૩૨ નંગ પ્રતિમાજી બહાર લાવ્યા હતા અને ચાર દિવસ પછી બધા જ પ્રતિમાજીને નીચે ચોથા માળમાં પાછા મૂકી આવ્યા હતા. આથી સંઘીજીના મંદિરનો દિન-પ્રતિદિન વિકાસ થતો જાય છે. મંદિરની દિવાલ ઉપર ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો બનાવીને લગાવીને મંદિરની શોભા વધારી છે.

અગાઉ સાંગાનેરમાં દિગંબર જૈનોના ૭૦૦ ઘર હતા. પરંતુ કાળાનુક્રમે આજીવીકા અર્થે સૌ બહારગામ ચાલ્યા ગયા અને હાલ તો દિગંબરના માત્ર ૭-૮ ઘર જ છે. પરિણામે સંઘીજીના મંદિરની દશા જીર્ણશીર્ણ થઈ ગઈ હતી. ફરીને ઉપર લખેલ બનાવ બન્યા પછી યાત્રિકોની સંખ્યા વધતી જવાથી પ્રબન્ધકારીણી કમિટી આ ક્ષેત્રના વિકાસ માટે વધુ ને વધુ પ્રયત્નો કરી રહી છે. તેના ફળસ્વરૂપે અહીં જ્ઞાનસાગર છાત્રાવાસ કરેલ છે. તેમજ નવી સંસ્કૃત કૉલેજનું નિર્માણકાર્ય પણ શરૂ થયેલ છે. તે સિવાય ૨૦ રૂમોની અને એક મોટા હોલની ધર્મશાળા શરૂ થઈ છે, જેમાં દરેક રૂમમાં બે પલંગ છે. બાથરૂમ-લેટ્રીન જનરલ છે. હમણાથી ભોજનશાળા પણ શરૂ કરેલ છે. તેમજ મંદિરમાં શ્રી ઋષભદેવ ગ્રંથમાળાની સ્થાપના પણ થઈ છે, જ્યાં દિગંબર જૈન સાહિત્ય મળી શકે છે.

ચા-નાસ્તો બહાર કેન્ટીનમાં કરવો પડે છે. હજૂ પણ આ ક્ષેત્રના વિકાસ માટે નવી ચોવીસ વેદીઓ બનાવવાની યોજના ચાલુ છે. તેમજ વિજળી માટે બે મોટા જનરેટરો તથા પાણી સંગ્રહ માટે એક મોટી ટાંકીની યોજના ચાલુ છે. તેમજ ધર્મશાળામાં ૨૫ નવી રૂમો ગાદલા સહિતની બનાવવાની યોજના ચાલુ છે. આ મંદિરજીનો ફોન નં. ૨૭૩૦૩૯૦ છે. પત્ર લખવો હોય તો સરનામુ-પ્રબન્ધકારીણી કમિટી-શ્રી દિગંબર જૈન અતિશયક્ષેત્ર મંદિર, સંઘીજી જૈન મંદિર રોડ, સાંગાનેર - ૩૦૩૯૦૨ જી.જયપુર છે.

સાંગાનેરના અન્ય મંદિરો :-

સંઘીજીના આ મુખ્ય મંદિર સિવાય સાંગાનેરમાં આવેલા બીજા નવ દિગંબર જૈન મંદિરોની વિગત નીચે મુજબ છે.

(૧) શ્રી ઢાઈ પૈડી કા મંદિર, નામદેવ ચોકમાં
(૨) શ્રી બઢાચન્દજી કા મંદિર, નામદેવ ચોકમાં
(૩) શ્રી ગોદીયોં કા મંદિર, નામદેવ ચોકમાં
(૪) શ્રી પાટનીયોં કા મંદિર, નામદેવ ચોકમાં
(૫) શ્રી ઢોલીયોં કા મંદિર, જૈન મહોલ્લામાં
(૬) લુહાડીયોં કા મંદિર, જૈન મહોલ્લામાં
(૭) ચૌમુ ગાર્ડન મંદિર, સ્ટેડીયમ પાસે

(૮) ચિત્રકૂટ કોલોની મંદિર, એર પોર્ટ

(૯) વીરોદય મંદિર, નસીયાજી

નામદેવ ચોકના ચારે મંદિર એક જ ગલીમાં તદ્દન પાસે-પાસે જ છે. નામદેવ ચોકના પહેલા મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન પદ્માસને પ્રાચીન શ્યામ વર્ણના પ્રતિમાજી છે. પાછળ સફેદ આરસના ૪ ફીટના એક પ્રતિમાજી છે. નાના-મોટા થઈને કુલ ૨૧ ભગવાન એક જ લાઈનમાં એક જ વેદી ઉપર બિરાજમાન કર્યા છે. નામદેવ ચોકના બીજા મંદિરમાં એક જ વેદી ઉપર બધા થઈને કુલ ૧૭ ભગવાન છે. તેમાં મૂળનાયક શ્રી પુષ્પદન્ત ભગવાન સફેદ આરસના પદ્માસન છે. તેમની ડાબી તરફ શ્યામ આરસના પદ્માસને શ્રી શાંતિનાથ ભગવાન અને જમણી તરફ શ્રી વાસુપૂજ્ય ભગવાન શ્યામ આરસના પદ્માસન ૧॥ ફીટના છે.

જૈન મહોલ્લામાં લુહાડીયોં કા મંદિરમાં મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના પદ્માસન ૧॥ ફીટના છે. તેમની બંને તરફ પંચધાતુના પ્રતિમાજી છે. અહીં મોટો સ્વાધ્યાય હોલ છે, જેને શ્રી શાંતિનાથ ભવન કહે છે. સાંગાનેરમાં સંઘીજીનું મંદિર એક જ ખૂબ મોટું અને વિશાળ મંદિર છે. બાકીના આ બધા મંદિરો તદ્દન નાના અને સામાન્ય છે.

બઢાચન્દજી કા મંદિરમાં વચ્ચે આરસના પદ્માસન શ્રી આદિનાથ પ્રભુ ૨ ફીટના છે. તેમની બાજૂની દેરીમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના પદ્માસન ૨॥ ફીટના છે. તે સિવાય આરસની નાની પ્રાચીન ચોવીસી છે. આ સિવાય પંચધાતુના ૩ ઈંચના ચોવીસ ભગવાન છે.

ઢાઈ પૈડી કા મંદિરમાં મૂળનાયક સફેદ આરસના પદ્માસન ૧॥ ફીટના શ્રી આદિનાથ ભગવાન છે. તેમની ડાબી તરફ સફેદ આરસના પદ્માસન શ્રી શાંતિનાથ ભગવાન છે અને જમણી તરફ સફેદ આરસના પદ્માસન શ્રી આદિનાથ ભગવાન છે. નાનકડા પંચધાતુના પંચમેરૂ પણ છે. અહીં એક જ પાષાણમાં પ્રાચીન ચોવીસી પણ છે. તે સિવાય પ્રાચીન ૩ ફીટના સફેદ આરસના પદ્માસન પ્રતિમાજી છે. બીજી દેરીમાં ૭ પ્રાચીન પદ્માસન મૂર્તિઓ છે. પાછળના ભાગમાં નાના-મોટા થઈને ૯ ઈંચથી ૧૫ ઈંચ સુધીના પદ્માસન સફેદ તથા શ્યામ વર્ણના ઘણા પ્રતિમાજી છે. ભોંયરામાં પ્રાચીન સફેદ ૨॥ ફીટના શ્રી મહાવીર પ્રભુ સંવત ૧૮૨૬ વૈશાખ સુદ-૬ના રોજ પ્રતિષ્ઠિત પ્રતિમાજી છે.

સાંગાનેરમાં ખૂબ મોટી મહાત્મા ગાંધી હોસ્પીટલ છે, જેમાં તદ્દન ફ્રી સારવાર અપાય છે. આ મહાત્મા ગાંધી હોસ્પીટલમાં ૩૦૦ જેટલા બેડ તદ્દન નિઃશુલ્ક છે, જેમાં ચોવીસ કલાક ડોક્ટરી સેવા ઉપલબ્ધ છે. દર્દીની સાથે આવેલાને રહેવા માટે નવા બ્લોક્સ પણ બાંધેલા છે.

સાંગાનેર ગામમાં મીઠાઈ-નમકીનની થોડી દુકાનો છે.

# ચૂલગિરિ

● આવાગમન................: રેલ્વે સ્ટેશન : જયપુર - ૧૧ કિ.મી.
બસ સ્ટેશન : સિંધી કેમ્પ બસ સ્ટેન્ડ, જયપુર - ૧૦ કિ.મી.

● નજીકનું મુખ્ય શહેર .......: જયપુર - ૫ કિ.મી.

● નજીકના તીર્થક્ષેત્રો .........: પદમપુરા, સાંગાનેર, આમેર

આ ક્ષેત્રને "શ્રી દિગંબર જૈન અતિશયક્ષેત્ર શ્રી પાર્શ્વનાથ ચૂલગિરિ" કહે છે. સાંગાનેરથી ચૂલગિરિ વાયા જયપુર માત્ર ૧૮ કિ.મી. છે. જયપુરથી ચૂલગિરિ માત્ર ૫ કિ.મી. છે. શ્રી દિગંબર જૈન પ્રાઈવેટ મુરલીધરજી રાણાની નસીયા-ગામમાં તળેટીમાં આ મંદિર છે. બાકી મુખ્ય મંદિર પહાડ ઉપર છે. નીચેના ગામના મંદિરમાં-ખાનીયામાં તત્વચર્ચા થઈ હતી. પૂજ્ય ગુરુદેવશ્રી અને પંડિતો સાથે આ ખાનીયા ગામમાં તત્વ સંબંધી ખૂબ ચર્ચા થઈ હતી. તેનું પુસ્તક "ખાનીયા તત્વચર્ચા" છપાયું હતું, જે સૌ કોઈ જાણે છે. અહીં એક મોટો હોલ છે, જેમાં બદામી આરસના થાંભલા છે. અહીંના મંદિરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન છે, જે કથ્થાંઈ જેવા રંગના આરસના પદ્માસન ૨ ફીટના ભગવાન છે, જે આરસની ગંધકૂટીમાં બિરાજમાન કરેલા છે. ગંધકૂટીમાં સોનાનું તથા રંગબેરંગી કામ કરેલું છે. આ મંદિરના મુખ્ય દ્વારના બારણા પિત્તળનાં છે, જેમાં ઘણું નકશીકામ કરેલું છે. આખા મંદિરમાં રંગબેરંગી સુવર્ણકામ કરેલું છે. તેમજ મંદિરમાં ઘણા ઐતિહાસિક અને ધાર્મિક ચિત્રપટો છે, જેવા કે (૧) શ્રી નંદીશ્વરદ્વીપની રચના (૨) મુક્તાગિરિ (૩) જૈનબીદ્રી (૪) ભગવાનના પાંચ કલ્યાણક (૫) કલ્પવૃક્ષ (૬) સંસારની રચના (૭) ચંપાપુરીજી (૮) સુમેરૂ વિગેરે ઘણા ચિત્રપટો છે. મંદિરની છતમાં સોનાનું કામ અને રંગબેરંગી ડિઝાઈન અતિ સુંદર છે. તે સિવાય અહીં પંચધાતુના ચૌમુખી ચોવીસ તીર્થંકર ભગવંતો છે. તે સિવાય પંચધાતુના બીજા ચોવીસ તીર્થંકર ભગવંતો છે. તેમની બાજુમાં ૯ ઈંચના પંચધાતુના બે પ્રતિમાજી છે.

બહાર ચોકમાં આરસનો માનસ્થંભ છે, જેમાં નીચે નાનકડા ૯ ઈંચના સફેદ આરસના પદ્માસન પ્રતિમાજી છે. નીચે તળેટીમાં ધર્મશાળા છે, જેમાં ઘણી રૂમો છે.

તળેટીથી પહાડ ૪ કિ.મી. નું ચઢાણ છે. પરંતુ પાસે પથ્થરનો બાંધેલો રસ્તો છે. તેથી આરામથી ચઢી જવાય છે. જેઓ વૃદ્ધ હોય અને ચઢી શકે તેમ ન હોય તેમને માટે તળેટીથી છેક ઉપર પહાડ સુધી જવા માટે સંસ્થાએ બસની વ્યવસ્થા રાખેલ છે. ચાર્જ લઈને બસમાં સૌને ઉપર લઈ જાય છે. પ્રાઈવેટ ગાડી કે જીપ હોય તો તે પણ ઉપર લઈ જઈ શકાય છે. પહાડ ઉપર જવાનો રસ્તો એવો છે કે એક બાજુ પહાડ છે અને બીજી તરફ મોટી ખીણ છે. આબુમાં દેલવાડાના દહેરામાં

જતાં જેવો રસ્તો આવે છે તેવો જ રસ્તો અહીં છે. પરંતુ ઉપર જવાનો પથ્થરનો પાકો રસ્તો ઘણો જ મોટો અને પહોળો છે. તેથી ખીણમાં પડી જવાનો જરા પણ ભય નથી. થોડુ ચાલ્યા પછી ડામરનો પાકો રસ્તો આવે છે. પહાડનું મંદિર આખો દિવસ ખુલ્લું રહે છે. રાત્રે ૮:૦૦ વાગ્યે મંદિર બંધ થાય છે. ઈ. સ. ૧૯૫૩માં માગશર વદ-૧૧ના રોજ શ્રી પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકના દિવસે શિખરનું નામ "ચૂલગિરિ" રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૧૦ મે થી તા. ૧૫ મે, ૧૯૮૨માં શ્રી દેશભૂષણજી મહારાજ સંઘ સહિત જયપુરથી અહીં આવ્યા હતા અને તે વખતે અહીં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો. તે વખતે શ્રી મહાવીર ભગવાનની સફેદ પાષાણની ૨૦ ફીટ ઊંચી ખડ્ગાસન પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આ પ્રતિમાજીને અભિષેક કરવા માટે પ્રતિમાજીની બાજુમાં પાકી સીડીની વ્યવસ્થા છે.

પહાડના મંદિરને "શ્રી પાર્શ્વનાથજીનું અતિશયક્ષેત્ર મંદિર" કહેવાય છે. શ્રી દેશભૂષણ મુનિ મહારાજની પ્રેરણાથી અહીં એપ્રિલ, ૧૯૬૬માં પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. તે વખતે એપ્રિલ, ૧૯૬૬માં ફેણવાળા શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂળનાયક તરીકે ખડ્ગાસન ૭ ફીટ ઊંચી શ્યામ પાષાણની પ્રતિમાની સ્થાપના થઈ હતી. તેમની બાજુમાં ડાબી તરફની દેરીમાં શ્રી મહાવીર પ્રભુ બદામી આરસના ૩II ફીટના પદ્માસન અને જમણી તરફ શ્રી નેમિનાથ ભગવાન સફેદ આરસના પદ્માસન ૩II ફીટના બિરાજમાન કરેલ છે. નીચે ફરતા શ્રી કુન્દકુન્દપાદુકા તથા શ્રી ગૌતમ ગણધરના પાદુકા દેરીમાં સ્થાપિત કરેલા છે તથા ચોવીસ તીર્થંકર ભગવંતોની પદ્માસન પ્રતિમાવાળી ચોવીસ દેરીઓ છે તથા અન્ય બે ચરણપાદૂકા પણ છે.

મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થયેલ ત્યારે અહીંના વિશાળ ચોકનું નામ "મહાવીર ચોક" રાખેલું હતું. તે વખતે પર્વત ઉપર ૨I ફીટના ખડ્ગાસન ચોવીસ તીર્થંકર ભગવંતોની સ્થાપના કરી હતી. સામાન્ય રીતે જ્યાં-જ્યાં ચોવીસ તીર્થંકરોની ચોવીસ પ્રતિમા હોય છે, ત્યાં બધે લગભગ પદ્માસન પ્રતિમાજી જ હોય છે. જ્યારે અહીં ચોવીસ તીર્થંકર ભગવંતો ખડ્ગાસને છે. ત્યાર પછી બીજી વેદીમાં શ્રી આદિનાથ ભગવાન, શ્રી ભરતજી તથા શ્રી બાહુબલીજી ભગવાનની ખડ્ગાસન પ્રતિમાજીઓની સ્થાપના કરેલી છે. મહાવીર ચોકમાં જે જિનાલય કર્યું છે તે આખૂયે જિનાલય સફેદ આરસનું છે. મહાવીર ચોક ૭૫x૬૫ ફીટનો છે તથા મંદિરનું શિખર ૬૦ ફીટ ઊંચું અને વિશાળ છે.

ચુલગિરિ પહાડ ઉપર "ત્રિદ્ધી-સિદ્ધિદાયક વિજય પતીકા" નામનું ત્રાંબાનું ૪x૪ ફીટનું મહાયંત્ર મૂકેલું છે. આ મહાયંત્રમાં ૬૫૬૧ કોષ્ટક છે, જેમાં સ્વર, વ્યંજન, જાપ, સ્વસ્તિકચિન્હ, માનસ્થંભજી, અર્હન્તપૂર્તી શ્રુતઅક્ષર, યક્ષ-યક્ષીણીઓ અને દેવીઓના નામો વિગેરે કોતરેલું છે. આ મહાયંત્રને સર્વ પ્રકારનું સંકટમોચક માનવામાં આવે છે.

૧૯૮૨ના ચોમાસા પછી નવેંબરમાં ચૂલગિરિ ક્ષેત્રની વ્યવસ્થા સંભાળવા માટે ૧૧ વ્યક્તિઓની એક કમિટીની રચના કરેલી છે. તા. ૨૮ મે, ૧૯૮૭માં આ ક્ષેત્રના પ્રેરક શ્રી દેશભૂષણજી મહારાજ સમાધિસ્થ થઈ ગયા. તેઓ નિર્દેશનપત્રમાં તેમની પાછળ શ્રી વિદ્યાનંદજી મહારાજને


પિઠાસન કરી ગયા હતા. તા. ૧૭ નવેંબર, ૧૯૯૭માં શ્રી વિદ્યાનંદજી મહારાજ પહાડ ઉપર પાંચ દિવસ રોકાયા હતા અને ક્ષેત્રના વિકાસ માટે સૂચનો કર્યા હતા અને હવે પછીનો ચાતુર્માસ ચુલગિરિ પહાર ઉપર કરશે તેવો વિશ્વાસ ક્ષેત્ર કમિટીને આપ્યો હતો.

કમિટીએ યાત્રીઓને પહાડ ઉપર રહેવા માટે આઠ રૂમો, એક મોટો હોલ, પાણી તથા વિજળીની સગવડતા કરાવેલ છે તથા પહાડ ઉપર બીજી નવી દસ રૂમોનું નિર્માણકાર્ય ચાલુ થયેલું હતું, જે હવે પૂર્ણ થયેલ હશે તેમ માનીએ. તે સિવાય યાત્રીઓ માટે દસ લેટ્રીન-બાથરૂમો પણ કરાવેલ છે તથા નિઃશુલ્ક ભોજનશાળા શરૂ કરેલી છે. પાર્શ્વનાથ ચોકમાં મેનેજરની ઓફિસ છે. તેમની બાજુમાં પૂજારી રહે છે. તેઓ યાત્રીઓ માટે બધી વ્યવસ્થા કરી આપે છે. ચૂલગિરિનો ફોન નં. ૦૧૪૧-૨૬૮૦૬૯૯ છે.

ચૂલગિરિમાં પહાડ ઉપર પાંડયાજીના મંદિરમાં આશરે ૫ ઈંચના સ્ફટિકમણિના પ્રતિમાજી નાનકડા નકશીકામવાળા મૂકેલા છે. આ દેરી જયપુરના શ્રી રાજકુમારજી પાંડયાએ વીર નિર્વાણ સંવત ૨૫૧૪માં તા. ૧૯-૧૧-૧૯૮૯માં બંધાવેલ છે. છેલ્લી બે દેરીઓમાં શ્રી દેશભૂષણજી તથા શ્રી કુલભૂષણજી મુનિ છે.

*જો એક જ દિવસ ભોજન ન મળે અથવા અથવા રાત્રે નિદ્રા ન આવે તો શરીર, અગ્નિ સમીપ રહેલ કમલપત્રની જેમ કરમાય છે - શિથિલ થાય છે; તે ઉપરાંત શસ્ત્રથી, રોગથી અને જલ આદિથી આ શરીર શીઘ્ર જ નાશ પામે છે. છેદાઈ, ભેદાઈ, કપાઈ, પીડાઈ, વિકૃત થઈ, પાણીમાં ડૂબી, અગ્નિથી બળી, પવનાદિથી પ્રતાડિત થઈ, સર્પાદિથી દંશાઈ, વિષથી મૂર્છિત થઈ, વિજળી પડવાથી, પર્વત આદિ પરથી પડી જવાથી, માળના કાટ નીચે દબાવાથી, શ્વાસોચ્છ્વાસ રૂંધાવાથી, વિકાર-ગ્રસિત થઈ ક્ષણભરમાં મરણને શરણ થાય છે અથવા તો એમ કહીએ કે જ્યાં ને ત્યાં રામ પામી જાય છે. માટે હે ચેતન ! વિચારવાન ભાઈ ! આવા ક્ષણભંગુર દેહમાં સ્થિરતાની બુદ્ધિ કેવી ? અથવા તો એના નાશમાં આશ્ચર્ય શું ? તેમાં તો નથી સ્થિરતાની વાત, તેમ જ તેના નાશમાં નથી કોઈ પણ આશ્ચર્યજનક સ્થાન.*

# મથુરા



મથુરા : ભૂગર્ભમાંથી પ્રાપ્ત ભગવાન શ્રી પાર્શ્વનાથની અતિ પ્રાચીન પ્રતિમા. વિ.સં. ૧૮૯

- આવાગમન................ : રેલ્વે સ્ટેશન : મથુરા - ૩.૫ કિ.મી.
  બસ સ્ટેશન : ન્યુ બસ સ્ટેન્ડ, ભુતેશ્વર,મથુરા-૩ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ... : દિલ્હી-આગ્રા હાઈવે પર સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર ....... : મથુરા
- નજીકના તીર્થક્ષેત્રો ......... : શ્રી મહાવીરજી - ૧૫૦ કિ.મી.,
  તિજારાજી - ૧૩૦ કિ.મી., અહિચ્છેત્ર - ૨.૩૦ કિ.મી.,
  શૌરીપુર - બટેશ્વર - ૧૪૦ કિ.મી.,
  મંગલાયતન - ૫૬ કિ.મી.

લગભગ ઈ. સ. પૂર્વે ૧૦૦ થી ઈ. સ. ૨૦૦ સુધીમાં મથુરામાં ત્રણ ધર્મોની મૂર્તિઓ અને મંદિરો બન્યા હતા. કારણ કે મથુરામાં ઘણી જગ્યાએ ખોદકામ કરતા પ્રાચીન મૂર્તિઓ જમીનમાંથી પ્રાપ્ત થાય છે. સને ૧૮૮૮ થી સને ૧૮૯૧ સુધીમાં ખોદકામમાં મથુરાના દસ જીલ્લાઓમાંથી લગભગ ૭૦૦ ઉપરાંત પ્રતિમાજીઓ નીકળ્યા હતા તથા ૪૭ ફીટના ઘેરાવાનો એક સ્થંભ તથા બે પ્રાચીન મંદિરોના અવશેષો મળ્યા હતા, જે જૈન મંદિરો હતા. ખોદકામમાં પ્રાપ્ત થયેલા ઘણા પ્રતિમાજી મથુરા, લખનૌ, કલકત્તા અને લંડનના મ્યુઝિયમોમાં સુરક્ષિત રખાયેલા છે. પૂરાતત્વ ખાતાના કહેવા મુજબ આ સામગ્રી ઈ. સ. પૂર્વે ચોથી શતાબ્દીથી બારમી શતાબ્દી સુધીની છે. ઈ. સ. ની બીજી શતાબ્દીની ભગવાન શ્રી મુનિસુવ્રતનાથજીની એક પ્રતિમા પણ તેમાં છે. જે સ્થંભ નીકળ્યો છે તેની કારીગરી મનુષ્યોના હાથે થઈ હોય તેમ લાગતુ નથી. તે કારીગરી દેવો દ્વારા થઈ હોય તેવી કલ્પના કરવી પડે તેવો અદ્‌ભુત આ સ્થંભ છે. ત્રેવીસમા તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથજીના સમયમાં મથુરામાં જે રાજા હતો તે ખૂબ જ લોભી હતો. તેણે આ સુવર્ણનો રત્નમય સ્થંભ તોડાવીને તેમાંથી જે સોનુ અને રત્નો નીકળે તે રાજ્યની તીજોરીમાં જમા કરાવવા માટે આદેશ આપ્યો. તેથી તેના આદેશ મુજબ રાજ્યના સિપાહીઓ હથોડા મારીને આ સ્થંભને તોડવા ગયા તો તે ઘા સ્થંભ ઉપર ન પડતાં રાજા અને સિપાહીઓ ઉપર લાગવા માંડયા. આથી સિપાહીઓ ખૂબ જ ત્રાસી ગયા. તો દેવોએ ક્રોધીત થઈને કહ્યું કે "હે પાપીઓ ! જેવા રાજા પાપી છે તેવા પાપી તમે પણ થયા." વળી દેવોએ કહ્યું કે "જાવ, જિનેન્દ્રદેવની પૂજા કરજો તો તમારા ઘર બચશે. બાકીનાના ઘર નાશ પામશે. જે રાજા આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરાવશે તે જ રાજા જીવશે." દેવતાના આવા વચનો સાંભળીને રાજા તથા પ્રજાએ દેવોએ કહ્યું તેમ કર્યું. આવા ૫૧૪ સ્થંભો હતા તેમ યશતિલકચંપુ તથા શ્રી જમ્બૂસ્વામીચરિત્રમાં લખેલું છે. શ્રી રાજમલજી જ્યારે સિદ્ધક્ષેત્રોની વંદના કરવા માટે મથુરા ગયા હતા, ત્યારે તેમણે નજરે જોયેલ કે શ્રી જમ્બૂસ્વામીનો સ્થંભ તે સ્થાન ઉપર છે. તેમની આસપાસમાં અનેક મુનિવરોના સ્તુપ બનેલા છે. ક્યાંક પાંચ, ક્યાંક આઠ અને ક્યાંક વીસ સ્તુપો છે. આ સ્તુપોની જીર્ણદશા જોઈને શ્રી રાજમલજીએ મોટો ખર્ચ કરીને ૫૧૪ સ્તુપોનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ કામ વિ. સં. ૧૬૩૦ જેઠ સુદ-૧૨ ને બુધવારે પૂર્ણ થયેલું હતું. આ ઉપરથી નક્કી થાય છે કે સોળમી શતાબ્દીના અંત સુધી અને સત્તરમી શતાબ્દીની શરૂઆત સુધી આ ૫૧૪ સ્તુપો હાજર હતા અને તે વખતે તેમનો જિર્ણોદ્ધાર થયો હતો. કંકાલી ગામેથી ખોદકામમાં એક સ્તુપ અને બે જિનમંદિરોના અવશેષો પ્રાપ્ત થયા હતા અને સેંકડો મૂર્તિઓ પ્રાપ્ત થઈ હતી. આ ઉપરથી જરૂર નક્કી થાય છે કે પ્રાચીન કાળમાં આ સ્થાન તથા તેની આસપાસના ૮૪ ક્ષેત્રો જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતા. જમ્બૂસ્વામી તથા વિદ્યુત્‌ચર વિગેરે ૫૦૦ મુનિઓ અહીં જ નિર્વાણ પામ્યા હતા. આ રીતે આ સ્થાન સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથજીના કાળથી જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર હતુ. તે સિવાય શ્રી મનુ વિગેરે સપ્ત ઋષિશ્વરોએ ચાતુર્માસ મથુરામાં કર્યો હતો. તેથી આ સ્થાનને સપ્તર્ષિરીલા કહે છે. આ સપ્તર્ષિઓના ઉપદેશથી પ્રજાએ મથુરામાં અનેક સ્થળે જૈન મંદિરો બંધાવ્યા હતા. આ મંદિરોના

કામમાં જૈનો સિવાય અન્ય વર્ણો, નર્તકી, લુહારો, ગાંધીપૂજારા, સોની ઘાટી અને નાવિકો પણ જોડાયા હતા. આ ઉપરથી નક્કી થાય છે કે પાંચમી શતાબ્દી સુધી મથુરા અત્યંત સમૃદ્ધ હતું. તે વખતે મથુરામાં જૈન, હિન્દુઓ અને બૌદ્ધોના સ્તુપો તથા કલાપૂર્ણ મંદિરો અને ભવ્ય પ્રતિમાજીઓ હતી.

વિ. સં. ૫૮૦ લગભગમાં હુલ્લડોએ આ કલાયતનો અને સ્તુપોનો નાશ કરી નાખ્યો હતો. તે વખતે એક પણ મંદિર કે મૂર્તિ ન બચી. બધા મંદિરોની ઈમારતોને આગ લગાડી દીધી હતી અને શહેરનો નાશ કર્યો હતો. આ વિધ્વંશમાં કંકાલીરીલા, સપ્તર્ષિરીલા તથા ચોરાસી જમ્બુરીલાના મંદિરો, મૂર્તિઓ અને સ્તુપો બચ્યા ન હતા. અનેક મૂર્તિઓ ખંડિત કરી નાખી હતી. આ હુલ્લડોનું નેતૃત્વ સરદાર મિહિરકુલે કર્યું હતું. ત્યારબાદ સન ૧૦૧૭માં ગજનીના સુલતાન મહમદ ગજનવીએ ભારત ઉપર એટલે કે મથુરા ઉપર આક્રમણ કર્યું હતું. તેણે ૨૦ દિવસ સુધી આ લૂંટ ચલાવી હતી અને મૂર્તિઓ તોડી પાડી હતી. મંદિરોમાં આગ લગાડીને સોનુ, રત્નો તથા ચાંદી ભેગી કરીને ઊંટો ઉપર મૂકીને બધું જ ગજની મોકલી દીધું હતું. આ મથુરાનો પ્રાચીન ઈતિહાસ છે.

એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથજીની જન્મભૂમિ મથુરા બતાવવામાં આવી છે. જો કે ઉત્તર પૂરાણના આધારે તેમની જન્મભૂમિ મિથિલા બતાવેલ છે. કહેવાય છે કે એક વખત એક શ્રદ્ધાળુ શ્રાવક શ્રી જોધરાજને સ્વપ્ન આવેલ કે મથુરા નગરમાં એક સ્થાન ઉપર ભૂગર્ભમાં શ્રી જમ્બૂસ્વામી ચરણચિન્હ છે. તમે ત્યાં જઈને તે કાઢો અને મંદિર બનાવીને તે ચરણચિન્હને તેમાં સ્થાપિત કરો. તે સ્વપ્ન મુજબ અનેક શ્રાવકો તે સ્થાન ઉપર ગયા અને ખોદકામ કર્યું, તો ત્યાંથી શ્રી જમ્બૂસ્વામીના ચરણચિન્હ મળ્યા હતા. તે વખતે ત્યાં તે ચરણચિન્હોને સ્થાપિત કરીને તેના ઉપર એક દેરી બનાવી. ત્યારબાદ લોકોની ભાવના અનુસાર શ્રી મનીરામજી નામના શ્રાવકે સન્ ૧૮૦૦માં મંદિરનું નિર્માણકાર્ય કર્યું અને તે વખતે શ્રી અજીતનાથ ભગવાનની એક પ્રાચીન, અતિશયયુક્ત દિગંબર પ્રતિમા કે જે ખોદકામમાં ગ્વાલીયર રાજ્યમાંથી પ્રાપ્ત થઈ હતી તે પ્રતિમાને અહીં લાવવા માટે ગ્વાલીયર નરેશની પરવાનગી લીધી. પરંતુ આ મોટા પ્રતિમાજીને અહીં લાવવા કઈ રીતે ? તો એ વખતે શ્રી મનીરામજીને સ્વપ્ન આવ્યું કે જે કોઈ મનુષ્ય આ પ્રતિમાજીને એકલા ઉપાડીને બળદગાડીમાં મૂકી દેશે-તેના હાથે આ પ્રતિમાજીને મથુરા આરામથી લાવી શકાશે. તેમણે આ સ્વપ્ન તેના કુટુંબીજનોને કહ્યું. તો શ્રી રઘુનાથજી કે જેમને દિગંબર જૈન ધર્મમાં અટલ શ્રદ્ધા હતી અને જેઓ બળવાન અને રૂપવાન પણ હતા, તેમણે ન્હાઈ-ધોઈને પવિત્ર થઈને શ્રી અજીતનાથ ભગવાનની પૂજા કરી અને ણમોકાર મંત્રની આરાધના અને જયજયકાર બોલીને પોતાના બાવડાના બળથી શ્રી અજીતનાથ ભગવાનની પ્રતિમાને ઉપાડીને બેલગાડીમાં મૂકી અને સંઘ સાથે તે પ્રતિમાને અહીં લાવીને પ્રતિષ્ઠિત કરી. આ પ્રતિમા આજે પણ મથુરાના ચૌરાસીના મંદિરમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે. લેખ મુજબ આ પ્રતિષ્ઠા સંવત ૧૫૧૪ના વૈશાખ સુદ-૧ ને બુધવારે થઈ હતી. શ્રી અજીતનાથજીની આ પ્રતિમા ઘણી

મનોજ્ઞ અને પ્રભાવશાળી છે. આ પ્રતિમાજીની સામે જ શ્રી જમ્બૂસ્વામી મહારાજના પ્રાચીન ચરણચિન્હ સ્થાપિત કર્યા છે. પરંતુ તેના ઉપરનો લેખ સ્પષ્ટ વંચાતો નથી.

બીજી વેદીમાં શ્રી બાહુબલીસ્વામીજીની સફેદ આરસની સુંદર પ્રતિમા કાયોત્સર્ગ મુદ્રામાં સુશોભિત છે, જે સંવત ૨૦૧૪ સન્ ૧૯૫૭માં પ્રતિષ્ઠિત થયેલી છે.

ત્રીજી વેદીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે. આ પ્રતિમા પદ્માસન અને સફેદ આરસના છે, જેનો પ્રતિષ્ઠાકાળ વીર નિર્વાણ સં. ૨૪૯૧ ઈ. સ. ૧૯૬૪ છે. આ વેદીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પાસે સપ્તઋષિ મંડળ સફેદ આરસના કાયોત્સર્ગ મુદ્રામાં પ્રતિષ્ઠિત છે. આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં મથુરા નગરમાં બહુ ભયંકર રોગ ફેલાયો હતો, ત્યારે આ સપ્તઋષિઓ આકાશગામી વિદ્યા દ્વારા અહીં શ્રી જમ્બૂસ્વામી ઉદ્યાનમાં આવીને રહ્યા હતા. તેમની પ્રભાવનાથી તુરત જ શહેરનો રોગ દૂર થયો હતો.

ચોથી વેદીમાં મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની પ્રતિમા છે. તે સિવાય શ્રી શાંતિનાથજી તથા શ્રી જમ્બૂસ્વામીજીની તથા બીજી પ્રાચીન પ્રતિમાજીઓ પણ આ વેદીમાં છે. આ વેદીમાં કુલ ૫૨ પ્રતિમાજી છે, જેમનો નિર્માણકાળ સંવત ૧૫૪૯નો છે.

પાંચમી વેદીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન છે, જે કસોટી પાષાણના બનેલા અતિ પ્રાચીન અને અતિશયવાળા પ્રતિમાજી છે. આ પ્રતિમાનો પ્રથમ પ્રતિષ્ઠાકાળ સંવત ૧૮૯ છે. આ પ્રતિમાજી મથુરા-વૃન્દાવન માર્ગ ઉપર ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયા હતા. આ પ્રતિમાજીની બંને તરફ પણ શ્રી પાર્શ્વનાથ ભગવાન છે, જેનો નિર્માણકાળ સંવત ૧૫૪૯ લખેલો છે.

વેદી નં. ૬માં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના છે. આ પ્રતિમાની ડાબી તરફ સફેદ આરસની શ્રી પાર્શ્વ પ્રભુની પ્રતિમા સંવત ૧૨૬૧ની છે તથા શ્રી નેમિનાથ ભગવાનના બે પ્રતિમાજી છે, જેમાં એક લાલ પાષાણના છે અને બીજા સફેદ આરસના છે, જેનો પ્રતિષ્ઠાકાળ સંવત ૧૮૧૯ છે. તે સિવાય શ્રી ઋષભદેવ તથા શ્રી અજીતનાથની પ્રતિમા છે તથા શ્રી પદ્મપ્રભુની લાલ પાષાણની પ્રતિમા છે.

વેદી નં. ૭માં મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના છે, જેનો પ્રતિષ્ઠાકાળ વીર નિર્વાણ સં. ૨૪૯૧ અને સંવત ૨૦૨૧ છે. તેમની બાજુમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની બે પ્રતિમાજીઓ છે, જેનો પ્રતિષ્ઠાકાળ વીર નિર્વાણ સંવત ૨૫૧૦ સને ૧૯૮૩ છે. તેમાં એક ભગવાન પિત્તળના ધાતુના છે અને બીજા ભગવાન કાળા પાષાણના છે. તે સિવાય શ્રી ઋષભદેવ ભગવાન પિત્તળના ધાતુના વીર નિર્વાણ સંવત ૨૪૯૧ સને ૧૯૬૪ના છે.

આઠમી વેદીમાં શ્રી જમ્બૂસ્વામી મહારાજ કાયોત્સર્ગ મુદ્રામાં સફેદ આરસથી સુશોભિત છે, જેનો પ્રતિષ્ઠાકાળ વીરનિર્વાણ સં. ૨૪૯૨ અને વિક્રમ સંવત ૨૦૨૩ છે. આ વેદીની સામે

સરસ્વતિ દેવી તેમજ ક્ષેત્રપાલ અને પદ્માવતીદેવીની વેદી છે. આ મંદિરનો સભાગૃહ ઘણો મોટો છે. જેથી મોટી સંખ્યામાં ભાઈ-બ્હેનો બેસીને પૂજન કરી શકે છે. આ મંદિરની પાછળ એક બગીચો છે.

આ રીતે ઉત્તરભારતનું આ ઘણું મોટું સિદ્ધક્ષેત્ર છે. તેમજ શ્રીકૃષ્ણની જન્મભૂમિ છે અને ઉત્તરભારતના તીર્થોમાં મધ્યમાં છે. અહીંથી શ્રી મહાવીરજી, પદમપુરા, તિજારા, હસ્તિનાપુર, શૌરીપુર, ફિરોઝાબાદ, આગ્રા, મંગલાયતન, વિગેરે તીર્થોમાં જઈ શકાય છે. મથુરા નેશનલ હાઈ-વે ઉપર આવેલું છે. દિલ્હી અને આગ્રાથી નજીક છે. મથુરા મોટું રેલ્વે સ્ટેશન છે, કારણ કે મધ્ય રેલ્વે, પશ્ચિમ રેલ્વે તથા ઉત્તર-પૂર્વ રેલ્વેની બધી જ ગાડીઓ અહીં થઈને જ જાય છે. રેલ્વે સ્ટેશનથી સિદ્ધક્ષેત્ર લગભગ ૩ કિ.મી. દૂર છે. રેલ્વે સ્ટેશનથી સિદ્ધક્ષેત્ર જવા માટે આખો દિવસ રિક્ષા, ટેક્સી, ટાંગા, વિગેરે તમામ વાહનો મળતા રહે છે.

મથુરાના નવા બસ સ્ટેન્ડને ભુતેશ્વર બસ સ્ટેન્ડ કહે છે. અહીંથી આગ્રા, ગ્વાલીયર, બરેલી, લખનૌ, જયપુર, અલવર, દિલ્હી, વિગેરે અનેક સ્થળોએ જવા માટે સીધી બસ સેવા મળે છે. બસ સ્ટેન્ડથી પણ સિદ્ધક્ષેત્ર ફક્ત ૩ કિ.મી. દૂર છે. અહીં બસ સ્ટેન્ડ ઉપર પણ રિક્ષા, ટાંગા તથા ઓટો રિક્ષા મળે છે.

આ સિદ્ધક્ષેત્રની આસપાસમાં ત્રણ વિશાળ ધર્મશાળાઓ છે. ધર્મશાળામાં ૪૦-૪૫ રૂમો છે તથા ચાર હોલ પણ છે. રૂમમાં પંખા-વોટર કુલર છે. અમુક રૂમો-લગભગ ૩૦-૩૫ રૂમો એટેચ્ડ બાથરૂમવાળી છે. ચાર મોટા હોલમાં પણ બાથરૂમ-લેટ્રીન એટેચ્ડ છે. અહીં રાજકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, દરીયાગંજ, દિલ્હી તરફથી નિઃશુલ્ક ભોજનશાળા ચાલે છે. તે સિવાય શુદ્ધ ભોજન તથા ચા-પાણી માટે આધુનિક કેન્ટીન પણ છે. મંદિરની ધર્મશાળાની આસપાસમાં સુંદર વિશાળ બગીચો પણ છે. શ્રી મહાવીર ભગવાનના ૨૬૦૦ મા જન્મકલ્યાણક મહોત્સવ નિમિત્તે વર્ષ ૨૦૦૧-૦૨માં અહીં નિઃશુલ્ક હોમીયોપેથી દવાખાનુ શરૂ કરવામાં આવેલું છે.

આ ક્ષેત્રમાં અવાર-નવાર અતિશય દેખાય છે. દા. ત. સન ૧૯૪૬માં સતત સાત દિવસ મંદિરના હોલમાં પૂજાના કપડાં, વિગેરેમાં કેસરની વર્ષા થઈ હતી. આ ચમત્કાર ઘણા લોકોએ નજરે જોયેલો છે.

મંદિરની સામે એક માનસ્થંભજી પણ છે. મથુરા ચૌરાસી નામ પડવાનું કારણ એમ છે કે પૂજ્ય શ્રી જમ્બૂસ્વામીને ૮૪ વર્ષની ઉંમરે અહીંથી મુક્તિવધુની પ્રાપ્તિ થઈ હતી.

મથુરામાં અન્ય જૈન મંદિરો તથા ધર્મશાળાઓ પણ છે. તેની યાદી નીચે મુજબ છે.

૧. શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન દિગંબર જૈન મંદિર, જૈન ગલી, મથુરા
૨. શ્રી પદ્મપ્રભુ ભગવાન દિગંબર જૈન મંદિર, માણેક ચોક, મથુરા

૩. શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન દિગંબર જૈન મંદિર, જયસિંહપુરા, મથુરા
૪. શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્વેતાંબર જૈન મંદિર, જૈન ગલી, મથુરા
૫. શ્રી આદિનાથ ભગવાન દિગંબર જૈન મંદિર, વૃન્દાવન, મથુરા
૬. શ્રી સેઠાણીજી ચૈત્યાલય, શ્રી દ્વારકાધીશના મંદિરની સામે, મથુરા
૭. શ્રી આદિનાથ દિગંબર જૈન ચૈત્યાલય, ચૌરાસી, મથુરા
૮. શ્રી દિગંબર જૈન ધર્મશાળા, જૈન ગલી, મથુરા
૯. શ્રી શ્વેતાંબર જૈન ધર્મશાળા, જૈન ગલી, મથુરા
૧૦. શ્રી જૈન મ્યુઝિયમ, મથુરા-આગ્રા રોડ, કોર્ટ પાસે, મથુરા

મથુરાથી વૃન્દાવન લગભગ ૧૦ કિ.મી. દૂર છે, જે વૈષ્ણવોનું તીર્થસ્થાન છે. વૃન્દાવનમાં ઘણી ધર્મશાળાઓ છે. મથુરામાં ગોવિંદદેવજીનું ઘણું પ્રાચીન મંદિર છે તથા બીજુ નવીનરંગજીનું મંદિર છે તથા ત્રીજુ બિહારીજીનું મંદિર છે. ચોથુ લાલ પથ્થરનું મંદિર છે. આ બધા જ મંદિરો વૈષ્ણવ ધર્મના અને ઘણા મોટા છે. વૈષ્ણવોના આ ચારે મંદિર મુખ્ય છે. આ સિવાય વૈષ્ણવોના બીજા ઘણા મંદિરો છે. વૃન્દાવન મંદિર જમના નદીના કિનારે આવેલું છે. રંગજીના મંદિરમાં એક ચંદનનો સ્થંભ છે, જેના ઉપર ૫ મણ સોનાના પતરા ચોડેલા છે તેમ કહેવાય છે. હાલ વૃન્દાવનમાં જૈનના ફક્ત ૫-૭ ઘર છે તથા એક મંદિર છે.

મથુરામાં એક રાષ્ટ્રીય સંગ્રહાલય "કર્જન મ્યુઝિયમ" છે, જેમાં ચોથી શતાબ્દીથી બારમી શતાબ્દી સુધીના જૈન પૂરાતત્વના સ્તુપો, મૂર્તિઓ અને સર્વતોભદ્ર પ્રતિમાજીઓ છે. તેમજ શિલાલેખો, ધર્મચક્ર, તોરણ, સ્થંભો, વિગેરે સુરક્ષિત રૂપમાં રાખેલા છે. મથુરા વૃન્દાવનમાં અન્યધર્મીઓના તીર્થસ્થળો જેવા કે કૃષ્ણ જન્મભૂમિ, બાંકે બિહારીનું મંદિર, રંગજીનું મંદિર, અંગ્રેજોનું મંદિર તથા બિરલા મંદિર પ્રખ્યાત છે.

*સર્વ જાણે છે કે આ શરીર ઝૂંપડી દુર્ગંધ અને અશુચિ ધાતુરૂપ (બોદી) ભીંતોથી ઘેરાયેલી છે, ઉપરથી ચામડાથી મઢાયેલી છે. અંદર મલ-મૂત્ર આદિથી ભરેલી છે, ક્રીડા કરતા ક્ષુધા-તૃષા આદિ દુ:ખરૂપ ઊંદરોથી છિદ્રિત છે અર્થાત્ ભૂખ-તરસ આદિ દુ:ખરૂપ ઊંદરોએ છિદ્ર પાડયા છે અને સ્વયં વૃદ્ધાવસ્થારૂપ અગ્નિથી બળી રહી છે, દિન-પ્રતિદિન પોતે જ વૃદ્ધાવસ્થામાં પરિણત થઈ ઝીર્ણ થતી જાય છે. આવું હોવા છતાં પણ જે, આ કાયા-કુટીને સ્થિર અને અતિ પવિત્ર માની રહે છે તે મૂઢ મનુષ્ય છે-મોહને વશીભૂત અજ્ઞાની જીવ છે.*

# આગ્રા



આગ્રા : મોતી કટરાનાં બડા મંદિરમાં ચોવીસી. વિ.સં. ૧૨૭૨

આગ્રા એક ઐતિહાસિક મહાનગર છે. આગલપુર, આગરા અને અર્ગલપુર, વિગેરે નામોથી જૈન સાહિત્યમાં આગ્રાનો ઉલ્લેખ જોવા મળે છે. સમયસાર નાટકના રચયિતા પંડિત શ્રી બનારસીદાસજી વિગેરે અનેક સંતોની આ ભૂમિ છે. આગ્રા મંગલાયતન-અલીગઢથી ૭૨ કિ.મી. દૂર છે. અહીં પં. શ્રી બનારસીદાસજી સિવાય ભૈયા શ્રી ભગવતીદાસજી પાંડે, શ્રી ભૂધરદાસજી, શ્રી દ્યાનતરાયજી, શ્રી રાજમલજી પાંડે, શ્રી કુંવરપાલજી, શ્રી હિરાનંદજી, શ્રી પિતાંબરદાસજી, વિગેરે અનેક આધ્યાત્મિક ભજનો રચનારા કવિઓ થઈ ગયા છે. આગ્રા તેરાપંથી દિગંબર જૈન ધર્મનું મુખ્ય કેન્દ્ર છે. પૂજ્ય ગુરુદેવશ્રી આગ્રામાં ઘણી વખત પધાર્યા હતા. ઐતિહાસિક દષ્ટિથી જોતા સોળમી શતાબ્દીમાં આગ્રામાં અનેક જૈન મંદિરો થયા હતા. આગ્રામાં મંદિરો તથા ચૈત્યાલયોની કુલ સંખ્યા ૫૫ છે, જેમાં ૩૬ દિગંબર જૈન મંદિરો અને ૫ ચૈત્યાલયો

તથા નસીયાજીમાં એક મંદિર છે તથા ૧૩ શ્વેતાંબર મંદિરો છે. આ રીતે કુલ ૫૫ મંદિરો છે.

પ્રાચીનકાળમાં આ શહેરમાં ભારતીય નરેશ અગ્રમેશની રાજધાની હતી. તેથી સંભવ છે કે તેના નામ ઉપરથી આ શહેરનું નામ આગ્રા પડયું હોય. બીજી ધારણા એમ છે કે અહીંની માટી આગરયુક્ત એટલે કે લવણક્ષારવાળી છે. તેથી કદાચ આ શહેરનું નામ આગરા પડયુ હોય. અહીં એક ઉદ્યાન હતો. તેમાં પ્રાચીન મહેલ હતો, જે રાજા ભોજનો મહેલ હતો. તેથી આગ્રા શહેર પાંચમી-છઠ્ઠી શતાબ્દીનું હોવાનું અનુમાન થાય છે. મોગલ શાસનના વખતમાં જૈનોનો સારો પ્રભાવ હતો. તે વખતે અહીં અનેક જૈનો ઊંચા-મોટા હોદ્દા ઉપર હતા તેમ ઈતિહાસ કહે છે. તે વખતે જૈનોએ અહીં અનેક જૈન મંદિરો બંધાવ્યા હતા. તેમજ આ મંદિરોમાં સવારે અને સાંજે શાસ્ત્ર વાંચન તથા તત્ત્વચર્ચા પણ ચાલતાં હતા. તે કાળમાં ત્રણ ગામની તત્ત્વગોષ્ઠી બહુ જ પ્રખ્યાત હતી. (૧) આગ્રા (૨) જયપુર અને (૩) મુલ્તાન. પોતાના પ્રશ્નોના સમાધાન માટે લોકો અહીં આવતા હતા. પ્રશ્નોના સમાધાન માટે પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી પાસે પણ મુમુક્ષુઓ સોનગઢ આવતા હતા.

પં. શ્રી ભગવતીદાસજી બૂઢીયાના લાલા શ્રી કિશનદાસ અગ્રવાલના પુત્ર શ્રાવકસંઘ સાથે અહીં યાત્રાએ આવ્યા હતા, ત્યારે તેમણે અહીં ૪૮ જિનમંદિરોના દર્શન કર્યા હતા. ત્યારબાદ સંવત ૧૫૯૪માં તેમણે આગ્રા યાત્રાદર્શનનું વર્ણન લખ્યું હતું, જે હાલ અપ્રકાશિત છે. તેનું નામ "અર્ગલપુર જિનવંદના" છે. આ રચના અજમેરના એક શાસ્ત્રભંડારમાંથી પ્રાપ્ત થઈ હતી. તેમાં તેમણે જે ૪૮ જિનમંદિરોના દર્શન કર્યા હતા, તેના નામો તથા તે મંદિરો બનાવનારાઓના નામો તથા પૂજા-પાઠ કરાવનાર પંડિતોના નામો લખ્યા હતા. તે કાળમાં ઘણી સ્ત્રીઓ પણ મોટી વિદુષી હતી, જેઓ મંદિરોમાં રહીને સાધનામય જીવન વ્યતીત કરતી હતી. અહીંના કવિ શ્રી કુંવરપાલે સમકિતબત્તીસી, શ્રી જગજીવન પંડિતે એકીભાવસ્તોત્ર, અનેકપદ પં. શ્રી હીરાનંદજીએ પંચાસ્તિકાય ટીકા, દ્રવ્યસંગ્રહ ભાષા તથા સમવસરણ સ્તોત્ર, એકીભાવસ્તોત્ર તથા કવિવર શ્રી દ્યાનતરાયજીએ ધર્મવિલાસ, પૂજાસ્તોત્ર, આરતી સાહિત્ય, ભૈયા શ્રી ભગવતીદાસજીએ બ્રહ્મવિલાસ, શ્રી ભૂધરદાસજીએ જૈન શતક ભૂધરવિલાસ, પદ્મસંગ્રહ, ગુરુશક્તિ, બારહભાવના, જિનેન્દ્ર સ્તુતિ, પાર્શ્વનાથ સ્તોત્ર, પદ્મસંગ્રહ રચેલ છે.

હાલ આગ્રામાં મંદિરો અને ચૈત્યાલયોની કુલ સંખ્યા ૩૬ છે. જ્યારે પં. શ્રી ભગવાનદાસજીની અર્ગલપુર વંદનામાં ૪૮ મંદિરોનો ઉલ્લેખ છે, જેમાંથી અમુક મંદિરો હાલ નથી અને અમુક મંદિરો નવા બનેલા છે. આ બધા મંદિરોમાં નીચેના ત્રણ મંદિરો મુખ્ય છે. કારણ કે મૂર્તિઓની પ્રાચીનતા અને અતિશયના કારણે આ મંદિરો અત્યંત પ્રસિદ્ધ બન્યા છે.

(૧) તાજગંજ મંદિર

(૨) શ્રી શીતલનાથ પ્રભુનું મંદિર અને

(૩) મોતીકટરાનું પંચાયતી મોટું મંદિર.

<u>તાજગંજ મંદિર</u> :-

પં. શ્રી ભગવતીદાસજીએ સુલતાનપુરના જે ચિંતામણી પાર્શ્વનાથનો ઉલ્લેખ કર્યો છે તે પ્રતિમાજી તાજગંજ મંદિરમાં બિરાજમાન છે. તે મૂળનાયક છે. પાલીસદાર, શ્યામ પાષાણની આ પ્રતિમા પદ્માસન ૨। ફીટની છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૬૭૭ના ફાગણ સુદ-૩ ને બુધવારે થઈ હતી. પં. શ્રી બનારસીદાસજી તથા પં. શ્રી ભૂધરદાસજી હંમેશા આ પ્રતિમાજીની પૂજા-ઉપાસના કરતા હતા. તે કાળમાં તે પ્રતિમાજીની બહુ ખ્યાતિ-પ્રસિદ્ધિ હતી. તેમજ લોકો પોતાની મનોકામના પૂરી કરવા દર્શન માટે અહીં આવતા હતા. કવિવર શ્રી બનારસીદાસજીએ આ પ્રતિમાના માહાત્મ્યનું ઘણું વર્ણન કર્યું છે. તેમણે આ ચિંતામણી પાર્શ્વનાથની એક સ્તુતિ બનાવી છે. તેમાં બતાવ્યું છે કે આ પ્રતિમા લોકોનો શોક હરનારી અને ખૂબ જ ચમત્કારપૂર્ણ છે. તેવી જ રીતે કવિવર શ્રી ભૂધરદાસજીએ પણ ચિંતામણી પાર્શ્વનાથની આ પ્રતિમાની એક સ્તુતિ કરી છે. અહીંના મંદિરમાં કુલ ૫૦ જેટલા પ્રતિમાજી છે. આ મંદિરમાં પં. બનારસીદાસજીએ સમયસાર નાટકની રચના કરી હતી.

<u>શ્રી શીતલનાથ પ્રભુનું મંદિર</u> :-

જુમા મસ્જીદની પાસે રોશન મહોલ્લામાં આ મંદિર આવેલ છે, જેમાં શ્રી શીતલનાથ ભગવાન મૂળનાયક શ્યામ વર્ણની ૪।। ફીટની પદ્માસન મુદ્રામાં છે. આ પ્રતિમાજી ઘણા જ મનમોહક છે તેમજ વીતરાગતા ઉત્પાદક છે. તેના અતિશયની અનેક દંતકથાઓ છે. જૈનોની આઠમ તથા ચૌદશ તથા પર્વના દિવસોમાં આ મંદિરમાં સવારે તથા સાંજે સંધ્યાકાળે ખૂબ જ ભીડ હોય છે. આ મંદિરમાં દિગંબર તથા શ્વેતાંબર બંને સંપ્રદાયોની પ્રતિમાજીઓ બિરાજમાન છે. તેમાં દિગંબર પ્રતિમા તો એક શ્રી શીતલનાથ ભગવાનની જ છે. જ્યારે શ્વેતાંબર પ્રતિમાજીઓ અનેક છે. શ્રી શીતલનાથ ભગવાનના પૂજા-પ્રક્ષાલ બંને સંપ્રદાયવાળા કરે છે. શ્રી શીતલનાથજીના આ મંદિરમાં ગર્ભગૃહની ડાબી તરફ શ્વેતાંબરોએ લાલ પાષાણનો ૨x૧।। ફીટનો એક શિલાલેખ અમુક વર્ષ પહેલા લગાડી દીધો છે, જેમાં સાત શ્લોકો સંસ્કૃતમાં છે અને બે હિન્દી સવૈયા છે. આ શિલાલેખ કુલ ૧૮ લાઈનનો છે.

<u>મોતીકટરાનું પંચાયતી મોટું મંદિર</u> :-

આગ્રામાં આ બડા મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિરમાં ભોંયરૂં પણ છે. સંકટકાળમાં ઉપરના મંદિરની આ મૂર્તિઓ નીચે ભોંયરામાં મૂકી દેવામાં આવે છે. આ મંદિરમાં મૂળનાયક ભગવાન શ્રી સંભવનાથજી છે. ગંધકૂટીમાં કમલાસન ઉપર આ શ્રી સંભવનાથજીની શ્વેત પાષાણની ૧ ફૂટની પદ્માસન પ્રતિમા છે. નીચે ઘોડાનું લાંછન છે. મૂર્તિના લેખ અનુસાર આ પ્રતિમાની પ્રતિષ્ઠા સંવત ૧૧૪૭ મહા સુદ-૫ ને ગુરુવારે થઈ છે. આ પ્રતિમા ખૂબ અતિશયવાળી છે. એમ કહેવાય છે કે દેવો રાત્રે આ પ્રતિમાજીના પૂજા-દર્શન માટે આવે છે. આ મંદિરમાં કુલ

૧૦૦ વધુ પ્રતિમાજી છે. તેમજ દિવાલો ઉપર અષ્ટમંગલ, અષ્ટપ્રાતીહાર્ય તથા સોળ સ્વપ્નો, વિગેરે તથા જન્મ કલ્યાણકના સુંદર અને ભવ્ય ચિત્રો છે.

આ મંદિરમાં ડાબી તરફ પહેલી વેદીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૩। ફીટની પદ્માસન સફેદ પાષાણની ફેણવાળી પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૨૭૨ મહા સુદ-૫ના રોજ થઈ છે. જમણી તરફની વેદીમાં પાષાણની બે ભવ્ય ચોવીસી છે. એક શિલાખંડમાં એક ભવ્ય તોરણની નીચે શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા છે. તેમજ આજુ-બાજુમાં બંને તરફ ૧૦-૧૦ પ્રતિમાઓ છે. વચ્ચેના પ્રતિમાજીની ઉપર બે હાથી બનાવેલ છે. તેની ઉપર એક પ્રતિમા છે. આ ચોવીસીની પ્રતિષ્ઠા વિ. સંવત ૧૨૭૨ મહા સુદ-૫ના રોજ થઈ છે.

અહીં હસ્તલિખિત ગ્રંથોનો એક અતિસમૃદ્ધ શાસ્ત્રભંડાર છે, જેમાં લગભગ ૨૦૦૦ જેટલા હસ્તલિખિત ગ્રંથો છે. અહીં બધી થઈને પાષાણ અને ધાતુની કુલ ૬૦૦ જેટલી પ્રતિમાજીઓ છે. મોગલકાળમાં જૈનોનો ઘણો જ પ્રભાવ હતો. અકબર બાદશાહના નવ રત્નોમાં એક સાહુ ટોડર કોષાધ્યક્ષ હતા. તેઓ અલીગઢથી અહીં આવ્યા હતા. તેમણે આગ્રામાં એક જિનમંદિર કરાવ્યું હતું. તેમજ સંવત ૧૬૩૧માં તેમણે મથુરામાં ૫૧૪ સ્તુપોનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. અકબરે શ્વેતાંબર આચાર્ય હીરવિજયસૂરીને ઘણા આગ્રહથી આમંત્રણ આપીને તેડાવ્યા હતા અને તેમનું ખૂબ જ સન્માન કર્યું હતું તથા આચાર્ય મહારાજ પાસેથી જૈન તત્ત્વોનું વર્ણન પણ સાંભળ્યું હતું. તેનાથી પ્રભાવિત થઈને રાજા અકબરે જૈન પર્વો તથા તેમના અન્ય પ્રસંગોમાં રાજ્યભરમાં પશુહિંસા ન કરવાનો આદેશ આપ્યો હતો.

આગ્રાનો કિલ્લો અને યમુના નદીની વચ્ચે એક કાળા પાષાણના અમુક સ્થંભો ખોદકામમાં મળ્યા હતા અને કાળા પાષાણની કલાપૂર્ણ, પ્રાચીન અને બહુ વિશાળ એક મૂર્તિ પણ પ્રાપ્ત થઈ હતી. તે વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતનાથની છે. તેના ઉપર કૂટીલા લિપિમાં સંવત ૧૦૬૩ તેમ કોતરેલું છે. ખોદકામમાં પ્રાપ્ત થયેલા સ્થંભો પ્રાચીન જૈન મંદિરોના છે. કેમ કે તેની આકૃતિ અન્ય જૈન મંદિરોને મળતી આવે છે. તીર્થંકર શ્રી મુનિસુવ્રતનાથની આ મૂર્તિ હાલ લખનૌના મ્યુઝિયમમાં છે.

આ સિવાય શ્રી કુન્દકુન્દકહાન સ્મૃતિ સભાગૃહ તથા દિગંબર જૈન મંદિર છે, જે પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારનું મંદિર છે. આ સિવાય આગ્રામાં અનેક જગતપ્રસિદ્ધ ઈમારતો છે, જેમાં તાજમહાલ વિશ્વની સાતમી અજાયબી માનવામાં આવે છે. તે સિવાય આગ્રાનો લાલ કિલ્લો, આધુનિક દયાલબાગ જે કરોડો રૂ.ના ખર્ચે તૈયાર થયો છે. તેમાં આરસના એટલા સુંદર ફળફુલો બનાવેલા છે કે આપણને એમ જ લાગે કે આ સાચુ ગુલાબનું ફૂલ છે-સાચા દ્રાક્ષના વેલા છે. તે અવશ્ય જોવાલાયક છે. આ ઉપરાંત ફતેપુર સિકરી, હુમાયુનો મકબરો, વિગેરે જોવાલાયક સ્થળોમાં આવે છે. અહીં આરસની અનેક ચીજ-વસ્તુઓ વેચાણમાં મળતી હોય છે. જેવી કે આરસનો તાજમહાલ, નકશીવાળી આરસની નાની-મોટી ડબીઓ, વિગેરે આરસની ઘણી જ ચીજો વેચાણમાં મળે છે.

આગ્રાના અન્ય મંદિરોના નામ નીચે મુજબ છે.

(૧) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, રાજામંડી

(૨) શ્રી ખંડેલવાલ ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન મંદિર, નાઈ કી મંડી

(૩) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન મંદિર, નાઈ કી મંડી

(૪) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન બડા મંદિર, નાઈ કી મંડી

(૫) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, તાર કી ગલી કટરા-બે મંદિરો

(૬) શ્રી દિગંબર જૈન મંદિર, બેલનગંજ ચૌરાહા

(૭) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, બેલનગંજ ગુટકે

(૮) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, તાલગંજ

(૯) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, તાલગંજ ગુટકે

(૧૦) શ્રી ખંડેલવાલ દિગંબર જૈન મંદિર, કટરા ઈતવારા, નાઈ કી ગલી

(૧૧) શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર, મોતી કટરા

(૧૨) શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, કિનારી બજાર

(૧૩) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન પ્રાચીન બડા પંચાયતી મંદિર, માલા કા બજાર-બે મંદિરો

(૧૪) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, છિતીખાના, નમકમંડી

(૧૫) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન બડા મંદિર, મોતી કટરા, વિગેરે.

*આ શરીર પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે, લક્ષ્મી ઈન્દ્રજાળની જેમ માયામય છે - ક્ષણભંગુરમાં અદ્રશ્ય થઈ જાય છે. સ્ત્રી, ધન, પુત્ર, મિત્ર, બાંધવ અને માત-પિતાદિની સ્થિતિ તીવ્ર પવનથી પ્રતાડિત થઈ છિન્નભિન્ન થતાં દેખાતાં અને વિલીન થતાં વાદળા જેવી છે અને ઈન્દ્રિયોના વિષય-સુખ કામોત્મત્ત સ્ત્રીનાં કટાક્ષ જેવાં ચંચળ છે-કામિનીના તિર્યગ્દષ્ટિસંચાલનની જેમ, તે (સુખો) પણ ક્ષણ-ક્ષણમાં બદલાતા રહે છે. અતઃ આવા શરીર આદિની પ્રાપ્તિમાં હર્ષ કરવાથી અને તેની નાસ્તિમાં શોક કરવાથી શો ફાયદો છે ? કાંઈ પણ લાભ નથી.*

तुम्हारे दर्श बिन स्वामी मुझे नहिं चैन पडती है ।
छबी वैराग्यमय तेरी मेरी आंखों में फिरती है ।।


निराभूषण विगत दूषण परम आसन मधुर भाषण ।
नजर नैनों की आशा की अनी पर से गुजरती है ।। १।।

नहीं कर्मों का डर हमको, कि जब लग ध्यान चरणन में ।
तेरे दर्शन से सुनते हैं, करम रेखा बदलती है ।। २।।

मिले गर स्वर्ग की सम्पति अचम्भा कौन सा इसमें ।
तुम्हें जो नयन भर देखे गति दुरगति की टलती है ।। ३।।

हजारों मूर्तियाँ हमने बहुत सी अन्य मत देखीं ।
शांति मूरत तुम्हारी सी नहीं नजरों में चढती है ।। ४।।

जगत सिरताज हो जिनराज सेवक को दरश दीजे ।
तुम्हारा क्या बिगडता है मेरी बिगडी सुधरती है ।। ५।।



તીર્થધામ મંગલાયતન, અલીગઢ - ઉત્તર પ્રદેશ

# મંગલાયતન (અલીગઢ)

પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના અનન્ય ભક્ત, બુલન્દશહરવાળા, વયોવૃદ્ધ પંડિત શ્રી કૈલાસચંદજી આ સંસ્થાના સંસ્થાપક છે. અલીગઢ શહેરની નજીક સાસની ગામ છે કે જ્યાં છઢાળા તથા દોલતવિલાસના રચયિતા કવિવર પંડિતપ્રવર શ્રી દોલતરામજી થઈ ગયા. તે સાસની ગામથી માત્ર ૬ કિ.મી. દૂર આ મંગલાયતનની સ્થાપના થયેલી છે. અલીગઢ-આગ્રા રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર દિલ્હી પબ્લિક સ્કૂલ, સીનિયર વિંગની પાસે, હનુમાન ચોકીની બરાબર સામે આ ભવ્ય તીર્થક્ષેત્ર-મંગલાયતનની રચના થયેલી છે. કુલ ૧૬ એકર એટલે કે ૮૦,૦૦૦ ચોરસ ફીટ જમીનમાં આ સંકુલની રચના કરવામાં આવેલી છે. મંગલાયતન ફિરોઝાબાદ કે જ્યાં બંગડીઓના મોટા-મોટા અનેક કારખાનાઓ આવેલા છે, તેનાથી ૧૧૫ કિ.મી. દૂર છે. રાજધાની દિલ્હીથી આગ્રા થઈને આવતા ૨૭૦ કિ.મી. થાય છે અને મથુરા થઈને આવતા ૨૦૫ કિ.મી. થાય છે. જયપુરથી ૨૨૫ કિ.મી. દૂર છે અને તીર્થધામ હસ્તિનાપુરથી મંગલાયતન ૧૮૫ કિ.મી. દૂર છે. શ્રી જમ્બૂસ્વામીની નિર્વાણભૂમિ મથુરાથી આ તીર્થધામ માત્ર ૫૬ કિ.મી. દૂર છે અને આગ્રાથી ૭૨ કિ.મી. દૂર છે.

અલીગઢમાં છ લાખની વસ્તી છે. તેમાં ૮૦૦ થી વધુ જૈનોના ઘર છે. એટલે કે જૈનોની વસ્તી આશરે ૪૦૦૦ જેટલી છે. અલીગઢમાં આઠ દિગંબર જૈન મંદિરો છે. તેમાં ખિરનીગેઈટ પાસે શ્રી પાર્શ્વનાથ ખંડેલવાલ દિગંબર જૈન પંચાયતી મંદિર છે. તેમાં હસ્તલિખિત તથા તામ્રપત્ર ઉપર લખેલ દુર્લભ ગ્રંથોનો બહુ મોટો ભંડાર છે. અલીગઢ શહેરમાં તાળા, હાર્ડવેર, દરવાજાના ફીટીંગ, ઓટો પાર્ટ્સ તથા પિત્તળની મૂર્તિઓ બને છે. મંગલાયતન તીર્થની નામકરણવિધિ સોનગઢ નિવાસી, પંચ પરમાગમોના સંસ્કૃતમાંથી ગુજરાતીમાં અનુવાદ કરનાર, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્ત સ્વ. પંડિત શ્રી હિંમતભાઈ જેઠાલાલ શાહે તા. ૮-૮-૨૦૦૦ના રોજ કરેલ છે. મંગ એટલે પુણ્ય અને લા એટલે લાવે તેને મંગલ કહે છે અથવા તો મમ એટલે પાપ અને ગલ એટલે ગાળે તેને મંગલ કહે છે. આવા સ્થળને આયતન એટલે મંગલાયતન કહે છે.

તીર્થધામ મંગલાયતનના ચાર જિનમંદિરોનો શિલાન્યાસ તા. ૨૭-૯-૨૦૦૦ પોષ સુદ-૨ના રોજ થયો હતો. તે પ્રસંગે તત્કાલીન કેન્દ્રીય મંત્રી ડૉ. શ્રી મુરલીમનોહર જોષી તથા ઉત્તરપ્રદેશ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી રાજનાથસિંહજી પધાર્યા હતા. માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં આ ચારે જિનમંદિરો તૈયાર કરવામાં આવ્યા છે, જે અવશ્ય નોંધનીય બાબત છે. આ રીતે જંગલમાં મંગલ કરવામાં આવેલ છે. મંગલાયતનના ચાર જિનમંદિરોનું વર્ણન ટૂંકમાં નીચે મુજબ છે.

<u>પ્રથમ મંદિર-કૈલાસ પર્વત ઉપર મૂળનાયક ભગવાન શ્રી આદિનાથ મંદિર</u> :-

૪૦ ફીટ ઊંચો કૃત્રિમ કૈલાસ પર્વત બનાવેલ છે. તેમાં ઉપર ૨૦ ટન વજનના ગુલાબી ૧૦ ફીટ

ગોળાકાર કમળ ઉપર આદિ પ્રભુ શ્રી આદિનાથ ભગવાનના ૧૧૧ ઈંચના (૯ ફીટ અને ૩ ઈંચ) પદ્માસન પ્રતિમાજી બિરાજમાન કરેલ છે, જેનું વજન ૧૨ ટન છે. આ કૃત્રિમ પર્વત ઉપર જવા માટે બે જાતના રસ્તાની વ્યવસ્થા કરેલ છે. ઢાળ ચઢીને પગથિયાં વગર ચાલતાં પણ જઈ શકાય છે અને ઉપર ચાલીને ન જવું હોય તેમના માટે બીજી તરફ સફેદ આરસના ૭૨ પગથિયાની સીડી પણ બનાવેલ છે. સીડીની બંને તરફ કઠોડા પણ છે, જેથી સૌ કોઈ શ્રી આદિનાથ ભગવાનના મંદિર સુધી ઉપર આરામથી જઈ શકે છે. ઉપર ચાલીને જવાના રસ્તા પર જમણી તરફ આરસમાં ઐતિહાસિક ચિત્રપટો જેવા કે શ્રી આદિનાથ ભગવાનના ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, રાજ્યાભિષેક, વૈરાગ્ય, દીક્ષાકલ્યાણક તથા પારણા-ઝુલનના દશ્યોની બહુ જ સુંદર રચના કરેલ છે. સીડીના રસ્તા પર બંને તરફ શાશ્વત તીર્થધામ-નિર્વાણક્ષેત્ર શ્રી સમ્મેદશિખરજી, ગિરનારજી, ચંપાપુરી, પાવાપુરી, સોનાગિરિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીની સાધનાસ્થલી સુવર્ણપુરીની સુંદર રચના કરી છે.

ઉપર ગયા પછી મોટી સંખ્યામાં યાત્રિકો આરામથી બેસીને ભગવાનના દર્શન-પૂજા-પાઠ કરી શકે તેટલી ફરતી ખુલ્લી જગ્યા રાખેલ છે.

<u>બીજુ મંદિર-"ભગવાન શ્રી મહાવીર સ્વામી મંદિર"</u> :-

આ મંદિર લગભગ ૪૫૦૦ ચો.ફી. જગ્યામાં બનાવેલ છે. જિનમંદિરમાં સફેદ આરસની સુંદર વેદીમાં મૂળનાયક શ્રી મહાવીર ભગવાન સફેદ આરસના ૨॥ ફીટના (૩૩ ઈંચનાં) બિરાજમાન કર્યા છે. તેમની બંને બાજુમાં શ્રી શાંતિનાથ ભગવાન અને શ્રી પાર્શ્વનાથ ભગવાન ૩૦ ઈંચના સફેદ આરસના બિરાજમાન કર્યા છે તથા વેદીમાં વિધિનાયક શ્રી મહાવીર પ્રભુ તથા વિદેહીનાથ શ્રી સીમંધર ભગવાનના અષ્ટધાતુના બે પ્રતિમાજી પણ બિરાજમાન કર્યા છે. ભગવાનની વેદીની બંને તરફ આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ તથા આચાર્ય શ્રી અમૃતચન્દ્રદેવના ૪x૪॥ ફીટના આરસ ઉપર કોતરેલા ચિત્રપટો છે તથા આચાર્યોના ચરણચિન્હોની સ્થાપના પણ કરેલ છે. તેમજ પાંચ પરમાગમો-શ્રી સમયસારજી, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાય તથા શ્રી અષ્ટપાહુડની સ્થાપના કરેલ છે. આ સિવાય આ મંદિરમાં ભગવાન શ્રી સીમંધરપ્રભુની દેશના પરંપરા, સંસાર દર્શન તથા ષટ લેશ્યાના ૬x૪ ફીટના આરસમાં કોતરેલા વિશાળ ચિત્રપટોની સ્થાપના કરી છે તથા પ્રથમાનુયોગના જૈનદર્શનની કેટલીક ગાથાઓ હોલની પેનલમાં કોતરેલ છે.

આ મંદિરની છતમાં સુંદર રંગબેરંગી ચિત્રો છે. જેવા કે -

(૧) શ્રી મહાવીરપ્રભુ (૨) તેમનો સિંહનો ભવ (૩) જલમંદિર
(૪) શ્રી સમવસરણજીનું દશ્ય (૫) મુનિને આહારદાનનું દશ્ય, વિગેરે.

આ મંદિરમાં ઉપર જવા માટે આરસના પગથિયાં છે. ઉપરનો હોલ રંગબેરંગી બાર ઐતિહાસિક ચિત્રપટોથી સુશોભિત છે.

<u>ત્રીજુ મંદિર-"શ્રી બાહુબલીસ્વામી મંદિર"</u> :-

આ જિનમંદિર ૭૫ ફીટ × ૫૦ ફીટના વિશાળ હોલમાં બનાવેલ છે અને નિજમંદિર (ગર્ભગૃહ) ૨૫ ફીટ × ૫૦ ફીટનું છે, જેમાં કમળના સિંહાસન-વેદી ઉપર ભગવાન શ્રી બાહુબલીસ્વામીની ખડ્ગાસન ૭। ફીટ ઊંચી પ્રતિમાજી છે. તેની બંને બાજુમાં શ્રી બાહુબલીસ્વામી તથા શ્રી ભરતસ્વામીની ૫। ફીટ ઊંચી ખડ્ગાસન સફેદ આરસની પ્રતિમા છે તથા ભગવાનની વેદીની બંને તરફ શ્રી ધરસેનાચાર્યદેવ તથા મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવના ૪×૪।। ફીટના આરસમાં કોતરેલા ચિત્રપટો છે. તેમજ બંને આચાર્યદેવના ચરણચિન્હોની પણ સ્થાપના કરેલી છે. તે સિવાય ચારે અનુયોગના શ્રી રત્નકરંડ શ્રાવકાચાર, શ્રી ગોમ્મટસાર, શ્રી પરમાત્મપ્રકાશ તથા શ્રી પદ્મપુરાણ તથા તે સિવાય શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક તથા શ્રી છઢાળાની પણ સ્થાપના કરેલ છે.

આ સિવાય આ મંદિરજીમાં શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદશિખરજી તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીની સાધનાભૂમિ સુવર્ણપુરીના ૬×૪ ફીટના આરસ ઉપર કોતરેલાં ચિત્રોની પણ સ્થાપના કરેલી છે. તે સિવાય પ્રથમાનુયોગના જૈનદર્શનની અમર ગાથાઓ પણ મંદિરના હોલની પેનલોમાં કોતરેલી છે તથા આ જિનમંદિરમાં દિવાલ ઉપર ભગવાન શ્રી કુન્દકુન્દાચાર્યદેવના પરમાગમ સમયસારજીની ગાથાઓ ૪×૨ ફીટના ૧૫૦ આરસના પાટીયાઓમાં કોતરાવીને લગાવેલી છે તથા આચાર્યકલ્પ પં. શ્રી ટોડરમલજી રચિત મોક્ષમાર્ગપ્રકાશકનો સાતમો અધિકાર તથા છઢાળાની ગાથાઓ ૧૫૦ આરસના પાટીયાઓમાં કોતરાવેલ છે, જે પંચમ આરાના અંત સુધી જીવંત રહેશે.

<u>ચોથુ મંદિર-"ભગવાન શ્રી આદિનાથપ્રભુ માનસ્થંભ"</u> :-

જેના દર્શન કરતા જ ભવ્ય જીવ માનરહિત થઈને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે, તેવા ભવ્ય માનસ્થંભની અહીં રચના કરવામાં આવી છે. આખો માનસ્થંભ સફેદ આરસનો સુવર્ણપુરી-સોનગઢના માનસ્થંભના જેવો જ બનાવેલ છે, જે ૬૩ ફીટ ઊંચો છે. તેમાં નીચે તથા ઉપર ચારે તરફ ૨૩ ઈંચના શ્રી આદિનાથ પ્રભુના ગુલાબી આરસના જિનબિંબોની કમળના સિંહાસન ઉપર સ્થાપના કરેલી છે. નીચેની વેદીમાં તીર્થંકર ભગવંતો, આચાર્યો, ઉપાધ્યાયો તથા મુનિરાજોના દર્શન થાય છે. ત્રિલોકપણ્ણતીના પહેલા ભાગના ચોથા અધિકારની ૭૮૨ મી ગાથામાં લખ્યું છે કે દૂરથી તેના દર્શન કરવાથી માની મિથ્યાદષ્ટિનું અભિમાન ગળી જાય છે. આથી તેને માનસ્થંભ કહે છે.

<u>પાંચમુ મંદિર-"પંડિત શ્રી દોલતરામજી જિનવાણી મંદિર"</u> :-

આ જિનવાણી મંદિરના પ્રવેશદ્વાર પાસે જ કવિવર પં. શ્રી દોલતરામજીનું સુંદર સ્ટેચ્યુ મૂકેલું છે. તે સ્ટેચ્યુની બંને તરફ આરસના બે પાટીયામાં શ્રી દોલતરામજીનો પૂરો ઈતિહાસ કોતરેલો છે.

આ મંદિરમાં આચાર્યો તથા ઉપકારી જ્ઞાની પુરુષોના સુંદર ચિત્રપટો મૂક્યા છે. આખો હોલ સુંદર ઐતિહાસિક ચિત્રપટોથી સુશોભિત છે.

પહેલુ ચિત્રપટ-અંગપૂર્વના ધારી આઠ મુનિવરોનું એક મોટું ચિત્રપટ છે. તે મુનિવરોના નામ નીચે મુજબ છે.

(૧) શ્રી જયપાલાચાર્ય (૨) શ્રી નક્ષત્રાચાર્ય (૩) શ્રી પાંડવાચાર્ય
(૪) શ્રી ધ્રુવસેનાચાર્ય (૫) શ્રી કુમારાચાર્ય (૬) શ્રી લોહાચાર્ય
(૭) શ્રી યશોભદ્રાચાર્ય (૮) શ્રી સમુદ્રાચાર્ય

બીજુ ચિત્રપટ-કરણાનુયોગના આચાર્યોનું ચિત્રપટ છે. તેમાં છ આચાર્યોના ચિત્રો છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) આચાર્ય ધરસેન (૨) આચાર્ય પુષ્પદન્ત (૩) આચાર્ય ભૂતબલી
(૪) આચાર્ય વીરસેન (૫) આચાર્ય નેમીચન્દ્ર સિદ્ધાન્તચક્રવર્તી
(૬) આચાર્ય શ્રી બ્રહ્મદેવપુરી

ત્રીજુ ચિત્રપટ-ચરણાનુયોગના આચાર્યોનું ચિત્રપટ છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) આચાર્ય કાર્તિકેય (૨) આચાર્ય કુન્દકુન્દદેવ (૩) આચાર્ય સમન્તભદ્ર
(૪) આચાર્ય યોગીન્દુદેવ (૫) આચાર્ય પદ્મનન્દી (૬) આચાર્ય શુભચન્દ્ર -
(૭) આચાર્ય ગુણભદ્ર (૮) આચાર્યપૂજ્યપાદસ્વામી (૯) આચાર્ય શિવકોટી
(૧૦) આચાર્ય દેવસેન

ચોથુ ચિત્રપટ-એક અંગ અને પૂર્વના ધારી આચાર્યોનું ચિત્રપટ છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) શ્રી નંદી આચાર્ય (૨) શ્રી શિવાચાર્ય (૩) શ્રી બલદેવ આચાર્ય
(૪) શ્રી સર્વગુપ્તાચાર્ય (૫) શ્રી ધરસેનાચાર્ય (૬) શ્રી માઘનંદી આચાર્ય
(૭) શ્રી વિનયધરાચાર્ય (૮) શ્રી પુષ્પદન્તાચાર્ય (૯) શ્રી ગુણધરાચાર્ય
(૧૦) શ્રી ભૂતબલી આચાર્ય

પાંચમુ ચિત્રપટ-નિશ્ચય જ ઉપાદેય છે. તેનું ચિત્રપટ છે.

(૧) શ્રી કુન્દકુન્દાચાર્યદેવ (૨) શ્રી અમૃતચન્દ્રાચાર્ય

આગમો-સમયસાર, આત્મખ્યાતિ, અષ્ટપાહુડ, કાર્તિકેયાનુપ્રેક્ષા, જ્ઞાનાર્ણવ, દ્રવ્યસંગ્રહ, વિગેરેના દશ્યો છે.

છઠ્ઠુ ચિત્રપટ-પં. શ્રી બનારસીદાસજીનું મોટું ચિત્રપટ છે. તેમજ શ્રી અમૃતચન્દ્રાચાર્યદેવ તથા શ્રી કુન્દકુન્દાચાર્યદેવ વિરચિત નાટક સમયસાર, અર્ધકથાનક, પરમાર્થ વચનિકા, બનારસીવિલાસ, નામમાલા, કર્મ પ્રકૃતિ વિધાન, નવરસ પદાવલી, વિગેરેના દશ્યો છે.

સાતમુ ચિત્રપટ-પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનું આરસમાં કોતરેલું ચિત્રપટ છે.

આઠમુ ચિત્રપટ-શ્રી સોગાનીજીનું ચિત્રપટ છે.

નવમુ ચિત્રપટ-શ્રી ટોડરમલજીનું ચિત્રપટ છે.

દસમુ ચિત્રપટ-પ્રથમાનુયોગના આચાર્યોનું ચિત્રપટ છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) આચાર્ય મહાસેન (૨) આચાર્ય રવિષેણ (૩) આચાર્ય ભદ્રગુણચન્દ્ર
(૪) આચાર્ય વાદીભસિંહસૂરી (૫) આચાર્ય જિનસેન (૬) આચાર્ય હેમચન્દ્ર
(૭) આચાર્ય શ્રુતકીર્તિ (૮) આચાર્ય સ્વયંભૂ

અગીયારમુ ચિત્રપટ-અગીયાર અંગ અને દસ પૂર્વના ધારી આચાર્યોનું ચિત્રપટ છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) શ્રી વિશાખાચાર્ય (૨) શ્રી પ્રતિષ્ઠાચાર્ય (૩) શ્રી ક્ષાત્ર આચાર્ય
(૪) શ્રી નાગસેન આચાર્ય (૫) શ્રી સિદ્ધર્ષી આચાર્ય (૬) શ્રી વિજયસેનાચાર્ય
(૭) શ્રી બુદ્ધીલિંગાચાર્ય (૮) શ્રી ધૃતિસેણાચાર્ય (૯) શ્રી ગંગદેવાચાર્ય
(૧૦) શ્રી ધર્મસેનાચાર્ય

બારમુ ચિત્રપટ-દ્રવ્યાનુયોગના આચાર્યોનું ચિત્રપટ છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) આચાર્ય કુન્દકુન્દદેવ (૨) આચાર્ય સમન્તભદ્ર (૩) આચાર્ય સિદ્ધસેન દિવાકર
(૪) આચાર્ય અકલંકદેવ (૫) આચાર્ય વિદ્યાનન્દ (૬) આચાર્ય અમૃતચન્દ્ર
(૭) આચાર્ય દેવસનગણી (૮) આચાર્ય માણિકચન્દજી

તેરમુ ચિત્રપટ-શ્રુતકેવળીનું ચિત્રપટ છે. તેમના નામ નીચે મુજબ છે.

(૧) શ્રી વિષ્ણુનંદી (૨) શ્રી નંદીમિત્ર (૩) શ્રી અપરાજીત
(૪) શ્રી ગોવર્ધન (૫) શ્રી ભદ્રબાહુ પ્રથમ

પં. શ્રી દોલતરામજીનો જન્મ અલીગઢ પાસે આવેલ સાસની ગામમાં વિ. સં. ૧૮૫૫ સને ૧૭૯૮માં થયો હતો. તેમને બે પુત્રો હતા. તેમનું જીવન વૈરાગ્યપૂર્ણ અને ધાર્મિક હતું તથા જિનેન્દ્રભક્તિ, શાસ્ત્રસ્વાધ્યાય, આધ્યાત્મિક ચિંતન, સંયમ, વિગેરે ગુણોથી ભરપુર હતું. હિન્દી,

સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાઓ ઉપર તેમનો સારો કાબુ હતો. તેઓ દિલ્હીમાં ધર્મપુરા નયા જૈન પંચાયતી મંદિરમાં તત્વચર્ચા માટે ઘણી વખત જતાં હતા તથા અનેક સાધર્મીઓ સાથે તેમણે સમ્મેદ શિખરજીની યાત્રા પણ કરી હતી. ૬૮ વર્ષની ઉંમરે દિલ્હીમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો. તેમની કૃતિઓમાં છઢાળા બહું જ પ્રખ્યાત છે. આ પુસ્તકને ઘણા લોકો "છોટા સમયસાર" પણ કહે છે. છઢાળા સિવાય તેમણે દોલતવિલાસ, પદસંગ્રહ, વિગેરે પણ બનાવેલ છે. પદસંગ્રહમાં ચારે અનુયોગના તત્વજ્ઞાનના પદોનો સમાવેશ થાય છે. મંગલાયતન તીર્થધામથી ૬ કિ.મી. દૂર તેમની જન્મભૂમિ સાસની આવેલ છે.

સાસનીમાં ૪૦૦ વર્ષ જૂનું જિનમંદિર છે તથા મંદિરની બાજુમાં જ જૈન ધર્મશાળા પણ છે.

<u>આચાર્ય સમન્તભદ્ર આત્મચિંતન કેન્દ્ર</u> :-

મંગલાયતનના સંકુલમાં જ આત્મચિંતન કેન્દ્ર એટલે કે ધ્યાન કેન્દ્ર બનાવેલ છે. આ ધ્યાન કેન્દ્રની એક બાજુ આચાર્ય શ્રી સમન્તભદ્રનું વિશાળ ચિત્રપટ છે તથા બીજી બાજુ પૂજ્ય ગુરુદેવશ્રીનું મંગળ ૐ ચિન્હ મૂકેલ છે. આછો પ્રકાશ અને કોલાહલથી શાંત વાતાવરણમાં અહીં મુમુક્ષુઓ તત્વોનું ચિંતન-મનન ખૂબ જ શાંતિથી કરી શકે તેવું વાતાવરણ છે.

મંગલાયતનના સંકુલમાં પ્રવેશસ્થાને લોખંડની ગ્રીલનો મોટો દરવાજો છે. તેમાં અંદર જતાં વચ્ચે મોટો ચોક છે. તે પછી અંદર જતાં પાષાણના સોળ સ્થંભોવાળો ઘણો ભવ્ય અને નકશીકામથી ભરપુર દરવાજો આવે છે. તેની અંદર જતાં જમણી તરફ મોટા રૂમમાં સંસ્થાનું કાર્યાલય છે. સંકુલમાં ફરતો સુંદર બગીચો છે, જેમાં વચ્ચે મોટા સર્કલમાં જાત-જાતના રંગબેરંગી ફૂલો છે. પ્રસંગોપાત ધર્મધ્વજ લહેરાવવા માટે વચ્ચે લોખંડનો મોટો સ્થંભ મૂક્યો છે. સંસ્થાના કાર્યાલયની સામે શ્રી મહાવીર સ્વામી ધર્માર્થ ઔષધાલય છે.

શ્રી આદિનાથ મંદિરમાં ઉપર તરફ જતાં પહેલાં બંને બાજુ બે મોટા હાથી મૂક્યા છે, જેના ઉપર સોનેરી પાલખીમાં ઈન્દ્રો બ્યુગલ વગાડે છે. બંને હાથીના મોટા દાંત બહાર છે. હાથીને રંગબેરંગી ઝુલ પહેરાવી છે. આ દશ્ય બહુ સુંદર લાગે છે.

દરેક મંદિરોના શિખર ઉપરના પ્યોર સોના જેવા લાગે તેવા-વધુ સુવર્ણ પાયેલા કળશોથી જિનમંદિરોની શોભામાં વધારો થાય છે. શ્રી આદિનાથપ્રભુના મંદિરના ચોકમાં ખુલ્લામાં વરસાદ આવતો હોય તો પણ કોઈને પૂજા કરવી હોય તો કરી શકે તે માટે બંને બાજુ બે મોટા શેડ બાંધેલા છે. ત્યાં બેસીને પૂજા થઈ શકે છે.

આ ભવ્ય મંદિરોવાળુ આખું સંકુલ માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં પં. શ્રી કૈલાસચંદજીના સુપુત્ર શ્રી પવનકુમારજીએ પૂર્ણ કરેલ છે. આનું નામ જ "વન મેન શો" કહી શકાય. આ મંદિરોનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૩ થી તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૦૩ દરમ્યાન ભવ્ય રીતે ઉજવાયો હતો, જેમાં આશરે ૨૦,૦૦૦ મહેમાનો આવેલા. તેમની રહેવાની

અને જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં આ દિવસોમાં સખત ઠંડી હોય છે. છતાં પણ બધા જ મહેમાનોને પૂરતા ગાદલા-ઓશીકા અને બ્લેન્કેટ આપ્યા હતા અને ન્હાવા માટે ગરમ પાણી વહેલી સવારે ૪:૩૦ વાગ્યાથી સવારે ૯:૦૦ વાગ્યા સુધી આપવામાં આવતું હતું. રહેવાની તથા જમવાની પણ ખૂબ જ સુંદર વ્યવસ્થા શ્રી પવનકુમારજીએ કરી હતી. જેણે જોયું હોય અને અનૂભવ્યું હોય તેને જ ખબર પડે તેવી સુંદર વ્યવસ્થા હતી. જયપુરના શ્રી ટોડરમલ સ્મારક ભવનની જેમ અહીં મંગલાયતનમાં પણ ભગવાન શ્રી આદિનાથ વિદ્યાનિકેતનની સ્થાપના કરેલ છે, જેમાં છાત્રોને રહેવાનું-જમવાનું બધું જ નિઃશુલ્ક રાખેલ છે. મારા ખ્યાલ મુજબ પહેલા જ વર્ષે ૩૮ છાત્રોને પ્રવેશ આપેલ છે. તેમને રહેવા માટે જે ત્રણ મોટા હોલ બાંધ્યા છે તેના નામ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રાખેલ છે.

આ સિવાય બહારથી આવનારા યાત્રીઓ માટે અહીં રહેવાની તથા શુદ્ધ ભોજનની વ્યવસ્થા પણ તેમણે કરેલી છે. અહીં મંગલાયતનમાં ભવિષ્યમાં શ્રી સીમંધરસ્વામી સમવસરણજીની રચના પણ હજુ થવાની છે. સંકુલમાં પ્રવેશદ્વાર પાસે જ સ્વાગતકક્ષની ઓફિસ બનાવેલી છે. મંગલાયતન જે કોઈ જુએ તે કહે છે કે -

*"क्या सुर शिल्पीने शिल्प दिखाया, पथ्थरको भी मोम बनाया ।*
*देख के मन में संशय आया, यह नर रचना या दैविक माया ?"*

<u>તીર્થધામ મંગલાયતનનું સરનામુ</u> :-

"મંગલાયતન"
અલીગઢ-આગ્રા માર્ગ, દિલ્હી પબ્લીક સ્કૂલ "સીનિયર" વિંગની પાસે, સાસની-અલીગઢ.
શ્રી આદિનાથ કુંદકુંદ દિગંબર જૈન ટ્રસ્ટ
"વિમલાચલ", હરિનગર, અલીગઢ - ૨૦૨ ૦૦૧. યુ.પી.
ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/ ૨૪૧૦૦૧૧ ફેક્સ : (૦૫૭૧) ૨૪૧૦૦૧૯/૨૪૧૦૦૨૨
ઈ-મેઈલ : **pavna@nd2.vsnl.net.in**

*અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ ! હવે પ્રતિકૂળતામાં તો સમજ..... સમજ..... કોઈ રીતે સમજ..... અને વૈરાગ્ય લાવી તારા આત્મામાં જા.*

मैं महापुण्य उदय से जिनधर्म पा गया ॥


चार घाति कर्म नाशे ऐसे अरहंत है ।
अनन्त चतुष्टय धारी श्री भगवंत है ॥
मैं अरहंतदेवकी शरण आ गया ॥१॥

अष्टकर्म नाश किये ऐसे सिद्धदेव है ।
अष्टगुण प्रगट जिनके हुए स्वयमेव है ॥
मैं ऐसे सिद्धदेवकी शरण आ गया ॥२॥

वस्तु का स्वरुप बतावे वीतराग-वाणी है ।
तीन लोक के जीव हेतु महाकल्याणी है ॥
मैं जिनवाणी मां की शरण में आ गया ॥३॥

परिग्रह रहित दिगंबर मुनिराज है ।
ज्ञान ध्यान सिवा नहीं दूजा कोई काज है ॥
मैं श्री मुनिराज की शरण पा गया ॥४॥

# ફિરોઝાબાદ



ફિરોઝાબાદ : છોટી છિપેટીનાં મંદિરમાં પાંચ ભરતનાં ચોવીસ તીર્થંકર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ટૂન્ડલા જં. - ૨૦ કિ.મી.
  બસ સ્ટેશન - ટૂન્ડલા - ૧૮ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: દિલ્હી-આગ્રા હાઈવે પર સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: ટૂન્ડલા - ૧૮ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: શૌરીપુર-બટેશ્વર - ૩૫ કિ.મી.

ફિરોઝાબાદ ભારતનું એક મોટું ઔદ્યોગિક શહેર છે, કારણ કે અહીં કાચની જાત-જાતની બંગડીના મોટા-મોટા કારખાના છે. તેમજ કાચના ગ્લાસ વિગેરેના પણ કારખાના છે. સાંભળવા મુજબ ફિરોઝાબાદમાં નાના-મોટા થઈને કુલ ૩૪ જૈન મંદિરો છે. તેથી ફિરોઝાબાદને જૈનનગર પણ

કહે છે. અહીં મેઈન રોડ ઉપર શેઠ શ્રી છદામીલાલજી ટ્રસ્ટનું ખૂબ જ મોટું અને ભવ્ય જિનમંદિર છે. તે સ્વ. શ્રી છદામીલાલજી શેઠે એકલાએ જ બંધાવેલ છે. મેઈન રોડ ઉપર તેમણે જ યાત્રિકોને રહેવા માટે મોટી ધર્મશાળા બંધાવેલ છે, જેનું નામ સરસ્વતિ દેવી દિગંબર જૈન ધર્મશાળા છે. ધર્મશાળામાં ૪૦ રૂમ છે. ગાદલા-ઓશીકાની સગવડતા છે, પણ રૂમમાં હવા-પ્રકાશ નથી. મહેમાનોને ઉતરવા માટે ધર્મશાળામાં ૪૦ રૂમો ઉપરાંત ચાર મોટા હોલ પણ છે. અંધારી રૂમો છે. તેમજ બાથરૂમ-લેટ્રીન જનરલ છે, જે જરાય સારા નથી. ધર્મશાળાની બહાર ઘણી દુકાનો છે કે જ્યાં ચા-દૂધ, નાસ્તો, મિઠાઈ, વિગેરે ઘણી વસ્તુઓ વ્યાજબી ભાવથી મળે છે.

ફિરોઝાબાદમાં નીચે મુજબના મંદિરો મુખ્ય અને સુંદર છે.

૧. સ્વ. શ્રી છદામીલાલજી ટ્રસ્ટનું મોટું અને ભવ્ય મંદિર

૨. અટાવાલા દિગંબર જૈન મંદિર, ઘંટાઘર પાસે,

૩. શ્રી સુપાર્શ્વનાથજીનું મંદિર

૪. ચોવીસી ટોંક મંદિર, લોહીયાન ગલી (ગલીમાં ઊંડે-ઊંડે છે.)

૫. શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જિનમંદિર
(ગામમાં સદરબજારમાં ગલીમાં રહેણાંકના મકાનોની વચ્ચે છે.)

<u>સ્વ. શ્રી છદામીલાલજી દિગંબર જૈન મંદિરનું વર્ણન</u> :-

આ મંદિરના વિસ્તારનું નામ “જૈનનગર” છે. અંદર પ્રવેશતા જ સફેદ આરસનો માનસ્થંભ દશ્યમાન થાય છે. અહીં નીચે તથા ઉપર બંને જગ્યાએ ચારે દિશામાં ભગવાનની પ્રતિમાજીઓ છે. માનસ્થંભજીની ઊંચાઈ ૭૧ ફીટ છે. માનસ્થંભજી પછી કમ્પાઉન્ડમાં જલમંદિરની સુંદર રચના છે. મોટા હોજ જેવું બાંધેલું છે, જેમાં પાણી ભરેલું છે. વચ્ચે દેરીમાં ચરણપાદૂકા છે.

તેના પછી ઘણી ઊંચાઈ ઉપર આરસનું શિખરબંધ ભવ્ય જિનમંદિર છે. ઉપર જવા માટે બધા જ પગથિયાં આરસના છે. ઉંચી વેદી કરેલી છે. તેના ઉપર ત્રણ કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૬ ફીટના ભવ્ય છે. ગર્ભગૃહ (નિજ મંદિર) પણ ખૂબ જ મોટું છે. બંને બાજુ ચામર ઝુલાવતા ઈન્દ્રો ગળામાં મોતીની માળા પહેરી હોય તેવા છે. મંદિરના સભાગૃહના હોલની છત ઘણી ઊંચી છે. તેથી સભાગૃહ ભવ્ય લાગે છે. હોલમાં બંને તરફ ૧૦-૧૦ થાંભલા છે. આથી સભાગૃહ-મંદિરમાં ફુલ વેન્ટીલેશન છે. રચના અલૌકિક છે.

આ મુખ્ય મંદિરની પાછળ ખૂબ જ મોટો-અનેક જાતના પુષ્પોવાળો બગીચો છે અને આ બગીચામાં ઊંચી વેદી ઉપર શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસન ગ્રે કલર જેવા ભૂખરા રંગના પાષાણના ૩૫ ફીટ ઊંચા છે. નીચે ૧૦ ફીટની કમળની વેદી છે. આ રીતે શ્રી બાહુબલી ભગવાન ૧૦+૩૫ = કુલ ૪૫ ફીટ ઊંચા છે. ભગવાનની પાછળ મોટા ગોળાકાર ઘુમ્મટ જેવું લાલ

પાષાણનું સુંદર બાંધકામ બનાવેલ છે. શ્રી બાહુબલીજીના દર્શન કરવા માટે જતાં પહેલા ૧૦ પગથિયાં આવે છે. પછી ચોક જેવું આવે છે અને પછી ૫ પગથિયાં ચઢવાના આવે છે. તેના પછી ત્રણ કમળની ૧૦ ફીટની ઊંચાઈની વેદી ઉપર આ શ્રી બાહુબલીજીસ્વામી બિરાજમાન કર્યા છે. આ પ્રતિમાજીનું વજન ૧૩૦ ટન છે. આ મંદિરનો શિલાન્યાસ તા. ૧૨-૯-૧૯૭૩ના રોજ થયેલ અને મંદિર તા. ૨૪-૨-૧૯૭૫ના રોજ પૂર્ણ થયેલ છે. શિલ્પી શ્રી રેંજાલ ગોપાલ રોણે પદ્મશ્રી છે. આ પ્રતિમા તૈયાર કરતા ૧૮ મહિનાનો સમય થયો હતો અને તા. ૨-૫-૧૯૭૬ના રોજ તેની પ્રતિષ્ઠા કરવામાં આવેલી હતી. શ્રી બાહુબલી ભગવાનના મંદિરની ફરતી જે હદ છે તે પણ કમળની પાંખડીથી બનાવેલી છે.

આ રીતે સ્વ. શ્રી છદામીલાલજીનું મંદિર ઘણું જ મોટું, ભવ્ય અને અવશ્ય દર્શનીય છે.

બીજુ મંદિર ઘંટાઘર (ટાવર) પાસે છે, જેને અટાવાલા દિગંબર જૈન મંદિર કહે છે. અહીં પંચધાતુના શ્રી બાહુબલીસ્વામી ખડ્ગાસન છે. તે સિવાય સપ્તર્ષિની સાત મૂર્તિ પંચધાતુની છે. આખું ભક્તામરસ્તોત્ર આરસના પાટીયામાં કોતરેલું છે. ડાબી તરફ આરસના લાલ કમળની વેદી ઉપર શ્રી આદિનાથ ભગવાન બદામી રંગના પદ્માસને બિરાજમાન છે. તેમની બાજુમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન પદ્માસન ૩ ફીટના કમળની વેદી ઉપર બિરાજમાન છે. આ સિવાય પંચધાતુના સોળ સ્વપ્ન મંદિરમાં રાખેલ છે. દિવાલ ઉપર ગિરનારજીનું ઘણું મોટું ચિત્રપટ છે. તેવી જ રીતે સામેની દિવાલ ઉપર શ્રી સમ્મેદશિખરજીનું ઘણું મોટું ચિત્રપટ છે. જમણી તરફ લાલ કમળની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન ફેણવાળા ૧।।। ફીટના છે. તે સિવાય પંચધાતુના ચોવીસ તીર્થંકર ભગવંતો છે. આ સિવાય પંચધાતુના નાના-મોટા ઘણા પ્રતિમાજી છે.

બીજી દેરીમાં શ્યામ વર્ણના શ્રી બાહુબલીસ્વામી ખડ્ગાસન ૧ ફૂટના છે. તેમની બાજુમાં બીજા ત્રણ પદ્માસન પ્રતિમાજી છે. ત્યારબાદ મોટા કમળ ઉપર શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસન બદામી આરસના ૬ ફીટના છે. ત્યારબાદ પંચ બાલયતિ ભગવાન આરસના પદ્માસન છે. ત્યાર પછી પંચધાતુના શ્રી બાહુબલી ભગવાન ખડ્ગાસન છે. થાંભલામાં " ૐ " ચિત્રમાં પંચ પરમેષ્ટી ભગવાનનું મોટું ચિત્રપટ છે તથા બીજા થાંભલામાં " હ્રીં " શબ્દમાં ચોવીસ તીર્થંકરોનું ચિત્ર છે.

ત્રીજુ મંદિર ચોવીસી ટોંક મંદિર કહેવાય છે, જે લોહીયાન ગલીમાં આવેલું છે. ગલીમાં ગલી-તેમાં ગલી-તેમ ઊંડે-ઊંડે રહેણાંકના મકાનોની વચ્ચે આ મંદિર આવેલું છે. તેથી શોધતા થોડી વાર લાગે છે. પણ પૂછતા-પૂછતા મળી જાય છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા પદ્માસન ૩ ફીટના છે. ડાબી તરફ બદામી વર્ણના પદ્માસન મુનિની પ્રાચીન મૂર્તિ છે. જમણી તરફ શ્રી મહાવીરકીર્તિ મુનિની પદ્માસન મૂર્તિ છે. ત્યારબાદ એક જ મોટા સિંહાસનમાં પંચધાતુની નાનકડી ૩૬ મૂર્તિઓ છે. પાછળ ગોખલામાં શ્રી મહાવીર પ્રભુ બદામી આરસના ખડ્ગાસન ૨ ફીટના છે તથા પંચધાતુના પદ્માસન ૬ ઈંચના પંચબાલયતિ ભગવાન છે. મેડી ઉપર ચોવીસ દેરીમાં ચોવીસ તીર્થંકર ભગવંતો પદ્માસન-દરેક ૧ ફૂટના બિરાજમાન છે.

ચોથુ મંદિર શ્રી દિગંબર જૈન મંદિર ભેંસા વૃજપુરમાં છે. આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ વર્ણના ખડ્ગાસન, શ્રી નેમિનાથ ભગવાન બદામી વર્ણના ખડ્ગાસન તથા શ્રી મલ્લિનાથ ભગવાન બદામી વર્ણના ખડ્ગાસને છે. નીચેની વેદીમાં બદામી આરસના ચાર ભગવાન છે. સ્થંભ ઉપર ચારે દિશામાં ચાર દેરી છે, જે દરેક દેરીમાં ચારે દિશામાં પંચધાતુના ચાર ભગવાન છે.

આ મંદિરમાં નીચે ધર્મશાળા છે, જેમાં તદ્દન સામાન્ય અંધારી રૂમો છે. એટલે કે જરાય હવા-પ્રકાશ વિનાની રૂમો છે.

પાંચમું મંદિર શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જિનમંદિર પણ ગામમાં સદરબજારમાં ગલીમાં ગલી-તેમાં ગલી-તેમ રહેણાંકના ઘરોની વચ્ચે આવેલું છે. શોધતા વાર લાગે તેવું છે. આ મંદિરમાં કમળની વેદી ઉપર મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન છે. બંને બાજુ કમળની વેદી ઉપર સફેદ આરસના બે પદ્માસન પ્રતિમાજી છે. બીજી દેરીમાં શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસના પદ્માસન ૧। ફીટના છે. તે સિવાય નાના-મોટા થઈને બીજા સાત પ્રતિમાજી આરસના છે અને પંચધાતુના ત્રણ પદ્માસન પ્રતિમાજી છે. ત્રીજી દેરીમાં શ્રી શીતલનાથ ભગવાન કમળની વેદી ઉપર પદ્માસન ૧ ફૂટના છે. ચોથી દેરીમાં શ્રી મહાવીર પ્રભુ પદ્માસન ૧।।। ફીટના છે તથા પંચધાતુના નાના-મોટા થઈને બીજા સાત પ્રતિમાજી છે. પાંચમી દેરીમાં કમળની વેદી ઉપર શ્રી આદિનાથ ભગવાન સફેદ આરસના ૧। ફીટના પદ્માસને છે. છઠ્ઠી દેરીમાં શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ વર્ણના પદ્માસન પ્રાચીન ૧।। ફીટના છે તથા તે સિવાય બીજા નાના-મોટા થઈને આરસના પદ્માસન છ પ્રતિમાજી છે.

મંદિરમાં પ્રવેશતા ડાબી તરફ એક જ સળંગ આરસમાં શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ તથા શ્રી અરનાથ ભગવાન કમળની ૧ ફૂટની વેદી ઉપર ખડ્ગાસન બિરાજમાન છે, જે ખૂબ જ પ્રાચીન પ્રતિમાજી લાગે છે. તેમની ઉપર છત્ર પણ છે.

આ સિવાય ૧।। ફીટના સ્ફટિકમણિના ઘણા પ્રાચીન શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનના પદ્માસન પ્રતિમાજી છે. આ પ્રતિમાજી જમના નદીમાંથી મળેલ છે, જે અતિશયવાળી મૂર્તિ માનવામાં આવે છે. સ્ફટિકમણિ ઘણો જ કિંમતી-ખૂબ જ મોંઘો મણિ છે. તેની નાની-નાની પ્રતિમા ઘણે સ્થળે જોવા મળે છે. પરંતુ આવડા મોટા ૧।। ફીટના સ્ફટિકમણિના પ્રતિમાજી અહીં જ જોવા મળે છે. આ સિવાય આ જ વેદીમાં બીજા એક નાના પ્રતિમાજી પણ સ્ફટિકમણિના છે. તે સિવાય અહીં પદ્માસન ૬ ઈંચના રૂપેરી તથા સોનેરી ચાર પ્રતિમાજી અને બીજા નાના પ્રતિમાજી પદ્માસન છે. સ્ફટિકના ૧।। ફીટના આવા મોટા પ્રતિમાજી જમના નદીમાંથી કેવી રીતે મળ્યા હશે તે પણ વિચારવા જેવું છે.

આ રીતે ફિરોઝાબાદના મંદિરો અવશ્ય દર્શનીય હોઈને ફિરોઝાબાદ જવા જેવું તો જરૂર છે.

# ગિરનાર

નામ તથા એડ્રેસ : શ્રી દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર ગિરનારજી
જૂનાગઢ-૩૬૨૦૦૧ (ગુજરાત)

આવાગમન....... જૂનાગઢ રેલ્વે સ્ટેશનથી તળેટી ૭ કિ.મી.
જૂનાગઢ બસ સ્ટેન્ડથી તળેટી ૭ કિ.મી.

પહોંચવાનો સરળ માર્ગ... બસ દ્વારા

નજીકના મુખ્ય શહેર.... જૂનાગઢ-૭ કિ.મી.,
વેરાવળ સોમનાથ-૧૦૦ કિ.મી.,
રાજકોટ-૧૦૦ કિ.મી., અમદાવાદ-૩૦૦ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્રો..... શત્રુંજય વાયા સોનગઢ-૨૨૫ કિ.મી.,
સોમનાથ મંદિર-૧૦૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ :—ધર્મશાળામાં ૬૨ રૂમો છે જેમાં ૧૨ રૂમો અટેચ્ડ બાથરૂમ-લેટ્રીનવાળી છે. ધર્મશાળામાં ૫૦૦ યાત્રિકો માટે રહેવાની સગવડ છે. યાત્રિકો માટે ભોજનશાળા છે.

❀ સિદ્ધક્ષેત્રમાં મંદિરોની સંખ્યા ૭ છે. જેમાં ૧ મંદિર જૂનાગઢમાં, ૩ તળેટીમાં તથા ૩ મંદિર પર્વત ઉપર છે. ગિરનાર પર્વત ઉપર ભગવાન નેમિનાથના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક થયા છે. અહીંયા શ્રી ધરસેનાચાર્યના શિષ્ય પુષ્પદંત અને ભૂતબલિએ ષટ્ખંડાગમ ગ્રંથની રચના કરી હતી.

❀ આ ઉપરાંત જૂનાગઢમાં ઉપરકોટ કિલ્લો, રાજુલમહેલ, દરબાર હાલ કચહરી, નરસિંહ મહેતા ભક્ત મંદિર જોવાલાયક સ્થળ છે.

# મહુઆ

નામ તથા એડ્રેસ : શ્રી ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથ દિગમ્બર જૈન મંદિર
અતિશય ક્ષેત્ર, મહુઆ
મહુઆ જિલ્લો સુરત (ગુજરાત) પીન-૩૯૪૨૫૦

આવાગમન.... રેલ્વે સ્ટેશન : બારડોલી-૧૨ કિ.મી.
બસ સ્ટેન્ડ મહુઆ

પહોંચવાનો સરળ માર્ગ.... સુરત, મુંબઈ, અમદાવાદથી બસ સેવા ઉપલબ્ધ છે.
નેશનલ હાઈવે-૮ પર

નજીકના તીર્થક્ષેત્ર... શ્રી વિદ્યાનંદી સ્વામી દિ. જૈન મંદિર, કતારગામ (સુરત),
પાવાગઢ-૧૯૦ કિ.મી.,
શ્રી માંગીતુંગીજી સિદ્ધક્ષેત્ર-૧૯૦ કિ.મી.,
ગિરનાર-૪૫૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ... ધર્મશાળામાં ૧૮ રૂમો છે. તથા હોલ ૪ છે. ૨૫૦ યાત્રિકોને રહેવાની ક્ષમતા છે. યાત્રિકો માટે ભોજનશાળા પણ છે.

* આ ક્ષેત્રનું જૂનું નામ 'મધુપુરી' હતું. અહીં ૧૦૦૦ વર્ષ જૂનું મંદિર છે, આ વાત લાકડાના થાંભલાના લેખ ઉપરથી ખબર પડે છે. અહીં ભટ્ટારકની ગાદી હતી. આ ક્ષેત્ર સમતલ જમીન પર નદી કિનારે છે. જ્યારે દિ. જૈન તીર્થક્ષેત્ર પર્વત ઉપર છે.

* અહીંના મૂલનાયક ભગવાન વિઘ્નહર પાર્શ્વનાથની મૂર્તિની પ્રત્યે લોકોની અપાર શ્રદ્ધા છે. (અહીં જૈન તથા અજૈન શ્રદ્ધાળુઓનું નિરંતર આવાગમન ચાલુ રહે છે.) અહીં દર્શન કરવાથી વિઘ્ન દૂર થઈ જાય છે.

# પાવાગઢ

નામ તથા એડ્રેસ : શ્રી પાવાગઢ દિગમ્બર જૈન સિદ્ધક્ષેત્ર, પાવાગઢ
તા. હાલોલ, જિ. પંચમહાલ (ગુજરાત) પીન-૩૮૯૩૬૦

આવાગમન.... વડોદરા રેલ્વે સ્ટેશનથી ૫૦ કિ.મી.
બસ સ્ટેન્ડ પાવાગઢ

પહોંચવાનો સરળ માર્ગ.... વડોદરા અને ગોધરાથી બસ દ્વારા

નજીકના તીર્થક્ષેત્ર... મહુઆ ૨૫૦ કિ.મી., પાલીતાણા-૩૪૦ કિ.મી.,
ગિરનાર- ૪૮૦ કિ.મી., તારંગા-૩૦૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ...

ધર્મશાળામાં ૮૩ રૂમો છે. જેમાં ૨૩ રૂમો અટેચ્ડ બાથરૂમવાળા છે. તથા ૩૦ યાત્રિકોની ક્ષમતાવાળો એક કોમન હૉલ પણ છે. ૫૦૦ યાત્રિકો માટે રહેવાની સગવડ છે. યાત્રિકો માટે ભોજનશાળા છે.

❋ આ તીર્થક્ષેત્ર પર ૯ મંદિરો છે જેમાં ૭ મંદિર પહાડ ઉપર છે તથા ૨ મંદિર નીચે તળેટીમાં છે. આ એક ઐતિહાસિક સ્થળ છે. પર્વત ઉપર જૂના કિલ્લા, મહેલો અને ખંડહરો છે. તળેટીને ચાંપાનેર ગામના નામથી ઓળખાય છે.

રામચન્દ્ર કે સુત દોયવીર, લાડ નરેન્દ્ર આદિ ગુણધીર,
પાંચ કોડિ મુનિ મુક્તિ મઝાર, પાવાગઢ વંદો નિરધાર.

વિશેષ જાણકારી :- માછીથી પર્વત ઉપર જવા માટે રોપ-વેની વ્યવસ્થા પણ છે.

❀

# શ્રી શત્રુંજય

| | |
|---|---|
| આવાગમન...... | રેલ્વે સ્ટેશન : પાલીતાણા-૫ કિ.મી. |
| | બસ સ્ટેશન : પાલીતાણા-૩ કિ.મી. |
| પહોંચવાનો સરળ માર્ગ..... | ભાવનગરથી સડક રસ્તે |
| નજીકનું મુખ્ય શહેર..... | ભાવનગર-૭૦ કિ.મી. |
| નજીકના તીર્થક્ષેત્રો : | ઘોઘા–૭૦ કિ.મી., સુવર્ણપુરી (સોનગઢ)–૨૨ કિ.મી., ગિરનાર (જૂનાગઢ)-૧૭૦ કિ.મી. |

પાંડવ શુભ તીનં સિદ્ધ સહીતં, આઠ કોડ મુનિ મુક્તિ ગયે;
શત્રુંજય પૂજો, સન્મુખ હુજો, શાંતિનાથ શુભ મૂલ નયો.

શ્રી શત્રુંજયગિરિ ઘણું જૂનું નિર્વાણક્ષેત્ર છે. પાંડવોના કારણે આ ક્ષેત્ર પ્રસિદ્ધિ પામ્યું છે. યુદ્ધિષ્ઠિર, ભીમ અને અર્જુન–એ ત્રણ પાંડવો તથા આઠ કરોડ દ્રવિડ રાજા આઠ કર્મોનો નાશ કરીને અહીંથી મુક્તિ પામ્યા હતા. નિર્વાણકાંડમાં પણ તેનું વર્ણન આવે છે કે—

પાંડવ તીન દ્રવિડ રાજન, આઠ કોડિ મુનિ મુક્તિ પયાન;
શ્રી શત્રુંજયગિરિકે શીશ, ભાવ સહિત વંદો નિશદીસ.

સંસ્કૃત નિર્વાણકાંડમાં બતાવ્યા મુજબ શ્રી નેમિનાથ ભગવાનના નિર્વાણ થયાના સમાચાર સાંભળીને પાંચેય પાંડવોના ભાવ બદલાઈ ગયા અને શત્રુંજય પહાડ પર ધ્યાનસ્થ થઈ ગયા. તેમના ઉપર કૌરવોના ભાણેજે ઉપસર્ગ કરી, તેમને લોઢાના મુગટ-કુંડલ-હાર વિગેરે બનાવી ખૂબ જ ગરમ કરીને પહેરાવ્યા હતા. તે વખતે યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન–એ ત્રણે પાંડવો પોતાના આત્મધ્યાનમાં–શુક્લધ્યાનમાં જ મસ્ત રહ્યા અને આઠો કર્મોનો નાશ કરી મુક્તિ પામ્યા. જ્યારે સહદેવ અને નકુલને એવા ભાવ આવ્યા કે મોટા મુનિવરોને શું થતું હશે? માત્ર આવા આટલા શુભ ભાવ તેમને આવતાં તેઓને સ્વર્ગલોકનું સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું. શત્રુંજય પાંડવોની નિર્વાણભૂમિ તરીકે પ્રસિદ્ધ છે.

ભટ્ટારક શ્રી જ્ઞાનસાગરજીએ શત્રુંજયનું જે વર્ણન કર્યું છે તેમાં એમ લખ્યું છે કે શ્રી ઋષભદેવ ભગવાન અહીં ૨૨ વખત પધાર્યા હતા. શ્રી જ્ઞાનસાગરજીએ લખ્યું છે કે–

"શત્રુંજય સુવિશાલ નયર તિહો પાલીતાણા, અષ્ટ કોડિ મુનિ મુક્તિ સિદ્ધક્ષેત્ર બખાણી;
શ્રી ઋષભદેવ જિનરાજ વાર બાવીસ પધાર્યા, કહી ઉપદેશ અનંત ભવિક જીવ બહુ તાર્યા."

આ રીતે શત્રુંજય-પાલીતાણાનો પ્રાચીન ઈતિહાસ છે.

પાલીતાણામાં રેલ્વે સ્ટેશન છે. રેલ્વે સ્ટેશનથી શત્રુંજય પહાડ આશરે ૫ કિ.મી. દૂર છે. રેલ્વે સ્ટેશનથી દિગંબર જૈન ધર્મશાળા ૧.૫ કિ.મી. દૂર છે. જ્યારે ગુજરાત રાજ્યનાં એસ. ટી. બસ સ્ટેશનથી દિગંબર જૈન ધર્મશાળા તદ્દન નજીક જ છે. નગરનું નામ પાલિતાણા છે અને પહાડનું નામ શત્રુંજય છે. પાલીતાણામાં ભૈરવપુરામાં દિગંબર જૈન ધર્મશાળા છે. આ ધર્મશાળામાં ૪૦ જેટલી રૂમો છે. તેથી લગભગ ૧૫૦ યાત્રિઓ અહીં રહી શકે તેવી સગવડ છે. બજાર ધર્મશાળાથી નજીક છે. સડક રસ્તે પાલીતાણાથી સોનગઢ ૨૨ કિ.મી. છે જ્યારે પાલીતાણાથી ભાવનગર સડક રસ્તે ૫૨ કિ.મી. છે. ટ્રેઈન રસ્તે અમદાવાદથી શિહોર જં અને શિહોર જં. થી પાલીતાણા આવી શકાય છે. ભાવનગરથી પાલીતાણા બસ અર્ધો–અર્ધો કલાકે મળ્યા જ કરે છે. તેમજ પાલીતાણાથી જૂનાગઢ–ગિરનાર, ઘોઘા, અમદાવાદ, મહેસાણા, વિરમગામ, વિગેરે સ્થળો પર જવા માટે પુષ્કળ એસ.ટી. બસ મળે છે.

ક્ષેત્રનું સરનામુ— શ્રી શત્રુંજય દિગંબર જૈન ધર્મશાળા,
ભૈરવપુરા, પોસ્ટ–પાલીતાણા.
જિ. ભાવનગર (ગુજરાત) પીન-૩૬૪૨૭૦

આ ધર્મશાળાથી આશરે ૧ કિ.મી. દૂર માંડવી ચોકમાં એક દિગંબર જૈન મંદિર આવેલું છે. આ મંદિર વિ. સં. ૧૯૪૮માં થયું હતું અને તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૫૧ના માહ સુદ ૫નાં રોજ થઈ હતી. આ મંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન પદ્માસને ૨॥ ફીટના ધાતુના બિરાજમાન છે. તે સિવાય સફેદ પાષાણના શ્રી અરહનાથ ભગવાન પદ્માસને આશરે ૧॥ ફીટના છે તથા શ્રી આદિનાથ ભગવાન સફેદ આરસનાં પદ્માસન આશરે ૨। ફીટના તથા શ્રી અજીતનાથ ભગવાન આશરે ૧॥ ફીટના સફેદ આરસના પદ્માસને તથા શ્રી ચન્દ્રપ્રભ ભગવાન સફેદ આરસના આશરે ૨। ફીટના પદ્માસને બિરાજમાન છે. તે સિવાય અહીં આશરે ૧ ફીટની ધાતુની બે ચોવીસી પણ છે તથા નંદીશ્વરની એક ચૌમુખી પણ ધાતુની છે. આ સિવાય પંચમેરૂ શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી મલ્લિનાથજી, શ્રી સુપાર્શ્વનાથજી, વિગેરે ધાતુના નાના-નાના પદ્માસન પ્રતિમાજી પણ ઘણા છે. આ સિવાય આ મંદિરમાં યંત્રો પણ ઘણાં છે, જેવાં કે–સોલહકારણ યંત્ર, દસલક્ષણ યંત્ર, શ્રુતસ્કંધ યંત્ર, ણમોકાર મંત્ર વિગેરે. મંદિરનો સભામંડપ પણ સુંદર છે.

પહાડ ઉપરના મંદિરનો ઈતિહાસ :—પાલીતાણા પર્વત ઉપર માત્ર એક જ દિગંબર જૈન મંદિર છે. આ પર્વત પર બે ટોંક છે. નવ ટોંક ઉપર કોઈ દિગંબર મંદિર નથી.

મોટી ટોંક ઉપર એક પ્રાચીન શ્રી શાંતિનાથ દિગંબર જૈન મંદિર છે. આ મંદિરમાં ૯ વેદી છે. મુખ્ય વેદીમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસનાં પ્રતિમાજી છે, જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૮૬માં શાહજાહાંના સમયમાં વૈશાખ સુદ ૫ના રોજ થઈ હતી. આ મંદિરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસનાં પદ્માસન ૩ાા ફીટના પ્રતિમાજી છે. તેમની બાજુમાં શ્રી અરિહંત ભગવાન ધાતુના ખડ્ગાસને આશરે ૨। ફીટના પ્રતિમાજી છે તથા શ્રી નેમિનાથ ભગવાન કાળા આરસનાં પદ્માસને આશરે ૧ાાા ફીટના તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસનાં પદ્માસને આશરે ૧ાા ફીટના તથા શ્રી ચન્દ્રપ્રભ ભગવાન સફેદ આરસના પદ્માસને આશરે ૧ ફીટના છે. તે સિવાય ડાબી તરફ શ્રી અરિહંત ભગવાન ધાતુના ખડ્ગાસન આશરે ૨। ફીટના છે અને શ્રી મુનિસુવ્રત ભગવાન કાળા આરસમાં પદ્માસને આશરે ૧ાાા ફીટના તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના પદ્માસને ૨। ફીટના છે.

વેદી નં ૨માં શ્રી કુન્થુનાથ ભગવાન પદ્માસને આશરે ૧ ફીટના સફેદ આરસનાં છે. તેમની બાજુમાં શ્રી અરિહંતજી સફેદ ધાતુના પદ્માસને તથા શ્રી કુન્થુનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસને બિરાજમાન છે. વેદી નં. ૩માં શ્રી અજીતનાથ ભગવાન સફેદ આરસના પદ્માસને આશરે ૨ાા ફીટના છે. તેમના પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૬૩માં થઈ હતી. વેદી નં. ૪માં શ્રી ચન્દ્રપ્રભુ ભગવાન સફેદ આરસના પદ્માસને આશરે ૧ ફીટના છે તથા શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસને આશરે ૦ાા ફીટના છે તથા શ્રી અરિહંત ભગવાનનાં પદ્માસન બે પ્રતિમાજી છે. વેદી નં. ૫માં શ્રી સુપાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના આશરે ૨ ફીટનાં પદ્માસન પ્રતિમાજી છે. વેદી નં. ૬માં શ્રી યુધિષ્ઠિરની ધાતુની ખડ્ગાસન આશરે ૧ ફીટની મૂર્તિ છે. વેદી નં. ૭માં શ્રી ચિંતામણી પાર્શ્વનાથની પદ્માસને આશરે ૨ ફીટની ધાતુની પદ્માસન પ્રતિમાજી છે. વેદી નં ૮માં શ્રી ભીમ તથા અર્જુનની ખડ્ગાસન ધાતુની આશરે ૧ ફીટની મૂર્તિ છે. વેદી નં ૯માં શ્રી વિઘ્નહર પાર્શ્વનાથની પદ્માસન આશરે ૨ ફીટની પ્રતિમાજી છે. તે સિવાય ધરણેન્દ્ર અને પદ્માવતીની ૨ મૂર્તિ છે તથા રંગમંડપમાં ક્ષેત્રપાલ અને ઋષિમંડલની ૨ પ્રતિમા છે.

મંદિરની ડાબી તરફ શ્રી ઋષભદેવ તથા શ્રી સંભવનાથજીના ચરણચિહ્ન સ્થાપિત કરેલા છે. મંદિરની પશ્ચિમ તરફ ત્રણ દેરીઓમાં ૫ ચરણચિહ્ન સ્થાપિત છે. તેમજ એક નાનકડી શીખરબંધ દેરીમાં ૩ પાંડવોના ચરણચિહ્ન છે. આ રીતે અહીં કુલ ૧૩ ચરણો છે.

પરમ કૃપાળુ પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ સંઘ સાથે પાલીતાણા તીર્થની યાત્રા કરેલ હતી.

# અતિશયક્ષેત્ર ઘોઘા

આવાગમન...... રેલ્વે સ્ટેશન : ભાવનગર-૧૮ કિ.મી.
બસ સ્ટેશન : ઘોઘા-૧ કિ.મી.

પહોંચવાનો સરળ માર્ગ..... ભાવનગરથી સડક રસ્તે

નજીકનું મુખ્ય શહેર..... ભાવનગર-૧૮ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્રો : પાલીતાણા–૭૦ કિ.મી.,
સુવર્ણપુરી (સોનગઢ)–૫૦ કિ.મી.,
ગિરનાર (જૂનાગઢ)-૨૪૦ કિ.મી.

ઘોઘા ભાવનગર શહેરથી ૧૮ કિ.મી. દૂર છે. ભાવનગરથી ગુજરાત રાજ્યની એસ.ટી. બસ દર અર્ધા કલાકે મળે છે. ઘોઘા અગાઉં મોટું બંદર હતું તે વખતે ઘોઘાની જાહોજલાલી ખૂબ જ હતી. તે વખતે ત્યાં દિગંબર જૈનોનાં આશરે ૧૨૦૦ ઘર હતાં. કાળાનુક્રમે ત્યાંની વસ્તી ઘટતી ગઈ. વિ. સં. ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળ પછી ત્યાં રોગચાળો ફાટી નીકળેલ અને તે સમયે ઘોઘા સંપૂર્ણ ખાલી થઈ ગયું અને બધા ભાવનગર શહેરમાં આવીને વસ્યા.

આ ઘોઘામાં એક જ સંકુલમાં નાનકડા ૩ શિખરબંધ મંદિરો છે, જેમાં ૪ વેદી છે તથા એક સહસ્રકૂટ ચૈત્યાલય છે. આ મંદિરમાં પાષાણ, સ્ફટિકમણિ તથા અષ્ટધાતુનાં પ્રતિમાજી છે. જે આશરે ૧૫મી તથા ૧૬મી શતાબ્દિમાં પ્રતિષ્ઠિત થયેલાં છે. તેમાં ૨ મંદિરમાં ૩ પાષાણની મૂર્તિઓ સ્વયં પ્રાચીનતાનું પ્રમાણ બતાવે છે. કારણ કે આ પ્રતિમાઓના આસન પર કોઈ ચિહ્ન છે નહીં તથા કોઈ પ્રશસ્તિ લખેલ નથી. આ પ્રતિમાઓના કાન જોતા મૂર્તિની પ્રાચીનતા સાબિત થાય છે. આ પ્રતિમાઓ ચોથા કાળની છે તેમ નક્કી થાય છે.

અહીં શ્રી ચન્દ્રપ્રભુ મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનની કાળા પાષાણની પ્રતિમા અતિશયકારી ગણાય છે. લોકો તેની માનતા પણ માનતા હતા. ત્યાં માટે એવું સંભળાય છે કે રાત્રે અહીંના મંદિરમાં ઘંટારવ સંભળાય છે. તે સિવાય બીજી દંતકથાઓ પણ આ પ્રતિમાજી વિશે છે. પણ તે માટે કોઈ શાસ્ત્રોક્ત આધાર મળતા નથી.

અહીંના એક મંદિરમાં શ્રી આદિનાથજી મૂળનાયક છે અને બીજા મંદિરમાં શ્રી ચન્દ્રપ્રભુજી મૂળનાયક છે. તે સિવાય ધાતુના સહસ્રકૂટ ચૈત્યાલયમાં ૧૦૦૮ પ્રતિમાજી છે. આ ચૈત્યાલયની ઉંચાઈ આશરે ૩ા ફીટની છે. તેનો પ્રતિષ્ઠાકાળ વિ. સં. ૧૬૧૧ છે આવી

સહસ્રકૂટ ધાતુની પ્રતિમા ભારતના બહુ ઓછા મંદિરમાં જોવા મળે છે. અહીં ઘોઘામાં બે સ્ફટિકમણિના મોટા પ્રતિમાજી હતા. અહીં હવે દિગંબર જૈનોની વસ્તી ન હોવાથી તે બંને પ્રતિમાજીને ભાવનગરના હુમ્મડના ડેલામાં આવેલ દિગંબર જૈન મંદિરમાં લઈ જવામાં આવેલ છે. ઘોઘા એક છેડે જુદું પડી જાય છે. હાલ આ મંદિરનો વહીવટ ભાવનગરનાં હુમ્મડનાં ડેલામાં આવેલ દિગંબર જૈન મંદિર હસ્તક ચાલે છે. ઘોઘાનો દરીયો તદ્દન નજીક છે. બહુ દૂર નથી. તેથી લોકો દરીયો જોવા ચાલતાં જઈ શકે છે. ત્યાં દીવાદાંડી પણ છે.

ઘોઘામાં શ્વેતાંબર જૈનનું વિશાળ મંદિર આવેલું છે, જ્યાં શ્રી નવખંડા પાર્શ્વનાથ તેમજ અન્ય ભગવાનની પ્રતિમાઓ છે. અહીં સવારે ચા–નાસ્તાની તથા સવાર-સાંજ જમવાની પણ વ્યવસ્થા છે, જેનો લાભ શ્વેતાંબર કે દિગંબર-કોઈપણ જૈન ભાઈ-બ્હેનો લઈ શકે છે.

ઘોઘાના ચોથા કાળના પ્રતિમાજીના દર્શન કરીને લોકો પોતાને ધન્ય અનુભવે છે અને આનંદિત થાય છે.

પુરાણોમાં શ્રીપાલજીનું ચરિત્ર આવે છે. તેમાં ઉલ્લેખ છે કે ધવલ શેઠે તેમને સમુદ્રમાં ફેંક્યા હતા. પછી શ્રીપાલજી સમુદ્ર પાર કરીને દરીયાકિનારા ઉપર આવ્યા હતા. પછી તેમણે ઘોઘામાં સહસ્રકૂટ ચૈત્યાલયના મંદિરના દરવાજા ખોલ્યા હતા. તે સ્થાન આ હોય તેવું લાગે છે કારણ કે દરીયાકિનારે સહસ્રચૈત્યાલય હોય તેવું માત્ર ઘોઘા બંદરે જ છે.

# તારંગાજી

નામ તથા એડ્રેસ : શ્રી દિગમ્બર જૈન સિદ્ધક્ષેત્ર તારંગાજી
કોઠી તારંગાજી પો. તારંગા ટેમ્પલ,
તા. સતલાસણા, જિ. મહેસાણા (ગુજરાત) પીન-૩૮૪૩૫૦

આવાગમન... રેલ્વે સ્ટેશન–મહેસાણા–૮૦ કિ.મી., પાલનપુર-૭૫ કિ.મી.
બસ સ્ટેન્ડ–તારંગાજી.

પહોંચવાનો સરળમાર્ગ... સડકમાર્ગ

નજીકનું શહેર... સતલાણસા–૮ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્ર... વિદ્યાસાગર તપોવન–૨ કિ.મી.,
ડેરોલ વાયા વડાલી-૬૫ કિ.મી.,
ચિંતામણી પાર્શ્વનાથ વાયા ઈડર-૯૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

યાત્રિઓ માટે ૯૭ રૂમો છે. જેમાં ૮ રૂમ અટેચ છે તથા ત્રણ હૉલ છે જેમાં લગભગ ૧૫૦ યાત્રીઓની સુવિધા છે. યાત્રીઓ માટે ભોજનશાળા ચાલુ છે.

* આ તીર્થક્ષેત્ર પર કોટિશિલા, સિદ્ધશિલા સહિત ૧૮ મંદિર છે. અહીંથી વરદત્તાદિ, સાગરદત્તાદિ ૩૦ કરોડમુનિ મોક્ષ ગયા છે. મૂળનાયક સંભવનાથ ભગવાનનું મંદિર છે.

* દર વર્ષે કારતક પૂનમના દિવસે અહીં મેળો ભરાય છે. અહીં સંતનિવાસમાં ૧૦ રૂમ તથા ૩૫૦ માણસોનો પ્રવચન હૉલ છે.

# અન્તરિક્ષ પાર્શ્વનાથ

| | |
|---|---|
| નામ તથા એડ્રેસ : | શ્રી અન્તરીક્ષ પાર્શ્વનાથ સ્વામી દિગંબર જૈન સંસ્થાન<br>પો. શિરપુર તા. માલેગાંવ જિ. વાશિમ (મહારાષ્ટ્ર) |
| આવાગમન... | રેલ્વે સ્ટેશન વાશિમથી ૩૦ કિ. મી. |
| | બસ સ્ટેન્ડ મંદિરથી ૫૦૦ ફૂટ દૂરી પર. |
| પહોંચવાનો સરળમાર્ગ... | રેલ તથા રોડ દ્વારા |
| નજીકનું શહેર... | વાશિમ ૩૦ કિ. મી. |
| નજીકના તીર્થક્ષેત્ર... | નવાગઢ અતિશય ક્ષેત્ર, નેમગિરિ અતિશય ક્ષેત્ર, ભાતકુલી સિદ્ધક્ષેત્ર, મુક્તાગિરિ સિદ્ધક્ષેત્ર, કારંજા (લાડ) ગુરુકુળ. |

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશયક્ષેત્રમાં યાત્રિઓ માટે ૬૦ રૂમો છે જેમાં ૧૦ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે. ત્રણ મોટા હોલ છે. જેમાં લગભગ ૩૦૦ યાત્રિઓને રહેવાની સુવિધા છે અને ભોજનશાળા ચાલુ છે.

❋ આ ક્ષેત્ર પર ત્રણ પ્રાચીન મંદિર છે અને એક નવું મંદિર છે. ગામની વચ્ચેના મંદિરમાં શ્રી ૧૦૦૮ અંતરીક્ષ પાર્શ્વનાથ દિગમ્બર જૈન પ્રાચીન પ્રતિમા જમીનથી ઊપર (અંતરીક્ષ)માં બિરાજમાન છે. ૧૬ અન્ય દેરીઓ છે. બે વિશેષ મન્દિર કાળા પત્થરથી બનાવેલ બગીચામાં છે.

❋ અહીંના કુવાના પાણીથી નહાવાથી કોઢ, ચામડીના રોગો, તથા શરીરના વિકાર નાશ પામે છે–એવી માન્યતા છે. અહીંની જૂની ઈટ (પત્થર) પાણીમાં તરે છે. આ મંદિરની પાસે એક નવું પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે.

# ભાતકુલી જૈન

| | |
|---|---|
| નામ તથા એડ્રેસ : | શ્રી આદિનાથ સ્વામી દિગમ્બર જૈન સંસ્થાન ભાતકુલી જૈન જિ. અમરાવતી. (મહા.) |
| આવાગમન... | રેલ્વે સ્ટેશન બડનેરા (સેન્ટ્રલ રેલ્વે) થી ૨૦ કિ. મી. બસ સ્ટેન્ડ–અમરાવતીથી ૧૮ કિ.મી. |
| પહોંચવાનો સરળમાંર્ગ... | રેલ્વે તથા સડક રસ્તે |
| નજીકનું શહેર... | અમરાવતી |
| નજીકના તીર્થક્ષેત્ર... | ભામદેવી–૪૦ કિ.મી., મુક્તાગિરિ–૬૦ કિ.મી., શિરપુર–૧૫૦ કિ.મી., કારંજા લાડ–૭૫ કિ.મી., નેમગિરિ–૨૦૦ કિ.મી., રામટેક–૨૩૦ કિ.મી. વાટોળા રામનાથ-૬૮ કિ.મી. |

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશય ક્ષેત્ર પર ૧૧ રૂમો છે તથા ૨ હોલ છે અને એક ગેસ્ટહાઉસ છે. યાત્રિઓ માટે ભોજનશાળા અનુરોધ પર ચાલુ છે.

* પૂજ્ય નેમસાગરજી મહારાજના સાનિધ્યમાં પ્રતિષ્ઠિત ભગવાન-આદિનાથની મૂળનાયક પ્રતિમા લગભગ ૩૦૦ વર્ષ પહેલાની છે. ૧૮મી સદીના અંત સમયમાં ગામ પ્રમુખના સ્વપ્નથી નીકાળેલી મૂર્તિ છે.

# એલોરા (વેરુલ)

નામ તથા એડ્રેસ : શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન (પહાડ) મંદિર
એલોરા (વેરુલ)
તા. ખુલતાબાદ, જિ. ઔરંગાબાદ (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન ઔરંગાબાદ–૩૦ કિ.મી.,
ચાલીસગાંવ–૬૦ કિ.મી.
બસ સ્ટેન્ડ ઔરંગાબાદ–૩૦ કિ.મી., કન્નડ–૩૦ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... રેલ તથા સડકમાર્ગ.

નજીકનું શહેર... ઔરંગાબાદ.

નજીકના તીર્થક્ષેત્ર... જટવાડા જૈનગિરિ–૨૫ કિ.મી., કચનેર–૬૫ કિ.મી.
પૈઠણ–૮૦ કિ.મી., માંગીતુંગી વ ગજપંથા–૧૮૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશય ક્ષેત્ર પર યાત્રિઓ માટે ૧૭ રૂમ છે. જેમાં ૭ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે. અને ૪ હૉલ છે જેમાં ૧૦૦ યાત્રિઓને રોકાવાની વ્યવસ્થા છે. તમારા અનુરોધ પર ભોજન બનાવી આપે છે.

* પર્વત ઉપર ૧૬ ફૂટ ઊંચી ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ સાતિશય અને અદ્દભુત છે.
* વિશ્વવિખ્યાત એલોરાની ગુફામાં બૌદ્ધ, હિન્દુ, જૈનધર્મની ગુફાઓ છે. ૩૦ થી ૩૪ સુધી જૈન ગુફાઓમાં વાસ્તુકલા, શિલ્પકલા, ચિત્રકલાની ઉત્કૃષ્ટ ધરોહર છે.

# ગજપંથા

નામ તથા એડ્રેસ : શ્રી દિગમ્બર જૈન સિદ્ધક્ષેત્ર ગજપંથા
ગામ. મહસરૂલ, તા. અને જિ. નાસિક (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન નાસિક રોડ–૧૬ કિ.મી.
બસ સ્ટેન્ડ ઔરંગાબાદ–૩૦ કિ.મી., કન્નડ–૩૦ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... રેલ તથા સડકમાર્ગ.

નજીકનું શહેર... નાસિક સેન્ટ્રલ બસ સ્ટેન્ડથી ૫ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્ર... માંગીતુંગી–૧૨૮ કિ.મી., કચનેર–૨૧૫ કિ.મી.,
પૈઠણ–૨૩૫ કિ. મી., કુંથલગિરિ–૩૦૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ સિદ્ધક્ષેત્રમાં યાત્રિઓ માટે ૯૪ રૂમો છે જેમાં ૨૪ રૂમ અટેચ્ડ બાથરૂમવાળી છે. અને એક વિશાળ હૉલ છે જેમાં ૫૦૦ યાત્રિઓની રહેવાની ક્ષમતા છે. ભોજનશાળા ચાલુ છે.

* આ સિદ્ધક્ષેત્રથી ૭ બળભદ્ર અને આઠ કરોડ મુનિ મોક્ષમાં ગયા છે. મૂળનાયક મહાવીર ભગવાનની પ્રતિમા ધર્મશાળાના મંદિરમાં છે. પહાડ ઉપર ૩ ગુફા મંદિર છે અને ૨ નવનિર્મિત જિનાલય છે. અહીંયા ગુફાને લેણી કહે છે. ભગવાન પાર્શ્વનાથની ગુફા દર્શનીય છે.

# કારંજા

નામ તથા એડ્રેસ : શ્રી દિગમ્બર જૈન અતિશય ક્ષેત્ર કારંજા (લાડ)
શ્રી મ. બ્ર. આશ્રમ, કારંજા (લાડ) જિ. વાશિમ (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન–મૂર્તિજાપુર–૩૨ કિ.મી.
બસ સ્ટેન્ડ–કારંજા(લાડ)

પહોંચવાનો સરળમાર્ગ... રેલ અને સડક રસ્તે.

નજીકનું શહેર... વાશિમ-૬૫ કિ.મી., અમરાવતી–૬૫ કિ.મી., અકોલા-૨ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્ર... મુક્તાગિરિ–૧૧૫ કિ.મી., ભાતકુલી–૯૫ કિ.મી., શિરપુર અંતરીક્ષ પાર્શ્વનાથ–૧૧૫ કિ.મી., વાડોણા (રામનાથ)–૨૫ કિ.મી., ડિગ્રસ–૪૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશયક્ષેત્રમાં ૧૫ રૂમોવાળી ધર્મશાળા છે. તેમાં ૫ રૂમ અટેચ બાથરૂમવાળા છે અને ૨ હૉલ છે. જેમાં ૧૦૦ યાત્રિઓને ઉતરવાની સુવિધાવાળા છે. યાત્રિઓના અનુરોધ પર ભોજન બનાવી આપવામાં આવે છે.

❀ આ અતિશય ક્ષેત્રમાં ૪ મંદિરો આવેલ છે. પ્રાચીનકાળમાં અહીં સેનગણ, કાષ્ઠાસંઘ અને બલાત્કારગણ નામની ત્રણ ભટ્ટારક ગાદીઓ હતી. સેનગણ સંબંધિત મંદિરમાં મૂળનાયક ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા સાથે ૬૨ પાષાણની અને ૪૯ ધાતુઓની પ્રતિમાઓ છે. નંદીશ્વરદ્વીપની રચના કાંચની છે. કાષ્ઠાસંઘ સંબંધિત મંદિરમાં મૂળનાયક ચન્દ્રપ્રભુની પદ્માસન પ્રતિમા છે અને લાકડામાંથી બનેલ ૪૨ થાંભલાવાળું દારુમમંડપ જોવાલાયક છે. બલાત્કારગણ સંબંધિત મંદિરમાં ચન્દ્રપ્રભુની પ્રતિમા અને બે સહસ્રકૂટ જિનાલય છે. અહીં રહેવાની સુવિધા છે.

અહીં કંકુબાઈ જૈન શ્રાવિકાશ્રમ પણ છે.

# કુમ્ભોજ બાહુબલી

નામ તથા એડ્રેસ : શ્રી બાહુબલી બ્રહ્મચર્યાશ્રમ અને બાહુબલી વિદ્યાપીઠ
અતિશય ક્ષેત્ર બાહુબલી (કુમ્ભોજ)
તા. હાતકણંગલે, જિ. કોલ્હાપુર (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન–હાતકણંગલે–૮ કિ.મી.
બસ સ્ટેન્ડ–હાતકણંગલે–૮ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... સડક રસ્તે હાતકણંગલેથી બસ અથવા જીપ દ્વારા.

નજીકના તીર્થક્ષેત્ર... ધર્મનગર-૧૬ કિ.મી., નાંદણી-૨૫ કિ.મી.,
કોથલી-૪૫ કિ.મી., સ્તવનિધિ–૭૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશય ક્ષેત્રમાં ૪૦ રૂમ છે. જેમાં ૧૦ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે. ૬ હૉલ છે અને ૨ ગેસ્ટ હાઉસ છે. અનુરોધ કરવાથી ભોજન બનાવી આપે છે.

* ભગવાન બાહુબલીની ૨૮ ફૂટ ઊંચી મનોહર મૂર્તિની સાથે શ્રી મહાવીર સમવશરણ જિનમંદિર, સ્વયંભૂમંદિર, રત્નત્રય જિનમંદિર, નંદીશ્વર–પંચમેરૂની સુંદર રચના, માનસ્તંભ, કીર્તિ-સ્તંભ જોવાલાયક છે. પ્રાચીનકાળમાં અનેક મુનિઓની તપોભૂમિ રહેલ છે.

# કુંથલગિરિ

| | |
|---|---|
| નામ તથા એડ્રેસ : | શ્રી દિગમ્બર જૈન સિદ્ધક્ષેત્ર કુંથલગિરિ<br>વાયા વાર્શી, તા. ભૂમ જિ. ઉસ્માનાબાદ (મહા.) |
| આવાગમન... | રેલ્વે સ્ટેશન–કુર્દૂવાડી–૬૦ કિ.મી.<br>બસ સ્ટેન્ડ–ભૂમ-૧૨ કિ.મી., કુંથલગિરિ ફાટા–૩ કિ.મી. |
| પહોંચવાનો સરળમાર્ગ... | વાયા ઉસ્માનાબાદ સડક રસ્તે ૬૦ કિ.મી. |
| નજીકનું શહેર.... | ઉસ્માનાબાદ-૬૦ કિ.મી.. |
| નજીકના તીર્થક્ષેત્ર... | તેર–૬૦ કિ.મી., સાવરગાંવ–૧૦૦ કિ.મી.<br>કચનેર–૧૬૫ કિ.મી., પૈઠણ–૧૩૫ કિ.મી. |

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ સિદ્ધક્ષેત્રમાં ૮૯ રૂમોવાળી ધર્મશાળા છે. જેમાં ૯ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે તથા ૧૦૦ યાત્રિઓની ક્ષમતાવાળો એક હૉલ છે. યાત્રિઓ માટે ભોજનશાળા ચાલુ છે.

❋ આ સિદ્ધક્ષેત્ર કુલભૂષણ અને દેષભૂષણ મુનિઓની મોક્ષભૂમિ છે. પર્વત ઉપર ૭ મંદિર અને તળેટીમાં ૪ મંદિર છે. તળેટીમાં નેમિનાથ, મહાવીરસ્વામી, રત્નત્રય અને સમવસરણ મંદિર છે. પર્વત ઉપર કુલભૂષણ–દેશભૂષણમંદિર, શાંતિનાથમંદિર, બાહુબલી મંદિર, આદિનાથમંદિર, અજિતનાથમંદિર તથા નંદીશ્વરમંદિર જિનાલય છે.

# માંગીતુંગી

| | |
|---|---|
| નામ તથા એડ્રેસ : | શ્રી માંગીતુંગી દિગંબર જૈન સિદ્ધક્ષેત્ર<br>તા. સટાણા, જિ. નાસિક (મહા.) |
| આવાગમન... | રેલ્વે સ્ટેશન–મનમાડ–૧૦૦ કિ.મી.<br>બસ સ્ટેન્ડ–તાહરાબાદ–૧૧ કિ.મી |
| પહોંચવાનો સરળમાર્ગ... | મનમાડ, માલેગાંવ, નાસિકથી બસ દ્વારા. |
| નજીકનું શહેર... | મનમાડ–૧૦૦ કિ.મી. |
| નજીકના તીર્થક્ષેત્ર... | ગજપંથા–૧૨૫ કિ.મી., મહુવા–૧૭૫ કિ.મી., એલોરા–૧૮૦ કિ.મી., કચનેર–૨૫૦ કિ.મી., પૈંઠણ–૨૫૦ કિ.મી. |

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ સિદ્ધક્ષેત્રમાં ૩૫ રૂમો અટેચ્ડ બાથરૂમવાળા છે અને ૩૫ રૂમો કોમન (બાથરૂમ વગરના) છે. તથા ૫ મોટા હોલ છે. યાત્રિઓ માટે ભોજનશાળા ચાલુ છે.

* આ સિદ્ધક્ષેત્રમાં ૧૫ મંદિરો છે. ૭ મંદિર માંગીજી ઉપર છે, ૪ મંદિર તુંગીજી ઉપર છે અને ૩ મંદિર તળેટીમાં છે. સહસ્રકૂટ જિનમંદિરમાં ૧૦૦૮ પ્રતિમાઓ છે.
* આ સિદ્ધક્ષેત્ર દક્ષિણ ભારતનું સમ્મેદશિખર કહેવાય છે. અહીંથી શ્રીરામ, હનુમાન, સુગ્રીવ, નીલ, મહાનીલ સહિત ૯૯ કરોડ મુનિરાજ મોક્ષે ગયા છે. સીતાજી પણ અહીંથી સ્ત્રીલિંગ છેદીને ૧૬મા સ્વર્ગમાં પ્રતિઈન્દ્ર થઈ છે. શ્રીકૃષ્ણનું મૃત્યુ અને દાહસંસ્કાર પણ અહીં થયો છે.

# નેમગિરિ, જિંતૂર

નામ તથા એડ્રેસ : શ્રી દિગમ્બર જૈન અતિશય ક્ષેત્ર નેમગિરિ સંસ્થાન, જિંતૂર. મેન રોડ, જિંતૂર જિ. પરભની (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન–પરભની–૪૩ કિ.મી.
બસ સ્ટેન્ડ–જિંતૂર–૩ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... જિંતૂર સડક રસ્તે.

નજીકનું શહેર... પરભની–૪૩ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્ર... નવાગઢ–૫૦ કિ.મી., આસેગાંવ–૭૦ કિ.મી., શિરડ શહાપુર–૫૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશય ક્ષેત્રમાં ૨૦ રૂમો છે. જેમાં ૪ રૂમ અટેચ બાથરૂમવાળા છે તથા ૨ હૉલ છે, જેમાં ૧૦૦ યાત્રિઓની રહેવાની સુવિધા છે.

❋ નેમગિરિ અને ચન્દ્રગિરિ ઉપર મંદિર અને ૭ ગુફાઓ ચક્રવ્યૂહાકાર છે. ત્રણ નંબરની ગુફામાં ભગવાન શાંતિનાથની ૫ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા, ચોથી ગુફામાં મૂળનાયક નેમિનાથ ભગવાનની સવા છ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા અને પાંચમી ગુફામાં પાર્શ્વનાથ ભગવાનની ૯ ટન વજનવાળી ૫ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા જમીનથી ઉપર અંતરીક્ષમાં બિરાજમાન છે.

ચન્દ્રગિરિ ઉપર પ્રાચીન ચોવીસી મંદિર છે.

# પોદનપુર (બોરીવલી)

નામ તથા એડ્રેસ : શ્રી આચાર્ય શાંતિસાગર સ્મારક ટ્રસ્ટ તીનમૂર્તિ પોદનપુર
પોદનપુર(નેશનલ પાર્ક), ટાટા પાવર હાઊસની પાસે,
બોરીવલી (પૂર્વ) મુંબઈ-૬૬.

આવાગમન... રેલ્વે સ્ટેશન-બોરીવલી-૪ કિ.મી.
બસ સ્ટેન્ડ-બોરીવલી-૪ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... બોરીવલીથી લોકલ બસ, ઓટો રીક્ષા, ટેક્સી વગેરે..

નજીકનું શહેર... મુંબઈ મહાનગર

નજીકના તીર્થક્ષેત્ર... ગજપંથા (નાસિક)-૨૦૦ કિ.મી.,
કુમ્ભોજ બાહુબલી-૪૦૦ કિ.મી.,
મહુઆ પાર્શ્વનાથ-૨૦૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

અતિશય ક્ષેત્ર પોદનપુરમાં ૩૫ રૂમો છે જેમાં ૧૫ રૂમ અટેચ્ડ બાથરૂમવાળા છે. તથા ૨ હોલ છે જેમાં ૧૦૦ યાત્રિઓની ઉતરવાની ક્ષમતા છે. યાત્રિઓ માટે ભોજનશાળા ચાલુ છે.

* અહીં ભગવાન આદિનાથની ૧૦ મીટર ઊંચી મૂર્તિ છે તેમની બંને બાજુ ભરત ચક્રવર્તી અને ભગવાન બાહુબલીની ૫-૫ મીટર ઊંચી મૂર્તિ છે. આ મૂર્તિની બાજુના ભાગમાં ૨૪ તીર્થંકરોની દર્શનીય મૂર્તિઓ છે અને ઘણાં આચાર્યોનાં ચરણ બિરાજમાન છે.

# રામટેક

નામ તથા એડ્રેસ : શ્રી ૧૦૦૮ શાંતિનાથ દિગંબર જૈન અતિશય ક્ષેત્ર, રામટેક રામટેક, જિ. નાગપુર (મહા.)

આવાગમન... રેલ્વે સ્ટેશન–રામટેક–૫ કિ.મી.
બસ સ્ટેન્ડ–રામટેક–૩ કિ.મી.

પહોંચવાનો સરળમાર્ગ... રામટેક બસ સ્ટેન્ડ અથવા રેલ્વે સ્ટેશનથી રીક્ષાઓ મળે છે.

નજીકનું શહેર... નાગપુર–૪૫ કિ.મી.

નજીકના તીર્થક્ષેત્ર... બાજારગાંવ–૮૫ કિ.મી., ભાતકુલી–૨૩૦ કિ.મી.

તીર્થ પર ઉપલબ્ધ સુવિધાઓ—

આ અતિશય ક્ષેત્રમાં ૯૯ રૂમોવાળી ધર્મશાળા છે. જેમાં ૨૦ રૂમ અટેચ બાથરૂમવાળા છે. ૩ હોલ છે જેમાં ૨૦૦ યાત્રીઓ રોકાઈ શકે છે.

❋ ભગવાન શાંતિનાથની લગભગ ૪ મીટર ઊંચી પીળા પત્થરની ખડ્ગાસન મનોહર પ્રતિમા ચોથા કાળની છે. કહેવાય છે કે આ જગ્યાએ શ્રી રામચન્દ્રજીનું આગમન થયું હતું એવું વર્ણન મહાકવિ કાલિદાસના મેઘદૂતમાં મળે છે.

# અંકલેશ્વર

જેઠ સુદ પંચમી તે ષટ્ખંડાગમનો પવિત્ર દિવસ છે. આ મહાન શાસ્ત્ર- ષટ્ખંડાગમ શ્રી મહાવીર ભગવાનના દિવ્યધ્વની સાથે સંબંધ ધરાવે છે. શ્રી મહાવીર ભગવાન પછી કેટલાક કાળે અમુક શ્રુત તો વિચ્છેદ ગયું અને અમુક ભાગ રહ્યો. સૌરાષ્ટ્ર દેશમાં આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા ગિરનાર પર્વતની ચંદ્રગુફામાં શ્રી ધરસેનાચાર્ય નામના મહાન દિગંબર સંત ધ્યાન કરતા હતા. તેમને અંગ પૂર્વના એક દેશનું જ્ઞાન હતું. તેઓ મહા વિદ્વાન અને શ્રુતવત્સલા હતા. તેમને એવો ભય થયો કે "હવે મારી પાછળ અંગશ્રુત તો વિચ્છેદ થઈ જશે". તેથી પોતાનું અંગશ્રુત જ્ઞાન કોઈ સમર્થ મુનિઓને ભણાવવું જોઈએ. તે માટે દક્ષિણ દેશમાં ધર્મોત્સવ પ્રસંગે ભેગા થયેલ આચાર્યો ઉપર સમાચાર મોકલ્યા. આથી શ્રી ધરસેનાચાર્યદેવના આશયને સમજીને ત્યાંના આચાર્યોએ શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલિ નામના બે મહાસમર્થ અને વિનયવંત મુનિઓને તેમની પાસે મોકલ્યા.

જ્યારે તે બે મુનિઓ ગીરનાર તરફ આવી રહ્યા હતા, ત્યારે શ્રી ધરસેનાચાર્યદેવને એવું મંગળ સ્વપ્ન આવ્યું કે બે ઉત્તમ સફેદ બળદો ત્રણ પ્રદક્ષિણા દઈને નમ્રતાપૂર્વક પોતાના ચરણે નમી રહ્યા છે. તે સ્વપ્ન જોતાં ઉત્સાહથી "શ્રુતદેવતા જયવંત હો" એવું આશીર્વચન આચાર્યદેવના મુખમાંથી નીકળ્યું અને તે જ દિવસે શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલિ મુનિરાજ અહીં આવી પહોંચ્યા. શ્રી આચાર્યદેવે હીતાધિક અક્ષરોવાળી વિદ્યા સાધવા આપીને તેમની બંનેની પરિક્ષા કરી. તેઓ બંને પરિક્ષામાં ઉત્તીર્ણ થતાં સર્વજ્ઞ પરંપરાથી ચાલ્યા આવતા શ્રુતજ્ઞાનનો અંશ-ષટ્ખંડાગમ તેમને ભણાવ્યો અને ત્યારપછી તે શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલિ આચાર્ય ભગવંતોએ ષટ્ખંડાગમની રચના કરી અને જેઠ સુદ - ૫ ના રોજ અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને ચતુર્વિધ સંઘ સહિત તે પવિત્ર શ્રુતજ્ઞાનની પૂજા કરી. ત્યારથી જેઠ સુદ પંચમી શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે અને તે દર વર્ષે ઉજવાય છે.

નિગ્રંથ મુનિરાજ શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલિએ આ ષટ્ખંડાગમ શાસ્ત્ર રચેલ છે. આનો પરંપરા સંબંધ ભગવાનની વાણી સાથે છે. શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલિ મુનિવરો જયવંત વર્તે છે કે જેમણે આ ષટ્ખંડાગમની રચના કરીને શ્રુતની ધારાને અવિચ્છિન્ન રાખી છે. ષટ્ખંડાગમ જેવા પ્રસિદ્ધ મહાન ગ્રંથ ઉપર શ્રી કુંદકુંદાચાર્યદેવે તથા આચાર્ય શ્રી સમન્તભદ્રાચાર્યદેવે ટીકાઓ લખી હતી, જે આજે ઉપલબ્ધ નથી. વર્તમાનમાં ષટ્ખંડાગમ ઉપર ૮મી સદીના આચાર્ય શ્રી વીરસેનસ્વામીએ ધવલા નામની ટીકા લખી છે તે હાલ ઉપલબ્ધ છે.

ષટ્ખંડાગમના છ ખંડનું જેને જ્ઞાન હોય તેને "સિદ્ધાન્ત ચક્રવર્તી" કહેવાય છે. જેમ ચક્રવર્તી છ ખંડને જીતે છે તેમ મતિજ્ઞાનરૂપી ચક્રવડે જે ષટ્ખંડાગમને જીતે છે તેમને સિદ્ધાન્ત ચક્રવર્તી કહેવાય છે. જૂઓ, આ ષટ્ખંડાગમની ઉત્પત્તીનું ક્ષેત્ર તો સૌરાષ્ટ્રમાં ગીરનાર પર્વત છે. ગીરનાર પર્વત ઉપરની એક ગુફામાં શ્રી ધરસેનાચાર્યદેવે શ્રી પુષ્પદંત અને શ્રી ભૂતબલિ મુનિરાજોને આ ષટ્ખંડાગમનું જ્ઞાન આપ્યું હતું. તે બંને મુનિવરો અપાર ક્ષયોપક્ષમવાળા હતા. મહાસંત મુનિવરોને અંદરમાં ભાન હતું કે

શાસ્ત્રોની પરંપરા તો તેના કારણે રહેશે. પણ પોતાને અતિ અલ્પ સંજવન રાગ હતો. તેથી તેના બહુમાનનો પ્રશસ્ત રાગ થયો અને અંકલેશ્વરમાં આ રીતે મહામહોત્સવ કરીને શ્રુતપંચમી (જેઠ સુદ પંચમી) ના રોજ ષટ્ખંડાગમ શાસ્ત્રજીની પૂજા કરી હતી.

આ અંકલેશ્વરના મંદિરો વિષે થોડું જાણીએ તો અસ્થાને નહીં ગણાય તેમ હું માનુ છું. આ મંદિરો વિષેની માહિતી અંકલેશ્વરના રહીશ શ્રી ભરતભાઈ એમ. શાહે સંકલન કરીને મને મોકલાવેલ. તે માહિતી છાપવા માટે મને શ્રી ભરતભાઈએ ઘણી જ હોંશપૂર્વક પૂરેપૂરી સંમતિ આપેલ છે.

દક્ષિણ ગુજરાતના ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર ગામ-શહેર આવેલ છે. આ ક્ષેત્રનો જેટલો પ્રચાર થવો જોઈએ તેટલો થયો નથી અને તેથી ત્યાં વધુ યાત્રાળુઓ જતા નથી અને તેથી તેનો વધુ વિકાસ અત્યારે થયો નથી. આ લખાણથી લોકો આ પવિત્ર તીર્થમાં જરૂર જશે અને પરિણામે આ ક્ષેત્રનો ઉત્તરોત્તર વિકાસ થશે તેમ હું માનું છું.

ભારત દેશના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લામાં મુંબઈ-અમદાવાદ તથા મુંબઈ-દિલ્હી બ્રોડગેજ રેલ માર્ગ પર એશીયાની મોટામાં મોટી ગણાતી ઔદ્યોગિક નગરી જે ભારતનું મોટામાં મોટું મહત્વનું તેલક્ષેત્ર પણ છે તે અંકલેશ્વર નગર નેશનલ હાઈ-વે નં. ૮ નજીક આવેલું છે. તેવી જ રીતે અંકલેશ્વરથી ૮ કિ. મી. દૂર હાઈ-વે ઉપર સજોદ ગામ આવેલું છે. આ રીતે બંને તીર્થક્ષેત્રો ભીન્ન હોવા છતાંય તેમને જોડીયા તીર્થક્ષેત્ર પણ કહી શકાય, કારણ કે તે બંને તીર્થક્ષેત્રોનો ઈતિહાસ લગભગ સમાન છે.

અંકલેશ્વર નગરમાં જ્યાં ચાર પ્રાચીન જિનમંદિરો આવેલા છે તે વિસ્તાર મેવાડા ફળીયા તરીકે ઓળખાય છે અને તે રેલ્વે સ્ટેશનથી પશ્ચીમે ૧ કિ. મી. અંતરે જ આવેલું છે. એમ કહેવાય છે કે વર્ષો પહેલાં આ મહોલ્લામાં માત્ર દિગંબર જૈનોની જ વસ્તી હતી. તે સમયે લગભગ ૭૫ કુટુંબો મળીને આશરે ૪૦૦/૫૦૦ જેટલા જૈનોની વસ્તી હતી. ત્યાં આ રીતે જૈનોની વસ્તી હોવાથી મહોલ્લાના ચારેચાર મંદિરોમાં પ્રસંગોપાત ધાર્મિક પ્રવૃત્તિ ખૂબ ગુંજતી હતી અને તેથી પર્વો દરમ્યાન આ મંદિરો ગાજતાં હતાં.

અંકલેશ્વર તીર્થના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા તથા સજોદના શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા એક જ સ્થાનેથી એક સાથે વિ. સં. ૧૭૪૭ માં એટલે કે આશરે ૩૦૦ કરતાં વધુ વર્ષો પૂર્વે અંકલેશ્વરની બાજુમાં આવેલ રામકુંડમાંથી પ્રાપ્ત થઈ હતી. દંતકથા અનુસાર સમયના જૈન સમાજના કોઈ શ્રાવકને આવેલ સ્વપ્ન અનુસાર રામકુંડમાં ખોદાઈ કરતાં જૈન સમાજને આ બે મૂર્તિઓ તથા નંદીની મૂર્તિઓ પ્રાપ્ત થઈ હતી અને તે સમયના જૈનોએ કુંડની બાજુમાં આવેલ મંદિરમાં નંદીની સ્થાપના કરેલ. ત્યારબાદ આ બંને પ્રતિમાઓને બળદગાડામાં મૂકીને આગળ લઈ જવાનો પ્રયત્ન કર્યો. પરંતુ કોઈ અગમ્ય કારણોસર આ બળદો આગળ ન ચાલ્યા. ત્યારબાદ એક શ્રાવકને આવેલ સ્વપ્ન અનુસાર બે પ્રતિમાઓને ચાલક વગરના બે જુદા-જુદા બળદગાડામાં મૂક્યા અને સ્વપ્ન અનુસાર બળદો સ્વયં ચાલતાં-ચાલતાં જ્યાં અટકી જાય ત્યાં જિનાલયની રચના કરી

જમીનની અંદર ભોંયરામાં આ પ્રતિમાઓને પ્રતિષ્ઠીત કરવાનો નિર્ણય લેવાયો. આ રીતે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાવાળું ગાડું અંકલેશ્વર નગરના મેવાડા ફળિયામાં અટક્યું. તેથી અંકલેશ્વરની મેવાડા ફળિયામાં જિનાલયની રચના કરી ભોંયરામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને પ્રતિષ્ઠીત કરવામાં આવી અને બીજું ગાડું જેમાં શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા હતી. તે ગાડુ સજોદ ગામે જઈને અટક્યું. તેથી ત્યાં સજોદમાં જિનાલયની રચના કરીને શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમાને પણ ભોંયરામાં પ્રતિષ્ઠીત કરવામાં આવી.

હાલ અંકલેશ્વર નગરના મેવાડા ફળિયામાં ચાર જિનાલયો-મંદિરો આવેલાં છે. આ જિનાલયો મંદિરના મૂળનાયક ભગવાનના નામથી ઓળખાય છે જે આ પ્રમાણે છે.

૧ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્વામીનું મંદિર

૨ શ્રી નેમિનાથ સ્વામીનું મંદિર

૩ શ્રી આદિનાથ સ્વામીનું મંદિર

૪ શ્રી મહાવીર સ્વામીનું મંદિર

**૧. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્વામીનું મંદિર :**-આ મંદિરમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અતિશય સંપન્ન પ્રાચીન છે. લોકોની માન્યતા છે કે સાચા ભાવથી આ ભગવાનના દર્શન કરવામાં આવે તો ચિંતવેલી વસ્તુ પ્રાપ્ત થાય છે. તે માન્યતા અનુસાર ઘણા લોકો અહીં દર્શને આવે છે. આ મંદિરના ભોંયરામાં દસેક ફુટ ઉંડે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પથ્થરની કથ્થાઈ જેવા રંગની લગભગ પાંચેક ફીટની મૂર્તિ છે, જે પદ્માસન મુદ્રામાં છે. આ મૂર્તિ ઉપર સાત ફેણવાળો સર્પ છે. આ શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી ઉપર કોઈ લેખ નથી. તેથી આ પ્રતિમા કેટલી પ્રાચીન હશે તે અંગે કોઈ આધારભૂત માહિતી મળતી નથી. છતાંય આ મૂર્તિની રચના ઉપરથી એવું અનુમાન થઈ શકે કે આ મૂર્તિ સાતમી-આઠમી શતાબ્દીની અથવા તો તે પહેલાની હોવી જોઈએ. મૂર્તિકળાના નિષ્ણાતોનું એવું સ્પષ્ટ મંતવ્ય છે કે આ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અને સજોદ ખાતેના શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા ચોથા કાળની હોવી જોઈએ.

આ મંદિરનો જિર્ણોદ્ધાર ઈ.સ. ૧૯૮૨ માં થયો હતો. પ્રાચીન ભોંયરામાં ખોદકામ કરી, ભોંયરાને મોટુ કરી વિસ્તાર વધારીને ભગવાનની પ્રદક્ષિણા કરી શકાય તેવી રચના કરેલ છે. ભોંયરામાં ઉપરના ભાગે કાચની વેદી બનાવીને તે વેદીમાં અન્ય તીર્થંકર ભગવંતોની સ્થાપના કરેલી છે. પહેલા માળે લાકડીમાં નકશીકામવાળી પ્રાચીન વેદી આવેલી છે. પહેલા માળે લાકડા ઉપર પ્રાચીન ચિત્રો બનાવેલા છે.

આ મંદિરનો જિર્ણોદ્ધાર થયો ત્યાર પછી થોડા સમય બાદ પહેલે માળે ગુરુ મંદિર સ્વાધ્યાય હોલ તથા ધાર્મિક ગ્રંથોની લાઈબ્રેરી પણ કરેલ છે. દિવાલ ઉપર રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો ચાર્ટ, સંસારવૃક્ષ, લેશ્યાઓની સમજુતી, કષાયોના ભેદ, સમ્યગ્દષ્ટીના અંગો-લક્ષણો, મિથ્યાદષ્ટીના લક્ષણો, વિગેરે સુંદર ચિત્રપટો છે.

**૨. શ્રી નેમિનાથ સ્વામીનું મંદિર :-**આ મંદિરમાં ભગવાન શ્રી નેમિનાથ સ્વામીની મૂર્તિ કસોટીના કાળા પથ્થરમાં ૨૮ ઈંચની પદ્માસને બિરાજમાન કરેલ છે. આ મંદિરમાં બનાવેલી આરસની વેદી સમવસરણ-ધર્મસભાના આકારની છે. ભગવાનની વેદીની પ્રદક્ષિણા ફરતાં કોઈપણ દિશામાંથી ભગવાનના દર્શન થઈ શકે તેવી રચના છે.

**૩. શ્રી આદિનાથ સ્વામીનું મંદિર :-** વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ભગવાન શ્રી આદિનાથ સ્વામી મૂળનાયક છે. તેમની પ્રતિમા પદ્માસનમાં વિતરાગભાવ મુદ્રાવાળી કાળા કસોટીના પથ્થરમાંથી બનાવેલી ૩૩ ઈંચની છે. આ પ્રતિમાજી ભોંયરામાં પ્રતિષ્ઠીત કરેલા છે. તે સિવાય આ મંદિરમાં પ્રથમ માળે લાકડાની નકશીકામવાળી વેદીમાં અન્ય પંચધાતુની પ્રતિમાઓ સ્થાપીત કરવામાં આવી છે. આ મંદિર ખૂણામાં અંદરના ભાગમાં છે.

**૪. શ્રી મહાવીર સ્વામીનું મંદિર :-**વર્તમાન ચોવીસીના અંતિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી મૂળનાયક છે. આ જિનાલય પણ ઘણા વર્ષ જાુનુ લાકડાનું બાંધેલુ પ્રાચીન જિનાલય હતું, જે જીર્ણ થઈ જવાથી અંકલેશ્વરના જૈન સમાજે તેને ઉતારીને તેના સ્થાને પથ્થર તથા આરસનું શીખરબંધી નૂતન જિનાલય બાંધવાનો નિર્ણય કર્યો. આ કાર્યમાં આચાર્યશ્રી વિદ્યાસાગરજીની પ્રેરણા મળવાથી હાલ આ નવા જિનાલયનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. આ જિનાલયમાં ભોંયરામાં શ્રી આદિનાથ સ્વામીનું જિનાલય રાખવામાં આવેલું છે.

(૧) આ સમયે શ્રી મહાવીર સ્વામીના જાુના મંદિરમાં જે લાકડાના પ્રાચીન શીલ્પો હતા, તેને સુરક્ષીત રાખવામાં આવ્યા છે. પ્રાચીન શ્રી મહાવીર મંદિરમાં લાકડાની શીલ્પકામવાળી સમવસરણસભાના આકારની વેદી હતી તે અત્યારે પણ સુરક્ષીત છે. જે ખરેખર આપણા કલાત્મક વારસાનો અદ્ભુત નમુનો છે.

(૨) આ લાકડાની વેદીમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની પંચ ધાતુની ૧૬ ઈંચની પદ્માસન પ્રતિમા સ્થાપીત કરેલ હતી. આ પ્રતિમા સંવત ૧૬૭૧ માં પ્રતિષ્ઠીત કરી હતી. આ મૂર્તિના આગળના ભાગમાં શ્રી કાષ્ટા સંઘે ૐ નમઃ લખેલું છે. આ મૂર્તિની નીચે પદ્માવતિદેવીની મૂર્તિ છે અને આજાુબાજાુ બે સિંહ તથા બે વાઘ છે.

(૩) આ મંદિરમાં કિંમતી પથ્થરોની-સ્ફટિકની મૂર્તિઓ-પરવાળાની મૂર્તિઓ ધ્યાનાકર્ષક છે.

(૪) લાકડાની વેદીમાં પૂતળીઓ, ચૌદ સ્વપ્નો (૧૬ ના બદલે ૧૪) અને અષ્ટ મંગળનું સુંદર કોતરકામ કરેલ છે.

(૫) ભગવાનના દરબારના દરવાજા આગળ બંને બાજાુએ કાષ્ટકલાના નમુનારૂપ સુંદર બે દ્વારવાળી, સ્થંભો પર વાજીંત્રો વગાડતી લાકડાની પૂતળીઓ સુંદરતામાં ઓર વધારો કરે છે.

(૬) આ મંદિરમાં નાના-નાના રંગીન ચિત્રો છે.

(૭) આ મંદિરમાં દિવાલ ઉપર ૬૫ ઈંચ x ૭૫ ઈંચનો લાકડાનો પટ છે. તેમાં સુંદર ચિત્રકામ કરેલ છે.

એક માન્યતા એવી છે કે આ મંદિરની બાજુમાં આવેલા ચોકમાં બેસીને તાડપત્રો ઉપર આચાર્ય શ્રી પુષ્પદંત સાગર તથા આચાર્ય શ્રી ભૂતબલિએ ષટ્ખંડાગમ નામના શાસ્ત્રની રચના કરી હતી. જે સ્થાને શાસ્ત્રજીની રચના થઈ હતી, તે સ્થાનની કાયમી યાદીરૂપે તે સમયના જૈનોએ અહીં સ્થંભની સ્થાપના કરી આસપાસમાં મંદિર બનાવીને સ્થંભની આગળના ભાગમાં શાસનદેવી માતાની મૂર્તિ પ્રતિષ્ઠીત કરી હતી. પરંતુ વિચારતાં એમ લાગે છે કે મુનિઓ જંગલ-ગુફાઓમાં જ વિચરતા હતા. મકાન-મંદિરોમાં નહીં. તેથી આચાર્ય શ્રી પુષ્પદંત તથા આચાર્ય શ્રી ભૂતબલિએ ગીરનારની ગુફામાં ષટ્ખંડાગમની રચના કરી હતી તે વાત વધુ સત્ય લાગે છે.

અંકલેશ્વર નગરમાં મેવાડા ફળિયામાં યાત્રાળુઓની સુવિધા માટે શ્રી નાથુભાઈ ચોકસી દિ. જૈન ધર્મશાળા તથા શ્રી છોટાલાલ ગાંધી દિ. જૈન ધર્મશાળા તેમ બે ધર્મશાળા બાજુ-બાજુમાં જ આવેલ છે. ધર્મશાળામાં સ્વતંત્ર ચાર રૂમ વિજળી-પાણી-ગાદલા-બાથરૂમ-લેટ્રીન વિગેરે સગવડતાવાળી છે. આ ધર્મશાળાનું સંચાલન તથા નિભાવ "શ્રી દિ. જૈન વીશા મેવાડા પંચ" નામની સ્થાનિક સામાજિક સંસ્થા કરે છે.

આ રીતે અંકલેશ્વર નગર પ્રાચીન સમયમાં દિગંબર જૈનોનું મોટું કેન્દ્ર હોવાનું અનુમાન છે. કારણ કે

(૧) અંકલેશ્વર નગરની પશ્ચિમ દિશામાં રામકુંડમાંથી શ્રી પાર્શ્વનાથ ભગવાનની તથા શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમાઓ મળી આવી હતી.

(૨) રામકુંડની નજીકમાં આવેલ હનુમાન ફળીયામાંથી આશરે ૫૦ વર્ષ પહેલા એક ભાઈના મકાન બાંધકામ માટે જમીનમાં ખોદકામ કરતાં જિનેશ્વર ભગવાનની પથ્થરની ખંડીત મૂર્તિ મળી આવી હતી.

(૩) હાલમાં સને ૧૯૯૫-૯૬ ના અરસામાં આ રામકુંડની નજીકમાં જ ઝેનીથ હાઈસ્કુલના પાયાના ખોદકામમાં જિનેશ્વર પ્રભુની ખંડીત પ્રતિમાના અવશેષો પ્રાપ્ત થયા હતા. આ મૂર્તિઓ ઉપર લાંછન સ્પષ્ટરૂપે ન દેખાવાના કારણે ક્યા તીર્થંકર ભગવાનની મૂર્તિ હતી તે જાણી શકાયું નથી.

# સજોદ - અતિશય ક્ષેત્ર

આ ક્ષેત્રના મંદિરોનું સવિસ્તર સંકલન અંકલેશ્વરમાં મેવાડા ફળિયામાં રહેતા શ્રી ભરતભાઈ એમ. શાહે કરેલ છે અને મને છાપવા માટે તેમણે પ્રેમથી સંમતિ આપી તે બદલ તેમનો હું આભાર માનુ તો અયોગ્ય ન ગણાય. શ્રી શિતલનાથ સ્વામી દિગંબર જૈન અતિશય ક્ષેત્ર ભારતના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લામાં આવેલા અંકલેશ્વર તાલુકામાં અંકલેશ્વર રેલ્વે સ્ટેશનથી ૮ કિ.મી.ના અંતરે અંકલેશ્વર અને સુરતને જોડતા સ્ટેટ હાઈ-વે ઉપર સજોદ ગામમાં દરજી ફળીયામાં આવેલું છે. આ તીર્થના દર્શને જવા માટે ડામરની પાકી સડક છે. અંકલેશ્વર રેલ્વે સ્ટેશનની નજીકમાં આવેલા ગુજરાત રાજ્યના બસ ડીપો ઉપરથી નિયમીત બસ સેવા ઉપલબ્ધ છે. આ ઉપરાંત રેલ્વે સ્ટેશનથી ટેક્સી તથા ઓટો રીક્ષા પણ ઉપલબ્ધ છે. અંકલેશ્વરથી હાંસોટ થઈને સુરત તરફ જતી કોઈપણ બસ દ્વારા સજોદ પહોંચી શકાય છે.

તીર્થક્ષેત્ર સજોદ શબ્દમાં બે શબ્દો સત્ અને જ્યોત ગર્ભીત રહેલા છે. સત્સ્વરૂપ શાશ્વત એવી આત્મ જ્યોતિનું જે ધામ છે તે જ સજોદ છે. આમ શ્રી શિતલનાથ સ્વામી જેઓ શાશ્વત એવી સત્ જ્યોત સ્વરૂપ છે, તેમનું ધામ પહેલાના સમયમાં સત્ જ્યોત નામથી જાણીતું હશે અને પાછળથી એ શબ્દનો અપભ્રંશ થવાથી સજોદ નામ જાણીતું થયું હશે તેમ અનુમાન થાય છે.

સજોદ ગામના દરજી ફળીયામાં આ મંદિરના મૂળનાયક શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા આશરે ૩ ફીટની પદ્માસને સફેદ આરસની અત્યંત ભવ્ય અને મનોજ્ઞ વિતરાગભાવવાળી છે. આરસ દાણાદાર છે, તેથી મૂર્તિની શોભા વધે છે. મૂર્તિના કાન છેક ખભા સુધી લંબાયેલા છે. આંખ અર્ધખૂલી છે અને નાસિકાદષ્ટી છે. મૂર્તિની પીઠાસન ઉપર વૃક્ષનું લાંછન છે. પણ તે અત્યારે બહુ સ્પષ્ટપણે દેખાતું નથી. આ રીતે ભાવવાહી ધ્યાનસ્થ પ્રતિમાજી છે. મૂર્તિ ઉપર કોઈ લેખ લખેલ નથી. એટલે કે પ્રશસ્તી કાંઈ લખેલ નથી. તેથી તેની પ્રાચીનતા બાબતે માત્ર અનુમાન જ કરવામાં આવે છે. કેટલાંક વિદ્વાનોના મત અનુસાર આ પ્રતિમાજી ૨૦૦૦ વર્ષ પ્રાચીન છે. "ગુજરાત કે દિગંબર જૈન તીર્થ" નામના હિન્દી ભાષામાં પ્રગટ થયેલ પુસ્તકના પાના નં. ૧૯૯ ઉપર એમ લખેલ છે કે -

"હમારી વિનમ્ર માન્યતા કે અનુસાર યહ પ્રતિમાજીકી રચના ઔંર ઈસકે શીલ્પ કો દેખતે હુવે યહ પ્રતિમા ૭-૮વીં શતાબ્દી અથવા ઉસસે કુછ પૂર્વ ગુપ્તકાલકી હોની ચાહીએ."

અંકલેશ્વર તીર્થના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અને આ શ્રી શિતલનાથ ભગવાનની પ્રતિમા સમકાલીન હોવાની માન્યતા છે.

શ્રી શિતલનાથ ભગવાનના આ તીર્થક્ષેત્રનો જિર્ણોદ્ધાર સન ૧૯૯૫ માં શરૂ કરવામાં આવ્યો હતો. જુના જિનાલયને ઉતારીને આ મંદિરનો વિસ્તાર વધારવા માટે પૂર્વ દિશાના ચાર મકાનો ખરીદ કરીને અત્યારે ભોંયરાને ૧૫ ફીટ ઉંડુ અને ૫૫ ફીટ લાંબુ અને ૨૫ ફીટ પહોળું બનાવ્યું છે. જેમાં ૨૫૦ થી ૩૦૦ વ્યક્તિઓ સરળતાથી બેસી શકે તેવડું મોટું ભોંયરૂ કરેલ છે.

હાલ આ મંદિરની બાજુમાં ૪ રૂમની ધર્મશાળા બનાવી છે. ધર્મશાળામાં વિજળી-પાણી-પલંગ-ગાદલા-કબાટ-બાથરૂમ-લેટ્રીનની સગવડતા કરેલી છે. મંદિરના ભોંયરાના ઉપરના ભાગે શીખરનું બાંધકામ ચાલુ છે. ભવિષ્યમાં ભોજનશાળા બનાવવાની તથા જરૂરીયાત મુજબ બીજી ધર્મશાળા પણ બંધાવી શકાય તેવું આયોજન પણ છે. શ્રી શિતલનાથ સ્વામી તીર્થક્ષેત્રનો વહીવટ અંકલેશ્વરના ટ્રસ્ટીઓ કરે છે. ક્ષેત્રની સંભાળ માટે રાખેલા કર્મચારી દિવસ દરમ્યાન ક્ષેત્ર પર જ હોય છે. આ ક્ષેત્ર પર ટેલીફોનની સુવિધા પણ છે. દિવસ દરમ્યાન ૦૨૬૪૬-૨૬૫૬૦૨ નંબર ઉપર ફોન કરવાથી આ ક્ષેત્રનો સંપર્ક થઈ શકે છે.

શ્રી શિતલનાથ સ્વામી તીર્થક્ષેત્ર ખાતે હાલમાં વર્ષ દરમ્યાન નીચે પ્રમાણેના ઉત્સવો ભગવાનનો અભિષેક, પૂજા-ભક્તિ તથા સ્વામીવાત્સલ્ય દ્વારા ઉજવવામાં આવે છે.

૧. માહ વદ - ૧૪ ના રોજ વાર્ષિક ધ્વજારોહણનો ઉત્સવ ઉજવાય છે. આ દિવસનું સ્વામીવાત્સલ્ય અર્થાત્ સંઘજમણની વ્યવસ્થા શેઠ શ્રી નાથુભાઈ નેમચંદ ચોકસીના પરિવાર તરફથી પ્રાપ્ત થયેલાં ફંડના વ્યાજમાંથી કરવામાં આવે છે.

૨. ભાદરવા સુદ - ૫ થી ભાદરવા વદ - ૧ સુધીના પર્યુષણ પર્વ દરમ્યાન રવિવારની પસંદગી કરીને એક દિવસ માટે અહીં પર્યુષણ પર્વની ઉજવણી થાય છે.

૩. આસો સુદ - ૮ ના રોજ શ્રી શિતલનાથ ભગવાનનો નિર્વાણ મહોત્સવ અહીં ઉજવાય છે.

અંકલેશ્વર અને સજોદ પ્રાચીન અતિશય તીર્થક્ષેત્રો છે. ધવલા ટીકા ભાગ-૧ ના પાના નં. ૬૭ થી ૭૧ માં જે ઈતિહાસના પ્રસંગમાં અંકલેશ્વરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો સાર નીચે મુજબ છે.

સૌરાષ્ટ્રના ગીરનાર પર્વતની ચંદ્રગુફામાં અષ્ટાંગ મહાનિમિત્તના પારગામી પ્રજાવત્સલ એવા શ્રી ધરસેનાચાર્ય બીરાજતા હતા. અગાઉના સમયમાં શાસ્ત્રોનું જ્ઞાન પદ્ય રચનામાં શ્લોકરૂપે, ગાથારૂપે તથા કાવ્યરૂપે થતું હતું. તે સમયમાં જ્ઞાનને લીપીબદ્ધ કરીને પુસ્તકાકારે સંગ્રહ કરવા માટે કાગળ કે શાહી પ્રાપ્ય ન હતા. તેથી જ્ઞાનને કંઠસ્થ કરીને સાચવવાની પ્રથા હતી. આગમોનું જ્ઞાન કાવ્યમય પદ્ય રચનામાં હોવાથી કંઠસ્થ કરવાનું એકંદરે સરળ હતું. વળી

તે સમયમાં લોકોની સ્મરણશક્તિ પણ ઘણી તીવ્ર હતી. જેમ-જેમ સમય બદલાતો ગયો તેમ-તેમ કાળનો પ્રભાવ લોકોના આચાર-વિચાર, રહેણી-કરણી તથા સ્મરણશક્તિ ઉપર પડ્યા માંડયો. આ રીતે કાળનાં પ્રભાવનાં કારણે પૂજ્યશ્રી ધરસેનાચાર્યદેવને પોતાને પણ શ્રુતનું જ્ઞાન વિચ્છેદ પામવાનો ભય લાગ્યો. આ કારણથી જ તેઓ શાસ્ત્રના આગમ જ્ઞાનને લીપીબદ્ધ કરવાનો તેઓશ્રીએ નિર્ણય કર્યો હતો. આ સમયે દક્ષિણ ભારતના આન્ધ્ર પ્રદેશની મહિમા નગરીમાં દિગંબર જૈન ધર્મના દક્ષિણ પથવાસી આચાર્યો સાધુ સંમેલનમાં ભેગા થયા હતા, ત્યાં સંદેશો મોકલીને તેમણે બે મુનિવરોને બોલાવ્યા હતા. તે રીતે આચાર્ય શ્રી પુષ્પદંત સાગર અને આચાર્ય શ્રી ભૂતબલિ ગીરનાર આવ્યા હતા. બંને આચાર્યોએ પૂજ્ય શ્રી ધરસેનાચાર્યદેવના વચનોને સારી રીતે સમજી, અર્થગ્રહણ કરી, તેને ધારણ કરેલ. મહા વિનયી અને ઉત્તમ કુળના આ બંને મુનિરાજોનો જન્મ આન્ધ્ર પ્રદેશની વેણા નદીના કિનારે આવેલી વસુંધરા નામની નગરીમાં થયો હતો.

એક એવો મત પણ છે કે પૂજ્ય શ્રી ધરસેનાચાર્યદેવે આ બંને મુનિરાજોને ઉપદેશ આપીને વિદાય કર્યા અને કહ્યું કે જે પ્રદેશમાં તાડના વૃક્ષો વિપુલ પ્રમાણમાં હોય ત્યાં જઈ તાડના પત્રો ઉપર શાસ્ત્રને લીપીબદ્ધ કરવા. તે સમયે અંકલેશ્વર નગરની ઉત્તરે અને નર્મદા નદીના દક્ષિણના કિનારાનાં ભાગમાં તાડનું ગીચ જંગલ ફેલાયેલું હતું. તેથી આ બે મુનિરાજોએ અંકલેશ્વરમાં મુકામ કરીને શ્રુતજ્ઞાનના પ્રચારની યોજના બનાવી. આ યોજના અનુસાર તેમણે બંનેએ ષટ્ખંડાગમની રચના અંકલેશ્વરમાં કરી હતી. ષટ્ખંડાગમ શાસ્ત્ર છ ભાગમાં વહેંચાયેલું હોવાથી તે ષટ્ખંડાગમ તરીકે ઓળખાય છે.

ગમે તે હો - ષટ્ખંડાગમની રચના ગીરનારની ગુફામાં થઈ હોય કે અંકલેશ્વરમાં થઈ હોય. પરંતુ, ષટ્ખંડાગમ શાસ્ત્રની વિમોચન વીધી તો અંકલેશ્વરમાં મહામહોત્સવ કરીને જેઠ સુદ - ૫ ના રોજ થઈ હતી તે વાત ચોક્કસ છે. **મૂળ "ષટ્ખંડાગમ" શાસ્ત્ર તાડપત્ર ઉપર લખાયેલ હાલ કર્ણાટક રાજ્યના મુડબીદ્રી નગરમાં આવેલા સિદ્ધાંત મંદિરમાં ત્યાંના ભટ્ટારકશ્રી પાસે સુરક્ષીત પડયું છે.**

અવિચ્છિન્ન ધારાએ શ્રુતામૃતના ધોરીયા વહેવડાવી અનેક ભવ્ય પિપાસુ મુમુક્ષુઓને શ્રૃતામૃતનું પાન કરાવી મુક્તિના પંથે દોરનાર સર્વશ્રુતજ્ઞાની પવિત્ર આત્માઓને અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો ! ... નમસ્કાર હો ! ...

# શૌરીપુર-બટેશ્વર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : ફિરોઝાબાદ - ૩૫ કિ.મી., આગ્રા - ૭૦ કિ.મી.
  બસ સ્ટેશન : બાહ - ૭ કિ.મી., બટેશ્વર
- પહોંચવાનો સરળ માર્ગ ...: હરિપર્વત, આગ્રાથી દરરોજ સવારે ૭:૩૦ વાગ્યે તીર્થકમિટીની બસ મળે છે. આ માટે ફોન નં. ૦૫૬૨-૨૧૫૪૮૬૩ પર સંપર્ક કરી શકાય છે.
- નજીકનું મુખ્ય શહેર .......: આગ્રા - ૭૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: ફિરોઝાબાદ - ૩૫ કિ.મી.
  આગ્રા - ૭૦ કિ.મી., મથુરા - ૧૧૦ કિ.મી.

શૌરીપુરનું પ્રાચીન નામ શૌર્યપુર હતુ. આ ગામમાં બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ગર્ભ અને જન્મકલ્યાણક થયા હતા. તે સમયે દેવો દ્વારા અહીં ૧૫ માસ સુધી રત્નોની વર્ષા થઈ હતી. શ્રી નેમિનાથ ભગવાનના પિતાનું નામ રાજા સમુદ્રવિજય અને માતાનું નામ શિવાદેવી હતુ. શ્રી નેમિનાથ ભગવાનના ગર્ભ અને જન્મ-તેમ બે કલ્યાણકો અહીં થયા હોવાથી આ ભૂમિ અત્યંત પાવન છે. તે સિવાય આ ભૂમિ ઉપર બીજા મુનિઓને કેવળજ્ઞાન થયેલ અને કેટલાક અહીંથી મુક્તિ પણ પામ્યા હતા. દા. ત. શૌરીપુરમાં ગન્ધમાદન નામના પર્વત ઉપર સુપ્રતિષ્ઠ નામના મુનિરાજ ધ્યાન ધરતા હતા, ત્યારે તેમના પૂર્વજન્મના વેરી-વિરોધી સુદર્શન નામના યક્ષે આ મુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કર્યો હતો. મુનિરાજ અચલ રહ્યા અને અંતે તેમણે અહીં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તે સમયે દેવોએ અહીં આવીને મોટો ઉત્સવ કર્યો હતો. આવા અનેક દાખલા છે.

શૌરીપુર વિષે બીજી પણ એક કથા આરાધના કથાકોષમાં છે કે અગલકંઠપુરના રાજા નિષ્ઠસેનના પુત્ર ધન્યએ શ્રી નેમિનાથ ભગવાનના ઉપદેશથી દીક્ષા ધારણ કરી હતી. એક દિવસ તેઓ વિહાર કરીને શૌરીપુર પધાર્યા અને યમુના નદીના કિનારે ધ્યાનારૂઢ થયા. શૌરીપુરના રાજા શિકાર માટે બહાર નીકળ્યા હતા. ક્યાંય શિકાર ન મળવાથી રાજા નારાજ થયા હતા. ત્યાં દૂર જતાં-જતાં રાજાએ મુનિરાજને જોયા. તેમને જોતા જ રાજાએ ક્રોધિત થઈને તે મુનિરાજ ઉપર તીક્ષ્ણ બાણ છોડયા. પરંતુ તે ધન્ય મુનિ તો શુક્લધ્યાન ધરીને કર્મોનો નાશ કરીને સિદ્ધ થયા. ત્યારે દેવોએ અહીં આવીને તેમનો નિર્વાણમહોત્સવ કર્યો હતો. આ રીતે હરિષેણ કથાકોષમાં શૌરીપુરને સિદ્ધક્ષેત્ર કહ્યું છે. રાજાને આવા ક્રૂર પરિણામને કારણે એ જ ભવમાં મોટો કોઢ થયો અને પરિણામે રૌદ્રધ્યાન કરીને તેમનો જીવ મરીને નર્કમાં ગયો.

આ સિવાય શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી મહાવીર ભગવાનના પાવન વિહારથી આ ભૂમિ પવિત્ર થઈ હતી. શૌરીપુરમાં દિગંબર જૈન મંદિર તથા શ્વેતાંબર જૈન મંદિર બંને પાસે-પાસે જ છે. શ્રી સિદ્ધક્ષેત્ર શૌરીપુર દિગંબર જૈન તીર્થમાં શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર સંવત ૧૬૪૮ નું છે. અત્રેના મંદિરમાં હાલ મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન પદ્માસન શ્યામ આરસના ૫ ફીટના બિરાજમાન છે. તેની પ્રતિષ્ઠા વીર નિર્વાણ સં. ૨૪૭૭માં થયેલી છે. તે સિવાય બાજુમાં સફેદ આરસના બીજા ત્રણ ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુ, શ્રી શાંતિનાથ તથા શ્રી મુનિસુવ્રતનાથજી બિરાજમાન છે. આ પહેલી વેદીમાં પાછળ શ્યામ પાષાણના ૩ ફીટના ખડ્ગાસન શ્રી નેમિનાથ ભગવાન છે. તે સિવાય શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના ૦।।। ફીટના છે.

બીજી દેરીમાં સફેદ આરસના પદ્માસન શ્રી ચન્દ્ર પ્રભુજી ૨ ફીટના છે. ત્રીજી દેરીમાં શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૨।। ફીટના સંવત ૨૦૧૦ના પ્રતિષ્ઠિત છે. ચોથી દેરીમાં શ્રી વિમલનાથ ભગવાન ખૂબ પ્રાચીન પદ્માસન ખંડિત થયેલા બિરાજમાન છે. પાંચમી દેરીમાં ખડ્ગાસન સ્કીન કલરના શ્રી બાહુબલી ભગવાન વિ. સં. ૧૯૯૭ વીર સંવત ૨૪૬૮ના પ્રતિષ્ઠિત બિરાજમાન છે. મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનના પ્રતિમાજીને દૂરથી જુઓ તો છાતીમાં સર્પ હોય તેવું લાગે છે. આ શ્રી નેમિનાથ ભગવાન શ્યામ આરસના ભવ્ય છે. આ જ સંકુલમાં બીજું દિગંબર જૈન મંદિર છે. તેને બરૂવામઠ કહે છે. આ મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાન શ્યામ વર્ણના ખડ્ગાસન ૮ ફીટના વીર સંવત ૨૦૧૦માં પ્રતિષ્ઠિત કરેલા છે. આ પ્રતિમા કસોટી પથ્થરની છે, જે હજારો વર્ષ જૂની છે અને એકલી પડી હતી. તેને પાછળથી મંદિર બનાવીને વીર સંવત ૨૦૧૦માં પ્રતિષ્ઠિત કરી છે. આ મંદિરની પાછળ મોટું ખેતર છે. ત્યાં લગભગ ૮ ફીટનો સર્પ દિવાળીથી હોળીના સમય દરમ્યાન અવારનવાર આવે છે તેમ ત્યાંના લોકો તથા પૂજારી કહે છે.

પહેલાં અહીં શ્વેતાંબર મંદિર એકેય ન હતું. આથી તેઓએ માંગણી કરવાથી દિગંબર ભાઈઓએ તેમને થોડી જગ્યા આપી તો શ્વેતાંબરોએ અહીં નાનકડું શ્વેતાંબર મંદિર બાંધ્યું અને નાની એવી ધર્મશાળા પણ બાંધી. કહે છે કે શૌરીપુરથી બટેશ્વર સુધીનો ભોંયરામાં રસ્તો છે, જે હાલ બંધ કરેલ છે.

પ્રાચીનકાળમાં શૌરીપુર મોટું શહેર હતુ. ધીમે-ધીમે ઉજ્જડ થતું ગયું. શૌરીપુરના પ્રાચીન મંદિરને આદી મંદિર કહે છે, જેનો જિર્ણોદ્ધાર અવારનવાર થાય છે. આ મંદિર વિક્રમ સંવત ૧૭૨૪ સને ૧૬૬૭નું છે. આ મંદિરમાં પાછળ દિવાલ ઉપર શિલાલેખ પણ છે, જેમાં લખ્યું છે કે શૌરીપુરમાં આ મંદિરની પ્રતિષ્ઠા શ્રી કુન્દકુન્દાચાર્ય આમ્નાય અનુસાર સંવત ૧૭૨૪ વૈશાખ વદ-૧૩ના રોજ થઈ હતી.

<u>શંખધ્વજ મંદિર</u> :- આ મંદિર બીજા માળે છે. ગર્ભગૃહમાં ચાર વેદીઓ છે. તેમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન વચ્ચેની વેદીમાં છે. તેમની પાછળ ડાબી તરફની વેદીમાં એક ખડ્ગાસન

પ્રતિમાજી ૩ ફીટના પાષાણના છે. તેમના ચરણો પાસે બંને બાજુ ચામરવાહકો છે. આ મૂર્તિ ઉપર કોઈ લાંછન કે ચિહ્ન નથી. આ મૂર્તિની બાજુમાં એક કોતરેલી મૂર્તિ ૫ ઈંચની પદ્માસન છે. આ પ્રતિમા અગીયારમી-બારમી શતાબ્દીની હશે તેમ અનુમાન થાય છે. ડાબી તરફ બે-બે આધુનિક પ્રતિમાજીઓ છે. જમણી તરફ એક વેદી ઉપર સફેદ પાષાણની ૨॥ ફીટની પદ્માસન પ્રતિમા છે, જેના ઉપર ગેંડાનું ચિહ્ન છે. તેથી તે ભગવાન શ્રી વિમલનાથ હોવા જોઈએ. તેમની બંને તરફ શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી ચન્દ્ર પ્રભુજી બિરાજમાન છે. તેની ઉપરના લખાણ ઉપરથી જણાય છે કે તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૩૫૭ જેઠ સુદ-૧૪ના રોજ થઈ હતી. બીજી વેદીમાં સફેદ પાષાણની ૨॥ ફીટની પદ્માસન પ્રતિમા બિરાજમાન છે, જે સંવત ૧૩૦૮ની પ્રતિષ્ઠિત થયેલી છે. તે સિવાય અહીં પંચબાલયતિની મૂર્તિઓ કોતરેલી છે.

આગ્રા જિલ્લાના નદગવા ગામના હતકાન્ત (હસ્તીકાનપુર)ના જૈન મંદિરમાંથી સને ૧૯૩૮માં કેટલીક પ્રતિમાજીઓ ઊંટ ઉપર લાવીને અહીં રાખી હતી. હતકાન્તમાં બે માળનું બહું પ્રાચીન દિગંબર જૈન મંદિર છે. અહીં હાલ જૈનોના બહું ઓછા ઘર છે. કેમ કે ધંધાર્થે અહીંથી ઘણા જૈનો કલકત્તા, ઈટાવા, આગ્રા, વિગેરે સ્થળોએ ચાલ્યા ગયા છે. હતકાન્તના મંદિરમાં હાલ થોડી મૂર્તિઓ છે. એક જમાનામાં હતકાન્ત ધનધાન્યપૂર્ણ અને સુખ સંપન્ન નગર હતું. શિલાલેખો ઉપરથી જણાય છે કે અહીં ૫૧ પ્રતિષ્ઠાઓ થઈ હતી. સન ૧૩૮૯માં સુલતાન ફિરોજશાહે આ હતકાન્ત નગર ઉપર આક્રમણ કરીને ખલાસ કર્યું હતું અને મંદિરો પણ ખલાસ કર્યા હતા.

<u>પંચમઢી શંખધ્વજ મંદિર</u> :- અહીં ત્રણ મૂર્તિઓ મેદાનમાં રાખેલી છે. આ મૂર્તિઓ સન ૧૯૪૦-૪૧માં ખોદકામમાં મળી હતી, જે ત્રણેય મૂર્તિઓ ખંડિત છે અને બ્લ્યુ પાષાણની લગભગ ૩॥ ફીટની છે. એક મૂર્તિ ઉપર શ્રી મહાવીર પ્રભુનું સિંહનું લાંછન છે. બીજી મૂર્તિ ઉપર કમળ જેવું ચિન્હ છે. તેથી તે કદાચ શ્રી પદ્મપ્રભુ અથવા શ્રી નમિનાથ પ્રભુ હશે તેમ અનુમાન થાય છે. ત્રીજી મૂર્તિ શ્રી મહાવીર પ્રભુની છે. કારણ કે તેના ઉપર પણ સિંહનું લાંછન છે. કોઈ મૂર્તિઓ ઉપર કાંઈ લેખ-પ્રશસ્તિ-લખાણ-કંઈ જ નથી. અનુમાન થાય છે કે આ મૂર્તિઓનો નિર્માણકાળ અગીયારમી-બારમી શતાબ્દી હશે.

પંચમઢીની પાછળ દક્ષિણ તરફ અન્તકૃત કેવળી ધન્યની બહુ પ્રાચીન ટોંક છે, જે તદ્દન જીર્ણ છે. હાલ ત્યાં કોઈ ચરણ કે મૂર્તિ-કંઈ જ નથી. પ્રાચીન મંદિરની ઉત્તર-પૂર્વમાં એક પ્રાચીન ટોંક હતી. તેમાં ચરણો બિરાજમાન હતા. પરંતુ કાલાન્તરે કોઈ ભટ્ટારકજીએ ધર્મવાત્સલ્યભાવનાથી શ્વેતાંબરોને અહીં દર્શન-પૂજન કરવાની સગવડતા કરી આપી હતી. તો અમુક કાળ પછી શ્વેતાંબરોએ પોતાના અધિકાર સ્થાપવા માટે ચરણો કાઢીને ત્યાં મંદિર બનાવી લઈને એક પ્રતિમાજી મૂકી દીધા છે.

અહીં ૧૬ ફીટ પહોળો એક પ્રાચીન કૂવો છે, જેનુ પાણી બહું મીઠું અને સ્વાસ્થ્યવર્ધક છે. દિગંબર જૈન સમાજે અહીં એક ધર્મશાળા અને એક નવો કૂવો બનાવ્યો છે. મૂળમાં આ તીર્થ દિગંબર તીર્થ

જ છે. કારણ કે અહીં જેટલા પ્રાચીન મંદિરો, મૂર્તિઓ તથા ચરણો છે-તે બધા દિગંબર આમ્નાય મુજબના જ છે.

આગ્રાથી ૭૦ કિ.મી. દૂર બાહ જીલ્લામાં બટેશ્વર આવેલું છે. અહીંથી ૫ કિ.મી. દૂર યમુના નદીના કિનારે શૌરીપુર આવેલું છે. આગ્રાથી બટેશ્વર સુધીનો રસ્તો પાકો છે. એમ કહેવાય છે કે યમુના નદીનો વિસ્તાર વધતો ગયો તેમ શૌરીપુર દબાવા લાગ્યું. ભટ્ટારકજીએ બટેશ્વરમાં વિશાળ મંદિર અને ધર્મશાળા બનાવ્યા હતા. શૌરીપુરથી બટેશ્વર માત્ર ૩ કિ.મી. દૂર છે. એમ સાંભળ્યું છે કે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેઈની જન્મભૂમિ પણ બટેશ્વર છે.

અહીં ભોજનશાળામાં જમવાની વ્યવસ્થા છે. બટેશ્વરના મંદિરમાં મૂળનાયક શ્રી અજીતનાથ ભગવાનની પદ્માસન શ્યામ પાષાણની ૫ ફીટની પ્રતિમા છે, જેની પ્રતિષ્ઠા સંવત ૧૨૨૪ વૈશાખ વદ-૭ના રોજ થઈ હતી. જમણી તરફ શ્રી આદિનાથ પ્રભુ સફેદ આરસના પદ્માસન છે. તેમની બાજુમાં સફેદ ધાતુના બે પદ્માસન પ્રતિમાજી છે. ડાબી તરફ શ્રી મહાવીર ભગવાન શ્યામ આરસના પ્રાચીન ૧। ફીટના છે તથા બીજા બે બદામી આરસના પદ્માસન પ્રતિમાજી છે તથા નાનકડા પંચધાતુના પંચમેરૂ પણ છે.


મંદિરમાં અંદરના ભાગમાં સંવત ૧૧૫૦ના પ્રાચીન ખડ્ગાસન શ્રી શાંતિનાથ ભગવાન છે. તેમની બાજુમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ સંવત ૧૮૨૬ના છે. ત્રીજા ભગવાન, ચોથા ભગવાન તથા પાંચમા શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા-આ પાંચેય પ્રતિમાજી પ્રાચીન છે, જે અગીયારમી-બારમી શતાબ્દીના હોય તેવું લાગે છે. બીજી દેરીમાં શ્રી નેમિનાથ ભગવાન સફેદ આરસના સંવત ૧૮૩૨માં પ્રતિષ્ઠિત છે. બંને તરફ પ્રાચીન પદ્માસન બદામી આરસના પાંચ પ્રતિમાજી છે. ત્રીજી દેરીમાં ચોવીસ તીર્થંકર ભગવાન પંચધાતુના છે. તે સિવાય નાના ધાતુના પ્રતિમાજી ૧૦૦-૧૫૦ જેટલા છે. બધા જ પદ્માસન છે.

ભોંયરામાં શ્રી અરનાથ ભગવાનના ૨॥ ફીટના બહુ જ પ્રાચીન ખંડિત પ્રતિમાજી પદ્માસને છે, જે જમીનમાંથી નીકળ્યા છે તેમ કહે છે. ભોંયરામાં ઊંડે નીચા વળીને અંદર જઈ શકાય છે. ત્યાં એક સળંગ જ પાષાણના પ્રતિમાજી પણ છે.

અહીં છ રૂમની નાનકડી ધર્મશાળા છે. આ સ્થળ પ્રાચીન હોઈને ઘણી યાત્રાળુ બસો અહીં આવે છે. અહીં શિવ ધર્મનું મોટું મંદિર પણ છે. તેથી અન્ય ધર્મીઓ પણ અહીં બસ લઈને મોટી સંખ્યામાં આવે છે.

*ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુવર ગુણની ખાણ, ગુરુ વસે જો અંતરે, તો પામે ભવ પાર.*

*-પૂ. બેન શાંતાબેન*



તીસ ચોવીસી જિનાલય, અહિચ્છેત્ર-રામનગર - ઉત્તર પ્રદેશ

# અહિચ્છેત્ર - અતિશયક્ષેત્ર



અહિચ્છેત્ર : ભગવાન શ્રી પાર્શ્વનાથની અદભૂત પ્રતિમા-ચરણ ચોકી પર ચોવીસ તીર્થંકરની પ્રતિમાઓ સાથે

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : આંવલા - ૧૮ કિ.મી.
  બસ સ્ટેશન : બરેલી -૫૦ કિ.મી.,બદાયૂ -૫૦ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ... : આંવલા, બરેલી અને બદાયૂથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર....... : બરેલી - ૫૦ કિ.મી., બદાયૂ - ૫૦ કિ.મી.,
  રામપુર - ૫૦ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : હસ્તિનાપુર - ૧૮૦ કિ.મી.,
  બડાગાઁવ - ૧૯૦ કિ.મી., મહલકા - ૧૭૦ કિ.મી.,
  કંપિલાજી - ૧૭૦ કિ.મી.

આ તીર્થક્ષેત્ર ગામ-રામનગર-કીલા, જીલ્લો-આંવલા, ઉત્તરપ્રદેશમાં આવેલું છે. અહિચ્છેત્રથી બહુ ઓછા લોકો ઓળખે છે. રામનગર-કીલા ગામ કહો એટલે બતાવે છે. ત્યાં જવા માટે બધે પાકી સડક છે. રસ્તા ઉપરથી જ ૧૨ ફીટની ઊંચાઈના સાત શિખરોવાળુ ભવ્ય મંદિર દેખાય છે. તેમાં તીખાલવાળા બાબાના મંદિરના શિખરની ઊંચાઈ ૭૫ ફીટ છે. તેમજ ૧૧ શિખરોવાળું ૭૨૦ તીર્થંકર ભગવંતોનું મંદિર ભવ્ય છે. આવુ ૭૨૦ તીર્થંકરોનું મંદિર ભારતમાં કે વિશ્વમાં બીજે ક્યાંય ન હતુ. હમણાં તાજેતરમાં જ શ્રી સમ્મેદશિખરજીમાં આવું ૭૨૦ તીર્થંકરોનું મંદિર બન્યું છે.

અહીં ધર્મશાળામાં હાલ ૧૫૦-૨૦૦ જેટલી રૂમો છે. છતાંય બીજી નવી રૂમો બંધાવવાનું ચાલુ જ છે. દરેક રૂમમાં ત્રણ પલંગ-પંખા-બાથરૂમ-લેટ્રીન છે. છ વી.આઈ.પી. રૂમો છે. તે સિવાય બે મોટા હોલ મહેમાનોને ઉતરવા માટે છે. બસ લઈ આવનારને તે મોટા હોલમાં ઉતારે છે, જે તદ્દન નિઃશુલ્ક છે. સંકુલ ઘણું જ મોટું છે.

અહીં ભોજનશાળા પણ છે. જમવાનો સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી ૧:૦૦ વાગ્યા સુધી અને સાંજે ૪:૦૦ વાગ્યાથી ૫:૩૦ વાગ્યા સુધી છે. અહીં જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા દિગંબર જૈન સમાજ, યુસુફ સરાઈ, નવી દિલ્હી તરફથી છે. આ ક્ષેત્રમાં નીચે મુજબ વાર્ષિક મેળા ભરાય છે.

૧. કેવળજ્ઞાનમહોત્સવ મેળો - ચૈત્ર વદ-૮ થી ચૈત્ર વદ-૧૨ સુધી

૨. નિર્વાણમહોત્સવ મેળો - શ્રાવણ સુદ-૭

૩. શ્રી પાર્શ્વનાથજી જયંતિમહોત્સવ - માગશર વદ-૧૧

સંકુલમાં પ્રવેશવા માટે બે મોટા અને ઘણા સુંદર દરવાજા છે. તેમજ વાહનને અંદર લઈ જવા માટે પાછળ ત્રીજો દરવાજો છે. આ સ્થાનમાં ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાને આજથી ૨૮૦૦ વર્ષ પૂર્વ તપસ્યા કરીને અહીંથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુ મુનિઅવસ્થામાં અહીં ધ્યાન કરી રહ્યા હતા, ત્યારે તેમના દસ ભવ પહેલાંના વેરી કમઠના જીવે કે જે વ્યંતરવાસી સંવરદેવના રૂપમાં વિમાનમાં નીકળ્યો હતો-તેનું વિમાન શ્રી પાર્શ્વનાથ મુનિરાજની ઉપરથી નીકળી ન શક્યું અને અટકી ગયું ત્યારે કમઠના જીવને કુઅવધિજ્ઞાનથી પૂર્વભવના વેરનું સ્મરણ થયું અને તેથી ખૂબ જ ક્રોધિત થઈને માયામયી વેષ ધારણ કરીને ઘોર વર્ષા અને ભીષણ પવન ચલાવ્યો અને અનેક શસ્ત્રો દ્વારા પ્રહાર શરૂ કર્યા. આ રીતે મૂશળધાર વરસાદ સાત દિવસ સુધી ચાલ્યો, છતાં પણ ક્ષમાશીલ શ્રી પાર્શ્વ મુનિરાજ ધ્યાનમાં લીન રહ્યા હતા. ત્યારે ધરણેન્દ્રનું આસન કંપિત થયું અને પોતાને ઉપકારી શ્રી પાર્શ્વ મુનિરાજ ઉપર ઉપસર્ગ થયો છે તેમ જાણીને ધરણેન્દ્ર અને પદ્માવતી દેવીએ પોતાની ભક્તિ પ્રદર્શિત કરી અને શ્રી પાર્શ્વ મુનિરાજને પોતાની ફેણ ઉપર લઈ લીધા અને દેવી પદ્માવતી છત્ર રાખીને ઉપર રહ્યા. આ રીતે અસુર સંવરદેવે પોતાના પ્રયાસ નિષ્ફળ થતા જાણીને પોતે કરેલા દુષ્કૃત્યો માટે પશ્ચાતાપ કર્યો અને શ્રી પાર્શ્વ

મુનિરાજના ચરણમાં પડયો. ત્યારે શ્રી પાર્શ્વ મુનિરાજે આ સ્થાન ઉપર કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ.

અહીં આ સ્થળે હજારો વર્ષ જૂના પ્રાચીન દિગંબર જૈન મંદિર હતા. તેનો જિર્ણોદ્ધાર સન ૧૯૭૫માં થયો હતો. આ સ્થાન ઉપર એક અતિ સુંદર ઉચા સાત શિખરોવાળુ મંદિર હાલ છે, જેનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઓક્ટોબર, ૧૯૭૮માં થયો હતો. અગાઉ ઉપર લખ્યા મુજબ ત્રણેય મેળામાં ભારતભરમાંથી હજારોની સંખ્યામાં લોકો આવે છે. મંદિરની પૂર્વ દિશામાં સફેદ આરસનો મનોરમ માનસ્થંભ છે, જેમાં ઉપર ચાર દિશામાં શ્રી પાર્શ્વ પ્રભુજી છે.

<u>૭૨૦ તીર્થંકર ભગવંતોનું ભવ્ય મંદિર</u> :-

સંકુલમાં જ નીચે ત્રીસ ચોવીસીના ૭૨૦ તીર્થંકર ભગવંતોના મંદિરની રચના બહુ સુંદર અને ભવ્ય રીતે કરેલી છે. બે બાજુમાં પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરાવતક્ષેત્ર-તેમ કુલ દસ ક્ષેત્રોના ભૂત-વર્તમાન અને ભાવિ ચોવીસ તીર્થંકરોની ૭૨-૭૨ મૂર્તિઓ મળીને કુલ ૭૨૦ તીર્થંકર ભગવંતોને આરસના દસ કમળ ઉપર પ્રતિષ્ઠિત કર્યા છે. એટલે કે ડાબી તરફ પાંચ ભરતક્ષેત્રના પાંચ મોટા કમળ બનાવ્યા છે. એક-એક કમળની પાંખડી ઉપર-નીચે ભૂતકાળના ચોવીસ, વચ્ચે વર્તમાનના ચોવીસ અને ઉપર ભવિષ્યના ચોવીસ-તેમ ૭૨ તીર્થંકરો બિરાજમાન કર્યા છે. દરેક ભગવાન સફેદ આરસના પદ્માસને છે. દરેક ભગવાનની મુખાકૃતિ અલગ-અલગ છે. દરેક ભગવાન એક જ સાઈઝના છે. તેવી જ રીતે બીજી બાજુ પાંચ ઐરાવતક્ષેત્ર ઉપર પણ પાંચ મોટા કમળો બનાવ્યા છે અને દરેક કમળની પાંખડી ઉપર નીચે ચોવીસ, વચ્ચે ચોવીસ અને ઉપર ચોવીસ તેમ ૭૨ ભગવંતો છે. તે રીતે દસેય કમળમાં થઈને (૭૨ તીર્થંકરો × ૧૦ કમળ) કુલ ૭૨૦ તીર્થંકરો સ્થાપિત કર્યા છે. દસેય કમળના દસ શિખર ઉપર છે તેમજ કમળ પૂરા થયા પછી અંદરના ભાગમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન ખડ્ગાસન શ્યામ આરસના ફેણવાળા ૧૧ ફીટ ઊંચાઈના સફેદ કમળની વેદી ઉપર બિરાજમાન કર્યા છે. તેમની ઉપર એક શિખર કર્યું છે. આ રીતે કુલ ૧૧ શિખરોવાળું આ મંદિર ભવ્ય છે.

આ રીતે એક જ સંકુલમાં કુલ નવ ભવ્ય મંદિરો છે. બીજા મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન મનોહારી હરીત પન્નામય સાત ફેણવાળી પદ્માસન પ્રતિમા છે. જે દસમી શતાબ્દીની છે. આ પ્રતિમાના આગળના ભાગમાં ચરણપાદૂકા છે, જેના ઉપર નીચે મુજબ લેખ છે :

*"શ્રી મૂલ સંઘે નેદ્ય સમ્બાયે વલાત્કારગણે કુન્દકુન્દાચાર્યાન્વયે*
*અહિચ્છેત્ર નગરે શ્રી પાર્શ્વનાથાર્જન ચરણા પ્રતિષ્ઠાપિત: શ્રી રસ્તુ "*

આ વેદી તીખાલવાળા બાબાના નામથી પ્રસિદ્ધ છે. ૧૯૭૫માં આ મંદિરનો જિર્ણોદ્ધાર થયો હતો. અહીં નીચે મુજબ શિલાલેખ પ્રાપ્ત થયેલ છે :

"આ તે પ્રાચીન ભુમિ છે કે જ્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાને અખંડ તપ કર્યું હતુ અને દસ ભવના વૈરી કમઠે ઘોર ઉપસર્ગ કર્યો હતો. આ અતિશયસ્થળ ઉપર ધરણેન્દ્રદેવ-પદ્માવતીદેવીએ ફેણ માંડીને ઉપસર્ગનું નિવારણ કર્યું હતું."

તેમજ એમ પણ કહે છે કે અહીં મુખ્ય મંદિરમાં અવાર-નવાર સર્પ આવે છે અને કોઈને નુકશાન કર્યા વગર વેદીની પ્રદક્ષિણા લગાવીને ચાલ્યો જાય છે. તેમજ કોઈ કોઈવાર રાત્રે મંદિર બંધ હોવા છતાં પણ દેવો અંદર આવીને દર્શન કરીને ઘંટનાદ કરે છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની ડાબી તરફ કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુના કથ્થાઈ જેવા રંગના આરસના ભાવવાહી પદ્માસન પ્રતિમાજી છે. મંદિરના મોટા હોલમાં ચારે તરફ રંગબેરંગી કાચના સોળ સ્વપ્નો વિગેરે છે. તેમજ ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો પણ છે. જમણી તરફ મોટા કમળની વેદી ઉપર શ્યામ આરસના પદ્માસન ફેણવાળા ૬ ફીટના શ્રી પાર્શ્વ પ્રભુ છે.

ત્યારબાદ આરસમાં શ્રી પાર્શ્વ પ્રભુની સુંદર સમવસરણ રચના છે, જેની પ્રતિષ્ઠા સને ૧૯૯૦માં થઈ છે. તેમાં ચારે દિશામાં ચાર મોટા માનસ્થંભ બનાવ્યા છે. તેમજ તેમાં ચાર વિમાન બનાવ્યા છે. દરેક માનસ્થંભમાં ઉપર પંચધાતુના ચાર-ચાર પ્રતિમાજી બિરાજમાન કર્યા છે. સમવસરણમાં જિનાલયની પહેલી સભામાં આરસની દેરીમાં દરેકમાં છ-તેમ ચારે દિશામાં થઈને કુલ ચોવીસ તીર્થંકરો બિરાજમાન કર્યા છે. સમવસરણમાં ઉપર કમળની વેદી ઉપર ચારે દિશામાં બદામી પદ્માસન ૧।। ફીટના ચાર ભગવાન છે.

સમવસરણ મંદિર પુરૂ થયા પછી શ્યામ આરસના ખૂબ જ મોટા કમળ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા પદ્માસન ૬ ફીટના ભવ્ય છે. તેમની પાછળ રંગબેરંગી સોનાકામવાળી વેદીમાં પ્રાચીન પદ્માસન ભગવાન છે. તેમજ તેમની બંને બાજુ પ્રાચીન કથ્થાઈ જેવા રંગના ખડ્ગાસન ૨।। ફીટના બે પ્રતિમાજી છે. નીચેની વેદીમાં સફેદ આરસના ૧।। ફીટના પદ્માસન પ્રતિમાજી છે. તેમજ બે તરફ સફેદ આરસના ૧ ફૂટના બે પ્રતિમાજી છે. મંદિરમાં ત્રણે બાજુ છ મોટા રંગબેરંગી કાચમાં સુવર્ણકામથી સુશોભિત ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. ત્યારપછી દેવી પદ્માવતી નાનકડા સોના જેવી ધાતુના લાગે છે. તેના ઉપર પંચધાતુના (સોના જેવા) શ્રી પાર્શ્વ પ્રભુ છે.

ત્યારબાદ બીજા મંદિરમાં રંગબેરંગી સુવર્ણકામયુક્ત દેરીમાં શ્યામ આરસના પદ્માસન ૧ ફૂટના શ્રી પાર્શ્વ પ્રભુ છે. તેમની ડાબી તરફ સફેદ આરસના ખડ્ગાસન પ્રાચીન શ્રી પાર્શ્વ પ્રભુ છે અને જમણી તરફ બદામી વર્ણના શ્રી પાર્શ્વ પ્રભુ પદ્માસન ૯ ઈંચના પ્રાચીન છે. તેમની નીચેની વેદીમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના ૧। ફીટના તથા બીજી તરફ સફેદ આરસના પદ્માસન ૯ ઈંચના પ્રતિમાજી છે.

આ રીતે એક જ સંકુલમાં એક જ હોલમાં આઠ મંદિરો છે. મંદિરનું કાર્યાલય તથા મોટો હોલ તા. ૨૪-૧-૧૯૮૨ના રોજ થયેલ છે. ગામના બીજા મંદિરનું નામ - "શ્રી અહિચ્છેત્ર પાર્શ્વનાથ દિગંબર જૈન જ્ઞાન તીર્થ મંદિર, રામનગર" છે. અહીં પણ ધર્મશાળા (તા. ૨૭-૧૨-૧૯૭૩) બનેલી છે. નાનુ મંદિર છે. નાની વેદી ઉપર શ્રી પાર્શ્વ પ્રભુ પદ્માસન સફેદ આરસના ફેણવાળા ૧ ફૂટના છે. ડાબી તરફ શ્યામ આરસના પદ્માસન ૯ ઈંચના સંવત ૨૫૦૨ના પ્રતિમાજી છે. તેમની જમણી તરફ સફેદ આરસના પદ્માસન શ્રી ચન્દ્ર પ્રભુ ૯ ઈંચના છે તથા બીજા બે પંચધાતુના પ્રતિમાજી છે તથા પંચધાતુના ચૌમુખી નાના પ્રતિમાજી પણ છે. ધર્મશાળામાં ૫૦ રૂમો છે. ભોજનશાળા થવાની છે તેનું ફંડ શરૂ કરેલ છે. રૂમમાં ડબલ બેડ ગાદલા-ઓશીકા છે.

ગામમાં ત્રીજુ મંદિર ગલીમાં છે. મુખ્ય મંદિરથી થોડે જ દૂર છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વ પ્રભુ શ્યામ આરસના ફેણવાળા ૪ ફીટના છે. ડાબી તરફ તથા જમણી તરફ સફેદ આરસના બે પદ્માસન પ્રતિમાજી છે. વેદી રંગબેરંગી સોનાકામવાળી છે.

અલીગઢથી એસ. ટી. ની બસ આંવલા સુધી આવે છે અને આંવલાથી ટેમ્પો અથવા બસ દ્વારા રામનગર કીલા-અહિચ્છેત્ર જઈ શકાય છે.

*દેહ તો દુ:ખ અને મરણની જનની છે - દુ:ખ અને મરણ એનાથી ઉત્પન્ન થાય છે, યદિ કાયા ન હોય તો આત્માને દુ:ખ ઉઠાવવું ન પડે અને મરણ પણ ન હોઈ શકે. જો કાયા સાથે આત્માને સંબંધ છે તો પછી બુદ્ધજનોએ જેનું સંબંધાવસ્થામાં હોવું અવશ્યંભાવી છે એવું દુ:ખ અથવા મરણ ઉપસ્થિત થયે, શોક ન કરવો જોઈએ; તેને બદલે તેમણે તો સદાય નિરાકુલ થઈ બહિરાત્મબુદ્ધિના ત્યાગપૂર્વક આત્મસ્વરૂપનો પોતાની મુક્તિનો વિચાર કરવો જોઈએ કે જેથી દુ:ખદાયી દેહનો ફરી ફરી જન્મ જ ન સંભવે.*


o o o o o

*જેમ સૂર્ય પ્રાત:કાળે ઉદયને પ્રાપ્ત થાય છે અને સાંજે સ્વ-સમય પૂરો કરી અસ્તને પામે છે-છુપાઈ જાય છે, તેમ સર્વ પ્રાણીઓનો દેહ ઉપજે છે અને આયુ પૂર્ણ થતાં વિનાશ પામે છે. તેના માટે એવો ક્યો સુબુદ્ધ જન હોય કે જે શોક કરે ? બુદ્ધિમાન તો જરાપણ શોક કરે નહિ; ફક્ત બહિરાત્મદષ્ટિમૂઢ જન શોક કર્યા જ કરે.*

आओ जिनमंदिर में आओ, श्री जिनवर के दर्शन पाओ ।
जिनशासन की महिमा गाओ,
आया आया रे अवसर आनन्द का ।।
है जिनवर तव शरण में, सेवक आयो आज ।
शिवपुर-पथ दरशाय के, दीजे निज पद राज ।।
प्रभु अब शुद्धातम बतलाओ चहुँगति दुख से शीघ्र छुडाओ ।
दिव्यध्वनि अमृत बरसाओ,
आया आया मै सेवक-आनंद का ।।१।।
जिनवर दर्शन कीजिए, आतम दर्शन होय ।
मोह-महातम नाशि के, भ्रमण चतुर्गति खोय ।।
शुद्धातम को लक्ष्य बनाओ, निर्मल भेदज्ञान प्रगटाओ ।
अब विषयों से चित्त हटाओ,
पाओ पाओ रे मारग निर्वाण का ।।२।।
चिदानंद चैतन्यमय, शुद्धातम को जान ।
निज स्वरुप में लीन हो पाओ केवलज्ञान ।।
नव केवललब्धि प्रगटाओ, फिर योगों को नष्ट कराओ ।
अविनाशी सिद्धपद को पाओ,
आया आया रे अवसर आनंद का ।।३।।
आओ जिनमंदिर में आओ, श्री जिनवर के दर्शन पाओ ।।




શ્રી સુમેરૂ પર્વત અને જમ્બુ દ્વીપની રચના, હસ્તિનાપુર - ઉત્તર પ્રદેશ



શ્રી દિગંબર જૈન કમલ મંદિર, હસ્તિનાપુર - ઉત્તર પ્રદેશ

# હસ્તિનાપુર



હસ્તિનાપુર : શ્રી દિગંબર જૈન મંદિર મૂળ વેદીનું દ્રશ્ય-મૂળનાયક શ્રી શાંતિનાથજી

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : મેરઠ -૩૮ કિ.મી.,દિલ્હી - ૯૭ કિ.મી., મુઝફ્ફરનગર - ૫૫ કિ.મી.
  બસ સ્ટેશન : હસ્તિનાપુર
- પહોંચવાનો સરળ માર્ગ ...: દિલ્હી, મેરઠ અને મુઝફ્ફરનગરથી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર .......: મેરઠ - ૩૮ કિ.મી., દિલ્હી - ૯૭ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો .........: બહલના - ૫૫ કિ.મી., મહલકા - ૩૨ કિ.મી., બડાગાઁવ - ૬૦ કિ.મી., બહસૂમા - ૬ કિ.મી.

હસ્તિનાપુર ઉત્તર પ્રદેશના મેરઠ જીલ્લામાં આવેલું છે. મેરઠથી હસ્તિનાપુર સુધીનો પાકો રસ્તો છે. દિલ્હીથી મેરઠ ૬૦ કિ.મી. અને મેરઠથી મવાના થઈને હસ્તિનાપુર ૩૭ કિ.મી. ઉત્તર પૂર્વમાં છે. હસ્તિનાપુર જવા માટે ફક્ત બસ રસ્તો જ છે, કોઈ ટ્રેઈન નથી.

અહીં રહેવા માટે ૪-૫ જૈન ધર્મશાળાઓ છે. જૂના મંદિરમાં ધર્મશાળા છે પણ તે ધર્મશાળા આધુનિક નથી. જમ્બુ દ્વીપ તદ્દન નવુ થયું છે. ત્યાં આધુનિક પૂરી સગવડતાવાળી ધર્મશાળાઓ છે. એક જ સંકુલમાં ફરતી ધર્મશાળાની રૂમો, ભોજનશાળા તથા બધા જ મંદિરો-બધુ એક જ સંકુલમાં છે. જુદા-જુદા આઠ બ્લોકમાં થઈને આશરે ૨૦૦ જેટલી રૂમો આ ધર્મશાળામાં છે. તેમજ તે સિવાય છ ડિલક્ષ ફર્નિશ્ડ ટેનામેન્ટ છે. આ ટેનામેન્ટમાં ત્રણ બેડ રૂમ, એક ડ્રોઈંગ રૂમ, રસોડુ, બે બાથરૂમ-લેટ્રીન, પંખા, છ ખુરશી, બે વોશ બેઝીન, વિગેરે પૂરી સગવડતા છે. જેનું એક દિવસનું ભાડું રૂા. ૨૦૦/- છે. અહીં નિઃશુલ્ક ભોજનશાળા છે. જમીને તમારે જે દાનમાં આપવું હોય તે આપી શકો છો. કાર્યાલયમાંથી જમવાના પાસ અગાઉથી કઢાવી લેવાના હોય છે. અહીં દૈનિક પૂજાના રૂા. ૨૦૧/- છે. તેમજ ભોજનશાળામાં યાત્રીઓને જમાડવા માટે એક દિવસના રૂા.૧,૦૦૧/- છે અને એક ટાઈમ જમાડવા માટે રૂા. ૫૦૧/- છે. ભોજનશાળામાં પરમ સંરક્ષકના ફોટા સાથે રૂા.૫,૧૦૧/- છે.

અયોધ્યાની જેમ હસ્તિનાપુર પણ અતિ પ્રાચીન તીર્થ છે. એમ કહેવાય છે કે જેમ અયોધ્યાની રચના દેવોએ કરી હતી, તેમ હસ્તિનાપુરની રચના પણ દેવોએ કરી હતી. અયોધ્યામાં પાંચ તીર્થંકરોના અઢાર કલ્યાણક મહોત્સવો ઉજવાયા હતા. તેવી રીતે હસ્તિનાપુરમાં ત્રણ તીર્થંકરોના બાર કલ્યાણક મહોત્સવો ઉજવાયા હતા. અહીં સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાન, સત્તરમા તીર્થંકર શ્રી કુન્થુનાથ ભગવાન અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથ ભગવાનના જન્મ થયા હતા. આ તીર્થંકર ભગવંતોના જન્મ સંબંધી લખાણ પ્રસિદ્ધ ગ્રંથ "તિલોય પણ્ણતી"માં વિસ્તારથી આપેલ છે. આ ત્રણેય તીર્થંકરોએ અહીં હસ્તિનાપુરના સહસ્ત્રામ્ર વનમાં તથા સહેતુક વનમાં દીક્ષા લીધી હતી અને ત્યાં કેવળજ્ઞાન થયું હતુ. આ રીતે અહીં ત્રણ તીર્થંકર ભગવંતોના ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન તેમ ચાર કલ્યાણકો એટલે કે કુલ બાર કલ્યાણકો ઉજવાયા હોવાના કારણે આ ભૂમિને પ્રાચીનકાળથી તીર્થક્ષેત્રરૂપે માનવામાં આવે છે.

તે સિવાય શ્રી આદિનાથ ભગવાને જે ધર્મ વિહાર કરેલ-તેમાં તેઓ હસ્તિનાપુરમાં પણ આવ્યા હતા. હસ્તિનાપુર કુરૂદેશની રાજધાની હતી. તેથી અહીં ભગવાનના સમવસરણ ઘણી વખત આવ્યા હતા. ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથજીનું સમવસરણ પણ અહીં આવ્યું હતું. તેમજ ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન પણ અહીં પધાર્યા હતા અને વરદત્તને ઘેર પારણુ કર્યું હતું. તેઓ કેવળજ્ઞાન થયા પછી પણ અહીં પધાર્યા હતા.

અહીંના રાજા સ્વયંભુ શ્રી પાર્શ્વનાથ ભગવાનને કેવળજ્ઞાન થયા પછી અહીચ્છેત્ર ગયા હતા અને ત્યાં તેમનો ઉપદેશ સાંભળીને મુનિદીક્ષા લીધી હતી અને તેઓ જ ભગવાનના પ્રથમ ગણધર થયા હતા અને તેમની પુત્રી પ્રભાવતી અર્જિકા બની હતી. શ્રી મહાવીર પ્રભુ પણ અહીં પધાર્યા હતા. હરીવંશપુરાણમાં તો સ્પષ્ટ લખ્યું છે કે આ રીતે તીર્થંકર ભગવંતોના વિહારથી આ શહેર ધર્મમય થઈ ગયું હતું. આ રીતે કુરૂદેશ આખો ભગવાનમય થઈ ગયો હતો અને તેથી તેને




અત્યંત રમણીય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ધ્યાન મંદિર, હસ્તિનાપુર - ઉત્તર પ્રદેશ

કુરૂદેશ અથવા કુરૂમંગલદેશ પણ કહે છે. આદિ તીર્થંકર શ્રી ઋષભદેવે બાવન આર્ય દેશોની સ્થાપના કરી હતી તેમાંનો આ એક દેશ છે. આ પ્રદેશની રાજધાનીને ગજપુર કહેતા હતા. ત્યારબાદ કુરૂવંશમાં એક હસ્તીન નામનો પ્રતાપી રાજા થઈ ગયો. તેના નામ ઉપરથી હસ્તિનાપુર નામ પડયું છે. પ્રાચીન ઈતિહાસમાં આ શહેરને ગજપુર, હસ્તિનાપુર, નાગપુર, આસન્દીવન, બ્રહ્મસ્થલ, શાંતિનગર તથા કુંજરપુર કહેલ છે.

અહીં સૌથી અગત્યની ઘટના એ બની હતી કે શ્રી ઋષભદેવ ભગવાનને સૌ પ્રથમ આહારદાન અહીંના રાજકુમાર શ્રી શ્રેયાંસકુમારે અહીં હસ્તિનાપુરમાં કરાવ્યું હતું. જેનાથી હસ્તિનાપુર આખી દુનિયાનું આકર્ષિત શહેર થયું હતું. શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા પછી છ મહિના સુધી ઊપવાસના વ્રતની પ્રતિજ્ઞા લીધી હતી. આ છ માસ પૂર્ણ થયા પછી તેઓ આહાર માટે નીકળેલ. પરંતુ મુનિયોગ્ય આહાર ક્યાંય ન મળતા તેમજ આહાર દેવાની વિધિના કોઈ જાણકાર ન હોવાથી તેમને છ માસ અને તેર દિવસ સુધી ઉપવાસ થયેલ. આ રીતે એક વખત ભગવાન શ્રી ઋષભદેવ પ્રયાગથી વિહાર કરીને હસ્તિનાપુર પધાર્યા. તો શ્રી બાહુબલીના પુત્ર હસ્તિનાપુર નરેશ સોમપ્રભના લઘુભ્રાતા શ્રેયાંસકુમારને પૂર્વ જન્મમાં આપેલ આહારદાનની વિધિનું સ્મરણ થયુ. તેઓ નીચે આવ્યા અને ભગવાનને ભક્તિપૂર્વક મહેલમાં લાવીને ઈક્ષુરસ (શેરડીનો રસ) આપીને પારણું કરાવ્યું. તે દિવસ વૈશાખ સુદ-૩ નો હતો, જેને આજે અક્ષયતૃતીયા પર્વ તરીકે આપણે સૌ ઉજવીએ છીએ. આ પ્રથમ આહારદાનને કારણે હસ્તિનાપુરની મહત્તા વધી ગઈ. શ્રી શ્રેયાંસકુમારે જે જગ્યાએ શ્રી ઋષભદેવ મુનિરાજને આહારદાન કરાવ્યું હતું, ત્યાં એક રત્નમય સ્તુપની રચના કરાવી હતી. આ રીતે આહારદાન પછી દાન આપવાની પ્રથા ત્યારથી શરૂ થઈ. ત્યાર પછી હસ્તિનાપુરમાં ઘણા મોટા-મોટા અને મહાન પુરુષો થઈ ગયા. ચોથા ચક્રવર્તી સનતકુમારે આ શહેરને પોતાની રાજધાની બનાવી હતી. સોળમા, સત્તરમા અને અઢારમા તીર્થંકરોના જન્મ અહીં જ થયા હતા. ત્રણેય ચક્રવર્તીના નામ ઉપરથી અહીં એક-એક સ્તુપની રચના થઈ હતી. આ ઉપરથી જરૂર નક્કી થાય છે કે આ ત્રણ તીર્થંકરો અને ચાર ચક્રવર્તીના કારણે જ હસ્તિનાપુરને અયોધ્યા પછી બીજા સ્થાને મૂકવામાં આવે છે.

જૈન પૂરાણોમાં તો હસ્તિનાપુર માટે અનેક કથાઓ વાચવા મળે છે. જેવી કે -

૧. અહીં ગુરુદત્ત નામના રાજા થઈ ગયા હતા. અમુક સમયે તેમને સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો. દ્રોણીમતી પર્વતની તળેટીમાં તેઓ ધ્યાનારૂઢ થયા. એક ભીલે તેમના ઉપર ઉપસર્ગ કર્યો. તેમના શરીર ઉપર ચીંથરા વીંટીને સળગાવ્યા હતા. પરંતુ મુનિરાજ તો આત્મધ્યાનમાં જ લીન રહ્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિપુરીમાં પધાર્યા હતા.

૨. અહીં જ રાજા પદ્મના બલી વિગેરે મંત્રીઓએ આચાર્ય અકંપન અને તેના સંઘના સાતસો મુનિઓ ઉપર પ્રાણાન્તક કષ્ટ દીધું હતું અને પદ્મ રાજાના ભાઈ વિષ્ણુકુમારે પોતાની વિક્રિયાૠદ્ધિથી વામન બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ૭૦૦ મુનિઓની રક્ષા કરી હતી, જે વાત આપણે સૌ જાણીએ

છીએ. તેથી તેનું વિશેષ વર્ણન હું અહીં લખતો નથી. બળેવના દિવસે તેની સમુહ-પૂજા ઘણા સ્થળે થાય છે.

*સપ્તસેંકડા મુનિવર જાન, રક્ષા કરી વિષ્ણુ ભગવાન,*
*દયાનિધિ હો, જય જગબંધુ દયાનિધિ હો.*

ત્યારથી જ રક્ષાબંધન-બળેવનું મહાન પર્વ સૌ ઉજવે છે તે તો સુવિદીત છે. આવી અનેક કથાઓ જૈન પૂરાણોમાં છે. તો રસ ધરાવનારે તેમાંથી વાંચી લેવી.

અમુક સમય સુધી હસ્તિનાપુરમાં પાંડવોનું રાજ્ય હતું. ત્યારબાદ અહીં નાગજાતિનું આધિપત્ય હતું. પંજાબ તથા પશ્ચિમ-ઉત્તર ભારતમાં નાગજાતિનું ઘણું જોર હતું. નાગ લોકો તેમની સુંદરતાના કારણે બહુ પ્રસિદ્ધ હતા અને નાગ કન્યાઓ અપ્સરા જેવી ગણાતી હતી. આર્ય લોકો નાગ કન્યાઓ સાથે લગ્ન પણ કરતા હતા. એક વખત આ નાગ લોકોએ હસ્તિનાપુર ઉપર આક્રમણ કર્યું હતું. હસ્તિનાપુર અનેક વખત નાશ પામ્યું અને અનેક વખત નવેસરથી વસ્યું હતું. ગંગા નદીમાં પૂર આવવાથી પણ એક વખત હસ્તિનાપુર નાશ પામ્યું હતું. ત્યારબાદ એક વખત ગંગા નદી અહીંથી ખસીને ક્યાંય દૂર ચાલી ગઈ હતી. પરિણામે હસ્તિનાપુરમાં પાણી મળવાનું દુર્લભ થઈ ગયું હતું. તેથી અહીંના રાજાએ પોતાની રાજધાની હસ્તિનાપુરથી ખસેડીને બીજે કૌશામ્બીમાં ફેરવી હતી. એક વખત અનજાન કારણવશ હસ્તિનાપુર આગમાં ખલાસ થયું હતું. ઈ. સ. પૂર્વ ૩૦૦ સુધી હસ્તિનાપુરની આબાદી રહી હતી. ત્રીજી વખત જૈન સમ્રાટ સમ્પ્રતીએ ફરી આ નગર વસાવ્યું હતું. આ સમ્પ્રતી સમ્રાટ તે સમ્રાટ અશોકનો પૌત્ર હતો, જે જૈનધર્મી હતો. તેણે અનેક જિનમંદિરો બંધાવ્યા હતા. કાળાનુક્રમે તેનો પણ નાશ થયો હતો. ત્યારપછી દસમી / અગીયારમી શતાબ્દીમાં ભારવંશી રાજા હરદત્તરાયે ચોથી વખત નગર વસાવ્યું હતું, જે ચૌદમી શતાબ્દી સુધી રહ્યું હતું.

આ રીતે હસ્તિનાપુરનો અનેક વખત વિનાશ થયેલ અને અનેક વખત નવેસરથી તેનું નિર્માણ થયું હતું. શ્રી મહાવીર ભગવાનનું સમવસરણ અહીં આવ્યું હતું, ત્યારે તેમનો ઉપદેશ સાંભળીને રાજા શિવરાજે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો અને તેણે અહીં સ્તુપ કરાવ્યો હતો.

સને ૧૬૦૦માં અમર હિન્દી કવિ શ્રી બનારસીદાસજીએ હસ્તિનાપુરની સહકુટુંબ યાત્રા કરી હતી. આ વાતનું વર્ણન તેમના પ્રસિદ્ધ ગ્રંથ "અર્ધ કથાનક"માં મળે છે. કવિવર બનારસીદાસજી શાહજહાં બાદશાહના સમયમાં થયા હતા. તે વખતે અહીં હસ્તિનાપુરમાં અનેક સ્તુપો ઉપરાંત અનેક જૈન મંદિરો હતા. નસીયામાં પણ મંદિરો હતા. કાળાન્તરે તેનો પણ નાશ થયેલ. ત્યાર બાદ કેટલાક સમય સુધી હસ્તિનાપુર ઉપેક્ષિત રહ્યું હતું. છતાં પણ ભક્ત લોકો અહીં યાત્રા માટે આવતા જ હતા. અઢારમી / ઓગણીસમી સદીમાં અહીં મંદિરો અને નસીયાઓની હાલત તદ્દન જીર્ણ થઈ ગઈ હતી. લોકોની ભાવના હતી કે અહીં નવા મંદિરો થવા જોઈએ. લોકોની ભાવના

અને પ્રાર્થના સાંભળીને સને ૧૮૦૧ સંવત ૧૮૫૮ના જેઠ વદ-૧૩ના મેળામાં દિલ્હી નિવાસી રાજા હરસુખરાય કે જે મોગલ બાદશાહના ખજાનચી હતા, તેણે નવા મંદિરો બાંધવા માટે પોતાની સ્વીકૃતિ આપી. પણ તે વખતે તેઓ ગુજર નરેશ નૈનસિંહને આધીન હતા. શાહપુરના ગુજર નરેશ અકારણ જૈન મંદિરોના નિર્માણની વિરૂદ્ધ હતા. રાજા નૈનસિંહના એક માત્ર લાલા જયકુમારમલ હતા. આ રીતે તેમના કહેવાથી રાજા નૈનસિંહે નવા મંદિરના નિર્માણની અનુમતિ આપી. તેટલું જ નહીં, પોતાના હાથે મંદિરની શિલાન્યાસવિધિ પણ કરી અને પાંચ વર્ષમાં વિશાળ શિખરબંધી દિગંબર જૈન મંદિરનું નિર્માણ થયું. ત્યારબાદ કળશારોહણ તથા વેદી પ્રતિષ્ઠાનો અવસર આવ્યો. ત્યારે રાજા હરસુખરાયે પંચાયતને પ્રાર્થના કરી કે મારી શક્તિ હતી તેટલુ કાર્ય મેં કર્યુ. મંદિર આપ સૌનું છે. તો આપ લોકો પણ સહાયતા કરો અને તે વખતે લોકોનું દાન મેળવવા માટે ઘડો સભામાં ફેરવ્યો. આની પાછળનો ખરો હેતુ દાનની રકમ મેળવવાનો ન હતો, પરંતુ જૈન મંદિરને સાર્વજનિક બનાવીને સૌનો સહકાર મેળવવાનો હેતુ હતો. ત્યાર પછી સન ૧૮૧૩માં કળશારોહણ અને વેદી પ્રતિષ્ઠાનું કાર્ય રાજા સાહેબે ધામધૂમપૂર્વક કર્યું હતું. તે વખતે દિલ્હીથી લાવેલ ફેણ વગરના શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અહીં બિરાજમાન કરી હતી.

વિ.સં. ૧૮૯૭માં લાલા જયકુમારમલે મંદિરનું વિશાળ સિંહદ્વાર બનાવ્યું હતું. ત્યારબાદ મંદિરમાં બીજું ઘણું નવું કામ રાજા હરસુખરાયના પુત્ર રાજા સુગનચંદે કરાવ્યું હતું. ત્યારપછી ગદરના સમયમાં કોઈ લૂંટારાઓએ આ મંદિરને લૂંટી લીધું હતું. તે લોકો મૂળનાયક પ્રતિમાજીને ઉપાડી ગયા હતા. ત્યારપછી ભટ્ટારક જિનચન્દ્ર દ્વારા પ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ અહીં લાવીને મૂળનાયક તરીકે બિરાજમાન કરી હતી.

સને ૧૮૭૦માં શ્વેતાંબરોએ અહીં નવું મંદિર અને ધર્મશાળા બાંધ્યા હતા.

<u>મંદિરોનું વર્ણન</u> :-

ગામમાં જતાં પહેલા શ્રી દિગંબર જૈન તીર્થક્ષેત્ર જૂનું મંદિર અને ધર્મશાળા આવે છે. હસ્તિનાપુરમાં સોળ દર્શનીય સ્થળો-મંદિરો છે, જેની વિગત નીચે મુજબ છે.

૧. ૧૦૦૮ શ્રી શાંતિનાથ દિગંબર જૈન મંદિર
૨. શ્રી પાર્શ્વનાથ દિગંબર જિનમંદિર
૩. શ્રી નંદીશ્વર દ્વીપ તથા પંચમેરૂ જિનાલય તથા ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલ ૧૫૦૦ વર્ષ જૂની શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા
૪. શ્રી અરનાથ દિગંબર જિનમંદિર
૫. શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર
૬. શ્રી શાંતિનાથ-શ્રી પાર્શ્વનાથ-શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર
૭. શ્રી મલ્લિનાથ પ્રભુના સમવસરણજીની રચના

૮. ભગવાન શ્રી કુન્થુનાથ દિગંબર જૈન મંદિર
૯. ભગવાન શ્રી બાહુબલીજીનું દિગંબર જૈન મંદિર
૧૦. ભગવાન શ્રી મહાવીર જલ મંદિર (તેની પાછળ ૨૨ ટોંક છે.)
૧૧. કીર્તિસ્તંભ (માનસ્તંભ)
૧૨. સહજાનંદજીની સમાધિ
૧૩. જમ્બુ દ્વીપ
૧૪. શ્રી શાંતિનાથજીની ટોંક જે ૧ કિ.મી. દૂર છે, ત્યાં માત્ર ચરણપાદૂકા (પગલાં) છે.
૧૫. શ્રી કુન્થુનાથ તથા શ્રી અરનાથની ટોંક જે ૧ા કિ.મી. દૂર છે અને ત્યાં પણ માત્ર ચરણપાદૂકા છે.
૧૬. શ્રી મલ્લિનાથજીની ટોંક જે લગભગ ૨ાા કિ.મી. દૂર છે.

<u>જૂના મંદિરનું વર્ણન</u> :-

જૂના મંદિરનું નામ "શ્રી દિગંબર જૈન પ્રાચીન બડા મંદિર" છે, જે શુદ્ધ તેરાપંથી આમ્નાય અનુસાર ચાલે છે. મંદિરના દરવાજા સામે ૩૧ ફીટ ઊંચો માનસ્તંભજી છે. અહીંના મંદિરમાં એક મોટો સભાગૃહ છે અને વેદી એક જ છે, જેમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન સફેદ પાષાણના એક હાથ ઊંચા પદ્માસન છે. આ પ્રતિમાજી શ્રી જીવરાજ પાપડીવાલે સં. ૧૫૪૮ના વૈશાખ સુદ-૩ના રોજ પ્રતિષ્ઠિત કરી હતી. તેમની ડાબી તરફ શ્રી અરનાથજી અને જમણી તરફ શ્રી કુન્થુનાથજીની પ્રતિમા છે. વેદીમાં પાંચ બાલયતિ શ્રી વાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર પ્રભુ ઘણા પ્રાચીન છે. આ પાંચ બાલયતિમાં વચ્ચેના પ્રતિમાજી પદ્માસન છે તથા ડાબી તરફના બે પ્રતિમાજી ખડ્ગાસન છે અને જમણી તરફના બે પ્રતિમાજી નથી. તેથી સંભવ છે કે મુસ્લીમકાળમાં તેનો નાશ થયો હોય. આ પાંચ બાલયતિની પ્રતિમાજીઓ મુઝઝફરનગરના મારગપુર ગામના જંગલમાંથી મળી હતી, જેને અહીં લાવીને રાખેલ છે. આ પ્રતિમાજી ઉપર કોઈ લેખ નથી. તેથી લોકો તેને ચોથા કાળના હશે તેમ માને છે. પરંતુ આ પ્રતિમાજીની બનાવટ અને શૈલી ઉપરથી તે દસમી / અગીયારમી શતાબ્દીના હોય તેવું લાગે છે. આ સિવાય અહીં બે પ્રતિમાજી લીલા અને ભુરા પાષાણની છે, જે આશરે ૬-૬ ઈંચની છે અને તે પદ્માસન છે. તે સિવાય બીજા સાત પ્રતિમાજી પિત્તળ જેવી ધાતુના છે તથા બીજા સાત નાના-નાના પ્રતિમાજી છે. આ મંદિરનું શિખર સુંદર અને વિશાળ છે.

આ મંદિરની પાછળ બીજું મંદિર છે. જેમાં શ્રી શાંતિનાથ ભગવાનની ૬ ફીટની ખડ્ગાસન પ્રતિમા છે. તેના ઉપરના લેખ ઉપરથી નક્કી થાય છે કે તેની પ્રતિષ્ઠા સંવત ૧૨૩૧ (સન ૧૧૭૪) વૈશાખ સુદ-૧૨ના રોજ અજમેર નિવાસી સોની મારફત થઈ હતી. આ પ્રતિમાજી ખોદકામમાં પ્રાપ્ત થયા હતા. તે ઝાંખા સ્લેટ રંગના છે અને તેના ચરણ પાસે બંને બાજુ ચામરધારી

છે-મસ્તક ઉપર છત્ર છે. વચ્ચેની વેદીમાં શ્યામ પાષાણની શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૨। ફીટની પ્રતિમા છે. તેમની ડાબી તરફ અને જમણી તરફ શ્રી શાંતિનાથજી તથા શ્રી કુન્થુનાથજીની પ્રતિમા છે. આગળના ભાગમાં સફેદ પાષાણની એક પ્રતિમાજી તથા પિત્તળની સર્વતોભદ્રીકાની તથા બીજા બે પિત્તળના પ્રતિમાજી છે. ડાબી બાજુ શ્રી મહાવીર પ્રભુની સફેદ પાષાણની ૭ ફીટની પ્રતિમા છે, જેની પ્રતિષ્ઠા વીર નિર્વાણ સંવત ૨૪૬૯માં થઈ હતી.

<u>મંદિર નં. ૨ શ્રી પાર્શ્વનાથ મંદિર</u> :-

આ મંદિર મેરઠના શ્રી મૂળચંદજી જૈન શરાફ પરિવારે કરાવ્યું છે, જેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના પદ્માસન ૧૧। ફીટના શ્યામ પાષાણના મનોહારી પ્રતિમાજી છે.

<u>મંદિર નં. ૩ શ્રી નંદીશ્વર દ્વીપની રચના</u> :-

પથ્થરના મોટા સ્ટેન્ડ બનાવીને તેના ઉપર મોટી દેરીઓમાં ૧૩-૧૩ પ્રભુની શિખરબંધ દેરીઓ છે. તે દરેક પ્રતિમાજી ૯-૯ ઈંચના પદ્માસન છે. વચ્ચેના ભાગમાં આરસના સર્કલ ઉપર પંચમેરૂ ઘણા ભવ્ય લાગે છે, જે સફેદ આરસના છે. શ્રી શાંતિસાગરજી મુનિના સાંનિધ્યમાં સને ૧૯૮૫માં આનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો. શ્રી નંદીશ્વર દ્વીપની બંને તરફ શ્રી અરનાથજી અને શ્રી શાંતિનાથજીની બે વેદી બનાવી છે. આ બંને પ્રતિમાજી તા. ૨૦-૭-૧૯૭૯માં પહેલા નસીયા પાસેથી ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલી છે.

<u>મંદિર નં. ૪ શ્રી નેમિનાથ મંદિર</u> :-

અહીં ૫। ફીટના કાળા પાષાણના પ્રતિમાજી શ્રી મૂળચંદ જૈન શરાફ મેરઠવાળાએ સન ૧૯૯૪માં વીર નિર્વાણ સંવત ૨૫૨૦ અને વિક્રમ સંવત ૨૦૫૦માં પ્રતિષ્ઠિત કર્યા છે.

<u>મંદિર નં. ૫ શ્રી અરનાથ જિનમંદિર</u> :-

આ મંદિરમાં શ્રી અરનાથ ભગવાનની પદ્માસન પ્રતિમાજી ૧૯૭૩માં શકુન્તલાદેવી દરબારીમલ જૈન દિલ્હીવાળા તરફથી પ્રતિષ્ઠિત થયેલી છે. કમળની વેદી ઉપર સફેદ આરસના પદ્માસન ૨॥ ફીટના શ્રી અરનાથજી પ્રભુ છે.

<u>મંદિર નં. ૬ શ્રી આદિનાથ જિનાલય</u> :-

આ મંદિરમાં શ્રી ઋષભદેવ ભગવાનની ૭। ફીટ ઊંચી ખડ્ગાસન મુદ્રામાં ભવ્ય પ્રતિમાજી છે. સને ૧૯૮૫માં કમળની વેદી ઉપર બિરાજમાન કરેલ છે.

<u>મંદિર નં. ૭</u> :-

આ મંદિરમાં પહેલી વેદીમાં ૬ ફીટના સ્લેટ રંગના ચોથા કાળના ખડ્ગાસન શ્રી શાંતિનાથ

ભગવાન પ્રતિષ્ઠિત કરાયેલા છે. આ પ્રતિમાજી સન ૧૯૨૬માં બીજી નસીયા પાસે ખોદકામમાં પ્રાપ્ત થયેલા છે. બીજી વેદીમાં શ્યામ પાષાણની શ્રી પાર્શ્વનાથ ભગવાનની અનેક મૂર્તિઓ બિરાજમાન છે. ત્રીજી વેદીમાં ૭ ફીટ ઊંચા ખડ્ગાસન સફેદ આરસના શ્રી મહાવીર પ્રભુજી છે.

મંદિર નં. ૮ શ્રી સમવસરણજી મંદિર :-

આ મંદિરમાં સમવસરણજીની બહું જ ભવ્ય અને સુંદર રચના કરવામાં આવેલી છે. મુનિ શ્રી આદિસાગરજી મહારાજની પ્રેરણાથી જૈન સમાજના સહયોગથી શ્રી હંસકમલ જૈન શરાફ, મેરઠવાળાની દેખરેખ નીચે આ મંદિર થયેલ છે. આ સમવસરણજીમાં ગંધકૂટીમાં ચારે તરફ ભગવાન શ્રી મલ્લિનાથજી બિરાજમાન છે અને ચારે તરફ એક-એક ઈન્દ્ર રાખેલ છે. ચાર દિશામાં ચાર માનસ્તંભજી સફેદ આરસના છે, જેમાં દરેકમાં ૯ ઈંચના પદ્માસન ચાર-ચાર પ્રતિમાજી છે. શ્રી સમવસરણજીની રચના ઘણી જ મોટી છે. આ મંદિરના હોલમાં મોટા ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો આરસમાં કોતરેલા છે. જેવા કે ૧) સીતાજીની અગ્નિ પરીક્ષા ૨) કમઠનો ઉપસર્ગ ૩) શ્રી નેમિનાથ વિવાહ અને વૈરાગ્ય ૪) સુકૌશલ મુનિ પૂર્વ ભવની સિંહણનું વેર ૫) સંસાર દર્શન ૬) ચન્દ્રગુપ્તના સોળ સ્વપ્નો ૭) પંચપરમેષ્ઠી દર્શન ૮) પાંચ પાંડવો ઉપર ઉપસર્ગ ૯) શ્રી ઋષભદેવને આહારદાન ૧૦) ચક્રવર્તી શ્રી ભરતના પુત્રોનો વૈરાગ્ય ૧૧) આચાર્ય શ્રી કુન્દકુન્દદેવ વિગેરે ચિત્રપટો છે. વીર સંવત ૨૫૨૦ વિક્રમ સંવત ૨૦૫૦માં આ મંદિર થયેલું છે. શ્રી સમવસરણજીમાં ચાર દિશામાં ચાર સીડી છે અને મોટા કમળ ઉપર ચાર પ્રતિમાજી અશોકવૃક્ષ નીચે બિરાજમાન કરેલા છે. આ શ્રી મલ્લિનાથ પ્રભુનું સમવસરણ તા. ૧-૩-૧૯૬૪ના રોજ બનેલ છે.

મંદિર નં. ૯ શ્રી કુન્થુનાથજીનું મંદિર :-

કમળની વેદી ઉપર સફેદ આરસના ૨ ફીટના શ્રી કુન્થુનાથ ભગવાન ૧૯૭૩માં પ્રતિષ્ઠિત થયેલા છે.

મંદિર નં. ૧૦ શ્રી બાહુબલીજીનું મંદિર :-

આ ભગવાનની પંચ કલ્યાણક પ્રતિષ્ઠા સન ૧૯૭૫માં થઈ હતી.

મંદિર નં. ૧૧ ભગવાન શ્રી મહાવીરસ્વામી જળમંદિર :-

સને ૧૯૭૫માં આ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. આ જલમંદિરની બાજુમાં ચોવીસ તીર્થંકર ભગવાનની ચોવીસ ટોંકો બનાવી છે, જેમાં ચોવીસ તીર્થંકરોના ચરણપાદૂકા છે.

મંદિર નં. ૧૨ થી ૧૬ :-

મુખ્ય મંદિરથી ૦॥ કિ.મી. દૂર ચાર જૈન નસીયા બની છે. પહેલું શ્રી અરનાથ-શ્રી કુન્થુનાથનું

મંદિર નાનકડી ટેકરી ઉપર છે. ઉપર જવા માટે પાકા પગથિયાં છે. ત્યાં શ્રી અરનાથ ભગવાનના પગલાં છે અને શ્રી અરનાથજીની પૂરી પ્રશસ્તિ-પુરૂં વર્ણન વેદી નીચે લાલ પથ્થરમાં લખેલું છે. અહીં આ જગ્યાએ જ શ્રી અરનાથજી તથા શ્રી કુન્થુનાથજીના ચાર કલ્યાણકો થયા હતા. બીજી દેરીમાં શ્રી કુન્થુનાથજીના ચરણપાદૂકા છે. આ વેદી વીર સંવત ૨૪૭૭ વિક્રમ સંવત ૧૯૫૧માં કરાવેલ છે. તેમજ વેદીની નીચે લાલ પથ્થરમાં શ્રી કુન્થુનાથજીની પૂરી પ્રશસ્તિ વિગતવાર લખી છે. ટેકરી ચઢવા માટે માત્ર ૭૦ પાકા પગથિયાં છે. વેદીમાં ફરતા સોળ સ્વપ્નો છે. જિર્ણોદ્ધાર વીર નિર્વાણ સંવત ૨૫૪૪માં થયો છે. આ રીતે કુલ ચાર નસીયા છે. તેમાં બેમાં શ્વેતાંબરોના અને બેમાં દિગંબરોના ચરણપાદૂકા છે. પાંચ મિનિટના રસ્તે ચોથી નસીયા દિગંબર જૈનોની છે. ત્યાંની દેરીમાં શ્રી મલ્લિનાથજીના ચરણપાદૂકા છે. આ ટેકરી ચઢવા માટે માત્ર ૩૫ પગથિયાં છે. તેથી સૌ કોઈ આરામથી ટેકરી ઉપર જઈ શકે છે. યમુના નદીના કિનારે સાઈડમાં નાની ગલીમાં આ ચોથી નસીયા આવેલી છે.

<u>કૈલાસ પર્વત</u> :-

અહીં કૈલાસ પર્વતની રચનાવાળું મંદિર બનાવવાનું કાર્ય શરૂ થયેલ છે, જેમાં ભૂત, વર્તમાન અને ભાવિના તીર્થંકરોની ચોવીસી બનાવવાની યોજના છે. કૈલાસ પર્વત ૧૩૧ ફીટ ઊંચો બનાવીને તેમાં ઉપર ૧૧। ફીટના શ્રી આદિનાથ ભગવાન પદ્માસને બિરાજમાન કરાશે, કારણ કે પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવાનને રાજા શ્રેયાંસરાયે અહીં હસ્તિનાપુરમાં વિધિપૂર્વક આહારદાન આપી ઈક્ષુરસથી પારણુ કરાવ્યું હતું. તેથી જ અહીં કૈલાસ પર્વતની રચના કરીને તેની ઉપર શ્રી આદિનાથ ભગવાનને બિરાજમાન કરવામાં આવશે.

હસ્તિનાપુરમાં વર્ષમાં ચાર વખત વિશાળ મેળા ભરાય છે. કારતકમાં, ફાગણમાં, જેઠમાં અને અક્ષય તૃતીયા ઉપર મેળા ભરાય છે. જેઠ વદ-૧૪ના રોજ શ્રી શાંતિનાથ ભગવાનના નિર્વાણકલ્યાણકના દિવસે અહીં સામુહિક નિર્વાણલાડુ ચડાવીને રથયાત્રા કાઢવામાં આવે છે. હસ્તિનાપુરમાં યાત્રીઓને આખો દિવસ પાણી મળી શકે તે માટે પાણીની મોટી બે ટાંકીઓ બનાવેલી છે. લગભગ ૫૦ વર્ષ પહેલા અહીં ઉદાસીન આશ્રમ બનાવેલ છે, જેમાં ત્યાગી-બ્રહ્મચારીગણ રહે છે. તે ૨૫ દિવસમાં ત્રણ વખત શાસ્ત્રસભા કરે છે. તેમના માટે અહીં શુદ્ધનું રસોડુ પણ ચાલે છે. અહીં મારવાડી ભોજનના ત્રણ સ્ટોલ પણ છે.

<u>જમ્બુ દ્વીપ</u> :-

આ પ્રાચીન બડા મંદિરથી આગળ ચાલતાં માત્ર ૧૦ મિનિટના રસ્તે જમ્બુ દ્વીપની ભવ્ય રચના કરેલી છે. આ સંકુલ ખૂબ જ મોટું અને લેટેસ્ટ છે, જે નજરે જુઓ ત્યારે જ ખ્યાલ આવે કે આ સંકુલ કેટલું મોટું અને ભવ્ય છે. તેમાં વચ્ચેના ભાગમાં મંદિરોની રચના અને બાગ-બગીચા છે અને ફરતી ધર્મશાળાની ૨૦૦ જેટલી આધુનિક રૂમો છે. તેમજ નાના બંગલા જેવા ડિલક્ષ

ટેનામેન્ટ્સ છે. અહીં અવારનવાર વિજળી બંધ થતી હોવાથી સંસ્થાએ પોતાના જનરેટર સેટ્સ પણ મુકાવ્યા છે. ભોજનશાળાની પણ સુંદર વ્યવસ્થા છે. જમવા માટે સવારે કે સાંજે ઓફિસમાંથી પાસ કઢાવી લેવાના હોય છે.

આ જમ્બુ દ્વીપની રચના આર્યિકા શ્રી જ્ઞાનમતી માતાજીની પ્રેરણાથી "ત્રિલોક શોધ સંસ્થાન" દ્વારા કરવામાં આવેલી છે, જેમાં ૮૪ ફીટ ઊંચા સુમેરૂની રચના અને ૭૮ અકૃત્રિમ ચૈત્યાલય તથા ૨૦૧ દેવ ભવનના ચૈત્યાલયો તથા નદીઓ તથા પર્વત અને લવણસમુદ્રની સુંદર રચના કરી છે. આવી અદ્વિતીય રચના ભારતમાં બીજે ક્યાંય નથી. જે કોઈ આ રચના જુએ તે બધા જ એમ કહે કે અમારી કલ્પનામાં પણ ન હતું કે આવી ભવ્ય રચના અહીં હશે. અહીં આવીને ૨-૪ દિવસ રોકાવા જેવું આ સ્થળ છે.

જમ્બુ દ્વીપની ચારે તરફ લવણસમુદ્ર, નદીઓ, બાગ-બગીચાઓ, ફુવારા, વિગેરે દૃશ્યોની સુંદર રચના જોઈને બધા જરૂરથી આશ્ચર્યચકિત થાય છે. હંમેશા બધા જ તીર્થંકર ભગવાનના જન્માભિષેક સુમેરૂપર્વત ઉપર જ થાય છે. એટલે અત્યાર સુધીમાં અસંખ્યાત્ તીર્થંકરોના જન્માભિષેક આ સુમેરૂપર્વત ઉપર થયા છે. તેથી જ તેને ત્રૈલોક્ય પૂજ્ય પર્વત કહે છે. ત્રણ લોકમાં ઊંચામાં ઊંચો આ પર્વત છે.

<u>જમ્બુ દ્વીપમાં દર્શનીય મંદિરો</u> :-

અહીં નીચે મુજબના મંદિરો દર્શનીય છે.

(૧) કમલ મંદિર
(૨) તીન મૂર્તિ મંદિર
(૩) શ્રી ઋષભદેવ જિનમંદિર (શિખરબંધી)
(૪) શ્રી ૐ મંદિર (આ મંદિર તીન મૂર્તિ મંદિરની પાછળ છે.)
(૫) શ્રી વાસુપૂજ્ય મંદિર (આ મંદિર તીન મૂર્તિ મંદિરની પાછળ છે.)
(૬) શ્રી શાંતિનાથ-શ્રી કુન્થુનાથ-શ્રી અરનાથ મંદિર (આ મંદિર તીન મૂર્તિ મંદિરની પાછળ છે.)
(૭) ધ્યાન મંદિર
(૮) જમ્બુ દ્વીપ
(૯) સહસ્ત્રકૂટ મંદિર
(૧૦) સુમેરૂ પર્વતની રચના

<u>દરેક મંદિરોનું વર્ણન-પહેલું મંદિર-કમલ મંદિર</u> :-

બહારથી જ આખું મંદિર એટલે કે મંદિરની બહારની દિવાલ પણ કમળની પાંખડીઓની જેમ બનાવેલ છે. તેનું ઉદ્ઘાટન વીર નિર્વાણ સંવત ૨૫૧૬ તા. ૬ મે, ૧૯૯૦ના રોજ થયું છે. આ

કમળ મંદિરમાં કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુની ખડ્ગાસન ૯ ફીટના ભવ્ય પ્રતિમાજી બિરાજમાન કરેલા છે. આ મંદિરના દરવાજા ચાંદી જેવી ધાતુના સુંદર બનાવ્યા છે.

## બીજું મંદિર-તીન મૂર્તિ મંદિર :-

આ મંદિરમાં કમળની વેદી ઉપર સફેદ આરસના ત્રણ પ્રતિમાજી ખડ્ગાસન છે. વચ્ચે શ્રી આદિનાથ પ્રભુ, ડાબી તરફ શ્રી ભરતજી અને જમણી તરફ શ્રી બાહુબલીજી ભગવાન છે. વચ્ચે શ્રી આદિનાથ ભગવાન ૬ ફીટના ખડ્ગાસને છે. બીજી વેદીમાં સફેદ કમળની વેદી ઉપર શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ આરસના પદ્માસન ૫ ફીટના છે. તેમજ એક મોટા કબાટમાં પંચધાતુના શ્રી પાર્શ્વનાથ પ્રભુ ૧॥ ફીટના પદ્માસન છે. તે સિવાય ચોવીસ તીર્થંકર ભગવંતોની જેમ પંચધાતુના ચોવીસ પ્રતિમાજી પદ્માસન છે.

ત્રીજા રૂમમાં કબાટમાં ૯૬ પંચધાતુના પદ્માસન નાના-મોટા પ્રતિમાજી છે. તેમજ સફેદ આરસના પદ્માસન ૧। ફીટના છ ભગવાન છે. કબાટમાં નવ પંચધાતુના પદ્માસન પ્રતિમાજી છે તથા નવગ્રહ શાંતિ ચૈત્યાલય છે. તેમજ અહીં કૈલાસ પર્વતની રચના પણ છે. તેમજ બીજા શો કેઈસમાં શ્રી ઋષભદેવ ભગવાન ખડ્ગાસને છે. શ્રી ઋષભદેવ ભગવાન મુનિદીક્ષા લઈને વટવૃક્ષ નીચે ધ્યાનમાં લીન છે અને શ્રી ઋષભદેવ ભગવાનને રાજા શ્રેયાંસરાય ઈક્ષુરસનો આહાર આપે છે તે દશ્ય પણ છે. ત્યાર બાદ સાત દેવોની સાત દેરીઓ છે. ૧) ચક્રેશ્વરી માતા ૨) ગોમુખ દેવ ૩) મણિભદ્ર ક્ષેત્રપાલ ૪) પદ્માવતી દેવી ૫) ધનેન્દ્ર દેવ ૬) લક્ષ્મી દેવી ૭) સરસ્વતિ દેવી.

વચ્ચેના ત્રણ પ્રભુના મંદિરની જમણી તરફ સફેદ કમળની વેદી ઉપર શ્યામ આરસના ફેણવાળા પદ્માસન ૫ ફીટના શ્રી પાર્શ્વનાથ પ્રભુજી બિરાજમાન છે. મંદિરની બહારની ફરતી લોબીમાં ચોવીસ તીર્થંકર ભગવાનના પૂરા જીવનદર્શન લખેલા આરસના ચોવીસ પાટીયા છે, જેમાં ભગવાનની જન્મભૂમિ, પિતા, માતા, વર્ણ, ગોત્ર, વંશ, દેહવર્ણ, આયુષ્ય, અવગાહના (દેહની ઊંચાઈ), ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને મોક્ષકલ્યાણક, મુખ્ય ગણધર કોણ ?, સભામાં મુનિ કેટલા ?, આર્યિકા-શ્રાવક-શ્રાવિકા, વિગેરે ચોવીસ તીર્થંકર ભગવંતોનું વર્ણન ચોવીસ આરસના પાટીયામાં લખેલું છે.

## ત્રીજુ મંદિર શ્રી વાસુપૂજ્ય ભગવાનનું મંદિર :-

ૐ મંદિરની બાજુમાં આ શ્રી વાસુપૂજ્ય ભગવાનનું મંદિર છે, જેમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે, જેની પ્રતિષ્ઠા વીર નિર્વાણ સંવત ૨૫૧૧ આસો સુદ-૧૩ તા. ૬-૧૦-૧૯૯૫ના રોજ થયેલી છે અને તે કમળની વેદી ઉપર બિરાજમાન છે.

## ચોથુ મંદિર શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ, શ્રી અરનાથ ભગવાનનું મંદિર :-

ત્રીજા મંદિરની બાજુમાં જ આ મંદિર છે. આ મંદિરમાં શ્રી શાંતિનાથજી, શ્રી કુન્થુનાથજી અને

શ્રી અરનાથજી-તેમ ત્રણ ભગવાન વીર સંવત ૨૫૧૧ આસો સુદ-૧૩ તા. ૬-૧૦-૧૯૮૫ના રોજ પ્રતિષ્ઠિત કરાયેલ છે. આ ત્રણેય પ્રતિમાજી ઘણા ઊંચા ગુલાબી કલરના આરસની વેદી ઉપર બિરાજમાન કર્યા છે. ત્રણેય ભગવાન ખડ્ગાસન ૩ ફીટના છે. નીચેની વેદીમાં શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી સુપાર્શ્વનાથજીના બે પ્રતિમાજી પદ્માસન શ્યામ આરસના ૧-૧ ફીટના છે.

આ મંદિરની બાજુમાં જ નવું મોટું અને ભવ્ય ઈન્દ્રધ્વજ મંદિર (તેરહ દ્વીપ મંદિર) તૈયાર થઈ રહ્યું છે. આ મંદિરનો મોટો હોલ તૈયાર થઈ ગયો છે. આગળનું કામ ચાલુ છે.

ૐ મંદિરની સામે ભગવાન શ્રી ઋષભદેવ પાષાણનો કીર્તિસ્તંભ બનાવ્યો છે. તેમાં નીચે શ્રી ઋષભદેવ ભગવાનના પાંચ કલ્યાણકના પાંચ ચિત્રો છે. વચ્ચે ચાર દિશામાં ચાર પ્રતિમાજી સફેદ આરસના ખડ્ગાસને ૧-૧ ફીટના છે. ઉપર ચાર દિશામાં ચાર પ્રતિમાજી પદ્માસને છે. તા. ૨૧-૪-૨૦૦૦ના રોજ શ્રી જ્ઞાનમતી માતાજી, શ્રી ચંદનામતી માતાજી તથા ક્ષુલકરત્ન શ્રી મોતીસાગરજી મહારાજના સાંનિધ્યમાં આ સ્થંભ બનેલો છે. ત્યાર પછી શ્રી જ્ઞાનમતી કલામંદિર છે, જેમાં ઐતિહાસિક ઝાંખીઓ જોવા મળે છે અને તે જોવા માટે ટિકિટ લેવી પડે છે.

<u>પાંચમુ મંદિર-ધ્યાન મંદિર</u> :-

નાનકડી ટેકરી જેવી રચના છે, જેની ઉપર ફરતું લીલુ ઘાસ વાવ્યું છે. તેનું ઉદ્ઘાટન તા. ૮-૧૦-૧૯૯૫ના રોજ થયેલ છે. આ મંદિરમાં " હ્રીં " બીજાક્ષરમાં ચોવીસ તીર્થંકરો બિરાજમાન છે. શ્રી ચન્દ્ર પ્રભુ તથા શ્રી પુષ્પદન્ત ભગવાન શ્વેત વર્ણના અર્ધચન્દ્રાકારમાં સ્થિત છે. નીલ વર્ણના શ્રી નેમિનાથ અને શ્રી મુનિસુવ્રત ભગવાન નીલ વર્ણ બિંદુમાં છે. લાલ વર્ણના શ્રી પદ્મપ્રભુ ભગવાન અને શ્રી વાસુપૂજ્ય ભગવાન લાલ વર્ણી કલા લાઈન સ્થિત છે. હરીત વર્ણના શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાન હરીતવર્ણી "ઈ"માં બિરાજમાન છે. મંદિરમાં પંચધાતુના કમળ ઉપર "હ્રીં" બનાવેલ છે. તેમાં ઉપર લખ્યા મુજબ દરેક તીર્થંકર ભગવાનની ૪-૫ ઈંચની પંચધાતુની મૂર્તિ મૂકી છે. આ મંદિરમાં ચોખા-અર્ઘ્ય ન ચડાવવો-શાંતિ રાખી માત્ર ધ્યાન જ કરવુ-તેમ ખાસ સૂચના લખેલી છે.

તેની બાજુમાં જમ્બુ દ્વીપ ટ્રેઈન નામની નાની ટ્રેઈન બનાવી છે. નાના પાટા ઉપર આ નાની ટ્રેઈન દોડાવે છે, જેમાં બાળકો બેસે છે. એક ડબામાં ૪ થી ૬ બાળકો બેસી શકે તેવાં ૫-૬ ડબાની આ ટ્રેઈન છે. ત્યારબાદ સર્વતોભદ્ર અયોધ્યા મહેલની રચના આવે છે. અહીં સિંહાસન ઉપર આરસમાં સર્વતોભદ્રની રંગીન મૂર્તિ છે. ત્યારપછી જૈન ભુગોળ-જમ્બુ દ્વીપનો સંક્ષિપ્ત પરિચય સફેદ આરસના પાટીયાઓમાં કાળા અક્ષરે લખેલો છે. આવા આઠ મોટા પાટીયામાં બધી જ માહિતી લખી છે. તેમાં રક્ષાબંધન, પાંચ પાંડવો ઉપર પરિષહ, જમ્બુ દ્વીપની રચનાનો ઈતિહાસ, જમ્બુ દ્વીપ જ્ઞાન જ્યોતિનું ભારતભ્રમણ, ભોગભૂમિ, છ સરોવર, ચૌદ મહાનદી, ભરતક્ષેત્રના છ ખંડના નામ, વિગેરે વર્ણન લખેલું છે.

તા. ૫-૧૦-૧૯૯૫ના રોજ અખંડ જ્ઞાન જ્યોતિ મંદિર થયું છે. તેમાં તદ્દન નાનકડી ટેકરી ઉપર સરસ્વતિ માતાની મૂર્તિ મૂકી છે. ત્યાં લખ્યું છે કે તેના દર્શનથી આરાધના, બુદ્ધિ અને જ્ઞાન વધે છે અને વિદ્યાર્થીની સ્મરણ શક્તિ વધે છે.

<u>છેલ્લું મંદિર-સુમેરૂ પર્વતની ભવ્ય રચના</u> :-

આ આખા મંદિરની રચના આર્યિકા જ્ઞાનમતીજીની પ્રેરણાથી થઈ છે. તેઓ ૧૭ વર્ષની ઉંમરથી જ વૈરાગી હતા. તેમનો જન્મ વિ. સં. ૧૯૯૧ શરદ પૂર્ણિમા સને ૧૯૩૪નો છે. વિ. સં. ૨૦૦૮ સન ૧૯૫૨માં તેમણે આચાર્ય શ્રી દેશભૂષણ મહારાજના સાંનિધ્યમાં બ્રહ્મચર્યવ્રત લીધું હતું અને વિ. સં. ૨૦૦૯ સને ૧૯૫૩માં શ્રી મહાવીરજી ક્ષેત્રમાં દીક્ષાગ્રહણ કરીને ક્ષુલ્લિકા બન્યા અને વીરમતી નામ પ્રાપ્ત કરેલ અને વિ. સં. ૨૦૧૩ વૈશાખ વદ-૨ના રોજ આર્યિકા દીક્ષા લીધી અને તે વખતે જ્ઞાનમતી નામથી અલંકૃત થયા હતા. આ સુમેરૂની રચના તેઓની જ પ્રેરણાથી તેમના શાસ્ત્રોના અભ્યાસ મુજબ થયેલી છે. તેથી તેમના જીવન વિશે થોડી માહિતી સૌની જાણ માટે ઉપર લખેલી છે.

જમ્બુ દ્વીપ ભરતક્ષેત્રમાં આર્યખંડમાં આવેલું છે. આખું વિશ્વ આ જમ્બુ દ્વીપના ભરતક્ષેત્રના આર્યખંડમાં આવેલું છે. આ જમ્બુ દ્વીપનું વર્ણન-જમ્બુ દ્વીપ પણ્ણત્તિ, ત્રિલોકસાર, લોકવિભાગ, શ્લોકવાર્તિક તથા તત્વાર્થસૂત્ર, વિગેરે ગ્રંથોમાં વિસ્તારથી છે. આ બધા જ પુસ્તકોનો આધાર લઈને શ્રી જ્ઞાનમતીજીએ ત્રિલોક ભાસ્કર, જૈન ભુગોળ તથા જમ્બુ દ્વીપ નામના પુસ્તકો બનાવ્યા છે. આપણા સૌનું નિવાસસ્થાન જમ્બુ દ્વીપ છે, જેની ચારે તરફ લવણસમુદ્ર છે. આ જમ્બુ દ્વીપના ભરતક્ષેત્રના આર્યખંડમાં ચોવીસ તીર્થંકરોના જન્મ થાય છે. ભારતની જેમ લગભગ ૧૫૦ દેશ આ આર્યખંડમાં આવેલા છે. જમ્બુ દ્વીપનું ક્ષેત્રફળ સાતસો નેવુ કરોડ છપ્પન લાખ ચોરાણુ હજાર એકસો પચાસ યોજન (૭,૯૦,૫૬,૯૪,૧૫૦) છે. શ્રી જ્ઞાનમતીજીની પ્રેરણાથી "ત્રિલોક શોધ સંસ્થાન" નામની સંસ્થાનું નિર્માણ સને ૧૯૭૨માં દિલ્હીમાં થયેલ, જેણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરીને આ જમ્બુ દ્વીપની રચના હસ્તિનાપુરમાં કરી છે. તેથી આ દર્શનીય સ્થળે દિન-પ્રતિદિન દેશ-વિદેશમાંથી અનેક લોકો હંમેશા આવે છે અને આ ક્ષેત્રને જોઈને તેના બે મોઢે વખાણ કરે છે.

જમ્બુ દ્વીપની રચના કરવા માટે હસ્તિનાપુર ક્ષેત્ર પસંદ કરવાના ઘણા કારણો છે. જેમ કે -

૧. કરોડો વર્ષો પહેલા શ્રી શ્રેયાંસકુમારે શ્રી ઋષભદેવ મુનિરાજને અહીં હસ્તિનાપુરમાં વૈશાખ સુદ-૩ના રોજ ઈક્ષુરસનું આહારદાન દીધું હતું.

૨. વિષ્ણુકુમારે ૭૦૦ મુનિઓની રક્ષા-ઉપસર્ગ નિવારણ અહીં હસ્તિનાપુરમાં કરેલ. આ દિવસને હાલમાં આપણે રક્ષાબંધન પર્વ તરીકે ઉજવીએ છીએ.

૩. ભગવાન શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ અને શ્રી અરનાથજીના ૪-૪ કલ્યાણકો આ પવિત્ર

ભૂમિમાં થયા હતા. ત્રણેય તીર્થંકરોએ અહીંથી છ ખંડની પૃથ્વી ઉપર રાજ્ય કર્યું હતું.

૪. કૌરવ-પાંડવોની રાજધાની હસ્તિનાપુરમાં હતી, વિગેરે.

આવા કારણોસર જમ્બુ દ્વીપની રચના માટે હસ્તિનાપુર સ્થળ પસંદ કરવામાં આવ્યું લાગે છે.

આ સુમેરૂ પર્વત ગોળાકારે છે. અંદરના ભાગમાં ગોળાકાર કઠોડાવાળો સરસ દાદર છે, જેના દ્વારા સૌ કોઈ ઉપર જઈ શકે છે. નાના-મોટા-વૃદ્ધો-સૌ કોઈ આરામથી છેક ઉપર સુધી જઈ શકે તેવી સુંદર વ્યવસ્થા છે. પ્રથમ માળે ચઢવા માટે ૨૮ પગથિયાં છે. ત્યાં ફરતી ભમતી ફરી શકાય છે. ત્યાર પછી બીજા ૬૭ પગથિયાં ચઢો એટલે બીજો માળ આવે છે. ત્યાં પણ ફરતી ભમતી ફરી શકાય છે. ત્યારપછીથી ત્રીજે માળે જવા માટે સાંકડો દાદરો આવે છે. તે ચઢવા માટે ૪૩ પગથિયાં છે. પ્રથમ માળે ચારે દિશામાં ચાર સફેદ આરસના ૩ ફીટના પદ્માસન પ્રતિમાજી છે. તેવી રીતે બીજે માળે પણ ચાર દિશામાં સફેદ આરસના ૨ ફીટના પ્રતિમાજી છે અને ત્રીજે માળે પણ સફેદ આરસના ચારે દિશામાં પદ્માસન ૧ ફૂટના પ્રતિમાજી છે. આ બધા ભગવંતોની પ્રતિષ્ઠા વીર સંવત ૨૫૦૫ વિક્રમ સંવત ૨૦૩૬ વૈશાખ સુદ-૭ના રોજ થયેલી છે. ત્રીજે માળે ભમતી ફરવા માટે ખૂબ નીચા વળીને જવુ પડે છે.

આ જમ્બુ દ્વીપની રચનામાં દરેક સ્થળે પર્વતોના નામો, નદીઓના નામો તથા ક્ષેત્રોના નામો લખેલા છે. આ બધુ વર્ણન પૂજાના ઘણા પુસ્તકોમાં આવે છે. તેમ છતાં સૌને જાણકારી મળે તે હેતુથી થોડું વર્ણન અત્રે લખેલ છે. જમ્બુ દ્વીપમાં મુખ્યત્વે ૬ કુલાચલ, ૭ ક્ષેત્ર, ૬ સરોવર, ૧૪ નદીઓ અને ૪૦૦ પુર દ્વાર છે. કુલાચલ પર્વતના નામ અનુક્રમે ૧) હીમવાન ૨) મહાહીમવાન ૩) નિષધ ૪) નીલ ૫) રૂકમી અને ૬) શિખરી છે. ક્ષેત્રના નામ અનુક્રમે ૧) ભરત ૨) હૈમવત ૩) હરિ ૪) વિદેહ ૫) રમ્યક્ ૬) હૈરાણ્યવ્રત અને ૭) ઐરાવત-તેમ ૭ ક્ષેત્ર છે. જમ્બુદ્વીપમાં ૬ પર્વત ઉપરાંત કુલ ૩૧૧ પર્વત છે, જેની વિગત આ પ્રમાણે છે :- ૧ સુમેરૂ પર્વત, ૬ કુલાચલ પર્વત, ૪ ગજદંત પર્વત, ૧૬ વક્ષાર પર્વત, ૩૪ વિજયાર્ધ પર્વત, ૩૪ વૃષભાચલ પર્વત, ૪ નાભીગિરિ પર્વત, ૪ યમકગિરિ પર્વત, ૮ દિગ્ગજેન્દ્ર પર્વત, ૨૦૦ કાંચનગિરિ પર્વત-તેમ કુલ ૩૧૧ પર્વત છે.

૧ સુમેરૂ પર્વતમાં ૧૬, ૬ કુલાચલ પર્વતમાં ૬, ૪ ગજદંત પર્વતમાં ૪, ૧૬ વક્ષાર પર્વતમાં ૧૬, ૩૪ વિજયાર્ધ પર્વતમાં ૩૪ અને જમ્બુ શાલ્મલી વૃક્ષમાં ૨ તેમ કુલ ૭૮ ચૈત્યાલયો હોય છે. જમ્બુ દ્વીપ ભરત ક્ષેત્રમાં એક આર્ય ખંડ અને ઐરાવત ક્ષેત્રમાં એક આર્ય ખંડ હોય છે. તેવી રીતે ૩૨ વિદેહમાં ૩૨ આર્ય ખંડ-તેમ આખા જમ્બુ દ્વીપમાં કુલ ૩૪ આર્ય ખંડ હોય છે. આ આર્ય ખંડમાં મહાપુરુષોના જન્મ થાય છે. મ્લેચ્છખંડ ૧૭૦ હોય છે.

મેરૂ પર્વતની પૂર્વ દિશામાં પૂર્વવિદેહ અને પશ્ચિમ દિશામાં પશ્ચિમવિદેહ હોય છે. પૂર્વ વિદેહમાં વચ્ચે સીતા નદી છે અને પશ્ચિમવિદેહમાં વચ્ચે સીતોદા નદી છે. કુલ ૩૨ વિદેહ છે, જેના નામ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) કચ્છા | ૨) સુકચ્છા | ૩) મહાકચ્છા | ૪) કચ્છકાવતી |
| ૫) અવર્તી | ૬) લાંગલાવર્તી | ૭) પુષ્કલા | ૮) પુષ્કલાવતી |
| ૯) વત્સા | ૧૦) સુવત્સા | ૧૧) મહાવત્સ | ૧૨) વત્સકાવતી |
| ૧૩) રમ્યા | ૧૪) સુરમ્યા | ૧૫) રૈમણ્યા | ૧૬) મંગલાવતી |
| ૧૭) પદ્મા | ૧૮) સુપદ્મા | ૧૯) મહાપદ્મા | ૨૦) પદ્મકાવતી |
| ૨૧) શંખા | ૨૨) નલીની | ૨૩) કુમુદ | ૨૪) સરિત |
| ૨૫) વપ્રા | ૨૬) સુવપ્રા | ૨૭) મહાવપ્રા | ૨૮) વપ્રકાવતી |
| ૨૯) ગંધા | ૩૦) સુગંધા | ૩૧) ગંધીલા | ૩૨) ગંધમાલિની |

આ રીતે વિદેહના ૩૨ દેશો છે.

જમ્બુ દ્વીપમાં ૬ સરોવર હોય છે, જેના નામ નીચે મુજબ છે.

૧) પદ્મ ૨) મહાપદ્મ ૩) તિગિંછ ૪) કેસરી ૫) મહાપુંડરીક અને ૬) પુંડરીક

તે સિવાય ૧૪ નદીઓ હોય છે, જેના નામ નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) ગંગા | ૨) સીંધુ | ૩) રોહિત | ૪) રોહિતાસ્યા |
| ૫) હરિત | ૬) હરિકાન્તા | ૭) સીતા | ૮) સીતોદા |
| ૯) નારી | ૧૦) નરકાન્તા | ૧૧) સુવર્ણકૂલા | ૧૨) રૂપ્યકૂલા |
| ૧૩) રક્તા | ૧૪) રક્તોદા | | |

આ રીતે આ ૧૪ નદીઓ મુખ્ય છે. બાકી તે સિવાય તો ત્યાં લાખો નદીઓ છે.

જમ્બુ દ્વીપની ચારે તરફ ફરતો લવણસમુદ્ર છે. હસ્તિનાપુરમાં એક વિશાળ "ઈન્દ્રદવજ મંદિર"નું નિર્માણ થઈ રહ્યું છે, જેના માટે દેશ-વિદેશમાંથી દાતારો દાન આપે છે. ટૂંકમાં હસ્તિનાપુર ભવ્ય તીર્થક્ષેત્ર છે. અહીં ઓછામાં ઓછા બે દિવસ રોકાવાથી શાંતિથી બધે દર્શન-પૂજા થઈ શકે અને ક્ષેત્રનો બધો અભ્યાસ-ઈતિહાસ જાણી શકાય.


અહીં રત્નત્રય નિલય-ત્યાગી ભવન છે. અહીં તેરાપંથી તથા વીસપંથી બંને પક્ષવાળા પોતપોતાની પરંપરા અનુસાર પૂજન-અભિષેક કરી શકે છે તેમ બોર્ડમાં લખ્યું છે. અહીં શ્રી ઋષભદેવ મુનિરાજનું પારણું તથા કૌરવ-પાંડવોની પ્રાચીન ઝાંખી પણ છે.

હસ્તિનાપુરમાં જુદા-જુદા મંદિરોની પ્રતિષ્ઠા પ્રસંગે ઘણી વખત પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવો થયા છે.


o o o o o

प्रभु हम सब का एक, तू ही है तारणहारा रे ।
तुम को भूला, फिरा वही नर मारा-मारा रे ॥

बडा पुण्य अवसर यह आया, आज तुम्हारा दर्शन पाया ।
फूला मन यह हुआ सफल मेरा जीवन सारा रे ॥ १॥
भक्ति में जब चित्त लगाया, चेतन में तब चित्त ललचाया ।
वीतरागी देव करो अब भव से पारा रे ॥ २॥
अब तो मेरी ओर निहारो, भव समुद्र से नाव उबारो ।
पंकज का लो हाथ पकड मैं पाऊँ किनारा रे ॥ ३॥
जीवन में मैं नाथ को पाऊँ, वीतरागी भाव बढाऊँ ।
भक्ति भाव से प्रभु चरण में जाऊँ-जाऊँ रे ॥ ४॥
प्रभु हम सब का एक, तू ही है तारणहारा रे ।



શ્રી દિગંબર જૈન અતિશય ક્ષેત્ર, દેહરા-તિજારા - રાજસ્થાન



ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુની અતિ ચમત્કારી પ્રતિમા, દેહરા-તિજારા - રાજસ્થાન

# તિજારા

- આવાગમન ............... : રેલ્વે સ્ટેશન : અલવર - ૫૫ કિ.મી.
  બસ સ્ટેશન : તિજારા
- પહોંચવાનો સરળ માર્ગ ... : અલવર-ભિવાડી-દિલ્હી સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર ...... : અલવર - ૫૫ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો ......... : શ્રી મહાવીરજી - ૨૦૦ કિ.મી., કાસન - ૬૦ કિ.મી., બડાગાઁવ - ૧૨૫ કિ.મી., અહિચ્છેત્ર - ૩૨૦ કિ.મી., હસ્તિનાપુર - ૨૨૦ કિ.મી., પદમપુરા - ૨૩૫ કિ.મી.

હસ્તિનાપુરથી તિજારા ૨૨૦ કિ.મી. અને શ્રી મહાવીરજીથી તિજારા વાયા-અલવર ૨૦૦ કિ.મી. છે. તિજારાથી પદમપુરા ૨૩૫ કિ.મી. છે અને તિજારાથી રામનગર-અહિચ્છેત્ર ૩૨૦ કિ.મી. છે. શ્રી દિગંબર જૈન અતિશયક્ષેત્ર દેહરા-તિજારાનું માહાત્મ્ય અવર્ણનીય છે. અહીં શ્રી ચન્દ્ર પ્રભુની પ્રતિમા ભૂગર્ભમાંથી પ્રાપ્ત થઈ તેનું મહત્વ છે. દેહરા શબ્દનો અર્થ દેવાલય થાય છે કે જ્યાં જૈન ધર્માનુયાયીઓ મૂર્તિની પૂજા કરે છે. અહીંની જનશ્રુતીઓ, ખોદકામમાં પ્રાપ્ત મૂર્તિઓ તથા શિલાલેખ આ ક્ષેત્ર નવમી શતાબ્દીનું હોવાનુ કહે છે. અલવર નગરની ઉત્તર-પૂર્વમાં ૫૫ કિ.મી. પર આ તિજારાક્ષેત્ર આવેલું છે. અહીંથી અલવર, જયપુર, શ્રી મહાવીરજી, ભરતપુર, મથુરા, રેવાડી, દિલ્હી, શ્રી ગંગાનગર, આગ્રા, હરિદ્વાર, મેરઠ, પદમપુરા, વિગેરે સ્થળોએ જવા માટે પાકી સડક છે. પ્રાચીન કાળથી આ વૈભવશાળી નગરી પ્રાકૃતિક સંપદાઓથી સમૃદ્ધ જૈન સમાજનું આકર્ષણ કેન્દ્ર બની રહેલ છે. કાળાનુક્રમે આ નગરીની ચડતી-પડતી થઈ છે. આ ક્ષેત્ર અલવર જીલ્લાથી શરૂ થઈ ગુડગાંવ સુધી ફેલાયેલું છે. મધ્ય કાળમાં મોગલ બાદશાહોએ આ વૈભવશાળી નગરીને તથા દેવ પ્રતિમાજીઓને ભૂમિગત કરેલ. અહીંથી પ્રગટ થયેલા ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુની પ્રતિમાએ ફરીને આ તીર્થને જૈન સમુદાયનું આકર્ષક તીર્થ બનાવ્યું છે. સને ૧૯૫૬માં તિજારા નગરપાલિકાએ રસ્તા પહોળા કરવા માટે ખોદકામ શરૂ કર્યું. ત્યારે ક્ષેત્રના પશ્ચિમ ભાગમાં એક ભૂમિગત તલઘર દેખાયું. તેથી શ્રદ્ધાળુ લોકોએ ઉત્સાહપૂર્વક વિશેષ તેજીથી ખોદકામ શરૂ કર્યું. પરંતુ આશા ઠગારી નીવડી. ત્યારબાદ નગીનાવાળા ઝંબુરામ તથા મીશ્રીલાલજી અહીં આવ્યા. તેમને ખોકદામ કરવા માટે સ્વપ્ન આવ્યું. તો તે મુજબ ખોદકામ કરતા ત્રણ પ્રાચીન ખંડિત જૈન પ્રતિમાજીઓ તેમને મળી. તેના ઉપરના ઉત્કીર્ણ લેખો વાંચતા નક્કી થયું કે આ પ્રતિમાજીઓ ગુપ્ત કાળની છે. આથી બમણા ઉત્સાહથી ખોદકામ શરૂ થયું. તિજારા નિવાસી શ્રી બિહારીલાલ જૈનના ધર્મપત્ની દિવંગતાએ ત્રણ દિવસ સુધી અન્નજળનો ત્યાગ કર્યો. તો શ્રાવણ સુદ-૯ ની રાત્રે તેમને સ્વપ્ન આવ્યું કે આ જગ્યાએ જરૂર પ્રતિમાજી દબાયેલા પડયા છે. તો રાત્રે જ તેઓ દિપક સાથે લઈને ત્યાં ગયા અને ત્યાં જઈને રેખાંકન કર્યું.

ત્યાં ખોદકામ કરતા તા. ૧૬-૮-૧૯૫૬ના રોજ સવારે ૧૧:૫૦ કલાકે આ મૂર્તિ નીકળી. તો શ્રદ્ધાળુ લોકોએ હર્ષવિભોર થઈને જયનાદ કર્યો. ધવલ પાષાણખંડ ઉપર પદ્માસન શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની આ પ્રતિમા કે જે ચન્દ્રમાના ચિન્હથી અંકિત છે. તેની ઊંચાઈ ૧૫ ઈંચ (૧। ફીટ) છે. આ પ્રતિમા વિક્રમ સંવત ૧૫૫૪ ની છે. તેના ઉપર ઉત્કીર્ણ લેખ છે. "સંવત ૧૫૫૪ વૈશાખ સુદ-૩ના રોજ શ્રી કાષ્ઠા સંઘે-પુષ્કરગણે .........ઈદમ શ્રી ચન્દ્ર પ્રભુ પ્રતિષ્ઠાવિતમ્"

ત્યારબાદ તા. ૧૯-૨-૧૯૭૨ના રોજ આચાર્ય શ્રી નિર્મલસાગરજી મહારાજ સંઘ સહિત અહીં પધાર્યા હતા. તેમને પોતાના તપોબલના પ્રભાવથી આભાસ થયો કે મંદિર પરિસરની દક્ષિણ દિશામાં એક રૂમના દરવાજા નીચે એક બીજા પ્રતિમાજી પણ દબાયેલા પડયા છે. તેથી તેમના આદેશ અનુસાર અહીં ખોદકામ કરતા તા. ૨૯-૩-૧૯૭૨ના રોજ ઘોટકૃષ્ણવર્ણી ૯ ઈંચના પદ્માસન ચન્દ્ર ચિન્હ અંકિત ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુની એક બીજી મૂર્તિ પ્રત્યક્ષરૂપમાં પ્રાપ્ત થઈ. લોકોએ હાર્દિક સ્વાગત-અભિનંદન કર્યું. આ રીતે અહીં શ્રી ચન્દ્ર પ્રભુની પ્રતિમા પ્રગટ થવાથી આ તિજારા નગરીના ભાગ્ય ફરીને ખૂલી ગયા. કુદરતી રીતે અહીંના લોકોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થયો. ગામનો વેપાર વધ્યો, જેને લોકોએ પ્રતિમાનો ચમત્કાર માન્યો. તેથી દેશ-વિદેશમાંથી લોકો અહીં આવવા લાગ્યા અને આ ક્ષેત્રમાં સદાયે પ્રજ્વલ્લિત ઘીની અખંડ જ્યોતિ તથા ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુ જે ભૂમિમાંથી પ્રગટ થયેલ તે ભૂમિની ચરણરજને ચમત્કારિક અને ઔષધિરૂપ માનવા લાગ્યા. જે સ્થળેથી ભગવાન પ્રગટ થયા હતા, તે સ્થળ સર્વાધિક પૂજનીય માનીને લોકો તેને મહત્વપૂર્ણ ગણવા લાગ્યા અને અહીં આરસની એક છત્રી સ્મારકરૂપે બનાવી. પ્રગટસ્થળ ઉપર પ્રભુના ચરણપાદૂકા અંકિત કર્યા છે. સાંજના સમયે અહીં જ્યારે આરતી થાય છે, ત્યારે અનેક દિપશીખાઓ પ્રગટાવીને સ્થાનિક નવયુવકોનું મંડળ દરરોજ ભક્તિ-નૃત્ય-સંગીત સાથે કાર્યક્રમ યોજે છે.

મંદિરના મુખ્ય દ્વાર પાસે પ્રવેશતા જ સફેદ આરસનો કલાત્મક માનસ્થંભ નિર્મિત કરેલો દેખાય છે અને તેની સામે જ ભવ્ય-કલાત્મક સૌના મનને મોહી લે તેવું શિખરબંધ ભવ્ય જિનમંદિર બાંધેલ છે. મંદિરની ચારે તરફ અનેક જાતની સગવડતાવાળી કુલ ૩૧૪ રૂમોવાળી ધર્મશાળા છે. તેમાં ૩ વી. આઈ. પી. બ્લોક્સ, ૪૫ ડિલક્ષ બ્લોક્સ, ૧૬ સેમી ડિલક્ષ બ્લોક્સ, ૧૬ એટેચ્ડ બાથરૂમ-લેટ્રીનવાળા રૂમ અને બાકીના ૨૩૪ સાધારણ રૂમો છે, જે દરેક યાત્રીઓને માત્ર નામના ભાડાથી જ આપવામાં આવે છે. અહીં આખો દિવસ પાણી તથા વિજળીની સગવડતા છે. તેના માટે ૩૦,૦૦૦ ગેલનની ક્ષમતાવાળી પાણીની ટાંકી કરાવી છે. કોઈ વાર જરૂર પડે તો નગરવાસીઓને પણ આમાંથી પાણી આપવામાં આવે છે. તેમજ ઠંડા પાણી માટે અહીં ૧૭ વોટર કુલરો મૂકેલા છે. ઠંડીમાં ન્હાવા માટે ગરમ પાણીની વ્યવસ્થા પણ થાય છે. વિજળીની તકલીફ ન પડે તે માટે સંસ્થાએ ૫૦-૫૦ કિલોવોટના બે જનરેટર સેટ્સ મૂક્યા છે કે જેથી યાત્રિકોને માટે પંખા, કુલર, વોટર કુલર, વિગેરે બધી સગવડતા નિરંતર ચાલુ રહે.

સફેદ આરસનું આ વિશાળ દિગંબર જૈન મંદિર અનુપમ અને સૌન્દર્યથી ભરપુર છે. મંદિરની બહારની ભવ્યતા અને અંદરની ભવ્યતા દર્શનીય છે. આ મંદિરજીના સભાગૃહમાં મોટા હોલમાં એક સાથે ૨૦૦૦ ભક્તગણ બેસી શકે તેવી સગવડતા છે. હોલની ચારે તરફની દિવાલો ઉપર રંગબેરંગી કાચથી અનેક તીર્થોના તથા મહાપુરુષોના જીવનપ્રસંગો દર્શાવેલા છે. મંદિરની મુખ્ય વેદી ઉપર ભૂગર્ભમાંથી પ્રાપ્ત થયેલા ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુની અતિશયયુક્ત મહિમામયી ભવ્ય પ્રતિમા બિરાજમાન કરેલી છે. તેમની ડાબી તરફ ભવ્ય વેદીમાં શ્રી મહાવીર પ્રભુની મનોજ્ઞ પ્રતિમા તથા ૯ ઈંચના કૃષ્ણવર્ણી ભગવાન શ્રી ચન્દ્ર પ્રભુની પ્રતિમા બિરાજમાન છે કે જે તા. ૨૯-૩-૧૯૭૨ના રોજ ભૂગર્ભમાંથી પ્રાપ્ત થઈ હતી. જમણી તરફ ભગવાન શ્રી પાર્શ્વનાથજીની સર્પની ફેણવાળી વિશાળ સુંદર પ્રતિમા બિરાજમાન કરેલ છે.

આ સિવાય તિજારા નગરીમાં નગર-શહેરની વચ્ચે એક બીજુ ભવ્ય જિનાલય છે. તેનો શિલાન્યાસ વિક્રમ સંવત ૧૮૯૫ જેઠ વદ-૧૩ના રોજ થયો હતો. આ મંદિરમાં બિરાજમાન કરેલ મૂર્તિઓ ઉપરનો ઉત્કીર્ણ લેખ પણ તેનો કાળ સંવત ૧૫૪૮ પ્રગટ કરે છે. દક્ષિણ દિશામાં વેદી ઉપર શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ અતિશય ચમત્કારી ગણવામાં આવે છે. તેના ઉપર નિર્મિત મિતિ સંવત ૧૧૩૫ની બતાવેલ છે. આ મૂર્તિ તિજારાના એક ભવનમાંથી લાવીને વિધિ-વિધાનપૂર્વક સ્થાપિત કરેલ છે. લોકોમાં એમ કહેવાય છે કે અહીંની બધી મૂર્તિઓ પહેલા મંદિરમાં સુશોભિત હતી. પરંતુ દેહરાનું મંદિર નષ્ટ થયું ત્યારે લોકો પ્રતિમાજીને પોતપોતાના ઘરમાં લઈ ગયા હતા અને આ નવું મંદિર ફરીને થયું, ત્યારે તેમની અહીં પ્રતિષ્ઠા કરી છે.

શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પ્રગટ થવાની તિથિ શ્રાવણ સુદ-૧૦ છે. દર વર્ષે આ દિવસે અહીં મોટો વાર્ષિક ઉત્સવ થાય છે. તેમજ ફાગણ સુદ-૭ ભગવાનનો મોક્ષકલ્યાણકનો દિવસ હોઈને અહીં દર વર્ષે આ દિવસે પણ વિશાળ રથયાત્રા નીકળે છે. ધાર્મિક - સામાજિક અનેક ઝાંકીઓ સાથે ગાતા અને વાજીંત્રો વગાડતા વિશાળ જનસમુહની રથયાત્રા નીકળે છે. બપોરે ભગવાનનો કળશાભિષેક કરીને પૂજન-મંડલવિધાન થાય છે. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો, કવિ સંમેલન, નાટય પ્રદર્શન, વિગેરેનું આયોજન થાય છે. તેમજ દર મહિને છેલ્લા રવિવારે યાત્રીઓ મોટો મેળો ભરે છે. આ તીર્થસ્થાનમાં એક વર્ષમાં લગભગ પાંચ થી સાત લાખ યાત્રિકો દર્શનાર્થે આવે છે.

બીજુ આ ક્ષેત્ર તરફથી એક જૈન માધ્યમિક વિદ્યાલય પણ ચાલે છે. જેમાં લગભગ ૬૦૦ જેટલા છાત્રો ભણે છે. તેને માટે નવુ ભવન બંધાવેલ છે, જેમાં બાર કક્ષાના બાર રૂમો, એક હોલ, ત્રણ પ્રયોગશાળા, એક પુસ્તકાલય, એક કાર્યાલય, વિગેરે છે. વિદ્યાલયમાં કુલ ચોવીસ અધ્યાપકો છે. તેમજ સંસ્થા તરફથી આયુર્વેદિક ઔષધાલય પણ ચાલે છે, જેમાં રોજના લગભગ ૯૦ જેટલા દર્દીઓ ઉપચાર માટે આવે છે. આ ઔષધાલયનો પ્રતિ વર્ષ રૂા.૧૨ લાખનો ખર્ચ આવે છે. તે સિવાય ક્ષેત્ર તરફથી દર વર્ષે એક નેત્રચિકિત્સા શિબિર પણ થાય છે, જેમાં દર્દીઓને નિઃશુલ્ક ભોજન-દવા તથા ચશ્મા ક્ષેત્ર તરફથી આપવામાં આવે છે. તેમજ મેડિકલ અને સર્જીકલ

કેમ્પનું આયોજન પણ અવાર-નવાર થાય છે. યાત્રિઓ માટે નિઃશુલ્ક ભોજનશાળા ચાલે છે, જેમાં રોજના ૪૦૦ જેટલા યાત્રીઓ ભોજન કરે છે.

આ રીતે તિજારા એક મહત્વપૂર્ણ અને અતિશયવાળુ તીર્થધામ છે. યાત્રીઓને અલવર તથા રેવાડી જવા માટે ૦ાા-૦ાા કલાકે સવારથી સાંજ સુધી એસ. ટી. બસ સેવા મળી રહે છે અને અલવર-રેવાડીથી જયપુર-દિલ્હી-મથુરા વિગેરે સ્થળો પર જવા માટેની બસ મળે છે. તેમજ દિલ્હી-જયપુર તથા શ્રી મહાવીરજી જવા માટે અહીંથી સીધી બસસેવા પણ મળે છે. અહીંનો ફોન નં. ૦૧૪૬૯-૨૨૧૧૯ છે.

दरबार तुम्हारा मनहर है,
प्रभु दर्शन कर हर्षाये है, दरबार तुम्हारे आए हैं ॥

भक्ति करेंगे चित से तुम्हारी, तृप्ति भी होगी चाह हमारी ।
भाव रहे नित उत्तम ऐसे, घट के पट में लाये है ॥
दरबार तुम्हारे आए है ॥१॥

जिसने चिंतन किया तुम्हारा, मिला उसे संतोष सहारा ।
शरणे जो भी आये हैं, निज आतम को लख पाये है ॥
दरबार तुम्हारे आए है ॥२॥

विनय यही है प्रभु हमारी, आतम की महके फुलवारी ।
अनुगामी हो तुम पद पावन "वृद्धि" चरण सिर नाये है ॥
दरबार तुम्हारे आए है ॥३॥



સુવર્ણ કામથી ભરપુર રંગબેરંગી છતનું દશ્ય, શ્રી દિગંબર જૈન મંદિર, અલવર - રાજસ્થાન

# અલવર

## અલવર સ્ટેશને આવતી-જતી ટ્રેઈનોના નામ, નંબર અને સમય

| ક્રમ નં. | ગાડી નંબર | ગાડીનું નામ | આવવાનો સમય | ઉપડવાનો સમય |
|---|---|---|---|---|
| ૧ | ૨૪૧૩ અપ | સુપર ફાસ્ટ જમ્મુ તાવી જયપુર | ૭ - ૫૩ | ૭ - ૫૬ |
| ૨ | ૯૭૬૦ ડાઉન | જયપુર દિલ્હી ઈન્ટર સીટી | ૮ - ૩૦ | ૮ - ૩૫ |
| ૩ | ૨૦૧૫ અપ | શતાબ્દી એક્સપ્રેસ નવી દિલ્હી-અજમેર | ૮ - ૩૨ | ૮ - ૩૪ |
| ૪ | ૪૮૬૩ અપ | વારાણસી જોધપુર ચરૂધર એક્સપ્રેસ | ૯ - ૦૦ | |
| ૫ | ૯૧૦૬ અપ | દિલ્હી-અમદાવાદ | ૧ - ૩૦ | ૧ - ૩૩ |
| ૬ | ૯૧૦૫ ડાઉન | અમદાવાદ-દિલ્હી | ૨ - ૨૨ | ૨ - ૨૫ |
| ૭ | ૧૮૬ અપ | મથુરા-રેવાડી | ૧૭ - ૦૦ | ૧૭ - ૨૦ |
| ૮ | ૯૭૬૨ અપ | અમૃતસર જયપુર એક્સપ્રેસ સોમ/ગુરુ | ૫ - ૫૫ | ૬ - ૦૦ |
| ૯ | ૭૬૧ ડાઉન | જયપુર અમૃતસર એક્સપ્રેસ મંગળ/શનિ | ૧૭ - ૫૫ | ૧૭- ૫૮ |

અલવરમાં નીચે દર્શાવ્યા મુજબ ૧૫ મંદિરો છે.

૧. શ્રી દિગંબર જૈન અગ્રવાલ મંદિર-બલજી રાઠોડની ગલીમાં છે.
૨. શ્રી દિગંબર જૈન ખંડેલવાલ પંચાયતી મંદિર-હલવાઈવાડા
૩. શ્રી દિગંબર જૈન ચન્દ્ર પ્રભુ પંચાયતી મંદિર-મુન્શીબજાર
૪. શ્રી દિગંબર જૈન નંદીશ્વર પંચાયતી મંદિર-બજાજાબજાર
૫. શ્રી આદિનાથ દિગંબર જૈન પંચાયતી મંદિર-મન્ની કા વડ
૬. શ્રી દિગંબર જૈન પાર્શ્વનાથ મંદિર-જૈન ભવન સ્કીમ નં. ૧૦
૭. શ્રી મહાવીર જિનાલય-કાલરકુઆ
૮. શ્રી દિગંબર જૈન નસીયાજી-કરોલીકુંડ
૯. શ્રી દિગંબર જૈન નેમિનાથ મંદિર-બીચ કા મહોલ્લા
૧૦. શ્રી દિગંબર જૈન મંદિર-શાહજી કા ચોક

૧૧. શ્રી દિગંબર જૈન મંદિર-મેડી માલન કી ગલી

૧૨. શ્રી દિગંબર જૈન મંદિર-શાંતિ કુંજ

૧૩. શ્રી દિગંબર જૈન મંદિર-૬૦ ફીટ રોડ

૧૪. શ્રી દિગંબર જૈન મંદિર-M. I. A.

૧૫. શ્રી અહિંસા સ્થળ-જયપુર રોડ, અઢાઈ પૈડી

સી. પી. ટાવરની સામે સ્કીમ નં. ૧૦માં શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર હમણાં નવુ જ થયું છે. તેનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૨-૨-૨૦૦૩ થી તા. ૧૯-૨-૨૦૦૩ દરમ્યાન હતો. મંદિરનો રોડ ઉપરનો બહારનો લોખંડનો ગેઈટ બહું મજબુત અને બહું આકર્ષક ડિઝાઈનવાળો બનાવ્યો છે. લાલ અને સોનેરી રંગથી દરવાજાને આકર્ષક રીતે રંગ કરેલ છે. ત્યાર પછી અંદર બીજો પાષાણનો ગેઈટ પણ સુંદર છે. મંદિર ઘણું જ ભવ્ય છે. મંદિરમાં જવા માટે ત્રણ દિશામાં લાકડાના ત્રણ દરવાજા છે, જે દરેક દરવાજામાં સુંદર નકશીકામ કરેલ છે અને તેનો પોલીશ પણ ચમકદાર અને સુંદર છે.

મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની પદ્માસન ભવ્ય અને ભાવવાહી પ્રતિમા છે. આખા મંદિરમાં દિવાલો તથા છતમાં રંગબેરંગી કામ સુવર્ણકામ સાથે ઘણું જ આકર્ષક છે. છતમાં જાણે કે ગાલીચા પાથર્યા હોય તેવું સુંદર રંગ-ડિઝાઈનનું કામ છે. આ કામના મુખ્ય કારીગરનું સરનામુ નીચે મુજબ છે.

બનેસિંહ

૬ ક ૩૦૯-૩૧૦, શિવાજીપાર્ક, અલવર. (રાજસ્થાન)

મુખ્ય કારીગર એક રોજના રૂા. ૩૦૦/- લે છે અને તેના હાથ નીચેના બીજા કારીગર એક રોજના રૂા. ૨૦૦/- લે છે. મંદિર ઘણું જ વિશાળ અને આકર્ષક હોઈને અવશ્ય દર્શનીય છે.

**શ્રી દિગંબર જૈન અગ્રવાલ મંદિર :-**

બલજી રાઠોડની ગલીમાં આ મંદિર આવેલું છે. આ મંદિર પણ ભવ્ય-અતિભવ્ય છે. કાગળ ઉપર વર્ણન લખવું અશક્ય જેવું લાગે છે. નજરે જુઓ તો મંદિરની ભવ્યતાનો ખ્યાલ આવે. આપણા મુમુક્ષુ મંડળના ઘણા મંદિરો ભારતભરમાં બંધાયા છે, પણ આના જેવું એક પણ મંદિર નથી તેમ ચોક્કસ કહી શકાય. કોણ કહે છે કે સોનુ મોંઘું છે ? આખા મંદિરમાં રંગબેરંગી કામ સોનાકામ સાથે કરેલ છે. આ મંદિરો જોતાં સોનુ મોંઘુ નહીં હોય તેમ જરૂર લાગે. ચારે તરફ સોનુ જ સોનુ દેખાય છે. સોનાનું કામ જોવા માટે અલવરના મંદિરો અવશ્ય જોવા જ જોઈએ.

આ મંદિર પહેલે માળે છે. ઉપર જવા માટે ૧૬ પગથિયાં છે. આખો દાદર આરસનો છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૩ ફીટના વીર સંવત ૨૪૫૬ના છે.

મૂળનાયક ભગવાનની ડાબી તરફ શ્રી પાર્શ્વનાથ ભગવાન ભાવવાહી શ્યામ આરસના ફેણ વગરના પદ્માસન ૩ ફીટના છે. જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન શ્યામ આરસના પદ્માસન ૩ ફીટના છે. આમ રંગબેરંગી સોનાકામવાળી વેદીમાં ત્રણ ભગવાન છે. નીચેની વેદીમાં પંચધાતુના ૧ ફૂટની એક પ્રતિમા છે.

બીજી દેરીમાં સોનાકામથી ભરચક કામવાળી-નક્શીકામવાળી વેદીમાં પંચબાલયતિના પાંચ પ્રતિમાજી સફેદ આરસના ખડ્ગાસન છે. શ્રી મહાવીર પ્રભુ, શ્રી નેમિનાથ પ્રભુ, શ્રી પાર્શ્વનાથજી , શ્રી વાસુપૂજ્ય અને શ્રી મલ્લિનાથજી-આ પાંચ બાલયતિ છે. ડાબી તરફ સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના ભગવાન છે અને જમણી તરફ શ્યામ આરસના પદ્માસન ૧ ફૂટના ભગવાન છે. તે સિવાય સફેદ પ્રતિમાજી ૧૫૪૮ના છે. તે સિવાય બીજા ખંડિત અને બહુ પ્રાચીન કાળા આરસના પ્રતિમાજી છે. વચ્ચે પંચધાતુના ચોવીસ ભગવાન છે.

બાજુમાં સ્વાધ્યાય માટે રૂમ છે. તેમાં પણ ઘણા રંગબેરંગી ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. જેવા કે -

૧) સંસાર દર્શન ૨) દસ ધર્મવૃક્ષ ૩) ષટ્લેશ્યા દર્શન

૪) નવદેવતા ૫) શ્રી પાવાપુરીજી ૬) અઢાઈ દ્વીપ

૭) મુનિને આહારદાન ૮) રક્ષાબંધન

૯) ભૂતબલી તથા પુષ્પદંત જીનાગમ રચવાના આદેશનું ચિત્ર

૧૦) શ્રી કુન્દકુન્દાચાર્યદેવે પાછલા ભવમાં શાસ્ત્રદાન દીધેલ તે દર્શાવતું ચિત્ર, વિગેરે છે.

ચોકમાં ઉપર દિવાલના ભાગે બાર ભાવના લખેલી છે. બંને બાજુ મુનિઓના ફોટા છે. જેવા કે-શ્રી શાંતિસાગરજી, શ્રી વિદ્યાસાગરજી, શ્રી દેશભૂષણજી, શ્રી આદિસાગરજી, શ્રી વિમલસાગરજી, વિગેરે.

બીજી દેરીમાં ખૂબ ઊંચી વેદી ઉપર શ્રી પદ્મપ્રભુ ભગવાન સફેદ આરસના ૨॥ ફીટના છે. તે સિવાય શ્રી રાજગૃહીજી તથા શ્રી સમ્મેદશિખરજીના ચિત્રપટો સોનાકામથી ભરપુર, રંગબેરંગી અને આકર્ષક છે. ત્રીજુ ચિત્ર શ્રી નેમિનાથ પ્રભુની બારાતનું છે. બીજી દેરીમાં ડાબી તરફ કમળની સોનેરી વેદી ઉપર વચ્ચે બદામી રંગના પ્રાચીન શ્રી નેમિનાથ પ્રભુ ૨॥ ફીટના છે. ડાબી તરફ બીજા શ્રી શાંતિનાથ ભગવાન પદ્માસન સફેદ આરસના છે. જમણી તરફ પ્રાચીન બદામી આરસના શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસને છે. તે સિવાય પંચધાતુના છ પ્રતિમાજી છે. બાજુમાં નાની દેરીમાં શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન સફેદ આરસના ૯ ઈંચના ૧૮૬૧ના છે.

સોનાકામ અને મીણાકારીકામ તો અહીં અલવરમાં જ જોવા જેવું છે. આ વેદીમાં ખોદકામ પ્રાપ્ત ખંડિત બીજા પ્રતિમાજી પણ મૂક્યા છે. દા. ત. શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા છે. તે સિવાય આ

દેરીમાં પંચધાતુની ૪ ઈંચની ચોવીસી છે. તે સિવાય અહીં બીજા ઘણા પંચધાતુના પ્રતિમાજી છે. જમણી તરફ વચ્ચે પદ્માસન શ્યામ આરસના કમળની વેદી ઉપર શ્રી ચન્દ્ર પ્રભુજી ૨ ફીટના છે. ડાબી તરફ સફેદ આરસના ૨-૨ ફીટના બે પ્રતિમાજી છે. તે સિવાય સફેદ આરસના ચાર પ્રતિમાજી પદ્માસન છે. પંચધાતુના ત્રણ પદ્માસન પ્રતિમાજી છે. સ્વાધ્યાય મંદિરની સામેની લોબીમાં ખૂબ મોટા ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. જેવા કે -

૧) શ્રી નેમિનાથ પ્રભુ-વિવાહ તથા વૈરાગ્ય
૨) ભગવાન શ્રી પાર્શ્વનાથ ઉપર કમઠનો ઉપસર્ગ
૩) ભગવાન શ્રી પાર્શ્વનાથ સમવસરણજીમાં સંગમદેવની ક્ષમા તથા ભગવાનને મોક્ષપ્રાપ્તિ
૪) ભરત ચક્રવર્તીના સોળ સ્વપ્નો અને તેનું ફળ
૫) શ્રી પાર્શ્વનાથ ભગવાનને હાથીના ભવમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ
૬) બાર ભાવનાના ચિત્રો

આવા બીજા ઘણા ચિત્રપટો છે.

ત્રીજુ મંદિર શ્રી ખંડેલવાલ દિગંબર જૈન પંચાયતી શ્રી ઋષભદેવસ્વામીનું મંદિર :-

બલજી રાઠોડની ગલીમાં ૪-૫ મંદિરો રહેણાંકના મકાનની વચ્ચે ગલીમાં ગલી-તેમાં ગલી તેમ ઊંડે-ઊંડે છે. હલવાઈવાડામાં શ્રી ઋષભદેવસ્વામીનું શ્રી ખંડેલવાલ દિગંબર જૈન પંચાયતી મંદિર છે. તેમાં મૂળનાયક શ્રી ઋષભદેવસ્વામી સફેદ આરસના પદ્માસન ૨ ફીટના ભગવાન છે. તેમની ડાબી તથા જમણી તરફ સફેદ આરસના ૧।।। ફીટના પ્રતિમાજી છે. તે સિવાય પંચધાતુના તેર પ્રતિમાજી છે.

ડાબી તરફની દેરીમાં શ્રી સુમતિનાથ ભગવાન સફેદ આરસના પદ્માસન ૫ ફીટના છે. તેમની ડાબી તથા જમણી તરફ સિંહાસન ઉપર પંચધાતુના પદ્માસન પ્રતિમાજી છે. મૂળ વેદીની પાછળ ડાબી તરફની દેરીમાં પદ્માસન બદામી રંગના પ્રાચીન શ્રી આદિનાથ પ્રભુ ૨।। ફીટના છે. મૂળ વેદીની પાછળ જમણી તરફની બીજી દેરીમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન સફેદ આરસના ફેણવાળા ૧ ફૂટના છે. તેમની બંને બાજુ આરસના બે-બે પ્રતિમાજી છે. તેમજ પંચધાતુના ચાર પ્રતિમાજી છે. મૂળ વેદીની જમણી તરફ ધાતુના મોટા પંચમેરૂ છે. મુખ્ય મંદિરની છતમાં રંગબેરંગી સુવર્ણકામ સાથે ચાર ચિત્રપટો છે. તે સિવાય સ્વાધ્યાય હોલમાં ભાવદર્શનનો ગોખલો છે. તેમાં ગિરનારનું દશ્ય છે તથા શ્રી સમ્મેદશિખરજીનું દશ્ય પણ છે.

ચોથુ મંદિર-શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન પંચાયતી મંદિર :-

આ જ ગલીમાં મુન્શી બજારમાં શ્રી પલ્લીવાલ જૈસવાલ સૈલવાલ મંદિર છે, જેનું નામ શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન પંચાયતી મંદિર છે. આ મંદિર મેડી ઉપર ૨૧ પગથિયાં ચઢતા આવે છે.

મંદિરના સભાગૃહમાં (વચ્ચે હોલમાં) રંગબેરંગી સોનાકામ સાથે બાર ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. જેવા કે -

૧) શ્રી સમ્મેદશિખરજીનું દશ્ય
૨) શ્રી ગિરનારજીનું દશ્ય
૩) શ્રી કૈલાસગિરિની રચના
૪) શ્રી નેમિનાથ વિવાહ તથા વૈરાગ્ય
૫) દ્વારકાનું દશ્ય
૬) બાર ભાવના, વિગેરે.

ગર્ભગૃહમાં સોનાની દેરીમાં મૂળનાયક સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે અને તેમની ડાબી તરફ બે બાજુ બે પ્રતિમાજી સફેદ આરસના ૯ ઈંચના કમળની વેદી ઉપર બિરાજમાન છે. તે સિવાય પંચધાતુના બીજા નાના-મોટા થઈને આઠ પ્રતિમાજી છે. ગર્ભગૃહની અંદર પણ છતમાં રંગબેરંગી ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો છે. જેવા કે -

૧) સિદ્ધવરકૂટ ૨) તૂંગીગિરિ ૩) જૈનબીદ્રી ૪) શ્રવણબેલગોલા
૫) રાજગૃહી ૬) ચંપાપુરી ૭) પાવાપુરી

આ સિવાય શ્રી ભરતસ્વામીનું મુનિદશામાં ખડ્ગાસન ચિત્રપટ છે તથા બીજુ ચિત્રપટ શ્રી બાહુબલીસ્વામીનું ખડ્ગાસન વેલડીવાળુ મુનિદશામાં છે. આ તરફ શ્રી બાહુબલીસ્વામીની બે જાતની પ્રતિમા જોવા મળે છે. એક તો વેલડી વીંટળાયેલ પ્રતિમા જે બાહુબલીજીની મુનિદશાની હોય છે અને બીજી પ્રતિમા જેમાં વેલડી વીંટળાયેલ ન હોય તેવી સિદ્ધદશાની પ્રતિમા હોય છે.

મૂળ વેદીની ડાબી તરફની દેરીમાં ત્રણ આરસની પ્રતિમા ૯ ઈંચની છે. પંચધાતુની ચાર પ્રતિમા મૂળ વેદીની જમણી તરફ શ્યામ આરસના પદ્માસન મુનિસુવ્રતનાથ ૧ ફૂટના વીર સંવત ૨૪૩૨ના છે. તે સિવાય તેમની ડાબી અને જમણી તરફ સફેદ આરસના પદ્માસન ૯ ઈંચના બે પ્રતિમાજી છે.

<u>પાંચમુ મંદિર-શ્રી નંદીશ્વર દ્વીપ દિગંબર જૈન પંચાયતી મંદિર</u> :-

મુન્શી બજાર પૂરી થતા આગળ જતાં ચાર દરવાજાનો જૂનો ગેઈટ આવે છે. તેમાં જમણી તરફ શરાફી બજારમાં શ્રી નંદીશ્વર દ્વીપ દિગંબર જૈન પંચાયતી મંદિર આવેલ છે. આ મંદિર પણ મેડી ઉપર છે. મંદિરના દરવાજા પિત્તળના છે. મંદિરના ચોકમાં ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો છે. જેવા કે -

૧) શ્રી સમવસરણજી
૨) શ્રી કૈલાસ પર્વત સિદ્ધક્ષેત્ર
૩) શ્રી નંદીશ્વર દ્વીપ
૪) પાંડુક શીલા ઉપર અભિષેક (તેમાં ઐરાવત હાથી ઉપર ભગવાનને સૌધર્મ ઈન્દ્ર અને ઈશાન ઈન્દ્ર લઈ જાય છે અને ભગવાનને અભિષેક કરે છે તે દશ્ય)
૫) મુનિને આહારદાન, વિગેરે.

મંદિરના સભાગૃહમાં (વચ્ચે હોલમાં) રંગબેરંગી સોનાકામ સાથે બાર ઐતિહાસિક-ધાર્મિક ચિત્રપટો છે. જેવા કે -

| | |
|---|---|
| ૧) શ્રી સમ્મેદશિખરજીનું દશ્ય | ૨) શ્રી ગિરનારજીનું દશ્ય |
| ૩) શ્રી કૈલાસગિરિની રચના | ૪) શ્રી નેમિનાથ વિવાહ તથા વૈરાગ્ય |
| ૫) દ્વારકાનું દશ્ય | ૬) બાર ભાવના, વિગેરે. |

ગર્ભગૃહમાં સોનાની દેરીમાં મૂળનાયક સફેદ આરસના પદ્માસન ૧ ફૂટના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે અને તેમની ડાબી તરફ બે બાજુ બે પ્રતિમાજી સફેદ આરસના ૯ ઈંચના કમળની વેદી ઉપર બિરાજમાન છે. તે સિવાય પંચધાતુના બીજા નાના-મોટા થઈને આઠ પ્રતિમાજી છે. ગર્ભગૃહની અંદર પણ છતમાં રંગબેરંગી ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો છે. જેવા કે -

| | | | |
|---|---|---|---|
| ૧) સિદ્ધવરકૂટ | ૨) તૂંગીગિરિ | ૩) જૈનબીદ્રી | ૪) શ્રવણબેલગોલા |
| ૫) રાજગૃહી | ૬) ચંપાપુરી | ૭) પાવાપુરી | |

આ સિવાય શ્રી ભરતસ્વામીનું મુનિદશામાં ખડ્ગાસન ચિત્રપટ છે તથા બીજુ ચિત્રપટ શ્રી બાહુબલીસ્વામીનું ખડ્ગાસન વેલડીવાળુ મુનિદશામાં છે. આ તરફ શ્રી બાહુબલીસ્વામીની બે જાતની પ્રતિમા જોવા મળે છે. એક તો વેલડી વીંટળાયેલ પ્રતિમા જે બાહુબલીજીની મુનિદશાની હોય છે અને બીજી પ્રતિમા જેમાં વેલડી વીંટળાયેલ ન હોય તેવી સિદ્ધદશાની પ્રતિમા હોય છે.

મૂળ વેદીની ડાબી તરફની દેરીમાં ત્રણ આરસની પ્રતિમા ૯ ઈંચની છે. પંચધાતુની ચાર પ્રતિમા મૂળ વેદીની જમણી તરફ શ્યામ આરસના પદ્માસન મુનિસુવ્રતનાથ ૧ ફૂટના વીર સંવત ૨૪૩૨ના છે. તે સિવાય તેમની ડાબી અને જમણી તરફ સફેદ આરસના પદ્માસન ૯ ઈંચના બે પ્રતિમાજી છે.

<u>પાંચમુ મંદિર-શ્રી નંદીશ્વર દ્વીપ દિગંબર જૈન પંચાયતી મંદિર</u> :-

મુન્શી બજાર પૂરી થતા આગળ જતાં ચાર દરવાજાનો જૂનો ગેઈટ આવે છે. તેમાં જમણી તરફ શરાફી બજારમાં શ્રી નંદીશ્વર દ્વીપ દિગંબર જૈન પંચાયતી મંદિર આવેલ છે. આ મંદિર પણ મેડી ઉપર છે. મંદિરના દરવાજા પિત્તળના છે. મંદિરના ચોકમાં ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો છે. જેવા કે -

૧) શ્રી સમવસરણજી
૨) શ્રી કૈલાસ પર્વત સિદ્ધક્ષેત્ર
૩) શ્રી નંદીશ્વર દ્વીપ
૪) પાંડુક શીલા ઉપર અભિષેક (તેમાં ઐરાવત હાથી ઉપર ભગવાનને સૌધર્મ ઈન્દ્ર અને ઈશાન ઈન્દ્ર લઈ જાય છે અને ભગવાનને અભિષેક કરે છે તે દશ્ય)
૫) મુનિને આહારદાન, વિગેરે.

વચ્ચે આરસની વેદી ઉપર ચાર દિશામાં પંચધાતુના ચાર નાના પ્રતિમાજી છે. ચારે તરફ સોનાનું સુંદર અને રંગબેરંગી કામ કરેલું છે. મંદિરના થાંભલા પણ તેવા જ રંગબેરંગી અને સોનેરી છે. મૂળ વેદીની પાછળ જમણી તરફની દેરીમાં શ્યામ આરસના પદ્માસન ૧। ફીટના શ્રી આદિનાથ ભગવાન છે. તેમની બાજુમાં શ્રી ચન્દ્ર પ્રભુજી છે તથા પંચધાતુના શ્રી પાર્શ્વનાથ ભગવાન ફેણવાળા છે.

આ રીતે રાજસ્થાનમાં આવેલ અલવરમાં એક-એકથી ચઢીયાતા એવા બધા જ મંદિરો દર્શનીય છે. અલવર રેલ્વે સ્ટેશન છે અને અહીં દરેક મોટી ટ્રેઈનો ઉભી રહે છે. દરેકે અલવરની યાત્રા અવશ્ય કરવી જોઈએ.

<u>અહિંસા સ્થળ</u> :-

અલવર છોડયા પછી જયપુર તરફ જતાં મેઈન હાઈ-વે રોડ ઉપર "અહિંસા સ્થળ" આવે છે, જેમાં કૈલાસ પર્વતની રચના તથા માનસરોવરની રચના છે. નાનકડા પર્વતની રચના છે. તેમાં ઉપર કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુની પદ્માસન ૮ ફીટની મૂર્તિ છે.

ડાબી તરફ "ધ્યાન કેન્દ્ર"ની રૂમ છે. કૈલાસ પર્વત ઉપર જતાં બંને બાજુ લાલ પથ્થરના નકશીકામવાળા સુંદર ગેઈટ છે. ધ્યાન કેન્દ્રના રૂમમાં જ પ્રવચન થાય છે. અહીં એક મોટા બોર્ડ ઉપર અહિંસા સ્થળનો પરિચય વિગતથી લખેલો છે. કૈલાસ પર્વત ઉપર જવા માટે બંને બાજુ ૩૦ પગથિયાના બે દાદરા છે. આખું મંદિર ખુલ્લા મેદાનમાં લાલ પાષાણનું બનેલું છે. ત્રણ કમળની વેદી ઉપર લાલ પાષાણના પદ્માસન ભાવવાહી મુદ્રાવાળા શ્રી મહાવીર ભગવાન ૮ ફીટના વિક્રમ સંવત ૨૦૫૭ વીર નિર્વાણ સંવત ૨૫૨૭ માગશર સુદ-૫ તા. ૧-૧૨-૨૦૦૦ના રોજ પ્રતિષ્ઠિત છે. કૈલાસ પર્વતથી માનસરોવર જવા માટે ઝાડના થડનો રસ્તો કરેલ છે. ફરતુ ચારે તરફ હોજ-તળાવ જેવું છે, જેમાં ચારે તરફ ફુવારા ગોઠવ્યા છે.

પર્વતની નીચે ભોંયરામાં ગૂફા જેવું છે. તે ધ્યાન કેન્દ્ર છે. આ રચના નવી જાતની છે. ગૂફામાં અંદર શ્રી આદિનાથપ્રભુ તથા શ્રી મહાવીરપ્રભુની પ્રતિમા છે. ભોંયરામાં જવા માટે ખૂબ નીચા નમીને અંદર જવું પડે છે. અંદર ગૂફામાં દિવાલમાં પથ્થરોની એવી રીતે રચના કરવામાં આવેલી છે કે જેથી ૐ, સિદ્ધની આકૃતિ, વિગેરેના દર્શન થાય.

સ્થળ ઉપર પ્રવેશતાં જ જમણી તરફ કાર્યાલય આવે છે. ફરતા ખુલ્લા ચોકમાં સુંદર બગીચો છે. તેમાં જાત-જાતના રંગબેરંગી ફૂલોના કૂંડા છે.

અહિંસા સ્થળથી આગળ જતાં હાઈ-વે ઉપર જ સીલીસેર રાજાનો મહેલ છે, તેની ફરતું સરોવર છે. આ મહેલ મહારાજા વિનયસિંહે સન ૧૮૪૫માં બંધાવ્યો હતો. આ તળાવ એક જમાનામાં અલવરને પાણી આપવામાં ઉપયોગી થતું હતું. અત્યારે આ મહેલ હોટેલને ભાડે આપેલ છે. તે જોવા જવા માટે ટિકિટ લેવી પડે છે. હોટલમાં જઈને તમે ત્યાં ચા-કોફી કે અલ્પાહાર લો, તો તેના બીલમાંથી પ્રવેશ ફીની રકમ કાપી આપે છે.

# આત્મ સાધના કેન્દ્ર-દિલ્હી

સંકલનકર્તા – શ્રી હેમંતભાઈ કે. ભાયાણી, ભાવનગર.

ભારત દેશની રાજધાની દિલ્હીમાં દિગંબર જૈન મંદિરોની સંખ્યા ૨૫૦ જેટલી છે, જેમાં લાલ કિલ્લા પાસે જ આવેલું લાલ મંદિર તથા મહરૌલી પાસે આવેલું અહિંસા સ્થળ જેવા સુંદર અને દર્શનીય મંદિરોનો પણ સમાવેશ થાય છે. આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં સદુપદેશ અને પુણ્ય પ્રભાવના યોગથી નિર્મિત ભવ્ય અને વિશાળ 'અધ્યાત્મતીર્થ' આત્મ સાધના કેન્દ્રમાં બિરાજમાન જિનબિંબોની મંગળ પ્રતિષ્ઠાવિધિ તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૦૫ થી તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૦૫ દરમ્યાન શુદ્ધ તેરાપંથ આમ્નાય અનુસાર અનેક આયોજનો સહિત હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થઈ હતી. આ મહોત્સવમાં દેશ-વિદેશથી હજારો મુમુક્ષુઓ પધારેલ હતા.

દિલ્હીની નજીક પરંતુ શહેરનાં કોલાહલથી દૂર શાંત વાતાવરણમાં આ કેન્દ્ર બનાવવામાં આવેલું છે. અહીં કુલ ૩૪ જિનબિંબોની સ્થાપના કરવામાં આવેલી છે, જેમાંથી ૩૧ જિનબિંબો ઈટાલિયન માર્બલથી નિર્માણ પામ્યા છે તથા ૨ જિનબિંબ ધાતુથી અને ૧ જિનબિંબ સ્ફટિકમણિથી નિર્માણ પામેલ છે. શ્રી દિગંબર જૈન કુન્દકુન્દ કહાન આત્માર્થી ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ આત્મ સાધના કેન્દ્રનાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ અગાઉ કલ્યાણવર્ધિની રથનાં માધ્યમથી દેશનાં ખૂણે-ખૂણે પ્રત્યક્ષ જઈને પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારવા માટે સૌ મુમુક્ષુ ભાઈ-બ્હેનોને આમંત્રણ આપવામાં આવેલ હતા.

દિલ્હી-રોહતક રોડ, નેશનલ હાઈ વે નં. ૧૦ ઉપર, ઘેવરા મોડ પાસે આ આત્મ સાધના કેન્દ્ર આવેલું છે. દિલ્હીનાં વિવિધ વિસ્તારોમાંથી આ ક્ષેત્ર પર પહોંચવા માટે નીચે મુજબની બસ સુવિધા ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી ઘેવરા મોડ સુધી | - | બસ નં. ૯૨૬ |
| જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી નાંગલોઈ સુધી | - | બસ નં. ૯૨૨ તથા ૨૧૯ |
| નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી નાંગલોઈ સુધી | - | બસ નં. જી.એલ. ૯૧ |
| હઝરત નિઝામુદ્દીન રેલ્વે સ્ટેશનથી નાંગલોઈ સુધી | - | બસ નં. ૯૬૬ |
| આનંદ વિહારથી નાંગલોઈ સુધી | - | બસ નં. ૨૩૬ |
| બાબરપુરથી નાંગલોઈ સુધી | - | બસ નં. ૨૫૪ |
| મહરૌલીથી નાંગલોઈ સુધી | - | બસ નં. ૫૩૯ |
| લાજપતનગરથી નાંગલોઈ સુધી | - | બસ નં. ૫૬૭ |
| નજફગઢથી ઘેવરા મોડ સુધી | - | બસ નં. ૭૦૮ |
| પંજાબી બાગથી ઘેવરા મોડ સુધી | - | બસ નં. ૯૩૪ તથા ૯૨૭ |

નોંધ :-પંજાબી બાગ, પીરાગઢી ચૌક તથા નાંગલોઈથી ઘેવરા મોડ સુધી જવા માટે દર ૧૦ મિનિટનાં સમયમાં બસ, જીપ તથા ઓટો રીક્ષાઓ મળી રહે છે. તેમજ હરિયાણા રાજ્યનાં બહાદુરગઢ જતી દરેક બસ ઘેવરા મોડ થઈને જ જાય છે.

આ ઉપરાંત જૂની દિલ્હી રેલ્વે સ્ટેશનથી ઘેવરા મોડ રેલ્વે સ્ટેશન સુધી ટ્રેઈન દ્વારા પણ જઈ શકાય છે, જેનાં સમય આ પ્રમાણે છે : સવારે ૫:૦૦, ૬:૧૦, ૮:૫૫, ૧૧:૪૫, બપોરે ૩:૧૦, સાંજે ૫:૦૦, ૫:૩૫, ૬:૫૬ અને ૮:૦૫ વાગ્યે. સામાન્ય રીતે ૫૦ થી ૬૦ મિનિટનાં સમયે આ ટ્રેઈનો ઘેવરા મોડ પહોંચે છે.

ઘેવરા મોડ બસ સ્ટેશનથી આત્મ સાધના કેન્દ્ર તદન નજીક-ચાલીને જઈ શકાય તેટલું જ દૂર છે. આમ તો નાંગલોઈથી જ ક્ષેત્રનાં મંદિરો દેખાવા લાગે છે.

ભવ્ય પ્રવેશદ્વાર દ્વારા સંકુલમાં પ્રવેશતાં તુરત જ સામે રત્નત્રય જિનાલય આવે છે, જેમાં શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથૂનાથ ભગવાન અને શ્રી અરનાથ ભગવાન બિરાજમાન છે. વૃદ્ધો-અશક્તો-જેઓ વધુ પગથિયાં ચડી શકે તેમ ન હોય તેઓ આ જિનાલયમાં સહેલાઈથી આવીને ભગવાનનાં દર્શન પૂજન કરી શકે છે. રત્નત્રય જિનાલયથી થોડા આગળ જઈને નીચે તરફ પગથિયાં ઊતરતાં ખૂબ જ ભવ્ય એવું શ્રી કુન્દકુન્દ કહાન સ્વાધ્યાય ભવન આવે છે, જેમાં ૩૦૦૦ વ્યક્તિઓ સાથે બેસીને સ્વાધ્યાય-પ્રવચન શ્રવણ કરી શકે તેટલો વિશાળ હોલ છે. સમસ્ત દિલ્હીમાં આટલું મોટું સ્વાધ્યાય ભવન ક્યાંય નથી. અહીં સ્વાધ્યાય હોલની બાજુમાં જ સત્સાહિત્ય વેચાણ કેન્દ્ર તથા કાર્યાલયની રૂમો છે. હોલની પાછળ ટેબલ ખુરશીની સુવિધાવાળો મોટો ભોજનકક્ષ છે.

શ્રી કુન્દકુન્દ કહાન સ્વાધ્યાય ભવનની બરાબર ઉપર શ્રી મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર છે. આ મંદિર પણ મોટી સંખ્યામાં લોકો સમૂહમાં પૂજન કરી શકે તેટલું મોટું છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી મહાવીર ભગવાન છે. તેની ડાબી તરફ શ્રી આદિનાથ ભગવાન અને જમણી તરફ શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન છે. ત્રણેય પ્રતિમાઓ ખૂબ જ સફેદ, અત્યંત ભાવવાહી અને મનોહર છે. અગાઉ જણાવ્યું તેમ આ દરેક પ્રતિમાજી ઈટાલિયન માર્બલમાંથી બનાવેલી હોવાથી દૂધ જેવી સફેદ-ક્યાંય ડાઘી વિનાની ખૂબ જ સુંદર તૈયાર થયેલ છે. શ્રી મહાવીર ભગવાનની પ્રતિમાની ઉપર ચોસઠ ચમર ખૂબ જ સુંદર રીતે લગાવવામાં આવેલા છે, જેથી ગર્ભગૃહની શોભા ઘણી જ વધે છે. ભગવાનની પાછળ લગાવવામાં આવેલું ભામંડળ ગોળ ફરતું રહે તેવી વ્યવસ્થા કરાઈ છે. શ્રી મહાવીર ભગવાનની વેદીની નીચે આરસ પહાણમાં શ્રી મહાવીર પ્રભુની નિર્વાણ ભૂમિ પાવાપુરીનું દશ્ય કોતરવામાં આવ્યું છે. એ જ રીતે શ્રી આદિનાથ ભગવાનની વેદીની નીચે કૈલાસ પર્વતનું દશ્ય અને શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનની વેદીની નીચે સમ્મેદ શિખરજીની લલિત ટોંકનું દશ્ય આરસ પહાણમાં કોતરવામાં આવેલ છે.

દરેક પ્રતિમાજીની આગળ નાની કમાન-દરવાજા જેવું બનાવ્યું છે, જેમાં નાની પદ્માસન પ્રતિમાઓ

તથા પૂ. ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત શાસ્ત્રો ગોઠવવામાં આવ્યાં છે. મંદિરની દિવાલોમાં ઉપર વિવિધ ધાર્મિક-ઐતિહાસિક ચિત્રપટો આરસમાં કોતરીને લગાવવામાં આવતાં મંદિરની શોભા ખૂબ જ વધી જાય છે. સોનગઢનાં પરમાગમ મંદિરની જેમ જ અહીં પણ સમૂહમાં બેસીને લોકો પૂજન કરી શકે તેટલું મોટું આ મંદિર છે. મંદિરનાં પ્રવેશ દ્વારમાં પણ અષ્ટ પ્રાતીહાર્ય અને અષ્ટ મંગલ દ્રવ્ય કોતરવામાં આવેલાં હોવાથી પ્રવેશ દ્વાર પણ ભવ્ય બનેલો છે.

આ મંદિરની બરાબર ઉપર શ્રી વિદ્યમાન વીસ તીર્થંકર જિનાલય આવેલું છે, જેમાં એક તરફ વચ્ચે શ્રી સીમંધર પ્રભુ સમવસરણમાં બિરાજ્યા છે. તેમની ડાબી અને જમણી તરફ અનુક્રમે શ્રી ભરતજી અને શ્રી બાહુબલિજીની ખડગાસન પ્રતિમાઓ છે. તેની સામે ફરતી ૧૯ દેરીઓમાં બાકીનાં ૧૯ તીર્થંકર-એ રીતે કુલ ૨૦ વિહરમાન તીર્થંકર જિનાલયની રચના કરવામાં આવેલી છે. તમામ પ્રતિમાઓ એક જ માર્બલ પથ્થરમાંથી બનાવવામાં આવેલી હોવાથી એકસરખી સફેદ દેખાય છે. મંદિરનાં શિખર ઉપર સુવર્ણ કલશયુક્ત ધ્વજાઓ લગાવવામાં આવેલી છે.

મંદિરની પાછળ અર્ધ ચન્દ્રાકારમાં ત્રણ માળનું ભવન નિર્માણ કરાયેલું છે, જેનાં નામ સમ્યગ્દર્શન નિલય, સમ્યગ્જ્ઞાન નિલય અને સમ્યગ્ચારિત્ર નિલય રાખવામાં આવેલાં છે. તેમાં યાત્રિકોને રહેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી છે. ત્યાં પહોંચીને અગાઉથી સંખ્યા જણાવી દેવાથી ભોજનાલયમાં જમવાની પણ સમુચિત વ્યવસ્થા થઈ શકે છે. આ ઉપરાંત, આ ભવનમાં પંડિતો-ત્યાગીઓ-વ્રતીઓ-વિગેરેને રહેવા માટેની રૂમો ઉપરાંત જૈન દર્શનમાં ઉચ્ચ શિક્ષણનાં હેતુથી આચાર્ય અકલંકદેવ શિક્ષણ તથા શોધ સંસ્થાન અને અન્ય મોટા હોલ પણ બનાવવામાં આવેલા છે.

આ ઉપરાંત આ ભવનની બન્ને તરફ પૂ. ગુરુદેવશ્રીનાં ધર્મ વૈભવ સમા અને મુમુક્ષુઓની એકતા અને અખંડતાનાં પ્રતિક એવા ધામોનાં વિશાળ રંગીન ચિત્રપટો દૂરથી-રોડ ઉપરથી જ ખૂબ સારી રીતે જોઈ શકાય તે રીતે મૂકવામાં આવ્યાં છે. આ ધામનાં નામો આ પ્રમાણે છે :

(૧) પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ, સુવર્ણપુરી-સોનગઢ, જિ.ભાવનગર (ગુજરાત)
(૨) જ્ઞાનતીર્થ પં. ટોડરમલ સ્મારક ભવન, જયપુર (રાજસ્થાન)
(૩) પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક, દેવલાલી જિ. નાસિક (મહારાષ્ટ્ર)
(૪) સોનાગિરિ જિ. દતિયા (મધ્ય પ્રદેશ)
(૫) તીર્થધામ મંગલાયતન, અલીગઢ (ઉત્તર પ્રદેશ)
(૬) પૌન્નુર ધામ (કર્ણાટક)
(૭) સિદ્ધાયતન, દ્રોણગિરિ જિ. છતરપુર (મધ્ય પ્રદેશ)
(૮) ચૈતન્ય ધામ, અમદાવાદ (ગુજરાત)

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૬ મી જન્મ જયંતિનાં ઉપલક્ષ્યમાં સમગ્ર સંકુલની ફરતા ૧૧૬ ધાતુ ધ્વજ લગાવવામાં આવેલાં છે, જેમાં દરેક ધ્વજની નીચે ધાતુ ધ્વજનાં દાતા મુમુક્ષુઓ, સંસ્થાઓ

કે ટ્રસ્ટનાં નામ લખવામાં આવેલાં છે. ખરેખર જ આ ધ્વજાઓ પૂ. ગુરુદેવશ્રીની શાસન ધ્વજાઓ ફરકાવતી હોય તેવું જ જણાય છે.

આત્માર્થી ટ્રસ્ટ, દિલ્હી દ્વારા સંચાલિત આત્માર્થી આયુર્વેદિક ઔષધાલયની કાયમી ધોરણે તથા મહિનાનાં અમુક દિવસો દરમ્યાન નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા અને સારવાર તથા મોતિયાનાં ઓપરેશનની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે, જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લઈ શકે તે માટે પણ સંસ્થા કાર્યરત્ છે.


આ ઉપરાંત આત્મ સાધના કેન્દ્રનાં સંકુલની બરાબર બાજુનાં જ પ્લોટમાં ૫૬ બ્લોક્સ મુમુક્ષુઓને કાયમી વસવાટ માટે બંધાઈ રહ્યાં છે, જેથી શહેરનાં કોલાહલથી દૂર નિરવ શાંતિવાળા વાતાવરણમાં રહીને લોકો વધુ શાંતિથી આત્મ સાધના કરી શકે.

ખરેખર જ આત્મ સાધના કરવા માટે યોગ્ય વાતાવરણવાળું આ 'આત્મ સાધના કેન્દ્ર' અવશ્ય દર્શનીય છે.

निरखत जिनचन्द्र-वदन, स्व-पद सुरुचि आई ।
प्रगटी निज-आन की पिछान ज्ञान-भान की ।
कला उद्योत होत काम-जामनी पलाई ।। निरखत.।। १।।
शाश्वत आनंद स्वाद पायौ विनस्यो विषाद ।
आन में अनिष्ट-इष्ट कल्पना नसाई ।। निरखत.।। २।।
साधी निज साध की समाधि मोह-व्याधि की ।
उपाधि को विराधी कै आराधना सुहाई ।। निरखत.।। ३।।
धन दिन छिन आज सुगुनि चिंते जिनराज अबै ।
सुधरो सब काज "दौल" अचल रिद्धि पाई ।। निरखत.।। ४।।

# યાત્રિકોની નોંધ માટે


# યાત્રિકોની નોંધ માટે










भारतवर्षीय दिगम्बर जैन परिषद्
पब्लिशिंग हाउस
3625 सुभाष मार्ग, नई दिल्ली-2
N
संकेत
तीर्थ क्षेत्र
दर्शनीय स्थल
रास्ते के शहर
रेल मार्ग
सड़क मार्ग




પૌન્નુર મલ્લાઈ - તમીલનાડુ



કુંદાદ્રી બેટ - કર્ણાટક



શીખરજી પાર્શ્વનાથ જીનાલય




પરમાગમ મંદિર - સોનગઢ